Reg No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele : C/o. 27919

# જૈન

છુટક અંક નો રૂ ૧/-
વાર્ષિક લવાજમ રૂ. ૩૦/-
આજીવન સભ્ય ફી રૂ. ૩૦૧/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ દાણાપીઠ પાછળ, ભાવનગર.

વર્ષ : ૮૪
'જૈન'
સાપ્તાહિક
અંક : ૫

વીર સં. ૨૫૧૩, વિ સં. ૨૦૪૩ મહા વદ ૭
તા. ૨૦ ફેબ્રુઆરી. ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી,
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

## ઠેર ઠેર દુષ્કાળ રાહતના અતિ કપરા કાર્યની ચિંતાજનક સ્થિતિ

# એ નિષ્કામ દાતાઓને ધન્યવાદ : દંડવત્ પ્રણામ

ભારતના ઘણા ભાગમાં સતત બીજા વર્ષે પણ કારમા દુષ્કાળના ઓળા ઉતરી રહ્યા છે. ત્યારે સરકાર શ્રી દ્વારા જે ૪૦–૪૦ વર્ષ પછી પણ પાણીના સંગ્રહની કોઈ નક્કર યોજના પુરી પડેલ નથી. તેથી ખેતીની પેદાશની અને પાણીના પુરવઠાની કેવી કરુણ અને દારુણ સ્થિતિ ઉભી થઈ છે. અને હવે જ્યારે દુષ્કાળનું જીવલેણ કહી શકાય એવું ઉગ્ર સંકટ સામે આવીને ખડું છે. ત્યારે ખરે વખતે આવા અફસોસ કે ખાલી ફરિયાદ યા વિમાસણમાં અટવાઇને તેમજ હતાશ કે નિરાશ થઇ ને નિષ્ક્રિય બની જઇએ એ ઉચિત નથી. આ વખત તો પોતાની પૂરેપૂરી શકિતને કામે લગાડીને જીવદયાના આ તન–મન–ધન ના અર્પણ સાથે તત્કાળ કાર્યમાં પરોવાઈ જવાનો છે. એટલે હવે દેશની વર્તમાન હાલત અને એમ થવાનાં કારણોની મીમાંસા કે ટીકા ટિપ્પણીમાં નહિં જોતા સમગ્ર સરકારી તંત્ર તથા પ્રજા દુષ્કાળ નિવારણના જંગી કાર્યને પહોંચી વળવા માટે સંગઠિત અને સક્રિય બને એજ આજનો એક માત્ર યુગ ધર્મ છે.

**સરકારને વિનંતિ.**

દેશમાં ખૂબ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલા દુષ્કાળને લીધે પરિસ્થિતિ એવી તો વિકટ બની ગઇ છે કે જેને હલ કરવા જતાં સરકારનુ અર્થતંત્ર અને સામાન્ય પ્રજાજનોનું જીવનતંત્ર જ સારા પ્રમાણમા જોખમાઇ જાય. આમ છતાં કેન્દ્રનું અને પ્રાદેશિક રાજ્યોનું સરકારી તંત્ર પોતાની આબરૂ સાચવવા અને આ વિરાટ જવાબદારીને અદા કરવા પોતાથી બનતું બધું કરવામાં પાછી પાની નહીં કરે એવી આશા તો જરૂર રાખી શકાય, પણ સરકારીતંત્રમાં લાંચરૂશ્વતની તથા અપ્રામાણિકતાની જે બદી ઊંડા મૂળ ઘાલી ગઇ છે, તેથી આ આશા કેટલા પ્રમાણમાં સફળ થશે એ કહેવું મુશ્કેલ છે અને દેશમાં વ્યાપક દુષ્કાળ જેવી કારમી પરિસ્થિતિ હોવા છતાં વિરોધપક્ષોનું સામાન્ય વલણ મુખ્યત્વે સરકારની નિષ્ક્રિયતા પુરવાર કરીને એની બદનામી કરવા તરફી વિશેષ હોય અને આવી અસાધારણ મુસીબત વખતે પણ સહકારનું રચનાત્મક દષ્ટિબિંદુ અપનાવવાને બદલે દુષ્કાળને કારણે, અમુક પ્રદેશમાં આટલાં માનવીઓ, જાનવરો ભૂખમરાથી મરી ગયાં એ પુરવાર કરવામાં એ વિશેષ રસ ધરાવતો હોય એમ લાગે છે. આવી વિલક્ષણ વિચિત્ર સ્થિતિમાં શું શાસક પક્ષ રૂપે સરકારી તંત્ર, દુષ્કાળ રાહતના કામમાં કેટલી ઉપયોગી કામગીરી બજાવી શકશે, એ નિશ્ચિતરૂપે કહી શકાય એમ નથી. અને છતાં અત્યારની આ મુશ્કેલી, ફાટેલા આભને થીગડું મારવા જેવી, એટલી બધી વિરાટ છે કે એમાં સમગ્ર સરકારી તંત્ર કામે ન લાગે તો એ કોઈ રીતે હલ થઈ શકે એમ છે જ નહીં. ઇચ્છીએ અને પ્રાર્થીએ કે આવા કટોકટીના પ્રસંગે સરકારના માનદ સંચાલકો તેમ જ સવેતન કર્મચારીઓના અંતરમાં તેમજ વિરોધ-પક્ષોના અંતરમાં પણ માનવતાની ભાવના જાગે અને તેઓ આ સંકટને પાર કરવામાં પોતે લાગી જવા વિનંતી.

તેમજ પ્રજાએ આ સરકારી તંત્રના સહકારમાં અને એ સરખી રીતે કામ કરતું ન હોય તો તેમાં રાહત કામો બરાબર ચાલતાં રહે એવું વ્યવસ્થા તંત્ર ઊભું કરીને જોડાય.

**ધર્મ ગુરૂઓ પ્રેરણા આપશે.**

દુષ્કાળ નિવારણનું આ કાર્ય એ અહિંસા કરુણા અને માનવતાનું કાર્ય હોવાને લીધે આપણા સાધુ–મુનિરાજો તેમજ સાધ્વીજી મહારાજો માટે પણ એક કર્તવ્ય રૂપ અવસર છે. એટલે તેઓ જૈન સંઘો સંસ્થાઓ તેમજ અન્ય જનસમૂહને પણ આ માટે પ્રેરણા આપે એવી આપેક્ષા જરૂર રાખી શકાય.

અને આ દુશ્કાળની વિષમ પરિસ્થિતિને ધ્યાનમાં લઇ આપણા પૂજ્ય શ્રમણ ભગવંતો પણ અબોલ પશુઓને બચાવવા સારી એવી પ્રેરણા આપી રહ્યા છે. તેમાં અમારી જાણકારી મુજબ પૂ૦ આ૦ વિજયરામચંદ્રસૂરિશ્વરજીમ૦ની પ્રેરણાથી રૂા. ૫૦ લાખનો ફાળો

થનાર છે. પૂ૦ આ૦ શ્રી વિજયમેરૂપ્રભસૂરિશ્વરજી મ૦ સમગ્ર મુંબઈના પરાઓમાં ઠેર ઠેર પધારી રૂા. ૨૫ થી રૂા. ૨૮ લાખ જેવું ફંડ કરી ચુક્યા છે અને હજુ પણ વિશેષ રાહત ફંડ માટે વિચરી રહેલ છે. તેમજ પૂ૦ આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ૦ એ તપોવનમાં પ્રતિષ્ઠા પ્રસંગે રૂા. એક કરોડ જેટલો ફાળો થયાનું જાણવા મળે છે. તેમજ પૂ૦ આ૦ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ૦ એ૦ પણ કોબાના પ્રતિષ્ઠા પ્રસંગે લાખોનું ફંડ કરાવેલ છે. મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મ૦ પૂ૦ મુનિશ્રી પુણ્યચંદ્રવિજયજી મ૦ મુનિશ્રી દાનવિજયજી મ૦ આદી અન્ય અનેક શ્રમણ ભગવંતની પ્રેરણાથી લાખો રૂપિયાનો ફાળો થઈ રહેલ છે.

**મહાજન પદની શોભા.**

મુક્ત મને આર્થિક સહાય આપવાનું કામ મુખ્યત્વે સમાજના સુખી અને શ્રીમંત વર્ગનું છે, એ કહેવાની જરૂર નથી અલબત્ત, એમાં સમાજનો સામાન્ય કે મધ્યમવર્ગ પણ, પોતાનું ધર્મકર્તવ્ય સમજીને, "ફૂલ નહીં તો ફૂલની પાંખડી" એ લોકોક્તિને અપનાવી, પોતાનો યથાશક્તિ ફાળો નોંધાવવા પ્રેરાય તો, ટીપે ટીપે સરોવર ભરાય એ ન્યાયે, એથી પણ જરૂર સારી એવી રકમ એકત્ર થઇ શકે, એમાં શક નથી.

જો આપણે સમજી શકીએ તો, આવી કુદરત સર્જી મુસીબતો જાણે આપની માનવતાની કસોટી કરવા આવતી હોય એમ લાગે છે. સાથે સાથે આવા અવસરોએ સમાજના મહાજનોના મહાજનપદની પણ કસોટી થાય છે. એટલે મહાજનોએ આગળ આવીને આ મુસીબતને પોતાની મુસીબત માનીને મન દઇને કામે લાગવું એઈએ સમાજના સુખ–દુઃખના સાથી બનવાની આપણા મહાજનોની પરંપરા એ ભારતની મૂળ પ્રાચીન પરંપરા છે; અને આવે વખતે એ પરંપરાનું પાલન થાય એમાં જ મહાજનપદની શોભા અને ચરિતાર્થતા રહેલી છે.

**ધર્મ ટ્રસ્ટોને વિનંતી**

આ કામ માટે જેમ શ્રીમંતો ઉદારતાથી ફાળો આપી શકે એમ દેશભરમાં તેમ જ ગુજરાત રાજ્યમાં તથા મહારાષ્ટ્રમાં એવાં કેટલાય માતબર ધર્માદા ટ્રસ્ટો છે કે જે ધારે તો આ કામ માટે ઘણી મોટી રકમોની સખાવત આપી શકે. અને આવે વખતે આ ટ્રસ્ટોએ મુક્ત મને રકમો આપવી જ જોઇએ.

દુષ્કાળ રાહતના કામમાં વપરાતી પાઈ એ પાઇ લેખે લાગે એવું શક્તિશાળી અને પ્રમાણિક વ્યવસ્થા તંત્રની પણ એટલીજ જરૂરીયાત છે. અને આવી સ્વતંત્ર રીતે મુંબઈની સંસ્થાઓ કાર્ય કરતી હોય તેના ઉપર આપણે વિશ્વાસ મુકી શકાશું.

આવી વ્યવસ્થાનો એક ઉત્તમ નમૂનો દિર્ઘદ્રષ્ટા **શ્રી દીપચંદભાઇ એસ. ગાર્ડી** (પ્રમુખ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ)ના પ્રયત્નોથી ગત વર્ષે જે કાર્ય થયેલ છે. અને તેમના દ્વારા જે ગુજરાત પાંજરાપોળનું ફેડરેશન ઉભુ કરવામાં આવેલ છે. તે સફળતાને વરેલ હોય એમાં પણ આપણે પૂરેપૂરો વિશ્વાસ રાખી શકાએ એમ છીએ. તેમજ વર્ષોથી આવી જીવદયા તથા માનવતાની પ્રવૃત્તિ કરતા **શ્રી મહેશભાઈ ભણસાલી, શ્રી દિનેશભાઇ ભણસાલી** પર પણ વિશ્વાસ અને શ્રધ્ધા રાખી શકીએ તેમ છીએ. અને શ્રી વર્ધમાન સેવા કેન્દ્રના આત્માને સમાજ સેવાના ભેખધારી **શ્રી કુમારપાળભાઈ વી. શાહ** આવાં માનવતાના કે જીવદયાના સેવા કાર્યો માટે ખૂબ કસાયેલા અને બાહોશ કાર્યકર હોય આપણું ધ્યાન ખેંચે છે. આ દરેકે આવી પ્રવૃત્તી શરૂ પણ કરી ચૂકેલ હોય તેને સહાયક થાવા વિનંતી છે.

અમે ઈચ્છીએ. છીએ કે આ દુષ્કાળના કાર્યમાં જેમણે-જેમણે તન–મન–ધનથી ભોગ આપી રહેલ છે તેમની માત્ર પ્રશંશા કે અનુમોદના કરવા જેટલું જ મૂલ્ય આંકીને આપણે સંતોષ ન માનીએ, પણ એમાંથી પ્રેરણા લઇને જ્યાં જ્યાં આવું કામ કરવાની જરૂર લાગે ત્યાં ત્યાં પોતાની શક્તિનો સંપૂર્ણ પણે તન મન–ધનથી ઉપયોગ કરે.

# દુષ્કાળ રાહતના કાર્ય માટે ઉદાર હાથે સહાયની અપીલ

## બ્રહત મુંબઈ જૈન સંઘો દ્વારા

## અનુકંપા ટ્રસ્ટ દ્વારા ચાર લાખ ઢોરોને બચાવવા શ્રી ગાર્ડીની અપીલ

લાગલગાટ બીજા વર્ષે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઇ છે. અને તેમાંય ગુજરાતની પરિસ્થિતિ વિશેષ વિકટ વર્તાઈ રહી છે. માત્ર સરકાર એકલે હાથે કશું કરી શકે નહિ લોકોએ પણ એમાં સાથ આપ્યા સિવાય ચાલે તેમ નથી. એ દ્રષ્ટિએ મુંબઇના અનુકંપા ટ્રસ્ટ હેઠળ બૃહદ મુંબઈ જૈન સંઘ અને ઈતર સંસ્થાઓના પ્રતિનિધિઓની એક કેન્દ્રીય સમિતિ જાણીતા અગ્રણી શ્રી દીપચંદ ગાર્ડીના પ્રમુખપદે મુંબઇમાં નીમવામાં આવી છે.

શ્રી ગાર્ડીએ લોકોને ઉદાર હાથે દુષ્કાળ રાહતના કાર્યમાં સહાય કરવાની અપીલ કરતાં જણાવ્યું હતું કે આ સમિતિનું કાર્ય સલાહકારી રહેશે અને જે તે સંસ્થા દ્વારા સહાયકની રકમનો ઉપયોગ થશે.

તેમણે કહ્યુ હતું, કે ગુજરાતમાં ચારેક લાખ ઢોરોને બચાવી લેવાનો પડકાર છે તેમાંથી બે લાખ ઢોરોને ગુજરાતની પાંજરાપોળો અને ગૌશાળા નિભાવશે તેવો અંદાજ છે.

શ્રી ગાર્ડી સાહેબે જણાવેલ કે પાંજરાપોળોએ સંગઠિત બની કાર્ય કરવું જરૂરી છે. અત્યારે ઘાસ મળવાનું નથી તેથી જરૂરીયાત કરતા વધુ ઘાસ બજારોમાંથી ખરીદી ગોડાઉનો ભરવા લાગ્યા છે, પરિણામે ભાવ વધેલ છે. આથી ગાર્ડી સાહેબે ઝાલાવાડમાં પાણીની જ્યાં ખેંચ નથી ત્યાં ઘાસ ઉગાડવા પ્રોત્સાહીત કરેલ છે. તેમજ ભરૂચ પાસે રૂા. ૫/ના ભાવે ઘાસ મળી રહે તેવો પ્રબંધ કરેલ છે.

બનાસકાંઠા વિસ્તારના એક લાખ ઢોરોને નિભાવવાની જવાબદારી શ્રી ભણસાલી ટ્રસ્ટે સ્વીકારેલ છે. એકાદ લાખ ઢોરોને કેંપમાં રાખીની વિચારણા છે ઘાસ–પાણીના અભાવે ગુજરાતનું એક પણ પશુ અકાળે મૃત્યુ ન પામે તથા કતલખાને ન જાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે.

અનુકંપા ટ્રસ્ટના શ્રી દિનેશભાઈ ભણસાલી જેઓ ડાયમંડ ટ્રેડના પણ અગ્રણી છે તેમણે ગુજરાત સરકારને પાંજરાપોળને ઢોર નિભાવણી માટેની સબસીડી ચાલુ કરવા અપીલ કરી હતી.

# અમારા માનવંતા ગ્રાહકોનો આભાર અને નમ્ર વિનંતી

"જૈન" પત્ર આપ સૌને મોકલાઇ રહેલ છે. તેનું પ્રકાશન વ્યવસ્થીત, નીયમીત રૂપે થતું રહે અને આધુનીક પ્રચાર–પ્રસરના દરેક માધ્યમોનો ઉપયોગ કરી વધુ વિકસાવાને સમાજમાં નાની–મોટી ઘટનાઓ, શાસન પ્રભાવનાઓ, તથા નવી નવી કાર્યવાહીનો દરેકને ખ્યાલ મળતા રહે તેવા પ્રયત્નો અમોએ આરંભેલ છે. ત્યારે

"જૈન" પત્રના જે ગ્રાહકો દ્વારા લવાજમ આજીવન સભ્ય તરીકે રૂ. ૩૦૧/– આપીને જેમણે ઉદારતા ભર્યો અમારામાં જે વિશ્વાસ અને શ્રદ્ધા દર્શાવેલ છે તેમના અમો આભારી છીએ. તેમની નામાવલી આ સાથે આપેલ છે. તેમજ જે જે ગ્રાહક બંધુઓએ તેમનું બાકી રહેલ લવાજમ તથા ચાલુ વર્ષનું લવાજમ મોકલાવી સહયોગી થયેલ છે. તેમની નામાવલી આ અંકથી આપવાની શરૂ કરેલ છે. આજ રીતે અમારા દરેકે–દરેક નવા–જુના ગ્રાહકો તેઓશ્રીનું લવાજમ મોકલવાનું ચુકશે નહીં તેવી આશા સહ શ્રદ્ધા સાથે આપના સ્નેહિ–સંબંધી જૈન બંધુઓને નવા ગ્રાહક બનવા પ્રેરણા આપી જૈનપત્રને ઉત્તેજન આપવા નમ્ર વિનંતી છે.

વ્યવસ્થાપક "જૈન"

## 'જૈન' પત્રના આજીવન સહયોગી સભ્યો

### પ્રત્યેક રૂા. ૩૦૧/–

૧૨ મે વી. પાનાચંદ એન્ડ કું. ૩૭, કેનીંગસ્ટ્રીટ, કલકત્તા ૧

૧૩ મે. ટી. એમ. શાહ (પ્રા.) લી. પો. બો. નં ૨૪૮૦ કલકત્તા–૧

૧૪ શ્રી ઘંટાકર્ણ તીર્થ જૈન લાઇબ્રેરી (જિ. મહેસાણા) મહુડી

૧૫ શ્રી અમૃતવિજયજી જૈન લાઇબ્રેરી જૈન દેરાસર, દરબારગઢ રોડ, મોરબી

૧૬ શ્રી મોહનલાલ ગુલાબચંદ ઝવેરી. ઝવેરીભવન, અંબામાતા રોડ, મોટાબજાર જુનાથાણા. વલસાડ

૧૭ શ્રી પ્રવિણભાઇ એમ. શાહ ૮/૫, ૬૮, લાલજીમનજી કમ્પાઉન્ડ, જીરા (એ.પી.) સીકંન્દ્રાબાદ

૧૮ શેઠશ્રી જયતીલાલ કે. ગાંધી ૬/૧૪૭૮ કસારા શેરી, બીજામાળે, મહીધરપુરા, સુરત–૩

૧૯ શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલય. નાનપરા, અઠવાગેટ પાસે, ટીમાલીયાવાડ સુરત ૧

૨૦ મે. દેવકરણ એન્ડ કું. સરત બોઝ રોડ, કલકત્તા–૨૫

૨૧ શ્રી નાનજીભાઈ પાલણભાઈ દેઢીયા ૪ જય મહાવીર નં. ૨, પેલામાળે, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈ.) મુંબઈ–૭૭

૨૨ શ્રી ભુજપુર ગ્રામ પંચાયત સંચાલિત પાર્શ્વચિંતામણી સાર્વજનિક પુસ્તકાલય વાચનાલય, (જિ.કચ્છ) ભુજપુર

## 'જૈન' પત્રના વાર્ષિક લવાજમના સહયોગી

૬૦ શ્રી રમણલાલ મોહનલાલ ગાંધી અમદાવાદ–૭

૩૦ શ્રીયુત વી. એ. શાહ – અમદાવાદ

૫૦ જૈન પાઠશાળા હ. ગુણવંતભાઈ સંઘવી–ચાણસ્મા

૬૦ શ્રી દાનસુરિજી જૈન પાઠશાળા–દસાડા

૬૦ શ્રી જૈન લાઇબ્રેરી દુર્ગાપુર (કચ્છ)

૩૦ શ્રી કાંતિલાલ રતિલાલ ભણસાલી–લીમડી

૮૦ શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિર વીજાપુર

૬૦ પારી પાનાચંદ વ્રજલાલ ધર્માદાપેઢી કપડવંજ

૩૦ શ્રી શાંતિલાલ ક્સ્તુરાભાઈ અમદાવાદ–૯

૬૦ શ્રી લીંચ મહાજન પાંજરાપોળ

૬૦ શ્રી ધીરેન્દ્ર પ્રેમજીભાઈ મુંબઇ–૧૯

૩૦ સલોત અનંતરાય ચત્રભુજ મુંબઈ–૮૦

૮૦ શ્રી ખાંતિલાલ સી. કોરડિયા મુંબઇ–૮૦

૬૦ શ્રી છોટાલાલ ભાઇચંદ વોરા મુંબઈ–૬

૬૦ શ્રીમતિ નિપૂર્ણબેન રજનીકાંત શાહ મુંબઈ–૭

૩૦ શ્રી ચીમનલાલ ત્રીભોવનદાસ સંઘવી અમદાવાદ

૬૦ શ્રી મનુભાઈ લલ્લુભાઈ ઘડીયાળી અમદાવાદ–૭

૩૦ શ્રી ત્રીકમલાલ એ. શાહ ઉજજૈન

૬૦ જૈન રીખવદેવજી મહારાજની પેઢી ઝગડીયાજી

૬૦ શ્રી જૈનસંઘ–જૈન દેરાસર દાઠા

૭૦ શ્રી રંજનવિજયજી જૈન લાઇબ્રેરી માલવાડા

૬૦ શ્રી પાર્શ્વનાથ જૈન યુવક મંડળ વાંકડીયા–વડગામ

૬૦ મહેતા દોલતરામ વેણીચંદ સિદ્ધપુર

૬૦ શ્રી વિરવિદ્યોતેજક વાચનાલય પાલનપુર

૩૬ શ્રી ખાંખરેચી પાંજરાપોળ

૩૦ શ્રી વિજયદેવસૂર જૈન જ્ઞાનમંદિર ડભોઈ

૩૦ શ્રી દશાશ્રીમાળી દેરાવાસી જૈન સંઘ બરવાળા (ઘેલાશા)

૬૦ શ્રી ઉત્તમચંદ ચુનીલાલ શાહ મુંબઈ–૨૨

૪૮ શ્રી જેઠાલાલ ચુનીલાલ શાહ મુંબઈ–૫૪

૬૦ શેઠશ્રી રતિલાલ નારણદાસ વોરા મુંબઇ–૩

૬૦ શ્રીયુત લખાજી દોલાજી મુંબઈ ૩

૬૦ શ્રી હસમુખલાલ શાંતિલાલ શાહ અમદાવાદ–૮

૬૦ શ્રી ગંભીરા જૈન સંઘ ગંભીરા

૬૦ શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ સંઘ જામનગર

૬૦ શેઠ દેવચંદ ધરમચંદની પેઢી ડભોઈ

૬૦ શેઠશ્રી જયંતીલાલ ચંદુલાલ પાલેજ

૬૦ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પાલીતાણા

૩૦ શાહ બાલચંદભાઈ અમૃતલાલ બોરસદ

**સહકાર બદલ આભાર**

### પાવાપુરી તીર્થના ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા અને ઉપાધ્યાયપદ પ્રદાન

ખરતરગચ્છાચાર્ય પૂ૦ આ૦ શ્રી જિન-ઉદયસાગરસૂરિજી મ૦ની નિશ્રામાં પાવાપુરી તીર્થે નવનિર્મિત દાદાવાડીમાં પૂજ્ય દાદાગુરુઓની મૂર્તિની પ્રતિષ્ઠા તથા પ્રવચન પ્રભાવક પૂ૦ મુનિરાજશ્રી મહોદયસાગરજી મ૦ને ઉપાધ્યાપદ પ્રદામ તા. ૨૧-૧-૮૭ના રોજ ભાવિક-જનોની વિશાળ ઉપસ્થિતિમાં તેમજ અનેરા હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં કરવામાં આવેલ છે. આ પ્રસંગે ભવ્ય મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું.

પૂ૦ આચાર્યશ્રી આદિ અત્રેથી તા. ૩૧ના વિહાર કરી વારાણસી તરફ પધાર્યા છે.

### ચાંદખેડા (જિ ગાંધીનગર)માં નૂતન તીર્થધામનું નિર્માણ

શ્રી રાજેન્દ્રસૂરિજી જૈન ધર્મપ્રચારક ટ્રસ્ટ દ્વારા અમદાવાદ-ગાંધીનગર હાઇવે ઉપર આવેલા ચાંદખેડા ગામે એક નૂતન તીર્થધામ સાકાર બની રહ્યું છે. અહીં સૌ પ્રથમ ઉપાશ્રયનું નિર્માણ થતાં, તેનું ઉદ્ઘાટન ગત ઓકટોબરમાં આ આયોજનના પ્રેરક પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ૦ની નિશ્રામાં અમદાવાદ ડહેલાના ઉપાશ્રયના પ્રમુખ શ્રી મોહનલાલ ડાહ્યાભાઈના શુભ હસ્તે થયું હતું. તેમજ શેઠશ્રી બાબુલાલજી મગનલાલજી (માલવાડાવાળા)ના વરદ્ હસ્તે ધર્મ. શાળાની ખનનવિધિ પણ થઈ હતી. અહીં આ ઉપરાંત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય પદ્માવતીદેવી તથા ઘંટાકર્ણ મહાવીરનું મંદિર, શ્રાવિકા ઉપાશ્રય ભોજનશાળા, આયબિલશાળા, પાઠશાળા આદિના નિર્માણ કાર્યો થનાર છે.

**કમ્પિલ્લ તીર્થ (જિ. ફરુંખાબાદ-યુ.પી.)**

ભ૦ વિમલનાથજીના ચાર કલ્યાણકથી પાવન અને રાજા દ્રુપદની રાજધાનીથી ઐતિહાસિક બનેલ કમ્પિલજી તીર્થ, જેના અનેક ચઢાવ ઉતાર બાદ પુનઃ ધર્મક્ષેત્રે તેમજ જનસેવાના ક્ષેત્રે ઝળકવા લાગ્યું છે. અહીં પ્રતિવર્ષ ભ૦ વિમલનાથજીના જન્મ અને દીક્ષા કલ્યાણક પ્રસંગે વસંત મેલા મહોત્સવનું ભવ્ય આયોજન થાય છે. તીર્થની ઉન્નતિ અને યાત્રીઓનું આગમન દિન પ્રતિદિન વધી રહ્યું છે. હાલમાં જ તા. ૨૭-૧૨-૮૬ના મદ્રાસના દાનવીર શેઠ શ્રી માણિકચંદજી બેતાલાના વરદ્ હસ્તે ફીરોઝાબાદ જૈન સંઘના સહયોગથી બંધાએલ ભોજન-શાળાનું ઉદ્ઘાટન ભવ્ય સમારોહપૂર્વક સાનંદ સમ્પન્ન બન્યું છે.

આ જ રીતે અહીં છેલ્લા ૧૧ વર્ષથી વસંત મેલા પ્રસંગે નેત્રયજ્ઞ-શિબિર યોજાતાં તેમજ શ્રી વર્ધમાન જૈન ચિકિત્સાલય (હોસ્પિટલ)ની સ્થાપના થતાં આ વિસ્તારોના હજારો ગ્રામ્ય-વાસીઓ લાભ લઇ માનવસેવાના આ કાર્યને બિરદાવી રહ્યા છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ અહીં વસંત મેલા મહોત્સવનું તેમજ તા. ૧ થી ૧૨ ફેબ્રુ. સુધી નેત્રયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને ક્ષેત્રના વિકાસ/વિસ્તાર માટે ઉદારદિલે દાન આપવા તીર્થના સંયોજક શ્રી હજારી-**મલજી બાંઠિયા (સરનામું: ૫૨/૧૬ શક્કરપટ્ટી, કાનપુર-૨૦૮૦૦૧, યુ. પી.)** દ્વારા સમસ્ત જૈન સમાજને અપીલ કરવામાં આવે છે.

### અમદાવાદ લુણસાવાડ-મોટી પોળ

**સ્વર્ગારોહણ મહોત્સવ:** પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મ૦ના શિષ્યરત્ન પૂ૦ પં. શ્રી દર્શનવિજયજી મ૦ જેઓ છેલ્લા કેટલાક વર્ષથી નાદુરસ્ત તબિયતના કારણે લુસસાવાડના ઉપાશ્રયે સ્થિરવાસ હતા; અને તેઓશ્રીએ સંયમજીવનમાં વિવિધ તપશ્ચર્યાઓ સાથે સળંગ ૨૫ વરસીતપ કર્યા હતા અને જૈનાદિ ધર્મદર્શનોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો; તેઓશ્રીના તેમજ સુસંયમી પૂ૦ મુનિશ્રી મિત્રવિજયજી મ૦ પૂ૦ મુનિશ્રી પુર્ણભદ્રવિજયજી મ૦ પૂ૦ મુનિશ્રી ઓંકારવિજયજી મ૦ આદિના સમાધિમય સ્વર્ગવાસ નિમિત્તે પૂજ્ય ગણિવર્યશ્રી નિત્યાનંદવિજયજી મ૦ આદિની નિશ્રામાં અત્રેના મોટી પોળ શ્રી સંઘ દ્વારા પોષ સુદ ૮થી પંચાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત ભવ્ય રીતે ઉજવવામાં આવેલ.

**દીક્ષા મહોત્સવ:** વડોદરા જિલ્લાના લકણી ગામના વતની કુ. અસિલા (હર્ષિદા)બેન (પંજાબકેશરી સમુદાયના પૂ૦ મુનિશ્રી લક્ષ્મીરત્નવિજયજી મ૦ના સંસારીપણે પુત્રી) અ. જ સમુદાયના સાધ્વી શ્રી સુભદ્રાશ્રીજી આદિના સતત ત્રણ વર્ષના સમાગમથી ધર્મના રંગે રંગાતા અને વૈરાગ્યમાર્ગે જવા તત્પર બનતા, વડિલોની સંમતિપૂર્વક પૂજ્ય ગણિવર્ય શ્રી રત્નાકરવિજયજી મ૦, પૂ૦ ગણિવર્ય શ્રી નિત્યાનંદવિજયજી મ૦ આદિની નિશ્રામાં, મોટી પોળ મધ્યે, શ્રી સંઘ દ્વારા આયોજીત પંચાહ્નિકા મહોત્સવપૂર્વક મહા સુદ ૩ના રોજ હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં તેઓશ્રીને ભાગવતી દીક્ષા પ્રદાન કરવામાં આવી છે.

### ઉદ્ઘાટન સમારોહ-ચેમ્બુર

શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ મુંબઇ દ્વારા ચેમ્બુરમા આવેલા શ્રી પાર્શ્વચંદ્રસૂરિ જ્ઞાનમંદિરે શ્રી પાર્શ્વ-બંતિ જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠનો ઉદ્ઘાટન સમારોહ પૂ૦ મુનિશ્રી મુક્તિચંદ્રજી મ૦ **પૂ૦ મુનિશ્રી વિજયચંદ્રજી મ૦** તથા વિદ્યાપીઠના પ્રેરિકા સાધ્વીશ્રી ૐકારશ્રીજી આદિની નિશ્રામાં અને શ્રી કેશવજી ઉમરજી છાડવાના પ્રમુખસ્થાને તા. ૨૨-૧૨-૮૬ના યોજાતાં, પંડિતશ્રી પન્નાલાલ જે. ગાંધીના વરદ હસ્તે ઉદ્ઘાટન સાનંદ સમ્પન્ન થયુ હતુ.

આ જ સ્થળે ઉપરોકત પૂજ્યોની નિશ્રામાં તા ૧૯, ૨૦, ૨૧ ડીસે.ના નમિઊણપૂજન અને ગચ્છાધિષ્ઠાયક દેવશ્રી બટુક ભૈરવના અખંડ જાપ, અભિષેક તથા હોમહવનનું સામુંયેક આયંબિલ/ઉપવાસની આરાધના સાથે આયોજન કરવામાં આવતાં સારી સંખ્યા થઈ હતી.

**સ્વર્ગારોહણ મહોત્સવ મુંડારા (રાજ)**

સિરોહીમાં બિરાજતા પૂજ્ય શાસનસમ્રાટ શ્રીના સમુદાયના પૂ૦ ઉપા૦ શ્રી ચંદનવિજયજી મહારાજ પોષદશમીના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામતાં, તે નિમિત્તે મુંડારા જિ. પાલી)માં પૂ૦ આ૦ શ્રી વિજયસુશીલસૂરિજી મ૦ની નિશ્રામાં ભક્તામર મહાપૂજન સહિત નવાહ્નિકા મહોત્સવ મ.ગ. વદ ૧૪થી પોષ સુદ ૮ સુધી ઉજવવામાં આવેલ છે.

## પ્રતિમાજીની પુનઃ ઉઠાંતરી

ભરતપુર (રાજસ્થાન) ક્ષેત્રના સિરસ ગામે તા. ૨૪-૧૧-૮૬ના રાત્રે ભ૦ મહાવીરસ્વામીની પ્રાચીન પ્રતિમાજી કોઈ ચોરી જતાં આ ક્ષેત્રમાં ભારે રોષ વ્યાપ્યો છે. પોલીસમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

આ પ્રતિમાજી આજથી ૧૦ વર્ષ પૂર્વે આજ ગામમાંથી મળી આવેલા અને અહીં જ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા. પ્રતિમાજી લાલ પત્થરના ખૂબ અલૌકિક હોય થોડા જ સમયમાં આ સ્થાન 'સિરસ મહાવીરજી તીર્થ' તરીકે આ ક્ષેત્રમાં ખૂબ જાણીતું બની ગયું હતું. ચોરીના બનાવના બીજા જ દિવસે અહીં ઓચ્છવ હોય, તેમાં ભાગ લેવા ભરતપુર, સવાઈ માધોપુર અને ધોલપુર જિલ્લાના હજારેક ભાવિકો આવ્યાં હતાં. વહેલી સવારે દેરાસરમાં પ્રતિમાજી જોવામાં ન આવતાં આશ્ચર્ય સર્જાયું હતું. આ પ્રતિમાજી ૩-૪ વર્ષ પહેલા પણ ચોરાઈ ગયા હતા, પરંતુ ત્યારે ૮-૧૦ દિવસે કોઈ ભેદી રીતે દેરાસરમાં જ પાછા આવી જતાં આ વાત થાળે પડી ગઈ હતી. પણ ફરી આ પ્રતિમાજી ચોરાઈ જવાથી અને લાંબો સમય થવા છતાં પત્તો ન લાગતાં, આપણે હવે વધુ જાગૃત બની અને સબળ વિરોધ નોંધાવી ઉંડી અને ઝડપી તપાસની માંગણી ત્વરીત કરવી જોઈએ.

### ૧૩૧ દિવસના અખંડ જાપ

મુંબઈ પાસે થાણા જિલ્લાના નાલાસોપારા ગામે અંચલગચ્છના પૂ૦ મુનિવર્ય શ્રી મહોદયસાગરજી મ૦ની પાવન નિશ્રા અને પ્રભાવક પ્રેરણાથી શ્રીસંઘમાં વિશિષ્ટ અને વિરલ એવી સવા કરોડ નવકારમંત્રના અખંડ જાપની આરાધના ૧૩૧ દિવસ સુધીની એટલે કે તા. ૬-૭-૮૬થી તા. ૧૬-૧૧-૮૬ સુધી ચાલતાં, તેમાં પ્રતિદિન ૧૦૦ ઉપરાંત આરાધના ૧-૧ હજાર નવકારમંત્રના જાપ કરતાં તેમજ ૪૨ આરાધકો રોજ આયંબિલ કે એકાસણાં કરતાં હતાં. આ આરાધનાએ બૃહદ્ મુંબઈ અને આસપાસના શ્રીસંઘોમાં અનેરૂ આકર્ષણ અને ભૂરિ ભૂરિ અનુમોદના જન્માવી હતી. દર્શનાર્થીઓનો પ્રવાહ દિન-પ્રતિદિન સતત વહેતો અને વૃદ્ધિ પામતો રહ્યો હતો.

### ગુરૂમંદિરનું ભૂમિપૂજન અને શિલાન્યાસ

સાંડેરાવ (રાજસ્થાન)માં સ્વ. મુનિભૂષણ શ્રી વલ્લભદત્તવિજયજી મ૦ના શ્રીસંઘ દ્વારા બંધાનાર સ્મારક મંદિરનું ભૂમિપૂજન તા. ૯-૨-૮૭ના રોજ શ્રી મોહનરાજજી ચીમનલાલજી (પાલી)ના શુભ હસ્તે તથા શિલાન્યાસ તા. ૧૧-૨-૮૭ના રોજ શ્રી કનકરાજજી સાવંતરાજજી લોઢા (ઘાણેરાવ)ના વરદ હસ્તે થનાર છે.

### તિરૂપુર (તામિલનાડુ)માં યોજાએલ પ્રતિષ્ઠા અને પુસ્તક પ્રકાશનાદિ

અત્રે સભાપતિ પુરમ્ રોડ પર નવનિર્મિત શિખરબંધી જિનાલયમાં શ્રી સુવિધિનાથ ભ૦ આદિની પ્રતિષ્ઠા પ્રસિદ્ધ પ્રવચનકાર અને સાહિત્યકાર પૂ૦ પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ૦ની નિશ્રામાં સિદ્ધચક્ર મહાપૂજન તથા શાંતિસ્નાત્ર યુકત પંચાહ્નિકા મહોત્સવપૂર્વક ખૂબ **ધુમધામથી ઉજવાઈ. સાથોસાથ, માગસર** સુદ ૧૧ના પ્રતિષ્ઠા દિને જ, પૂ૦ પંન્યાસજી લિખિત અને સંપાદિત હિન્દી-અંગ્રેજી-ગુજરાતીના ૧૧ પુસ્તકોની પ્રકાશન વિધિ તથા જુદા જુદા મહાનુભાવો દ્વારા રાજસ્થાનના ગ્રામ્ય વિસ્તારના જિનમંદિરોને અપાયેલા ૧૦ છોડની યુવાઅગ્રણી શ્રી કુમારપાળ વિ. શાહને અર્પણવિધિ તેમજ શ્રી વિજયકલ્યાણ પ્રકાશન (મહેસાણા) દ્વારા શ્રી કેશવજીભાઈ ગોગરી (હર્ષા પ્રિન્ટરી-મુંબઈ)ની સન્માન વિધિ આદિ કાર્યક્રમો, શ્રીસંઘની અને બહારગામથી આવેલા આગેવાનોની વિશાળ ઉપસ્થિતિમાં ઘણા હર્ષોલ્લાસ વચ્ચે સુસમ્પન્ન બન્યા હતા.

### કાળધર્મ પામ્યા

ભીવંડી (જિ. થાણા) મુકામે વયોવૃદ્ધ મુનિરાજ શ્રી દેવવિજયજી મ૦ તા. ૨૧-૧૨-૮૬ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી છેલ્લા ૨૬ વર્ષથી પૂ૦ પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મ૦ની સાથે રહી સંયમસાધના આરાધી રહ્યા હતા.

## અનુકરણીય આયોજન

મુંબઈ-મલાડ (ઈસ્ટ)ના શ્રી હીરસૂરિજી જૈન ઉપાશ્રયે પૂ૦ આ૦ શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ૦ આદિ અનેક શ્રમણભગવંતોની નિશ્રામાં સ્વ. પૂ૦આ૦ શ્રી વિજયવિક્રમસૂરિજી મ૦ તથા સ્વ. મુ૦શ્રી સુધર્મવિજયજી મ૦ના સંયમજીવનની અનુમોદનાર્થે તેમજ જિનશાસનની પ્રવર્તમાન (આંતરિક) વિષય પરિસ્થિતિના ઉકેલ માટે ભિષ્મ સંકલ્પધારી પૂ૦આ૦ શ્રી વિજયહિમાંશુસૂરિજી મ૦ના સતત ત્રણ વર્ષથી પ્રવર્તિત અખંડ આયંબિલતપની અનુમોદનાર્થે અને તેઓશ્રીના આ શુભ સંકલ્પની શીઘ્ર સફળતા પ્રાર્થવા એક અષ્ટાહ્નિકા મહોત્સવનું, ગત ચાતુર્માસ દરમ્યાન, શ્રીસંઘ દ્વારા સુંદર અને સ્તુત્ય આયોજન કરવામાં આવ્યું હતું. પૂ૦આ૦ શ્રી વિજયહિમાંશુસૂરિજી મ૦ના શાસનહિતના શુભ સંકલ્પની સફળતા ઇચ્છતા આવા અનેકવિધ આયોજનો થાય તે ખૂબ જ આવકારદાયી અને **અનુકરણીય છે.**

### દોડ બાલાપુરેમાં પદપ્રદાન

પૂ૦ પા૦ આ૦ ભ૦ શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ૦ ના શિષ્ય પં. શ્રી અશોક વિ. મ. અને પં. શ્રી અભય વિ. મ. ઠા. ૫ની નિશ્રામાં પૂ૦ આ૦ શ્રી વિક્રમ સૂ. મ.ના કાળધર્મ નિમિતે કુન્દુંરમાં પંચાહ્નિકા મહોત્સવ અને ઉંટીમાં શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું હતું. પૂ૦ પં૦ મ૦ આદિ મ્હૈસુર બેંગ્લોર થઈ દોડ બાલાપુર પોષ સુદ ૫ના પધારેલ. ત્યાં પૂ૦ પં. અશોક વિ. મ૦ની ૭૧મી ઓળીનું પારણું પોષ સુદ ૧૨ તા. ૧૧ જાન્યુ.ના કરેલ. પૂ૦ પા૦ આ૦ ભ૦ શ્રી વિ. ભદ્રકરસૂરીશ્વરજી મ૦ની આજ્ઞાથી પં. અશોક વિ. મ૦ અને પં. અભય વિ. મ૦ની પોષ વદ ૧ તા. ૧૬ જાન્યુ.ના મહોત્સવસહ સુરીપદ પ્રદાન થયેલ. તે પછી નૂતન આ૦ મ૦ આદિની નિશ્રામાં શ્રી જિનેશ્વર ભગવાનના નૂતન પટોના અભિષેક વિધાન, મંગલ મૂર્તિઓની સ્થાપના, હિંદી દેવવંદન માળાનું પ્રકાશન, અને જૈન ભવનના ભોજનગૃહનું ઉદ્ઘાટન આદિ પ્રસંગોની ઉજવણી થયેલ.

## પાઠશાળાનો શતાબ્દી મહોત્સવ

મુંબઈ-પાયધુની પર શ્રી શાંતિનાથ દેરાસરના ઉપાશ્રયમાં ચાલતી મુંબઈની સૌથી જુની પાઠશાળા શ્રી જૈન વિદ્યાશાળાને વિ. સં. ૨૦૪૨ના શ્રાવણ સુદ ૧૩ના ૧૦૦ વર્ષ પૂરા થતાં, તેના શતાબ્દી મોહત્સવની ઉજવણી જુદા જુદા દિવસોએ વિવિધ અને વિશિષ્ઠ સ્પર્ધાઓ, પરીક્ષાઓ અને કાર્યક્રમો યોજી તથા સંસ્થાના અને બૃહદ્ મુંબઈની પાઠશાળાઓના વિદ્યાર્થીઓને અને અધ્યાપકોનું વિવિધ રીતે બહુમાન કરી, ઉપરાંત એક મુખ્ય સમારંભ અંતર્ગત વિદ્યાલયના સ્થાપક શેઠશ્રી સારાભાઈ મગનલાલ મોદીના સુપુત્ર શ્રી જમનાદાસભાઈનું તથા શ્રુતજ્ઞાનના ઉત્કૃષ્ટ આરાધક-૩૦૦ કાવ્યના રચયિતા-પાટણવાળા શ્રી ચીમનલાલ ભોગીલાલનું શાલ પહેરાવીને તેમજ ૨૭ વર્ષથી નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહેલા પાઠશાળાના પ્રાણસમા અધ્યાપક શ્રી કાંતિભાઈ અચરતલાલનું વિદ્યાશાળા તરફથી રૂા. ૫૦૦૧, વિદ્યાર્થીઓ તરફથી સોનાની વીંટી અને અન્ય અનેક તરફથી પણ પુરસ્કૃત કરી બહુમાન કરવા સાથે યાદગાર રીતે થઈ હતી.

## શ્રીતારાચંદભાઇનું દુઃખદ અવસાન

**૫૧ લાખનું દાન :** સોરઠ વીસા-શ્રીમાળી જૈન સમાજના અગ્રેસર અને રૂા. એક કરોડની માતબર રકમનું ચેરીટી ટ્રસ્ટ સ્થાપી તબીબી, શૈક્ષણિક અને સામાજિક તેમજ જનકલ્યાણના કાર્યોમાં મુંબઈ, કલકત્તા અને ગુજરાતના અનેક શહેરો ગામોમાં ઉદારદિલે લક્ષ્મીનો સદ્વ્યય કરનાર જાણીતા દાનવીર શ્રી તારાચંદભાઇ ધનજીભાઇ મહેતાનું ૮૧ વર્ષની વયે, દુઃખદ અવસાન થતાં, તેમના કુટુંબીજનોએ તેમની સ્મૃતિમાં રૂા. ૫૧ લાખનું દાન જાહેર કર્યું છે.

**પોસ્ટ સ્ટંપનું ઉદ્‌ઘાટન :** શ્રી ગૌતમસ્વામીજીના ૨૫૦૦મા નિર્વાણ વર્ષને અનુલક્ષી પાવાપુરીમાં આયોજિત મહોત્સવ પ્રસંગે પૂ૦આ૦ શ્રી જિનઉદયસાગરજી મ૦ અને પૂ૦મુ૦ શ્રી મહોદયસાગરજી મ૦ની સાંનિધ્યમાં અને બિહારના રાજ્યપાલ તથા મંત્રીગણ આદિની ઉપસ્થિતિમાં શ્રી ગૌતમસ્વામીજીની પોસ્ટલ સ્ટાંપનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

**ભ૦ મહાવીર કી કહાની :** અનંત આર્ટ થીએટર-ભાડુંપ (જિ. થાણા) દ્વારા દિગ્દર્શિત અને શ્રી પ્રદીપ દંડ લિખિત 'ભગવાન મહાવીરે કી કહાની જન્મ સે મોક્ષ તક' હિન્દી નાટિકા તાજેતરમાં ઘાટકોપર સ્થિત ઝવેરબેન સભાગૃહમાં ભજવવામાં આવતા, આ પ્રસંગે અ૦ ભા૦ અચલગચ્છ જૈન સંઘ પ્રમુખશ્રી કિશોરચંદ્ર વર્ધનું પ્રસદ્ધિ કલાકાર શ્રી ચાંપશીભાઈ નાગડા, ભાંડુપના નગરસેવક સરદાર તારાસીંગ શ્રી ચીમનભાઇ પાલિતાણાકર વગેરેએ ઉપસ્થિત રહી યોગ્ય માર્ગદર્શન આપવા સાથે આવકાર વ્યક્ત કરેલ.

**વિશ્વ જૈન સંમેલન :** દિલ્લી ખાતે ગત ૧૯૮૫ના ફેબ્રુ. માં યોજાએલ તૃતીય વિશ્વ સંમેલન પ્રસંગે અહિંસા ઇન્ટરનેશનલ દ્વારા વર્લ્ડ જૈન કોંગ્રેસની સ્થાપના જે વિશ્વબંધુત્વ, વિશ્વ જૈન સંમેલનોનું આયોજન તેમજ વિશ્વસ્તરે જૈન સમાજ તથા સંસ્કૃતિની સર્વાંગી ઉન્નતિના હેતુથી કરવામાં આવી હતી, તે અનુસંધાનમાં તેનું પ્રથમ ક્ષેત્રીય સંમેલન 'ઇન્ડો-અમેરિકન જૈન કોન્ફરન્સ' તા. ૨૬ થી ૨૮ સપ્ટે. ૧૯૮૬ના, આચાર્ય શ્રી સુશીલકુમારજી દ્વારા સંસ્થાપિત ધાર્મિક 'સિદ્ધાચલમ્' ન્યૂ જર્સી સ્ટેટ, અમેરિકામાં તેઓની સાંનિધ્યમાં યોજાએલ. તેમાં ભારત, અમેરિકા અને કેનેડાથી ૧૦૦૦ ઉપરાંત વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ સંમેલનનું સંચાલન વર્લ્ડ જૈન કોંગ્રેસના મહાસચિવ શ્રી સતીશકુમાર જૈને કર્યું હતું. તેના બૃહદ્ અધિવેશનનું પ્રમુખસ્થાન શ્રી દીપચંદભાઇ ગાર્ડીએ શોભાવ્યું હતું. આ સંમેલનમાં જૈન મંદિર નિર્માણ, સાહિત્ય પ્રકાશન આદિ સંબંધિત ૯ ઠરાવો કરવામાં આવ્યા હતા.

હવે એક બીજું ક્ષેત્રીય સંમેલન 'ઇન્ડો-એશિયન જૈન કોન્ફરન્સ' બેંગકોક (થાઇલેન્ડ) ખાતે તા. ૨૧-૨૨ ફેબ્રુ. ૧૯૮૭ના યોજાનાર છે. જ્યારે ચોથુ વિશ્વ જૈન સંમેલન તા. ૨૫ થી ૨૭ ડીસે. ૧૯૮૭ના ભારતમાં યોજવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

**એક લાખનો પુરસ્કાર :** તેરાપંથી ફિરકાના આચાર્યશ્રી તુલસીજી પ્રેરિત 'જય તુલસી પ્રતિષ્ઠાન' અંતર્ગત આ વર્ષનો ૬ઠ્ઠો અણુવ્રત પુરસ્કાર રૂા. એક લાખ અને ચંદ્રપદક સાથે આ સંસ્થાના પ્રમુખશ્રી મોહનલાલજી કઠોતિયાને તા. ૫-૨-૮૭ના રોજ રતનગઢ (રાજસ્થાન) ખાતે આયોજિત મર્યાદા મહોત્સવ પ્રસંગે અર્પણ કરવામાં આવેલ છે. આ પુરસ્કાર નૈતિક ક્ષેત્રમાં ઉલ્લેખનીય અને પ્રેરણાદાયી સેવાકાર્ય કરનાર વ્યક્તિને આપવામાં આવે છે.

**ચાર બહેનો ત્યાગ માર્ગે :** માધાપુર (તા. ભુજ-કચ્છ)માં મહા સુદ ૩ના રોજ સ્થા. લીં. સં. ના શ્રી ભાવચંદ્રજી સ્વામીની નિશ્રામાં સાધ્વી શ્રી રૂક્ષ્મણીબાઇ મહાસતીજી પાસે ચાર બહેનો ૧. કુ. ચેતનાબેન શાંતિલાલ ખંડોર ૨. કુ. નયનાબેન નાનાલાલ બોરીચા, ૩. કુ. આશાબેન અમૃતલાલ મોતા અને ૪. કુ. ભદ્રાબેન નાનાલાલ દોશીએ વિશાળ જનમેદનીના હર્ષનાદ વચ્ચે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી છે.

## રવ (કચ્છ)માં અપૂર્વ ધર્મોલ્લાસ

સ્થાનકવાસી મુનિશ્રી. ભાવચંદ્રજી આદિની સાંનિધ્યમાં અને શ્રી રવ વિ. ઓ. જૈન મિત્ર મંડળ મુંબઈના ઉપક્રમે અત્રે આયોજિત ૯ દિવસની ધાર્મિક શિક્ષણ-સંસ્કાર શિબિર, તેમાં જોડાએલ બૃહદ્ મુંબઈના ૬૩ અને કચ્છના ૩૮ મળી ૧૦૧ શિબિરાર્થી ભાઇ-બહેનોએ પ્રાપ્ત કરેલ જ્ઞાન-સંસ્કાર વૃદ્ધિ; અને તેના સમાપન સમારોહમાં સમગ્ર ગ્રામ્યવાસીઓ અને બહારના રાજકીય, સામાજિક અને ધાર્મિક આગેવાનો અધિકારીઓની વિશાળ ઉપસ્થિતિ; અને દરેક શિબિરાર્થીઓને આપવામાં આવેલા સારી રકમના પુરસ્કાર અને પ્રોત્સાહક ઇનામો; તથા શ્રાવકોના ૬૫ ઘર વચ્ચે ૬૮ ભાઈ-બહેનોએ ૮ થી ૧૬ ઉપવાસ સુધીની સ્તુત્ય તપશ્ચર્યા કરવા સાથે સમસ્ત શ્રી સંઘે અપૂર્વ હર્ષોલ્લાસપૂર્વક કરેલ પર્યુષણા મહાપર્વની આરાધના અને ઉજવણી આ સમગ્ર ઘટનાઓ નાના એવા રવ ગામને સમગ્ર કચ્છમાં અને છેક મુંબઈ સુધી ઓજસ્વી બનાવી દીધુ છે.

જરૂર પત્ર.રો સોનેરી અવસર

શ્રાવસ્તિ તીર્થપતિ શ્રી સંભવનાથાય નમો નમ :
શ્રી વિજયાનંદ કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ

**શ્રી સંભવનાથ ભગવંતના ચારકલ્યાણકોથી પાવન અને પૂ. આચાર્ય દેવ શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સાની પ્રેરણાથી પુનરુદ્ધૃત**

# શ્રી સાવત્થી મહાતીર્થમાં

## ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

મહોત્સવ પ્રારંભ : ચૈત્ર વદ ૧૪ સોમવાર તા. ૨૭-૪-૮૯
પ્રતિષ્ઠા : વૈશાખ સુદ ૯ સોમવાર તા. ૪-૫-૮૯

નિશ્રા

સૂરિલબ્ધિભુવન તિલક શિશુ આચાર્યદેવ શ્રીમદ્વિજય-ભદ્રંકર સૂરીશ્વરજી મ. સા.

| | |
|---|---|
| મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાન પરિકર સાથે | ૫૧ ઇંચ |
| શ્રી શાન્તિનાથ ભગવાન | ૨૭ ઇંચ |
| શ્રી મહાવીર સ્વામી ભગવાન | ૨૭ ઇંચ |
| શ્રી માણિભદ્રજી દેવ | ૨૭ ઇંચ |
| શ્રી પદ્માવતી દેવી | ૨૭ ઇંચ |
| શ્રી માતંગ યક્ષ | ૨૭ ઇંચ |
| શ્રી સિદ્ધાયિકા યક્ષણી | ૨૭ ઇંચ |
| શ્રી ગૌતમ સ્વામિજી | ૨૭ ઇંચ |
| શ્રી કેશી સ્વામી | ૨૭ ઇંચ |

ઉપરની મૂર્તિઓ ભરાવવાનો જે ભાગ્યશાળીઓને લાભ લેવો હોય તે કમેટીનો સંપર્ક સાધે.

જે પુન્યશાળીને મૂર્તિ અંજનશલાકા કરાવવી હોય તેઓને તારીખ ૧૫-૪-૮૯ સુધી પ્રતિમાજી શ્રાવસ્તી પહોંચાડવા વિનંતી છે.

અપૂર્વલાભ : **કલ્યાણક ભૂમિમાં ઉજવાઈ રહેલ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના સુકૃતના ભાગીદાર થવા રૂ. ૧૦૦૧, આપી પ્રતિકામાં આપનું શુભ નામ લખાવો. રખે આ તક ગુમાવતા**

**શ્રાવસ્તી ક્યાં :** ઉત્તર પ્રદેશમાં બહરા ઇચ જીલ્લામાં ગોંડા જંકશનથી સમયે સમયે બસો મળે છે. મીટર ગેજ લાઈનમાં બલરામ સ્ટેશનથી ૧૬ કિ. મી. દૂર છે મહોત્સવ પ્રસંગે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

### શ્રી સાવત્થી તીર્થ કમેટી

પ્રમુખ શ્રી માણકચંદજી બેતાલા-મદ્રાસ
ઉપપ્રમુખ શ્રી લક્ષ્મીચંદજી કોઠારી-બેંગલોર

**સંપર્ક સ્થળ**

શ્રી સાવત્થી જૈન શ્વે. તીર્થ કમેટી,
C/o. શા સુરજમલ મગરાજ એન્ડ કું.
૧૫ ડી. એસ. લેન બેંગલોર ૫૩


**પ્રાકૃતિ હિન્દી કોષ : પ્રાકૃતિ** જૈન વિદ્યા વિકાસ ફંડ અમદાવાદ દ્વારા ડૉ. કે. આર. ચંદ્ર દ્વારા સંપાદિત 'પ્રાકૃતિ હિન્દી કોષ'નું પ્રકાશન કરવામાં આવેલ છે. તેના મુખ્ય વિતરક છે. શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન, આઇ. ટી. આઈ. રોડ, વારાસણી-૫ (ઉ. પ્ર.) ૯૦૦ પૃષ્ઠના આ ગ્રંથની કિં. રૂા. ૧૨૦ છે. વિદ્યાર્થીઓને ૨૫ કમીશન અપાશે.

### આદર્શ અધ્યાપિકાને અંજલિ

મુંબઈમાં ચોપાટીની જૈન પાઠશાળા, કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની હાઇસ્કૂલ અને શકુન્તલા ગર્લ્સ હાઈસ્કૂલમાં ઘણા વર્ષોથી ધાર્મિક અધ્યાપિકાપદે રહી ઘણા જ ખંત અને નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરાવતા કું. ગુણવંતીબહેન ટોકરશીનું નિધન થતાં, વાલકેશ્વર શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ તથા શ્રી ભીખીબહેન પાઠશાળા વગેરે દ્વારા શ્રીસંઘના ઉપાશ્રયે પૂ૦ મુનિરાજ શ્રી રવીન્દ્રસાગરજી મ૦ની નિશ્રામા એક સભા યોજી ભાવભીની અંજલિ આપવા સાથે શ્રી અમરચંદ રતનચંદ ઝવેરીના વરદ્ હસ્તે સદ્ગતના માતુશ્રીને રૂા. ૧૫૫૫૧ની રકમ અર્પણ કરવામાં આવી હતી.

### આચાર્યપદ પ્રદાન

લીંબડી (સૌરાષ્ટ્ર)માં માગસર સુદ ૬ના પૂ૦આ૦ શ્રી વિજયમાનતુંગસૂરિજી મ૦ની નિશ્રામાં પૂ૦ પં. શ્રી રવિપ્રભ-વિજયજી મ૦ તથા પૂ૦ પં. શ્રી સુધાંશુવિજયજી મ૦ને આચાર્યપદ પ્રદાન કરવામાં આવેલ છે.

### ભીવંડી (જિ. થાણા)માં અંજનશલાકા પ્રતિષ્ઠા

અત્રે નવી ચાલમાં શ્રી સુપાર્શ્વનાથ-જીનું નૂતન શિખરબંધી જિનાલય બંધાતા, તેના પ્રેરક યુગપ્રભાકર પૂ૦ આ૦ શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મ૦ની નિશ્રામાં મહા સુદ ૧૦ના અંજનશલાકા અને મહા સુદ ૧૩ના પ્રતિષ્ઠાપૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ છે.

## ઊણ (બનાસકાંઠા)માં કાયમી આયંબિલશાળા

પૂ. આ. શ્રી વિજયવિનયચંદ્રસૂરિજી મ૦, પૂ૦ આ૦ શ્રી વિજયકલ્પજયસૂરિજી મ૦ આદિની નિશ્રામાં અત્રે 'શ્રી ચુકીબાઈ ધરમીચંદજી ખરોડ શ્રી વર્ધમાન તપ કાયમી આયંબિલશાળા'નું ઉદ્‌ઘાટન શેઠશ્રી ધરમીચંદજી કેવલચંદજી ખરોડ તથા શેઠ શ્રી ચાંદમલજી ભૂરટના શુભ હસ્તે તા. ૪-૧૨-૮૬ના રોજ ભવ્ય સમારોહપૂર્વક સાનંદ સમ્પન્ન થયું છે. ઉપરાંત, બહેનોના નૂતન ઉપાશ્રયનો શિલાન્યાસ-ખાતમુહૂર્ત સર્વશ્રી વરધીલાલ સ[illegible]તચંદ શ્રોફ, શ્રી લહેરચંદ સરૂપચંદ શ્રોફ અને શ્રી ધરમીચંદજી ખરોડના વરદ હસ્તે સુસમ્પન્ન થયેલ છે.

આ સુઅવસરે વડાવાળા હાલ મદ્રાસ નિવાસી શેઠશ્રી કાંતિલાલ નગીનદાસ શાહ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા તેમના ચૈત્ર માસની તથા શ્રી દલપતભાઈ ઓથરા (વર્ધમાનતપ આયંબિલ ટ્રસ્ટ-મદ્રાસ) તરફથી પર્યુષણ પર્વના [illegible] દિવસ અને શ્રી ટમકુભાઈ કેવલચંદજી ખરોડ તરફથી આસો માસની કાયમી ઓળી કરાવવાનું નક્કી થતાં [illegible] અંગેની તક્તિઓનું પણ ઉદ્‌ઘાટન થવા પામ્યું. આ પ્રસંગે આયંબિલ શાળાના ફોટાની સ્કીમમાં અનેક મહાનુભાવોએ લાભ લીધો. મદ્રાસથી પધારેલા શ્રેષ્ઠિવર્યો તરફથી તિથિઓ વગેરેમાં પણ સારી એવી રકમની જાહેરાત થઈ. બહેનોના નૂતન ઉપાશ્રય ફંડમાં મદ્રાસ તથા અમદાવાદના ભાઈઓએ સારી ઉદારતા દર્શાવી હતી. પ્રાંતે શ્રી ચીનુભાઈએ (ભણસાલી ટ્રસ્ટ) આભારદર્શન કર્યું હતું. આ સર્વ કાર્યમાં સક્રિય સેવા અર્પનાર તથા ઊણ જૈન સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દલપતભાઈ મોતીલાલ મહેતાએ સાધર્મિકભક્તિનો સુંદર લાભ લીધો હતો.

### અંજાર (કચ્છ)માં ઉજવાએલ અનેકવિધ ધર્માનુષ્ઠાનો

અધ્યાત્મયોગી પૂ૦ આ૦ શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ૦ની સાંનિધ્યમાં શ્રી તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયે પોષ વદ ૬ના બે જિનબિમ્બોની પ્રતિષ્ઠા, વદ ૫ના સુવર્ણ કલશારોપણ, વદ ૬ના ચાર મુમુક્ષુ બહેનોને ભાગવતી દીક્ષાપ્રદાન, વદ ૧ના સાધ્વીશ્રી પ્રભાવતીશ્રીજીનું વર્ધમાન-તપની ૧૦૦મી ઓળીનું પારણું વદ ૧ થી ૩ સુધી સ્વ. કેશવલાલ લાલચંદ ખંડોરનાં વિવિધ સુકૃત કાર્યોની અનુમોદનાર્થે અને આત્મશ્રેયાર્થે સિદ્ધચક્ર મહાપૂજનાદિ તથા ભચાઉ મુકામે માગ. વદ ૩ના સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી મ૦ના થયેલા સ્વર્ગવાસ નિમિત્તે પોષ સુદ પ્ર. ૧૩ના ભક્તામરપૂજન ઈત્યાદિ અનુષ્ઠાનો સહ નવાહ્નિકા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો છે. ઉપરાંત પૂ૦ આચાર્યશ્રીના આગમન દિવસથી સતત ૧૧ દિવસ સુધી જુદા જુદા મહાનુભાવો દ્વારા ત્રણે ટંકની સાધર્મિક ભક્તિ થઈ હતી. તેમજ પોષ સુદ ૧૫ના સિદ્ધચક્ર મહાપૂજન, વદ ૫ના દીક્ષાર્થીઓનો વરસીદાનનો તથા જલયાત્રાનો વરઘોડો, વદ ૬ના શાંતિસ્નાત્ર, ૩ સાધર્મિક વાત્સલ્ય તેમજ ગરીબોને ભોજન, અનુકંપાદાન વગેરેનું સમયાનુસાર આયોજન કરી આ સારાય પ્રસંગને અનુમોદનીય અને યાદગાર બનાવવામાં આવ્યો હતો.

### 'સુઘોષા' પત્રના સંપાદકશ્રી દ્વારા જીવદયામાં ફાળો આપવા નિવેદન

ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના પ્રદેશોમાં ઉપરાઉપરી આ બીજા વર્ષે પણ દુષ્કાળ પડતાં પાણી અને ઘાસચારાની ભારે તંગી ઊભી થઈ છે. 'સુઘોષા' માસિક દ્વારા તેના રજત જયંતીના આ વર્ષમાં, દુષ્કાળની વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ, અબોલ જીવો માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી, 'સુઘોષા'ના માધ્યમ દ્વારા જીવદયા માટે મોટું ભંડોળ કરવા માંગુ છું; અને તે માટે આપ સૌનાં સાથ-સહકારની અપેક્ષા રાખું છું. પ્રાપ્ત થયેલ રકમની યાદી નામવાર 'સુઘોષા'માં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.

લિ. સોમચંદ ડી. શાહ

સરનામું : 'સુઘોષા' માસિક
પાલીતાણા-૩૬૪ ૨૭૦ (ગુજરાત).

### જૈતારણ (જિ. પાલી) વિવિધ ધર્મકાર્યો

જૈનધર્મદિવાકર પૂ૦ આ૦ શ્રી વિજયસુશીલસૂરિજી મ૦ની નિશ્રામાં મહા સુદ ૧૪ના રોજ અહીં આવેલા ત્રણ જિનમંદિરો (૧. શ્રી વિમલનાથજી ૨. શ્રી મુનિસુવ્રતસ્વામીજી અને ૩. શ્રી ધર્મનાથજી)ની વર્ષગાંઠ-ધ્વજારોહણ તેમજ શ્રી ધર્મનાથજીના પરિકરની પ્રતિષ્ઠા, મંગલમૂર્તિની સ્થાપના અને શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયમાં યક્ષ-યક્ષિણીની સ્થાપના તથા તે નિમિત્તે શાંતિસ્નાત્ર મહાપૂજા યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ છે.

### કમળેજ (જિ. ભાવનગર)માં ઓચ્છવ

અત્રેના શ્રી નમિનાથ જિનાલયની ૩૫મી વર્ષગાંઠ મહા સુદ ૬ના રોજ પૂ૦ પં. શ્રી દાનવિજયજી મ૦ આદિની નિશ્રામાં ધ્વજારોપણ, સિદ્ધચક્ર મહાપૂજનપૂર્વક તેમજ ત્રણ દિવસના ઓચ્છવ દરમ્યાન અઢાર અભિષેક, પૂજા, સાધર્મિકભક્તિ વગેરે યોજી ઘણા ઉલ્લાસ અને ઠાઠમાઠથી ઉજવવામાં આવી. આ પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી રૂપિયા એક લાખ જેવું જીવદયાનું ફંડ થવા પામેલ.

### મદ્રાસથી કુલ્પાકજીના પૈદલ સંઘ

પ્રવચનકાર અને સાહિત્યકાર પૂ૦ મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ૦ આદિ. ઠા. ૭ની નિશ્રામાં મદ્રાસથી કુલ્પાકજી તીર્થનો છ'રી પાળતો સંઘ મહા સુદ ૧૩, તારીખ ૧૧-૨-૮૭ના કાઢવામાં આવેલ છે.

### સિવાનાથી જૈસલમેર-પદયાત્રા સંઘ

પૂ૦ ગણિવર્યશ્રી ગુણરત્નવિજયજી મ૦ની નિશ્રામાં શા. કેશરીમલજી ધનરાજજી ચૌપડા દ્વારા આયોજિત સિવાના (જિ. બાડમેર)થી જૈસલમેર તીર્થનો છ'રી પાળતો સંઘ તારીખ ૧૨-૨-૮૭ના નીકળી તા. ૩-૯-૮૭ના જૈસલમેરમાં તીર્થમાલ પરિધાન કરશે. ત્યાંથી દરેક યાત્રિકોને બસ દ્વારા પોકરણ-ફલોદી, મેડતારોડ, ઓસિયા, ગાંગાણી અને કાપરડા તીર્થની યાત્રા કરાવી છેલ્લે સિવાનામાં વિદાય સમારોહ યોજાશે.

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 27919

# જૈન

વાર્ષિક લવાજમ રૂ. ૩૦/-
આજીવન સભ્ય ફી રૂ. ૩૦૧/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

વર્ષ : ૮૪
'જૈન'
સાપ્તાહિક
અંક : ૬

વીર સં. ૨૫૧૩, વિ સં. ૨૦૪૩ મહા વદ ૩૦
તા. ૨૭ ફેબ્રુઆરી. ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪૦૦૧

## બ્રિટનના લેસ્ટર શહેરમાં એકતાના પ્રતિબિંબ સમુ જૈન દેરાસરનું નિર્માણ

દુનિયાના કોઈપણ ખૂણામાં જાવ અને ગમે ત્યાં વસવાટ કરો પરંતુ ભારતીય સંસ્કૃતિના મૂળભૂત તત્વો અને સંસ્કાર કદી ભૂલાતા નથી. વિદેશના વાતાવરણમાં આવ્યા બાદ જ ભારતની સાચી કિંમત સમજાય છે. યુ. કે. ના લેસ્ટરમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના પ્રતીક સમું અંદાજે રૂપિયા બે કરોડના ખર્ચે જૈન કેન્દ્ર ઉભું થઇ રહ્યું છે. ડીસેમ્બર ૧૯૮૭ સુધીમાં આ જૈન કેન્દ્ર સંકુલનું કાર્ય પુંરૂ થશે એવો અંદાજ છે પરંતુ તેનો પ્રતિષ્ઠા મહોત્સવ આગામી જુલાઈમાં યોજવામાં આવશે અને આ પ્રસંગે ભારત સહિત વિશ્વના જુદા જુદા ભાગોમાંથી જૈન ધર્મ પ્રેમીઓ લેસ્ટર જશે.

જૈનોના ચારેય ફિરકાઓ વચ્ચે સમન્વય અને એકતાના પ્રતિબિંબ સમું આ કેન્દ્ર ભારતમાં જૈન ધર્મના જુદા જુદા સંપ્રદાયોમાં વહેંચાયેલો છે ત્યારે ભાવાત્મક એકતાનું નવુ દર્શન કરાવશે. શ્વેતામ્બર અને દિગંબર દેરાસર, સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુરૂ સ્થાનક, ઘંટાકરણ મહાવીર સ્વામી અને પદ્માવતીદેવીની પ્રતિમાઓ, લાયબ્રેરી, સંગ્રહસ્થાન અને ભોજનાલય સહિતની સુવિધાવાળું આ વિશાળ જૈન સંકુલ યાત્રાનું ધામ બનશે.

આ જૈન કેન્દ્રના નિર્માણ પાછળ લેસ્ટરમાં વસતા અને યુરોપ જૈન સમાજના પ્રમુખ ડો. નટુભાઈ શાહનો ભગિરથ પુરૂષાર્થ કામ કરી રહ્યો છે. તબીબી વ્યવસાયમાં કાર્યરત રહીને ઈંગ્લેન્ડમાં જૈન એકતા અને સંગઠનને અત્યારના સમયમાં નવો આકાર આપવામાં તેમણે કરેલું કાર્ય ખૂબ જ પ્રશંસનિય છે.

ડો. નટુભાઇ શાહ મુંબઈની મુલાકાતે આવેલા છે. અને તેમના માનમાં પ્રતિષ્ઠિત જૈન અને જૈનેતર નાગરિકો તરફથી અત્રે એક સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનેક આગેવાનોએ હાજરી આપી હતી.

ડો. નટુભાઈ શાહે લેસ્ટરના જૈન કેન્દ્ર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ કેન્દ્રના નિર્માણમાં ત્યાંની પ્રજાનો ખૂબ જ સાથ અને સહકાર મળ્યો છે. લેસ્ટરનું એક જુનું ચર્ચ ખરીદીને ત્યાં આ જૈન કેન્દ્રનું નિર્માણ થઈ રહ્યું છે. અમે કોઈ સંપ્રદાયોના ભેદભાવ રાખ્યા નથી. ધાર્મિક માન્યતાઓ ભલે અલગ હોય પરંતુ સહઅસ્તિત્વ અશકય નથી. અમારે મન જૈન હોવું એ જ અતિ મહત્વનું છે. વિશાળ પાયા પર અમે આ ભાવનાનું નિર્માણ કર્યું છે. "પાળે તેનો ધર્મ" એવી ઉદાર નીતિ અમે અપનાવી છે. અમારા જૈન સમાજમાં જન્મે જૈન ઉપરાંત હિન્દુ, મુસ્લીમ, ખ્રિસ્તી વગેરે સભ્યો છે અને તેમને સભ્ય તરીકેના પૂરા અધિકાર છે.

ડો. નટુભાઈ શાહે જણાવ્યું હતું કે લેસ્ટરનું આ જૈન કેન્દ્ર યુરોપનું એક મહત્વનું સાંસ્કૃતિક ધામ બની રહેશે. બ્રિટનમાંના જૈનો, હિન્દુ, મુસ્લીમો અને ખ્રિસ્તીઓએ આ અંગે ઉદાર સહાય કરી છે. લેસ્ટરની સીટી કાઉન્સીલ અને બ્રિટીશ સરકરે ૧૮૦૦૦ પાઉન્ડની સહાય કરી છે. અને હજુ બીજી વધુ સહાય તેમના તરફથી મળશે. આ ઉપરાંત જૈન કેન્દ્રને સંપૂર્ણ રાહત અને બીજી છુટછાટો આપવામાં આવી છે. ટુરીસ્ટ કેન્દ્રમાં પણ આ જૈન સેન્ટરનો સમાવેશ કરવામાં આવનાર છે.

ડો. નટુભાઈએ જણાવ્યું હતું કે, ભારતમાંથી પણ જૈન સંસ્થાઓ અને આગેવાનોનો અમને સારો સાથ મળ્યો છે. ઓવરસીઝ જિનાલય સમિતિએ જૈન દેરાસર પુરૂં પાડયું છે.

તેમણે આગળ બોલતા જણાવ્યું હતું કે, આગામી ૧૯મીથી ૨૭મી જુલાઈ દરમ્યાન યોજાનારા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશ્વના જૈનોની કેન્દ્રીય સંસ્થાની રચના અંગે વિચારણા કરવામાં આવશે. વિશ્વભરના જૈનોને એક નેજા હેઠળ રાખવા અને વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે આ પ્રકારની

વિશ્વ સંસ્થા ઉપયોગી થઈ પડશે. આ પ્રસંગે ચર્ચાસત્રો અને વિદ્વાનોના પ્રવચનો પણ યોજવામાં આવશે.

ડૉ. નટુભાઈએ જણાવ્યું હતું કે, આ જૈન કેન્દ્રનું બંધારણ એવું છે કે તેમાં વહીવટ સંપૂર્ણપણે લોકશાહી ઢબે ચાલશે અને સર્વને સમાન અધિકારો હશે. વ્યક્તિ કરતાં સંસ્થાનું મહત્વ વધારે છે તે પાયા પર આખું માળખું રચાયેલું છે.

જૈન આગેવાન શ્રી દિપચંદભાઈ ગાર્ડીએ આ પ્રસંગે બોલતા ડૉ. નટુભાઈ શાહની આ અંગેની સેવાઓને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, લેસ્ટરમાં એક અદ્ભૂત કાર્ય થઈ રહ્યું છે. ત્યાંથી નિકળતાં જૈનો માટેના ત્રિમાસિક પ્રકાશન ની પણ તેમણે પ્રશંસા કરી હતી.

જાણીતા સામાજિક કાર્યકર અને અભિવાદન ટ્રસ્ટના સ્થાપક શ્રી મહિપતરાય જાદવજી શાહે મહેમાનોને આવકાર આપતા જણાવ્યું હતું કે ભારતના જૈનો અને તમામ અહિંસા પ્રેમીઓ માટે આ ભારે આનંદનો અવસર છે.

શ્રી વસનજી લખમશી શાહ અને ડૉ. સર્વેશ વોરાએ પણ પ્રાસંગિક પ્રવચન કરીને ડૉ. નટુભાઈ આ સુંદર કાર્ય માટે અભિનંદન આપ્યા હતા.

## જૈનો હિન્દુઓથી જુદા

**જૈનો અલ્પસંખ્યક** : તાજેતરમાં પટના (બિહાર)ની હાઈકોર્ટની રાંચી બેન્ચે બૌદ્ધો અને જૈનોને ધાર્મિક અલ્પસંખ્યક તરીકે માન્ય કર્યા છે. બે ન્યાયમૂર્તિની આ બેન્ચે ૨૬ પાનાના ચુકાદામાં જણાવ્યું છે કે હિન્દુઓમાં બ્રહ્મસમાજ એક ધર્મનું સ્વરૂપ લઈ ચુક્યું છે, અને કેટલાક રાજ્યોમાં તેને ધાર્મિક અલ્પસંખ્યકનો દરજ્જો પ્રાપ્ત થયો છે, તો પછી જૈન અને બૌદ્ધ લોકો પર આ સિદ્ધાંત લાગુ નહીં કરવાનું કોઈ કારણ નથી. સંવિધાનની કલમ ૩૦ અંતર્ગત જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ દરેક પ્રકારે એક ધર્મની કસોટી પર સિદ્ધ થાય છે અને તે હિન્દુઓથી જુદા છે.

## ગીત–સંગીત–કંઠના સાધક શ્રી શાંતિલાલ બી. શાહની ચિરવિદાય

જૈન સમાજમાં ભાગ્યે જ કોઈએ નામ ન સાંભળ્યું હોય અને જેના કંઠનો રણકાર કાને પડયો ન હોય એવા ખંભાતના વતની શ્રી શાંતિલાલ બી. શાહનું અવસાન અંધેરીમાં તેમના નિવાસસ્થાને તા. ૧–૨–૧૯૮૯ના રોજ થયું છે. તેઓના કંઠ અને કાવ્યરચનાનો સ્વાદ ભારત માત્ર નહિ પણ વિદેશમાં ખ્યાતનામ બનેલ છે. કાવ્યરચના અને કંઠની અનેરી શકિત તેઓશ્રીના પિતાશ્રી ભોગીભાઈ તરફથી વારસામાં મળી હતી. શ્રી ભોગીભાઈએ સંગીત અને કંઠના ઉસ્તાદ તરીકે નામના અને ચાહના મેળવી હતી. આ વારસાને શ્રી શાંતિભાઈએ વધુને વધુ દીપાવી, જૈન સમાજની પ્રતિષ્ઠા અને સંગીતની જ્યોતને વધુ ઉજ્જવળ બનાવી છે.

તેઓનો અભ્યાસ મેટ્રીક સુધીનો હતો. તેઓનો પક્ષપાત સંગીત, ચિત્રકળા અને ફોટોગ્રાફી તરફ વિશેષ હતો. આ ક્ષેત્રે તેઓનું નામ રોશન કર્યું હતું. કાવ્ય લખવાનો શોખ અનેરો હતો. અને કંઠની લહેરીની શાસનદેવે બક્ષીસ આપી હતી. સ્વતંત્રતાની લડતે તેમના હૃદયમાં રાષ્ટ્રભક્તિમાં અનેરૂ સ્થાન હતું. ખાદી પહેરવી અને રોજ નિયમિત રેંટીઓ કાંતવાનું જીવનમાં મધ્યસ્થ સ્થાને હતું. ભારતની આઝાદીને પરિણામે તેઓના હૃદયમાં રાષ્ટ્રભક્તિ પ્રગટી, જે તેઓએ શબ્દ અને સ્વરદ્વારા દિલમાં પ્રકાશિત કરી. આ ગીતો ભાવવાહી હોઈ, સૌના હૃદયમાં રાષ્ટ્રપ્રેમની જ્યોતિ પ્રગટાવી હતી. સામાજિક અને ધાર્મિક ગીતો સ્તવનાવલીની રચના કરી, સદાય યાદ રહે તેવો ભંડાર થએલ છે અને તેનો રણકાર સાંભળનારને સદાય ગુંજતો રાખશે.

દેરાસરો અને અન્ય સ્થળે થતી ભાવના સાંભળવા માટે બેઠકો ઓછી પડતી હતી. ઉત્સવ અને પર્યુષણ પર્વ પ્રસંગે તેઓની સતત માંગણી રહેતી, પરિણામે ઘણા પ્રયોજકોની મહેચ્છા અધૂરી રહેતી હતી. કથાગીતોની શૈલી અને રજૂઆત અનોખી હતી.

શ્રી શાંતિભાઈ સ્પષ્ટ અને નિર્ણયાત્મક વિચારશૈલી ધરાવતા હતા. સંતોષ અને સમાધાનથી ભરેલું તેમનું જીવન હતું. નવા યુગ સાથે પ્રચલિત વિચારપ્રવાહ સાથે સમન્વય કરી ગીતોની રચના કરતા હતા. જૈનોના બધા ફિરકાઓની એકતા સાધવા, બંધનો તોડી ગીતો દ્વારા એકત્ર થવાની ભાવના પ્રગટાવી હતી.

શ્રી શાંતિભાઈની તબીયત નરમ છતાં, સંગીતના કાર્યક્રમોમાં જવલ્લેજ જતા. સંગીતનો પ્રવાહ તેમના લોહીમાં હતો, તે સતત વહેતો રહે એટલે પોતાની નવી અને અગાઉ લખાયેલ રચનાઓ કેસેટ રેકોર્ડ દ્વારા સંગીતમાં મઢી જનતા સમક્ષ મૂકવાનું કાર્ય ઘેર બેઠાં ચાલુ રાખતા હતા. આ જીવન સ્મારક જૈન ધર્મની ધજા પતાકાને સદાય ફરકતી રાખશે. આ ખોટ ના સમાજની સારી મૂડી બનેલ છે.

**નીતિ અને ધર્મના સિદ્ધાંતોનો** સમન્વય કરી, સેંકડો ગીત રચનાને સૂરીલી બનાવી છે. આ વિશિષ્ટ વ્યક્તિનું દેહાવસાન થયું છે. સંગીતનો વારસો તેઓને સદાય જીવંત રાખશે. જૈન માત્ર જૈન ધર્મ નહિ પણ વિશાળ રાષ્ટ્ર ક્ષેત્રે તેઓની યાદ ચિરસ્મરણીય રહેશે.

શ્રી શાંતિભાઈને જૈન ધર્મનો વિશિષ્ટ અભ્યાસ કર્યો ન હતો તેમ છતાં ખૂબી તો એ છે કે તેઓની કાવ્યરચનામાં જૈન ધર્મનું કાંઈ ધબકતું રહ્યું છે.

તેઓના પવિત્ર આત્માને 'જૈન' પરમ શાંતિ ઇચ્છે છે અને ભાવના રાખે છે સમગ્ર જૈન સમાજ તેઓની યાદ કાયમ રાખવા સુયોગ્ય કાર્યવાહી કરશે.

**કાળધર્મ પામ્યા** : મહેસાણામાં કા. વદ ૩ના રોજ પૂ૦ આ૦શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ૦ના સમુદાયના સાધ્વીશ્રી મનહરશ્રીજીના પ્રશિષ્યા સાધ્વીશ્રી સદ્ગુણાશ્રીજી, ૪૮ વર્ષનો દીર્ઘ સંયમપર્યાય પાળી, સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

**સ્વર્ગારોહણ મહોત્સવ-સુરત**

સુરત જૈન સંઘના મહા ઉપકારી સંઘસ્થવિર શ્રી ભક્તિમુનિશ્રી મ૦ના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી મોહનલાલજી ઉપાશ્રયે પૂ૦ આ૦ શ્રી ચિદાનંદસૂરિજી મ૦, પ્રખરવક્તા શ્રી કીર્તિસેનમુનિજી મ૦ આદિની નિશ્રામાં સિદ્ધચક્રપૂજન, શાંતિસ્નાત્રાદિ યુક્ત પંદર દિવસનો મહોત્સવ પોષ સુદ ૧૩થી વદ ૧૧ સુધી ઘણા ઠાઠથી ઉજવવામાં આવ્યો.

**પાંચ લાખનું દાન :** વડોદરા શ્રી ખરતરગચ્છ જૈન સંઘ દ્વારા નવી બંધાનાર ધર્મશાળામાં શ્રી પારખ પરિવાર તરફથી રૂા. પાંચ લાખ અને શ્રી ઝાબક પરિવાર તરફથી રૂા. સવાલાખ આપવાની જાહેરાત થઈ છે. તાજેતરમાં આ સંઘની ચૂંટણી થતાં શ્રી શાંતિલાલજી પારખની પ્રમુખપદે વરણી થઈ છે.

## અખીલ ભારતીય હિંસા નિવારણ સંઘ, અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઇના સંયુકત ઉપક્રમે ગુજરાત ખાતે પશુરાહત કેમ્પનો આરંભ

### કરુણાભીનું નિવેદન

ગુજરાતની ધરતી ઉપર સતત બીજે વરસે પણ દુષ્કાળના ઓળા ઉતર્યા છે. ઘાસ અને પાણીના અભાવે મૂંગા અબોલ જીવો ટળવળી રહ્યા છે. આપણી સામે આવી પડેલો આ એક ગંભીર પડકાર છે. ગયા વર્ષે આપણે દુષ્કાળગ્રસ્ત ૮ હજાર ઢોરોને નીભાવવા માટે પશુ રાહત કેમ્પ સફળતા પૂર્વક ચલાવ્યો હતો.

આ વર્ષે ઉભી થયેલી અતિગંભીર અછતની સ્થિતિના કારણે અમાએ વેગથી દુષ્કાળ રાહત કાર્ય શરુ કરી દેવાયુ છે. ધોળકા તાલુકામાં અમદાવાદ ધોળકા રોડ ઉપરના શેખડી ગામની આસપાસની જમીનો ઉપર પ્રાથમિક બધી જ વ્યવસ્થાઓ ઉભી કરીને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોના હજારો અબોલ જીવોને આ વર્ષના જુલાઈ માસ સુધી સાચવવાનો અમારો આ વિનમ્ર પ્રયાસ છે.

અબોલ જીવોને અપાતી સમાધિથી આપણને સમાધિ મળી શકે. માટેજ મોતના મોમાં ધકેલાઈ જતાં પશુઓને ઉગારી લેવાના સ્તુત્ય કાર્યમાં સહભાગી બનવા માટે અમો આપને કરુણાભીની આંખે વિનંતી કરીએ છીએ.

આપ આ રીતે પણ લાભ લઈ શકશો.

* એક ઢોરને અછતના આખા સમયગાળા દરમ્યાન નીભાવવા માટે રૂપિયા પાંચસો આપી ને.
* રૂપિયા બે લાખ આપી એક હજાર ઢોરને નિભાવવાના આખા એક વાડાનું નામકરણ કરાવીને.
* તન. મન અને સમયનો ભોગ આપી કેમ્પમાં આવી સેવાનો હાથ લંબાવી શકશો. નહિતો છેવટે
* ગામમાં જીવદયા માટે સૌ કોઇને પ્રેરક શબ્દો કહી શકશો.

**નોંધ** ચે. અથવા ડ્રાફ્ટ ઉપરોક્ત સંસ્થાઓના કોઈપણ નામે મોકલી શકશો. બંને સંસ્થાઓને ઇન્કમટેક્ષ માફીપત્ર પ્રાપ્ત છે.

લિ. આપનો વિનમ્ર

**અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ**
૩૫, મનીષ સોસાયટી
નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ટે. નં. ૪૬૨૪૦૮

**વર્ધમાન સેવા કેન્દ્ર**
૯૮, ગુલાલવાડી
ત્રીજે માળે,
મુંબઇ-૪૦૦૦૦૪
ટે. નં. ૩૮૮૫૨૩/૩૬૦૫૯૪

## શિથિલાચાર માટે જવાબદાર કોણ ?

રાજકોટથી પ્રગટ થતું 'જૈન સૌરભ' (સાંગણવા ચોક, ગરેડિયા કુવા પાસે) દ્વારા એક નિબંધસ્પર્ધા ૧૮ વર્ષથી ઉપરના માટે 'શિથિલાચાર માટે જવાબદાર કોણ ?' અથવા 'જૈન ધર્મ માટે હું શું કરી શકું ?' વિષય પર અને ૧૮ વર્ષથી નીચેના માટે 'જો હું શ્રાવક હોઉં તો ?' અથવા 'રાગી દેવ-દેવીઓની માન્યતા-શ્રદ્ધા રાખી શકાય કે કેમ ? અને તેના લાભા લાભ' વિષય પર યોજવામાં આવી છે. આ સ્પર્ધામાં માત્ર જૈનો જ ભાગ લઈ શકશે. વધુ વિગત ઉપરના સરનામેથી મંગાવવી.

**અમૃતસરમાં ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા**

અત્રે દાદાવાડી સ્થિત શ્રી પાર્શ્વનાથ જિનાલયના પટ્ટાંગણમાં શ્રી અભયકુમાર કોચર (શ્રી શીવચંદ રોશનલાલ બિકાનેરવાળા) સપરિવાર તરફથી નવનિર્મિત ગુરૂમંદિરમાં યોગીરાજ શ્રી શાંતિસૂરીશ્વરજીની મૂર્તિની પ્રતિષ્ઠા માઘ સુદિ પના સાનંદ થઈ છે. તેમજ કોચર પરિવારમાં થયેલ વિવિધ તપસ્યાની અનુમોદનાર્થે ૧૪ છોડનું ઉદ્યાપન, અર્હત્અભિષેકપૂજન, ભક્તામર મહાપૂજન, શાંતિસ્નાત્ર આદિ યોજાયેલ. સિરોહી-નિવાસી શ્રી મનોજકુમાર હરણ તથા છાણી નિવાસી શ્રી જશુભાઇ શાહની અધ્યક્ષતામાં દરેક વિધિવિધાન સુંદર અને સૌલ્લાસ થયા હતા.

**૫૦૦ આયંબિલનું પારણું**

સેરિસા તીર્થમાં પૂ૦ મુનિ શ્રી ચંદ્રશેખરવિજયજી (થરાદવાલા) મ૦ની નિશ્રામાં સાધ્વીશ્રી પ્રીતપ્રજ્ઞાશ્રીજી મ૦ના પોષ સુદ ૩ના ૫૦૦ આયંબિલના પારણા દિને, તેમના સંસારી પિતાશ્રી કાંતિલાલ મોહનલાલ દાંતીવાડા તરફથી સિદ્ધચક્રપૂજન, ત્રણ દિવસનો ઓચ્છવ તથા વિવિધ ક્ષેત્રોમાં સારી એવી રકમ નોંધાવી સુંદર લાભ લેવામાં આવેલ. પૂ૦ મુનિરાજશ્રીનું આગામી ચાતુર્માસ અમદાવાદ-વિજયનગર નક્કી થયું છે.

# વિમળાબહેનનું ખૂન એ આપણા ખમીરની આત્મહત્યા?

શત્રુંજ્ય તિર્થ પરથી ઉપાડી જવાએલ વિમળાબહેનનું આખરે ખૂન થયાનું તથા આરોપી પકડાયાનું જાહેર થયું છે. દેશના ઇતિહાસમાં વર્ષોથી ઘડાઇ આવેલ એ જ પ્રબળ નપાવટ રાજકારણ આ ખૂન કેસને છાવરવા બહાર પડયું છે. રાષ્ટ્રના જૈનો દિગ્મૂઢ થઈ ગયા કે આટલી હળાહળ અરાજકતા ? ક્રુર નીચ હત્યારાઓને છાવરતા રાજકારણીઓ સામે આવા નિર્માલ્ય આપણે જૈનો ?

આટલા સમય વિત્યા છતાં વિમળાબેનનું પ્રકરણ વણ-ઉકેલ હતું અને ઉકેલાયું તો પણ આપણે જૈનો કેટલા શાંત ? આ ક્રુર બનાવ ખૂલ્લો પાડવાનો યશ ફક્ત સી. આઇ. ડી. અધિકારી **શ્રી પરદેશી** તથા શ્રી જેઠવા અને વિમળાબેનના પતિ શ્રી ચંપાલાલજી અને કુટુંબીઓને જ જાય છે. તે બાબતે આપણે જૈનો, જીલ્લાનું પોલીસ ખાતું કે ડી. એસ. પી. મોટા રાજકારણીઓ કે શેઠ આ૦ક૦ પેઢીના સુત્રધારો કોઇનો ફાળો જ ફાળો નથી. ઘટના પછી સ્વચ્છ, નિર્મળ અને સંપૂર્ણ ચારિત્ર્યવાન, (ધર્મ ભાવના તથા મહાન તિર્થાધિરાજ શત્રુંજયના પ્રતાપે જ) વિમળાબેન નિષ્કલંક જાહેર થયા.

જીલ્લાના રાજકારણથી ખદબદતા, ચશમપોશીમાં રાચતા આપણા અગ્રેવાન કહેવાતા સમાચાર પત્રો પણ કેવા ? જે **ધર્મ–સમાજનો તેમને ટેકો, જે સમાજના વેપાર–ધંધા તથા** આહકોથી મોટે ભાગે નભતા આવા છાપાંઓની એટલી પક્ષા-પક્ષી કે તટસ્થ સમાચારો પણ ન છાપે ? દેશભરના ન્યુઝ પેપરો ભાવનગરની કોર્ટનો સમાચાર–હેવાલ બીજે જ દિવસે છાપે અને સ્થાનિક સમાચાર પત્રો અહેવાલ દબાવી દયે ? આપણે તેવું **નીભાવી** લેવા જેવી લાચાર સ્થિતિમાં છીએ ?

વળી એક અલગ કિસ્સામાં (ઇન્દોરના જૈન સાધ્વી વિષે) આપણા ધર્મની મહાન–ઉચ્ચ સંસ્કૃતિ, તપ, જ્ઞાન, ચરિત્ર્ય કે ત્યાગના પ્રસંગો આલેખવાને બદલે એકાદ ઘટનાને વિકૃત રીતે ચગાવી આપણા ધર્મ/સમાજને હલકો પાડવાની ચેષ્ટા કરનાર તકવાદિયા સામાયિકોને આપણે પડકાર્યા ?

સાથો સાથ આપણા તિર્થક્ષેત્રોમાં યાત્રાળુઓ ડગલે પગલે લુટાય, છેતરાય, ભયથી ચુપ રહે, ઓછું હોય તેમ અંગુઠાછાપ તલાટી મંત્રીઓ–પંચાયત પ્રમુખો કે નગર (મોટે ભાગે કોમવાદી) મુંડકાવેરો લાદવાની ચેષ્ટા કરે, રાજ્યના રાજકારણીઓ તેમને છાવરે, હથિયાર બનાવે અને માથે રહી ઉપદ્રવ કરાવી દેશભરના જૈનોને ખળભળાવે છતાં આપણે શાંત રહીએ તે આપણી નિર્માલ્યતાની અવધિ નહીં તો શું ? કોમવાદી તકસાધુ અને ભ્રષ્ટાચારથી ખદબદતાં આપણા રાજકારણીઓ અહિંસક દાનવીર, ધર્મભીરૂ એવી જૈન પ્રજાને લુંટવાના–ચુસવાના છડેચોક ધંધા કરે, છતાં આપણે ચુંપ ?

આ તમામ બીનાઓ, ઘટનાઓ તો બનેલ છે જ છતાં છેલ્લા મહિનામાં પાલીતાણામાં જ ચારેક મોટી ચોરીઓ થઇ છે, ધર્મશાળામાં, જાહેરમાં કે ડુંગર ઉપર ચોરીઓ ચાલુ છે. યાત્રાસંઘો કે યાત્રાળુઓ ફરિયાદ કરી પાલીતાણા ધક્કા ખાય ? દારૂના અડ્ડા, જુગારખાના, સ્ત્રીઓની છેડતી, જૈન ટ્રસ્ટોની જગ્યાઓમાં કદમપેશી, મચ્છીમારી, બીન શાકાહારી ખાદ્ય પદાર્થો ખૂલ્લેઆમ વેચાય, કતલ થાય, છતાં તિર્થની વહીવટી પેઢી (શેઠ આ૦ક) ના સુત્રધારો અમદાવાદમાં જ બેઠા–બેઠા મેનેજરો કે તેથી નીચી કક્ષાના અધિકારીઓના રીપોર્ટ ઉપર જ વહીવટ કરે અને આપણે સૌ ચલાવી લઇએ ? અરે, દેશભરના મોટા તિર્થો આ રીતે જ આપણા હાથમાંથી સરવા લાગ્યા છે તેનું કોઇને જ્ઞાન છે ?

આપણા સમાજમાં અનેક જૈન સંસ્થાઓ, મંડળો, ગૃપો અસ્તિત્વમાં છે. શું તે સૌનો ઉદ્દેશ ફીલ્મી ઢાળ ઉપરથી ગીતોના રાગડા તાણવા, દાંડીયારાસ લેવા, વરઘોડા કાઢવા કે જમણવારોમાં પીરસવા નીકળવું એટલાં જ કામ ? સાથે મળીએ સાથે કામ કરીએ, સાથે વિચારીએ એવા એવા અર્થહિન નિર્માલ્ય સ્લોગન વાપરી એકઠા મળી નાટકો ભજવવા, નાચગાન કરવા, આનશબાજીઓ ગોઠવવી, યાત્રાનું નામ ફરવાનું કામ એવા પ્રવાસો યોજવા, એટલા માટે જ આ મંડળો–ગૃપો ? વળી બહુ થાય તો સરકારશ્રીને વહાલા થવું–**દેખાવું અને ધાર્મિક રૂઢીચુસ્ત નથી તેમ બતાવવા,** (ભલે નામમા 'જૈન' શબ્દ પહેલાં હોય) ગામડાના ગરિબોના ઉદ્ધારની, તબીબી સહાયની, સાધર્મિક સહાયની એવી એવી બાંગો ફુક્તા કાર્યક્રમો કરવા એ ધર્મનું કે સમાજનું રક્ષણ હરગીજ નથી. દેશની સમસ્યાઓનો એક નાનો ઉકેલ પણ આપણી સરકાર પાસે નથી તો આપ સૌ મંડળો શું જોઈ બહાર પડી રહ્યા છો? જયારે ઘર બળી રહ્યું છે–ત્યારે દેશની સમસ્યાઓરૂપી સુર્યને તમે પડદો નાખી ઢાંકવા નિકળ્યા છો? ફગાવીદો એ બધી ચાપલૂસીને.

આપણી પાસે શું નથી ? ધન ? જ્ઞાન ? લાગવગ ? બધુ જ છે. ફનાગીરી નથી. તેથીજ આપણને ફીટકાર છે. આપણે જૈન કહેવાવાને લાયક નથી ! જો ખમીરની આત્મહત્યા આપણે જ ન કરી હોય તો—

(૧) તકસાધુ રાજકારણીઓને પડકારો, મત આપતી વખતે કાર્યની સોદાબાજી કરો. અન્યથા રાજકારણમાં ફક્ત ધર્મ રક્ષા ખાતર જ ઝંપલાવો. ગુણદોષ જોવાનો સમયજ નથી ઝનૂન કેળવવું જ બસ છે.

(૨) વિમળાબેનની ઘટના માટે રાજકિય દબાણ લાવો, કેસને અમદાવાદ કોર્ટમા ચલાવવા તથા સરકારી પ્રોસીક્યુટર સાથે સમાજ તરફથી પણ ફરિયાદ પક્ષે વકીલ રોકી કેસ લડવો જરૂરી છે.

(૩) રાજસ્થાની જૈન ભાઇઓએ પણ આ કિસ્સામાં સંપૂર્ણ રસ લઈ તન–મન–ધનથી લડવાનો નિર્ણય લેવો જોઇએ.

દાણાપીઠ, ભાવનગર. —હર્ષદભાઈ સુનાવાળા

# અમારા માનવંતા ગ્રાહકોનો આભાર અને નમ્ર વિનંતી

"જૈન" પત્ર આપ સૌને મોકલાઇ રહેલ છે. તેનું પ્રકાશન વ્યવસ્થીત, નીયમીત રૂપે થતું રહે અને આધુનીક પ્રચાર-પ્રસારના દરેક માધ્યમોનો ઉપયોગ કરી વધુ વિકસાવીને સમાજમાં નાની-મોટી ઘટનાઓ, શાસન પ્રભાવનાઓ, તથા નવી નવી કાર્યવાહીઓનો દરેકને ખ્યાલ મળતો રહે તેવા પ્રયત્નો અમોએ આરંભેલ છે. ત્યારે

"જૈન" પત્રના જે ગ્રાહકો દ્વારા લવાજમ આજીવન સભ્ય તરીકે રૂા. ૩૦૧/- આપીને જેમણે ઉદારતા ભર્યો અમારામાં જે વિશ્વાસ અને શ્રદ્ધા દર્શાવેલ છે તેમના અમો આભારી છીએ. તેમની નામાવલી આ સાથે આપેલ છે. તેમજ જે જે ગ્રાહક બંધુઓએ તેમનું બાકી રહેલ લવાજમ તથા ચાલુ વર્ષનું લવાજમ મોકલાવી સહયોગી થયેલ છે. તેમની નામાવલી અમોએ આપવાની શરૂ કરેલ છે. આજ રીતે અમારા દરેકે દરેક નવા-જુના ગ્રાહકો તેઓશ્રીનું લવાજમ મોકલવાનું ચુકશે નહીં તેવી આશા સહ શ્રદ્ધા સાથે આપના સ્નેહિ-સંબંધી જૈન બંધુઓને નવા ગ્રાહક બનવા પ્રેરણા આપી જૈનપત્રને ઉત્તેજન આપવા નમ્ર વિનંતી છે.

**વ્યવસ્થાપક "જૈન"**

## 'જૈન' પત્રના આજીવન સહયોગી સભ્યો

## પ્રત્યેક રૂા. ૩૦૧/-

૨૩ શ્રી વારાહી જૈન સંઘ
C/o. દલાલ નરપતલાલ ભોગીલાલ
(બનાસકાંઠા) વારાહી

૨૪ શેઠશ્રી નનસુખલાલ મગનલાલ વોરા
ફ્લેટ નં. ૬૦૧, છઠ્ઠામાળે, મંજુ-એપાર્ટમેન્ટ, નં.૨-એ, નારાયણ-દાભોલકર રોડ, મુંબઈ-૬

૨૫ શ્રી પોરવાલ જૈન સંઘ
C/o. મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર
સ્ટે. ફાલના, (રાજસ્થાન) ઘાણેરાવ

૨૬ શ્રી સીમંધરસ્વામી જૈન જ્ઞાનમંદિર
હાઈવે રોડ, (ઉ. ગુજરાત) મહેસાણા

૨૭ શ્રી કેસરબાઈ રાઘવજી ભેદા
C/o. શાહ સુરજી કુંવરજી ભેદા
વાયા ભુજ, (જિ. કચ્છ) મુ. વદાલા

૨૮ શ્રી ચંદનમલ ભીખમચંદજી
૩૨૧-૪, શાંતિનગર, પૂના-૨

૨૯ શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ હેકડ
૨૦૪-બી. કલ્યાણ એપાર્ટમેન્ટ,
અડવા ગેઈટ, સુરત-૨

૩૦ મેસર્સ જે. કે ટ્રેડર્સ
જુમ્મા મસ્જીદ રોડ, બેંગલોર-૨

૩૧ શ્રી ચંદ્રકાંતભાઈ બી. કાપડીયા
C/o. જોષી એન્જીનીયર્સ
દામજી નેણશી બિલ્ડીંગ-નં. ૧,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૮૦

૩૨ શાહ લાલજીભાઈ અર્જુનભાઈ
ન્યુ ગામ ત્યાલ, ૧૩૫ એસ.વી. રોડ,
જોગેશ્વરી (વેસ્ટ), મુંબઈ-૧૦૨

## 'જૈન' પત્રના વાર્ષિક લવાજમના સહયોગી

૧૦૦ શેઠ વર્ધમાન કલ્યાણજી પેઢી ટ્રસ્ટ ભદ્રેસર (કચ્છ)
૬૦ શેઠ મગનલાલ ધનજીભાઈ ચોકસી સુરત
૫૦ મે. લક્ષ્મીચંદ ત્રીભોવનદાસ સુરેન્દ્રનગર
૫૦ શ્રી પારસમલ પુખરાજજી મુંબઈ-૨૭
૫૦ શ્રી શનાલાલ જેસીંગભાઈ શાહ મુંબઈ-૩૬
૩૦ શ્રી ભરતકુમાર મોહનલાલ કોઠારી અમદાવાદ-૭
૩૦ શ્રી પછેગામ જૈન સંઘ પછેગામ
૩૦ શ્રી હરસોલ જૈન શ્વે. સંઘ
૩૦ શ્રી ખીમાણા જૈન સંઘ ખીમાણા
૩૦ શ્રી મોટાખુંટવડા જૈન સંઘ
૩૦ શ્રી કઠોર જૈન શ્વે. સંઘ કઠોર
૩૦ શ્રી જૈન સંઘ દેરાસર સાદરા
૩૦ શ્રી જૈન શ્વે. સંઘ વડાવલી
૩૦ શ્રી જૈન શ્વે. સંઘ બોરડી
૩૦ શ્રી કીર્તિપ્રકાશન સુરત ૨
૩૦ શ્રી શશીકાંત કેશવલાલ મુંબઈ ૮૬
૪૮ શ્રી ફતેહચંદભાઈ એલ વોરા પૂના
૬૦ શાહ ચીમનલાલ પ્રેમચંદ મુંબઈ ૨
૬૦ શાહ દલીચંદભાઈ હીરાલાલ મુંબઈ ૨
૬૦ શ્રી રસીકલાલ પરશોત્તમદાસ મુંબઈ-૨
૬૦ શ્રી મુળચંદ જમુભાઈ શ્રોફ મુંબઈ/૨૦
૬૦ શાહ રસીકલાલ છોટાલાલ મુંબઈ-૩
૬૦ શ્રી સિદ્ધાર્થભાઈ ઝવેરી મુંબઈ-૨
૪૮ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અમદાવાદ-૧
૬૦ શા. કેશવલાલ વાડીલાલ અમદાવાદ
૬૦ શેઠ ચારૂચંદ્રભાઈ ભોગીલાલ અમદાવાદ-૧
૮૦ શાહ મંગળચંદ ચુનીલાલ અમદાવાદ-૧૩
૬૦ શ્રી મોહિનાબા કન્યા વિદ્યાલય અમદાવાદ-૯
૬૦ જૈન મહાસભા (રાજ.) ઉદયપુર
૬૦ મે. પ્રવિણચંદ્ર એન્ડ કાં. કુન્નુર ૨
૬૦ શ્રી ગ્રામ સેવા સંઘ કુંદરોડી
૪૮ શ્રી જૈન શ્વે. સંઘ ખામગાંવ
~~૬૦ શ્રી વિશાનીમા જૈન સંઘ~~ ગોધરા
૩૦ શાહ નવનીતલાલ વાડીલાલ પાલેજ
૬૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પૂના-૨
૬૦ એ. મનીકચંદજી બેતાલા મદ્રાસ-૭૯
૩૦ શ્રી મહાવીર મેટલ્સ મૈસુર
૮૦ શેઠ જી.ગો. જૈન કારખાના શંખેશ્વર
૩૦ શ્રી જૈન શ્વે. સંઘ સમસ્ત ચારખી
૬૦ શ્રી જૈન શ્વે. સંઘ પેઢી શીરપુર
૬૦ શ્રી વિર સમાજ મંડળ સેવાડી
૩૦ શ્રી શાંતિનાથજી જૈન લાયબ્રેરી અંગીઆ
૬૦ શ્રી અમૃતલાલ કાળીદાસ સુરત-૧
૧૧૦ શ્રી બાબુભાઈ ઉત્તમચંદ સુરત
૬૦ ગાંધી રમેશચંદ્ર કાંતીલાલ અમદાવાદ ૭
૧૦૦ શાહ જયંતીલાલ કચરદાસ પૂના ૩
૯૭ શ્રી રાયચંદ ગેનમલ મહેતા બીલાડ
૬૦ શ્રી શીવલાલ કુંદનમલ સીકંદ્રાબાદ
૭૪ શ્રીયુત યુ કે. ઝવેરી મુંબઈ-૬૬
૪૫ મે. મુન્નાલાલ ચંપાલાલ ઈન્દોર-૨
૩૦ શ્રી મણીબેન લાલજીભાઈ કુંદરોડી

(સહકાર બદલ આભાર)

# પાલીતાણા શેત્રુંજય પર્વત પર યાત્રીકોને ડોળી માટેના નિયમો અને ભાડા દર જાહેર થયા

શ્રી શત્રુંજય પર્વત ઉપર યાત્રીકોને પડતી તકલીફો તથા ડોળીવાળા દ્વારા થતા ત્રાસ, તેના વધતા-ઘટતા ભાવો સામે સરકાર દ્વારા લાયસન્સ તથા ભાવ ભાવનગર જિલ્લા મેજીસ્ટ્રેટે એક જાહેરનામા દ્વારા નિયમો અને ભાવો તારીખ ૧૭-૨-૮૭ના રોજ જાહેર કરેલ છે.

આ ભાવો અંગે તથા તેના નિયમો અંગે જૈન-સમાજ દ્વારા જરૂરી વિચારણા માગે છે. ઓફ સીઝનમાં જનરલી રૂા. ૨૦થી રૂા. ૩૦/- જેવું ભાડું હોય છે. જ્યારે સિઝનમાં રૂા. ૩૦થી ૪૦ જેવો ભાવ હોય છે. છતાં તેમાં સરકાર દ્વારા વધારે ભાવ જાહેર થયેલ છે. ડોળીવાળા બે ભાઈઓને ૪થી૫ કલાકના આ કામના રૂા. ૬૨-૫૦થી રૂા. ૯૩-૭૫ સુધીના ભાવ ઘણા જ વધારે ગણાય. અને જૈન સમાજ તરફથી ભાવ અંગે ફરી વિચારણા થાય તેવી માગણી ઉઠી છે. અને ત્યાં સુધી યાત્રીકોએ ડોળીનો ઉપયોગ ન કરવો તેવા વિચારો જાહેર થયા છે.

જૈન સમાજ કંઈ સંપૂર્ણ-ધનીક વર્ગ નથી. શ્રી શત્રુંજયની યાત્રા કરવા આવનાર દરેક વર્ગના હોય છે. જેમાં **ઘણા યાત્રીકો યાત્રા કરવા ન આવી શકે તેને યાત્રા થાય તે માટે સંઘોનું પણ આયોજન થતું** હોય છે. ત્યારે તે સાધારણ વર્ગને પણ યાત્રા કરવી પોસાય તેવી માગણી થઈ રહેલ છે.

તાત્કાલિક અસરથી અમલમાં આવનાર આ નિયમો હેઠળ પાલીતાણા શેત્રુંજય પર્વત પર છેવટ જૈન મંદિર સુધીનો રસ્તો ડોળી અને ડોળીવાળાઓ માટે ઉતારૂઓ તથા તેમના માલ સામાનને લાવવા લઈ જવા મુકરર કરાયો છે. આ નિયમ હેઠળ ડોળી ચલાવવા માટેનું લાયસન્સ મેળવવું ફરજીયાત બનાવાયું છે અને આ લાયસન્સ જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારી પાસેથી મેળવવાના રહેશે અને તે મેળવનારાઓએ પોતાના જમણા હાથ પર ધારણ કરવાનો રહેશે.

પાલીતાણા શેત્રુંજય પર્વત પર પ્રવાસીઓ, વિદેશીઓ અગર તેમના સામાન ઉંચકી જવા માટેના દર પણ નક્કી કરવામાં આવ્યા છે જેમાં અષાઢ-વદ-૧ થી કારતક સુદ ૧૦ સુધી ઓફ સીઝનના દર ૫૦ કીલો સુધી ૩૮.૭૫, ૫૦ કીલોથી વધુ રૂા. ૪૬-૨૫, ખુરશીમાં ચાર મજૂરો લઇ જવાનો ડબલ દર. જ્યારે કારતક સુદ-૧૧થી અષાઢ સુદ **પૂનમ સુધીના ભાવ ૫૦ કીલો સુધી** રૂા. ૬૨-૫૦ પૈસા, **૫૦ થી ૫૫ કીલો સુધી** રૂા. ૬૯.૫૦, ૫૫ થી ૬૦ કીલો સુધી રૂા. ૭૭.૫૦, ૬૦ થી ૭૦ કીલો સુધી રૂા. ૮૭-૫૦ અને ૭૦ કીલોથી વધુ માટે રૂા. ૯૩-૭૫ મુજબ લઈ શકાશે.

ખુરશીમાં ચાર મજુરો લઈ જાય તો ડબલ દર અને પાલીતાણા તળેટીથી ડુંગર ઉપર જઈ ઘેટીથી ઉતરે તો દોઢા ભાવ ઘેટીથી પાછા ડુંગર પર જઈને પાલીતાણા તળેટીએ ઉતરે તો ડબલ દર મૂકરર કરાયા છે. યાત્રાળુ કે પ્રવાસી ડોળીમાં નાના દાગીના લઈ શકાશે પરંતુ તેનું વજન ગણતરીમાં લેવાશે તેમ આ જાહેરનામામાં વધુમ. જણાવાયું છે.

---

શ્રી જિન-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્રસૂરિસદ્‌ગુરુભ્યો નમ.

**શ્રી વાવનગરે ભાગવતી દીક્ષાના મંગળ પ્રસંગે મહોત્સવ**

## વાવનગરે શ્રીસંઘ આમંત્રણ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયકનકપ્રભ**સૂરીશ્વરજી મ. સા.** તથા પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી વિજયભૂવનશેખરસૂરીશ્વરજી મ. સા.** આદિની પાવન નિશ્રામાં કોરડીયા શામજીભાઈ હકમચંદભાઇ પરિવારના શ્રી બાબુભાઇની સુપુત્રી કુમારી **કોકીલાબેન** (૯. ૨૨) તથા કુમારી **મંજુલાબેન**ની પરમેશ્વરી પ્રવજયાના પુનિત પ્રસંગે સં. ૨૦૪૩ના મહા વદી **૧૦થી** ફાગણ સુદ ૩ સુધીનો શ્રી જિનેન્દ્રભક્તિસ્વરૂપ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનુ પૂજન, શ્રી સિદ્ધચક્રપૂજન, તથા શ્રી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ સહ આઠે દિવસ બંને ટાઇમ નવકારશીઓ થશે. ને દર્શન-વંદન-પૂજનનો અપૂર્વ લાભ મળશે તો શ્રીસંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**દીક્ષાદિન : ફાગણ સુદ ૩ સોમવાર તા. ૨-૩ ૮૭**

**: નિમંત્રક :**

**કોરડીયા શામજીભાઈ હકમચંદભાઇ પરિવારના જયજિનેન્દ્ર**

**મુઃ વાવ** (જી. બનાસકાંઠા ગુજરાત)

## કોરડીયા બાબુલાલ શામજીભાઇ

**( વાવવાળા )**

ઠે. શાંતિનાથની પોળ, હાજા પટેલની પોળ, **અમદાવાદ**

---

## જૈન દહેરાસરજી માટે શુદ્ધ અગરવાટ [ ધુપસળી ]

અગરબત્તી, દશાંગધુપ, વાસક્ષેપ, અગરબત્તી સ્ટેન્ડ, સોનેરી-રૂપેરી તથા ટ્રાન્સફરન્ટ ચરવળાની દાંડી, ઠવણી. ચરવળા, સ્થાનકવાસી પુંજણી, સાપડી, સાપડા, સ્થાપનાજીના સેટ, દરેક જાતની માળા, સિદ્ધચક્ર તથા વીસસ્થાનકની ડબ્બી. મેગ્નેટવાળા ફોટા (દરેક સાઇઝમાં), ક્ષમાપના કાર્ડ, ફોલ્ડર્સ વગેરેના ઉત્પાદક અને વિક્રેતા.

## અરિહંત અગરબત્તી વર્ક્સ

૬૬, ભીડભંજન સોસાયટી, **મુ. પો. થ નગઢ**

(ગુજરાત) pin. ૩૬૩ ૫૩૦

---

**પરિપત્ર વાંચી તુરત લવાજમ મોકલવા વિનંતી**

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 ( Gujarat )
Tele : C/o 27919

# જૈન

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્ર. : મુદ્રક : પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ. દાણાપીઠ પાછળ, ભાવનગર.

વર્ષ : ૮૪
'જૈન'
સાપ્તાહિક
અંક : ૮

વીર સં. ૨૫૧૩, વિ. સં. ૨૦૪૩ ફાગણ વદ ૧૩
તા. ૨૭ માર્ચ ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી,
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

# એ ટહેલ સત્વર પૂરી કરીએ

માર્ચ માસની ૬ તારીખે અમારા ઉપર થયેલ સુરત મુકામે કેસ અંગે જવાનું થતા ગુજરાત દુષ્કાળ નિવારણના ઉપલક્ષમાં પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજને મળવાનું થયેલ. તથા તેમના તા. ૭/૮ માર્ચના નાનપુરા જૈન સંઘ દ્વારા થયેલ જાહેર પ્રવચનોમાં પૂજ્યશ્રીએ વર્ધમાન સંસ્કૃતિ ધામ દ્વારા પાંજરાપોળોને આવતા ચોમાસા સુધી દર મહિને રૂા. ૪૦ લાખ આપવાની જવાબદારી ઉઠાવેલ છે. અને તે માટે રૂા. અઢી કરોડની ટહેલ પૂજ્યશ્રીએ જૈન સંઘના દરેક જૈનો સામે ધરેલ છે. આ ટહેલમ દરેક જૈન ભાગ લઇ શકે તે માટે રૂા. ૧૦૦/- ફક્તની જ કુપનો બહાર પાડેલ છે. તેની વિગતે યોજના નીચે મુજબ છે:

**ગુજરાતની પાંજરાપોળોના એક લાખ ઢોરો માટે અઢી કરોડ રૂા.નો ફાળો અને વિતરણ–વ્યવસ્થા**

## ગુજરાતભરની પાંજરાપોળો માટે થયેલું નક્કર આયોજન

ગુજરાતના મોટા ભાગના પ્રદેશો ઉપર દુષ્કાળના જાલીમ ઓળા પથરાઇ ગયા છે. દિવસે દિવસે અબોલ પ્રાણીઓની પરિસ્થિતિ અતિ ગંભીર, હૃદય-વિદારક અને જીવલેણ બનતી ચાલી છે. આવી સ્થિતિમાં કોઇ પણ સહૃદયી માણસ પોતાની તન, મન કે ધનની શક્તિને ખર્ચી નાંખ્યા વિના રહે નહિ.

પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીની નિશ્રામાં તપોવન-સંસ્કાર ધામમાં ગુજરાતભરની પાંજરાપોળોને પાઠવવામાં આવેલા વિનંતીપત્રના પ્રતિસાદ રૂપે વિ.સં. ૨૦૪૩ના મહા વદ નોમ તા. ૨૨–૨–૮૭ના દિવસે ૧૧૬ પાંજરાપોળોના પ્રતિનિધિઓ તથા મુંબઇના આ અંગેના ફેડરેશન, અનુકમ્પા ટ્રસ્ટ, અહિંસા ટ્રસ્ટ, વર્ધમાન સેવા સંઘ તથા હિંસા–નિવારણ સંઘના અગ્રણી કાર્યકરો, સર્વશ્રી દીપચંદભાઇ ગાર્ડી, શ્રી જે. આર. શાહ, શ્રી લાલચંદભાઇ પિંડવાડાવાળા, શ્રી દિનેશભાઇ ભણસાલી તથા શ્રી મહેશભાઇ ભણસાલી, શ્રી કુમારપાળ વી. શાહ તથા શ્રી સુરેશભાઈ ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા. તદુપરાન્ત વર્ધમાન સંસ્કૃતિધામનો ટ્રસ્ટી–ગણ પણ ઉપસ્થિત રહ્યો હતો. અન્ય પણ અનેક મહાનુભાવો પધાર્યા હતા. પૂજ્યશ્રીએ પ્રાથમિક પ્રેરક પ્રવચન કર્યા બાદ શ્રી દીપચંદભાઇ ગાર્ડી વગેરે મહાનુભાવોએ વક્તવ્યો કર્યા હતા.

દુષ્કાળની ભયાનક પરિસ્થિતિમાં પાંજરાપોળોની હાલત અને હવેના સાડા ચાર માસમાં તેના નિવારણના ઉપાયો વિચારાયા હતા. ભોજન પછીના મિલનમાં નક્કર આયોજન નક્કી કરવામાં આવ્યું હતું. ગુજરાતની મદદને પાત્ર સો ઉપરાન્ત પાંજરા-પોળોના ઢોરોને તથા કેટલાક કેમ્પના ઢોરોને સહાયભૂત થવા માટે અઢીથી ત્રણ કરોડ રૂપીઆની આવશ્યકતા નક્કી કરાઇ હતી. ભારતભરના મુખી અને દાનપ્રેમી શ્રીમંતોનો સહકાર લઇને તથા

કુપન–બુકોના વિતરણ દ્વારા આ રકમ એકઠી કરી આપવાની ભાવના પૂજ્યશ્રીએ વ્યક્ત કરતાં તે રકમની ફાળવણી અને તેની વ્યવસ્થા અંગે **નીચે પ્રમાણેનું નક્કર આયોજન કરવામાં આવ્યુ છે.**

(૧) ચાર ચાર કાર્યકરોની ચાર ટુકડી તૈયાર કરવામાં આવી છે. જે ટુકડીઓ દસમી માર્ચ '૮૭ સુધીમાં પોતાના વિભાગની પાંજરાપોળોનો સર્વે કરી લેશે. અને જે તે પાંજરાપોળની એક માસની જરૂરીઆત કેટલી ગણાય ? તેની રજુઆત કરશે અને તેનો આંક નક્કી કરશે.

(૨) સામાન્યતઃ એક મોટા ઢોરનો રોજનો પાંચ રૂા. જેટલો ખર્ચ અંદાજિત કરવામાં આવેલ છે. તેમાં ગુજરાત સરકાર તરફથી ઢોર દીઠ જે સબસીડી મળશે તેમાં દરેક ઢોર દીઠ દોઢ રૂપીઓ (ક્યાંક જરૂર પ્રમાણે બે રૂા. અથવા વિશેષ જરૂર જણાય તો એક રૂા. લેખે) દર માસની પંદરમી તારીખે તે માસની કુલ રકમ અચૂક મોકલી આપવામાં આવશે. આ ટુકડીઓ દર મહિને એક વાર પોતાના વિભાગની પાંજરાપોળોની મુલાકાતે જશે. અને ઢોરો માટેની માસિક જરૂરીઆત સમજીને ટુકડીના સૂચન મુજબની રકમ મોકલી આપવામાં આવશે. ચાર માસ સુધી દર પંદરમી તારીખે આ રકમ મોકલાતી રહેશે. સુખી, સંપન્ન કે દાનવીર શ્રીમંતોની સારી મદદ જે પાંજરાપોળો મેળવી શકતી હશે તેમને આ સહાય આપવાની રહેશે નહિ. કેટલ કેમ્પો માટે પણ સહાયક બનવાનું નક્કી કરવામાં આવેલ છે. (આમ સબસીડીની રકમ સાથે ઢોરદીઠ કુલ મદદ ચાર રૂા.ની આસપાસની થશે. પણ હજી ઢોર દીઠ જે એક રૂા. મેળવવાનો છે તે પાંજરાપોળોએ પોતે જ પ્રયત્ન કરીને મેળવવાનો રહેશે.)

## દાનવીરોને વિનંતિ

હવે ભારતભરના દયાળુ, ઉદાર અને દાનશૂરા શ્રીમંતોને વર્ધમાન સંકૃતિધામની હાર્દિક અપીલ છે કે તેઓ ભારે ઔદાર્ય બતાડીને 'વર્ધમાન સંસ્કૃતિધામ' એ નામનો ચેક કે ડ્રાફ્ટ [મુ. પો. કબીલપોર, ધારાગિરિ, નવસારી. પીન કોડ : ૩૯૬૪૨૪] તાબડતોબ મોકલી આપે. આ ટ્રસ્ટને 80 G ની કલમના અન્વયે દાતાઓને કરમુક્તિનો લાભ પ્રાપ્ત થાય છે. પૂજ્યશ્રીજી એકલા અઢી કરોડ રૂા. જેટલી રકમ એકઠી કરવાની જોરદાર પ્રેરણા સુરત–મુંબઇના સંઘોને તો કરશે જ પરન્તુ આપ પણ તેમાં ઔદાર્ય ભર્યો ફાળો નોંધાવશો અને તે રકમ તાબડતોબ મોકલી આપશો તો આ દુષ્કાળને ખૂબ જલદી અને ઝડપથી આપણે પાર ઉતારી દઇશું. જો કે અમે સો રૂા.ની એક કુપન, એવી પચાસ કુપનની એક બુક–જેવી બે હજાર બુકોને જનતામાં મૂકીને એક કરોડ રૂા. પ્રાપ્ત કરવા માટે આયોજન કર્યું છે, પરન્તુ આ યોજના તો મધ્યમવર્ગના દયાળુ ભાઈ–બહેનોના લાભ માટે ગણાય. (આવી કુપન બુકો વર્ધમાન સંસ્કૃતિધામ, નવસારીથી મેળવી શકાશે.)

પરન્તુ જેઓ વિશિષ્ટ કોટિની પુણ્યશકિત ધરાવવાના કારણે પોતાનું વિશિષ્ટ ઔદાર્ય બતાડી શકે તેમ છે તેઓ માટે તો અમે વિશેષ અપેક્ષા રાખીએ છીએ અને એ માટે નીચે મુજબની અમે યોજના કરી છેઃ

### દાન યોજના

રૂા. ૨૫,૦૦૦/– દાતાને 'પ્રાણિમિત્ર'નું બિરૂદ લેમીનેશનના ફોટા ઉપર એનાયત થશે.

રૂા. ૫૧,૦૦૦/– દાતાને 'પ્રાણિપિતા' (અથવા પ્રાણિમાતા)નું બિરૂદ સુખડના લાકડા ઉપર એનાયત થશે.

રૂા. ૧,૦૦,૦૦૦/– દાતાને 'ધર્મપ્રભાવક'નું બિરૂદ કાસાના પતરા ઉપર એનાયત થશે.

રૂા. ૩,૦૦,૦૦૦/– દાતાને 'શાસનરત્ન'નું બિરૂદ ચાંદીના પતરા ઉપર એનાયત થશે

[સ્વજનો, સ્નેહીજનો, મિત્રજનો તરફથી મળેલ સહકારને આ દાનમાં ગણી લેવામાં આવેલ છે.]

આ બિરૂદ વિશિષ્ટ કોટિની ફ્રેઇમ કે સુંદર કાસ્કેટમાં [શકય હશે તો જાહેર સભામાં સન્માનિત કરીને] આપવામાં આવશે.

દાનવીરો ! આ વખતના ગુજરાતના દુષ્કાળના જીવલેણ ભરડામાં એક પણ અબોલ પ્રાણી મોતના મુખમાં ધકેલાઇ ન જાય તે જોવાની આપની ફરજ છે. જગડુશાહો અને ખેમા દેદરાણીઓના આપણે વંશજો છીએ. આપણી

નસોમાં વહેતા લોહીમાં તેમની કરુણા સતત વહી રહી છે. તેઓ તો એકલા જ એ વખતના ત્રણ ત્રણ વર્ષના લગાતાર દુષ્કાળોને પણ મારી હઠાવી શકયા હતા. આપણે સહુ ભેગા મળીને પણ શું આ વર્ષના ભયાનક દુષ્કાળને દૂર કરવામાં લગીર પણ ઉપેક્ષા કરી શકીશું ખરા ? જો ના.... તો આજે જ કાં ઉપર્યુક્ત કુપન-બુકોના વધુમાં વધુ વિતરણ દ્વારા અથવા પ્રાણિમિત્ર વગેરે બનીને પણ આપ આપનો ફાળો સત્વર નોંધાવો. પાંચ કુપન બુકો વટાવી આવનાર વ્યક્તિ પણ તેના પચીસ હજાર રૂ. ભરીને 'પ્રાણિમિત્ર' બની શકશે.

યાદ રાખો : પાંજરાપોળોના કાર્યકરો છેલ્લા દોઢ વર્ષથી દુષ્કાળની યાતનામાંથી હજારો પ્રાણીઓને બચાવી લેવાનો ઘનતોડ સફળ પુરુષાર્થ કરી ચૂકયા છે. હવે છેલ્લા પાંચ માસ બાકી છે. ધનવાનો ! તમે પાછા ન પડો ! કહી દો એ જીવદયાના મહાન્ કાર્યકરોને કે અમે તમારી પડખે છીએ. જીવદયા એ તો જિનશાસનની કુળદેવી છે. તેની સેવા અને રક્ષા કરવી એ અમારો હવે તો એકમેવ ધર્મ છે. જીવદયાના કાર્યકરો ! તમે પણ નિરાશ ન થાઓ.

**લી. વર્ધમાન સંસ્કૃતિધામ ટ્રસ્ટીગણ**

**શ્રી હિંમતમલજી રૂગનાથજી બેડાવાળા-મુંબઇ**
**શ્રી પ્રાણલાલભાઈ કે. દોશી-મુંબઈ**
**શ્રી મનુભાઇ ત્રિકમલાલ મહેતા-નવસારી**
**શ્રી ચન્દ્રકાન્ત જીવતલાલ પ્રતાપસી-મુંબઈ**
**શ્રી મહેન્દ્રભાઇ દેવચંદભાઈ-સીસોદરાવાળા**
**શ્રી રજનીકાન્તભાઇ એલ.ટી.વાળા-સુરેન્દ્રનગર**
**શ્રી હસમુખભાઈ રાયચંદભાઈ-નવસારી**
**શ્રી અમૃતલાલભાઈ ગોળાવાળા-મુંબઇ**
**શ્રી રમેશભાઈ મૂળચંદભાઈ-મુંબઇ**
**શ્રી રસિકલાલ મગનલાલ-બારડોલી**
**શ્રી ભરતભાઈ દલસુખરામ માણસાવાળા-અમદાવાદ**
**શ્રી લલિતભાઈ ધામી-તપોવન**

: પત્ર-વ્યવહાર કરવાનું તથા રકમ મોકલવાનું સ્થળ :

સરનામું :
**તપોવન સંસ્કારધામ**
મું. પો. કબીલપોર,
ધારાગિરિ,
નવસારી,
પીન કોડ : ૩૯૬૪૨૪

**ચેક કે ડ્રાફ્ટ :**
**૧. બેન્ક ઓફ ઈન્ડીયાનો**
**૨. સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રનો**
**રકમ-'વર્ધમાન સંસ્કૃતિધામ' એ**
નામનો ચેક કે ડ્રાફ્ટ
મોકલી શકાશે.

આ અપીલ ઉપરથી આપણને સૌને સમજાશે કે આવી કપરી પરિસ્થિતિમાં પૂજ્યશ્રી દરેક પ્રવૃત્તીને ગૌણ કરી જીવદયા ને જીવરક્ષાના કાર્ય માટે પ્રવચનોની હારમાળા ગોઠવી રહેલ છે. અને તેના પરીણામ રૂપે જ તપોવન સંસ્કાર ધામની પ્રતિષ્ઠા પ્રસંગે રૂા. ૨૫ થી ૩૦ લાખ જેવી ટીકીટો વેચી શકાયેલ અને બાદ સૂરત પધારતા પૂજ્યશ્રીની પ્રેરણાથી રૂા. ૪૦ લાખ જેવી રકમ ટીકીટો દ્વારા મેળવી શકાય છે. હજુ પણ મોટો ખાડો પુરવાનો હોય જીવદયાની પાંજરાપોળને ટકાવવાની આ ટહેલ પુરી કરવાની બાબતમાં આપણે થોડા પણ ગાફેલ, ઉદાસ કે નિષ્ક્રિય બનીએ એ ઉચિત નથી. પૂજ્યશ્રી હવે મુંબઇ પધારે છે ત્યારે મુંબઈના તેમજ દેશભરના જીવદયા પ્રેમીઓ તેમજ જૈન ભાઇ-બહેનોને આ ટહેલ સત્વર પૂરી કરવા અનુરોધ કરીએ છીએ.

# સુરત ખાતે કરુણાભીનો સંવાદ

સુરત ખાતે તા. ૮/૩/૮૭ ને રવિવારના રોજ પ્રવચનકાર પૂજ્ય પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના જાહેર પ્રવચનમાં પ્રેરણામૂર્તિ યુવા કાર્યકર સર્વશ્રી કુમારપાળ વિ. શાહ દુષ્કાળ રાહત કાર્યના પશુરાહત કેમ્પમાંથી મળવા આવી પહોંચતા તેમની સાથે થયેલી વાતચીતનો સારાંશ.

પ્ર: તમે જીવદયાનું કાર્ય કેવું અને કયાં કરી રહ્યા છો ?

જ: 'વર્ધમાન કેન્દ્ર" અને હિંસા નિવારણ સંઘના સંયુક્ત ઉપક્રમે અમોએ ધોળકા તાલુકાના કોઠ ગામે (કલીકુંડતીર્થની બાજુમાં) પશુરાહત કેમ્પ દ્વારા શરૂ કરેલ છે. જે ૮ મી ફેબ્રુઆરીથી શરૂ કરી દીધો છે. આ કેમ્પમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને બનાસકાંઠાનાં દુષ્કાળ ગ્રસ્ત ૧૦ હજાર ઢોરોને સ્થળાંતર કરાવીને લાવ્યા છીએ. અબોલજીવો માટે ઘાસ પાણી, દાક્તરી સારવાર ઇત્યાદિની સરસ વ્યવસ્થા કરાય છે. ને ૧૫ થી ૨૦ હજાર ઢોરોની વ્યવસ્થા ગોઠવવા અમારી નેમ છે.

પ્ર: જીવદયાના આ કાર્ય માટે કોની પ્રેરણા-કોનો સહયોગ વિશેષ મળેલ છે ?

જ: જીવદયાના આ કાર્ય માટે પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા-આશીર્વાદથી વર્ધમાન સંસ્કૃતિધામ-નવસારી ના ઉપક્રમે અને પૂજ્યપાદ પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે પ્રચંડ જેહાદ જગાવી છે

ને સફળ એવી જબરજસ્ત પ્રેરણા કરી રહ્યા છે. ે દ્વારા મળતા દાનના પ્રવાહમાંથી અમારા કેમ્પને ંધપાત્ર સહાય મળી રહી છે. તેમજ જીવદયાના મારા આ કાર્ય માટે અન્ય ગુરુભગવંતોની ણાભીની કૃપા, પ્રેરણા તથા અનેક સંઘો, અગ્રણીઓ થા દાતાઓના દાનથી અમો આ માટે નિશ્ચિંત બનીને મે લાગી પડયા છીએ.

પ્ર: ા પશુ રાહત કેમ્પમાં કોઇ સંઘ-સંસ્થા, ટ્રસ્ટ કે ક્તિ તરફથી મોટી રકમનું દાન મળે તો તેમના મે પેટા કેમ્પ બની શકે ?

જ: ા. એક હજાર ઢોરોના જુદા જુદા કેમ્પો હોય છે. તેના ાટે કોઈ તરફથી રૂા. લાખની રકમ મળે તો તેમના મે તે કેમ્પ ચલાવાય છે. અને આવી રીતે મુંબઇ િલેપાર્લા જૈન સંઘ દ્વારા એક કેમ્પ પણ અત્યારે ાલે છે.

પ્ર: ર્તમાન દુષ્કાળની પરિસ્થિતિમાં સમાજ માટે તમારા રફથી કોઇ સંદેશ ?

જ: ીષણ દુષ્કાળના સમયે સમાજનો સંપતિમાં મૃધ્ધ વર્ગ કમસેકમ આ વર્ષ પુરતો પણ જાત ાટે, વ્યવહાર માટે ઉદાસ બને અને જીવો માટે દાર બને તો આવી પડેલા પડકારમાંથી પાર ઉતરી વાશે. માણસે પૈસો બચાવેલ છે. તેનાથી હવે શુઓના પ્રાણ બચાવવા ઉપયોગ કરશે તે અતિ હત્વનું છે.

## કાનપુરમાં આચાર્યપદનો ઉજવાયેલ ઉત્સવ

આ. ભદ્રંકરસૂરિજી મ., પં. વારિષેણવિ.. પં. વીર-સેનવિ. આદિ ઠા. ૯ની નિશ્રામાં પુ ઉપા. પુણ્યવિજયજી ગણિવની આચાર્યપદવી નિમિત્તે પો. સુ. ૧૦થી ઉત્સવનો પ્રારંભ થતાં જુદા જુદા ભાઇઓ તરફથી પ્રથમ પાંચ પૂજા, સુ. બી ૧૩ના કુંભસ્થાપના વિ.. સુ. ૧૪ના શા. દેવજીભાઇ મગનલાલ સાવલા તરફથી સંતિકરં મહાપૂજન, સુ. ૧ ના પૂ આ મ. ની સંસારીબ્હેનો નંદનબ્હેન સુનંદાબ્હેન તરફથી સંઘપૂજન, પો. વ. ૧ના સવારે ૮ાા વાગે નાણ સમક્ષ આચાર્યપદવીનો શુભારંભ થયેલ. નૂતન આચાર્યશ્રી પુણ્યાનંદસૂરિ તરીકે જાહેર કરાયેલ. પુજ્યશ્રીને શ્રી લાલ-ચંદજી વારા સ્થા. સંઘના મંત્રીએ ચહાવો બોલીને કામળી વહોરાવેલ. નૂતન આચાર્યશ્રીને તેમના છાણીવાળા સંસારી ભાઇઓએ આદેશ મેળવીને કામળી વહોરાવેલ. પછી સૂરિમંત્ર પટ, નવકારવાળીના ચડાવા થયેલ. ઉત્તર મહાસભા, ખરતરગચ્છ સંઘ, પલ્લિવાલ જીર્ણોદ્ધાર કમેટી હિંડૌન આગરા જૈન સંઘ આદિએ કામળીઓ વહોરાવેલ. સુ. ૧ના સૌ. ભવરીબ્હેન ઘેવરચંદજી સુરાણા બેંગ્લોર-વાળા ભાઇઓ તરફથી સ્વામિવાત્સલ્ય અને વ. ૧ના નૂ. આ. ના સંસારી ભ્રાતા નટવરલાલ ચુનીલાલ છાણીવાળાએ સંઘજમણ કર્યું હતું. સુ. ૧૫ ના નૂ. આ. ના વડીલ સંસારીભાઈ બાબુભાઈ ચુનીલાલ છાણીવાળા તરફથી શાન્તિસ્નાત્ર મહાપુજન તથા વ. ૧ના નૂ. આ. ના વડીલ ભાઈ કાન્તિલાલ ચુનીલાલ છાણીવાળા તરફથી ઉવસગ્ગહરં પુજન ભણાવાયેલ. જીવદયાની ટીપ સારી થયેલ. વ. ૧ના પદવીની ક્રિયા પછી સૌ. પદ્માબ્હેન આત્મારામ અગ્રવાલ તરફથી સાધુ, સાધ્વીનું ચાંદીના સીક્કા મૂકવા પુર્વક ગુરૂપુજન કરીને સંઘપુજન કરેલ પદવી પ્રસંગે સ્થાનક-વાસી સંઘના સાધ્વીજીઓ પણ પધારેલ. વિધિ માટે અમદાવાદથી નરેન્દ્રભાઈનું મંડળ, પુજા માટે પાટણથી હસમુખભાઇ દિવાનની પાર્ટી આવેલ. છ દિન વ્યાખ્યાન પછી છાણીવાળા તરફથી પ્રભાવના અને છેલ્લા ત્રણ દિન પ્રભાતિયા ગવડાવેલ. એકેક રૂા ની પ્રભાવના આપી હતી. નુ. આ. શ્રીના સંસારી ભાણેજ પં. વારિષેણ વિ ઠા. ૪ પણ ગુજરાતથી ઉગ્રવિહાર કરીને આ પ્રસંગે પધાર્યા હતા. સંઘની વિનંતીથી પુ. આચાર્યશ્રી ઠા. ૧૧ તથા સાધ્વી આત્મપ્રભાશ્રી ઠા. ૪નું ચાતુર્માસ અહીં નક્કી થયું છે. પુજ્યશ્રી ઉપર આગરા શિવપુરી, કલકત્તાના ત્રણ સંઘો આદિની ચાતુર્માસની વિનંતી આવેલ છે. નવ વર્ષ પછી કાનપુરના સંઘના આંગણે ઉત્સવ થતો હોવાથી સારા સંઘમાં ઉલ્લાસ, ઉમંગ અપુર્વ હતો પુજ્યશ્રી તા. ૬ના વિહાર કરી લખનૌ, અયોધ્યાતીર્થ થઈને શ્રાવસ્તિતીર્થ પધારશે. ત્યાં વૈ સુ. ૬ના અંજનશલાકા પ્રતિષ્ઠા, ત્રણ આચાર્ય પદવીનો ઉત્સવ ઠાઠથી થશે. પુજ્યશ્રી તથા પ્રવચન કુશળ પં. વીરસેન વિ. ના પ્રવચનોએ સંઘમાં સારો ઉત્સાહ જગાવેલ મેરૂત્રયોદશીના અચમબાબુ તરફથી ખીરના એકાસણાં સાથે પ્રભુ ઋષભદેવ નિ ક. ની આરાધના થયેલ.

## વડોદરાથી મુંબઈ તરફ પ્રયાણ

પૂ. પંન્યાસ શ્રી મહાનન્દવિજયજી મ તથા પૂ. પંન્યાસ શ્રી સૂર્યોદયવિજયજી મ. આદિ ઠાણા ૧૦, વડોદરામાં યશસ્વી અને યાદગાર ચાતુર્માસ પૂર્ણ થયા બાદ, કોઠીપોળમાં પુ. સા. શ્રી ભવ્યરત્નાશ્રીજીના ૫૦૦ આયંબીલના પારણા, ડભોઈમાં પુ. સા. શ્રી હર્ષદર્શના-શ્રીજીના ૫૦૦ આયંબીલના પારણા અને અ. સૌ. પુષ્પા-બેન એચ્છવલાલ શાહના ૫ મહિના અને ૨૫ દિવસના તપના પારણા તથા પુનઃ વડોદરામાં શ્રી વિમળાબેન નગીનદાસ શાહના ૫૦૦ આયંબીલના પારણાઓના શાન-દાર મહોત્સવોની ઉજવણીઓ થયા બાદ, મહા શુદી ૨ના પ્રયાણ કરી, મુંબઇ-ભાઈંદરનાનવનિર્મિતબાવનજિનાલયના ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારી રહ્યા છે તા. ૧૮-૩-૮૭ના ચેમ્બુર પધાર્યા છે.

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 27919

# જૈન

છુટક અંક ના રૂ. ૧/-
આજીવન સભ્ય ફી રૂ. ૩૦૧/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

વર્ષ : ૮૪
'જૈન'
સાપ્તાહિક
અંક : ૯

વીર સં. ૨૫૧૩, વિ સં. ૨૦૪૩ ચૈત્ર વદ ૧૧
તા. ૨૪ એપ્રિલ ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી,
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

## જૈનોની કુળદેવી શ્રી જીવદયા

લેખક : મુનિશ્રી હેમરત્નવિજયજી મ.

પ્રિય અક્ષય ! યોગ્ય ધર્મલાભ.

પરમાત્માની પરમકૃપાથી હું આનંદિત છું. તું પણ સ્વસ્થ હોઈશ. વિશેષમાં જણાવવાનું કે, સમગ્ર ગુજરાત પર ત્રાટકેલા ઉપરાઉપરી ત્રીજા ભયંકર દુષ્કાળના સમાચાર તારી જાણમાં જ હશે. ક્યારેક દૈનિકપત્રોના પાને પણ તે દુઃખદ સમાચાર તારી નજરે ચડ્યાં જ હશે એ સમાચારો જાણવા/વાંચવા છતાંય પણ તારુ રૂવાડું ફરક્યું હોય એમ લાગતું નથી. અક્ષય ! જરા ગંભીર બનીને આ પત્ર તું વાંચજે. તારી લાપરવાહી અને બેદરકારી જરા દુર કરજે. જ્યારે હજારો પશુઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે ત્યારે પણ તું નિરાંતે બેસી રહ્યો છે, એ જોઇને મને ભારે આશ્ચર્ય થાય છે. કરોડો મુંગા પશુઓ જ્યારે દિનરાત આક્રંદ કરીને તને સાદ દઇ રહ્યા છે ત્યારે પણ તું તેમનો આર્તનાદ સાંભળવાને બદલે કોમેન્ટ્રી સાંભળવામાં પડ્યો છે ! તરફડી તરફડીને હજારો ગાયમાતાઓ જ્યારે ડચકાં ખાઇ રહી છે ત્યારે તું એરકંડીશનમાં બેઠો બેઠો થમ્સ-અપની બાટલીઓ ઉડાવી રહ્યો છે ?

રોજબરોજ જીવદયા અને પાંજરાપોળોની દર્દભરી અપીલો પેપરનાં પાને ચમકતી હોય છતાં પણ તું તારા જ ભોગવિલાસમાં મસ્તાન છે ?

અક્ષય ! કુદરત રૂઠી છે. પ્રકૃતિ વંકી છે. દુષ્કાળે માઝા મૂકી છે. કચ્છ-કાઠીયાવાડ-ગુજરાત અને રાજસ્થાનના પ્રદેશો વેરાન અને ઉજ્જડ બની ચુક્યા છે. માનવોએ દેશાંતર અને સ્થાનાંતર આરંભી દીધું છે. મામા મારી કે ફોઈ-ફૂવાના ઘર શોધી લીધાં છે. પણ પેલાં મૂગાં પશુઓ બિચારાં ક્યાં જાય ! ઊંચે આભ અને નીચે ધરતી ! પણ ન જાણે આજે તો આભ અને ધરતી પણ મોં મચકોડીને બેસી ગયાં છે, આભ જલ વરસાવવાની ના પાડે છે અને ધરતી ઘાસ આપવાની ના પાડે છે. બેમાંથી એકેય અબોલ પ્રાણીનો બોલ સાંભળવાં તૈયાર નથી ત્યારે છેવટે એ મુંગા ઢોરની આંખમાંથી અશ્રુની સરવાણી ફુટી નીકળે છે. નિર્જલા બની ચુકેલી ગુજરાતની ભોમકા પર જો પાણી ક્યાંય દેખાતું હોય તો તે માત્ર પશુઓની આંખોમાં ! ગામેગામના સીમાડે હાડપીંજરોના ઢગલા ખડકાઈ ચુક્યા છે. પાંજરાપોળો હકડેઠઠ ઉભરાઈ ચુકી છે. મુંગાજીવની રક્ષા કાજે પાંજરાપોળોએ પોતાની ફીક્સ ડીપોઝીટો તોડાવી નાખી છે. ઘાસ અને પાણીની ખરીદીમાં તેમની તિજોરીઓના પણ તળીયાં દેખાઈ ગયાં છે. ઘણી સંસ્થાઓ ઘાસ/પાણી અને ધન બધુંયે ગુમાવી બેઠી છે ત્યારે આ પરવશ પશુઓ તને એક પ્રશ્ન પૂછી રહ્યા છે કે ઓ અક્ષય ! હવે અમે આજે મરીએ કે કાલે ?

પ્રિય અક્ષય ! જરા ફ્રી થા ! માઇંડ ફ્રેશ કરીને જરા વિચાર કર ! શું આ જગતમાં તને મનગમતા સુખ મળી ગયા એટલે બીજાનો વિચાર જ નહિ કરવાનો ? અક્ષય ! યાદ રાખજે. આજે જે કંઇ પણ સુખ મળ્યા છે, એ ભૂતકાળમાં કરેલા ધર્મના પુણ્યપ્રભાવ છે. પૂર્વભવે કરેલી કોક જીવદયાનો આ ચમત્કાર છે.

પ્રિય અક્ષય ! જીવદયા એ તો જૈન શાસનની કુળદેવી છે. જગતમાં જ્યારથી જિનેશ્વરદેવો અને જિનશાસન પ્રવર્તમાન છે ત્યારથી જીવદયા પણ પ્રવર્તમાન છે. અક્ષય ! તું જરા તીર્થંકર દેવોના ચરિત્રો યાદ કર. ભગવાન યુગાદિદેવ શ્રી ઋષભદેવ સ્વામી પુર્વભવે જ્યારે જ્યારે જીવાનંદ નામના વૈદ્ય હતા ત્યારે તેમણે કરેલી જીવદયા, શાંતિનાથ પ્રભુ પૂર્વભવે જ્યારે મેઘરથ રાજા હતા ત્યારે એક પારેવાનો જાન બચાવવા પોતાની જાતને પણ હોડમાં મૂકીને તેમણે કરેલી જીવદયા, બાવીસમા તીર્થપતિ ભગવાન નેમનાથ સ્વામીજીએ કરેલી જીવદયા-પેલાં હરણાં અને સસલાંનો આર્તનાદ સાંભળીને રાજીમતીને પરણવાને બદલે તોરણથી જ જાન પાછી વાળીને ગિરનાર ગિરિવર પર જઇને પ્રવ્રજ્યા સ્વીકારીને કરેલી જીવરક્ષા ! વીસમા તીર્થપતિ ભગવાન મુનિસુવ્રત સ્વામી માત્ર એક ઘોડાના જીવને પ્રતિબોધ પમાડવા માટે એક રાત્રિમાં ૬૦ યોજનનો વિહાર કરીને ભરૂચ પધાર્યા હતા. ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર ! વટેમાર્ગુઓએ ના પાડી કે 'જાશો મા પ્રભુ પંથ વિકટ છે. ઝેરભર્યો ફણી નાગ નીકટ છે' તો ય પ્રભુએ ઝેરી કોબરા ચંડકૌશિક નાગના ઉદ્ધારાર્થે કનખલ વન પ્રતિ ચાલ્યા ગયા અને નાગનો ઉદ્ધાર કર્યો !

# પશુઓ મરે તો મરવા દો

"શેઠ ગુજરાતની પાંજરાપોળેથી આવ્યા છીએ. દુકાળ ભારે વર્તાઇ રહ્યો છે. પશુઓ મરી રહ્યા છે. આપ ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ દાનમાં આપો." "અરે નાલાયકો ! તમને કાંઇ લાજ શરમ છે કે નહિ ? શું ભીખ માંગવા નીકળી પડ્યા છો ! પશુઓ મરે તો મરવા દો. મારે કશું જ દેવું નથી. રોજ દહાડો ઉગે ને તમારા જેવા કોક હાલી નીકળે છે. આ તમારા બળદીયાઓને જીવાડવા અમારે મરી જવાનો દાડો આવશે. હાલતા થઇ જાવ હાલતા ! ફરી ખબરદાર જો કોઇ દિ અહિં ફરકયા છો તો !" પેલા કાર્યકર્તાઓ ઊભી પૂંછડીએ રવાના થઇ ગયા. અને શેઠ પાટલે જમવા બેઠા. થાળીમાં ભોજન પીરસાય તેની રાહ જોતા રહ્યા પણ શ્રીમતિએ કશું પીરસ્યું જ નહિ. ત્યારે શેઠ એકદમ અકળાયા અને બોલી ઉઠયા: કેમ! મને ભૂખે મારવાનો છે ! શ્રીમતિ કહેઃ ગઇકાલે તો ભાણું ભરીને ખવડાવ્યું છે. હવે આજે શું છે ? રોજ ને રોજ તે આ વળી શી પંચાત ! ખાનામાના ઉભા થઈ જાવ. ખબરદાર હવે પછી કોઇ દિ ખાવાનું માગ્યું છે તો. એકાએક ફાટેલા આ એટમબોંબથી શેઠ તો પરસેવે રેબઝેબ થઇ ગયા અને નરમઘેંસ બનીને ઘરવાળીને પૂછવા લાગ્યા: રે ! મારી શું ભૂલ થઈ છે તે તું આમ તાડુકી રહી છે. ત્યારે પત્નીએ જવાબ આપ્યો: તમને જો મારી પાસેથી રોજ ખાવાનું માંગતાં શરમ નથી આવતી તો જે પશુઓ માનવના આધારે જીવે છે એ પશુઓ માટે ઘાસચારાની જરૂર પડે તો કોની પાસે માંગે ? જો તમારે ખાવા રોજ જોઇએ તો પશુને પણ ખાવા રોજેરોજ જોઇએ. ઊભા થાવ અને રોજ આટલા રૂપીયાનું દાન દેવાનું નક્કી કરો, પછી જ રોટલા મળશે. અને શેઠે પત્નીની વાત ન છૂટકે પણ વધાવી લીધી.

પ્રિય અક્ષય ! ખુદ તીર્થંકર દેવોના આત્માએ પણ જે કુળદેવીની સેવા બજાવી છે તે કુળદેવીની સેવામાં પરમાત્માનાં ભક્તો પણ ક્યારેય પાછા પડયા નથી. વિ. સંવત ૧૫૧૩માં પડેલા ભયાનક દુકાળમાં પશુ-પંખી અને માનવોના પ્રાણ બચાવી લેવાનું ભગીરથ કાર્ય પેલા જગડુશાએ એકલપંડે પાર પાડ્યું હતું. આજે પણ કચ્છમાં કોયલા દેવીના પહાડ પર આ જીવદયાપ્રેમી જગડુની મૂર્તિ સામે આરતી ઉતરે છે. પેલો ખેમો દેદરાણી દુષ્કાળની સામે એકલો ઝઝુમ્યો હતો, અને કરોડો જીવોના પ્રાણ ઉગારી લીધા હતા. પેલા સમ્રાટ કુમારપાળ ! જેના રાજ્યમાં ક્યાંય 'માર' શબ્દ બોલી શકાય નહિ, 'માછલાં તો શું પણ 'જુ' જેવાં સૂક્ષ્મ જંતુને પણ કોઈ મારી શકતું નહિ. અને મારે તો તે રાષ્ટ્રીય ગુનેગાર બનતો. પ્રિય અક્ષય ! આ સમ્રાટની દયાની તો શું વાત કરૂં. જેના શરીરે મંકોડા ચોંટી ગયો તો પગની ચામડી કાપીને મંકોડાને જીવતો રાખી બાજુ પર મુકી દીધો. જેની અશ્વશાળામાં ૧૧ લાખ ઘોડા અને ૧૧૦૦ હાથીને રોજ ગાળેલું જ પાણી પિવડાવાતું. કાશ્મીરમાં થતી જીવહિંસાને અટકાવી દેવા ગાડા ભરીને સોનામહોરોનું નજરાણું મોકલીને ત્યાંના રાજા દ્વારા તળાવો પર માછલા પકડવા પર મનાઇ હુકમો જાહેર કરાવ્યા હતા !

અક્ષય ! વધુ દૂર નહિ પણ હજુ તો હમણાં જ થયેલા મોતીશા શેઠને યાદ કર ! મૃત્યુના બિછાને પડેલાં શેઠે તમામ દેવાદારોને બોલાવીને સહુનું દેવું માફ કરી દઈને તે સહુને રાજીના રેડ કરી દીધા હતા. પેલા માકુભાઈ શેઠને તું યાદ કર ! પાંજરાપોળમાં રૂા. ૩૦,૦૦૦ની ખોટ પડેલી, જે વર્ષોથી ચોપડે ખેંચાતી હતી. કાર્યકર્તાઓએ નક્કી કર્યું કે ફાળો ઉઘરાવીને આ ખાદ પૂરી કરી દેવી. કાર્યકર્તાઓ ફંડમાં પહેલું નામ માકુભાઈ શેઠનું લખાય તો સારું એમ સમજીને શેઠના બારણે આવીને ઊભા રહ્યા. શેઠે વાતચીત કરીને બધો તાગ કાઢી લીધો. પછી હાથમાંથી વીંટી ખેંચવા લાગ્યા પણ નીકળી નહિ તેથી આંગળા પર તેલ લગાડીને વીંટી ખેંચીને કાર્યકર્તાઓના હાથમાં તે વીંટી મૂકતાં શેઠ બોલ્યા: આ વીંટીમાં પ્રાયઃ તમારી ખાદ પૂરી થઈ જશે. સાથે આવેલા ઝવેરીભાઈએ વીંટીનું નંગ તપાસીને કહ્યું કે ઓછામાં ઓછા ૩૦ થી ૩૫ હજારનું આ નંગ છે. શેઠની આ ઉદારતા જોઇને સહુના મુખમાંથી શબ્દો નીકળી પડયાઃ રે ! જીવદયા માટે આટલું મોટું દાન ! શેઠ તમે કમાલ કરી છે ! ત્યારે શેઠ બોલ્યા કે ભાઈ ! મારા દિવસો પૂરા થવા આવ્યા છે. હું તો આજ મરૂં કે કાલ ! મર્યા પછી જો વીંટી નહિ નીકળે તો પાછળવાળા આંગળી કાપીને પણ વીંટી કાઢી લેશે. એના કરતાં મારા જીવતાં જો જીવદયામાં કામે લાગી જાય તો ખોટું શું છે ?

અક્ષય ! હજુ તો હમણાં જ સ્વર્ગવાસ પામેલાં વઢવાણના પેલા રતિલાલ જીવણને તું યાદ કર, જેણે પાડાઓના વધ અટકાવવા પોતાનો હાથ પણ કપાઇ જવા દીધો. ઇંદોરના કૂતરા ને ઝેર આપીને મારી નાખવાનો હુકમ કર્યો તો રાજા પાસે જઈ ને બધા કૂતરાને પોતાના કબજામાં માંગી લીધાં અને ગામથી દૂર જંગલમાં સ્મશાન પાસે કૂતરાંની પાંજરાપોળ ખોલીને હજારો જીવોના જાન બચાવી લીધા હતા !

અક્ષય ! મુંબઇ ભૂલેશ્વરની પાંજરાપોળેમાં જેઓ વર્ષોથી જીવદયાનું કાર્ય સંભાળી રહ્યા છે તે ચીમનભાઈ ગાંધીને તું એકવાર મળી આવ ! ભારત સરકારે કબુતરોનું એક્ષપોર્ટ ચાલુ કર્યું તો એ જીવદયાપ્રેમી પુણ્યાત્માનું કલેજું કંપી ઉઠ્યું અને દિવસ-રાત મહેનત કરીને ઉપાશ્રયે ઉપાશ્રયે સભાઓ અને વિરોધોના ઠરાવો કરાવીને છેક ઈન્દિરાબેન ગાંધી સુધી પહોંચીને આ ગાંધીએ કબુતરોની નિકાસ સદંતર બંધ કરાવી હતી. અલબત એમાં રતનશી રાજડા M. P. વગેરેની મહેનતે પણ ભારે ફાળો આપેલ.

અક્ષય ! જૈનશાસનનાં ગગનમાં કુળદેવી શ્રી જીવદયાની પૂજા-સેવા કરનારા આવા તો હજારો સપૂતો પેદા થયા છે જેમનું નામ-સ્મરણ પણ પાપનો નાશ કરનારૂં છે.

જૈનોની આ જીવદયાનાં અમૃતકુંડમાંથી જે અમીછાંટણાં ઉછળ્યાં તે સર્વ દર્શનોમાં એક યા બીજા રૂપે ફેલાઇ ગયા. આ દેશની જીવદયાથી પ્રભાવિત થઇને મુસ્લીમ બાદશાહોએ પણ જીવદયાનાં ફરમાનો જાહેર કર્યા હતા. દા. ત. જગતગુરુ હીરસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી પ્રભાવિત મોગલ સમ્રાટ અકબર બાદશાહે ભારતના પાંચ મોટા રાજ્યોમાં દર વર્ષે ૬ માસ જેટલા દિવસ અમારિ (અભયદાન)નાં ફરમાન કાઢી આપેલ.

અક્ષય ! જીવદયાનો આવો અમર અને યશસ્વી વારસો તને તો

ગળથુંથીથી સંપ્રાપ્ત થયો છે. તારા રક્તકણોમાં પણ જીવદયા પડેલી છે. તું તારા અંતરાત્માને ઢંઢોળ ! માંહ્યલાને જગાડ ! પછી અંદર સૂતેલી પેલી કૂળદેવી જાગ્રત થઇ જશે અને પછી તું મીની જગડુશા કે મીની મોતીશા બનીને મેદાનમાં ઉતરી પડીશ. જીવરક્ષા કાજે સંપત્તિ લુંટાવી દઇશ અને વેપાર ધંધાને ઊંચા મૂકી દઇશ મને ચોક્કસ ખાત્રી છે કે તારા હૃદયમંદિરમાં કુળદેવી શ્રી જીવદયાનુ સ્થાનક હજુ પણ સલામત છે. માટે જ આ પત્ર લખીને તારા અંતરમાં રહેલી તે શકિતને જાગ્રત કરવા માંગું છું.

અક્ષય ! એકદમ રીયલી તને જણાવું છું કે દુષ્કાળે માઝા મૂકી છે. હજારો અમોલ જીવોના પ્રાણ સંકટમાં મૂકાયા છે. સુરતના મહેશભાઈ ભણશાલીએ બનાસકાંઠામાં કેટલ કેમ્પ ખોલી દીધો છે. જેમાં એક લાખ પશુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. રોજનો પાંચ લાખ રૂપિયાનો ખર્ચ માત્ર એકજ કેમ્પનો આવી રહ્યો છે, વર્ધમાન સેવા કેન્દ્ર અને હિંસાનિવારણ સંઘના કર્મઠ કાર્યકર્તાઓ કુમારપાલ વિ. શાહ, ડો. સુરેશભાઈ ઝવેરી, જયેશકુમાર ભણસાલી અને કલ્પેશકુમાર શાહ આદિ કાર્યકર્તાઓએ કલિકુંડ પાસે પશુઓનો કેમ્પ ખોલી દીધો છે, જેમાં હજારો જાનવરો દિનપ્રતિદિન ભરતી થઈ રહ્યા છે. પચીસ પચ્ચીસ શ્રીમંત યુવાનોએ આ પશુઓની સેવા કાજે જંગલમાં જ બિસ્તર બિછાવ્યા છે. કપડાના ટેન્ટમાં નાનકડું જિનાલય પણ ત્યાં ઉભું કરવામાં આવ્યું છે. પશુઓની સેવા માટે બાર બાર ડોક્ટરો પણ ખડે પગે તૈયાર રખાયા છે. ગુજરાતની કુલ ૧૮૩ પાંજરાપોળો પણ ૧ લાખ જાનવરોથી ઉભરાઈ રહી છે. **તેના કાર્યકર્તાઓ પણ ફંડ ઉઘરાવવા માટે દોડધામ કરી રહ્યા છે.**

અક્ષય ! દુષ્કાળે મચાવેલા આ ભારે હાહાકારને નજરમાં લઈને તપોવન સંસ્કારધામ (નવસારી)માં વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના આદેશ અને આશિષને પામીને પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે આ જીવદયાના કાર્ય માટે ઉપદેશ દ્વારા કુલ ૨॥ ક્રોડ રૂપિયાનું ફંડ ભેગુ કરવાનો ભિષ્મ સંકલ્પ જાહેર કર્યો છે. તપોવન અંજનશલાકા મહોત્સવ દરમ્યાન અને સુરતનાં સાપ્તાહિક પ્રવચનો દરમ્યાન તેઓશ્રીના ઉપદેશથી કુલ એક કરોડ જેટલું ફંડ જમા થઈ જવા આવ્યું છે, વર્ધમાન સંસ્કૃતિધામના નેજા હેઠળ ડોનેશન માટેની અનેક પ્રકારની દાન યોજનાઓ જાહેર કરવામાં આવી છે.

અક્ષય ! તારા પ્રમાદને તું ખંખેરી નાખ ! કુળદેવી જીવદયાની સેવા કાજે તું જાગ્રત થા ! તારાથી શક્ય તેટલું વધુ દાન તું આ વર્ષે જીવદયામા કરજે. પુણ્યનાં યોગે જે સંપતિ પ્રાપ્ત થઇ છે તેને આવા પુણ્યકાર્યમાં જ તું લગાવી દે. નહિતર આ ધનનો પ્રવાહ ભોગના ખાળ ભણી ધસી જશે અને તને દુર્ગતિમાં તાણી જશે.

પેલો રોકફેલર ! મખ્ખીચુસ ! કંજુસ ! મહાચીંગુસ ! જીવનમાં ક્યારેય કોઇને દેવામાં સમજ્યો જ ન હતો. મરવાના સમયે ધન છોડવાની ફરજ પડી ત્યારે તેને દાન દેવાના ભાવ જાગ્યા અને મેનેજરને બધી ધાર્મિક સંસ્થાઓ પર ચેક રવાના કરાવ્યા. પણ તમામે તમામ ચેક પાછા ફર્યા. સહુએ સાફ શબ્દોમાં જણાવી દીધું કે આ પાપીના પૈસે અમારી સંસ્થા પાયમાલ થઇ જશે. અમારે આ કંજુસનું ધન ન જોઇએ ! અક્ષય ! કૃપણોની આવી હાલત થાય છે, જ્યારે દેવા માંગે ત્યારે કોઈ લેવાલ જ હોતો નથી રે ! કંજુસનું તો સવારે કોઈ નામ લેવા પણ તૈયાર હોતુ નથી. પ્રભાતે સ્મરણ ઉદારદિલ માનવોના થાય છે, બેસતા વરસે ચોપડે નામ ધન્ના શાલિભદ્રનાં લખાય છે, નહિ કે મમ્મણ શેઠના !

બોલા રસ્કીને કહ્યું છે કે 'રેવરન્સ ફોર લાઈફ' જેવું આપવામાં આવે છે તેવું જ સામેથી સંપ્રાપ્ત થાય છે. માન આપો તો માન મળે છે. કોકને જીવન આપો તો જીવન મળે છે. અને મોત આપો તો મોત મળે છે. પેલા પરદેશીએ ટાંગામાં બેઠાબેઠા એક જૈનને પૂછેલું કે હિન્દુસ્તાનમાં માત્ર ખોબા જેટલી જૈનોની વસ્તી છે. છતાં આ દેશમાં સૌથી વધુ ટેક્ષ (અંદાજે ૪૨% જેટલો) તે પ્રજા શા કારણે ભરે છે, તેનું કારણ તમને ખબર છે ?

તે જૈન તો જવાબ ન આપી શકયા પણ પેલા પરદેશીએ કહ્યું કે અમારા સંશોધનના અંતે જાહેર થયું છે કે જૈનો જે જીવદયાના કામો કરે છે તેના જ કારણે તે લોકોની દિન-પ્રતિદિન આર્થિક રીતે આબાદી વધતી જાય છે. જીવદયા એજ જૈનોના અભ્યુદયનું મુખ્ય અંગ બની રહ્યું છે.

અક્ષય ! ઘણી વાતો થઇ ગઈ. હવે પત્ર પૂર્ણ કરું છું. તું તારી શક્તિ, સામર્થ્ય, ઓળખાણ, પીછાણ અને લાગવગને આ વર્ષે જીવદયાનાં કાર્યમાં લગાડી દે! તારાથી જે કંઈ પણ બને તે તું કરી છુટ. અંતે કરૂણાસિંધુ દિનદયાળ જીવદયા પ્રતિપાળ પૂજ્ય જિનેશ્વર દેવાધિદેવની કૃપા અને ગુરૂ-ભગવંતોના આશિષ તને આ જીવદયાના મંગલ કાર્યમાં પ્રેરક પૂરવઠો બની રહે એવી અભિલાષા સાથે વિરમું છું.

## એ કેમ મરી ગયાં ?

તે દિવસે એ કેટલ કેમ્પનો ઉદ્‌ઘાટન વિધિ હતો. હજારો પશુઓ વિશાળ ખેતરમાં ઉભરાઇ રહ્યા હતા. ઘાસની વિરાટ ગંજીઓ ખડકી દેવામાં આવી હતી. સહુના પ્રાણ ઉગારી લેવાની ધગશ કાર્યકર્તાઓનાં અંતરમાં ધબકી રહી હતી. ગાયમાતાઓના ગળામાં ગુલાબનાં હાર પહેરાવી કપાળમાં કંકુતિલક કરી કેમ્પનું ઉદ્‌ઘાટન જાહેર કરાયું. પણ...પણ...સાંજ પડે અને દિ' આથમે તે પહેલાં તો ૨૦ જાનવરો તરફડી તરફડીને મરી ગયા. કાર્યકરોનાં જીવ અદ્ધર થઇ ગયા. રે ! આજે મંગલ ઉદ્‌ઘાટનના દિવસે જ જીવોના જાન જાય ? ડોક્ટરોને બોલાવીને મરેલાં પશુઓનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું અને અંતે મેડીકલ રીપોર્ટ તૈયાર થયો કે અતિશય ભૂખ અને ચાલવાનું દુઃખ બેય ભેગાં થવાના કારણે આ પશુઓ મરી ગયાં છે.

## કાલે કદાચ કતલખાને જવું પડશે તો ?

ડ્રોઇંગ રૂમમાંથી અતુલભાઈ બોલ્યા એ સાંભળો છે: જો આ જીવદયા પ્રેમીઓ સો રૂપીયાની રસીદ ફાડવા આવ્યા છે શું જવાબ આપવો છે ? કીચન રૂમમાંથી અવાજ આવ્યો: આવતી કાલે મર્યા પછી તમારે પણ કદાચ પશુ થવાનું અને કતલખાને જવાનું થાય, એ વિચારીને જે કરવું હોય તે કરો ! એટલે શું કહેવા માગે છે ? કશું જ નહિ. જીંદગીમાં એવા નઠારા પાપો કર્યા છે કે દુર્ગતિ તો નક્કી જ થઈ ચુકી છે. આજ નહિ તો કાલ ઘોડા, ગધેડા, ઊંટ, બકરા કે બળદીયા થવું જ પડશે. ભૂખે તરસે રીબાવું પડશે અને કતલખાને કપાઈ મરવું પડશે. એ બધામાંથી જો છુટકારો જોઈતો હોય તો હમણાં કાંઈક કરી છૂટો. કોકનો જાન બચાવો તો તમારો જાન કોક બચાવશે! અને શેઠે દાન જાહેર કર્યું' (પત્નીના સદુપદેશથી).

૧૦૦ ટકા શુદ્ધ

## કમલ છાપ કેસર

ની સ્પેશ્યલ ક્વોલીટીમાં ૧, ૨, ૩, ૫ અને ૧૦ ગ્રામના સીલબંધ પેકીંગમાં દરેક દેરાસરોની પેઢીમાં મળે છે.

### રાજસ્થાન ટ્રેડર્સ

૨૯૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબઈ–૪૦૦૦૦૩
ફોન : ૩૨ ૭૧ ૧૪

**બ્રાંચ** : ૬૨૨, કટરા, ઈશ્વર ભવન, ખારી બાવલી, **દિલ્હી–૬.**
ફોન : ૨૪૧૯૭૫ : ૨૫૨૪૩૭


## આપનું લવાજમ તુરત મોકલો.

## જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ** – (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વીજળીની પૂરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન** : જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેન જૈસલમેર આવે છે, આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન–મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ**
**ગ્રામ : જૈન ટ્રસ્ટ]  [ફોન નં. ૩૦**

### જૈસલમેર ( રાજસ્થાન )


## જૈન દહેરાસરજી માટે શુદ્ધ અગરવાટ [ધુપસળી]

અગરબત્તી, દશાંગધુપ, વાસક્ષેપ, અગરબત્તી સ્ટેન્ડ, સોનેરી–રૂપેરી તથા ટ્રાન્સફરન્ટ ચરવળાની દાંડી, ઠવણી, ચરવળા, સ્થાનકવાસી પુંજણી, સાપડી, સાપડા, સ્થાપનાજીના સેટ, દરેક જાતની માળા, સિદ્ધચક્ર તથા વીશસ્થાનકની ડબ્બી, મેગ્નેટવાળા ફોટા (દરેક સાઈઝમાં), ક્ષમાપનાના કાર્ડ, ફોલ્ડર્સ વગેરેના ઉત્પાદક અને વિક્રેતા.

### અરિહંત અગરબત્તી વર્કસ

૧૬, ભીડભંજન સોસાયટી, મુ. પો. થાનગઢ
(ગુજરાત) pin. ૩૬૩ ૫૩૦


## શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભૂપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

# યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનુ નિર્માણ આચાર્ય ધર્મઘોષસૂરિજી મ૦ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર-ભોંયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવે છે. મૂલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભૂપાલ-સાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દૂર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રાની સાથે જ મેવાડની પંચ તીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

### લિ : કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી

ભૂપાલસાગર (રાજસ્થાન) [ફોન ન. ૩૩]

## પૂજ્ય આચાર્યશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. સાહેબની

# જન્મશતાબ્દી વર્ષની ઉજવણી–આયોજન

જૈનસમાજ અને શ્રીસંઘના પરમ ઉપકારી શાસ્ત્રવિશારદ આચાર્યશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. સા. નું વિ. સં. ૨૦૪૩ પોષ સુદ ૧૫ના દિવસથી જન્મશતાબ્દી વર્ષ શરૂ થતું હોઈ અનેક પ્રકારની સાંસ્કૃતિક યોજનાઓ દ્વારા આ શતાબ્દી મહોત્સવ ઉજવાશે. આ શુભ પ્રસંગ ઉપર શાસન પ્રભાવક આચાર્ય શ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મ. સા. તથા શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ. સા. ના મંગલ આશિર્વાદ પ્રાપ્ત થયેલ છે. તથા ૧૦૮ ઉપવાસના ઉગ્ર તપસ્વીરત્ન મુનિરાજશ્રી રત્નાકરવિજયજી મ., કોકિલકંઠી મુનિરાજશ્રી પ્રકાશચંદ્રવિજયજી મ., યુવકપ્રતિબોધક મુનિશ્રી મહાયશવિજય મ. સા. તથા જ્ઞાનાભ્યાસિ બાલમુનિરાજશ્રી વારિષેણવિજય મ. સા. નું આ શુભ અવસર માટે યોગ્ય માર્ગદર્શન તથા પ્રશસ્ત સહકાર સાંપડતો રહે છે.

તેમજ આ મહોત્સવના ઉપદેશક પ્રવચન પ્રભાવક મુનિરાજ શ્રી નંદષેણવિજય મ. સા. દ્વારા અમોને દરેક કાર્યો માટે સતત પ્રેરણા અને ઉત્સાહ મળતો રહે છે.

આ યોજનામાં લાભ લેનાર

રૂ. ૫૦૦૦-૦૦ આપનાર પ્રેટન ગણાશે.

રૂ. ૨૫૦૧-૦૦ આપનાર શુભેચ્છક ગણાશે.

રૂ. ૧૧૧૧-૦૦ સ્વાગત સ. ના સભ્ય ગણાશે.

રૂ. ૫૦૧-૦૦ આપનાર શુભેચ્છક સભ્ય ગણાશે.

રૂ. ૧૦૧-૦૦ આપનાર સભ્ય ગણાશે.

આ યોજનામાં લાભ લેવા માટે આપ આપનો સહકાર ચેક, ડ્રાફ્ટ, અથવા રોકડા નીચેના સરનામે મોકલાવશો. ડ્રાફ્ટ અથવા ચેક 'શ્રી વિજયદર્શનસુરિજી જન્મશતાબ્દી મહોત્સવ સમિતિ'ના નામનો લખશો.

લિ. જન્મ શતાબ્દ મહોત્સવ સમિતિ

---

શાસન સમ્રાટ, અનેક તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો જૈનસંઘ અને સમાજ ઉપર અનેકાનેક ઉપકાર હોઈ તેમાં પણ તેમનો મોટો ઉપકાર તેમના વિદ્વાન શિષ્ય સમુદાય ઉપર છે. અને તેમાં સૌ પ્રથમ પટ્ટધર શિષ્ય શાસ્ત્રવિશારદ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયદર્શન–સૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રીનો જન્મ આજથી સો વર્ષ પહેલાં વિ. સં. ૧૯૪૩ના પોષ સુદ ૧૫ના પવિત્રતમ દિવસે અનેક મહારત્નોને ઉત્પન્ન કરનાર સૌરાષ્ટ્રના મુકુટમણિ સમાન સદા રમ્ય મધુમતી મહુવા બંદરે થયો હતો. તેમના પુણ્યશાળી પિતાનું નામ કમળશીભાઈ અને વાત્સલ્ય મૂર્તિ માતાનું નામ ધનીબેન હતું. ધનીબેનની કુખે ધનના ભંડાર તુલ્ય કસળચંદ, હેમચંદ અને જીવરાજ એમ ત્રણ પુત્ર ઉપર નરરત્ન સમાન સુંદરજી નામે ચોથા પુત્ર રત્નનો જન્મ થયો. સુંદરજીભાઈના લક્ષણ પારણામાંથી જ જાણી શકાય તેવા હતાં કે એ મહાન સંત બનવા જ સર્જાયા હતા. અને તેઓશ્રીએ સં. ૧૯૫૯માં અષાડ સુદ ૧૦ના ભાવનગરમાં દીક્ષા લઈ તેઓ સુંદરજીભાઈ મટી શાસનસમ્રાટશ્રીના પ્રથમ શિષ્ય મુનિ દર્શનવિજય મ. સા. ને નામે ઓળખાવવા લાગ્યા. દીક્ષાબાદ તરત જ્ઞાનાભ્યાસમાં એવા રક્ત બની ગયા કે ન્યાયશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર વગેરેનું મનન પૂર્વક વિશાળ અધ્યયન કર્યું અને પૂર્ણ યોગ્યતા દેખવાથી સં. ૧૯૬૯માં કપડવંજમાં તેમને ગણીપદ અને પંન્યાસપદથી આરૂઢ કરવામાં આવ્યા હતા. સંવત ૧૯૭૩માં સાદડી (મારવાડ) માં તેમને ઉપાધ્યાયપદ અર્પણ કરવામાં આવેલ અને ૧૯૭૯માં ખંભાત શહેરમાં પૂ. શાસનસમ્રાટ સૂરિચક્રવર્તીએ સૂરિમંત્ર યુક્ત આચાર્યપદ અર્પણ કરી જૈન શાસન અને સંઘની ધુરા તેમને સોંપી હતી.

પૂજ્ય ગુરૂભગવંતે સતત પરિશ્રમ લઈને ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ 'તત્વાર્થ વિવરણગૂઢાર્થ દીપિકાની રચના કરી. પર્યુષણપર્વ કલ્પપ્રભા અને પર્યુષણપર્વકલ્પલતા, સ્યાદ્વાદબિંદુ નામનો ૩૦૦૦ શ્લોક પ્રમાણ ન્યાય ખંડનખાદ્ય, અપરનામ, મહાવીર સ્તવ અથવા મહાવીર સ્તવ કલ્પતલિકા નામની ૨૫૦૦૦ શ્લોક પ્રમાણ સુંદર ટીકા, સમ્પતિકર્મસ્તવર્ણ વાવતારિકા નામની અનુપમ લઘુ ટીકા ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ રચી હતી આદિ અનેક પ્રકારનું સાહિત્ય રચ્યું હતું.

તળાજામાં બે પ્રતિષ્ઠા મહોત્સવ અને જેસર, શિરોહી, ગોધા, જસપરા, કપડવંજ અને તણસા ગામમાં પ્રતિષ્ઠા મહોત્સવો પૂજ્યશ્રીની શુભનિશ્રામાં ઉજવાયા છે. મહુવા અને સુરેન્દ્રનગરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં અંજનશલાકા મહોત્સવ પણ થયા હતા.

પૂજ્યશ્રીએ સૌરાષ્ટ્ર, ગુજરાત, મારવાડ અને મેવાડ ઉપરાંત વિવિધ સ્થળોએ વિહાર કરી જિનવાણીની પ્રભાવના કરવા વડે અનેક જીવોને ધર્મ પમાડ્યા હતા.

આવા શાસનપ્રભાવક શાસ્ત્ર વિશારદ આચાર્ય વિજયદર્શનસૂરીશ્વરજી મ. સા.નુ વિ. સં. ૨૦૪૩ના પોષ સુદ ૧૫ના દિવસથી જન્મ શતાબ્દિ વર્ષ શરૂ થતું હોય મોટા પાયા ઉપર ઉજવવાનું અમોએ વિચારેલ છે. અને તે માટે 'આચાર્યશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી જન્મ શતાબ્દિ સમિતિ'ની રચના કરવામાં આવી છે આ સમિતિ દ્વારા પ્રભુભક્તિ સહમહોત્સવનુ આયોજન કરાશે તેમજ પૂ. દાદા ગુરૂદેવનું ચિરકાળ સુધી સ્મરણ રહે તેવી રચનાત્મક પ્રવૃત્તિ રૂપે આ મંગળ પ્રસંગની ઉજવણી ઠેર–ઠેર કરવાનું વિચારેલ છે.

આ સાથે આખી યોજના આપેલ છે અને તેના સૌ

પ્રથમ ભાગરૂપે રૂા. ૧૦૧/-ના જન્મશતાબ્દિ સમિતિના સભ્યો બનાવવાનો પ્રારંભ કરેલ છે. અને તે યોજના અને સભ્યો માટેના અનુમતિ ફોર્મ મોકલાવેલ છે તે દ્વારા અનુમતિ પાઠવશો આશા અને અપેક્ષા રાખીએ છીએ.

: આચાર્યદેવશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી
જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતિના ટ્રસ્ટીઓ

(૧) **'આચાર્યશ્રી વિજયદર્શન સૂરીશ્વરજીજન્મ શતાબ્દિ મહોત્સવ સમિતિના સભ્ય ફીના...** રૂા. ૧૦૧-૦૦

(૨) નાના ગામડાઓમાં જિનમંદિરની સ્થિતિ સોચનીય બનતી જાય છે તે માટે સહાયક બનવા પ્રયાસરૂપે, **જિનમંદિર રક્ષક ફંડમાં...** ૧૦૧-૦૦

(૩) પૂજ્યશ્રી દ્વારા રચાયેલ આગમીક ટીકા સાહિત્યનું પ્રગટ-અપ્રગટ સાહિત્ય તથા તેમના સરળ અનુવાદનું પ્રકાશન. **'સાહિત્ય સહાયક'** તરીકે ૧૦૧-૦૦

(૪) પૂ. સાધુ સાધ્વીજી મહારાજના વિહારસ્થાનોની જરૂરિયાત સમજી તેમાં પૂરક થવા માટે-**'શ્રમણ વૈયાવચ્ચ ફંડ'** તરીકે ૧૦૧-૦૦

(૫) ભારતમાં નાના ગામડાઓમાં ધર્મના સંસ્કાર સચવાય તે માટે પ્રોત્સાહન આપવા **'પાઠશાળા સહાયક'** તરીકે · ૧૦૧-૦૦

(૬) જૈનધર્મના કલા, સાહિત્ય, ચિત્રો શિલ્પો, તથા વિશિષ્ટ પ્રસંગોને આવરતા પ્રદર્શનોનું આયોજન કરવા **'પ્રદર્શનફંડ'** તરીકે........ ૧૦૧-૦૦

(૭) જૈનદર્શનના વિદ્વાનો, સાહિત્યકારો, પત્રકારો, વિધિકારો સંગિતકારોનું કે કોઇ એક વિભાગનું બહુમાન યુકત સંમેલન યોજવા. **'હરિભાઈ યોજના સહાયક ફંડ'** તરીકે...૧૦૧-૦૦

(૮) દર વર્ષે પ્રગટ થતાં જૈનધર્મના પુસ્તકોમાં શ્રેષ્ઠ પુસ્તકના લેખક-પ્રકાશકનું બહુમાન કરવા **'બહુમાન ભકિત ફંડ'** ૧૦૧-૦૦

(૯) આ વર્ષે દુષ્કાળ વર્ષ હોય મુંગા પશુઓના દુઃખમાં સહભાગી થવા **'દુષ્કાળ રાહત ફંડ'** ૧૦૧-૦૦

(૧૦) પૂ. આચાર્યદેવશ્રીની જન્મશતાબ્દી મહોત્સવના કાયમી સંભારણા તરીકે **'જન્મ શતાબ્દી સાહિત્ય સ્મારક ફંડ'**ના શુભેચ્છક તરીકે ૧૦૧-૦૦

(૧૧) જૈન દર્શનના જુદા જુદા વિષયોનું મૂળભૂત જ્ઞાન આજના બાળકોને મળી રહે તેવી સરળ ભાષામાં નાનકડી પુસ્તિકાઓ બહાર પડશે. તેમાં ૩૦૦૦-૦૦ આપનાર દાતા કોઈપણ એક ભાગના પ્રકાશક સહાયક બનશે. આ રકમ સંઘના જ્ઞાનખાતામાંથી પણ અપાશે.

આ પુસ્તિકા દ્વારા દર વર્ષે જુદા જુદા સ્થળોએ પરિક્ષા લેવામાં આવશે તેમાં પહેલાં પાંચનું યોગ્ય બહુમાન કરવામાં આવશે.

(૧૨) પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. સા. રચીત (૧) તત્વાર્થ વિવરણ ગુઢાર્થ દીપિકા (૨) પર્યુષણ પર્વ કલ્પપ્રભા (૩) પર્યુષણ પર્વ કલ્પલતા (૪) સ્યાદ્વાદબિંદુ (૫) ન્યાય ખંડન ખાદ્ય અથવા મહાવીર સ્તવન કલ્પલતિકા નામની ટીકા (૬) સમ્પમતિકર્ક મહાર્ણવાવતારિકા.

ઉપરોકત ગ્રંથના આધાર પર કોઈપણ એક ગ્રંથ ઉપર સાદી સરળ ભાષામાં જૈનધર્મની પીછાન મેળવી શકે, સર્વ લોકભોગ્ય બને તેવી રીતે નિબંધ ગુજરાતી, હિન્દી ભાષામાં ૫૦ ફુલસ્કેપ પાનામાં વિદ્વાનો પાસેથી આવકારવામાં આવશે અને તેમાંથી સર્વશ્રેષ્ઠ કૃતિના લેખકને રૂ. ૧૧૧૧-૦૦ નું પારિતોષિક ઇનામ આપવામાં આવશે અને બીજા પાંચ નિબંધોને રૂ. ૫૦૧-૦૦ ના ઇનામો અપાશે. શકય હશે તો આ વા છએ નિબંધોનું શતાબ્દી વર્ષમાં પ્રકાશન થશે.

શ્રી વિજયદર્શનસૂરીજી
જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિ

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માની ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની આપણે ભારતભરમાં ગૌરવભેર અને ભવ્ય રીતે ઉજવણી ઉજવી અને તેમનાં પ્રથમ શિષ્ય લબ્ધિનિધાન વિનયી ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીની ૨૫૦૦મ નિર્વાણ વર્ષની ઉજવણી આપણે ગત વર્ષે ઉજવી. તેમ જ

વર્તમાન યુગના તપાગચ્છાધિપતિ, અનેક તિર્થોદ્ધારક, શાસનસમ્રાટ આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબની જન્મ શતાબ્દિ સં. ૨૦૨૯માં ભવ્ય રીતે ઉજવવામાં આવેલ હતી. હવે શાસન સમ્રાટશ્રીના પ્રથમ જ્યેષ્ઠ વિનયી શિષ્ય, પટ્ટામ્બર ભાસ્કર, મહાવીર સ્તવ કલ્પલતિકા ઉપર ૨૫,૦૦૦ શ્લોકની ટીકા રચનાર ન્યાય વાચસ્પતિ, શાસ્ત્ર વિશારદ આચાર્યદેવશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબનું જન્મ શતાબ્દિ વર્ષ હોય તેમની શાસનસેવાની યાદ અને કૃતજ્ઞતા અજાવવાનો સુઅવસર હોય, આપણે આ જન્મ શતાબ્દિ ઉજવવા કટિબદ્ધ બનીએ.

આ ઉજવણી ઉજવવાનું કાર્ય સકલ સંઘના સાથ સહકાર વડે જ પાર પડી શકે તેમ છે. મારી દરેક પ્રવૃત્તિ આપ દરેકના સાથ સહકાર ઉપર જ છે. હું તો માત્ર નિમિત્ત છું. હું તો તમારા દરેકના સાથ-સહકારથી સમ્યક વિચારો અને સંસ્કારોને ઘર ઘર પહોંચતા કરતાં ખેપિયાનું કામ કરૂં છું.

આપે આ પહેલાના દરેક કાર્યમાં જે પ્રેમાળ સહકાર આપેલ છે એવી જ પ્રેમળ આશા અને અપેક્ષા શાસન સેવાના દરેક કાર્યમાં પ્રત્યેક સમ્યક વિચાર વહેંચણીના અમારા યજ્ઞકાર્યમાં આપ સહભાગી બનો અને બીજાઓને પણ તે માટે પ્રેરણા કરો.

– નંદિષેણવિજયના ધર્મલાભ

પત્રવ્યવહાર તથા
પૈસા મોકલવાનું સરનામું :
**રાજેન્દ્ર રતિલાલ શાહ**
C/o. શાહ ભરતકુમાર કાંતિલાલની કું.
રતનપોળ, પીપળાવાળા ખાંચા સામે,
અમદાવાદ--૩૮૦૦૦૧ (ટે. નં. ૩૩૬૧૫૫)

JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)

જૈન

Tele c/o. 29919 R c/o. 28857

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

વર્ષ ૮૪
'જૈન'
સાપ્તાહિક
અંક : ૧૨

વીર સં. ૨૫૧૩, વિ. સં. ૨૦૪૩ વૈશાખ સુદ ૧૦
તા. ૨૨ મે ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર



# પાલીતાણામાં સાગર સમુદાયના સાધુ પર નિર્દય હુમલો:

**મુનિરાજ તિલકસાગરજી મ૦ સા૦ લુણાવા મંગલ ભુવનમાં વહોરવા જતાં થયેલ હુમલો અને દવાખાને લઈ જતાં થયેલી પોલીસ ફરિયાદ તથા ટ્રસ્ટીઓની થયેલી ધરપકડ**

પરમ પૂજ્ય સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ. પૂ. બહુશ્રુત શ્રી કલ્યાણસાગરજી મ૦ સા૦ આદિ રીંછડેથી છ'રી પાલિત શ્રીસંઘ લઈને અત્રે પાલીતાણા ફાગણ સુદ ૧ તા. ૧૨-૩-૮૭ ને ગુરુવારના રોજ પધારેલ. અને ફાગણ સુદ ૧૪ની તીર્થમાળા ગિરિરાજ ઉપર થયેલ, ફાગણ સુદ ૧૫ ના તેઓશ્રી સહપરિવાર શ્રીમદ્ બુદ્ધિ-ઋદ્ધિ સાગરસૂરીશ્વરજી જૈન વિહારમાંથી બપોરના એક વાગે નંદા ભુવનમાં સ્થાન ફેરવી પધારેલ. બાદ દોઢેક વાગ્યે તેમના શિષ્ય મુનિ રાજતિલકસાગરજી મ૦ સા૦ વી. નંદાભુવનનું ભક્તિખાતું બંધ થઈ ગયેલ હોય, વહોરવા માટે બાજુના જ મુકામ લુણાવા મંગલ ભુવનમાં પધારેલ, ત્યાં ખપની ગોચરી વહોરી ત્યારે ચા બનાવેલ નહીં તથા આવો ચાનો ઓર્ડર સાધુઓશ્રી ના અપાય, તમે સાધુ નથી-સાધુતા નથી. વગેરે બોલાચાલી થતા ભારે ઉશ્કેરણીજનક વાતાવરણ ઉભુ થઈ ગયેલ આ સમયે ટ્રસ્ટીઓશ્રી જવાનમલજી, શ્રી રાજમલજી તથા તેમના પુત્રો શ્રી ન્યાલચંદજી અને શ્રી નિતિનભાઈ વગેરે ૧૦ થી ૧૫ વ્યક્તિઓ ધીમે ધીમે ભેગી થઈ ગયેલ અને મહારાજને જણાવેલ કે તમારા કપડા લઈ લેવા જોઈએ. આવી વાતોમાંથી ધક્કા-ધક્કી થતાં ઓચરી ઢોળાઈ ગયેલ અને ત્યારબાદ મહારાજને ઉંચકીને ભોજનશાળાની બહાર ચોગાનમાં ફેંકી દીધેલ તેમજ મુનિરાજશ્રી રાજતિલકસાગરજી ઉપર હુમલો કરી મોઢા ઉપર ઘોલ-મુક્કો મારતા મહારાજને મોઢા અને નાકમાંથી લોહી નીકળવા લાગ્યું. ત્યારે વયોવૃદ્ધ મુનિરાજશ્રી કીર્તિવર્ધનસાગરજી ટ્રસ્ટીશ્રીઓને સમજાવતા હતા કે સાધુને આવી રીતે મરાય નહીં, જોગ ન હોય તો ના કહેવાય... પણ નીચે વધારે મારા-મારી જોઈ તેઓ વચ્ચે આવતાં મુનિરાજશ્રી રાજતિલકસાગરજી વધારે માર મારતા વચ્ચે ઉભા રહી બચાવી લીધેલ. ત્યારે તેમાંથી કોઈએ ખૂનની ધમકી આપેલ અને કપડા ખેંચા-ખેંચી કરેલ. આ સમયે શ્રી લુણાવા મંગલ ભુવન ટ્રસ્ટના ટ્રસ્ટી તથા શ્રી સિદ્ધાચલ શણગાર ટ્રસ્ટના આજીવન ટ્રસ્ટી શ્રી દેવીચંદજી તથા શ્રી જવાનમલજી. શ્રી રાજમલજી પણ હાજર હતા. અને યોજના બદ્ધ રીતે એમની હુમલો કરેલ. તેમણે આ ઘટના બનતી અટકાવવાને બદલે ઉશ્કેરવામાં મહત્વનો ભાગ ભજવેલ. તેમજ આ સાધુઓને ધક્કા મારીને બહાર કાઢી મૂકવા જણાવેલ. ત્યારે નિતીનભાઈએ મહારાજને મારવા દંડીકા જેવી લાકડું ઉપાડી ધસી આવતા પૂ. મુનિશ્રી ધર્મકીર્તિસાગરજી મ૦ સા૦ વચ્ચે આવી તેમને અટકાવેલ, જો ન અટકાવવામાં આવ્યા હોત તો આ ઘટના કરુણ ભીની બની રહેત. બીજી તરફ મુનિ રાજતિલકસાગરજી મ૦ સા૦ ને લોહી વહેવું ચાલુ રહેલ તેમને કોઈ દવા-દારૂનું પૂછેલ નું પણ ન કહેતાં શ્રી દેવીચંદજી વિગેરેએ ધક્કા મારી બહાર કાઢવા ફરી જણાવતાં બહાર કાઢી મૂકેલ.

સર્વે મુનિરાજો બાજુમાં નંદા ભુવન પધારતાં વાતાવરણ ભારે દુઃખદ બની ગયું. મુનિરાજશ્રીને ...

હતું ત્યારે પોલીસમાં ફોન કરવામાં આવતાં પોલીસ ખાતામાંથી પોલીસ આવી પહોંચેલ. અને જરૂરી ફરિયાદ નોંધેલ. બાદ રાત્રિના મુનિરાજશ્રીને લોહી નીકળવું ચાલું રહેતા ચક્કર આવતા અને શ્વાસ રૂંધાતા મગજ ફરતું જણાતા મનોજ્ઞસાગરજીએ જરૂરી દવા કરાવવા દવાખાને લઈ જવા જણાવેલ અને તે માટે ડોળીની પણ વ્યવસ્થા કરી આપેલ. મુનિરાજશ્રીને દવાખાને લઈ જતાં ડોકટરોએ જણાવેલ કે આ મારા–મારીનો કેસ હોય પહેલાં પોલીસને જાણ કરવી જરૂરી હોય. પોલીસમાં જાણ કરતા ફરી પોલીસ આવેલ. અને ફરિયાદની ઘટના નોંધી જરૂરી કાગળીયા કરેલ. બાદ ડોકટરશ્રી શાહ એ મોઢે જ્યાં માર પડેલ અને લોહી નીકળતું હતું ત્યાં જરૂરી ટાંકા–પાટા પીંડી કરેલ. તેમજ વધુ લોહી વહેતા અશક્તિના કારણે ગ્લુકોઝનો બાટલો અને ઇન્જેકશન આપી ટ્રીટમેન્ટ કરેલ. સોમવાર રાત્રીના ૧ વાગ્યે મુનિરાજશ્રી વિગેરે નંદા ભુવનમાં પરત આવેલ.

બીજે દિવસે સોમવાર સવારના પોલીસ દ્વારા ભુણવા મંગલ ભુવનના ટ્રસ્ટીશ્રી દેવીચંદજી તથા શ્રી જવાનમલજીની ધરપકડ કરવામાં આવેલ. અને બપોરબાદ છોડી મુકવામાં આવેલ.

આ મુનિરાજ ઉપરના હુમલાની ઘટનાથી જૈનસમાજમાં ભારે દુઃખની લાગણી ઉભી થતાં પાલીતાણાના આગેવાનો તથા પાલીતાણા સ્થિત પૂજ્ય ગુરુભગવંતો સાધ્વીજી મહારાજો નંદા ભુવનમાં આવવા લાગેલ ત્યારે જુદી જુદી વાતો થતી રહેલ

[illegible] ભુણાવા મંગલ [illegible] પ્રસંગ નથી, આવુ તો ત્યાં ચાલ્યા જ કરે છે. તેમ લોકમુખેથી સાંભળવા મળેલ કે આ પહેલા પૂજ્ય આ૦શ્રી મંગળપ્રભસૂરીશ્વરજી મ૦ના સમુદાયના બાલ મુનિશ્રી રત્નવિજયજી મહારાજને માર મારેલ કે હેરાન કરેલ. તેમજ તેમના બહેન મહારાજને બે વર્ષ પહેલા અટ્ઠમને પારણે વહોરવા ગયેલ ત્યારે ગેરશિસ્તો બોલી ટ્રસ્ટીઓએ જ તે સાધ્વીજીને ઉપાડીને-ધક્કો મારીને બહાર ફેંકી દીધેલ. ત્યારે તેમના માતુશ્રીએ જણાવેલ કે તમારાથી સાધ્વીજીને અડાય નહિ, મરાય નહિ ને આ શું પાડી દીધા છે. ત્યારે તે ટ્રસ્ટીએ તે બહેનેને પણ બે ધોલ લગાવી દીધેલ. તેમજ બે તિથિવાળા મુનિશ્રી મતિશેખરવિજયજી મ૦ પણ વહોરવા પધારેલ ત્યારે તેમને પણ મારવામાં આવેલ. ગત સાલ જ આ ધર્મશાળામાં રહેલ એક સાધ્વીજી મ૦ને ચાલુ ચાતુર્માસે બહાર કાઢી મુકેલ. ને એ ચોમાસામાં એકાસણાં માટે ટીપ રૂા ૨૧,૦૦૦ ની થયેલ જેનો કોઈ હિસાબ જ આપતું નથી. દાન આપનાર સાથે વિશ્વાસઘાત કરેલ છે. તેમજ અત્રે જેઓશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી આ સર્જન થયેલ છે. તેમનું માન–આજ્ઞા કશું નથી સચવાતું તેમ લોકો જુદી. જુદી વાતો કરતા જણાયેલ. તેમજ ઘેટીની પાસે થયેલ શ્રી સિદ્ધાચલ શણગાર ટ્રસ્ટના દેરાસરની પ્રતિષ્ઠાબાદ ભગવાને ઉત્થાપન કરી તેની ગાદી નીચેથી શુભ દાન-સોનું-રૂપું વીગેરે કાઢી લીધેલ. તેમજ ઘેટીની પાસે જે આતપર ગામમાં જે દેરાસર થાય છે. તેના માટે ગામ સાથે બગડતા ટ્રસ્ટીઓ સાથે તે ગામના જૈન એએ સજજન માણસોને ના શોભે તેવું કહેલ. આવા જુદી જુદી વાતો થતી હોવા છતાં જૈનસમાજ કે સંઘનું પાણી પણ હલતું નથી.

આ પ્રકરણથી આપણે ત્યાં કોણ દોષિત, કોણ ગુનેગાર કે કોણ શાહુકાર તે ઉંડી તપાસ કરવાનો સમય પાકી ગયો છે. ભલી ભોળી ધર્મશ્રદ્ધાળુ વર્ગ દ્વારા યોગ્યતા કે અયોગ્યતા જાણ્યા વિના–સમજ્યા વિના પૈસા અપાય છે. અને તેનો કેવો કેવો દુર્વ્યવહાર ચાલે છે. કેટકેટલું અયોગ્ય ને અંધેર ચાલતું હોય છે. ભગવાનને કે શ્રમણોને પણ સ્વાર્થી અને લોભી પ્રકૃતિ ધરાવતા ટ્રસ્ટીઓ કેવો ગેરલાભ ઉઠાવતાં હોય છે અને પછી સત્તાનો દુરઉપયોગ કરતાં હોય છે. તેવા પ્રસંગે ઠેક–ઠેકાણે બનતા હોય છે. તેને અટકાવવા જાગૃત થઈએ અને શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, જૈન શ્વે. કોન્ફરન્સ શ્રી જૈન સંઘો, પાલીતાણાનો જૈન સંઘ વિગેરે શાસન સુરક્ષાના કાર્યમાં રસ લઈ કંઈક કરે તેવી આશા રાખે છે. અને ધર્મના નામે પૈસા ઉઘરાવતી સંસ્થાઓથી ચેતી–દાન ન આપે અને તેની પ્રવૃત્તીનું નીરીક્ષણ કરી ચેતે તે શ્રી સંઘના હિતમાં છે

## જૈન શ્રમણ ધર્મ સુરક્ષા સમિતિ

પૂજ્ય નાના–મોટા સ્થવીર, શ્રમણ ભગવંતો તથા શ્રમણી ભગવંતોએ પ્રભુ મહાવીરના સંયમ માર્ગે ધર્મ આરાધના કરી રહેલ હોય તેમને એ ઉચ્ચ સંયમ ધર્મ પાળવામાં કોઈ પણ જાતની તકલીફ જણાતી હોય તો તે માટે અમો સહ ઉપયોગી થઈશું.

કોઈ–કોઈ પૂજ્યોએ શ્રમણ ધર્મ સ્વીકાર્ય બાદ પૂર્વ–કર્મના કારણે અને વર્તમાન–યુગને કારણે સંયમ ધર્મ પાળવો દુષ્કર જણાય તેવા પૂજ્યો શ્રમણ–શ્રમણી ભગવંતોને શ્રાવક [illegible] સ્થીર થવું હોય તે આર્થીક રીતે (જરૂરત પડે રૂા. ૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધી) અમો ઉપયોગી–સહયોગી થવા માગીયે છીએ

આ પણા ગુરૂ ભગવંતો પ્રત્યે અમોને પૂજ્યભાવ અને આદરભાવ હોય તે સૌનો ટકી રહે અને ધર્મ સ્થાનોની પવિત્રતા બની રહે તેવી ભાવનાથી આ પ્રયત્ન કરેલ છે તેથી આ પત્ર વ્યવહાર અત્યંતજ ખાનગી રાખવામાં આવશે અને તેમને સંતોષ થયે તેનો નાશ કરવામાં આવશે

લખો બોક્ષ નં. ૨૦૧
C/O જૈન પત્ર ઓફીસ
દાણાપીઠ પાછળ, ભાવનગર

( પાના નં. ૫ નું ચાલુ )

આવી કર્તવ્યનો રાહ તો દર્શાવો જ છો પણ ગુરૂદેવ આપ હવે આવા પવિત્ર દિવસે તો નયન ગોચર થાય એવી જ એક ઝંખના છે! અત્યારે તો હું અને અમે જ કહી રહ્યા છીએ...તે હિ નો દિવસાઃ ગતાઃ" અમારો એ સદ્જ્ઞાન આશીષ મેળવવાના દિવસો ચાલી ગયા છે પણ હે ગુરૂદેવ! આપણા આદેશને, આપની ઇચ્છાને અને આપના બોધિત કર્તવ્યના પાલનના દિવસો હવે જ ખરા આવવાના છે, તેમાં હું સફળ થઉં એ જ મંગળ પ્રાર્થના..."

## આરાધના ધામ: વડાલિયા સિંહણ

જામનગર–ઓખા હાઈવે પર આવેલા વડાલિયા સિંહણ ગામમાં શાહ નાગપાર રાયમલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 'આરાધના ધામ' નું એક વિશાળ સંકુલ નિર્માણ થતાં હાલાર ક્ષેત્રમાં એક નૂતન તીર્થના નિર્માણ સાથે આરાધનાનું એક આગવું સ્થાન ધામ બની ગયું છે.

## અજોડ અને ઐતિહાસિક વિરલ પ્રસંગ કચ્છની પાવનકારી ધીંગીધરાપર ૭૨ જિનાલય મહાતીર્થના પ્રાંગણમાં ભારતના રાષ્ટ્રપતિનું આગમન......

# સમુહ વરસીતપ પારણા ૭૨ જિનાલય સંકુલનું ઉદ્ઘાટન અને જૈનએકતા સંમેલન

ગુજરાત રાજ્યના કચ્છની ધીંગીધરા માંડવી–ભુજ હાઈવેરોડ પર કોડાયપુલે તલવાણા ગામ નજીક રૂા. ૧૦ ની ૧૨ કરોડના ખર્ચે નવનિર્માણાધીન ભારતના ગૌરવરૂપ શ્રી વર્ધમાન–પ્રધાન ૭૨ જિનાલય મહાતીર્થના આંગણે અચલગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા તથા તપસ્વીરત્ન પૂ. આ શ્રી ગુણોદયસાગરસૂરીજી મની નિશ્રામ સમુહ વરસીતપના પારણાનો ભવ્યાતિભવ્ય પંચાન્હિકા મહોત્સવ ઉજવાયેલ.

(૧) ચૈત્ર વદ ૧૪, તા. ૨૭–૪–૮૭ના પૂ ગચ્છાધિપતિશ્રી આદિનું રાયણથી આગમન પ્રવેશ...બપોરના

(૨) ચૈત્ર વદ ૦)), તા. ૨૮–૪–૮૭ના આચાર્ય [illegible] બાદ ૯–૩૦ વાગે મુનિશ્રી હરિભદ્ર સાગરજી દ્વારા "તપધર્મની મહત્તા" પર પ્રવચન બપોરના શ્રી ભક્તામર મહાપૂજન સ્વામિવાત્સલ્ય ૧૨૬ છોડનું ભવ્યાતિભવ્ય ઉજમણું પણ ખાસ સૌનું ધ્યાન ખેંચતું હતું.

(૩) વૈશાખ સુદ ૧. તા. ૨૯–૪–૮૭ ના સવારના મુનિશ્રી દેવરત્ન સાગર દ્વારા પ્રવચન બપોરના મહાપ્રભાવિક શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સ્વામિવાત્સલ્ય રાતે આંગી તથા ભાવના

વૈશાખ સુદ ૨, તા. ૩૦–૪–૮૭ ના સવારના મુનિશ્રી દેવરત્ન સાગરજી દ્વારા પ્રવચન રાષ્ટ્રપતિશ્રીનું આગમન હોતા તેઓશ્રીના સંરક્ષણ વ્યવસ્થા માટે છેલ્લા ૪/૬ દિવસથી સરકારી ઓફિસરો પોલીસોનું સવારથી સાંજ સુધી આગમન ચાલુ જ હતું સી.આઈ.ડી ના વડા શ્રી હિંમતલાલ મિસ્ત્રી, કલેક્ટરશ્રી ઠાકુર, ડી.એસ.પી શ્રી વિલીયમ્સ, રાજકોટ રેન્જના ડી.આઈ.જી. શ્રી પી. કે. દત્ત સાહેબ ગુજરાત આઈ.જી.પી. અમદાવાદ, વિગેરે તથા નૌકાદળ–પાયદળ–હવાઈદળના વડાઓ, હોમગાર્ડઝ એસ આર.પી. ઓફિસરો તથા ૨૦૦૦, જેટલી પોલીસો આવેલ...ચારે દિશામાં બાવરસેસ રમો ખડા કરાયેલ. ખાસ સીધી દિલ્હી ફોન લાઈન પણ જોડાયેલ–અતિથિગૃહની પાછળના ભાગમાં એક પીતર દૂર ખાસ હેલીપેડ' તથા ઈમરજન્સી રોડ બનાવાયેલ વિશાળ હવિમાણો પણ તૈયાર કરાયેલ કાર પાર્કીંગ વ્યવસ્થા પણ રખાયેલ આ સંકુલની ચારેબાજુ લાકડા–પાઈપની લાઈનથી બાઉન્ડરી બનાવાયેલ રાષ્ટ્રના સર્વોચ્ચવડા સર્વ પ્રથમવારજ કચ્છની મુલાકાતે આવતા કોઈ જડબેસલાક વ્યવસ્થા કરાયેલ મુંબઈથી વરસીતપના આરાધક તપસ્વીઓ પણ પરિવાર સાથે આવી ગયેલ...ચારેબાજુ એક જ વાત હતી જૈન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે આ વિરલપ્રસંગ..

(૫) વૈશાખ સુદ ૩, તા ૧–૫–૮૭, અક્ષયતૃતિયા (મહાન દિન) સમગ્ર કચ્છી–ગુ સમાજ જૈનસમાજનું ગૌરવ ને વિરલ પ્રસંગ આજે વહેલી પ્રભાતથી જ ૭૨ જિનાલય મહાતીર્થની વિરાટ ધરતી પર કોઈક અનેરો ઉલ્લાસ વર્તાતો હતો. સરકારી અધિકારીઓ –ઓફિસરો–પોલીસો [illegible] ચારે બાજુના ગામનગરોમાંથી જૈન ભાવિકો પણ જે કોઈ વાહનો મળ્યા તેમાં આવતા રહ્યા... જ્યાં મુખ્ય કાર્યક્રમ થનાર હતું ત્યાં પણ છેલ્લો ઓપ અપાઈ ગયો હતો ખૂબ જ ઝીણવટ તેમજ મહત્વની સંરક્ષણ વ્યવસ્થા કરવામા આવી હતી..બરાબર ૯–૦૦ વાગે ઉપાશ્રયના મંડપમાં માંગલિક બાદ પ્રવચન... તપસ્વી પૂ. ગચ્છાધિપતિશ્રી પૂ. આચાર્યશ્રી આદીના વરસીતપ પારણાનો લાભ લેવા ઉછામણીઓ ઉલ્લાસભેર બોલાય...

માનવ મહેરામણ તો ઉમટી જ રહ્યો હતો.

બરાબર ૧૦–૩૦ વાગે સકલ સંઘ સહિત પુ ગચ્છાધિપતિ શ્રી આદિ સાધ્વીજીઓના ઉપાશ્રયની પાછળની બાજુમાં બનાવાયેલ વિશાળ મંડપમાં પહોંચેલ વિશાળ સ્ટેજ પર બિરાજમાન હવે ફક્ત રાષ્ટ્રપતિશ્રીની રાહ જોવાઈ રહી હતી. બધીજ વ્યવસ્થા અધિકારીઓએ કરી લીધી હતી, ૧૧–૦૦ ના ટકોરે ઉપર આકાશમાંથી ઘરરરર...અવાજ કરતા નૌકાદળના બે હેલીકોપ્ટર ક્રમશઃ હેલીપેડ પર ઉતર્યાં...ખાસ ગાંધીનગર (અમદાવાદ) થી આવેલ નવીનકોર ક્રીમ કલરની સુપર ગાડી તથા અન્ય ૧૫ જેટલી કારો–જીપ–એમ્બ્યુલન્સ વિગેરે લાઈનસર તૈયાર ઉભી હતી. હેલીકોપ્ટરમાંથી ઉતરતા જૈન અધિકારીઓ તથા કચ્છના ધારાસભ્યોએ રાષ્ટ્રપતિશ્રીનું અભિવાદન કર્યું બાદ ગાડીમાં બેસી સીધા વિશાળ ભોજનશાળાના ઉદ્ઘાટન માટે ગયા. વિરાટ સંકુલની મહત્વની આલિશાન ભોજનશાળાનું રાષ્ટ્રપતિશ્રીએ સ્વહસ્તે ઉદ્ઘાટન કર્યું. બાદ બાજુમાં જ પરોણા તરીકે બિરાજમાન ભગવાન મહાવીર સ્વામિની વિશાળ (૫૧, ઈંચ) મૂર્તિને પુષ્પમાળા પહેરાવી સૌનું અભિવાદન ઝીલતા મંડપમાં આવેલ અહીં પણ શ્રી શ્ર. વ. ૭૨ જિનાલય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જૈન અગ્રણી તથા અન્ય અધિકારીઓએ ગુલાબની માળાથી સ્વાગત સત્કાર કર્યું બાદ સ્ટેજ પર આવી રાષ્ટ્રપતિશ્રીએ પૂ. ગચ્છાધિપતિશ્રી પાસેથી આશીર્વાદ લીધા ને બિરાજમાન થયા રાષ્ટ્રપતિશ્રીની આજુબાજુ ક્રમે ગુજરાતના કૃષિમંત્રીશ્રી, કિશોરચંદ વર્ધન [illegible] શ્રી જૈન, વિશનજીભાઈ સાવલા, ઉષાબેન ઠક્કર, મંદનમલશાહ, કુલદીપ કૌર–વિ. હતા ...કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ મિલેટરી–બેન્ડે રાષ્ટ્રપતિ શ્રી સલામી આપી બાદ પૂ. ગચ્છાધિપતિશ્રીના મુખે માંગલિક શ્રવણ–શ્રી મંદન મલ "શાહ" દ્વારા સંચાલન કિશોરચંદ્ર વર્ધન વિશનજીભાઈ સાવલાના વક્તવ્યો–બંને અગ્રણીઓ તરફથી રાષ્ટ્રપતિશ્રીને અષ્ટધાતુની ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા અર્પણ કૃષિમંત્રીશ્રી–હીરાલાલ જૈન રાષ્ટ્રપતિશ્રીના પુત્રી કુલદીપ કૌર–ઉષાબેન ઠક્કર (સંસદ સભ્ય) વિ. ને પણ જૈનધર્મ સુચક મેમેન્ટો અપાયેલ પૂ. ગચ્છાધિપતિશ્રી પૂ. પૂર્ણભદ્રસાગરજી મ. કૃષિમંત્રીશ્રી હીરાલાલ જૈનના પ્રવચનો બાદ રાષ્ટ્રપતિશ્રીનું જોરદાર ને ઓકયતા બાબત પ્રવચન જૈન એકતા માટે મહત્વની વિચારણા ૧૧–૨૫ વાગે રાષ્ટ્રપતિશ્રીએ સ્વ. હસ્તે પૂ. ગચ્છાધિપતિશ્રીને ૭ માં વરસીતપની અને તપસ્વીરત્ન પૂ. આચાર્યદેવશ્રી ગુણોદય સાગરસૂરીજી મ. ને ૧૮ મા વરસીતપના પારણા કરાવવા ઈક્ષુરસ વહોરાવેલ ને મહત્વની ચર્ચા જલ્દી સાથે કરેલ બે મહાપુરૂષોના મિલનની ઉંચેરા આભમાં રહેલ સૂર્યનારાયણ પણ શરમાઈ જઈ વાદળોમાં સંતાઈ ગયા હતા....અને દ્રશ્ય હતું આ....છેલ્લે રાષ્ટ્રગીત ને શ્રી ઝવેરચંદ સાવલા દ્વારા આભારવિધિ...કચ્છ

( અનુ પાને ૯૫૨ )

# વેરાવળના આંગણે સમગ્ર સૌરાષ્ટ્રના દરેક જૈન મંડળો (ભાઈઓ)ના પ્રતિનીધિઓનું સંમેલન

વેરાવળમાં શ્રી સુમતિ-પાર્શ્વ મિત્ર મંડળ આયોજીત સૌરાષ્ટ્રના દરેક મંડળના પ્રતિનીધીઓનું સંમેલન મળેલ.

તા. ૧૬-૫-૮૭ના રાત્રે ભાવના દરેક મંડળે ભક્તિ રસની જમાવટ કરે તેવી એક એક કૃતિમાં પચીસ મંડળો દ્વારા અલૌકીક ભક્તિરસ રજુ કરવામાં આવેલ હતો. તા. ૧૭-૫-૮૭ના રોજ સંમેલન સમારોહ સવારના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી રાખવામાં આવેલ હતો જેમાં (દરેક મંડળના પ્રતિનીધી દ્વારા) જૈન સમાજનું સંગઠન ભળ મજબુત થાય અને મંડળોની અનેક વિધ પ્રવૃત્તિઓમાં વિવિધતા લાવી શકાય. તે માટે દરેક મંડળના પ્રતિનિધી દ્વારા રજુઆત કરવામાં આવી હતી. અખીલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળના સરસેનાધીપતિ શ્રી લલીતભાઈ ધામી દ્વારા ભક્તિની શક્તિ બતાવવા યુવાનોની બે વાઈ ગયેલ ખુમારીને પ્રગટ કરતું ઓતિકવાદના રંગે રંગાયેલા આ યુવાનોની દીશા દર્શાવતા માર્ગદર્શક વક્તવ્ય રજુ કરેલ જેની દરેક પ્રતિનિધિઓ પર એક અનોખી છાપ પડેલ.

શ્રી સુમતિ પાર્શ્વ મિત્ર મંડળને પંદર વર્ષ પુરા થતાં હોય. આ પ્રસંગે "મુક્તિધારા" સ્તવન સંગ્રહ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી. તથા પધારેલ દરેક મંડળોને એક નકલ સંમેલનની સ્મૃતિ રૂપે ભેટ આપવામાં આવી.

બપોરના પ્રકાશ પાટણ મુકામે દરેક મંડળના પ્રતિનીધિઓની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ [illegible] મંડળોનું એક મહામંડળ સ્થાપવાની સભા વિચારણા થયેલ તે માટે ૭ માસ સુધી દર મહીને સૌરાષ્ટ્રના દરેક મંડળોની પ્રવૃત્તિનું સંકલન કરતી એક પરીપત્ર બહાર પાડવો. ત્યાર બાદ ફરી આવા સંમેલનનું આયોજન કરી મહામંડળ સ્થાપવાની યોજનાને અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવ્યું. ભાંજે ચંદ્રપ્રભુ દાદાના દર્શન બાદ દરેક પ્રતિનિધીઓ છુટા પડેલ હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંકલન સંચાલન તથા પધારેલ દરેક પ્રતિનીધિઓ માટેની જમવા વગેરેની વ્યવસ્થા શ્રી સુમતિ-પાર્શ્વ મિત્ર મંડળ વેરાવળ દ્વારા સુંદર રીતે કરવામાં આવી હતી.

### જૈન માસિકનું પ્રકાશન

પંચમહાલ જિલ્લામાં 'માંગલિક' પ્રકાશન શ્રી ભક્તામર આરાધક મંડળ (શાહ વિક્રમ રમણલાલ, દેરાસર પાસે, ગોધરા-૩૮૯૦૦૧) દ્વારા શરૂ થયું છે. આ જિલ્લામાં જૈન ધર્મનું આ પ્રથમ માસિક છે.

# બૃહદ્ જૈન જગત

**જન્મ શતાબ્દી :** શ્રી પૂર્વભારત સ્થાનકવાસી જૈન સંઘ, કે જેની સ્થાપના પૂ૦ તપોમૂર્તિ શ્રી જગજીવન મહારાજના સધારા વખતે રાજગિરિ (બિહાર)માં થઈ હતી, તે પુજ્યશ્રીના જન્મને આ વર્ષે ૧૦૦ વર્ષ પુરા થતાં, તેમની જન્મશતાબ્દી અનેક સ્થળે ઉજવવાનો અને તે સાથે શાસનપ્રભાવના સંઘની સેવા પ્રવૃત્તિનો વિસ્તાર, સંમેલનનું આયોજન, શિક્ષણ સહાયતા ફંડ, પૂ૦ સાધુ-સાધ્વીજીઓને પૂર્વ ભારતમાં વિચારવા વિનંતી ઈત્યાદિ કરવાનો ઉપર્યુક્ત શ્રીસંઘે તાજેતરમાં નિર્ણય લીધો છે. આ સંઘના શ્રી પ્રફુલ્લભાઈ નરભેરામ કામાણી પ્રમુખ અને શ્રી અમૃતલાલ એમ. શેઠ (સકસી-જમશેદપુર) મંત્રી છે.

**વિકટ માર્ગે મુનિવર :** આસામ, મેઘાલય અને બંગલા દેશના ત્રિભેટે આવેલા અને ભૌગોલિક સ્થિતિથી વિકટ એવા માર્ગે માનકાચર પ્રદેશમાં તેરાપંથી ફિરકાના મુનિશ્રી ગુલાબચંદ પધારતાં, અહીં જૈનો તેમ જ હિંદુ, મુસલમાન વગેરે જૈનધર્મના સંત જાણી પ્રભાવિત થયા હતા; અને કેટલાક લોકોએ શરાબ-જુગારના ત્યાગના નિયમ લીધા હતા. મજીર્કાન્દીમાં એક ઈસ્લામ ભાઈએ મુનિદર્શનના લાભથી દર શુક્રવારે માંસાહાર ત્યાગનો નિયમ લીધો હતો. અહીંના લોકો જૈન શ્રમણના દર્શન સર્વ પ્રથમ પામી આશ્ચર્ય અને આનંદ અનુભવે છે.

## ફોર્મ-૪

રજીસ્ટ્રેશન પેપર (સેન્ટ્રલ રૂલ્સ અંગેના સને ૧૯૫૬ના આઠમા નિયમ અનુસાર 'જૈન' પત્ર સંબંધી વિગતો નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

૧. પ્રકાશન સ્થળ : જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

૨. પ્રસિદ્ધનો ક્રમ : પાક્ષિક

૩ મુદ્રક : ૪ પ્રકાશક : ૫ તંત્રી

નામ મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : વડવા. પાદરદેવકી, ભાવનગર

૬. માલિક : મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

વડવા, પાદરદેવકી, ભાવનગર

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલ વિગતો મારી અધિકતમ જાણકારી અને માન્યતા મુજબ બરાબર છે

મહેન્દ્ર ગુલાબચંદ શેઠ

---

અનુસંધાન પાના ૬ નું ચાલુ

કનૈયાલાલ ધીંગીધરા પર...પુજ્યશ્રીના પારણા પ્રસંગે માનનીય રાષ્ટ્રપતિશ્રી ઝૈલસિંહની પધરામણીમાં મુખ્ય સ્વાગતકાર શ્રી અ. ભા. શ્વે. સ્થા કોન્ફરન્સના સેક્રેટરીને શ્રી અ. ભા. જૈન મંડળના ઉપાધ્યક્ષ હીરાલાલ જૈન તથા શ્રી કિશોરચંદ્ર વર્ધનનો રહ્યો... કન્ટેનરની તથા બહારથી ઉપસ્થિત ૧૦/૧૫ હજારથી વધુ માનવ મેદની આ પ્રસંગ નિહાળી ધન્ય બનેલ....પત્રકારો ઘણા આવેલ. ટી. વી. મેન પણ આવેલ ને કાર્યક્રમને કેમેરામાં ઉતારી ગયેલ...બરાબર ૧૨-૩૦ વાગે રાષ્ટ્રપતિશ્રી ખુશમિજાજમાં અભિવાદન ઝીલતા કારમાં બેસી હેલીપેડ તરફ ગયેલ ને હેલીકોપ્ટરમાં બેસી જામનગર જવા રવાના થયેલ

ઉપાશ્રયમાં બીજો રસ વહોરાવવાનો લાભ શા. ૧ લ.ખ ૬૦ હજાર સાતસો સતે. રોરની બોલી બોલી શા. ઈન્જનીયરીંગ કું. (ગાંધીધામવાળા) એ લીધેલ...શાંતિથી બને પૂ. તપસ્વી આચાર્યશ્રીઓના વરસીતપના પારણા સાથે અન્ય તપસ્વી સાધુ-સાધ્વી-શ્રાવિકાના પણ પારણા તથા ભારત ભરમાં જે પ્રથમ અજોડ નિર્માણ થતા આ જિનાલય મહાતીર્થની યાત્રા-સ્પર્શના કરવા પધારવા સૌને સપ્રેમ નિમંત્રણ સોનામાં સુગંધની જેમ પૂ. ગચ્છાધિપતિશ્રી આદિ ઠાણાનું ચાતુર્માસ પણ આજ મહાતીર્થની પાવન છાયામાં થનાર છે આરાધક આત્માઓને ચાતુર્માસમાં અહીં રહી આરાધના કરવી હોય તો તે લાભ પણ લઈ શકાશે.

# પ્રાયશ્ચિતનું પુનીત તીર્થ : ભરૂચ

: લેખક :
પૂજ્ય આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મ૦

**● સોનું ગટરમાં પડી જાય તો....**

સોનું ગટરમાં પડી જાય છે. એક વાર તો ગંદકી તરફ કમ-કમી આવી જાય છે. આવા ગંદામાં હાથ કોણ નાંખે? પણ બીજી ક્ષણેજ સોનાનો મહિમા અને પવિત્રતા મનને ખેંચે છે. સોનું ગટરમાં પડ્યું હોવા છતાંય ગંદુ નથી થવાનું, માત્ર થોડાક જલથી શુદ્ધ થઈ જશે તેવી ખાત્રી છે, અને એકવાર ધોયા બાદ તેના તેજ અને પવિત્રતા જેવા હતા તેવા જ છવાય જશે તેવું લાગવાથી સોનાને સહુ બહાર કાઢે છે તેની પુનઃ સ્થાપના કરે છે.

**● શાણા મનુષ્યનું કર્તવ્ય...**

શાણો મનુષ્ય ! માન પણ તેવું જ સોનું છે કોઈવાર પાપમાં પડી જાય છે, કોઈવાર વિષયના વમળમાં ફસાય જાય છે કે કષાયના કાદવમાં ખરડાય જાય છે પણ એકજ માર્ગ લેવો પડે છે. ચિત્તને મનને પણ ત્યાંથી કાઢીને પખાળી નાંખવું.

એનું નામજ પ્રાયશ્ચિત છે, ચિત્ત જેવું હતું તેવું જ પણું બનાવે તે પ્રાયશ્ચિત પ્રત્યેક મહાપુરુષોના જીવનના ભૂતકાળમાં જાવ, લગભગ એક ઘડી એવી આવી હોય છે જેને સાધનાના ઉપવનને ભયંકર સ્મશાન બનાવી દીધું હોય છે અને તેવા વખતે આ મહાપુરુષોએ એક જ સમાધાન કર્યો છે અને તે છે પ્રાયશ્ચિતનો.

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી જેવા રાજ પ્રતિબોધક કે હરિભદ્ર સૂરીશ્વરજી જેવા મહાન ગ્રંથકાર.. સહુ પ્રાયશ્ચિતનના માર્ગથીજ પાવન થયા છે. પેલા રત્નાકર સૂરીશ્વરજીની રત્નાકર પચ્ચીશી તો જાણે પ્રત્યેક [illegible] પ્રાયશ્ચિત ગાથા હોય તેવી [illegible] થઈ ચૂકી છે. પ્રત્યેક મુમુક્ષુને આ પ્રાયશ્ચિત ગાથા વધિવી ગમે છે. એજ બતાવે છે કે સાધક માત્રમાં પાપ આલોચનાનો ભવ્ય ભાવ પડયો છે.

**● પ્રાયશ્ચિતનું મહત્વ...**

આ પ્રાયશ્ચિતનું શાસ્ત્રોમાં એટલું બધું મહત્વ છે કે તેના વિના સંયમ જીવન નિરર્થક મનાયું છે.

પ્રાયશ્ચિત—વિના ચિત્તની શુદ્ધિ નથી.

પ્રાયશ્ચિત—વિના શુદ્ધ બુદ્ધિની સત્યતા નથી.

પ્રાયશ્ચિત—સિવાય પાવનતાનો કોઈ માર્ગ નથી.

પ્રાયશ્ચિત—એ પ્રત્યેક વિવેક બુદ્ધિ ધારણ કરનારનો અધિકાર છે, પરમ ફરજ છે.

પ્રાયશ્ચિત—પરમ પદનો પરમ પથ છે.

**● એક ચમત્કાર...**

આવા પ્રાયશ્ચિત માટે શાસ્ત્રોમાં પ્રાયઃ વ્યવહાર શુદ્ધિમાં એક સુંદર વાત આવે છે. દરેક આરાધકે પોતાના ગુરુ આદિ વડિલો પાસેજ પ્રાયશ્ચિત લેવું જોઈએ પણ તેનું પ્રાયશ્ચિત આપનાર કોઈ ન હોય તો આખરે એ પ્રાયશ્ચિત લેવા મહામના મુનિઓએ તીર્થાધિરાજ ભરૂચમાં આવવું ત્યાં આવીને અટ્ઠમ કરવો ત્યાંના અધિષ્ટાયક દેવો તરફથી પ્રાયશ્ચિત મળે છે. અમારા સહુના ધ્યાનમાં છેલ્લામાં છેલ્લું પ્રાયશ્ચિત આવી રીતે મેળવનાર સુશ્રાવક શ્રી અનુપચંદભાઈ હતા. શેઠશ્રી અનુપચંદભાઈએ પૂ. આત્મારામજી મહારાજ પાસે અમુક પાપના પ્રાયશ્ચિતની માંગણી કરી હતી પૂ. આત્મારામ મહારાજે તેનું પ્રાયશ્ચિત કરવા શકુનિકા વિહાર (સમળી વિહાર) ના એ મંદિરમાં અટ્ઠમ કરવા આજ્ઞા કરેલી તેઓને પ્રાયશ્ચિત મળ્યું હતું આ પ્રાયશ્ચિતની પ્રાપ્તિ એક ચમત્કાર પણ મણી શકાય, પણ વધુ મહત્વ ચમત્કારનું નથી પણ પાપનું પ્રાયશ્ચિત એ જ મહત્વનું છે.

**● ભારતભરનું એક જ તીર્થ**

ભારતભરના કોઈ પણ તીર્થ અને આવા પાપના પ્રાયશ્ચિતનો સંબંધ પ્રસિદ્ધ નથી આ તીર્થમાં જો શાસ્ત્રોનો આવા પ્રાયશ્ચિતનો આદેશ હોય તો શા માટે આ તીર્થમાં આવી આત્માને પુનીત ન બનાવવો ? મને તો લાગે છે કે પ્રત્યેક આત્માએ એકવાર નિખાલસ થઈને પાપની આલોચના કરવા રૂપ ભવ-આલોચના પૂ. ગીતાર્થ ગુરુ ભગવંતો પાસે લેવી જોઈએ, અને આવી ભવ આલોચના લેનારે ભલે પ્રાયશ્ચિત ગુરુ ભગવંતે પાસેથી મળ્યું હોવા છતાંય પ્રાયશ્ચિતનો અટ્ઠમ આવા પવિત્ર તીર્થમાં આવીને કરવો જ જોઈએ.

કેટલાક ભાવિકો આજે પણ આ મહત્વને સમજીને દૂર દૂ થી આવીને અટ્ઠમ કરે છે પાપને પુનઃ ન કરવાની શક્તિ મેળવી પ્રાયશ્ચિતને સફળ કરે છે શાસ્ત્રમાં કહ્યું છે પુનઃ પાપ ન જ થાય તેવા તીવ્ર અને સાવધાન ભાવે પાપેનો એકરાર તેજ પ્રાયશ્ચિત છે પાપ પ્રત્યે દુર્ભાવ તો આવી જાય, પ્રાયશ્ચિત તો લેવાય જાય પણ એવું પાપ ફરી ન થાય માટે કોક પ્રબલ સહાયક તો જોઈએ ને ? આવા જ પ્રબલ સહાયક તરીકે મુનિઓમાં સુવ્રત એવા દાદા મુનિસુવ્રત સ્વામીની પસંદગી થઈ હશે, ગમે તેમ હોય પણ એક વાત વિચારવા જેવી છે શ્રી મુનિસુવ્રત સ્વામીના નામ સ્મરણના તાકાતનું શનિના ગ્રહ પર આધિપત્ય શાસ્ત્રકારોએ સ્વીકાર્યું છે અને શનિગ્રહનું આધિપત્ય એન ચિત્ત પર છે તે જ્યોતિષ શાસ્ત્રકારોએ માન્ય કરેલું છે આમ દાદાસુવ્રતનું મુનિજીવન પર આધિપત્ય સ્થાપિત થાય છે.

આવા દાદા મુનિસુવ્રત પાસે પાપના પ્રાયશ્ચિત માટે અને મુનિ[illegible] માટે [illegible] વાર તો આવા અટ્ઠમ તપ અવશ્ય કરવો જ જોઈએ.

દાદા મુનિસુવ્રત ! આપનું આ તીર્થ પ્રાયશ્ચિતનું પુનીત તીર્થ છે. બસ સહુને આ તીર્થ પુનીત કરે છે. બસ સહુને આ તીર્થ પુનીત કરે એજ અભિલાષા.

"તે હિ નો દિવસાઃ ગતાઃ"

**● એક મંગલ પ્રાર્થના**

....... આ પત્રિકા તમને મળશે ત્યારે જેઠ માસ આવી ગયો હશે જેઠ માસ સારી સ્મૃતિમાં સદા જીવંત રહેવાનો આજ જેઠ માસની સુદ ૫; પૂજ્ય ગુરુદેવનો જન્મદિવસ છે આજે તો હવે એ સ્મૃતિ જ કરવાની રહી છે. પૂજ્ય ગુરુદેવ દિવંગત થયા છે પણ જીવંત હોત ! તો ૭૨ માં વર્ષમાં પ્રવેશ થઈ ગયો હોત ! પણ વિધિને કાળ રાજાને અને કર્મ રાજાને માન્ય હોય તે આપણે સહુએ માન્ય કરવાનું રહ્યું જેઠ સુદ ૬ મી એ પુણ્ય દિવસ પૂજ્ય ગુરુદેવનો દીક્ષા દિવસ છે, છેલ્લો દિવસ નવરંગપુરામાં ઉજવ્યો હતો અને તેજ વખતે પૂજ્ય ગુરુદેવે પાટીમાં લખીને જણાવેલ "આ મારો છેલ્લો દીક્ષા દિવસ છે" મહાપુરુષની એ વાણી સત્ય થઈને રહી તેઓને કાળના કબજામાંથી બચાવવાના દરેક પ્રયત્નો હવાતિયા જેવા પુરવાર થયા પણ સદા વચન સિદ્ધ જેવી વિક્રમવાણી સિદ્ધ થઈ. આ માસમાં અમે સહુ કેવા ઉમંગમાં રહેતા હતા પૂજ્ય ગુરુદેવનો દીક્ષા દિવસ નિત્ય નવીનતાથી ઉજવાતો હતો અને એ વાત્સલ્યમયી માતા સમ પૂજ્ય ગુરુદેવ કેવા મંગળ આશીર્વાદ આપતા હતા ! આ ઘટનાને દુઃખદાયી માનીને નિરાશ થવાની જરૂર નથી કે દુઃખદાયી સ્મૃતિ સમજીને તેને મનમાંથી નાબુદ કરવાની જરૂર નથી પણ એક મહાન સત્યને સ્વીકારીને પૂજ્ય ગુરુદેવની પાસેથી પ્રેરણા પામીએ અને કર્તવ્યની કેડી માંગવી ના છે.

હે ! ગુરુદેવ હમેશની મારી પ્રાર્થનાની જેમ આ જનાં મંગલ દિને પણ આપ મંગળ આશીષ વરસાવજો ! આપ પ્રસંગે પ્રસંગે સ્વપ્નમાં

(જુઓ પાના ૮ ઉપર)



# શુદ્ધિનો અમોઘ ઉપાય

[ જૈન સમાજના જૈન ધર્મના મર્મના સરળ અને સહજ ભાષાના સત્યતાની સિંહ ગર્જના નિડરપણે કરનાર સૌરાષ્ટ્ર કેસરી પ. પૂ. આ. શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ. ની અનેકવિધ સાહિત્યની કૃતિમાંથી વર્તમાન જૈન સંઘને ઉપયોગી અને પ્રેરણારૂપ ને તેવી લેખનસામગ્રી તેમના વિનીત શિષ્યરત્ન ગણિવર્યશ્રી યશોવિજયજી દ્વારા અહીં પ્રસ્તુત છે ]

" કર્મરૂપી અંધકારને હટાવનાર તપ એ સાક્ષાત ઝળહળતા સૂર્યોદય થતાં અંધકાર વિખરાઈ જાય છે તે તપશ્ચરણથી વાસનારૂપી અંધકાર વિખરાઈ જાય છે. લૌકિકશાસ્ત્રમાં સૂર્ય બાર કહેવાય છે, તેમ શાસ્ત્રોમાં અનશન ઉણોદરી, રસત્યાગ વગેરે તપના પણ બાર પ્રકાર કહ્યા છે, અનશન (ઉપવાસ) રસત્યાગ વગેરે બાહ્ય તપ છે જ્યારે વિનય, પ્રાયશ્ચિત, ધ્યાન વગેરે અંતરંગ તપ છે. સૂર્ય જગતને પ્રકાશ આપવાની સાથે તાપ પમાડે છે, જ્યારે તપરૂપી સૂર્ય કષાયતાપથી રહિત છે આત્માના સ્વભાવ સ્વભાવની પ્રાપ્તિ માટે તપશ્ચરણ છે.

કષાય, આહાર અને વિકાર–આ ત્રણેનો જેમાં ત્યાગ હોય તે શ્રેષ્ઠ તપ છે. તે સિવાય કષાય સહિત તપ તો કાયકલેશ અને લાંઘણરૂપ છે. શાસ્ત્રો ફરમાવે છે કે, તપ અને સંયમનું પાલન કરનારમાં પણ જો કષાય ઉગ્રપણે વર્તતા હોય તો તેનાં તપશ્ચર્યા અને સંયમપાલન શેરડીના પુષ્પની જેમ નિષ્ફળ છે શેરડીને જે પુષ્પ આવે તેને લોકભાષામાં તમરાં કહેવામાં આવે છે તે તમરાં શેરડીના રસને ચૂસી લે છે, તેમ ક્રોધ આદિ કષાય આત્માનો સમતારસ ચૂસી લે છે, જ્યારે તપ તો સમતાપૂર્વક આચરવાનું છે, અને તે રીતે આચરેલા તપથી જ કર્મક્ષય થાય છે, કર્મોને તપાવે તેને જ 'તપ' કહેવામાં આવે છે. તપ કરીને મન કે તનને તપાવવાનાં નથી પણ કર્મ તપાવવાનાં છે, તપરૂપી અગ્નિમાં કર્મમળ બળી જવાથી આત્મા નિર્મળ બને છે. અગ્નિથી જેમ સુવર્ણની શુદ્ધિ થાય છે તેમ તપથી આત્માની શુદ્ધિ થાય છે, પણ તે તપમાં ક્રોધ ન જોઈએ, ક્રોધ એ તપનું અજીર્ણ છે. તપ એ તો મહારસાયણ છે. રસાયણના સેવનથી જેમ વ્યાધિ શમે છે તેમ તપરૂપી રસાયણના સેવનથી મહાભયંકર ભવવ્યાધિ શમી જાય છે. સેવન કરનારે કુપથ્ય ન કરવું જોઈએ તેમ તપરસાયણનું સેવન કરનારે ક્રોધરૂપી કુપથ્ય ન કરવું જોઈએ. આજના યુગમાં વ્યસન ખૂબ જ વધતાં જાય છે. આજે ભાણે બેસીને જમનારા કરતાં ભટકીને જમનારા વધ્યા છે. મોટે ભાગે માણસો ચા, બીડીના વ્યસની બની ગયા છે, જે તે ખાવું અને જ્યાં ત્યાં ભટકવું એ તો આ જમાનાની જાણે ફેશન થઈ ગઈ છે. વ્યસન આદિનો ત્યાગ તે પણ પરમ તપ છે, ઇચ્છાઓ ઉપર જેટલો કાપ મુકાય તેના જેવું એકેય તપ નથી. ઉપવાસ આદિ તપથી આત્મિક લાભ તો મળે જ છે. પણ તપથી શારીરિક લાભ પણ થાય છે આજે મનુષ્યો તપમાં પ્રમાદી બન્યા તેમાં જ અનેક રોગો શરીરમાં ઘર કરી ગયા છે, છતાં તપ આચરનારની દૃષ્ટિ આત્મિક લાભ તરફ હોવી જોઈએ.

કેટલાક શુષ્ક અધ્યાત્મી તપશ્ચરણને નિરર્થક ઠરાવે છે. પણ તે તેમનું ઘોર અજ્ઞાન છે "तपसा निर्जरा' 'તત્વાર્થસૂત્ર'માં ઉમાસ્વાતિજી ફરમાવે છે કે, કર્મોની નિર્જરા (કર્મક્ષય) તપથી જ થાય છે. તપને નિરર્થક કહેનારા મહામિથ્યાત્વી છે, તપ અને સંયમના આચરણથી અનંતાનંત આત્માઓ મોક્ષપદને પામ્યા છે, તેથી જ આત્મશુદ્ધિ માટે સૌએ યથાશક્તિ તપ આચરવું જોઈએ.

## પાનોલીમાં નામકરણ સમારોહ

અંકલેશ્વર–કોસંબા વચ્ચે હાઈવે પર આવેલ 'પાનોલી' ગામે જૈનોની વસતી ન હોવા છતાં પૂ. સાધુ–સાધ્વીજી મ. ના આવાગમન વખતે વિહારક્ષેત્ર હોવાથી અહીં ૨૦૦૯માં યુગદિવાકર પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજી મ. ના સદુપદેશથી ધર્મશાળાનું અને ત્યારબાદ વર્ષો પૂ. પં. શ્રી સુશીલવિજયજી મ. ની પ્રેરણાથી 'ધર્મવિહાર' જૈન ઉપાશ્રયનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તાજેતરમાં ગુરુમંદિરમાં પ્રભુપ્રવેશ અને સ્થાપના, યુગદિવાકરશ્રીના તૈલચિત્રની અનાવરણવિધિ તથા 'શ્રીમતી રમીલાબેન કુલચંદ ચીમનલાલ કરણી ધર્મવિહાર ઉપાશ્રય' અને 'શ્રીમતી નન્દીબેન–કસ્તુરભા ઝવેરચંદ શાહ જૈન સેનેટોરીયમ'ની નામકરણવિધિ થતાં વધુ સુવિધા પ્રાપ્ય બની છે અને નામકરણદાતાઓ દ્વારા સારી એવી રકમ આપી લાભ લેવામાં આવ્યો હતો.

## ૩૦ લાખનું દાન

'નવનીત પ્રકાશન'વાળા શાહ બંધુઓ તરફથી વલસાડ હાઈવે પર વીતરાગ ફાઉન્ડેશન સંચાલિત ગૌશાળા તથા કુદરતી ઉપચાર કેન્દ્ર માટે રૂા. ૩૦ લાખનું દાન આપવામાં આવેલ છે. આ રકમમાંથી ગૌશાળાના મકાનને વિસ્તારાશે, જેથી ૭૦ થી ૮૦ હજાર ઢોરોનો નિભાવ થઈ શકશે.

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 29919

# જૈન

આજીવન સભ્ય ફી રૂા. ૩૦૧/-
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-
જાહેરાતના પેજના રૂા. ૫૦૦/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

વર્ષ : ૮૪
'જૈન'
અંક : ૧૩/૧૪

વીર સં. ૨૫૧૩; વિ. સં. ૨૦૪૩ જેઠ વદ ૧
૧૨ જુન, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

# દેખ તેરે શાસન કી હાલત...

આવું રૂડું અને રળીયામણું શ્રી જિનશાસન અને એમાં આટલો બધો વિખવાદ !

'ખામેમિ સવ્વે' એમ બોલીને જ્યાં રોજ કલહ-કજીયા-કંકાશને પાપસ્થાન સમજીને એ માટે મિચ્છામિ દુક્કડમ્ દેવાતો હોય એવા આ જૈન શાસનમાં જ્યાં જુઓ ત્યાં ઝગડા!!

મૈત્રીભાવ આદિ ચાર ભાવનાઓના જ્યાં પળે પળે મંગલ ગીતો ગવાવા જોઇએ એવા જિનશાસનમાં એક/બીજા સાધુ-સમુદાયો અને એના અનુયાયીઓ વચ્ચે દ્વેષ અને વૈરની બિહામણી જ્વાળાઓ !!!

સુકૃત અનુમોદનાની જ્યાં ઢોલ સાથે શરણાઇઓ નિત્ય ગુંજવી જોઇએ ત્યાં જ બીજાના સુકૃતો પ્રત્યે ભારે ઇર્ષ્યાનો દાવાનલ !

સાધુતાનું કફન ઓઢાડીને જ્યાં અહંભાવને સાવ દફનાવી દેવાના રોજ ઉપદેશો દેવાતા હોય ત્યાં જ અહંકારની પાશવી લીલાઓ !!

જ્યાં સાધર્મિકો પ્રત્યે અપારભાર આદર અને બહુમાનના સૂર ગુંજી રહેવા જોઇએ ત્યાં જ એક-બીજાને ગૂંગળાવીને પછાડી દેવાની રાક્ષસી ઝનૂનવૃત્તિઓ !!!

સકલસંઘના અભ્યન્તર ઉત્કર્ષ માટે જ્યાં નિત્ય નવા નવા મંગલ આયોજનો ગાજતા હોવા જોઇએ તેને બદલે એ શ્રીસંઘની છાતી આજે અનેક સ્વાર્થપૂર્ણ કદાગ્રહોના કારમા ઘાથી લોહી-લુહાણ !

જે શાસનને પામીને, જે શાસ્ત્રોને ભણીને પુર્વકાળે અનેક સજ્જનોએ પોતાના અભિનિવેશોને ઓગાળી નાંખ્યા. એ જ શાસન શાસ્ત્રોના નામે પોતપોતાના જડ કદાગ્રહોનું પોષણ અને સમર્થન !!

ઓહ ! આ બધું શું થવા બેઠું છે ?

"એ તો બીજ તે સાડા અઢાર હજાર વર્ષો સુધી આમ જ ચાલતુ રહેવાનું- શાસ્ત્રમાં જ કહ્યું છે." આવા બોદા આશ્વાસનો ક્યાં સુધી ?

"ભાઇ ! આપણે આપણું (આપણો પક્ષ, આપણો ગચ્છ, આપણો સમુદાય, આપણા ક્ષેત્રો, આપણા ભકતો, આપણા પોતાના બાંધેલા સિદ્ધાન્તો (?) આ બધું ?, સંભાળો ! બીજાની ચિંતા લઇને ફરવાથી શું વળશે ?" આવી ઘોર ઉપેક્ષા ક્યાં સુધી ?

"પણ હવે આપણુ પુણ્ય પણ પહોંચવું જોઇએ ને !" આવી નરી દીનતાનો શું અર્થ ?

શકિત હોવા છતાં ભગવાનના શાસનની આવી કઢંગી કરૂણાજનક સ્થિતિ નજરે નિહાળવા છતાં પણ પેટનું પાણી જ ન હાલે.... તો પછી હું આચાર્ય છું જૈનશાસનનો, તપાગચ્છનો અધિપતિ છું- પ્રભાવક છું આ શાસનનો, સમ્રાટ છું શાસનનો, હું જૈન સાધુ છું- જૈન શ્રાવક છું- આગેવાન છું સંઘનો- સંરક્ષક છું શાસન-સમાચારી-શાસ્ત્ર-સિદ્ધાન્ત આ બધાનો, આવું કહેવાનો-કહેવડાવવાનો- કે આવા બિરુદ ગાવાનો-ગવડાવવાનો, લખવાનો-લખવા દેવાનો મને અધિકાર જ શું છે ? કોઇ ગોચરી માટે વિનંતી કરવા આવે, મહોત્સવમાં પધારવાનું આમંત્રણ આપવા આવે, મને જૈન સાધુ કે આચાર્ય સમજીને પુજવા આવે તો મને શું હક્ક છે એક જૈન તરીકે હા પાડવાનો કે પુજાવાનો ?? જૈન કહેવડાવું છું, જૈન તરીકેના બધા લાભો-વાહ વાહ-સન્માન મેળવતો રહું છું અને બીજી બાજુ ભગવાનના શાસનની જે પાયમાલી થઇ રહી છે તેને ઠંડે કલેજે વર્ષોથી જોતો પણ રહું છું !!!

અરે ! એના કરતાં તો કોઇ શાસનદેવતાએ આવીને મારી આંખો કેમ ઉપાડી ન લીધી ? લોકોએ મારા ઉપર ફિટકાર અને ધિક્કાર કેમ ન વરસાવ્યો ? સમર્થ શકિતશાળી અને પ્રચંડ પુણ્યાઇ મારી સાથે હોવા છતાં સંઘ-શાસનના કલ્યાણ પ્રત્યે ઘોર ઉપેક્ષાભાવ દાખવતા મને શું કર્મસત્તા કોઇ શિક્ષા જ નહિ કરે ???

ના ના ! આ સ્થિતિની હરગિજ ઉપેક્ષા થઈ શકે નહિ ! જૈનશાસનની આ દુર્દશા કદિ પણ ઠંડે કલેજે જોઈ શકાય નહિ મારા–તારાની ખેંચપકડમાં ભગવાનના શાસનને, શાસનના મહત્વના અંગોને થઈ રહેલી સજા હવે તો ન જ સાંખી શકાય. જો આ ભયંકર રોગનો ઈલાજ ન થાય તો મારા કપાળે સદાયે કાળી ટીલી જ રહી જાય. કંઈક તો મારે કરવું જ જોઈએ, કરવું જ પડશે. ના, ના એમ નહિ, કાલથી નહિ, આજથી જ....અને એ મંગલ ઘડીં....મંગલ પળે.... એક ધન્યપુરૂષે એક મહાપુરૂષે....કઠોર અભિગ્રહ ધારણ કરી લીધો... "જ્યાં સુધી શાસનની આ દુર્દશાનો અન્ત આવે નહિ ત્યાં સુધી મારે આ શરૂ કરેલી સોમી વર્ધમાનતપની ઓળીનું પારણું કરવું નહિ." સો આંબેલ તો ક્યારનાયે થઈ ગયા...બસો થયા....ત્રણસો થયા....ત્યાં સુધી તો કોઈને કાંઈ ગતાગમ જ નથી. ધન્ય છે એ ગંભીરતાને.... આખરે શ્રીસંઘને એ પ્રચંડ મંગલ અભિગ્રહની સુગંધ આવી. દીલ ઓવારી ગયું....કંઈકના હૈયા થડક્યા. પેટનું પાણી હાલ્યું. ભારે પુરૂષાર્થના પગરણ મંડાયા. ચક્રો ગતિમાન થયા. પરસ્પર વિચારણાઓ થઈ. એક સર્વસમ્મત સમજુતિ થવાની ઘડીયો....અરે પળો તદન નજીક આવી ગઈ....

અને એક વર્ગની ઉંઘ ઉડી ગઈ....એં....એં.... આ શું.... સમાધાન?? એકતા?? તો પછી આ ભેદભાવની આડમાં ખિચડી પકાવી લેનારા મારા જેવા કાયમ માટે બેકાર? ઓહ બેકારી....નહીં....નહીં.... અને એ મેદાને પડયા. આ જશ ખાટી જાય, પેલો જશ ખાટી જાય....અને અને...હું મારા ગુરૂ... એમને અત્યાર સુધી મારી/અમારી માન્યતાઓને બચાવવા માટે આપેલો મહા-ભોગ....શું આ બધુ એળે જશે....? નહિ....નહિ.... આ સમાધાન તો તુટવું જ જોઈએ....કરો કેસરીયા....બાંધો કછોટો! "શાસ્ત્રને બાજુ પર મુકીને એકતા શેની ? પરંપરાને તરછોડીને સમાધાન શેનું ? થઈ જ ન શકે."…. નારાઓ ગૂંજવા માંડયાઃ સમાધાનને તોડવા માટે, એકતાને ગૂંગળાવવા માટે, સમાધાન પટ્ટક ઉપર સહી કરનારાઓને દબાવવા માટે, ધમકાવવા માટે. જાતજાતના તોફાનો જાતે જ શરૂ કર્યા. સીફતથી...આ તોફાનો આ ખળભળાટ ..બધુ જ આ નવા થયેલા સમાધાનપટ્ટકના નિમિત્તે જ.... એવા હડહડતા જુઠાણાનો પ્રચાર થવા માંડયો. "આ પટ્ટકે તો જેના ચાર કર્યા...હતું તે સારૂં હતુ"....એવા બધા ગોબેલ્સ પ્રચારોનો યુગ હજુ આથમ્યો નથી.

હાય કલિયુગ ! અંગ્રેજો ગયા પણ વારસામાં ભારતને આવી જ ભેદનીતિ–કુટનીતિની ભેટ આપતા ગયા.... ભાગલા રહે તો જ આપણું વર્ચસ્વ અડીખમ ઉભુ રહે....એવા તુચ્છ ગણિતો મંડાવાના ચાલુ થઈ ગયા.

અને....પેલા મહાપુરૂષ....ધન્યપુરૂષની કઠોર તપશ્ચર્યા હજુ ચાલુ જ છે....અગીયારશો આંબેલ થઈ ગયા છે અને સમતાભાવમાં ઝીલી રહ્યા છે...હજુ એમને વિશ્વાસ તો એવો ને એવો જ છે કે ભલે કંઈક ખખડાટ થશે પણ આખરે તપના પ્રભાવે કાળમીંઢ હૈયા પણ ઓગળશે જ, સમાધાન થશે જ..... એકતા થવી જ જોઈએ.... ન થાય ત્યાં સુધી આંબેલ ચાલુ જ છે....

સાહેબ ! આપણી એંશી ઉપર તો ઉંમર થઈ છે.... શરીર તો ખખડી ગયુ છે... ભક્તો વિનંતી કરે છેઃ સાહેબ ! પારણું કરો.... મહેનત તો ઘણી જ ચાલે છે પણ ભાગલાવાદીઓનું પુણ્ય (કયું પુણ્ય ?) જોરમાં છે કે શું કંઈ ખબર પડતી નથી. એમને મન આપના અભિગ્રહની કોઈ જ કીંમત નથી... એ લોકો તો આપણા અભિગ્રહની હઠાગ્રહ–નિયાણું કહીને નિંદા–જુઠો પ્રચાર કરી રહ્યા છે... પારણું કરી દો...

ભાઈ ! મારો અભિગ્રહ તો કાલે છોડું, દઉં ? પણ આ શાસનનું શું... સંઘનું શું ? સાધુ–સાધ્વીનું શું ? શાસનની મિલકતોનું શું ? તીર્થોનું શું ? જો ચાલે છે એમ ચાલતું રહેવાનું હોય તો આપણા અળશીયા જેવા જીવતરથી પણ શું ? જીવવું છે તો ફુલની જેમ, ભલે ટુંકું પણ શરૂઆતથી માંડીને છેલ્લા શ્વાસ સુધી સુગન્ધ રેલાવતા... જીવવું છે અગરબત્તીની જેમ.... જાતને સળગાવીને પણ મઘમઘાટ ફેલાવતા.... જીવવું છે દીપકની જેમ.... જાતે બળીને પણ પ્રકાશ પાથરતા. અરે ! પેલા ખેતરના ચાડીયાની જેમ વર્ષોના વર્ષો સુધી જીવવા કરતા તો આ ભગવાનના શાસન માટે કંઈક કરી છુટતા મરવું લાખ દરજ્જે બહેતર છે.... ફિકર મોતની નહિ પણ હવે તો શાસનની જ કરવાની છે.... છેલ્લા શ્વાસ સુધી મરદાનગીથી જ જીવવું છે.... ક્ષુદ્ર સ્વાર્થ ખાતર તો ઘણીવાર બલીદાન આપ્યા, હવે આ એક ભલે થઈ જતું શાસનને ખાતર !

નિકાચિત–ગાઢ ચીકણા કર્મો પણ તપશ્ચર્યાથી ખપે છે તો શું એકબીજાના કદાગ્રહોની ગાંઠો એનાથી નહીં છુટે ? શું એકબીજાથી અલગ ચોકો જમાવવાની લેલછા નહિ છુટે ? શું એકબીજા પાછળ પત્રિકાઓ દ્વારા પત્થર ખાંડવાની મેલી મુરાદ નહીં મટે ? ભગવાનના શાસનની આંબેલની તપશ્ચર્યાનો પ્રભાવ કંઈક જુદો જ છે અને એ જરૂર સોનાનો સૂરજ એકવાર શાસનમાં ઉગાડશે જ, એ જરૂર સંગઠનની મજબુત ઈમારત ચણશે જ... હા એ ઈમારતના પાયામાં મારા જેવા એક નહિ એકવીશની પણ જરૂર પડે.

રે આનંદ–કલ્યાણી સંઘ ! શું તારી પાસે એવા નરબંકા ખુટી ગયા છે કે જે આ મહાપુરૂષની સાથે પાયામાં પડવા તૈયાર ન હોય ?

રે શાસન ! શું તારા તેજ લુટી ગયા છે કે એક નહિ એકાવન મરદના બચ્ચા આ મહાપુરૂષ સાથે એમના જેવા અભિગ્રહથી જોડાઈ ન જાય !

રે કુદરત ! તુ હસીશ નહિ. એક એક સમુદાયમાંથી આવા એક એક તો નિકળશે જ અને જ્યારે તેઓનું મંગલ ધ્યેય સિદ્ધ થશે ત્યારે યાદ રાખજે તારી વક્રતાને બરાબર તમાચો પડયા વિના રહેશે નહિ ! આજે તારા દિવસ છે... હસી લે, હસવું હોય એટલું... પણ કાલ તો–આવતી કાલનો દિવસ મારા ભગવાનના શાસનનો જ છે... ધન્ય છે એ મહાપુરૂષને... પ. પુ. ઘોર અભિગ્રહધારી... સંઘ–શાસનના હિતના ભેખધારી... સકલજીવકલ્યાણકામી.. પરમ તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયહિમાંશુસુરીશ્વરજી મહારાજ સાહેબને ! ધન્ય છે તેમની મંગલ તપસ્યાને !

# બે પ્રેરક પત્રો...

[કોલ્હાપુર ખાતે પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ. ની નિશ્રામાં ત્રણ પૂજ્ય શ્રમણભગવંતોને આચાર્યપદવી અર્પવામાં આવી. તેમાં એક હતા જાણીતા વિદ્વાન પૂજ્યશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ. તેઓશ્રીએ પદવી પૂર્વે પોતાના ભક્તશ્રાવકગણને એક નવો જ રાહ દર્શાવતો પ્રેરક પત્ર લખ્યો હતો. એ પત્ર કેવો અનુમોદનીય અને આવકાર્ય છે તે, તેઓશ્રીના પત્રથી જ જાણીએ. આ પત્ર હિન્દીમાં હોય અહીં ગુજરાતી અનુવાદ કરી તેમાંની જરૂરી વિગત પ્રગટ કરીએ છીએ. —તંત્રી.]

ધર્માનુરાગી સુશ્રાવક,

સપ્રેમ ધર્મ લાભ.

...પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પાવન નિશ્રામાં તા. ૨૪/૪થી આચાર્યપદ-પ્રદાનનો મંગલ મહોત્સવ પ્રારંભ થશે. તા. ૪/૫ના શુભ દિવસે આચાર્યપદ-પ્રદાન થશે. આ મંગલ પ્રસંગ પર આપ અહીં આવવાનું વિચારતા હશો અને ભક્તિ-શ્રદ્ધાના પ્રતિક રૂપ કામળી વહોરાવવાનું પણ વિચારતા હશો.

મારે વાત્સલ્યભાવથી એક વાતની જાણ કરવી છે.

આ પદવી પ્રસંગ પર હું એક જ કામળી વહોરીશ, કે જે પરંપરાનુસાર વહોરવી પડે છે. બીજી કોઈપણ કામળી વહોરવાની [illegible] નથી. હા, આપને કોઈ લાભ લેવો જ હોય તો આપ [illegible]ની વાતોમાંથી વધુ ને વધુ સંકલ્પ કરશો, તો મને ઘણો જ [illegible]દ થશે અને હું માનીશ કે મને શ્રેષ્ઠ વસ્તુ પ્રાપ્ત થઈ.

| | |
|---|---|
| બીડી-સીગરેટનો ત્યાગ. | * પ્રતિદિન ૧૦૮ નવકારનો જાપ. |
| પાન પાનપરાગ, માવાનો ત્યાગ | * પ્રતિદિન પ્રભુદર્શન-પૂજન. |
| સિનેમા નો ત્યાગ. | * પ્રતિદિન એક સામાયિક. |
| હોટલમાં ખાવાનો ત્યાગ. | * પ્રતિદિન અમુક સમય સ્વાધ્યાય |
| હિંસા જન્ય સૌન્દર્ય-પ્રસાધનોનો ત્યાગ. | * અનુકંપાદાન. |
| | * માતા-પિતાનો આદર. |
| [illegible]ધનો ત્યાગ. | * પૂજ્યોની ભક્તિ. |
| રાત્રિભોજનનો ત્યાગ. | |

આ ઉપરાંત આપ અહીં પધારો ત્યારે જીવદયાના કાર્યમાં [illegible]ક સહયોગ આપી શકશો. સમ્યગ્જ્ઞાનના પ્રચાર-પ્રસારમાં [illegible]થિક યોગદાન આપી શકશો. બીજા પણ સુકૃત કાર્યોમાં આપની લક્ષ્મીનો સદુપયોગ કરી શકશો. કામળી વહોરાવવાની નથી.

મને વિશ્વાસ છે કે મારી આ વાત આપને સારી લાગશે.

— ભદ્રગુપ્તવિજય.

તાજેતરમાં ભાવનગર ખાતે સર તખ્તસિંહજી હોસ્પીટલમાં ઇન્ટેન્સીવ કાર્ડીએક કેર યુનીટ શરૂ કરી ભાવનગર જિલ્લાને આ અપ્રાપ્ય એવી તબિબિ સેવા ઉપલબ્ધ બનાવનાર મુંબઈ નિવાસી શ્રી ચીનુભાઈ ઘોઘાવાળાએ, આ યુનીટના ઉદ્દઘાટન બાદ, પોતાના પ્રિય સ્વજનોને ઉદ્દેશીને એક પત્ર લખેલ છે. આ પત્ર સેવાભાવનાના ઉચ્ચ આદર્શની ઝાંખી કરાવતો હોય, તેની નોંધપાત્ર વિગતો સહર્ષ અહીં રજુ કરીએ છીએ. —તંત્રી]

"જિંદગીના અનુભવોના સરવાળા-બાદબાકી કરતાં અમને એવું લાગે છે કે દરેક વ્યકિત પોતાની બધી પ્રવૃતિમાં માનવી સામે માનવી બનીને ઉભો રહે એટલું જ બસ છે.

આજે માનવીનું જીવન એવું વ્યસ્ત-ત્રસ્ત અને [illegible]ણાવગ્રસ્ત છે કે હજુ માંડ યુવાનીનો ઉંબરો વટાવે ત્યાં જ હૃદયની બિમારીથી ઘેરાય જાય છે, અને આની સારવાર ખુબ જ કાળજી માંગી લે છે.

રાજકોટ સિવાય સૌરાષ્ટ્રમાં કયાંય બીજુ I. C. C. Unit નથી, એટલે અમારા કુટુંબીજનોએ નિર્ણય લીધો કે ભાવનગરમાં આવું યુનીટ આપણે આપવું જેથી દર્દીઓને ઘરઆંગણે પોતાના સગાઓની હુંફ મળે અને દુરના પ્રવાસ કે અજાણ્યા સ્થળે રહેવાની મુશ્કેલીઓ ટળી જાય.

આ શુભ ભાવનાઓ સહ ભાવનગરની સર તખ્તસિંહજી હોસ્પીટલમાં જિલ્લા આયોજન મંડળના સહકારથી 'શ્રી ચીનુભાઈ શાહ ઇન્ટેન્સીવ કાર્ડીએક કેર યુનીટ' શરૂ કર્યું છે, અને 'શ્રી રસીલાબેન કાર્ડીયક કેર એમ્બ્યુલન્સ' સેવામાં અર્પિત કરેલ છે.

ઉદ્દઘાટન સમારંભ, ભાષણ અને ફુલહાર કરતા પણ હવે વધારે જરૂર છે આશીર્વાદ, સાચા માર્ગદર્શન અને શુભ ભાવનાની. એટલે પુષ્પહારની બદલે આપની પ્રેરણા, ઉદ્દઘાટનની બદલે અંતરનો ઉમળકો, સમારંભની બદલે સદ્‌ભાવના અને પ્રવચનની બદલે આપના પ્રેમની જરૂર છે.'

શ્રી ચીનુભાઈ શાહ રીસર્ચ સેન્ટર વતિ
લી. ચીનુભાઈ શાહ, રસીલાબેન શાહ,
અશોક શાહ, શૈલેષ શાહ.

# જરાક વાંચી લેશો...

[લે : પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિ-વિક્રમસૂરી મ.સા.ના પટ્ટપ્રભાવક શિષ્ય પૂ.આ.શ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મ.સા.]

## મુંગો ઉપદેશ

મોહનશેઠ આજે મહાનતીર્થમાં યાત્રા કરવા આવ્યા.
ભાવિકોની લાંબી કતાર છે.
સહુ ઈચ્છે છે પોતાનો નંબર આગળ આવે.
સૌને પૂજા તો પ્રભુની જ કરવી છે.
પણ
આ પ્રતીક્ષા પ્રત્યે સૌને નફરત છે.
મોહનશેઠ આ કતારમાં છેલ્લા ઉભા છે. તેમના પછી જે ભાવિક પૂજા કરવા આવે છે તેને પોતાની કરતાં આગળ જવા વિનંતિ કરે છે અને પોતે પાછળ ઉભા રહે છે લગભગ આઠ વાગ્યાથી બાર વાગ્યા સુધી આ ક્રમ ચાલ્યો.
હજી મોહનશેઠનો નંબર લાગ્યો નથી.
શેઠ હજી યે છેલ્લે જ છે.
પેલો મંદિરનો .... જમાનાનો ખાધેલો પૂજારી જુએ છે.
કમાલ છે આ શેઠને !
થોડા ગાંડા લાગે છે....
પુજારી સ્વયં વિચારે છે.....
ના... ના.. ગાંડા તો ન

અરે ! આ તો એજ શેઠ છે કે જે અનેક વાર પહેલી બોલી બોલીને પ્રભુની પુજા કરે છે.

આ શેઠ છે તો શ્રીમંત

પુરા સમજદાર

પણ ... આમ કરશે તો હજુય અડધો કલાક આમ જ નીકળી જશે બરાબર ૧૨॥ વાગે મોહનશેઠનો પુજાનો નંબર લાગ્યો. પુજારી સિવાય પાછળ હવે કોઇ ન હતું. પ્રભુ હતા ... ભક્ત હતો ... અને પુજારી હતો.

મોહનશેઠ આજે પરમ પ્રસન્ન હતા.

દાદા ! આજે તારી ખરી જાત્રા કરી.

મારા આવ્યા પછી જે તારી પાસે આવ્યુ તે કોઇને ય તારી પાસે મોકલ્યા વિના રહ્યો નથી

આજે પ્રભુના અંગે ... અંગે પુજા કરતા તે પુજાઓ જાણે

સંખ્યાત----

અસંખ્યાત----

અને અનંત ગુણી થતી દેખાતી હતી.

મોહનશેઠને લાગતું હતું

પેલા કવિએ ઠીક જ લલકાર્યું છે.

પિયુ મિલન તો વિરહના રંગે જ જામે.

ઓ દેવ !

બધા આયે રામ ગયે રામ ગયા.

તું મને તારામાં સમાવી લે.

પણ ... પેલા મોહનશેઠની તો ધર્મશાળામાંય એટલી જ ચર્ચા ચાલતી હતી.

આજે કોઈ ધુની પુજાની લાઈનમાં હતા.

દરેકની વાત કંઈક એવી જ હતી

ધર્મને ઉંડી રીતે સમજનારાને મોહનશેઠે આ મુંગો ઉપદેશ આપ્યો હતો.

સમજનારા સમજી ગયા ...


# શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભૂપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

# યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય શ્રી ધર્મઘોષસુરિજી મ ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦ માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર-ભોંયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,પ ,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રાની સાથે જ મેવાડની પંચતીર્થીના દર્શનનો પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમન્દ-કાંકરોલીની મધ્યમાં છે. લગભગ ૨૫૦ પગથીયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

**લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી**

**ભૂપાલસાગર (રાજસ્થાન) ફોન નં. ૩૩**



# જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા, અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ... થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ** - (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરૂદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠેની કલાત્મક હવેલીઓ (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ. જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરૂભુમિમાં હોવા છતાં પાણી અને વીજળીની પૂરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા ભાગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઇન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ**

**ગ્રામ : જૈન ટ્રસ્ટ] ફોન નં. ૩૦**

**જૈસલમેર (રાજસ્થાન)**

# ગુરુ-ઋણ અદા કરવાનો પ્રસંગ

## પૂ. આ. શ્રી વિજયવલ્લસૂરીશ્વરજી મ.ની દીક્ષા શતાબ્દીનો પ્રારંભ

ગુરૂઓના ઉપકારનો સ્વીકાર એ દરેક ધર્મ–સંસ્કૃતિનું એક અગત્યનું અંગ લેખાય છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરૂઓના આ ઉપકારને ઋષિ–ઋણ તરીકે બિરદાવવામાં આવ્યું છે અને એ ઋષિ–ઋણને અદા કરીને જ માનવી પોતાની સંસ્કારિતાને શોભાવી શકે છે.

પરમ પૂજ્ય પંજાબ કેસરી, યુગવીર, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. એ જૈન ધર્મના અનુયાયીઓની રોટી જેવી સામાન્ય જરૂરિયાતથી માંડીને તે જ્ઞાન અને ઉચ્ચ સંસ્કારના દાન જેવી મહત્વની બાબતની આજીવન ચિંતા સેવી હતી આ સમાજની પ્રગતિને માટે જરૂરી એવા દરેકે દરેક (સાતેય) ક્ષેત્રમાં પોતાનો પુરૂષાર્થ કામે લગાડીને જૈનસમાજની ચિરસ્મરણીય બની રહે એવી અનેકવિધ સેવા બજાવી હતી. આ રીતે સદ્‌ગત આચાર્ય મહારાજે જૈન સમાજને પોતાનો ખૂબ ખૂબ ઓશીંગણ બનાવ્યો હતો. માતા જેવા વત્સલ આ ગુરૂ મહારાજનું ઋણ જૈન સમાજ કદી ન વીસરી શકે એટલું મોટું છે.

આ ધર્મવીર–ધર્મગુરૂ દેવનું યત્કિંચિત ઋણ અદા કરવાનો પૂણ્ય પ્રસંગ તેમના દીક્ષાને ૧૦૦ વર્ષ થતા હોય (રાધનપુરમાં સં. ૧૯૪૩ના વૈશાખ સુદ ૧૩ ના શુભદિને પૂ. આ. શ્રી આત્મારામજી મહારાજે મુનિ શ્રી હર્ષવિજયજી મ. ના શિષ્ય તરીકે દીક્ષા આપેલ) તેને આ. સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૧ ના દીક્ષા શતાબ્દીનો પ્રારંભ થતો હોય તેમના વર્તમાન ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. આદિએ દીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે.

ગુરૂ–ઋણ–મુક્તિ માટે દીક્ષા શતાબ્દીના પ્રારંભ સમયે જ પુજ્યશ્રીના વિચારો અને કાર્યને અનુરૂપ પાવાગઢ મુકામે યોજવામાં આવેલ આ સમારંભ પ્રત્યે અને તે પ્રસંગે પાવાગઢ પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા (નૂતન જૈન) પરમાર ક્ષત્રિય સમાજને જૈન ધર્મના શિક્ષણ અને સંસ્કાર મળતા રહે તે માટે કન્યા કેળવણીના કાર્યરૂપે કન્યા છાત્રાલય ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે અમે અમારી પ્રશંસા અને આનંદની લાગણી વ્યકત કરીએ છીએ. અને એના પ્રયોજકોને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ. અને પોતાના ઉપકારી ગુરૂ મહારાજ પ્રત્યેનું ઋણ આ રીતે અદા કરવામાં પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી આદિએ સમસ્ત જૈનસમાજની લાગણીના પડઘો પાડ્યો છે.

આ જ રીતે દીલ્લી ખાતેથી શ્રી આત્મ વલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ દ્વારા પણ જુદા જુદા આયોજનો ગોઠવાઇ રહેલ છે. તેના પ્રેરક અને કાર્યકરોને જાગૃતિ માટે અભિનંદન આપીએ છીયે.

જયારે સદ્‌ગત આચાર્ય મહારાજશ્રીની એક અતિપ્રિય માનસ સંતાન જેવી કહી શકાય તેવી શ્રી મહાવીર જૈન સભાના નામે પ્રવૃતિ કરતી સંસ્થાઓના કાર્યવાહકો સાવ નિષ્ક્રીય અને ઉદાસીનતા સેવી રહેલ છે ત્યારે હવે તેમની ફરજ ગુરૂ–ઋણ ચુકવવાનો અવસર નહિં ચુકે તેવી ભાવના.

આ દીક્ષા શતાબ્દીની ઉપયોગી ને યાદગાર કાયમી રીતે ઉજવણી બની રહે તે માટેના વિચારો પરમ પૂજય આચાર્યદેવશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા.એ તથા મુંબઇના શ્રી કાન્તીલાલ ડી. કોરા દ્વારા તેમની સ્મૃતિમાં ટપાલ ટીકીટ બહાર પડાવવા સક્રીય પ્રયાસ કરી રહેલ હોય તેમજ દિલ્લીના શ્રી રાજકુમારજી જૈને જે રજુ કરેલ છે. તેના ગુરુ ઋણ મુકિતના આ કાર્યને અમે ફરીવાર વધાવી લઇએ અને એના પ્રયોજકોને પુનઃ પુનઃ ધન્યવાદ અને અભિનંદન આપીએ છીએ.



# પ. પૂ. આ. શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મ.સા.ની દીક્ષા શતાબ્દી-પ્રારંભ-પ્રસંગે વર્તમાન સમુદાયના ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસુરીશ્વરજી મ. નો શુભ સંદેશો



યુગવીર, પંજાબકેસરી, પરમપુજ્ય આચાર્યદેવશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજ સાહેબનો ઉપકાર સમગ્ર સમાજ અને ગામે ગામના નાના–મોટા શ્રીસંઘો ઉપર અનહદ ઉપકાર રહેલ છે. તેમણે શ્રી ચતુર્વિધ સંઘના યોગ-

સતત યોગદાન આપી જિનશાસનના સાતે ક્ષેત્રોમાં અનેક વિધ પ્રવૃત્તિ કરી–કરાવી છે. અને તેના ફલસ્વરૂપે અનેક ચતુર્વિધ સંઘમાં જયવંતુ વરતેલ છે.

આવા સંયમી, ત્યાગી, પરદુઃખભંજક શ્રમણશ્રેષ્ઠ પુજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયવલ્લભ સુરીશ્વરીજી મહારાજની જન્મ શતાબ્દી સિત્તર વર્ષ પહેલાજ ભવ્ય રીતે ઉજવેલ છે. અને સૌ કોઇએ ગુરૂભગવંત પ્રત્યેનું ઋણ યથા શકય બજાવેલ છે. તેઓશ્રીની આ વર્ષે સંવત ૨૦૪૩ ના વૈશાખ સુદ ૧૩ થી દીક્ષા શતાબ્દીનો પ્રારંભ થયો છે. આજથી ૧૦૦ વર્ષ પહેલા પરમ પુજ્ય ગુરૂદેવ ૧૯૪૩ ના રાધનપુરમાં પુ. આ. શ્રી વિજયાનંદ સુરીશ્વરજી (આત્મારામજી) મહારાજની શુભ નિશ્રામાં ત્યાગમાર્ગે સંયમ અંગીકાર કરી જિનશાસનને સદાને માટે સમર્પણ થયેલ. અને ત્યાગ માર્ગના સાધક બની નવયુગને જાણી–સમજી જૈન સંઘને યુગ પ્રમાણે મોડ આપી રૂઢીચુસ્ત વર્ગનો આક્રોષ વહોરીને પણ સમાજના દરેક અંગોને વધારે ઉપયોગી બનાવવા સમર્થ બનેલ, તેવા ત્યાગ માર્ગના સમર્થ આચાર્યની દીક્ષા શતાબ્દી વર્ષ હોઈ તેઓશ્રીના આપણા પરના પરમ ઉપકારનું ઋણ અદા કરવા તથા તેમના જીવન અને પ્રવૃત્તિનો પ્રચાર–પ્રસાર કરી તેમણે ચીંધેલા માર્ગે વિશેષ વેગવંતી બને તે માટે કૃતજ્ઞતા બજાવવાનો સુઅવસર હોય, દરેક શ્રીસંઘો તથા શ્રમણો–શ્રમણી સૌ પોત પોતાની શક્તિ મુજબ ભક્તિપૂર્વક જુદા જુદા કાર્યક્રમો એ યુગવીરની સ્મૃતિમાં ગોઠવે અને તેમના ઉપર ગુરૂ પ્રત્યેનું ઋણ અદા કરે.

અમોએ પૂજ્ય ગુરૂદેવશ્રીના દીક્ષા શતાબ્દિનો પ્રારંભ પાવાગઢમાં નૂતન જૈન કન્યાઓને સંસ્કારી અને સ્વાવલંબી બને તેવા મંગળ હેતુલક્ષી કન્યા છાત્રાલયનો પ્રારંભ (ઉદ્‌ઘાટન) કરેલ છે. તેમજ આગામી ચાતુર્માસ વડોદરા હોઈ જુદા જુદા કાર્યક્રમો અમો ગોઠવીશું. તો તેમાં સૌ કોઇને ભાગ લેવા. તેમજ સહ સમુદાયના દરેક શ્રમણો–શ્રમણીઓ અને ઉપકારી શ્રીસંઘો સંસ્થાઓ, કે વ્યકિતગત દરેકે દરેક પોત પોતાની શકિત ગોપવ્યા વગર પુજ્ય ગુરૂભગવંત પ્રત્યેનું ઋણ દીક્ષા શતાબ્દિ નિમિતે પ્રવૃત્તિ કરી/કરાવી બજાવે.

— વિજય ઈન્દ્રદિન્ન સૂરિના ધર્મલાભ.

# પાવાગઢની તળેટીમાં પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ.ની ૧૦૦મી દીક્ષા શતાબ્દીનો પ્રારંભ: કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન અને સંક્રાંતિ સમારંભ.

પંજાબ કેશરી પુ.આ. શ્રી વિજયવલ્લભસુરિશ્વરજી મ. ની ૧૦૦મી દીક્ષા શતાબ્દી નિમિતે વૈશાખ સુદ ૧૩ થી વૈશાખ વદ ૨ સુધી પાંચ દિવસનો મહોત્સવ રાખવામાં આવ્યો. સાથે જ કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન પણ તેઓના વિચારોને સાકારરૂપ આપતું રાખવામાં આવ્યું. તા.–૧૫–૫–૮૭ ના શુભ દિવસે પંજાબ, યુ. પી., દિલ્હી, રાજસ્થાન, મુંબઈ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત આદિ અનેક નગરોએથી આ શુભ પ્રસંગે સારી સંખ્યામાં ગુરૂભક્તો પધાર્યા હતા.

વૈશાખ વદ ૨ ના દિવસે જંબુસરથી નિઝામ બેન્ડ આવ્યુ હતું. તેની સુંદર ધ્વનીઓથી પાવાગઢ તીર્થ ગુંજી ઉઠતુ હતું. પાવાગઢ નગરની હાઇસ્કુલેથી વરઘોડો પંજાબ કેશરી વિજયવલ્લભસુરીશ્વરજી મ. સા. ના તૈલચિત્ર સાથે નિકાળવામાં આવ્યો. ચાંપાનેર નગરીમાં ધામધુમથી ફરીને દશ કલાકે શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવાસમાજ, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસર પાસે કન્યા છાત્રાલય સામે આવ્યો. ભવ્ય મંડપ બનાવવામાં આવ્યો હતો. આવ્યા બાદ વરઘોડાનું સભામાં પરિવર્તન થયું.

આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસુરિજી મ. સા. નું મંગલાચરણ થયું. સમારંભ પ્રમુખ શ્રી ખેરાતીલાલજી જૈને દિપક પ્રગટાવીને દીક્ષા શતાબ્દી મહોત્સવ તથા કન્યા છાત્રાલયનું આયોજનને તેમના હસ્તે પ્રારંભ થયો. શાંતિચંદ્ર ભગુભાઇ ઝવેરીએ દીક્ષા શતાબ્દી ઉપર બધાને ઉદ્‌બોધન કરતા માર્ગદર્શન આપ્યું કે પંજાબ કેસરી વિજયવલ્લભસુરિશ્વરજી મ. સા. ની ૧૦૦ મી દીક્ષા શતાબ્દી નિમિતે તેમના જ વિચારોને સાકારરૂપ આપતું કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરવા પધારેલ લાલા લાભચંદજી રાજકુમારજી તથા ઉદ્‌ઘાટન કર્તા લુધિયાણા શ્રીસંઘના પ્રધાન લાલા શ્રીપાલજી જૈન અને અતિથિ વિશેષમાં પધારેલ મહેમાનોને ગુરુદેવનો પરિચયકરાવ્યો અને જણાવ્યું કે આ પ્રસંગે પધારેલા મહેમાનોને ગુરૂદેવના વિચારોને સાકારરૂપ આપતું કન્યા છાત્રાલયનું ભવ્ય સ્મારક જે બન્યું. છે તેને પ્રવર્તની સાધ્વી શ્રી દાનશ્રીજી જેઓ પંજાબી હતા. તેઓના નામથી ૧૦ રૂમ અને એક હૉલ બંધાવી આપવામાં આવે તો દાનશ્રીજી મ. નું નામ કન્યાછાત્રાલય સાથે જોડીને કાયમ પંજાબી ગુરુભકતોનું નામ રહી જાય તેવી પ્રેરણા કરી.

લાલા લાભચંદજી રાજકુમાર ફરીદાબાદ અતિથિ વિશેષ પધારેલ તેઓ એ ભજન બોલીને સભાજનો વિમુગ્ધ બનાવી દીધા હતા. પરમ ગુરુભકત શૈલેષભાઇ હિંમતલાલ કોઠારી પાલનપુરવાળા હાલ મુંબઇવાળાએ ગુરૂ મ. સા. ના ભવ્ય ફોટાનું અનાવરણ કરી અને સંસ્થાને અર્પણ કર્યો. સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઇ સી. શાહે આવેલ મહેમાનોનું હાર પહેરાવીને સ્વાગત કર્યું. ડભોઈવાળા કોકીલાબહેન વડોદરા નિવાસી ચાર કુમારીકાઓ દ્વારા મયુરકલામાં સર્જીત થઇને નૃત્ય સાથે ઉદ્‌ઘાટન ગીત ગાઇને બધાને ચકિત કરી દીધા હતા નવ ફોટાઓનું સાથે ચિત્રની બોલી સ્વ લાલા શાન્તિસ્વરૂપના ભાઈ લાલા મોહનલાલજી જૈન ૨૫૦૦૦/– ની બોલી બોલીને ગુરૂદેવનો ફોટો તેઓને અર્પણ કરવામ આવ્યો હતો. ત્યારબાદ મુનિશ્રી જયાનંદ વિજયજી મ. શતાબ્દી ઉપલક્ષમાં ગુરુદેવના વિચારોને સાકાર રૂપ આપતા સુંદર પ્રવચન આપ્યું.

ગણિવર્ય શ્રી જગતચંદ વિજયજી મ. કન્યા છાત્રાલય માટે શતાબ્દી મહોત્સવ

પ્રસંગે પધારેલ મહેમાનો પંજાબી ગુરૂભક્તોને આહવાન કર્યું હતું કે એક વર્ષ સુધી આ શતાબ્દી મહોત્સવ ચાલુ રહે ત્યાં સુધી આપણે બધાને ગુરૂદેવના નામથી ૧૦૦ દીક્ષા, ૧૦૦ પંડિતો, ૧૦૦ પાઠશાળા, ૧૦૦ વ્રતધારી શ્રાવકો તથા ૧૦૦ લાખ થાયી ફંડ ધનરાશી એકત્રિત કરીને આપણે બધા ગુરૂદેવોના વિચારને સાકાર રૂપ આપવા માટે આ યોજનાને પાર પાડીએ અને પંચવર્ષી યોજના બનાવીને તેમની શતાબ્દીને સાકાર રૂપ બનાવવા બધાને પુરૂષાર્થ કરવાની જરૂર છે.

આચાર્યશ્રી પંજાબ કેશરી વિજયવલ્લભ સુરિજી મ. ની દીક્ષા શતાબ્દી પર આરસ પાથરતુ અને તેઓના વિચાર પ્રમાણે કન્યા છાત્રાલયનું ઉદ્દઘાટન લાલાશ્રી શ્રીપાલજી જૈન તથા શ્રીમતી સિતાવંતીદેવીના શુભ હસ્તે થયું. બન્ને સજોડે પધારીને પાવાગઢ તીર્થની કન્યા છાત્રાલયનું ઉદ્દઘાટન કરીને જે ઉદારતા દાખવી છે તે સોનેરી અક્ષરોમાં લખાય એવી હતી. આ પ્રસંગે ઉદારતા દાખવીને તેઓ દ્વારા સારી સખાવત કરવામાં આવેલ. આચાર્યશ્રી ના ઉપદેશથી થોડા જ સમયમાં ઉદ્દઘાટન બાદ સારી રકમોની જાહેરાત થઇ હતી. જેનાથી શતાબ્દીનો મહોત્સવ સાકાર રૂપ બન્યો હતો. અને બધા જ પધારેલા દાનદાતાઓ પોતપોતાની શકિત પ્રમાણે ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે દાન કર્યું હતુ.

શાસન જ્યોતિ સાધ્વીશ્રી સુમતિશ્રીજી મ., સ્નેહકુમારી જૈન આદિના પ્રવચન તથા મધુર ગીતો શુભ પ્રસંગે અનુકુળ થયા હતા. રાજકુમાર મહામંત્રી દિલ્હી સ્મારકના કામને સાકાર રૂપ આપતુ સુંદર પ્રવચન કર્યું હતું. લાલા રઘુવીરકુમાર તથા સ્વ. શ્રી લાલા શાંતિસ્વરૂપના સ્થાને ગોહનલાલ બન્ને જણ સાથે શ્રી વલ્લભગુરૂ કે ચરણો મે, ભજન બોલીને બધાને પ્રભાવિત કર્યા હતા.

આચાર્ય શ્રી એ સ્વ. લાલા શાંતિસ્વરૂપ આપણા બધા વચ્ચે રહ્યા નથી. પરંતુ લાલા આખી જીંદગી સુધી ગુરૂદેવોની આજ્ઞાનું પાલન કરતા, અખંડ આખા જીવન સુધી સંક્રાંતિમાં બરાબર હાજર રહીને ભજન તેઓ જ કરતા હતા. એ યાદ ભુલાય તેમ નથી. તેઓનું સ્વાસ્થય બગડયુ તો પણ તેઓને પોતાના સગા સંબંધી અમેરિકા બોલાવી રહ્યા હતા છતાં તેઓનુ ગુરૂદેવોને છોડીને તથા સંક્રાંતિ છોડીને વિદેશમાં જવાની ભાવના ન હતી. પરંતુ પોતાના સગા સંબંધીને આધીન બનીને જવાની તૈયારી વખતે પણ શ્રી ગચ્છાધિપતિ, પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસુરિજી મ. પાસે આવીને ગદ્‌ગદીત થઇને કહેવા લાગ્યા મારે તો આપના મુખથી જ સંક્રાંતિ સાંભળીને જવુ અને બીજી સંક્રાંતિ પર આવી જવું છતાં પણ બે સંક્રાંતિ રેકોર્ડીંગ કરીને ગયા અને અંતિમ સમયે પણ એક સંક્રાંતિ પુર્ણ સાંભળીને જ તેમના પ્રાણ નિકળ્યા. આવી જ ભકિત તેમના પરિવારમાં રહે, અને તેઓ પાછળ તેઓનો પરિવાર પણ એ જ રીતે સંક્રાંતિ ઉપર હાજરી આપે તેવી આચાર્યશ્રીએ પ્રેરણા કરી અને વૃષભ સંક્રાંતિનુ નામ સંભળાવીને શતાબ્દી મહોત્સવ સંપુર્ણ કર્યો. અંતિમ લાલા શ્રીસંઘ લુધિયાનાના પ્રધાન શ્રીપાલજી આદિ સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય કરવામાં આવ્યુ તેમાં આવેલ મહેમાનો તથા આજુબાજુના ગામમાંથી હજારથી બારસો પરમાર ક્ષત્રિય આદિ બધા ભાઇઓ જમીને પોતપોતાના નગરે પધાર્યા.

# પાણીબાર ગામે પ્રતિષ્ઠા

ગુજરાતની પ્રાચીન નગરી (ચાંપાનેર) પાવાગઢનાં તા. ૧૫-૫-૮૭ ના ભવ્ય વિજયવલ્લભ દિક્ષા શતાબ્દી અને સંક્રાંતિ તથા કન્યા છાત્રાલયનું ઉદ્દઘાટન કરી તા. ૧૬-૫-૮૭ ના વિહાર કરી શિવરાજપુર પધાર્યા ત્યાંથી નાની રણભેટ થઇ ડુમા ગામે પધારતાં પરમાર ક્ષત્રિય જ્ઞાતીના ધારાસભ્યશ્રી ઉદેસિંગભાઇ બારીઆએ ભવ્ય સ્વાગત કર્યું. સામૈયામાં હાલોલથી બેન્ડ વાજા લાવ્યા હતા. સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી પણ સાથે હતા. ચતુર્વિધ સંઘ સાથે તેઓશ્રીના નૂતન મકાનમાં પ્રવેશ કર્યો.

ઘર આંગણે ભવ્ય મંડપની રચના કરવામાં આવી. તેમાં ગહુલી કરીને વધાવ્યા બાદ આચાર્યશ્રીનું પ્રેરક પ્રવચન થયું. પુ. મુનિવરશ્રી વિરેન્દ્રવિજયજીનું પણ સામયિક પ્રવચન થયુ. ધારાસભ્યશ્રીએ પોતાના વક્તવ્યમાં આચાર્યશ્રી પર બોલતા હર્ષના આવેગમાં ગદ્‌ગદિત થઇ ગયા હતા. ડુમાથી વિહાર કરી બોડસલ પધાર્યા. પરમાર ક્ષત્રિયોને ઉપદેશ આપ્યો. જેથી ખુબ જાગૃતિ આવી.

તા. ૧૯-૫-૮૭ના બોડેલી તીર્થમાં પધાર્યા. ત્યાંથી છાનતલાવડા, ઝાંપા ધરોલીયા, સખાંદ્રા, કલારાણી આદિ ગામોમાં ધર્મોપદેશ કરતા પરમાર ક્ષત્રિયોમાં સારી જાગૃતિ આવી.

**પ્રતિષ્ઠા મહોત્સવ :**

તા. ૨૩-૫-૮૭ના પાણીબાર પધાર્યા આચાર્યશ્રીના પધાર્યા બાદ ઉમંગની લહેર ફેલાઇ ગઈ. ધરોલીયા બેન્ડ અને દેશી વાજા શરણાઇના મધુર ધ્વની વચ્ચે ભવ્ય પ્રવેશ થયો. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના દર્શન કરી દેરાસરના ભવ્ય મંડપમાં પુ.આ શ્રી બિરાજમાન થયા. આચાર્યશ્રીનું મંગલાચરણ અને પ્રેરણાદાયક પ્રવચન થયું. મુનિવરશ્રી વિરેન્દ્રવિજયનુ પણ લોકોમાં જાગૃતિ આપતું પ્રવચન થયું. સા શ્રી વિરયશાશ્રીજી, મુનિશ્રી હરિષેણવિજય મ. આદિના પણ આ પ્રસંગે પ્રવચન થયા.

તા. ૨૩-૫-૮૭ના નવગ્રહ પાટલા પુજન વિધિકાર શ્રી લલિતકુમારે સુંદર શૈલીથી કરાવ્યું. ૧૧-૨૦ મિનિટે નવનિર્મિત ગૃહમંદિરમાં ૐ પુણ્યાહં પુણ્યાહંના પુણ્યોચ્ચાર સાથે આ. શ્રી ઇન્દ્રદિન્નસુરિજી મ. સા. પ્રતિષ્ઠા કરાવી બપોરે વિજય મુહુર્તે લઘુશાન્તિ સ્નાત્ર પુજન, મામાની પોળ સંઘ વડોદરાએ પ્રતિષ્ઠા આદિનો પણ લાભ લીધો.

આ પ્રસંગે છાનતલાવડા, ઝાંપા, ધરોલિયા, નવા સંકેડીયા, બળગામ અને ચચેર આદિના સેંકડોની સંખ્યામાં ભકતો પધાર્યા હતા. જેમાં ચચેરના કાનજીભાઇ ઠામ ચઉવિહાર એકાસણા ૩૦ વર્ષથી કરે છે. પરમાર ક્ષત્રિયોમાં આવી આરાધના જોઇને બહાર ગામથી આવેલા શ્રાવકો ઘણા જ પ્રભાવિત થયા. ધગધગતી ગરમીમાં ઠામ ચઉવિહાર એકાસણાએ પરમાર ક્ષત્રિય કોમમાં સારી જાગૃતિ જણાય. સવારથી સાંજ સુધી સ્વામી વાત્સલ્ય ચાલુ રહ્યું જેમાં ત્રણ હજાર જેટલા માણસોએ લાભ લીધો. આમ ધર્મમય વાતાવરણથી સારી જાગૃતિ આ

તા. ૨૪-૫-૮૭ ના વિ

ગામ પધાર્યા. દેશી વાજા સાથે પુ. શ્રીનો પ્રવેશ થયો. ગંભીરભાઈના ઘર આંગણે નિર્મિત મંડપમાં પધારીને આચાર્યશ્રીએ જીવન સ્પર્શી પ્રવચન આપ્યું. બાલમુનિ શ્રી રાજેન્દ્રવિજયજી મ. એ નવકારમંત્રની ધૂન બોલાવી.

ત્યાંથી પુનઃ પાણીબાર થઈ તંબોલિયા શ્રી ચુનીભાઇની આગ્રહભરી વિનંતીથી પધાર્યા. એક એકર ભુમિ ગૌરક્ષા માટે શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવાસમાજ પાવાગઢ ટ્રસ્ટને ભેટ આપવાની ઘોષણા કરી. પછી ભેંસાવહી, સિંહોદ્રભાનપુરી આદી ગામોમા ધર્મપ્રચાર કરતા તા. ૨૯-૫-૮૭ ના નવા અંકેલીયા શ્રી ભલુભાઈ વિશુભાઈને ત્યાં પધાર્યા. ગણિવર્ય શ્રી જગતચંદ્રવિજયજી મ. મુનિશ્રી વિનોદવિજયજી મ. મુનિશ્રી પૂર્ણચંદ્રવિજયનું મુળગામ હોય. ઉત્સાહનો પાર ન હતો. સુંદર રીતે પ્રવેશ કરાવ્યો હતો. બપોરે પંચકલ્યાકપુજા ભણાવવામાં આવી ભવ્ય. મંડપમાં આચાર્યશ્રીનું પ્રવચન તથા મુનિશ્રી વિરેન્દ્રવિજયજીનું પ્રવચન થયું. બાદ સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું.

તા. ૩૦-૫-૮૭ ના વિહાર કરી વાલોડી ગામે પધાર્યા સ્વાગત સાથે ભવ્ય પ્રવેશ થયો. ગામના સરપંચશ્રી કંચનભાઇના નુતન મકાનમાં વાસ્તુ પુજન ભણાવવામાં આવ્યું. ત્યાર પછી બપોરે વ્યાખ્યાન થયું. પુ. ગુરૂદેવ સાંજે વિહાર કરી ઉઢવણ ગામમાં પધાર્યા. એક કિ.મી. દુરથી દેશીવાજા સાથે ધામધુમથી પ્રવેશ થયો. રાત્રે ભવ્ય મંડપમાં અનેક ગામના પરમાર ક્ષત્રિય ભાઈઓ ભેકઠા થયા. પુ. આચાર્યશ્રી તથા મુનિશ્રી ઇન્દ્રસેનવિજયજી મ.નું માનવજીવન પર પ્રવચન થયું.

તા. ૩૧-૫-૮૭ ના ઉઢવણથી વિહાર કરી જાબુગામ શ્રી બાબુભાઇની આગ્રહભરી વિનંતીથી પધાર્યા. તેમની સંસ્થાનું નિરિક્ષણ કર્યું. ત્યાંથી જીવનપુરા શ્રી રણછોડભાઈના મકાનમાં ઉતર્યા. પૂ. આચાર્યશ્રીનું તથા મુનિશ્રી સુર્યોદયવિજયજી મ.નું વ્યાખ્યાન થયુ જીવનપુરામાં નૂતન પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. સ્વામીવાત્સલ્ય પણ રાખ્યું

તા. ૧-૬-૮૭ ના જીવનપુરાથી બોડેલી નજીકમાં લક્ષ્મી સોસાયટીમાં મગનભાઇ આદિ મામલતદારના મકાનમાં પધાર્યા. સવારે ૯-૩૦ ક. વ્યાખ્યાન થયું. બપોરે અંતરાયકર્મની પુજા ભણાવવામાં આવી. બહારથી આવેલ મહેમાનોની ભોજનવ્યવસ્થા મગનભાઈ તરફથી કરવામાં આવી.

તા. ૨-૬-૮૭ ના પૂ. આચાર્યશ્રીનો પ્રવેશ વર્ધમાન જૈન આશ્રમમાં થયો. તા. ૫-૬-૮૭ ના સવારે ૯-૩૦ કલાકે આચાર્ય પંજાબ દેશોદ્ધારક, શ્રી વિજયાનંદસુરિજી મ.ની સ્વર્ગવાસ તિથિ હોવાથી તેમના જીવન ઉપર તથા જીવના ૭ કર્તવ્ય ઉપર આચાર્યશ્રીનું તથા ગણિવર્યશ્રી જગતચંદ્ર વિજયજી એવં મુનિ સુર્યોદયવિજયજી આદિનું પ્રભાવશાળી પ્રવચન થયું

**પરમાર ક્ષત્રિય સંમેલન.**

બપોરના બે વાગે પરમાર ક્ષત્રિય જૈન ભાઇઓનું સંમેલન રાખવામાં આવ્યું. સર્વપ્રથમ પુ. આચાર્યશ્રીનું મંગલાચરણ થયું. અને પ્રવચનમાં કહ્યું કે માનવજીવન એક મહાન જીવન છે. ધર્મથી અને સંસ્કારીત જીવનથી તેની મહત્તા ઔર વધુ વધી જાય છે. જલ વિના સરોવરની શોભા નથી. સુગંધ વિના ફુલની શોભા નથી. તેમ ધર્મ વિના જીવનની પણ કઇ કિંમત નથી. આ રીતે સમજાવતાં વધુમાં કહ્યું કે પરમાર ક્ષત્રિય સમાજમાં ચાલ્યા આવતા કેટલાક રિવાજો બંધ નહી થાય ત્યાં સુધી સમાજ એક દિવા સ્વપ્ન છે કુળ પરંપરાના આ રિવાજોની સુધારણા માટે એક કમિટિ સ્થાપવામાં આવી જેના અધ્યક્ષ તરીકે ધારાસભ્ય ઉદેસિંહ બારીયાને નિમવામાં આવ્યા. જેના દ્વારા સુધારણા માટે પ્રચાર થશે.

આ સંમેલનમાં ૭૫ ગામના પરમાર ક્ષત્રિયો એકત્રિત થયા હતા. શ્રી જશુભાઈ સોમચંદભાઇ શાહ, શ્રી ગોવિંદભાઈ, શ્રી પુરૂસોતમભાઇ આદિએ પણ સમાજ સુધારા માટે સુંદર વિચારો અને પ્રસ્તાવો રજુ કર્યા હતા.

આ પ્રસંગે અનેક ધાર્મિક પાઠશાળાના શિક્ષકો પણ પધાર્યા હતા. જેઓને પણ પુ. આચાર્ય વિજયઈન્દ્રદિન્નસુરિજી મ.સા. એ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. ધાર્મિક પરીક્ષા લઈ ઇનામ વિતરણ આદિ દ્વારા બાળકોમાં ધર્મ પ્રત્યે ઉત્સાહ અને આકર્ષણ વધે તે માટે સુંદર વિચારો રજુ કર્યા હતા.

આ રીતે ઉપદેશ દ્વારા અનેક ગામેમાં આચાર્યશ્રી આ ઉંમરે પણ વડોદરા અને પંચમહાલ જીલ્લાના આ ૧૦૦ કિ. મી. ના ક્ષેત્રમાં પ્રચાર કરી રહ્યા છે. જેથી આ સમાજમાં ખુબ જ જાગૃતિ આવી છે. બોડેલીથી સાલપુરા પોતાની જન્મભુમિ થઇ સંખેડા, ડભોઈ, કારવણ, કજાણ, સરભાણ, આમોદ થઈ તા. ૧૫-૬-૮૭ના સંક્રાતિ જંબુસર હોય આ તરફ વિહાર કર્યો.

તા. ૧૪-૬-૮૭ના જંબુસરમાં ભવ્ય પ્રવેશ થયો. પદ્મપ્રભુજીના દર્શન કરી જૈનવાડીમાં પધારી માનવ જીવનના કર્તવ્ય ઉપર તથા દાન પર પ્રભાવશાળી પ્રવચન આપ્યું. પુ. મુનિશ્રી વિરેન્દ્રવિજયજી મ.નું પ્રવચન થયું. પ્રભાવના પણ થઈ.

## છાત્રવૃત્તિ-સહાય

શ્રી જિનદત્તસુરિ મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સને ૧૯૮૭-૮૮ ના વર્ષ માટે શ્રી જૈન શ્વેતામ્બર વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઉચ્ચ અભ્યાસ માટે છાત્રવૃત્તિ-સહાય આપવામાં આવશે.

આ સહાય મેડિકલ, એન્જીનીયરિંગ, સી. એ. તથા ટેકનિકલ અભ્યાસ હેતુ માટે નવા તથા જુના વિદ્યાર્થી ભાઇ બહેનો મેળવવા ઇચ્છતા હોય તેમણે રૂા પાંચ/- મનીઓર્ડરથી મોકલી અરજી પત્રક તા. ૩૧-૮-૮૭ સુધીમાં અરજી પહોંચાડી કરે. ત્યારબાદ કોઇ અરજી ઉપર કે અધુરી અરજી ઉપર લક્ષ આપવામાં આવશે નહીં

માનદ મંત્રી : મહેન્દ્રકુમાર પારખ

**શ્રી જિનદત્ત સૂરિ મંડળ**

દાદાવાડી, અજમેર (રાજસ્થાન)

**ભાવનગરમાં ચાતુર્માસ પ્રવેશ**

**શાસન સમ્રાટશ્રીના સમુદાયના પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ. તથા મુનિરાજશ્રી નંદિષેણવિજયજી મ. સા. આદિને ભાવનગર જૈન સંઘ દ્વારા દાદાસાહેબ જૈન સોસાયટીના ઉપાશ્રય માટે ચાતુર્માસની બહુ આગ્રહપુર્વકની વિનંતી થતા સ્વમહાવાહથી ઉગ્ર વિહાર કરી ભાવનગર પધારશે. અત્રે તેમના ગુરુદેવ પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. ની જન્મ શતાબ્દી ઉજવવાની હોઈ જુદા જુદા આયોજનો ગોઠવવા સ્થાનીક તથા આજુબાજુના સંઘો ઉપર તેમનો પરમ ઉપકાર હોય લોકોનો ઉત્સાહ પ્રગટેલ છે.**

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 29919

# જૈન

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

વર્ષ : ૮૪
'જૈન'
અંક : ૧૫

વીર સં. ૨૫૧૩; વિ. સં. ૨૦૪૩ જેઠ વદ ૩૦
૨૬ જુન, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

## પટ્ટક સમીક્ષામાં સમીક્ષણ કેટલું?

વિ. સં. ૨૦૨૦ માં સંઘની એકતા વધુ પ્રગાઢ બને તે માટે 'તિથિ આરાધાન તથા સંઘ આચરણુ પટ્ટક' ૧૨ પુજયપાદ ગીતાર્થ આચાર્ય ભગવંતોના હસ્તાક્ષર સાથે પ્રકાશિત થયેલો.

ઐકયને સઘન કરવાની દિશામાં ઊઠાવાયેલ સુંદર પગલા તરીકે અને અભિનંદનારી ભારતભરના મોટા ભાગના સંઘો, ઘણી વ્યકિતઓ અને પત્રિકાઓ હતી તો 'જિનવાણી' જેવી ગણી માડી પત્રિકાએ એ આ મહાન કાર્ય પર કાદવ ઉછાળવાની ચેષ્ટા પણ કરી.

'જિનવાણી' પત્રિકાના ૧૦મી જાન્યુઆરી ૮૭ ના અંકમાં પ્રસ્તુત પટ્ટકની સમીક્ષા કરવાનો પ્રયત્ન કરાયો છે. આપણે એ જોઇશું કે એ સમીક્ષામાં ખરેખર સમીક્ષણ (સાચું નીરીક્ષણ કેટલું છે. સમીક્ષકે જેને તટસ્થ સમીક્ષા તરીકે ઓળખાવી છે એ સમીક્ષા કયા તટ/કિનારા પર રહેલી છે. !

ખરેખર તો સમીક્ષા માટે સમ્પાદકે પટ્ટકની પૂર્વભુમિકા વગેરેનું ઉંડુ અવગાહન કરવાની અને તેના ઉપર સહી કરનારા તમામ પુજય આચાર્યોની પાસે જઈ નમ્રભાવે સહી કરવાના કારણો જાણી લેવાની જરૂર હતી. પરંતુ એવું કાંઇજ કર્યા વિના સમ્પાદકે કરેલી સમીક્ષા તટસ્થ એટલે કે કિનારે બેસીને કરાયેલા છબછબીયા જેવી બાલચેષ્ટા જ પુરવાર થઇ છે.

સમીક્ષાનું પૃથક્કરણ કરતા પહેલાં એક વાત પટ્ટકની સીમારેખા વિષે. પટ્ટક શાસ્ત્રીય ચર્ચાઓની પૃષ્ઠ ભુમિકા પુરી નથી પાડી શકતો કારણકે પટ્ટક લગભગ કોઈપણ વિષય પર શાસ્ત્રીય ઉકેલ ન આવે ત્યારે વચગાળાની વ્યવસ્થા હોય છે અને એટલે જ સમીક્ષક મહોદય સમીક્ષામાં તિથિ વિષયક ચર્ચાની ફિલસુફીમાં યાંક વધુ પડતા ઉંડા ઉતરી ગયા છે ત્યાં એમણે સીમાભંગ કર્યો છે.

પ્રસ્તુત સમીક્ષાનું અમે એ રીતે પૃથ્થકરણ કરવા માગીએ છીએ, જેથી સમીક્ષાનું મુળભુત સ્વરૂપ છતું થાય અને મધ્યસ્થ, તટસ્થ વિવેકીઓ સત્યનું દર્શન કરી શકે.

ભુમિકામાં સમીક્ષક મહોદય લખે છે "જેને વર્તમાનમાં સર્વ ગીતાર્થ આચાર્યોની સંમતિ નથી મળી, એટલું જ નહી પણ, જેના અંગે કેટલાક ગીતાર્થોએ નિષેધ પણ કર્યો છે તેવી આ જાહેરાતને પટ્ટક તરીકે ઓળખાવી શકાય નહી"....

સમીક્ષાકારને પુછી શકાય કે જો આ પટ્ટકને પટ્ટક ન કહેવાય તો વિ. સં. ૨૦૨૦ માં પૂનમ - અમાવાસ્યની વૃદ્ધિ થાય આદી બાબતોને આવરી લેતા પટ્ટકને પટ્ટક કહેવાય ? એક પક્ષના પાંચ કે સાત આચાર્યભગવંતો મળીને જે નિર્ણય કરે તેને પટ્ટક કહેવાય અને બેઉ પક્ષના અધિક્તર આચાર્ય ભગવંતો મળીને નિર્ણય કરે તે પટ્ટક ન કહેવાય તેની પાછળનું ગણિત શું હશે ?

### —સમીક્ષાનું પૃથ્થકરણ—

૧) સમીક્ષક મહાશય લખે છે : આપણા શ્રીસંઘમાં એટલે કયા કયા સંઘમાં ? એ વાત અસ્પષ્ટ રહે છે માટે અહી તપાગચ્છીય શ્રી જૈનસંઘમાં એમ લખવું ઉચિત ગણાય"

ઉત્તરમાં આટલું કહીશું કે આ લખતી વખતે વિ. સં. ૨૦૨૦ ના પટ્ટક તરફ સમીક્ષકની નજર ગઈ નથી. જો નજર ગઇ હોત તો તેઓ આવું લખત નહી.

વિ. સં. ૨૦૨૦ના પટ્ટકમાં લખાયેલું છે : "તિથિદિન અને પર્વારાધન બાબતમાં શ્રીસંઘ માન્ય પંચાગમાં બતાવેલ" અહીં શ્રીસંઘને માન્ય પંચાગ એટલે કયા સંઘને માન્ય પંચાગ ? ત્યાં જેમ તપાગચ્છ ન લખેલ હોવા છતાં સંદર્ભ ઉપરથી સમજી શકાય છે તેમ અહીં પણ સમજી શકાય તેમ છે.

(૨) સમીક્ષક લખે છે : આ પટ્ટક દ્વારા તપાગચ્છીય શ્રીસંઘની એકતાને જે ધક્કો પહોચ્યો છે અને શ્રી સંઘમાં જે કલુષિત વાતાવરણ અને પરસ્પર વૈમનસ્ય ઉભું થયું છે તે પ્રત્યક્ષ છે........

તો લોકો શું નથી જાણતા કે ૧૯૯૨માં એક વ્યકિતએ પૂ. ગુરુદેવોને પુછયા–ગાછયા વિના પંચાગો છપાવી દેવાના ઉઠાવેલા મનસ્વી પગલાને કારણે શ્રી સંઘની એકતાને કેવો ધક્કો પહોચ્યો, શ્રી સંઘમાં કેવુ કલુષિત વાતાવરણ અને પરસ્પર વૈમનસ્ય ઉભુ થયું – અને આ પટ્ટકથી કેટલા મોટા અંશે તેનું શક્ય નિવારણ થયું ? તે વિચારે.

વાહ ભઈ વાહ ! પીળિયાવાળાને બધું પીળું જ દેખાયને ! પટ્ટકના કારણે એક દિવસે સાંવત્સરીક આરાધના કરનારા ઘણા વધ્યા (કેટલા વધ્યા તે જાણવું હોય તો મુંબઈ–અમદાવાદ વગેરે સ્થળોની આરાધનાનો ચાર્ટ જોવો) તે પ્રત્યક્ષ લાભ દેખાતો નથી અને ઝગડો જ દેખાય છે,.... જેવા ચશ્મા પહેર્યા હોય તેવું જ દેખાય ને.

(૩) સમીક્ષક મહાશય કલીનને કયાંય પ્રમાણિકતા દેખાતી નથી. સિવાય કે પોતાનો પૂર્વગ્રહ........

પટ્ટકમાં લખ્યું છે. “આજ સુધી એક તિથિ પક્ષો અને બે તિથિ પક્ષે પોતપોતાના શાસ્ત્ર અને પરંપરાને સાપેક્ષ રાખી આરાધના કરેલ છે.

પટ્ટક ઉપરોક્ત વિધાન ઉપર સમીક્ષાકાર ટિપ્પણી આપે છે. “આમ છતાં બન્ને પરસ્પરને શાસ્ત્ર અને પરંપરાને સાપેક્ષ રાખી આરાધના જણાવે આમાં લેશ પણ પ્રમાણિકતા નથી.”

જવાબમાં સમીક્ષાકારને આટલું જ કહેવાનું કે ભાઈ સાદી–સીધી ગુજરાતી ભાષાની વાત ન સમજી શકતા હો તો ચર્ચાના મેદાનમાં કુદવાની શી જરૂર?

એકબીજા પક્ષો ભલે પોતપોતાના શાસ્ત્ર પરંપરાના અર્થઘટન અનુસાર માનતા તા. પણ પોતપોતાની દૃષ્ટિએ પોતપોતાને શસ્ત્ર–પરંપરાનુસાર સાચા માનતા જ હતા ને ! સાદી સીધી આવી વાત ન સમજી શકાય?

(૪) પટ્ટકમાં લખ્યું છે. “જે વિક્રમ સંવત ૧૯૯૨ પહેલા સકળ સંઘ વિના મતભેદે કરતો હતો...”

આ પટ્ટકના વિધાન પર ટિપ્પણી કરતાં સમીક્ષક લખે છે પટ્ટકમાંના મોટામાં મોટા અસત્યોમાંનું આ એક પ્રથમ અસત્ય છે.... જવાબમાં અમે કહીશું કે, ખરેખરતો સમીક્ષકે આ પછી જે લખ્યું છે તેમાંથી અસત્યની ભારે દુર્ગંધ આવે છે.

(૫) પટ્ટકનું લખાણ ખોટુ ઠરાવવા માટે સમીક્ષાકારે વિ. ૧[illegible]૯૮, ૧૮૭૦, ૧૯૧૬ અને ૧૯૪૫ નાં વર્ષોને ટાંકી પર્વ–તિથિની ક્ષયવૃદ્ધિ બતાવી.

જવાબમાં આની સામે અમારો પ્રશ્ન છે વિ. સં ૧૯૯૨ પહેલા ‘વીરશાસન’ પત્રમાં પૂ. આ. મ. વિજયદાનસૂરીશ્વજી મહારાજ તરફથી પર્વ તિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વ તિથિની ક્ષયવૃદ્ધિ તિથિકોઠામાં બતાવવામાં આવતી હતી તેનું શું?

એ નિર્વિવાદ તથ્ય છે કે વિ. સં ૧૯૯૨ પહેલા સંઘ વિના મતભેદે અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરતો હતો. છતાં આ તથ્યને છાવરી દેવાની આ કેવી કોશીશ ! પોતાના પૂજ્ય વડીલોએ આચરેલ પ્રવૃત્તિને ઢાંકી શ્રીસંઘને ખોટા માર્ગે ચડાવવાની આ પ્રવૃત્તિ દાંભિક નથી શું ?

વિ. ૧૯૯૨ પહેલાનાં ‘વીરશાસન’ ના અંકોને ઉથલાવો તમને તેના કોઠાઓમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ જ દેખાશે.

પૂ. આ. ભ. દાનસૂરીશ્વરજી મહારાજની આ આચરણ તેઓ શ્રીમદ્‌ના પરીવાર તથા અનુયાયીઓને માન્ય નથી કે શું ?

(૬) પટ્ટકમાં લખ્યું છે; “સંઘમાન્ય જન્મભુમિ પંચાંગમાં જયારે જયારે ભા. સુદ–૫ ની ક્ષયવૃદ્ધિ આવે ત્યારે બીજા પંચાગનો આશરો લઇ ભા. સુ. ૬ ની ક્ષય વૃદ્ધિ કરવી અને તેને અનુસરીને સંવત્સરી કરવી. એવું પંચાંગ ન મળે તો સુદ ૬ ની ક્ષયવૃદ્ધિ કબુલ રાખવી....”

પટ્ટકના ઉપરોક્ત વિધાન પર સમીક્ષક ટિપ્પણી કરે છેઃ આ આચરણ શાસ્ત્રાનુસારી તો નથી જ બલ્કે ‘ક્ષયે પુર્વા....’ ના નિયમની બાધક છે.

જવાબમાં સમીક્ષકની ટિપ્પણી ઉપર અમે કઈક કહીએ તે કરતાં પૂ. આ. ભ. દાનસુરીશ્વરજી મહારાજના ‘વીરશાસન’ તા. ૨૧–૭–૩૩ના અંકમાં પ્રગટ થયેલ સ્પષ્ટીકરણ જ મુકી દઇએ એ વધુ ઉચિત છે.

**પર્વાધિરાજ અંગે....**

**ક્ષય પાંચમનો કે છઠ્ઠનો ?**

**શ્રી કલ્પસુત્રનું વાચન કયારે ?**

પૂજયપાદ પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી મહારાજે આપેલ ખુલાસા.

૧) પ્રશ્નઃ સં ૧૯૮૯ના ભાદરવા સુદિ ૫ નો ક્ષય છે તો સંવત્સરી કઈ તિથિએ કરવી. ?

ઉત્તર :– ભાદરવા સુદિ ૫ નો ક્ષય ચંડુ પંચાગમાં છે. પણ બીજા ઘણા પંચાંગોમાં ભાદરવા સુદિ ૬ નો ક્ષય થાય છે તેથી સુદિ ૬ નો ક્ષય માનવાથી પર્યુષણમાં તિથિની વધ–ઘટ કરવા જરૂર રહેશે નહિ. સં. ૧૯૫૨ ની સાલમાં પણ આ પ્રમાણે હતું અને શ્રી તપાગચ્છના મોટા ભાગે ભાદરવા સુદિ ૬ નો ક્ષય માની ભાદરવા સુદિ ૪ ની સંવત્સરી કરી હતી. સં ૧૯૬૧ માં પણ ભાદરવા સુદિ ૫ નો ક્ષય ચંડુ પંચાગમાં હતો પણ પ્રાયઃ સર્વ સંઘે છઠ્ઠનો જ ક્ષય માન્યો હતો. માટે આ વર્ષે અઠ્ઠાઇધર શ્રાવણ વદિ ૧૨ શુક્રવાર અને સંવત્સરી ભાદરવા સુદી ૪ શુક્રવારે કરવી એજ શ્રેયકારી લાગે છે.

[ વીરશાસન : ૨૧–૭–૧૯૩૩ ]

એ પછીના ‘ વીરશાસન ’ ના ૧૧–૮–૩૩ ના અંકમાં પૂ. આ. ભ. દાનસુરીશ્વરજી મહારાજનું બીજું સ્પષ્ટીકરણ છાપવામાં આવ્યું છે. જેમાં ‘ શાસ્ત્રાનુસારી શ્રમણોએ તથા શ્રદ્ધા સંપન્ન શ્રાવક વર્ગે ૬ નો ક્ષય કરી આરાધના કરવી તેમ જણાવેલું છે.

એ જ અંકમાં બીજા વિસ્તૃત સ્પષ્ટીકરણમાં આ પ્રમાણે જણાવ્યું છે.

પૂજયપાદ સકલાગમરહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાએ કરેલું સ્પષ્ટીકરણ.

## પદપ્રદાનની ભવ્ય ઉજવણી

અમદાવાદ–નારણપુરા ખાતે પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસુરીજી મ. ની નિશ્રામાં પુ. પંન્યાસશ્રી વતસાગરજી મ., પુ. પં. શ્રી હિમાંશુસાગરજી મ., પુ. પં. શ્રી દોલતસાગરજી મ. અને પુ. પં. શ્રી યશોભદ્રસાગરજી મ. ને ઉપાધ્યાયપદવી તથા પાલીતાણા–આગળ મંદિરમાં પુ આ. શ્રી સુર્યોદયસાગરસુરીજી મ. ની નિશ્રામાં પુ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. ને ઉપાધ્યાયપદવી અને પુ. ગણિશ્રી જિનેન્દ્રસાગરજી મ., પુ. ગણિશ્રી અશોકસાગરજી મ., પુ ગણિશ્રી નિરૂપમસાગરજી મ. અને પુ. ગણિશ્રી કલ્યાણસાગરજી મ. ને પંન્યાસપદવી વૈ સુદ ૬ ના રોજ આપવામાં આવી છે. આ બન્ને સ્થળે વિવિધ પુજનો-પુજાદિયુક્ત મહોત્સવો અને પદપ્રદાન સમારોહ ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ ઉપસ્થિતિમાં અને ઉલ્લાસના અપુર્વ વાતાવરણમ સુસમ્પન્ન બન્યો હતો.

## અતિથિગૃહ અને ભોજનશાળાનું પાલીતાણા ખાતે ઉદ્‌ઘાટન

સ્વ. પુ આ. શ્રી કૈલાસસાગરસુરિજી મ. ના શિષ્ય પુ. મુનિરાજશ્રી લાવણ્યસાગરજી મ. ની સતત પ્રેરણાથી અને અનેક મહાનુભાવોના ઉદાર દાનથી અહીં તલાટી રોડ સ્થિત ચ. મો સ્કુલ પાછળ આવેલ લાવણ્ય વિહારમાં 'સ્વ. શાહ શીવજી ખેરાજ વિષ્યુત અતિથિગૃહ' તથા ભોજનશાળા બંધાતા, તેનું ઉદ્‌ઘાટન અનુક્રમે શ્રી સુંદરજી રતનશી ગાલા તથા શ્રી જયંતિલાલ દેવજી (નવાવાસ–કચ્છ) ના શુભ હસ્તે, અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં, ભવ્ય સમારંભ વચ્ચે, સાનંદ સમ્પન્ન બન્યું છે. આ પ્રસંગ નિમિત્તે સિદ્ધચક્રપુજન, ભક્તામરપુજન સહ ત્રણ દિવસને જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઠાઠથી ઉજવવામાં આવ્યો હતો.

## ચોરાએલ મૂર્તિઓ પરત મળી આવી અભિષેકનો લાભલેતાં પોલીસભાઇઓ

ચુડા (જી. સુરેન્દ્રનગર) ના દહેરાસરમાંથી ચોરાઈ ગયેલ મુર્તિઓ પોલીસ અધિકારીઓની સતત અને લાંબી મહેનતના પરિણામે ૧૧ મહિને પાછી મળી આવતાં વાજતેગાજતે દહેરાસરમાં પધરાવી અઢાર અભિષેક વગેરે કરવામ આવેલ આ પ્રસંગે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જાડેજાસાહેબ તથા અન્ય પોલીસભાઇઓએ વિવિધ ચઢાવા બોલી તેમ જ પુજાના કપડાં પહેરી અભિષેકનો લ્હાવો લીધો હતો.

## મોટીખાખર (કચ્છ)

પાર્શ્વગચ્ચંદ્રગચ્છના વિદ્વાન મુનિશ્રી ભુવનચંદ્રજી મ. આદિની નિશ્રામાં, આ જ ગચ્છના વિદુષી સાધ્વીજી શ્રી સુનંદાશ્રીજીના શિષ્યા સાહિત્યરત્ના સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી 'સુતેજ' આદિ ઠાણા ૪ થી પ્રતિબોધિત અહીંના કુ. દીનાબહેન વિક્રમ ઉ. વર્ષ ૧૮ ની ભાગવતી દીક્ષા નિમિતે ચૈત્ર વદ ૧૪થી વૈ સુદ ૩ સુધીનો મહોત્સવ તેમ જ સાધ્વીશ્રી પદ્મગીતાશ્રીજી અને શ્રાવિકા કંકુબહેનના એકાંતરા એક હજાર ઉપરાંત આયંબિલ ઉપર કરેલ વર્ષી–તપના પારણાનો મહોત્સવ પણ ભવ્ય રીતે ઉજવાયો.

આ મહોત્સવ દરમ્યાન અનેકવિધ સત્કાર્યો થયા. પાંચ દિવસ સંઘજમણ તથા વાસણ તથા સાકરની અનેક લ્હાણી થયેલ જુદી જુદી વ્યક્તિઓ તરફથી યોજાતી સાંજીઓમાં તપ અને સંયમના ગીતોથી ગામ ગુંજી ઉઠ્યું હતુ. વૈ. સુદ ૨ ના કુ. દીનાબહેનની દીક્ષા પ્રદાન વિધિ હર્ષોલ્લાસપુર્વક સમ્પન્ન થઇ, અને નવ–દીક્ષિતને સાધ્વીશ્રી પદ્મગીતાશ્રીજીના શિષ્યા બનાવી સાધ્વીશ્રી ચારૂશીલાશ્રીજી નામે જાહેર કરવામાં આવેલ. અખાત્રીજના બંને તપસ્વીઓના પારણા પણ અનેરા આનંદોત્સાહ વચ્ચે થયા. આ પ્રસંગોએ મુંબઇથી ૪૦૦ ઉપરાંત ભાવિકો પધારેલ અને તેઓએ ઉદાર દિલે લાભ લઇ મહોત્સવને વધુ યાદગાર બનાવી કૃતકૃત્યતા અનુભવેલ.

સ્વ. શ્રી મુળજી નાનજી વિક્રમ પરિવાર તથા સ્વ. ચનાભાઇ લાલજી ગંગર પરિવાર તરફથી આયોજિત આ મહોત્સવમાં લગભગ ૨૫ હજારની જીવદયાની ટીપ થયેલ અને નવદીક્ષિતના સંયમ ઉપકરણો વહોરાવવાની બોલીઓ પણ ખુબ સારી થયેલ. પુજ્ય સાધ્વીજી આદિ અત્રેથી વિહાર કરી વૈ. સુદ ૪ના નાનીખાખર પધારતાં સામૈયુ થયું હતું. ત્યાં પણ મહોત્સવનું ભવ્ય આયોજન થયુ છે.

## પાલીતાણા

અહીંની શ્રી બુદ્ધિસિંહજી જૈન પાઠશાળાને ૧૦૦ વર્ષ પુરા થયા હોય, તેનો શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાનાર છે. આ મહોત્સવ અંતર્ગત સંસ્થાના ઇતિહાસ સાથે સુવેનીયરનું પ્રકાશન, ભુતપુર્વ વિદ્યાર્થીઓનું સંમેલન, ધાર્મિક અધ્યાપકોનું સંમેલન, પાઠશાળાના સ્થાપક બાબુસાહેબના પરિવારનું તથા પાઠશાળાના પુર્વ અને હાલના અધ્યાપકોનું સન્માન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. મુખ્ય અધ્યાપક શ્રી જયંતિભાઈ શાહની છેલ્લા ૨૫ વર્ષની નોંધપાત્ર સેવાથી પાઠશાળા સારી પ્રગતિ કરી રહી છે. હાલ ૨૫૦ વિદ્યાર્થી ભાઇ–બહેનો અભ્યાસ કરે છે.

તાજેતરમા આ જ પાઠશાળાના સંવર્ધન માટે ઝવેરી ચુનીલાલ ઉકાભાઇ પરિવાર તરફથી અને ગામના નવા ઉપાશ્રયના નામકરણ માટે મહેતા દામજીભાઈ ધરમશી પરિવાર તરફથી સારી એવી રકમનુ દાન મળેલ છે. અને આ બંને મકાનોના વૃદ્ધિકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

## ચેમ્બુરમાં ધર્મ–તત્વજ્ઞાનની સુવિધા

ચેમ્બુર (મુંબઇ) ખાતે શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ સાધ્વીશ્રી ૐકારશ્રીજી મ. ની પ્રેરણાથી શરૂ થયેલ છે. આ વિદ્યાપીડમા જૈનધર્મના દરેક સંપ્રદાયના સાધુ–સાધ્વીજીઓ તથા શ્રાવક–શ્રાવિકાઓ જૈનધર્મના તત્વજ્ઞાનનો અભ્યાસ કરી શકે એવો પ્રબંધ ગોઠવવામાં આવેલ છે.

શ્રી પાર્શ્વચંદ્રસુરિ જ્ઞાનમંદિર, ૧૦ મી રોડ, દેરાસરની સામે, ચેમ્બુર, મુંબઇ–૭૧.

## લેસ્ટર (ઇંગ્લાન્ડ)ના જિનાલયની પ્રતિષ્ઠા હવે આવતા વર્ષે થશે

જૈન સમાજ – યુરોપ દ્વારા લેસ્ટર શહેરમાં જૈન કેન્દ્ર અંતર્ગત બંધાઇ રહેલા બેનમુન ભવ્ય દેરાસરની પ્રતિષ્ઠા જે તા. ૨૬–૭–૮૭ના થવાની હતી તે ભારતથી સ્ટીમ્બર્સમાં રવાના કરાએલા સામાનમાં તા. ૧૬–૨–૮૭નો સામાન ફરી ફરીને, ઘણા વિલંબે, તા. ૨૫–૪–૮૭ના મળતાં, અને તા. ૨૦ અને ૩૦ એપ્રીલનો સામાન પ્રાપ્ત થવો બાકી હોય, અને તે કદાચ સમયસર મે ના અંત સુધીમાં પ્રાપ્ત થાય ને ગમે તેટલી ઝડપ કરવામાં આવે તો પણ ગર્ભગૃહ કે જેમાં પ્રભુજીને પ્રતિષ્ઠિત કરવાના છે. તેનું કાર્ય પ્રતિષ્ઠાના દિવસ સુધી પણ પુર્ણ થઈ શકે તેમ ન લાગતાં, અને તે સંજોગોમાં સ્થાનિક અને ભારતના સહ–કાર્યકરો આદિની સલાહ લઈ જૈન સમાજ યુરોપની કાર્યવાહી સમિતિએ આ વર્ષે આ પ્રતિષ્ઠા મુલત્વી રાખવાનો અને હવે નવા મુહૂર્ત પ્રમાણે આવતા વર્ષે તા. ૨૪–૭–૮૮ના રોજ પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય લીધો છે.

# પ્રેરક પત્ર

[પરમ પુજ્ય ગુરૂભગવંતો દ્વારા પ્રાપ્ત થયેલ સમાજ–ધર્મને ઉપયોગી પત્રો અમે આપીશું. તો આપ પણ જરૂર પત્રો લખશો. આ પત્ર પ. પુ. મુનિશ્રી નંદિષેણવિજયજી મ. નો છે. તેમની સાધર્મિક ભાઈઓ પ્રત્યેની ચિંતાભરી લાગણી સમજીયે. તેઓશ્રીનું ચાતુર્માસ ભાવનગર કાળાનાળા, શ્રી દાદાસાહેબ જૈન ઉપાશ્રયે છે.]

હે દેવાનું પ્રિયા,
ધર્મલાભ :–

અમો દેવ–ગુરૂ–ધર્મના પ્રભાવે અત્રે સુખશાતામાં છીએ. તત્ર તમે તેમજ હશો, જે પત્ર આવેથી જાણશું.

આજના સમયમાં એક અતિ અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થયેલો છે તે માટે હું મારી ફરજ સમજી તમોને આ પત્ર લખી રહ્યો છું. આ પત્ર વાંચતા જ તમને સમજાશે કે આ માટે કંઈક કરવું જરૂરી છે તો તે માટે તમો ચોક્કસ તમારા વિચારો રજુ કરશો. આપણે સાથે બેસી તેની ચર્ચા કરવાનું બનશે તો મને આનંદ થશે.

આજથી કદાચ પંદર–વીસ કે પચ્ચીસ વર્ષ પહેલાં આપણા જૈન સમાજમાં અથવા જૈનોનો પરિવારમાં કોઈ આર્થિક ભીંસવાળી વ્યકિત કે કુટુંબો મળવા મુશ્કેલ હતાં અથવા તેને શોધવા જઇએ તો તેવા કુટુંબો મળવા દુર્લભ હતાં. પણ આજે ચોમેર બેકારી નો વિકટ પ્રશ્ન ગુંજવી રહ્યો છે અને ચોમેર જે મોંઘવારી વધતી ગઈ છે. કાળાબજાર પોતાનું માથુ ઉંચકી રહ્યું છે ત્યારે ખાસ કરીને શહેરમાં જે જીવન ધોરણ ઉંચુ જતું જાય છે. તે જોતાં કેટલાય જૈનો ભયંકર આર્થિક ભીંસ અનુભવે છે. ગામડામાં રહેવાથી કોઈ આર્થિક સાધનોનો માર્ગ મળતો નથી તેથી ગામડાના માણસો શહેરમાં આવે છે અને તેઓને એવી આશા હોય છે કે શહેરમાં નાનો–મોટો ધંધો અથવા નોકરી મળી રહેશે પણ શહેરમાં આવેલ આવા વિચારોવાળા ભાઈઓની આજે હાલત જોવામાં આવે તો આપણને ધોળા દિવસે તારા બતાય તેવી પરિસ્થિતિ સર્જાયેલી છે. કદાચ ધંધે–રોજગાર કે નોકરી મળી રહે પણ જીવન જરૂરિયાતની ચીજો અને રહેવા માટે રહેઠાણ મળવા મુશ્કેલ થઈ પડયા છે. આવક જાવકના પાસા સરખા કરતા તેમે કેટલી મુશ્કેલી પડે તેની જાત અનુભવ સિવાય કેમ જાણી શકાય? તેમાં પણ માંદગીમાં આવી પડતાં ઓચિંતો થનાર ખર્ચ અને આજના સમયના વ્યવહાર પણ એટલો વધી ગયો છે કે આ દરેક મનુષ્યો માનસિક યાતના ભોગવતો જોવા મળે છે. બીજી તરફ ધનીક વર્ગ છે જે પોતાના અઢળક વૈભવ નીચે રહ્યો છે, જે કદાચ આવા પરિવાર તરફ લક્ષ નથી આપતાં તો આવા પ્રસંગે હું એવું સમજયો છું કે

અમે યાંત્રિક, નિર્જીવ, સ્વાર્થી બની જીવ્યા છીએ અને જીવી રહ્યા છીએ. બીજાની આંખોની વેદના જોવાનો અમને સમય મળ્યો નથી. તેમના હૃદયની વ્યથા સાંભળવાની વેળા મળી નથી, કદાચ તકલીફ જાણી હોય તો તે ન જોઈ કરી છે. પ્રેમને અનુકંપાથી અમે કોઇનાં આંસું લુછયાં નથી, તનથી, ધનથી, કે મનથી ઘસાયાં નથી. પોતાના કે પારકાં વચ્ચે હમેશાં ભેદ ભર્યા છે. અમે સાવ નીચેના પગથીએ જઈ બેઠા છીએ.

અમે અમારા માટે કમાયે છીએ, અમારે માટે ખાઇએ છીએ, ને અમારા માટે સાચવી રાખએ છીએ. અને આમાં જ અમારા દિવસો, મહિનાઓ, વર્ષો અને આખું આયુષ્ય વિતી જાય છે. અમારા માટે બધુ કરીએ છીએ પણ અમારા ધર્મિભાઈઓ માટે અથવા અમારી જ્ઞાતી માટે કે બીજા કોઈ માટે કયારેય કંઇક કરવાનો પ્રસંગ આવે તો કહીએ છીએ "અરે, મને સમય જ કયાં છે? મારી પાસે એટલા પૈસાય કયાં છે? બીજાને મદદ કરવાને અમે સમર્થ નથી." એમ અમે કહીએ છીએ, કારણ કે બીજાને મદદ કરવાની અમારી વૃત્તિ નથી હોતી. આપણે દરેક ભવયાત્રિઓ છીએ.

અને એટલે અમે અમારા સંબંધને સાંસારીક અધિકારોનું માધ્યમ નહિ, પણ એક માર્ગના યાત્રિઓ વચ્ચેની મૈત્રી ગણીએ, એકમેકને અવલંબીને પાંગળાં ન બનીએ, પણ સાથ આપીને સબળ બનીએ. સાધર્મિકના અતિ પરિચયથી અવજ્ઞા ન કરીએ સતત સિંચનથી સુંદરતાને ઉઘાડ કરીએ અમારામાં ખોવાઇ ન જઇએ પણ એકબીજા દ્વારા પોતાને પામીએ.

આજના યુગમાં અત્યારે સાધર્મિક બંધુની ભક્તિની ખરેખર જરૂરિયાત વાળી છે.

આજે જોઇએ છીએ કે તાતિ જરૂરિયાત છે. (૧) રહેઠાણ (૨) જે બહેનો ઘરે રહી ખાખરા, પાપડ, વડી વગેરે ગૃહઉદ્યોગ જેવું કાર્ય કરી શકે છે તો તેમને તે કાર્ય કરવા નાની લોન આપવી. (૩) આપણા જે ભાઇઓ ધંધો કરી શકે તેમ છે કે તેમને સાયકલ–લારી સાથે ૨૦૦૦ અથવા ૨૫૦૦ની લોન આપવી. (૪) જે બહેનોને મશીન આવડે છે તેમને મશીન આપવા સાથે નાની ૫૦૦–૧૦૦૦ની લોન આપવી કે જેથી તેઓ મહેનત કરીને પોતાનું જીવનનિર્વાહ કરી શકે. (૫) બીજી પણ અનેક યોજનાઓ વિચારી શકાય તેમ છે. આમ કરવાથી અનેક પ્રશ્નો તેમના અને આપણા હલ થશે. સાધર્મિક ભાઇઓ જેટલા સદ્ધર હશે તેટલો જ ધર્મનો જયજયકાર થશે. તો આ માટે આપણે કાંઇક વિચારીએ. આ માટે સૌથી પહેલાં ૨૦૪૫ થી હું પોતે પાંચ વર્ષ સૌરાષ્ટ્રના ગામેગામ ફરીશ લોકસંપર્ક કરી ત્યાંની શું જરૂરીયાત છે તે જાણી આપ દરેક સમક્ષ સારી જોળી ફેલાવીશ એ રીતે કરવા વિચારી રહ્યો છું. ત્યારબાદ જુદા જુદા પ્રાંતોમાં વિચરીશ, વિચારીશ અને શકય હશે એટલી દરેકની તકલીફો મારી ફરજ સમજી ઉકેલવા પ્રયત્ન કરીશ. આવી મને તક મળી તેને હું મારે સદ્ભાગ્ય ગણું છું. આ મારી જવાબદારી છે એટલે એ જવાબદારીનું હું ગંભીરતાપુર્વક પાલન કરી શકું એવી મને શક્તિ મળે એવી પરમાત્માને પ્રાર્થના...

આ માટે તમારા પાસે એક વર્ષમાં એક કે બે દિવસની જ ફકત કમાણી ચાહું છું. આમ કરવાથી આપણા દરેકના પ્રશ્નો હલ થઇ જશે. આવું સત્કાર્ય કરવાથી ઘણો જ લાભ થશે. તો વિચારશો. હવે હું ફરીવાર મળીશ જવાબ આપશો.

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 29919

# જૈન

આજીવન સભ્ય ફી રૂા. ૩૦૧/-
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-
જાહેરાતના પેજના રૂા. ૫૦૦/-
અર્ધું પેજના રૂા. ૩૦૦/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

"જૈન"
વર્ષ : ૮૪
અંક : ૧૫

વીર સં. ૨૫૧૩; વિ. સં. ૨૦૪૩ અષાઢ સુદ ૧૪
૧૦ જુલાઈ, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

# શાસનના શણગાર, સાગરના સિરતાજ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજની મહામુલી ખોટ



પ. પુ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.
જન્મ : સં. ૧૯૬૦ ભા. સુ ૮ વીસનગર.
દીક્ષા : સં. ૧૯૮૪ જે સુ. ૫ અમદાવાદ.
આચાર્ય : સં. ૨૦૧૮ વૈ. સુ. ૫ ઉજ્જૈન.
સાગર સમુદાય ગચ્છાધિપતી :
સં. ૨૦૪૧, પાલીતાણા.
સ્વર્ગવાસ : સં. ૨૦૪૩ અ. સુ. ૬. અમદાવાદ

પોતાની અવિરત જ્ઞાનસાધના દ્વારા આગમોદ્ધાર શ્રી આનંદસાગરસુરીશ્વરજી મ. એ ભારતીય સંસ્કૃતિની, એમાંય ખાસ કરીને જૈન સંસ્કૃતિની જે બહુમુલી સેવા કરી છે. અને તેમણે જૈન સંઘમાં મહામુલા શિષ્ય પરંપરા વિશાળ પરીવાર સાથે આપેલ છે. એ માટે આપણે અને આપણો દેશ એમના ચિરકાળ પર્યંત ઋણી રહીશું. જૈનધર્મ અને જૈન આગમના હાર્દની જગને સમજુતી આપવી અને જૈન સંસ્કૃતિના અહિંસા, સંયમ અનેકાન્તમય આત્માના દર્શન કરાવવા એ આ યુગનું એક ભારે મહત્વનું કામ હતું અને એ કામ કરવામાં આગમોદ્ધારશ્રીજી તથા તેમના સમુદાયે જે ફાળો આપ્યો છે તે ચિરકાળ પર્યંત અમર બની રહેશે.

તે આગમોદ્ધારકશ્રીના પરીવારના વર્તમાન સમયના ગચ્છાધિપતી આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ની જ્ઞાનસાધના જેમ વિરલ હતી એમ એમની જીવનસાધના પણ એટલી જ ઉત્કટ હતી. લોભ-લાલચ કે પ્રશંસાના મોહમાં ફસાવું નહીં. ખાન-પાનમાં એકદમ નિયમિત રહી અનેક તપ આરાધના જીવન પરંત આચરી સંયમ યાત્રાને ઉત્કટ રીતે જાળવેલ છે. સત્યને એકનિષ્ઠાપૂર્વક વળગી રહેવું. અન્યાયની સામે થયા વગર રહેવું નહી; પ્રમાદને પાસે ટુકવા દેવો નહી; જીવનની પળેપળ જાગૃતિમાં જ વિતાવવી; ધર્મ અને શાસનનું કંઈપણ કરી છુટવામાં જ આનંદ માનવો આ અને આવા અનેક સદ્ગુણોને લીધે પુ. આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરિશ્વરજી મહારાજનું જીવન નિર્મળ, નિયમિત અને નિષ્કામ બની રહેલ એવા વિશાળ સાગર સમુદાયના ગચ્છા-ધીપતિશ્રી તા. ૨-૭-૮૭ ના રાત્રીના ૮/૧૧ મીનીટે અમદાવાદ મુકામે કાળધર્મ પામતા અમોએ તથા સમગ્ર જૈન સમાજે આચકો અનુભવેલ છે અને મહામુલી ખોટ પડતા નિરાધાર દશામાં મુકાયેલ જણાયેલ છે. અમો તેઓશ્રીના આત્માની પરમ શાંતિ પ્રાર્થીએ છીએ. તેઓશ્રીના જીવનમાંથી પ્રેરણા લઈએ. -તંત્રી

ગરવી ગુજરતની તીર્થભુમિ તરીકે વિખ્યાત બનેલ મહેસાણા જિલ્લાની પુણ્ય ધરામાં અનેક ગગનચુંબી ભવ્ય જિનાલયોએ જૈન નગરની કીર્તિને ચોમેર પસરાવી છે. તેવા વીસનગર નામના નગરમાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવંતના નિત્ય ઉપાસક શ્રાદ્ધવર્ય શ્રીયુત ગગલભાઈના પરોપકાર પરાયણ ધર્મપત્નિ મોતીબેનની કુક્ષીએ વિક્રમ સંવત ૧૯૬૦ના ભાદરવા સુદ ૮ ના શાસનના ભાવિ હિરલાએ જન્મ ધારણ કર્યો.... "પુત્રના લક્ષણ પારણામાં" તદનુસાર માતાપિતાએ ડાહ્યાભાઈ નામ સ્થાપન કર્યું....

બાલ્યકાળમાં જ માતાપિતાના સંસ્કારો અને પુર્વભવની

આરાધનાના બળે પોતાના વડિલ ભાઇ-બ્હેન સાથે ધાર્મિક અભ્યાસમાં ખુબ સારી પ્રગતિ કરી. વ્યવહારિક અભ્યાસ કરી ધંધાર્થે મુંબઇ ગયા.... સટ્ટા બજારમાં સારી પ્રગતિથી આગળ વધવા છતા મોહમયી નગરીના ભૌતિકતામાં ન તણાતા કલ્યાણ મિત્રોની સાથે અધ્યાત્મિક ક્ષેત્રમાં જોડે. શ્રાવકાચાર-વિધિ પુર્વક નવપદજીની ઓળી, નવો ધાર્મિક આસ તથા રાત્રે વૈરાગ્ય પોષક રાસોનું શ્રવણ કરી... વૈરાગ્યના રંગે રંગાવા લાગ્યા.

વિભાવદશાથી વિમુકત બની સ્વભાવ દશાને પામવા ચાતકપક્ષીની જેમ સંયમ મેળવવા આતુર બન્યા.... વડિલો આગળ અંતરની આરઝુને રજુ કરી.... પણ કમાઉ દિકરો સૌને વહાલો" ના ન્યાયે વડિલોએ તેમની વાતને અવગણી અને સ્પષ્ટ ના પાડી દીધી. વડિલોનો મનાઇ હુકમ સાંભળી હાથવાળીને બેસી જાય તેવા કાચી માટીના તો હતા નહિ. દુધના ઉભરાની જેમ ક્ષણિક વૈરાગ્ય ન હતો તેથી જ તો તેમણે પોતાની વાતમાં વધુ અડગતા બતાવી સમેય અને તકની રાહ જોવા લાગ્યા.... અને ચારિત્રપદની વિશિષ્ઠ પ્રકારે આરાધના કરવા લાગ્યા.

મુંબઇની કલ્યાણ મિત્રોની ટુકડીના અગ્રેસર શ્રી ચીમનભાઇ પટવાએ પૂ. આગમોદ્ધારક આનંદસાગરસૂરિજી મ. સા. ની પાસે દિક્ષા ગ્રહણ કરી મુનિશ્રી ચંદ્રસાગરજી બન્યા છે તેમ જાણતા જ દાહ્યાભાઈ અમદાવાદ દોડી આવ્યા... બંને પૂજયોને સંયમ પ્રદાન કરવાની વિનંતી કરી અને આગમોદ્ધારકશ્રીજીએ જેઠ સુદ ૫ નું મુહુત ફરમાવ્યુ. અને ધન્યપળે સંવત ૧૯૮૪ના અમદાવાદમાં આગમોદ્ધારકશ્રીના વરદ હસ્તે ચારિત્ર ગ્રહણ કરી મુનિશ્રી ચંદ્રસાગરજી મ. સા. ના પ્રથમ શિષ્ય-રત્ન મુનિ દેવેન્દ્રસાગરજી બન્યા....તેમના મોટાભાઈ અને મોટીબહેને પણ દીક્ષા લઇને તે સુબોધસાગરજી ને સાધ્વીશ્રી મહોદયશ્રીજી, સંયમજીવનની પ્રાથમિક શરૂઆતથી જ્ઞાન-ધ્યાન વિનય-વૈયાવચ્ચ દ્વારા અને રત્નત્રયીની અભુતપુર્વ આરાધના દ્વારા કર્મઇંધનને ભસ્મીભુત બનાવવા સજ્જ બન્યા.... સાથેસાથ આગમોદ્ધારકશ્રીજી પાસે આગમિક ગ્રન્થોનો તથા વ્યાકરણાદિકનો અભ્યાસ કર્યો "બાર માસ પર્યાયે અનુત્તર સુખ અનુક્રમિયે" ઉક્તિનુસાર દિન-દિન કંચનની પરે વિશુદ્ધ સંયમને પાળતા સ્વજીવન ધન્ય બનાવવા લાગ્યા.

સંવત ૧૯૮૭ માં સર્વ પ્રથમવાર ત્રણ વર્ષના ટુંકા સંયમ પર્યાયમાં પણ બિજય દેવસુર સંઘ (પાયધુની-મુંબઇ) ની પાટ પરથી અવિરત પણે પોતાની આગવી પ્રવચન શૈલીથી લોકોને ધર્માભિમુખ કર્યા.... ક્રમશઃ ગુજરાત, મહારાષ્ટ્ર, માલવા, મેવાડમાં વિચરી વૈરાગ્ય પ્રધાન-તત્વમયી દેશના દ્વારા ખૂબ ખૂબ શાસન પ્રભાવના કરી. સં. ૧૯૯૯ ખંભાત ચાતુર્માસમાં આસો વદ ૩ના શુભદિને પુ. આગમોદ્ધારક આચાર્ય ભગવંતના તથા પુ. ગુરૂદેવશ્રી ચન્દ્રસાગરજી મ. સા. ના વરદહસ્તે ગણીપદવી તથા પંન્યાસ પદવી થઇ ત્યારે શ્રીસંઘ અને શ્રેષ્ઠીવર્ય મુલચંદ બુલાખીદાસે મહોત્સવ પુર્વક અનેરી શાસન પ્રભાવના કરેલ.

સં. ૨૦૦૭ માં સુરતના શ્રીસંઘે ગચ્છાધિપતિની અનુમતિથી પ. શ્રી ચંદ્રસાગરજી મ. સા., પં. શ્રી હેમસાગરજી મ. સા. તથા ચરિત્રનાયકને આચાર્યપદે આરૂઢ કરવાનું નક્કી કર્યું.... પણ ચરિત્રનાયકે "મને આચાર્યપદવી ન શોભે" વિનમ્રભાવે આચાર્યપદ લેવાની સ્પષ્ટ ના પાડતા.... પુ. ગચ્છાધિપતિ આ. શ્રી માણિક્યસાગરસુરિજી મ. સા. ની નિશ્રામાં શ્રીસંઘે મહોત્સવપુર્વક બંને પુજયોને આચાર્યપદ તથા ચરિત્રનાયકશ્રીજીને ઉપાધ્યાય પદે સ્થાપન કર્યા

સં. ૨૦૦૯ માં પોતાની જન્મભુમિ વીસનગરમાં શાસન-પ્રભાવનામય ચાતુર્માસ વ્યતીત કરી.... કારણોવશાત્ ત્યાં શેષકાળમાં સ્થિરતા કરી. તે દરમ્યાન વાવનો શ્રીસંઘ પુજ્યશ્રી પાસે આવ્યો. અને પોતાના ગામમાં ચાતુર્માસ કરવા માટેની સંપૂર્ણ તૈયારી સાથે આવી રહેલા તેરાપંથી આચાર્ય તુલસીના આગમનની વાત કરી અને આર્તહૃદયે જણાવ્યું કે સાહેબ તેરાપંથીય આ. તુલસીના મૂર્તિવિરોધી પ્રચારના કારણે આપણા કોઈ સમર્થ મુનિરાજ નહિ હોય તો જવાબ કોઈ આપી નહી શકે. ! અમે કેટ-કેટલા પૂજયોને વિનંતી કરી પણ અમોને સફળતા મળી નથી. આપની પાસે અમો આશા લઇને આવ્યા છીએ. સર્વ હકિકત સાંભળી શાસનની રક્ષા કાજે ઘણી પ્રતિકુળતાને અવગણી ઉપાધ્યાયજીએ વીસનગરથી ઉગ્ર વિહાર કર્યો અને તેરાપંથી આચાર્ય તુલસીના પ્રવેશન ચાર દિવસ પહેલા વાવમાં પ્રવેશ કર્યો. પ્રતિદિન ત્રણ ટાઇમ વ્યાખ્યાનના માધ્યમથી શ્રાવક વર્ગને મજબુત બનાવ્યો.... તુલસીનો પ્રવેશ થયો. તેમના તરફથી એક દિવસ રાત્રે પંડિતને ચર્ચા કરવા મોકલવામાં આવ્યા.... પૂજયશ્રીએ પોતાની અજોડ શક્તિ દ્વારા તેનો પરાજય કર્યો. પંડિતે ત્યાં જઈ સમાચાર આપ્યા કે વિદ્વાન અને ગંભીર વાદકુશળ મુનિવર છે. આપણું ચાલે તેમ નથી અંતે! ચાતુર્માસની તૈયારી સાથે આવેલ આચાર્ય તુલસીને વાવમાંથી અડવાડિયામાં વિહાર કરવો પડયો. અને શ્રી મૂર્તિપુજક જૈન શાસનનો જય જયકાર થયો.

સં. ૨૦૧૨ માં વયોવૃદ્ધ શ્રમણોપાસકોને આરાધના કરવા માટે પાલીતાણામાં મુમુક્ષુ શાંતિ નિકેતન નામની સંસ્થા સ્થાપન કરી.... આધ્યાત્મિક સાધના કરવાની ઇચ્છાવાળા ભાવિકો માટે અનુકુલતા કરી આપી....

સં ૨૦૧૬ માં મુંબઈ-શાંતાકુઝના ચોમાસામાં સ્થાનકવાસી સંપ્રદાય તરફથી પ્રકાશિત થતાં "જૈન સિદ્ધાંત" માસીકના તંત્રી શ્રી ગીરધરલાલ નગીનદાસને શાસ્ત્રોની યુકિત-પ્રયુકિત દ્વારા તીર્થંકર પરમાત્માની સ્થાપના કલ્પને માનતા કરી દીધા.... આવી હતી અજોડ શકિત ઉપાધ્યાયજીની....

સં ૨૦૧૬ ના ચાતુર્માસ બાદ ઉગ્ર વિહાર કરી વિ. સં. ૨૦૧૭ મહા વદ-૭ના શુભદિને શ્રી સમેતશિખરજીની પ્રતિષ્ઠા પ્રસંગે પુ. ગચ્છાધિપતિ આ. શ્રી માણિક્યસાગરસુરિજી મ. સા. ની સાથે હાજર રહી ત્યાંના તથા આજુબાજુના આવેલ તીર્થંકર ભગવંતોના કલ્યાણક ભુમિની સ્પર્શના કરી... શાસન પ્રભાવનાનાં અપુર્વ કાર્યો કર્યા!

સં ૨૦૧૮ ફા. વ. ૫ ના દિને શાસન પ્રભાવનાપુર્વક દીલ્હીમાં પ્રવેશ કર્યો.... ત્યારે પુ. ગુરૂદેવ આ શ્રી. ચંદ્રસાગર-

સુરિજી મ. સા. તરફથી આજ્ઞાપત્ર આવ્યો કે "વહેલી તકે દીલ્હીથી વિહાર કરી ઉજ્જૈન આવો પુજ્યશ્રીની આજ્ઞાનુસાર તુર્ત ઉજ્જૈન તરફ વિહાર કરી. પુજ્યશ્રીની સેવામાં હાજર થયા. પુ. ગુરૂદેવશ્રીએ જણાવ્યું કે "મારે તમને આચાર્ય પદવી આપવાની છે. માટે જ તમને બોલાવ્યા છે." તરત પુજ્ય ઉપાધ્યાયજીએ જણાવ્યું કે સાહેબ! હું તે પદ માટે યોગ્ગ નથી આપની સાથે હું પણ આચાર્ય તે કદાપિ ન શોભે, કૃપા કરો એમ કહી આચાર્ય પદવી લેવા માટે પુ. ગુરૂદેવશ્રીને ઇન્કાર કર્યો ત્યારે પુ.ગુરૂદેવે કહ્યું કે તમારે કોઇપણ સંજોગોમાં આચાર્ય પદવી લેવાની જ છે. એમ સ્પષ્ટ આજ્ઞા ફરમાવતાં, કચવાતા દિલે "ગુરૂ આજ્ઞા પ્રમાણ" કરી વિ. સં. ૨૦૧૮ ના વૈશાખ સુદ-૧૦ ના રોજ પુ. ગુરૂદેવશ્રીજીએ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપાધ્યાયજીને **આચાર્યપદે આરૂઢ કર્યા....**

**શાસન પ્રભાવક સુરિવર :-** પ્રભુશાસનને વહન કરવાની જવાબદારી પોતાના શીરે આવતાં....પોતાની સઘળી શકિતને કામે લગાડી શાસન રક્ષા કરી અણુમોલ શાસન પ્રભાવના કરી

* સં. ૨૦૩૦ માં પરમાત્મા વીરપ્રભુની ૨૫૦૦ મી ઉજવણી પ્રસંગે પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીજી મ. સા. ની સાથે રહી અનેક આંધી-તુફાનો વચ્ચે પણ અડગ રહી કાર્યને સાનંદ ઉજવી અનેરી શાસન પ્રભાવના કરી.

* સં. ૨૦૩૨ માં બાયડ મુકામે શ્રેષ્ઠીવર્ય શ્રીયુત કસ્તુરભાઈ લાલભાઇની અતિ આગ્રહભરી વિનંતી સ્વીકારી પોતાના અન્ય પ્રોગ્રામને ગૌણ બનાવી સિદ્ધગીરીની નવી ટુકના પ્રતિષ્ઠા માટે પુ. આ. શ્રી વિજયકસ્તુરસુરિજી મ. સા. સાથે પધાર્યા અને પોતાની શકિત દ્વારા વિરોધના વંટોળને શમાવી ૫૦૦ ઉપરાંત જિનબિંબોની પ્રતિષ્ઠા કરી.

* સં. ૨૦૩૩ માં જાગેલ નેમ-રાજુલના નાટકના વિવાદ પ્રસંગે બુદ્ધિપ્રભાથી તે ઝંઝાવાતને સમાવી વાતાવરણ ઠંડુ પાડયું.

* સં. ૨૦૩૫ શ્રી શંખેશ્વરજી મહાતીર્થે નુતન જૈન આગમ મંદિરની અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રાદાતા બની ઐતિહાસિક પ્રસંગ બનાવ્યો.

* સં-૨૦૩૬ ખેડા તીર્થથી શ્રી સિદ્ધગીરીનો ઐતિહાસિક ૫૫૦ યાત્રિક સાથેનો છ'રી.પાલિત શ્રીસંઘનું ભવ્ય આયોજન થયેલ.

* સં-૨૦૩૯માં પૂનઃ આગમ મંદિરની અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રા પ્રદાન કરી અને સાગર સમુદાયના સર્વ પ્રથમ શ્રમણ તરીકે, પૂ. પં. હિમાંશુસાગરજી મ. સા. ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પૂર્ણતાનો ભવ્ય મહોત્સવ પંન્યાસપદ પ્રદાન વગેરે અનેકવિધ શાસન પ્રભાવક કાર્યો થયા.

* સં-૨૦૪૦માં રાજસ્થાન-ડુંગરપુરમાં ભવ્ય અંજન શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નિશ્રા પ્રદાન કરી.

* સં-૨૦૪૧માં પાલીતાણા જંબૂદ્વીપ નિર્માણની અંજન શલાકા પ્રતિષ્ઠા પ્રસંગે, સાગર સમુદાયના આ વિશિષ્ઠ અવસરે સમુદાયના પાંચ આચાર્ય ભગવંતો આદિ ૮૩ શ્રમણ ભગવંતો તથા ૩૦૦ થી અધિક શ્રમણીગણની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠાવિધિ થઇ, સાગર સમુદાયના આ ઐતિહાસિક સંમેલનમાં શાસન પ્રભાવક સૂરિવરને ૧૩ સાધુ-૬૦૦ સાધ્વીસમુદાયના ચાર આચાર્ય ભગવંત આદિ શ્રમણ ભગવંતોએ સમુદાયના "ગચ્છાધિપતિ" તરીકે સ્થાપન કર્યા.

* સં-૨૦૪૨માં અમદાવાદ નારણપુરાથી શંખેશ્વરજી મહાતીર્થનો પદયાત્રી યુકત ભવ્ય છ'રીપાલિત સંઘમાં નિશ્રા આપી, શંખેશ્વરજી તીર્થમાં ઐતહાસિક સાધ્વીશ્રીના વર્ધમાનતપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિના બે ભવ્ય પ્રસંગો, પોષ દશમીની રેકર્ડ આરાધના, વાંચના વિ. કાર્યો કરી મહારાષ્ટ્રમાં સર્વપ્રથમવાર પુના મુકામે શ્રી કાત્રજ ઉપનગરમાં શ્રી પર્વતીય પ્રદેશ સૌંદર્યરમ્ય ધામમાં વિશાળ જગ્યામાં શ્રી આગમોદ્ધાર દેવર્ધિ જૈન આગમ મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રી આગમ મંદિરના નિર્માણાર્થે વિ. સં. ૨૦૪૨ વૈ. સુ. ૩ ખાત મુહુર્ત તથા વૈ. સુ. ૧૦ શીલા સ્થાપનાનો પુણ્ય પ્રસંગ અપુર્વ આહ્લાદોલ્લાસ પુર્વક ઉજવાયો. પુજયશ્રી પુનાથી વિહાર કરી મુંબઈ નગરીમાં પ્રવેશ કરી શ્રી વિજયદેવસુર સંઘ, ગોડીજી જૈન ઉપાશ્રય, પાયધુની મુંબઈમાં ઐતિહાસિક ચાતુર્માસ કર્યું અને અવિસ્મરણીય શાસન પ્રભાવના તથા શાસનરક્ષાના કાર્યો થયા.

* ચરિત્ર નાયક સુરિવરની પુણ્ય નિશ્રામાં પાંચ અંજન શલાકા, ૨૬ પ્રતિષ્ઠા, ૩૧ ભવ્ય ઉપધાન તપ, નાના-મોટા ૧૩ છ'રી પાલિત સંઘ અનેક ધાર્મિક સંસ્થાના સ્થાપના ઉદ્ઘાટન વિ. પ્રસંગો દ્વારા પરમ શાસન પ્રભાવના થયેલ છે.

* સંયમના અવિહડ રાગી ૬૦ વર્ષનો દીક્ષાપર્યાય સૂરિવરની પ્રેરણાથી ૩૦૦થી વધુ ભવ્યાત્માએ સંયમ માર્ગે પ્રયાણ કર્યુ છે ૮૩ વર્ષની જૈફ ઉંમરે પણ અપુર્વ આરાધના સાથે શાસન્નોનતિના કાર્યો કરી રહેલ.

* ૧૭ વર્ષની ઉંમરથી આજ પર્યંત શાશ્વતી નવપદજીની ઓળીની સળંગ આરાધના અપુર્વ વીર્યોલ્લાસ પુર્વક કરી રહ્યા છે. તેની સ્મૃતિમાં પ્રતિવર્ષે સામુદાયિક વિધિપુર્વક ચૈત્રી ઓળીની આરાધના કરાવવા **સાગર સંસ્કરણ નામના ટ્રસ્ટની સ્થાપના પણ થયેલ છે.**

* જિન આગમ રક્ષણ અને સંવર્ધન માટે આગમ મંદિરના પ્રેરકને ઉપદેશક, ૪૫ આગમ સટીક સર્વપ્રથમ તામ્રપત્રમાં અંકિત કરાવનાર જેમાં પુના તથા ઉજ્જૈનમાં સાકાર બની રહેલ છે.

* સુવિશાલ સાગર સમુદાયના મહાસંયમયાત્રી શાસન પ્રભાવક શ્રમણોની યોગ્યતા જોઇ અનેકાઅનેક સંઘોની વિનંતી થતા સં. ૨૦૪૩ ના વૈશાખ સુદ ૬ ના પૂ. પંન્યાસશ્રી નરેન્દ્રસાગરજી મ., પૂ. પં. શ્રી હિમાંશુસાગરજી મ., પૂ. પં. શ્રી દોલતસાગરજી મ., પૂ. પં. શ્રી યશોભદ્રસાગરજી મ. ને ઉપાધ્યાયપદ પ્રદાન તથા પુ. ગણિવર્ય શ્રી જીતેન્દ્રસાગરજી મ., પુ. ગણિવર્ય શ્રી અશોકસાગરજી મ., પુ. ગણિવર્ય શ્રી નિરૂપમસાગરજી મ., પુ. ગણિવર્ય શ્રી કલ્યાણસાગરજી મ. ને પંન્યાસપદ પ્રદાન અર્પવાનું અંતિમ કાર્ય કરેલ છે.

* સમ્યક્ જ્ઞાનની પર્યુપાસના તો તેમના જીવનનો એક પ્રાણ છે! જે દિવસે પ્રૌઢગ્રંથનું એક પાનું જો સકારણ ન વંચાય

તો મ[illegible] આજે ખોરાક નથી મળ્યો તેમ સાહજેક ઉદ્ગાર તેઓશ્રીના મુખારવિંદથી સાંભળવા મળતો.

[illegible]આમ ૮૨ વર્ષની જૈફ વયે પણ પ્રૌઢ વ્યાખ્યાન શક્તિથી ભાવિકોને ધર્મમાર્ગમાં જોડતા શ્રમણ-શ્રમણીઓને વાંચના આપી સંયમ માર્ગમાં સ્થિર કરતા રત્નત્રયીની અભૂતપુર્વ આરાધના કરતાં રહેલ....

પરમતારક પુજ્યપાદ ગુરુદેવશ્રીજી મુંઈ-ગોડીજીથી વિહાર કરી જામનગર-સાયલા મુકામે અંજનશલા-પ્રતિષ્ઠાદિ કાર્ય પતાવી સુરેન્દ્રનગર પધાર્યા. ત્યાં એકાએક પુજ્યશ્રી અશાતા વેદનીય કર્મથી ઘેરાઇ વળ્યા. પુજ્યશ્રીની જબ-ગજબ સહનશક્તિ અને સુરેન્દ્રનગર તથા વિહારના શ્રીસંઘોની અપુર્વ ભક્તિથી અમદાવાદ ભગવાનનગરના ટેકરે શ્રી વિશ્વનંદીકર જૈન સંઘમાં નિર્વિઘ્ને આવી ગયા.... આ. શ્રીકંચનસાગરસુરિજી મ. તથા શિષ્યગણ આદિ શ્રમણોની વૈયાવચ્ચ અને સ્થાનીક શ્રીસંઘ, અન્ય શ્રીસંઘો તથા ડૉ. રસીકભાઈ,ડૉ. પન્નાલાલની સતત કાળજીભરી માવજતે તો પુજ્યપાદશ્રીએ ન કલ્પી શકાય અને ન વર્ણવી શકાય એવી નાદુરસ્ત તબિયતમાં પણ ૧૩૯ મી શ્રી નવપદજીની ઓળીની આરાધના અપુર્વ ભાવોલ્લાસ પુર્વક આરાધી.... ત્યારે તો કર્મરાજાએ પણ જાણે રિસામણા લીધા હોય તેમ દિન-પ્રતિદિન પુજ્યશ્રી સ્વસ્થ બનતા ગયા.... જે સ્વસ્થતા પ્રાપ્ત કરતા જ પોતાની પુર્વવત્ ત્રિકાળ દેવવંદન [illegible] પણ ૧૧ાા-૧૨ કલાકની વિશિષ્ટ સાધના અને આગમ અભ્યાસના પિપાસુ પુજ્યશ્રી પ્રતિદિન ૪-૫ કલાક અવનવા ગ્રંથોનું ચિંતન-મનન-સ્વાધ્યાય કરતા અને નિશ્રાવર્તીઓને પણ સંયમ જીવનમાં રત્નત્રયીની અપુર્વ આરાધના કરવા સતત પ્રેરણા કરતા....

આત્મસાધક પુ. ગુરૂવર્યશ્રી સંયમની લહેર માણતા હતા તેની કર્મરાજાને ઇર્ષ્યા આવતા પુનઃ જેઠ સુદમાં અશાતા વેદનીય કર્મની ચુંગાળમાં ગુંચવી દીધા... સમતાના સાગરસમા પુજ્યશ્રી સતત નવકારમંત્રની આરાધનામાં તન્મય બન્યા સ્વ. સમુદાયના તથા બીજા સમુદાયના નાના-મોટા શ્રમણો તેમની સુખશાતા વંદના અર્થે આવતાં રહ્યા, પાલીતાણાની તીવ્રભાવના છતાં ક્ષેત્ર સ્પર્શનાએ અમદાવાદ-આંબાવાડીમાં ચાતુર્માસ નિર્ણિત થયું. અને શ્રીસંઘના આનંદ અને ઉત્સાહ વચ્ચે જેઠ વદ ૪નાં પ્રવેશ થયો. તે દિનથી જ શ્રીસંઘે ખડે પગે ભક્તિ આદરી.... ડૉ. સુમનભાઇ, ડૉ. પુખરાજભાઈ, જીતુભાઈ પરેશભાઇ, રાજેશભાઈ વિગેરે ડોકટરોની લાગણી ભરી ટ્રીટમેન્ટ છતાં અમારા શિરછત્ર પુજ્યપાદશ્રીજીને શ્વાસની તકલીફ, અશક્તિ આદિ તથા બી.પી.ની વધઘટના કારણે સં ૨૦૪૩ના અ. સુદ ૬ના સવારે પુજ્યશ્રીએ જણાવ્યું કે **"આજે તો આ કાયાને વોસિરાવવાના છો તો પચ્ચક્ખાણ પરાવવાના આગ્રહ શું કામ કરો છો ?"** આ સાંકેતિક વચન ધ્યાનમાં ન આવ્યુ. પ્રતિદિનની જેમ સહવર્તી શ્રમણોના મુખે અખંડ નવકારમંત્ર, ચારશરણા, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના આદિ સતત જાગૃતિ સાથે શ્રવણ કરતા હતા ૭/૪૫ કલાકે પ્રતિક્રમણનો પ્રારંભ કર્યો. જાગૃત દશામાં આરાધના કરતા એ ગોઝારીક્ષણ ૮/૧૧ મીનીટે આવી કે ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં પગામ સજ્ઝાયમાં આવેલ ચારશરણા સંપુર્ણ થતા સાગર સમુદાયના એક પ્રતિભાશાળી ગચ્છાધિપતિશ્રીએ એકાએક પોતાની દૈહિક લીલાને સંકેલી લીધી આ સમાચાર વાયુવેગે રેડિયો, દૈનિક પત્રો દ્વારા ફેલાતા અમદાવાદના સ્થાનિક સંઘોમાંથી તથા મુંબઇ, પુના, સુરત, નવસારી, કપડવંજ, ડભોઈ, છાણી, આણંદ, મહુધા, ઉંઝા, ચાણસ્મા, મહેસાણા, ચોટીલા, પાટણ, થરા, સુરેન્દ્રનગર, જોરાવરનગર, રાજકોટ, શિહોર, માતર, બાજો, વિસનગર, શેરપુર, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, ભાવનગર વિગેરે શ્રીસંઘોમાંથી ભાવિકો પુજ્યશ્રીના અંતિમ દર્શનાર્થે ઉમટી પડયા.

પુજ્યશ્રીના અંતિમ દર્શને તથા સહસાધુઓને પડખે રહેવા અમદાવાદ શહેરમાંથી ૩૦૦ ઉપરાંત સાધુ-સાધ્વી આવેલ અને તે સર્વોએ દેવવંદના કરી તેમને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જેમાં આચાર્યશ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા તથા પુ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરિશ્વરજી મ. આદીએ ગુણાનુવાદ કરી પુજ્યશ્રીને અંજલિ અર્પી હતી.

~~પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર ભારતભરમાં ઠેર ઠેર~~ ફરીવળતા સ્વસમુદાયના તથા પર સમુદાયના પુજ્ય ગુરૂભગવંતો તરફથી કોઈપણ સમુદાયના ભેદભાવ વગર દેવવંદન અને ગુણાનુવાદ થઈ રહેલ, તે જ પુજ્ય આચાર્યદેવશ્રીની નિર્મળ સુવાસ અને શાસન પ્રત્યેની ઉંડી ભાવનાના દર્શન કરાવે છે.

પુજ્યશ્રીની અંતિમવિધિ માટે ત્રણ-ત્રણ સ્થળોની માંગણીમાં પાલડી, વિતરાગ સોસાયટી, પરમઆનંદ જૈન સંઘની આગ્રહભરી વિનંતીથી અંતિમયાત્રા ત્યાં લઈ જવાઈ જયાં જય જય નંદા, જય જય ભદ્દાના ગગનભેદી નાદ વચ્ચે પુજયશ્રીની અંતિમ વિધિ પુર્ણ થઈ. જયાં પુજ્યશ્રીનું કાયમી સ્મારક-ગુરૂમંદિર નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો છે. શાસનના શણગાર સૂરિવર સદા જયવંતા રહો વિજયવંત હો.

સ્વર્ગસ્થ પરમ પુજય ગુરૂદેવશ્રીની ગુણુવાદ સભા સમગ્ર અમદાવાદ શહેરની તા. ૧૨-૭-૮૭ને રવિવારના આંબાવાડીમાં રાખવામાં આવેલ છે.

આજ રીતે પુજ્યશ્રીની ગામે ગામ ગુણાનુવાદ સભા થઇ રહેલ છે. ને તેના ઠરાવો અમારી પાસે આવી રહેલ છે. જે હવે પછીના અંકોમાં આપવામાં આવશે તો આપને ત્યાં થયેલ ઠરાવો પણ લખી મોકલાવવા વિનંતી.

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 29919

# જૈન

આજીવન સભ્ય ફી રૂા. ૩૦૧/-
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/-
પરદેશ માટે રૂા. ૩૦૦/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

"જૈન"
વર્ષ : ૮૪
અંક : [illegible]

વીર સં. ૨૫૧૩; વિ. સં. ૨૦૪૩ શ્રાવણ સુદ ૫
૩૧ જુલાઈ, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

# આચાર્યો ધર્મશાસનના રાજા છે

લે: દિનેશકુમાર જયંતિલાલ શાહ

**પ્રશ્ન :** 'આચાર્ય ભગવંતો ધર્મશાસનના રાજા છે' એનો અર્થ શું ?

**ઉત્તર :** એનો અર્થ વિચારતાં એવું લાગે છે કે આચાર્ય ભગવંતને શાસન ચલાવવા માટેના સોલરાઈટ્સ મળેલા છે. એટલે કે જે પરંપરાઓ-આચરણાઓ ચાલી આવતી હોય તેમાં પણ, દેશ-કાલને અનુસરીને ~~જીવોનું~~ ચતુર્વિધ શ્રીસંઘનું વધુ હિત થઈ શકે અહિત-માંથી બચાવ થઈ શકે તેવો ફેરફાર કરવાનો તેઓને અધિકાર મળેલો છે જેમ કે શ્રી તીર્થંકર પરમાત્માઓ ધર્મશાસનના રાજા છે, તો તેમને તેવો અધિકાર છે.

**પ્રશ્ન :** શ્રી તીર્થંકર પરમાત્માઓ તો કેવળજ્ઞાની હોય છે, આગમ-વ્યવહારી હોય છે, માટે તેઓને પરંપરા બદલવા માટે શાસ્ત્રો સામે જોવાનું રહેતું નહેતું. સાંપ્રત કાલીન આચાર્યભગવંતો તો કેવલ-જ્ઞાન, અવધિજ્ઞાન વગેરે અતિશયિતજ્ઞાનથી શુન્ય છે. એટલે તેઓએ તો ફેરફાર કરવા માટે શાસ્ત્રો સામે જોવું જ પડે ને ! અર્થાત તેઓ જે ફેરફાર કરવા માંગતા હોય તે તો શાસ્ત્રાનુસારી જ હોવો જોઈએને. શાસ્ત્ર વિરૂદ્ધ ન જ હોવો જોઈએ ને !

**ઉત્તર :** વાત સાચી છે. અનતિશયિત જ્ઞાનીએ આગમ વચન સામે જોવું પડે છે પણ એ આગમવચન કયું ? એ માટે શ્રી ધર્મરત્ન પ્રકરણ ગ્રન્થની વૃત્તિમાં વૃત્તિકારે ખુલાસો કર્યો છે કે

**' દોસા જેણ નિરુજ્ઝન્તિ, જેણ ખિજ્જંતિ પુવ્વકમ્માઈ ।**
**સો સો મુકખોવાઓ, રોગાવત્થાસુ સમણં વા ॥**

[ જેનાથી દોષો દબાતા જાય, જેનાથી પુર્વબદ્ધકર્મો ક્ષીણ થતા જાય તે બધુ મોક્ષના ઉપાયભુત છે (એટલે કે માર્ગરૂપ છે), જેમ કે રોગી અવસ્થામાં જેના જેનાથી રોગ ઓછો થતો જાય તે બધુ ઔષધરૂપ છે.] ઇત્યાદિ આગમવચન સામે જોવું. આમાં 'આદિ' શબ્દથી પુજ્ય ઉપાધ્યાયજી મ નું આ વચન પણ લઈ શકાય છે.

**"કિં બહુણા ઇહ જહ જહ રાગદ્દોસા લહું વિલિજ્જંતિ ।**
**તહ તહ પયટ્ટિઅવ્વં એસા આણા જિણિંદાણું ॥"**

[અર્થ : વધુ શું કહેવું ? જેમ જેમ રાગદ્વેષ શીઘ્ર વિલય પામતાં જાય, તે તે રીતે પ્રવૃત્તિ કરવી, આ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે.]

દેશકાળાદિને અનુલક્ષીને કરવા પડતાં ફેરફાર માટે આચાર્ય-ભગવંતોએ આવા આગમવચનો સામે અવશ્ય જોવું પડે છે. બાકી. તિથિ વગેરે સંબંધી આચરણાઓનું પ્રતિપાદન કરતાં શાસ્ત્રો સામે જોવું જ પડે, એ શાસ્ત્રોના અક્ષર મુજબ જ પ્રવૃત્તિ કરી શકાય એવું નથી. એટલે શાસ્ત્રોમાં જે અક્ષરો ~~ન મળતા હોય એવો~~ કદાચ આચાર્ય ભગવંત પ્રવૃત્તિ શરૂ કરાવે, અથવા શાસ્ત્રોમાં અન્યથા શબ્દો મળતા હોય અને આચાર્ય ભગવંત અન્યથા પ્રવૃત્તિ શરૂ કરાવે તો પણ આચાર્ય ભગવંતે શાસ્ત્ર વિરૂદ્ધ આચરણા કરી અને તેથી એ અમાન્ય છે ઇત્યાદિ કહી શકાતું નથી 'આચાર્ય ભગવંતો રાજા સમાન છે' એનો અર્થ જ આ કે 'શાસ્ત્રોમાં જેના શબ્દો ન મળતા હોય તેવું પણ કરવાનો તેમને અધિકાર છે.' ઘડાયેલા બંધારણના શબ્દોને અમલી બનાવવા એ તો સામાન્ય અધિકારીનો પણ અધિકાર છે. એ બંધારણથી જે નક્કી થયું હોય તેમાં પણ ફેરફાર કરવો એ જ તો રાજા જેવા વિશેષ અધિકારીનો વિશેષ અધિકાર છે. તે તે કાળે અમલી બનેલી હકાર વગેરે નીતિઓનો કાળને અનુસરીને રાજા જેવા કુલગર વગેરેએ મકાર-ધિક્કાર વગેરે નીતિરૂપે ફેરફાર કર્યો હતો ને.

વળી, તે તે કાળે શાસનમાં થએલા બહુશ્રુત સંવિગ્ન આચાર્ય-ભગવંતે જે જે ફેરફાર કર્યો હોવાનું શાસ્ત્રોમાં નોંધાયું છે તે પ્રાયઃ તે તે કાળે તે તે આચાર્યને ઉપલબ્ધ શાસ્ત્રોને અનુસરનારું હતુ નહિ. શાસ્ત્રોમાં તેવું તેવું નહોતું કહ્યું છતાં તેઓએ દેશ-કાળાદિને જોઈને તેવા તેવા ફેરફાર કર્યા હતા, અને એ ફેરફારો માન્ય જ બન્યા હતા, 'શાસ્ત્રાનુસારી નથી માટે અમાન્ય છે' એમ અમાન્ય નહોતા બન્યા. તે તે આચાર્યભગવંતોએ પ્રવર્તાવેલી તે તે પ્રવૃત્તિઓ શાસ્ત્રોમાં જે કહ્યું હોય તેને અનુસરનારી નહોતી, ઉલ્ટું ક્યારેક તો શાસ્ત્રમાં તે તે પ્રવૃત્તિને પ્રતિકુળ હોય એવા પણ શબ્દો મળતા હતા. આવું હોવા છતાં તે તે આચાર્યભગવંતે પ્રવર્તાવેલી પ્રવૃત્તિઓ માન્ય બની હતી એ બાબત માટે શ્રી ધર્મરત્નપ્રકરણ ગ્રન્થનો પાંચેનો અધિકાર જોવા જેવો છે. ભવિષ્યમાં પણ ચતુર્વિધ શ્રી સંઘમાં રાગ-

દ્વેષની વૃદ્ધિ વગેરે રૂપ અનેક દોષોને દેખીને, એ દોષોની હાનિ થાય એવા લક્ષ્ય થી સંવિગ્ન ગીતાર્થ આચાર્ય ભગવંતો દેશ-કાળને અનુરૂપ જે કાંઇ ફેરફારો કરશે તેને, 'આ શાસ્ત્રવિરૂદ્ધ છે,' 'આ શાસ્ત્રાનુસારી નથી,' 'સમાધાન, પટ્ટક વગેરે પણ જે કાંઇ કરવું હોય તે બધું શાસ્ત્રમાં કહ્યું હોય તે પ્રમાણે જ કરી શકાય, શાસ્ત્રમાં જુદા પ્રકારનું પ્રતિપાદન મળતું હોય તો એના કરતાં જુદા પ્રકારના પટ્ટક વગેરે ન કરી શકાય' 'એવા પટ્ટક વગેરે કરનારા શાસ્ત્રદ્રોહી છે-જિનાજ્ઞા ભંજક છે' વગેરે વગેરે વાતો ફેલાવીને શાસ્ત્રનું રહસ્ય ન પામેલી વ્યક્તિઓ તોડી નાંખવા માટે પ્રયાસ કરશે એવું જાણે કે શ્રી ધર્મરત્નપ્રકરણ ગ્રન્થના ગ્રન્થકાર શ્રી શાન્તિસુરિ મહારાજને પહેલેથી ખબર પડી ગઇ હશે એટલે શાસ્ત્રોમાં શબ્દોથી જેનું પ્રતિપાદન ન મળતું હોય, અરે! અન્યથા પ્રતિપાદન મળતું હોય એવી પણ પુર્વાચાર્યોએ પ્રવર્તાવેલી હગલાબંધ પ્રવૃત્તિઓને દર્શાવીને જણાવ્યું છે કે આમાંની કોઇ પ્રવૃતિ અમાન્ય નથી બની કે તેવી તેવી પ્રવૃત્તિઓ પ્રવર્ત્તાવનારા આચાર્ય ભગવંતો 'જિનાજ્ઞાલોપક' 'શાસ્ત્રદ્રોહી' વગેરે કહેવાયા નથી, પણ ઉપરથી તેવી તેવી પ્રવૃત્તિઓ પ્રવર્તાવીને પણ સંઘ પર ઉપકાર કરનારા તરીકે જ વર્ણવાયા છે. શ્રી ધર્મરત્નપ્રકરણમાં કહ્યું છે કે –

**અન્નહ ભણિયં સુએ કિંચી કાલાઇકારણાવિકખં ।**
**આઇન્નમન્નહચ્ચિય દીસઇ સંવિગ્ગગીએહિં ॥ ૮૧ ॥**

**અર્થ**:– આગમશાસ્ત્રોમાં જુદા જ પ્રકારે કહી હોવા છતાં, સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓએ કાલ વગેરે કારણોની અપેક્ષાએ કેટલીક બાબતો એના કરતાં જુદા જ પ્રકારે આચરી હોય એવું જોવા મળે છે. જેમ કે –

**કપ્પાણં પાવરણં અગ્ગોયરચાઉ ઝોલિયાભિકખા ।**
**ઓવગ્ગહિયકડાહય તુમ્બયમુહદાણદોરાઇ ॥૮૨॥**
**સિકિગનિકિખવણાઇ પજ્જોસવણાઇ તિહિપરાવત્તો ।**
**ભોયણવિહિઅન્નત્તં એમાઇ વિવિહમન્નંપિ ॥૮૩॥**

**અર્થ**:– કપડાંને ઓઢીને ભિક્ષાચર્યા વગેરે માટે જવું, અગ્રાવતારનો ત્યાગ અને કટીપટ્ટકને જુદી રીતે કરવો, ઝોળીને ગાંઠ મારીને ભિક્ષા લાવવી, ઔપગ્રહિક કટાહક-તુંબડું વગેરેને દોરી લગાવવી, પાતરાંઓને વિશેષ પ્રકારના બંધનમાં બાંધવા, સંવત્સરી અને ચોમાસીની તિથિનો ફેરફાર, (પાંચમ અને પુનમની ચોથ અને ચૌદસ કરવી) ભોજનવિધિનો ફેરફાર વગેરે આવી બધી બીજી પણ અનેક બાબતો છે જેનું શાસ્ત્રોમાં મળતાં પ્રતિપાદન કરતા ગીતાર્થોએ જુદી રીતે આચરણ કર્યું છે અને એ બધુ પ્રમાણભુત ઠર્યું છે અથવા વધુ શું કહેવું

**જં સવ્વહા ન સુત્તે પડિસિદ્ધં નેવ જીવવહહેઉ ।**
**તં સવ્વંપિ પમાણં ચારિત્તધણાણ ભણિયં ચ ॥૮૪॥**

**અર્થ**:– મૈથુનસેવનની જેમ જે બાબતનો સુત્રમાં સર્વથા નિષેધ નથી, તેમજ જે બાબત જીવહિંસાના કારણભુત નથી તે સઘળી બાબતો, ચારિત્ર એ જ જેઓનું ધન છે તેવા મહાત્માઓને પ્રમાણ છે. માન્ય છે. પુર્વાચાર્યોએ કહ્યું પણ છે કે –

**અવલંબિઉણ કજ્જં, જં કિંપિ સમાયરંતિ ગીયત્થા ।**
**થોવાવરાહબહુગુણ સવ્વેસિં તં પમાણં તુ ॥૮૫॥**

અર્થ:– સંયમોપકારી કાર્યને આશ્રીને ગીતાર્થ પુરૂષો અલ્પદોષવાળું અને અનેક ગુણોવાળું જે કાંઇ આચરે છે તે બધા ચારિત્રીઓને પ્રમાણભુત જ હોય છે.

શ્રી ધર્મરત્નપ્રકરણનો આવો સ્પષ્ટ અધિકાર મળતો હોવા છતાં, જે કેટલીક વ્યક્તિઓ આવું બોલે છે કે 'આચાર્યોને પણ શાસ્ત્રાનુસારી જ કાંઇ પણ કરવાનો અધિકાર છે.... ઇત્યાદિ' **તેઓની અજ્ઞાનદશા પર ખરેખર ભાવકરૂણા ઉભરાય છે.**

વળી, શ્રુતમાં કહ્યું હોય તેના કરતાં ભિન્ન આચરણ કરવાનું ન હોય અને વિશેષપ્રકારના દેશ-કાલાદિમાં પણ એને અનુસરીને જ આચરણ કરવાનું હોય તો એ બધું આચરણ તો શ્રુતવ્યવહારરૂપ જ બનવાથી, પાંચવ્યવહારમાં જે જીતવ્યવહાર જુદો પાડ્યો છે, તેને જુદો પાડવાની જરૂર જ શી? એવું કયું આચરણ હતું કે જે જીતવ્યવહારરૂપ બને? જીતવ્યવહારને આગમે જુદો પાડ્યો છે એ જ જણાવે છે કે 'એમાં આવતા આચરણો શાસ્ત્રવિહિત જ હોય એવું નથી.'

**પ્રશ્ન**:– તે તે આચરણો ભલે શાસ્ત્રવિહિત ન હોય, પણ એમ શાસ્ત્રમાં એનો નિષેધ પણ ન હોવો જોઇએ **ને**!

**ઉત્તર**:– ના, એવું નથી. સામાન્યતયા શાસ્ત્રોમાં એનો નિષેધ હોય તો પણ દેશ-કાળાદિની અપેક્ષાએ ગીતાર્થપુરુષો તેવું આચરણ કરી શકે છે. શાસ્ત્રોમા જેનો સર્વથા નિષેધ હોય તેવું જ આચરણ પ્રમાણભુત ઠરતું નથી. શ્રી ધર્મરત્નપ્રકરણની ૮૪ મી ગાથા ઉપર કહી ગયા એના પરથી આ બાબત સિદ્ધ છે. વળી, શ્રી જિનમતમાં સર્વથા નિષેધ તો માત્ર મૈથુનનો જ છે એ નીચેના શાસ્ત્ર વચનથી જણાય છે.

**ન ય કિંચિ અણુન્નાયં પડિસિદ્ધં વા વિ જિણવરિંદેહિં ।**
**મોત્તું મેહુણભાવં ન તં વિણા રાગદોસેહિં ॥**

**અર્થ**:– શ્રી જિનેશ્વરદેવોએ કોઇ બાબતની સર્વથા અનુજ્ઞા આપી નથી, અથવા મૈથુનને છોડીને અન્ય કોઈ બાબતનો સર્વથા નિષેધ કર્યો નથી. મૈથુનનો સર્વથા નિષેધ એટલા માટે છે કે એ રાગ-દ્વેષ વિના થઇ શકતું નથી.

આનાથી એ જણાય છે કે તિથિ વગેરે બાબતોમાં પણ સર્વથા નિષેધ તો કશાનો નથી. વળી નીચેના વચનોથી રાગ-દ્વેષની હાનિને ઉદ્દેશીને સંવિગ્ન બહુશ્રુતગીતાર્થો દ્વારા થતી તે તે પ્રવૃત્તિઓનું તો ઉપરથી વિધાન હોવું જણાય છે.

**કિં બહુના ઇહ જહ જહ રાગદ્દોસા લહું વિલિજ્જંતિ ।**
**તહ તહ પયટ્ટિઅવ્વં એસા આણા જિણિંદાણં ॥**

**અર્થ**:– વધારે શું કહેવું? 'જે જે રીતે રાગદ્વેષ શીઘ્ર વિલય પામતા જાય તે તે રીતે પ્રવૃત્તિ કરવી.' આ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે.

બાકી, સામાન્યતયા શાસ્ત્રોમાં નિષેધ મળતો હોવા માત્રના કારણે જેઓ આ તિથિ વગેરે અંગેની આચરણાઓને અમાન્ય કરવા માંગે છે તેઓને તો કહેવાનું મન થાય છે કે જ્યાં સુધી સંવત્સરી પાંચમની હતી ત્યાં સુધી ચોથ તો અપર્વ હતું. અપર્વમાં પર્વ કરવાનો નિષેધ તો સહેજે સમજી શકાય છે. તેમ છતાં શ્રી કાલિકસુરિ મહારાજે ચોથની સંવત્સરી કરી. તો શું એને અમાન્ય માનો છો?

શ્રી આચારાંગસુત્રનું શાસ્ત્રપરિજ્ઞા અધ્યયન સુત્રથી અને અર્થથી શિષ્ય ભણી લે પછી જ એની વડીદીક્ષા કરવાનું વિધાન છે. હવે શ્રી આચારાંગસુત્રને શિષ્ય ભણે એ પુર્વે જ શ્રી દશવૈ-

કાલિકસુત્રનું ચોથું ષડ્જીવનિકાય અધ્યયન ભણાઇ જાય એટલે વડીદીક્ષા કરવામાં આવે છે. તો શું આવો ફેરફાર અમાન્ય છે ?

શ્રી કમલપ્રભાચાર્યે તેવા ક્ષેત્ર વિશેષમાં જિનમંદિર સંબંધી નિષેધ કરીને તીર્થંકરનામ કર્મના દલિયા ભેગા કર્યા હતા તે વાત પ્રસિદ્ધ છે. આવો નિષેધ કરવો એ શું સામાન્યથી નિષિદ્ધ વાત નથી ?

બાકી, નિષિદ્ધ વાતો જ તેવા દેશ કાળમાં અનિષિદ્ધ બની જઇ કલ્પ્ય બની જાય છે એવું તો શાસ્ત્રોમાં ઠેરઠેર પ્રતિપાદન જોવા મળે છે. જેમ કે વાચકવર્યશ્રી ઉમાસ્વાતિમહારાજાએ પ્રશમરતિમાં કહ્યું છે કે —

**કિઞ્ચિચ્છુદ્ધં કલ્પ્યમકલ્પ્યં સ્યાદકલ્પ્યમપિ કલ્પ્યમ્ ।**
**પિણ્ડઃ શય્યા વસ્ત્રં પાત્રં વા ભેષજાદ્યં વા ॥**

**અર્થ:**– પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, ઔષધ વગેરે બાબતોમાંથી તેવી કોઇક શુદ્ધ અને કલ્પ્ય બાબત પણ તેવા દેશ કાળાદિમાં અકલ્પ્ય બની જાય છે, એમ અકલ્પ્ય બાબત પણ તેવા વિશેષ પ્રકારના દેશ કાળ દિમાં કલ્પ્ય બની જાય છે.

આમાં જે બીજ અકલ્પ્ય છે, તેનો નિષેધ હોવો તો સ્પષ્ટ જ છે, તેમ છતાં એને જ કલ્પ્ય કરીને અનુજ્ઞાત ઠેરવી દીધી છે.

કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રસુરીશ્વરજી મહારાજનો પણ તિથિ અંગેનો એક પ્રસંગ પ્રસિદ્ધ જ છે ને. !

ટુંકમાં પ્રસંગ એવો છે કે–એ કાળમાં એક પુનમીયો ગચ્છ હતો. તેઓ સાધુએ પ્રતિષ્ઠા કરાવી હોય તેને માન્ય નહોતા કરતા. તેમજ પક્ખી પ્રતિક્રમણ પુનમનું કરતા હતા, ચૌદશનું નહિ. આ બે મુખ્ય તફાવતો હતા. બન્ને પક્ષની પાખીઓ જુદી આવે એને જોઈને બ્રાહ્મણાદિ ઇતરો શાસનની કદર્થના કરતા હતા. આવી શાસનહીલના વગેરે અટકે એ હેતુથી કલિકાલસર્વજ્ઞે એ ગચ્છના સાધુઓને બોલાવ્યા અને ઓફર કરી કે 'અમે પુનમની પક્ખી કરીએ, તમે સાધુ ભગવંતોએ કરેલી પ્રતિષ્ઠા માન્ય કરો.' પુનમીયા ગચ્છના મહાત્માઓ તૈયાર પણ થઈ ગયા.... (જો કે પછીથી એક સાધ્વીજીના વિરોધી વર્તનના કારણે સમાધાન અટકી ગયું એ એક જુદી વાત છે )

આ પ્રસંગ પરથી આપણે એટલું જરૂર તારવી શકીએ છીએ કે–

(૧) વિશેષ લાભ દેખાતો હોય તો સંવિગ્ન બહુશ્રુતગીતાર્થ મહાત્માઓ તિથિ વગેરેની આરાધનાના દિવસોનો ફેરફાર કરી શકે છે.

(૨) આજની જેમ કલિકાલસર્વજ્ઞના કાળમાં પણ પક્ખી તરીકે ચૌદશ જ શાસ્ત્રસિદ્ધ બની ગયેલી હતી, તેમ છતાં તેઓ શ્રીમદે પુનમનો જે સ્વીકાર કરવાની તૈયારી દેખાડી એને શાસ્ત્ર વિરૂદ્ધ ઠેરવી શકાતી નથી.

(૩) આ સમાધાનનો અવસર ઉપસ્થિત થયો એ પુર્વે કોઇ પુનમની પક્ખી કરવી જોઇએ એવી દલીલ કરતું આવ્યું હોય એ અસંભવિત નથી. (પક્ષ ચાલતો હતો ઇતરોમાં પણ એની વાતો થતી હતી. એટલે સ્વ–પર પક્ષના જૈનોમાં તો એ વાત ચાલતી હોય જ એવું માનવામાં કોઇ બાધક દેખાતો નથી.) એવી દલીલ કરવા આવનારને ખુદ કલિકાલસર્વજ્ઞે પણ આગમ તર્ક પુરસ્સર રદિયો પણ આપેલો જ હશે એવું પણ માનવામાં કોઈ પ્રશ્ન ઉભો થતો દેખાતો નથી. (જો તેઓ શ્રીમદ્ પુનમની પાખીને સત્ય માનતા હોત તો તો એ પહેલેથી સ્વીકારી જ લીધી ન હોત !) એમ તેઓ શ્રીમદ્‌ના ગુરૂવર્ય વગેરે વડિલ પુર્વજોએ પણ તેનો શાસ્ત્ર વિરૂદ્ધ તરીકે નિષેધ કર્યો જ હશે. તેમ છતાં, કલિકાલ સર્વજ્ઞ પુનમને સ્વીકારવા તૈયાર થઇ ગયા એટલા માત્રથી (અ તેઓ પુર્વે જેના નિષેધ કરતા હતા એને હવે સ્વીકારી લેવા તૈયાર થઈ ગયા છે, માટે પુર્વાપર વિરૂધ્ધ કરી રહ્યા છે, ઇત્યાદિ જેમ કહી શકાતું નથી, તેમ પટ્ટકને સ્વીકારનારા કેટલાક આચાર્ય ભગવંતો વગેરે અંગે આવો પ્રશ્ન ઉઠાવવો યોગ્ય નથી કે તમે પુર્વે સંતિકરં બોલવા વગેરેનો જાતે નિષેધ કરતાં હતાં હવે કેમ બોલવાનું ચાલુ કર્યું ? તમે તમારા જ વચનોની વિરૂદ્ધ જઈ રહ્યા છો....ઇત્યાદિ

**(બ)** કલિકાલ સર્વજ્ઞ માટે જેમ, એમ પણ કહી શકાતું નથી કે 'જે બાબતનો તેઓ શ્રીમદ્‌ના ગુરૂવર્ય વગેરે વડિલોએ સ્પષ્ટ નિષેધ કરેલો તે બાબતને તેઓ શ્રીમદ્ અપનાવી રહ્યા છે માટે તેઓ શ્રીમદ્ ગુરુદ્રોહી છે ઇત્યાદિ.... એમ પોતપોતાના ગુરુવર્યો કે વડિલો જે કાંઇ સ્પષ્ટ રૂપમાં નિષેધ કે વિધાન કરી ગયા હોય તે બાબતમાં પણ તેનાથી વિપરીત આચરણા સંઘશાંતિ અને શાસનરક્ષા માટે કરાતી હોવાથી પટ્ટકને સ્વીકારનારા પૂજ્ય આચાર્ય ભગવંતોને પણ ગુરૂદ્રોહી કહી શકાય નહિ.

વળી, ગુરૂવર્યો કરતા હતા તેના કરતાં જુદું કરવા માત્રથી જો એ જુદું કરનારા ગુરૂદ્રોહી બની જતાં હોય અને ગુરૂની પાટે બેસવાને લાયક પણ ન રહેતાં હોય તો તો સામાચારીનો ક્યારેય ફેરફાર જ અસંભવિત બની જવાથી પ્રભુ મહાવીરના કાળથી આજ સુધી એક જ સમાચારી ચાલી આવવી જોઇતી હતી. કારણકે જે કોઇ આચાર્ય ભગવંત તેમાં ફેરફાર કરવા પ્રયાસ કરે, તેઓ સ્વગુરુવર્યે કરતાં જુદુ જ કરનાર બનવાથી ગુરુદ્રોહી બની જાય, [illegible] એ કહેલા ફેરફાર અમાન્ય બની જવાથી આગળ ચાલે નહિ. પણ આવું રહ્યું નથી. કાળેકાળે સામાચારી કેટલીયે વાર બદલાઇ છે અને માન્ય બની છે, તેમજ એને બદલનારા મહાપુરૂષો ગુરૂદ્રોહી કહેવાયા નથી. આ જ રીતે પ્રસ્તુતમાં પટ્ટક સ્વીકારનારા આચાર્ય ભગવંતો માટે સમજવું.

(૪) કલિકાલસર્વજ્ઞે ઉક્ત સમાધાનની તૈયારી દેખાડી એ પુર્વે પરંપરા તો ચૌદશની પક્ખીની હતી તેમ છતાં તેઓ શ્રીમદ્ પુનમની પક્ખી સ્વીકારવા તૈયાર થયા એના પરથી એમ નથી કહી શકાતું કે 'અવિચ્છિન્ન પરંપરાનો ભંગ કરી શાસનનો દ્રોહ કરી રહ્યા છે, અને ભવ્ય જીવોને તિથિના આરાધકને બદલે વિરાધક બનાવી રહ્યા છે....ઇત્યાદિ એમ વર્તમાનમાં પણ કહી શકાતું નથી.

વળી, ઉપરોક્ત શાસ્ત્રપાઠો પરથી અને કલિકાલસર્વજ્ઞશ્રીના ઉક્ત પ્રસંગ પરથી મુદ્દાની વાત તો એ જણાય છે કે જ્યારે વિશેષ લાભને નજરમાં રાખીને ગીતાર્થસંવિગ્ન મહાત્માઓ આવું કોઇ પગલું ભરતાં હોય ત્યારે શાસ્ત્રોમાં જેનો ઉલ્લેખ મળતો હોય તે બાબતોથી કે પરંપરા પ્રાપ્ત બાબતોથી જરાય દૂર ન જવું પડે કે ઓછામાં ઓછું દુર જવું પડે અને વિવક્ષિત લાભ થઇ જાય તેનો પુરેપુરો ખ્યાલ રાખતા જ હોય છે, એમાં જ એમનું ગીતાર્થપણું અને સંવિગ્નપણું રહેલું હોય છે. એટલે તેઓએ એ રીતે વિશેષ લાભ દેખીને ભરેલા પગલાં અંગે પછી 'શાસ્ત્રમાં એવું કહ્યું છે કે નહિ !' ઇત્યાદિ રૂપે શાસ્ત્રને કે આપણી પરંપરા શું ચાલી

(વધુ આવતા અંકે)

# તિથિ પ્રશ્ન અંગે ગુર્વાજ્ઞા પાલન

વિ. સં. ૨૦૧૯ના આસો સુદ ૪ના જાવાલ મુકામે લખાયેલા સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના નીચેના ફરમાનથી સ્પષ્ટ થાય છે કે તેઓશ્રીને સકલ શ્રીસંઘનું તિથિ પ્રશ્ન અંગે સંપુર્ણ ઐક્ય ઇષ્ટ હતું. પછીથી વિ. સં. ૨૦૨૦માં પોતે શક્ય પ્રયત્નો કરીને પુનમ–અમાસની ક્ષય–વૃદ્ધિએ તેરસની ક્ષય–વૃદ્ધિ કરવા દ્વારા ચૌદશની આરાધનામાં પડતાં સંઘભેદને દૂર કરવા પટ્ટક કરી આંશિક ઐક્ય શક્ય બનાવ્યું, તેઓશ્રીની સંપુર્ણ ઐક્યની ભાવનાને મૂર્ત કરતા તેમના સમુદાયના સહુ આચાર્યો દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો અને વિ. સં. ૨૦૪૨નો પટ્ટક અમલી બન્યો.

'સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્પષ્ટ ફરમાન તેઓશ્રીના સ્વહસ્તાક્ષરમાં'




૨૦૧૯ જાવાલ
આ. સુ. ૪

મારા સમુદાયમાં કોઇપણ સાધુએ વાસક્ષેપ પૂજા સિવાય શ્રાવક–શ્રાવિકા દ્વારાએ ધૂપ–દીપક સુવર્ણ પુષ્પ કે એવી બીજી કોઇપણ પૂજા કરાવા દેવી નહિ તેમજ ગુરૂપુજાની બોલી કોઈ ઠેકાણે નવી શરૂ કરાવવી નહિ.

તિથિ ચર્ચાના વિષયમાં મારી–ગેરહાજરીમાં ભાદરવા સુ. ૫ ની ક્ષય વૃદ્ધિએ ૬ ની ક્ષયવૃદ્ધ કરી ચોથ કાયમ રહેતી હોય તો પુનમ અથવા અમાવસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવી પડે તો તે કરીને પણ સંઘથી જુદા ન પડવું પણ ભળી જવું ટુંકમાં ૧૯૯૨ પહેલા જે પ્રવૃત્તિ સંઘમાં ચાલતી હતી તે પ્રવૃત્તિ કાયમ રાખવી એવું મારૂં સ્પષ્ટ ફરમાન છે તેમ છતાં કદાચ કોઈ ન માને તો તેની ઉપેક્ષા કરીને પણ સંઘનો ઝગડો રાખવો નહિ. પ્રેમસૂરિ

સકલસંઘમાં સંવત્સરી આરાધનાના ભેદને મિટાવવામાં સહાયક બનતાં વિ. સં. ૨૦૪૨ ના પટ્ટકને અમલી બનાવવાના પ્રયત્નો કરવા દ્વારા ગુર્વાજ્ઞા પાલન જ થયું છે. એ સહુ કોઈ ઉપર છપાયેલા પુજ્યશ્રીના હસ્તાક્ષરવાળા ફરમાનથી સમજી શકે તેવી વાત છે.

ઉપર્યુક્ત ફરમાનને પુજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિવિધ પ્રશ્નોત્તરના બીજા ભાગના નીચેના લખાણથી ટેકો મળે છે.

(૧૦૦) પ્રશ્ન:– સં. ૧૯૮૯ ના ભાદરવા સુદી ૫ નો ક્ષય થાય છે, તો સંવત્સરી કઈ તિથિએ કરવી?

ઉત્તર:– ભાદરવા સુદી ૫ નો ક્ષય ચંડુ પંચાંગમાં છે, પણ બીજા ઘણા પંચાંગોમાં ભાદરવા સુદી ૬ નો ક્ષય થાય છે. તેથી સુદ ૬ નો ક્ષય માનવાથી પર્યુષણા માં તિથિની વધ ઘટ કરવા જરૂર રહેશે નહિ. સં. ૧૯૫૨ ની સાલમાં પણ આ પ્રમાણે હતું, અને શ્રી તપગચ્છના મહોટા ભાગે ભાદરવા સુદી ૬ નો ક્ષય માની, ભાદરવા સુદી ૪ ની સંવત્સરી કરી હતી. સં. ૧૯૬૧ માં પણ ભાદરવા સુદી ૫ નો ક્ષય ચંડુ પંચાંગમાં હતો, પણ પ્રાયઃ સર્વ સંઘે છઠનો જ ક્ષય માન્યો હતો, માટે અઠ્ઠાઇધર શ્રાવણ વદી ૧૨ શુક્રવાર અને સંવત્સરી ભાદરવા સુદી ૪ શુક્રવારે કરવી એ જ શ્રેયકારી લાગે છે.

# અબોલ પ્રાણીઓના જીવનની રક્ષા માટે

## જીવદયા પ્રેમી–ધર્મપ્રેમી–શ્રી ચતુર્વિધ–સંઘના

## ગામે–ગામને. ઘરે–ઘરને, વ્યકિતએ–વ્યકિતને

# જપયજ્ઞમાં જોડાઇ જવાનું

# મંગળ આહ્‌વાન

શ્રી વીતરાગ પ્રભુના લોકોત્તર શાસનનું મુખ્ય કાર્ય જગતના જીવમાત્રના કલ્યાણની પરમોચ્ચ ભાવના છે. આ ઉજ્જવળ ભાવનાને સાકારરૂપ આપવા માટે 'શ્રીચતુર્વિધ–સંઘ' નામની કલ્યાણકારી પાવન સંસ્થા પરમાત્માના વરદ્ હસ્તે સ્થાપવામાં આવી છે. અને તે સંસ્થા સ્વ–પરનું હિત અને સ્વ–પરનું કલ્યાણ થાય એવા સુંદર ઉદ્દેશ્ય સાથે આજે પણ જયવંત વર્તે છે.

વિશ્વરચનાનું સંચાલન સુચારૂ રીતે થાય તે માટે અનેક પ્રકારના કલ્યાણકારી નિયમો, પાઠો પણ ઘડાયેલો છે. જો એ નિયમને અનુસરીને ચાલવામાં આવે તો તે જગતના જીવમાત્રનું કલ્યાણ થઈ શકે એવી અદ્‌ભુત શક્તિ તે નિયમોમાં અને મંત્રોમાં છે. પરંતુ જો એ નિયમોની વિરુદ્ધ વર્તવામાં આવે તો સ્વના અહિતની સાથે પરનુ પણ અહિત થાય છે. અને કલ્યાણકારી શાસનને પામવા છતાં વ્યક્તિ ઘણીવાર અકલ્યાણ કરી બેસે છે.

જગતના જીવમાત્રનું કલ્યાણ થાય એ માટે પ્રભુશાસને 'મિત્તિ મે સવ્વભૂએસુ' નો એક સુંદર આદર્શ જગત સમક્ષ મૂકયો છે. આ મૈત્રી ભાવનાને પવિત્રતા પૂર્વક હાર્દિક રીતે જો અમલમાં મુકવામાં આવે તો જગતના મોટા ભાગની મુશ્કેલી હલ થઈ જાય એવી અમારી નમ્ર માન્યતા છે.

ભારતના ઘણા પ્રદેશોની સાથે ગુજરાતમાં બે વરસના કારમા દુકાળ પછી ત્રીજા વરસે સુકાળ થાય અને માનવો તેમજ અબોલ પ્રાણીઓના જીવન ટકાવવા શું કરવું આવા પ્રશ્નના ઉત્તરમાં ભવભીરૂ ગીતાર્થ પુ. જૈનાચાર્યે શ્રીએ આપેલું માર્ગદર્શન......

જાહેર જૈન સમાજને નમ્ર અપીલ છે કે મુંગા અને અબોલ પ્રાણીઓના જીવનની રક્ષા માટે આપણા પ્રસાદને થોડો બાજુ પર મુકી નજીકમાં રહેલા જિનમંદિરે પ્રભુના ચરણે પહોંચી નીચેનો ઉપાય ચાલુ કરવા ભલામણ છે....

પ્રણિધાન એમ કરવું કે " હે પ્રભુ ! બબ્બે વરસથી દુષ્કાળના ભયંકર ત્રાસથી રીબાઈ રહેલા આ મુંગા અને અબોલ પ્રાણીને માટે આપ કાંઇક કરો, એમને ભૂખ્યા અને તરસ્યા ન રાખો એવી નમ્રાતિનમ્ર વિનંતી છે....

રોજ સવારે નિયત સમયે હાથ જોડીને ઉચ્ચાર પૂર્વક નીચેનો પાઠ ૧૨ વખત ભણવો....

"ૐ ઋષભ–અજીત–સંભવ–અભિનંદન-સુમતિ-પદ્મપ્રભ-સુપાર્શ્વ-ચંદ્રપ્રભ–સુવિધિ–શીતલ–શ્રેયાંસ-વાસુપુજય-વિમલ-અનંત–ધર્મ–શાંતિ–કુંથુ–અર–મલ્લિ–મુનિસુવ્રત–નમિ-નેમિ-પાર્શ્વ–વર્ધમાનાન્તા જિના: શાન્તા: શાન્તિકરા ભવન્તુ સ્વાહા । ૐ મુનયો મુનિપ્રવરા રિપુવિજય દુર્ભિક્ષ કાન્તારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા ।।"

* આ મંત્રની ઓછામાં ઓછી ૨૧ માળા અને વધારે બને તો વધારે માળા ગણે એવો સંઘ સમસ્તને પાવન અનુરોધ કરીએ છીએ.

* બને તેટલો વધારે જાપ કરો (અખંડ જાપ પણ ગોઠવી શકાય) પ્રત્યેક ગામમાં, ચતુર્વિધ સંઘની પ્રત્યેક વ્યક્તિ ઉપરોક્ત જાપ કરે.

* બને ત્યાં સુધી ખાસ બ્રહ્મચર્યનુ પાલન કરવું....

* શ્રદ્ધા રાખો, શાસનદેવ જરૂર સહાય કરશે. જીવમાત્રના કલ્યાણ રૂપ અમીવર્ષા વર્ષી રહેશે.

* જે કાર્ય વિજ્ઞાનથી ન થાય તે કાર્ય સંકલ્પ પુર્વકના જાપથી જરૂર સિદ્ધ થાય છે.

ચાલો,
આ જપ–યજ્ઞનો
આજે જ પ્રારંભ કરીએ.
તમે જાપ કરો
બીજાને જાપ કરવા પ્રેરિત કરો.
વધુને વધુ જાપ કરો
શ્રદ્ધા રાખો : જાપ–યજ્ઞથી જીવમાત્રને શાંતિ મળશે.

### કન્યા છાત્રાલયનું ઉદ્દઘાટન

શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત 'શ્રીમતી ચંદ્રિકાબેન મગનલાલ સંઘવી કન્યા છાત્રાલય' નું ઉદ્દઘાટન તા. ૨૫ જાન્યુ.ના શ્રી દીપચંદભાઇ ગાર્ડીના અધ્યક્ષપદે આયોજિત સમારંભમાં શ્રી રાયચંદ ઉમેદચંદ શાહ ના વરદ્ હસ્તે સાનંદ સમ્પન્ન થયું છે.

## જૈન ભાઇઓ માટે સોનેરી તક

ચાર થી છ વર્ષ સુધી સંસ્થામાં રહી જીવનને સુસંસ્કારમય બનાવવા સાથે જૈનધર્મનું જ્ઞાન મેળવી વિદ્વાન બનો,

રહેવા, જમવા, અભ્યાસ, પાઠ્યપુસ્તકો, નોટો વિગેરેનો કોઈ ખર્ચ નહિ બધુ જ ફ્રી.

દાખલ થતા જ દર મહિને રૂપિયા ત્રીસ સ્કોલરશીપ મેળવો. તદુપરાંત અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધીમાં હજારો રૂપિયાના ઇનામો તથા સ્કોલરશીપ મેળવો.

વધુ વિગત માટે સંપર્ક સાધો

### શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા

સ્ટેશન રોડ, મહેસાણા, પીન-૩૮૪૦૦૧ (ઉત્તર ગુજરાત)



## જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ જિનપ્રતિમાજીઓ બિરાજમાન છે.

જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ – (૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસુરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરૂદેવ શ્રી જિનદત્તસુરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રીકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરુભૂમિમાં હોવા છતાં પાણી અને વીજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઇન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

[ગ્રામ : જૈન ટ્રસ્ટ] [ફોન નં. ૩૦

શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ

### જૈસલમેર (રાજસ્થાન)



પૂજ્ય સાધુ – સાધ્વીજીને ભેટ મળશે

એક અભૂતપૂર્વ અણુમોલ પ્રકાશન

## જબ જબ ફુલ ખીલે

ભગવાન મહાવીર પરમાત્માની પાટ પરંપરાના ચારે ચાર સંપ્રદાય અને તપગચ્છ-ખરતરગચ્છ-અચલગચ્છ પાર્શ્વચંદ્રગચ્છ ત્રિસ્તુતિ સંઘનો સીલસીલાબંધ ઇતિહાસ

લેખક અને સંપાદક

### હિરાચંદ સ્વરૂપચંદ ઝવેરી

મુલચંદ મારવાડીની ચાલ ડી/૨/૬,
ટેલીફોન એક્ષચેન્જની સામે
મલાડ વેસ્ટ, મુંબઇ-૪૦૦ ૦૦૪



## શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[રેલ્વે સ્ટેશન ભૂપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન)]

## યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનુ નિર્માણ આચાર્ય ધર્મઘોષસુરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર શ્રી ઝાંઝણકુમારે સં. ૧૩૪૦ના નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર-ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મૂલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહરી, ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલ છે. બસોની સુવિધા પણ ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રાની સાથે જ મેવાડની પંચતીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લાના નામનું તીર્થ જે રાજસમન્દ-કાંકરોલીની મધ્યમાં છે લગભગ ૨૫૦ પગથિયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

### લિ : કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી

ભૂપાલસાગર (રાજસ્થાન) [ફોન નં. ૩૩]

### પ્રતિષ્ઠાદિ મહોત્સવો

દુજાના (જી. પાલી)માં શ્રીસંઘ દ્વારા નવનિર્મિત ભવ્ય શિખરબંધી જિનાલયે મૂળનાયકશ્રી વિમલનાથજી, શ્રી ચંદ્રપ્રભસ્વામી, શ્રી મુનિસુવ્રતસ્વામી આદિની પ્રતિષ્ઠા જેઠ સુદ ૯ ના પુ. આ. શ્રી વિજયહેમપ્રભસુરિજી મ. આદિની નિશ્રામાં અપુર્વ ઠાઠ અને ઉલ્લાસપૂર્વક ઉજવાય છે.

પાલનપુર સ્થિત દાદાવાડીમાં વિદ્વાન પુ. મુનિશ્રી મણિપ્રભસાગરજી મ. આદિની નિશ્રામાં સ્વ. બાબુલાલ રતિલાલ લક્ષ્મીચંદ ભણશાળી પરિવાર દ્વારા આયોજિત શ્રી જિનદત્તસુરિજી મ. ની મૂર્તિની પ્રતિષ્ઠા જેઠ સુદ ૨ ના ઘણા રંગ અને ઉમંગપુર્વક ઉજવાઈ છે.

ટીંબાચુડી (બનાસકાંઠા)માં શિખરબંધી નૂતન જિન પ્રાસાદમાં પુર્વેના પ્રાચીન જિનાલયના શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા શ્રી અનંતનાથ ભ. આદિ જિનબિમ્બોની પ્રતિષ્ઠા જેઠ સુદ ૬ ના રોજ પૂ. આ. શ્રી સુબોધસાગરસુરિજી મ., પુ. આ. શ્રી મનોહરકીર્તિસાગરસુરિજી મ. તથા પુ. આ. શ્રી નિત્યોદયસાગરસુરિજી મ. ની નિશ્રામાં શાંતિસ્નાત્રાદિ યુક્ત દશાહ્નિકા મહોત્સવ પુર્વક અપુર્વ રંગ, ઉમંગથી ઉજવાઈ છે.


## શેઠ છગનલાલ નહાલચંદ કોદરામવાલા

## સ્વાધ્યાય - કુટિર સંકુલ

### તપોવન સંસ્કારધામમાં : આરાધના-કેન્દ્ર

સહુ જાણે છે કે તપોવન એ બાળકો માટેનું સંસ્કારધામ થયા પછી હવે ગગનચુંબી જિનાલય થતાં દક્ષિણ ગુજરાતનું સર્વોત્કૃષ્ટ તીર્થ બન્યું છે. આરાધક આત્માઓ [ભાઈઓ-બહેનો સહુ] ઘરના દુષિત વાતાવરણમાં સામાયિક, પ્રતિક્રમણાદિ આરાધના શાન્તિથી કરી શકતા નથી. તેઓને તમામ પ્રકારની આરાધના થાય તે માટે અમે ચોવીસ સ્વાધ્યાય કુટિરો તૈયાર કરી છે. તેમાં સ્વતંત્ર રીતે રસોડું કરી શકાશે. અથવા તપોવનની ભોજનશાળામાં [રોજ ત્રણવાર ભોજનનો માસિક રૂા. ત્રણસો] જમી શકાશે. એક કુટિરનો માસિક ચાર્જ બસો રૂા. રાખેલ છે, ઓછામાં ઓછા સાતસો રૂા. પહેલેથી ચાર્જ રૂપે લેવાશે. બે વ્યક્તિ માટે ગાદલા વગેરે ફ્રી આપવામાં આવશે.

નિર્મળ વાતાવરણ! ધર્મમય ક્ષેત્ર! તમામ દુષણ-પ્રદુષણોથી મુક્ત ક્ષેત્ર! મુનિભગવંતોનો બારે માસ સત્સંગ! અદ્ભુત જિનાલય!

### તપોવન સંસ્કારધામ

મુ. ધારાગિરિ, પો. કબીલપોર, વાયા-નવસારી, પીન-૩૯૬૪૨૪. એ સરનામે પત્ર લખીને આપ અરજીપત્રક તથા આચારસંહિતા મંગાવી લો. મંજુરી મળ્યા બાદ જ આપને સ્વાધ્યાય-કુટીર ફાળવી શકાશે.

લિ. ટ્રસ્ટીગણ તપોવન સંસ્કારધામ.


### વિવિધ સ્થળે ભાગવતી દીક્ષા

નાણા (રાજસ્થાન) તીર્થે પૂ. આ. શ્રી વિજયનીતિસૂરિજી મ. ના સમુદાયના પૂ. મુ. શ્રી અનંતભદ્રવિજયજી મ. આદિની નિશ્રામાં સ્વ. ભીખુભાઈ દેવીચંદજીની સુપુત્રી કુ. નિરૂપાબહેન (ઉ. વર્ષ ૨૩)ની ભાગવતી દીક્ષા જેઠ સુદ ૬ ના સાનંદ સમ્પન્ન થઇ છે; અને તેમને સાધ્વીશ્રી રવીન્દ્રગુણાશ્રીજીના શિષ્યા બનાવવામાં આવ્યા છે.

ખિવાન્દી (રાજસ્થાન) મુકામે જેઠ સુદ ૬ ના પુ. આ. શ્રી દર્શનસાગરસૂરિજી મ. ની નિશ્રામાં આદરિયાણા(જી. સુરેન્દ્રનગર)ના સ્વ. પુનમચંદ તલકશીભાઈના ૧૪ વર્ષના સુપુત્ર રાજેશકુમારે પોતાના કુટુંબના ૧૪ પુણ્યાત્માના પગલે પગલે સંયમ માર્ગનો સ્વીકાર કરી પુ. ગણીશ્રી ચન્દ્રાનનસાગરજી મ. ના શિષ્ય પુ. મુનિશ્રી દિવ્યાનંદસાગરજી (સંસારીપણે-ગુરૂભ્રાતા) ના શિષ્ય બન્યા છે.

હરજી (જી. જાલોર-રાજ.)માં પુ. આ. શ્રી વિજયહેમપ્રભસુરિજી મ. ની નિશ્રામાં શા. ચુનીલાલ સરેમલજી પરિવારના કુ. નયના(નેનુ)બહેનની ભાગવતી દીક્ષા વૈ. સુદ ૬ ના રોજ સાનંદ સમ્પન્ન થઇ છે. આ પ્રસંગે સિદ્ધચક્રપુજન સહ પંચાહ્નિકા મહોત્સવ ધામધુમથી ઉજવાયેલ. ઉપરાંત સાધ્વીશ્રી ચારિત્રરત્નાશ્રીજીની વડીદીક્ષા પણ ઉજવાઇ હતી.


## પાવાગઢ તીર્થે

### અંજન શલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ

## લાભ લેવા વિનંતી

**પાવન નિશ્રા :**- પંજાબ કેશરી, આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા. ના ક્રમિક પટ્ટધર પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્યશ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા.

**અંજનશલાકા :** સં-૨૦૪૪ માગસર સુદ-૯ રવીવાર (રાત્રે)

**પ્રતિષ્ઠા :** સં-૨૦૪૪ માગસર સુદ-૧૦ સોમવાર (પ્રાતઃ)

સહર્ષ જણાવવાનું કે ગુજરાતનું સુપ્રસિદ્ધ તીર્થધામ પાવાગઢ પહાડની તળેટીમાં હાઇવે રોડ ઉપર શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ થઈ રહ્યું છે. આ ગગનચુંબી દેરાસરમાં મૂળનાયક તરિકે ૫૧, ઈંચના ભવ્ય અને અલૌકિક પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવશે.

આ દેરાસરમાં ૬ મૂળનાયકો સહિત જિનબિંબોના પ્રતિષ્ઠાના તથા ધ્વજદંડ, કલશના આદેશો બોલીઓથી આપવામાં આવશે લાભ લેનાર ઇચ્છાવાળા ભાગ્યશાળીઓએ નીચેના સ્થળે સંપર્ક કરવા વિનંતી.

### શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ

| | |
|---|---|
| શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય, | શ્રી કીરણભાઈ જી. પરીખ |
| જાનીશેરી, ઘડીયાળી પોળ, | ચંદ્રલોક બી. પાંચમા માળે, |
| વડોદરા | માનવ મંદિર રોડ, વાલકેશ્વર |
| | મુંબઈ-૪૦૦૦૦૬ |

**નોટ: આદેશ વિજયાદશમીના દિવસે અપાશે**

# જરાક વાંચી લેશો.... !

[લે: પ. પૂ. સ્વ. આ. શ્રી વિજયલબ્ધિ-વિક્રમસૂરી મ.સા.ના પટ્ટપ્રભાવક પૂ. આ. શ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મ. સા.]

## ડુંગરનો પોકાર ! ! !

પેલા ગિરિરાજ પર સરખી ઉંમરના ચાર
યુવાનોને મોહનશેઠે નિહાળ્યા.
યુવકોના મુખ પર યાત્રાની પ્યાસ હતી.
એક અપૂર્વ ધર્મ ખોજનું ચૈતન્ય હતું
ચારેય યુવાનો ઝડપથી ડુંગર ચઢતા હતા.
પણ....તેઓની ખાલી ડોળીઓ લઈ ડોળીવાળા
પાછળ પાછળ આવતા હતા.

મોહનશેઠે પણ સહુની જેમ આ દૃશ્ય જોયું. લોકોની માફક તેમને પણ આ દૃશ્ય જોઈને હસવું તો આવ્યું.... 'પણ' તેઓ યુવકોના મુખ પરના ભાવોથી આકર્ષાય યુવકોની પાસે ગયા.

ભાઈઓ ! આ ડોળીઓ ખાલી કેમ છે ! કોના માટે છે !
ચારેય યુવકો ગંભીરતાથી બોલ્યા.
શેઠ ! ડોળીઓ તો અમે કરી છે.
પણ "કોના માટે છે" એ
અમને ય ખબર નથી.....અને....ત્યાંજ

૮૫ વર્ષના એક સાધારણ પરીવારના માજી યુવકોની નજરે ચઢ્યા. માજી કષ્ટ વેઠીને યાત્રા કરતા હતા.

યુવકો માજી પાસે દોડ્યા. માતાજી ! તમે ઉપર ક્યારે ચઢી રહેશો ? માજી ઊભા રહી ગયા. માજીના પગ પણ થાકેલા હતા. અને જીભ પણ થાકેલી હતી. શ્વાસ ધમણની માફક ચાલતો હતો. પાંચ મિનિટે શ્વાસ ધીમો પડયો.

બેટાઓ....દીકરાઓ : દાદાની જાત્રા તો કરવી જ છે. નક્કી જ છે. પણ.... દાદાના દરબારમાં પહોંચાય ત્યારે ખરૂ !....સાંજ પહેલા તો પહોંચીશને.

બોલો છોકરાઓ શુ કામ છે. મારે મોડું થાય છે. મને જવા દો.
માતાજી....તમારે મોડું થાય છે....
પણ....અમારી એક વાત, વિનંતી સ્વીકારો.
જો આપ...તમને વાંધો ન હોય તો....આ ડોળીમાં આપ બિરાજો ! ડોળી અમે તમારા માટેજ ખાલી રાખી છે.
ડોશીમાને લાગ્યું. ડુંગરાના દોહ્યલા દેવ !
સામે જરૂર આવ્યા લાગે છે....
કોઇ શાસનદેવ પ્રસન્ન થયા લાગે છે...
અને સજળ નયને બોલ્યા....
બેટા ! ડોળીના પૈસા !
'માતાજી ! તમે બેસી જાવ'
અમે તમારા જ દીકરા છીએ....કશી ચિંતા કરતાં નહિ.
બધું થઈ જશે.
શત્રુંજયમાં કાંકરે....કાંકરે અનંત સિદ્ધ થયા છે....
તો...કોઇ એકાદ સીધો માનવ ત્યાં ન મળી જાય !
પ્રભો ! આ જુવાનોની જુવાની સુધારી નાંખજે...

# એક અલૌકિક રવિવારીય પ્રવચન શ્રેણી

**વ્યાખ્યાતા : પ્રસિદ્ધવક્તા પૂ. પા. આચાર્ય વિજય રાજયશસૂરીશ્વરજી મ. સા.**

**સ્થળ : શ્રી જ્ઞાનમંદિર, અરોરા થીએટરની બાજુમાં, માટુંગા, મુંબઈ-૧૯.**

**સમય : પ્રતિ રવિવાર ૯-૧૫ થી ૧૦-૪૫**

## એક સાધ્વીજી મ.ની આત્મકથા

વિષય તથા શૈલી પરિચય :

● લગભગ ૨૦૦૦ વર્ષ પ્રાચીન કથા હજી પણ આપને હજારો વર્ષ સુધી અર્વાચીન લાગે તેવી સહજ...સરસ...અને સરલ કથા.

● કથા છે, સાહિત્યના નવે રસને પલ્લવિત કરતો એક સાહિત્ય સમુદ્ર છતાંય.... લેખક છે, વૈરાગ્ય રસથી નિતરતા બાલ દિક્ષિત પૂ. આ. શ્રી પાદલિપ્તસૂરીશ્વરજી મ. સા....

● આ પ્રાકૃત કથાનું ગુજરાતી ભાષાંતર વર્ષો પુર્વે કોઇએ પણ કર્યું ન હતુ. ત્યારે આ કથાનું જર્મન ભાષામાં ભાષાંતર પ્રોફેસર લૉયમેને કર્યું. અને ત્યારબાદ ગુજરાતી સાહિત્યકારોને ભાન થયું કે આ કથા વિના ગુજરાતી સાહિત્ય પાંગળુ છે... ત્યારબાદ ગુજરાતીમાં ભાષાંતર થયુ.

● વર્ષો સુધી કાળના ગર્ભમાં લગભગ અજ્ઞાત કે ગુપ્ત રહેલી આ કથાને પૂ. આ. દેવ રાજયશસૂરીશ્વરજી મ. સા. છેલ્લા ૧૧-૧૧ વર્ષોથી પોતાના પ્રવચનોમાં અદ્ભુત સ્થાન આપી કલકત્તા-પાલીતાણા-અમદાવાદ-મદ્રાસ-ખંભાત-ગોધરા-ભરૂચ જેવા મહાનગરોમાં જાહેર પ્રવચનોમાં અત્યંત પ્રસિદ્ધ કરેલ છે.

● આ કથાનું પાન કરતાં સંસારનું સત્ય સ્વરૂપ સહજ ભાવે સમજી કેટલાય આત્માઓએ વિરતિ પંથે પ્રયાણ આદર્યું છે

● પૂજ્યશ્રીએ મુંબઈનગરને આ લાભ મળે તે હેતુથી જ રવિવારીય પ્રવચન શ્રેણીમાં સ્થાન આપેલ છે.

● બસ, માત્ર ૪૩ વર્ષની ઉંમરે પોતાના સદ્ગુરૂની દિવ્ય અને ભવ્ય કૃપા પ્રાપ્ત કરતાં.... એક તરફ ૧૧ લાખ વર્ષ પ્રાચીન તીર્થ ભરૂચના જિર્ણોદ્ધારનું માર્ગદર્શન કરી.... ગુરુનિર્દિષ્ટ પંથે એ ઇતિહાસ સર્જે છે, તો બીજીબાજુ પોતાની આગવી....અનોખી...અને અલૌકિક વાણીથી આવી પ્રાચીન કથાનો પણ જાહેર પુનરુદ્ધાર કરી રહ્યા છે...

તા. ક. – પૂજ્યશ્રી આ ઉપરાંત અષાઢ વદ – ૫ બુધવારથી શ્રી ભગવતીજીસૂત્ર તથા પૂ. દેવપ્રભ સૂ. મ. આલેખિત પાંડવ-ચરિત્ર (જૈન મહાભારત) પર પ્રવચનો નિયમિત ૯-૧૫ થી ૧૦-૧૫ સુધી આપે છે.

અપુર્વ ઉત્સાહપૂર્વક પ્રારંભાયેલા અમારા ચાતુર્માસની દરેક આરાધનામાં આપ સહુ જૈન...જૈનધર્મપ્રેમી અવશ્ય લાભ લેજો.

**લી. શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘ**

Reg. No. G. BV. 20
JAIN OFFICE, P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele : C/o. 29919

આજીવન સભ્ય ફી રૂ. ૩૦૧/-
વાર્ષિક લવાજમ રૂ. ૩૦/-
જાહેરાતના પેજના રૂ. ૫૦૦/-
અર્ધા પેજના રૂ. ૩૦૦/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રં : મુદ્રક : પ્રકાશક
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર.

"જૈન"
વર્ષ : ૮૪
અંક : ૧૮

વીર સં. ૨૫૧૩; વિ. સં. ૨૦૪૩ શ્રાવણ સુદ ૧૩
૭ ઓગષ્ટ, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર–૩૬૪૦૦૧

# આચાર્યો ધર્મશાસનના રાજા છે [ગતાંકથી ચાલુ]

લે: દિનેશકુમાર જયંતિલાલ શાહ

આવે છે ?' ઇત્ય દિ રૂપે પરંપરાને આગળ કરવાની જરૂર જ હોતી નથી. શાસ્ત્રને આગળ કરવું હોય તો એટલા જ અંશમાં કરવું જોઇએ કે 'શાસ્ત્રમાં જેનો સર્વથા નિષેધ કર્યો હોય તેનો આમાં સ્વીકાર નથી ને '' એન આ રીતે આગળ કહી શકાય કે 'જે જે રીતે રાગ–દ્વેષ ઘસાતા જાય તે તે રીતે પ્રવર્તવું'' એવી જિન શા આમાં ભળેલી છે ને ?

**પ્રશ્ન:–** પણ તે આચાર્ય ભગવંતોએ જે પગલું ભર્યું છે તે શાસ્ત્રમાં મળતાં શબ્દો અને પરંપરાને શક્ય એટલું વધુ નજીક છે કે એનાથી ઘણું દૂર છે એનો વિચાર તો અન્ય ગીતાર્થો કરી શકે ને ?

**ઉત્તર :–** હા, જ રૂર કરી શકે. અને શાસ્ત્ર/પરંપરાને વધુ નજીક હોય એવો કોઈ ઉકેલ મળે તો અપનાવી પણ શકાય. પણ એવો કોઈ ઉકેલ શોધવો ન કે અને અન્ય સંવિગ્ન ગીતાર્થો જે ઉકેલ શોધી આપે એને તોડી નાંખવા કુતર્કો લડાવવા એ તો શી રીતે શોભાસ્પદ બને ? બાકી પટ્ટક કરનારા આચાર્ય ભગવંતોએ પણ એટલી ઉદારતા દાખવી જ છે ને કે શાસ્ત્ર પરંપરાને આના કરતાં પણ વધુ નજીક હોય એવો કોઈ માર્ગ શ્રીસંઘ અપનાવશે તો આ પટ્ટક એમાં બ ધ નકર્તા રહેશે નહિ. એટલે નક્કી થયું કે અન્ય ગીતાર્થોને પણ જ્યારે અન્ય ઉકેલ ન મળતો હોય ત્યારે, વિશેષ લાભની દૃષ્ટિએ બીજા સંવિગ્ન ગીતાર્થોએ જે માર્ગ અપનાવેલ હોય તેને શાસ્ત્ર - પરંપરાના નામે તોડી શકાય નહિ.

**પ્રશ્ન :–** આ રીતે સર્વથા નિષિદ્ધ મૈથુન જેવી બાબતને છોડીને અન્ય કોઈ પણ ચીજ જો નિષિદ્ધ નથી તો ગમે તે માણસ મનફાવે તેમ ન વી ન વી વાતો વધાર્યા કરશે, ફેરફાર કર્યા કરશે..... એ બધાને શું માન્ય કરી દેવી ?

**ઉત્તર:–** ગમે તે માણસે ચલાવેલી પ્રવૃત્તિની કોઈ કિંમત નથી. એ તો શાસ્ત્રકારોએ પણ કહ્યું જ છે ને કે સંવિગ્ન ગીતાર્થ પુરુષો એવું જે કાંઇ કરે તે પ્રમાણ છે, અન્ય પુરુષો કરે તે નહિ. વળી 'આ પટ્ટક કરનારા બધા આચાર્યભગવંતો અગીતાર્થ છે, ગીતાર્થ તો અમે જ છીએ' ઇત્યાદિ કોઇ માનતું હોય તો તેઓએ પણ શ્રીયોગસાર ગ્રન્થનો નીચેનો અધિકાર જાણવા જેવો છે.

"તાત્ત્વિકા વયમેવાન્યે ભ્રાન્તાઃ સર્વેઽપ્યતાત્ત્વિકાઃ ।
ઇતિ મત્સરિણો દુરોત્સારિતાસ્તત્વસારતઃ'' ॥ ૨૦ ॥
દ્વિતિયઃ પ્રસ્તાવઃ ।

**અર્થ:– શાસ્ત્રોના ખરા તત્વને જાણનારા, સમજનારા અને કહેનારા તાત્વિકો–ગીતાર્થો અમે જ છીએ, બીજા બધા તો શાસ્ત્રોના અર્થ કરવામાં ભ્રાન્ત બનેલા છે, અને તેથી સાચું તત્વ પામી શકતા નથી, એટલે કે તેઓ અતાત્ત્વિકો અગીતાર્થો છે'' આવું માનનારા માત્સર્યવાળા (ઇર્ષ્યાખોર) જીવો તત્વના સારથી દુર ફેંકાઇ ગયેલા છે.**

**પ્રશ્ન:–** જો આ પટ્ટક કરનારા આચાર્યભગવંતો ગીતાર્થ સંવિગ્નો છે, અને રાગ-દ્વેષની વિશેષ હાનિરૂપ વિશેષ લાભ જોઈને તેઓએ આ સમાધાનનું કાર્ય કર્યું છે, તો પરિણામ એવું ન દેખાવાને બદલે અન્યથા કેમ દેખાય છે ? બે ભાગલા હતા તેના એક થવાના બદલે ત્રણ ભાગલા થઇ ગયા અને પત્રિકાઓ વગેરે દ્વારા કેટલાયના રાગ-દ્વેષ વધ્યા એ બધુ જે જોવા મળે છે એનાથી જ શું કહેવાનું મન થઈ જાય એવું નથી કે પટ્ટક કરીને એ આચાર્યભગવંતોએ વખોડી નાંખવા લાયક એક ભયંકર ભુલ કરી છે ?

**ઉત્તર:–** આચાર્યભગવંતો સંવિગ્નગીતાર્થ હોય એટલા માત્રથી અતિશયિતજ્ઞાની પણ હોય જ એવો નિયમ નથી. એટલે અમારા આ પગલાથી પરિણામ શું આવશે એને પહેલેથી જ કોઈ તેઓ જોઇ શકતા હોતા નથી. માટે પરિણામ ક્યારેક અન્યથા પણ જોવા મળે. પણ એટલા માત્રથી, સંવિગ્ન ગીતાર્થોએ નિષ્કપટપણે લીધેલું પગલું ભુલ ભરેલુ સાબિત થઈ જતું નથી કે તે ગીતાર્થોને વખોડી શકાતા નથી. 'આનાથી વિશેષ લાભ થશે જ' એવું લાગવા પર જ

તો તે સં[illegible]વિગ્ન ગીતાર્થોએ તે તે પગલું લીધું હોય છે. કાળ ભવિતવ્યતા–વિરોધીઓના નામર્યાદ, એકામ તોફાનો વગેરે પરિબળોના કારણે પરિણામ કવચિત્ તેઓના ધાર્યા કરતાં વિપરીત પણ આવે. આ માટે દિગંબરમતની ઉત્પત્તિ થઈ એ પ્રસંગ જાણવા જેવો છે.

રાજાના જમણા હાથ જેવા અને અત્યંત કૃપાપાત્ર એવા શિવભુતિએ દીક્ષા લીધી. વર્ષો બાદ વિહાર કરતાં કરતાં પુનઃ એ રાજ્યમાં આવ્યા. રાજાએ એક અત્યંત કિંમતી કામળી વહોરાવી. ગુરૂએ કહ્યું. આવી અત્યંત કીંમતી ચીજ આપણે ન રખાય, એ પરિગ્રહ કહેવાય. પણ એ તે કામળીને છોડી શકયો નહિ, અને દલીલ કરવા લાગ્યો કે 'જો એ કામળી પરિગ્રહ રૂપ છે' તો ચાલુ વસ્ત્ર-પાત્ર વગેરે પણ પરિગ્રહ રૂપ શા માટે નહિ? માટે એ પણ છોડી દેવા જોઈએ.' આવી દલીલો કરીને કામળી સાચવી રાખે છે. એના કામળી પ્રત્યેના આ ગાઢ રાગ–મુર્ચ્છાભાવને જોઈને ગુરૂને ભાવદયા ઉભરાઈ. એમને થયું કે 'આમ રાગ કરી કરીને ચીકણાં કર્મો બાંધશે, એના કલ્યાણ અવસરે એકવાર ફાડી જ નાખુ. કદાચ એ વખતે દુઃખ થશે, તો પણ પછી રાગનું નિમિત્ત જ ન રહેવાથી રાગમાંથી બચી જશે. વસ્તુ ચાલી ગયા પછી ધીમે ધીમે એને ભુલી જશે, અને મારી વાત સમજી શકશે.' આમ એના રાગને ઘટાડવાની જ પુરી નિષ્કપટ ગણતરીથી જ ગુરૂજીએ જ્યારે શિવભુતિ ગોચરીએ બહાર ગયા હતા ત્યારે એ કામળીના ટુકડા કરી નાખ્યા. શિવભુતિ આવ્યો, ખબર પડી, એનો કામળી પરનો રાગભાવ એકદમ ભભુકી ઉઠયો. પરિણામે ગુરૂ પર પણ ભારે દ્વેષ થયો. ગુરૂ વગેરે ગીતાર્થ મહાત્માઓએ સમજાવવા પ્રયત્ન કરતાં ઉપરોક્ત દલીલ કરીને એણે બધા વસ્ત્રાદિનો ત્યાગ કર્યો અને દિગંબરપંથ ઉભો થયો. સમગ્ર શ્રી જિનશાસનના બે ભાગલા પડયા.... સેંકડો વર્ષોમાં થઇ ગયેલા સેંકડો ગીતાર્થ બહુશ્રુતોએ કોઈ પણ આચાર્ય ભગવન્તના કામળી ફાડી નાખવાના તે પગલાને ભુલ ભરેલું જણાવ્યું નથી, કોઈએ એને વખોડયું નથી. કે કોઈએ એવું મંતવ્ય રજુ કર્યું નથી કે "આચાર્ય ભગવંતે, એની મુર્છા ગાઢ હતી તો કામળી એની પાસે રહેવા દેવી હતી ને, પાંચ/દસ વર્ષે એની મેળે ફાટત પછી રાગનું પાત્ર રહેવાનું નથી, વળી રાગ કરીને ભારે થાત, તો પણ એ એને એકલાને નુકશાન હતું, આમાં સંઘના તો બે ભાગલા ન થાત, લાખો લોકો જે મિથ્યા–પંથમાં ફસાયા હોય તેમાંથી તો બચાવ થાત." આવું બધું કોઇ ગીતાર્થ ભગવંતે કહ્યું નથી એનું કારણ એજ કે આચાર્ય ભગવંતે કામળીને જે ફાડી નાંખી હતી તે 'એના રાગાદિ ઓછા થાય' એવા નિષ્કપટ શુભ ભાવથી.

હા, જો એ આચાર્ય ભગવંત સંવિગ્ન ગીતાર્થ ન હોત તો એમનું સુંદર બુદ્ધિથી, શુભ આશયથી કરેલું પણ તેવું કાર્ય માન્ય ન બનત. એ માટે તો શાસ્ત્રકારો કહે છે કે

**અપ્પાગમો કિલિસ્સઇ જઇવિ કરેઇ અઇદુક્કરં તુ તવં ।**
**સુંદર બુદ્ધિએ કયં બહુયં પિ ન સુન્દરં હોઇ ॥**
**ઉપદેશમાલા–૪૧૪**

**અર્થ**:– અલ્પ આગમ જ્ઞાની અતિદુષ્કર તપ કરે તો પણ કલેશ પામે છે. કેમ કે 'આ સારી કર્તવ્ય ચીજ છે' એવા અભિપ્રાયથી તેણે કરેલું ઘણું કાર્ય પણ પરિણામે સારું બનતું નથી.

વર્તમાનમાં પણ જે સમાધાન પટ્ટક થયો છે તે સંવિગ્ન ગીતાર્થ આચાર્ય ભગવંતોએ શુભ આશયથી કરેલો છે, માટે માત્ર એક તરફી પરિણામને જોઈને એ આચાર્ય ભગવંતો કોઈ રીતે વખોડવા લાયક ઠરતા નથી.

આ બધી બાબતોનો સુજ્ઞ વાંચકો શાંતિથી મધ્યસ્થ દૃષ્ટિએ વિચાર કરી સાચી વાતને સમજે એ જ શુભેચ્છા

# દુષ્કાળ રાહતની વિકટ બનતી સ્થિતિ : એક પત્ર

સસ્નેહ આત્મસ્મરણ. કુશળતા ઇચ્છતો કુશળ છું.

અફસોસ હૈયે જણાવવું પડે છે કે આ વરસેય દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં વરસાદ ખેંચાતા વિકટ સ્થિતિ યથાવત રહી છે. ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને બનાસકાંઠા વિભાગમાં જ્યાં છેલ્લા બે વર્ષથી કારમો દુકાળ છે ત્યાં આજદિન સુધી વરસાદે દેખા દીધા નથી. વરસાદ આવશે, રાહત થશે અને અબોલ જીવોને પાછા પોત–પોતાના વતન ભેગાં કરી શકીશું એવી આશા–ઇચ્છાઓનાં સ્વપ્નાં છિન્નભિન્ન થતાં દેખાઇ રહ્યાં છે.

દુષ્કાળના આખાય ગાળા દરમ્યાન છેલ્લા છ–છ મહિનાથી આપણે અડીખમ ઊભા રહીને રાહતકાર્ય આગળ ધપાવી રહ્યા છીએ. ધોળકા ખાતે શેખડી પશુ રાહત કેમ્પમાં ૧૫ હજાર ઢોર અને બીજા સ્થળોએ કેમ્પો અને નીરણ કેન્દ્રો દ્વારા ૯ હજાર ઢોર સહિત બધા મળીને ૨૪ હજાર ઉપરાંત ઢોરોને નિભાવવાનું કાર્ય કરી શકયા છીએ. ૨ હજાર ઉપરાંત કુટુંબો માટેનું અનુકમ્પાનું કાર્ય પણ વ્યવસ્થિત રીતે પાર પાડી શકાયું છે.

જુન મહિનો પૂરો થયો. જુલાઈ મહિનાની શરૂઆત થતાં એવી આશા આપણે રાખેલી કે વાદળાં વરસી જશે એવા વિચારે શેખડી કેમ્પમાં આસરો લઇ રહેલ કચ્છ અને બનાસકાંઠાનાં ૧૧ હજાર ઢોરોને તેમની દિશા તરફ લઈ જવાનું શરૂ કર્યું હતું પણ તે તે વિભાગમાં વરસાદ થયો નહિ એટલે વીરમગામ પાસે વીરોચનનગરની જમીનો ઉપર અસ્થાયી કેમ્પ કરી રોકાઇ જવું પડયુ છે. આજે અસ્થાયી કેમ્પનો પણ ૨૫ દિવસનો લાંબો સમયગાળો વીતી ગયો. હજીય તાજેતરમાં વરસાદ થાય તેવાં ચિહ્નો દેખા દેતાં નથી. આ અકારા આકરા દિવસો ઉપર પૂર્ણવિરામ કયારે મુકાશે તે સમજાતું નથી. પણ છતાંય અ. ભા. હિંસા નિવારણ સંઘ અને વર્ધમાન સેવા કેન્દ્રના સેવારત કાર્યકરો કમ્મરતોડ સેવાઓ આપી રહ્યા છે.

બળબળ ગરમી, આગ ઓકતું આકાશ, ઘાસની તીવ્ર અછત, ઘાસના ભાવોમાં ભારે ભાવ વધારો અને પાણીની મુસીબતથી રોજ ઊગતો નવો દિવસ ભારેખમ પુરવાર થાય છે. અનેક મુસીબતો વચ્ચેય જીવદયાનું કરુણાભીનું કાર્ય આગળ ધપાવવા માટે સાનંદ ઊભા છીએ, રહીશું.

ઉપરોક્ત ચાલી રહેલ જીવદયાના કાર્ય માટે હાલમાં આપણી સામે કોઇ આર્થિક વીટંબણા તો નથી જ.

આપ સૌના પ્રેમળ વિમળ સાથ–સહકારથી પ્રસન્ન છીએ.

કલિકુંડ તીર્થ, ધોળકા (જિ. અમદાવાદ) — લિ. કુમારપાળ વિ. શાહ, કલ્પેશ શાહના પ્રણામ.

# પટ્ટક આદિ સંબંધી પ્રશ્નોત્તરીરૂપ એક પત્ર (તા. ૩૦-૯-૮૭)

• શ્રી દીપચંદભાઈ વખતચંદ મહેતા, કલબ રોડ, ધ્રાંગધ્રા. •

શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ (મુંબઇ)ના ટ્રસ્ટી ભાઇઓ જોગ,

વિનંતી પૂર્વક જણાવવાનું કે આપે તિથિ સમાધાન માટે થયેલ અનેકવિધ પ્રયત્નો અંગે એકઠી કરેલ હકિકતો રજુ કરતું નમ્ર નિવેદન જિનવાણી તા. ૧૦-૯-૮૭ના અંકમાં રજુ કરેલ. તે અંગે જે કોઈ માહિતી પુછાવે તેના જવાબો આપી જાહેરમાં મુકવા તે આપની નૈતિક ફરજ છે, તેમ માનીને પત્ર લખેલ છે. આપની ફરજ અદા નહિ કરો તો આપની હકિકતો પ્રમાણભુત બની શકશે નહિ.

પટ્ટક અંગે પ્રસ્તુત નિવેદન તૈયાર થયા બાદ પુ.શ્રીનો અભિપ્રાય મેળવવા આપે તેઓશ્રીની સેવામાં સમર્પિત કર્યું. તેઓશ્રી તરફથી પ્રાપ્ત થયેલ અભિપ્રાય અને શુભાભિલાષા તેઓશ્રી પ્રત્યેના ભક્તિભાવ સાથે આપે પ્રગટ કરેલ છે. તે નિવેદન તૈયાર કર્યા પછી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબનો અભિપ્રાય મેળવ્યો છે કે શ્રી આચાર્યશ્રી નિવેદન તૈયાર કરવામાં સહાયક બન્યા છે કે કેમ તે પ્રમાણિક-પણે સત્ય હકિકત કહી શકશો ?

નિવેદન તૈયાર કરવામાં શ્રી આચાર્યશ્રી સહાયક બન્યા હોય તો તેઓશ્રીનો અભિપ્રાય અને શુભાભિલાષા પ્રગટ કરેલ તેને માયા દંભ અને અપ્રમાણિકતા કહેવાય કે કેમ ? જ્યાં ઘરના ભુવ અને ઘરના ડાકલા વગાડનારા હોય ત્યાં લોકોને ઠગવાનો ધંધો ચાલે છે તેવો તમારો ધંધો ગણાય કે કેમ?

પેપરો ચલાવનારા મોટા ભાગે જેઓની કૃપાથી અને સહાયથી ચાલતા હોય છે; અને તેમાં તેઓના લાભનું અને તરફેણનું લખાણ લખવું–બોલવું પડે છે, તેવી સ્થિતિ આજના ટ્રસ્ટીઓની મોટા ભાગે હોય છે અને તે જ તેઓનું કર્તવ્ય હોય છે. કોઈ અપવાદ રૂપે સત્યના જ આગ્રહી હોય તો તેઓ તે સ્થાન ઉપર લાંબા ટાઇમ સુધી ટકી શકતા નથી. એટલે જ ધર્મના પેપરો તથા ધર્મના સ્થાનો અધર્મના સ્થાનો બનતા જાય છે. શ્રી જિનવાણીનો ઉપયોગ અસત્યનો ફેલાવો કરવા પ્રચારનું સાધન બનાવવા માટે શ્રી આચાર્યશ્રી ઉપયોગ કરતાં હોય તો તેઓશ્રીમાં સાધુપણુ ટકી શકે ખરું? 'જિનવાણી' એવું સુંદર નામ છે કે તેમાં કદીક અપ્રમાણિક વાતો આવે જ નહિ, એવો લોકો વિશ્વાસ રાખી આપના ગ્રાહક બને છે, છતાં આપ બીજાની નાની ભુલને પહાડ જેવી બનાવો છો અને શ્રી આચાર્યશ્રીની પહાડ જેવી ભુલને ગુણ કહો છો, તેથી આપ 'જિનવાણી'ના સુંદર નામનો શ્રી આચાર્યશ્રીમાં જે ગુણો ન હોય તેવા ગુણોનો પ્રચાર કરવા અનીતિ, કાવાદાવા, નિંદા, કુથલી, ખટપટ કરી જિનવાણીના નામને કલંકિત કરી રહ્યા છો કે કેમ ? આપ સંઘને કેવો ધર્મ કરાવવા માગો છો અને આપને કેવો ધર્મ કરવો છે તે પ્રમાણિક-પણે કહી શકશો ખરા ?

શ્રી આચાર્યશ્રીના અકૃત્યો ખ્યાલમાં આવ્યા પછી મેં તેઓશ્રીને ગુરુ તરીકે છોડી દીધા છે, ને ત્યારે મેં 'જિનવાણી' ના ટ્રસ્ટી તરીકે શ્રી કાંતિભાઇનું ધ્યાન દોરેલ કે શ્રી આચાર્યશ્રી બોલે છે તેથી તદ્દન જુદુ તેઓશ્રીનું જીવન છે. તે જાણ્યા પછી 'જિનવાણી' માં અસત્ય લખાણ આવે તેમાં 'જિનવાણી' ની પ્રતિષ્ઠા ખલાસ થઇ જાય અને લોકોને ગેરરીતે દોરવાનું મહાન પાપ લાગે. ત્યારે તેઓશ્રીએ જવાબમાં તે પાપની જવાબદારી સ્વીકારી મને પાપથી મુક્ત કરેલ છે. પાપનો ભય મુકનારા જિનવાણીને દગો આપે તો તેમાં શ્રીસંઘ કેટલો વિશ્વાસ રાખી શકે તે પ્રમાણિકપણે કહી શકશો ખરા?

આપે તિથિ સમાધાન અંગે હકિકતો એકઠી કરેલ તેવી જ રીતે શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ શાસ્ત્ર અને સિદ્ધાંત પ્રાયઃ છે કે શાસનનાશક છે. તેઓશ્રી મહાવૃતો પાલક છે કે ભંજક છે, તે બધી હકિકતો પ્રમાણિક રીતે ભેગી કરી નિવેદન તૈયાર કર્યું હોત તો આપનું નિવેદન પ્રમણભુત ઘણું બનત.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે ગમે તેવા સમર્થ શાસન પ્રભાવક શ્રી આચાર્ય ભગવંતો હોય તો પણ જ્યા બળ ક્ષીણ થાય ત્યારે તેઓના ઉત્તરાધિકારીને શાસનનો ભાર સોંપી શાસનના દરેક કાર્યોથી નિવૃત બની આરાધનામાં જીવન પુરૂં કરે. શ્રી આચાર્યશ્રીએ, શાસ્ત્રકાર ભગવંતોની આશાને સ્વી-કારી હોત તો જૈન શાસનમાં આટલો બધો શિથીલાચાર વધ્યો છે. તે કદી વધત નહિ. અને શ્રી આચાર્યશ્રી ઘણા પાપોથી બચી જાત. શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે છેલ્લી જિંદગી સુધી ડોળીમાં બેસી પ્રવૃત્તિમય રહ્યા છે. તેને અમારા જેવા મુર્ખાઓ જૈનશાસનની પ્રભાવના માટે ફરી શકાય છે તેવું કહેનારાઓનો ઘણો ફાળો છે અને તેમાં હું પણ આવી જતો હતો. પણ જ્યારે ખબર પડી કે જૈન શાસનની પ્રભાવનાના નામે સાધુતાનો નાશ થઇ રહ્યો છે. પાંચે ઇન્દ્રિયોના વિષયો સહેલાઇથી સુખપૂર્વક ભોગવવા માટે અને માન પ્રતિષ્ઠા મેળવવા માટેની યોજના છે. તેથી શ્રી આચાર્યશ્રી શાસ્ત્ર અને શાસનને વફાદાર નથી તે સત્ય વાતને પ્રમાણિકપણે જાહેર કરી શકશો ?

શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે જાહેરમાં કહેલ છે કે સિદ્ધાંત મુકવો તેના કરતાં ઝેર ખાઇને મરવું, અગર એકલા રહીને પણ સિદ્ધાંત સાચવવો તે વાત તેઓશ્રીને અમલ કરવા માટે હતી કે લોકોને મુર્ખ બનાવી, ઉશ્કેરાટ ફેલાવી, સંઘના ટુકડા કરી, સંસાર વધારવાની મોટી બદદાનત ન હોત તો પૂ. ગુરુદેવે શ્રીસંઘના હિત ખાતર પટ્ટક કરેલ ત્યારે સિદ્ધાંતનો નાશ થાય છે તેમ કહીને એકલા રહેવાના વચનને સાર્થક કરી બતાવ્યું હોત તો આજે ઇતિહાસ કોઈ જુદો હોત. પણ શાસ્ત્ર અને સિદ્ધાંતની રક્ષા કરવામાં ચારિત્રબળ અને સત્ય જોઇએ છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોના

ગુલામી પરિગ્રહધારીઓ, વ્રતભંજકો કદી શાસનને વફાદાર રહી શકતા નથી. ફક્ત શાસ્ત્રો અને સિદ્ધાંતોની વાતો કરી પાપલીલા ઢાંકવા તોફાનો કરાવવામાં જ રસ હોય છે અને ભોળા અજ્ઞાન લોકો તેઓમાં ફસાય છે. શ્રી આચાર્યશ્રી શાસ્ત્રીય વાતમાં કદી વિશ્વાસ ન મુકાય તેવું પ્રમાણિક પણે કબુલ કરશે ખરા?

શ્રી આચાર્યશ્રી ભાદરવા સુદી ૫ ના ક્ષયે ભાદરવા સુદી ૬ નો ક્ષય કરવા સંમત થયા તેથી ક્ષયે પૂર્વાના સિદ્ધાંતનો નાશ કર્યો. અગર તિથિ સમાચારી છે. તેથી ફેરફાર થાય એ માંથી શ્રી આચાર્યશ્રી કઈ વાતને પ્રમાણિક પણે કબૂલ રાખશો?

શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબે જ ૨૦૪૨ ના પોષ શુદિ ૧૨ ના પટ્ટક પ્રગટ થયેલ તે લખાણ શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય પરંપરા અને આપણા આદરણીય સુવિહીત વડિલ મહાપુરૂષોના મંતવ્યો એ ત્રણથી વિપરીત હોવાથી સંમતિ નથી આપી. તેઓશ્રીએ શાસ્ત્ર અને શાસ્ત્ર માન્ય પરંપરા તથા પૂ. વડિલ મહાપુરૂષોની આજ્ઞાને નથી માનતા ને પરમ પૂ. ગુરુદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે સંઘના, સમુદાયના હીત માટે તેમ જ સાધુઓનું ઉત્તમ પ્રકારે સંયમ રક્ષા થાય તે માટે પટ્ટક અને ૧૧ કલમનું લખાણ કરેલ તે શ્રી આચાર્યશ્રીને પાળવાનું આપેલ તે વચન ભંગ કરી ગુરુદ્રોહ કરેલ છે. અને પૂ. વડિલો પ્રત્યે પુજ્યભાવ નથી તે સાબિત કરી આપેલ છે. બન્ને લખાણો બહાર પાડી ગુરુદ્રોહીઓના પાપથી સંઘને બચાવી શકશો ખરા?

જૈન શાસનની શાસ્ત્રીય મર્યાદા છે કે કોઈ પણ શાસ્ત્રીય પ્રશ્નમાં મતભેદ પડે ત્યારે ગીતાર્થ ભગવંતો સાથે બેસી નિર્ણય લાવે તેમાં એકમત ન થવાય તો તત્વ કેવલી ગમ્ય કહીને બહુમાન પુર્વક ઉભા થાય તે પ્રશ્ન માટે કાળને પાકવા દે. પણ કોઈ પોતાની વાતને પકડી રાખી સંઘમાં વિક્ષેપ ઉભો કરી એક બીજાને હલકા પાડવા કદી વિચાર કરે નહિ, તે જ શાસ્ત્ર પ્રત્યે અથાગ શ્રદ્ધાનો પુરાવો છે. આવા ઉત્તમ શાસ્ત્રીય મર્યાદાને તોડી સંઘથી જુદા પડી આરાધના કરવાનું સાહસ કર્યું, તેથી ઘર્ષણો ઘણા વધી ગયા અને આરાધના થવાના બદલે કષાયો કરી વિરાધના ઘણી વધી ગઈ તે પૂ. ગુરુદેવથી સહન ન થઈ શકવાથી પાપભીરૂતા અને શાસનનો સાચો રાગ હોવાથી પોતાની શાસ્ત્રીય માન્યતા સાચી હોવા છતાં શાસ્ત્રીય મર્યાદાનો ભંગ કરી, સંઘની સાથે બેસી નિર્ણય નહિ કરતાં ફેરફાર કર્યો હતો. તે ભુલને સુધારી લેવા પટ્ટક બનાવી સંઘમાંથી ઘણા કલેશો ઓછા કરી આપ્યા. પૂ. ગુરુદેવની ઉત્તમ ભાવનાને નજર સમક્ષ ન રાખી તેથી શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે તિથિનો પ્રશ્ન જટીલ બનાવી દીધો છે. હજુ આપણે તે પ્રશ્નને સહેલો કરવો હોય તો આપણે ભુલ કરી હતી તેને સુધારી મુળ સ્થિતિમાં આવી જવા માટે એક પટ્ટક તૈયાર કરી સંઘમાં હવે કોઈ નવું ઘર્ષણ ઉભુ ન થાય તેવો બહાર પાડી દેવાથી તથા સમુદાયનું ગૌરવ વધી જશે અને શ્રી આચાર્યશ્રીને છેલ્લી જિંદગીમાં શાંતિનો અનુભવ થશે. એક તિથિ પક્ષવાળા સંવત્સરી ફેરફાર ન કરે તો તેની જવાબદારી તેઓશ્રી ઉપર રહે છે. આપણે ભુલ કરી. સંઘ ભેદ ઉભો કર્યો તે પાપથી બચી જવાનો સુંદર ઉપાય છે. કોઈ પણ શાસ્ત્રીય પ્રશ્ન ધર્મ બુદ્ધિથી સહેલો કરવો હોય તો અનેક શુદ્ધ રસ્તા મળી આવે છે. પણ શાસ્ત્રીય પ્રશ્નોને આમ ઝરતાં રાખવા હોય તેઓને સરળ અને સાચા વિચારો આવતા નથી. તે વાત બરોબર છે?

શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબે સમાધાન માટે પટ્ટક રજુ કરેલ તે શાસ્ત્ર અને શાસ્ત્ર માન્ય પરંપરા તેમજ પુ. વડિલોની માન્યતા મુજબનો નહિ હોવાથી શાસ્ત્ર અને પૂજ્યો પ્રત્યે પુજ્યભાવ નથી તે નક્કી થઈ જાય છે. તેથી તેઓશ્રીની શાસ્ત્રીય વાતોમાં કેવી પ્રમાણિકતા ગણાય?

શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબે શાસ્ત્ર અને શાસ્ત્ર માન્ય પરંપરા તથા પુ. વડિલોની માન્યતાથી વિરૂદ્ધ જઈ બાંધછોડ કરવા પટ્ટક રજુ કર્યો તો શ્રીસંઘે કરેલ પટ્ટકમાં સહી કરનારામાં ચારિત્ર સંપન્ન ગીતાર્થ આચાર્ય ભગવંતો છે તેઓ શાસ્ત્રને વફાદાર રહેનારા આરાધક મહાત્માઓ પણ છે. તેઓશ્રીએ સંઘના હિત ખાતર બાંધછોડ કરી હોય તો તેઓશ્રીની ભુલ છે. તેમ કહેવાનો શ્રી આચાર્યશ્રીને અધિકાર છે ખરો?

શ્રી આચાર્યશ્રીએ સંવત્સરી મહા પર્વ ભાદરવા સુદ ૪ ને બદલે ભાદરવા સુદિ ૫ મે કરવાનું સ્વીકાર્યું, પાછળથી ભલે ના પાડી તિથિ સિદ્ધાંત હોત તો વારંવાર વિચારે કદિ ફેરફાર કરવાનું કહેત નહિ. તિથિ સમાચારી છે. માટે જ તિથિ અંગે ફેરફાર કરવાના વિચારો રજુ કરી શકયા છે તે શ્રી આચાર્યશ્રીની પ્રવૃત્તિથી નક્કી થઈ ગયું ગણાય કે કેમ?

પટ્ટક કરવાનો શુભ હેતુ શાસ્ત્રીય સર્વસંમત ઉકેલ ન આવે ત્યાં સુધી સંઘમાંથી ભેદ ટાળી ઐકય કરવા માટેની વચગાળાની એક સુંદર વ્યવસ્થા છે તેમાં કોઈ પણ પક્ષની સાચી-ખોટી કોઈ પણ માન્યતા ઉભી રાખી સંઘમાં જુદી આરાધના કરવાના પ્રસંગ ઉભા ન રહે તે માટે જ પટ્ટક બનાવવામાં આવે છે. તે લખાણમાં કોઈપણ પોતાની માન્યતા ઉભી રાખવાની વાત કરે તેઓને સંઘની ઐકયતા ખપતી નથી. મોઢેથી ભલે કહે કે અમને સંઘની શાંતિમાં રસ છે. તેમાં માયા અને દંભ સિવાય કાંઈ દેખાય છે ખરૂં?

સમાચારીમાં ફેરફાર કરવાનો તેમ જ વચગાળાની કોઈ વ્યવસ્થા ઉભી કરવાનો સંપુર્ણ હક્ક સંઘને છે. તે જન્મભુમિ પંચાંગ સ્વીકારીને નક્કી થઈ ગયેલ છે. સંઘનો જે અધિકાર છે તે અધિકાર જેઓ નથી ભોગવતા તેઓ જ ઘર્ષણોના નિમિત્તભુત બને છે. તેઓને કર્મ સત્તા સિવાય કોઇ પહોંચી શકતું નથી. સંઘ ભેદ કરવામાં કેટલું પાપ બંધાય છે તે શાસ્ત્રની વાત કરનારા વિચારશે ખરાં?

શાસ્ત્રના જે સિદ્ધાંતો છે તે કદિ ફેરફાર થાય નહિ અને તેને ફેરવવા સમર્થ મહાપુરૂષો પણ કદિ પ્રયત્ન કરતા નથી, જેઓ પાપભીરૂ નથી. ઉતસુત્ર ભાષી છે તે ૪ સિદ્ધાંત ફેરવી પોતાનું અભિમાન પોષવા મહેનત કરે છે. જીવ-અજીવ બે જ તત્વ છે તેને રોહગુપ્તનો જીવ કહી રાજ્ય સભામાં જીત મેળવી પણ તે જીતને પૂ. ગુરૂદેવે કબુલ ન રાખી. અને

# શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપર શ્રી દીપચંદભાઇનો આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ના અકૃત્યોને પટ્ટક સંબંધી જાહેર કરવા લખેલ પત્ર

છ મહિના સુધી કેટલા કેટલા કુતર્કો કર્યા હશે ત્યારે આટલો લાંબો ટાઇમ વિવાદ ચાલ્યો હશે. આવા સમર્થ કુતર્ક બુદ્ધિશાળીને પણ શાસ્ત્ર સાપેક્ષની વાત કરીને પૂ. ગુરૂદેવે તેની સાથે બાંધ-છોડ ન કરી અને તેની શક્તિ અને જ્ઞાનની ફુટી કોડી જેવી કિંમત આંકી સંઘ બહાર મુકી દીધેલ છે. શ્રી આચાર્યશ્રીને તિથિ સિદ્ધાંત નથી પણ તિથિ એ સમાચારી છે તેમ લાગતું હોય તો જ બાંધછોડ કરવાની વિચારણા કરે સિદ્ધાંતમાં કદિ બાંધછોડ થાય જ નહિ. ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે તત્વની વિચારણાઓ કરવાને બદલે પોતાનું મિથ્યા અભિમાન પોષવા અજ્ઞાન જગતને મૂર્ખ બનાવવા જે રીતના પ્રયત્નો કરી રહ્યા છે તે જ શાસનના રાગનો અભાવ સુચવે છે. શ્રી આચાર્યશ્રીમાંથી બાલબ્રહ્મચારીનું બિરૂદ લગાડી મહા મૃષાવાદી બની ગયા છે. તેઓનું કોઈ વચન હવે પ્રમાણભુત બની શકે ખરૂ?

સંયમથી પતિત થયા હોય અને શાસ્ત્ર અને શાસનને વફાદાર હોય તેઓને શાસ્ત્રકાર ભગવંતોએ સવિગ્ન પાક્ષીક કહેલા છે. તેઓ કદિ વંદન પુજન કરાવે નહિ અને સંયમી તરીકે ખ્યાતિ કદી વધારે નહિ. તેઓમાં લજ્જા શરમ ઘણી હોય છે તે શાસ્ત્રીય વાતનો શ્રી આચાર્યશ્રીએ સ્વીકાર કર્યો હોત તો તેઓશ્રીની પ્રમાણિકતાનો અને વચનનો ઘણો વિશ્વાસ કરી શકયા હોત પણ જેઓને પરલોકનો ભય હોય તેઓ જ શાસ્ત્રીય રીતે જીવન જીવે બીજાઓમાં તેવું સત્વ હોય શકે જ નહિ. તે વાત બરોબર છે?

પુ. ગુરુદેવશ્રી આચાર્યશ્રી વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજ સાહેબે તિથિ અંગેનો પટ્ટક કર્યો ત્યારે બીજા પ્રશ્નોનો નિકાલ નહિ કરતાં શ્રી આચાર્યશ્રી ઉપર છોડતાં ગયા. તેથી સંઘનું બળ તોડી નાખવામાં શ્રી આચાર્યશ્રી સફળ થયા. અને આપણા બધાનો એટલો બધો અશુભ ઉદય કે ધર્મના નામે આપણી આંતરિક શાંતિ–સમાધિ મરી જાય તેવી સ્થિતિ પેદા કરી આપી છે તેવું આપને લાગે છે.

ક્ષયે પુર્વા તિથિ કાર્યા વૃદ્ધૌ કાર્યા તથોત્તરા એ સિદ્ધાંત છે તે સિદ્ધાંતને સકલ સંઘે માન્ય રાખેલ છે. તેનો અર્થ ભીન્ન ભીન્ન રીતે ભલે કરતાં હોય પણ તે સિદ્ધાંતને અત્યાર સુધી કોઇએ ફેરફાર કરવાનો પ્રયત્ન કરેલ નથી. પુ કાલીકાચાર્ય ભગવંતે પણ તિથિ સમાચારી છે તેમ માનીને ભાદરવા સુદિ ૫ ને બદલે ભાદરવા સુદિ ૪ ની સંવત્સરી કારણસર કરી. તિથિ સિદ્ધાંત હોત તો તેઓશ્રી કદી ફેરફાર કરત નહિ. સમાચારી અંગે તથા તિથિ અંગે જુદી જુદી રીતે આજ સુધીમાં ઘણા ફેરફારો થયા છે પણ ક્ષયે પુર્વાના સિદ્ધાંતને કદી કોઇએ ફેરફાર કરવાનો વિચાર સરખો પણ કર્યો નથી તે સત્ય છે!

પ્રતિક્રમણ કરવું તે સિદ્ધાંત છે. પાપની શુદ્ધિ માટે ઉત્તમમાં ઉત્તમ ગણધર ભગવંતોએ કરેલ વ્યવસ્થા છે. તે પવિત્ર ક્રિયાને ધર્મ અને સિદ્ધાંતના બહાના નીચે કષાયો વધારવા તે જ શાસ્ત્ર પ્રત્યેની અજ્ઞાનતા સુચવે છે. તેમ સજ્જન ધર્મપ્રેમી ભાઇઓ સમજતા થયા છે. સંઘમાં કલેશો ઉભા કરી કયાં શુદ્ધ ધર્મની ભેટ આપી છે. તે પ્રમાણિક રીતે કહી શકશો ખરાં? શ્રી આચાર્યશ્રીએ દીક્ષાઓ આપ્યા પછી તેઓની સંયમ રક્ષા કરવાની શાસ્ત્રીય મુજબ વ્યવસ્થા કરવાને બદલે સાધુતા નાશ થાય તે માટે ઘણી પ્રવૃત્તિઓ કરી છે તેની તપાસ આજ સુધી કરી છે? હજુ તપાસ કરશો ખરા? કે સત્યને મારી નાખવા માટે જિનવાણીનો ઉપયોગ કરવો છે?

ભગવાનના શાસનની સાધુતાનો તથા શુદ્ધ સાધુઓના આચારનો નાશ કરવામાં શ્રી આચાર્યશ્રીનો મુખ્ય ફાળો છે. તે હું શાસ્ત્રની વાણી સાંભળીને તથા તેઓશ્રીના જીવન જોઇને તથા તેઓશ્રીની કાર્યવાહીથી હું નક્કી કરી શકેલ છું છતાં મારી કોઈ ભુલ દેખાડશે તો તેઓશ્રીના પગમાં માથું મુકી પ્રાયશ્ચિત કરવાની મારી ભાવના છે. તે ભાવનાને આપ સફળ કરી આપશો?

ખરતરગચ્છ, પાયચંદગચ્છ, અચલગચ્છ, દિગમ્બર, સ્થાનકવાસી, વગેરે જુદા પડયા અને તેઓની શાસ્રીય દૃષ્ટિએ જે માન્યતા નકકી કરી હતી તેને શાસ્ત્ર સાપેક્ષ રાખીને પોતાની માન્યતા ઉભી રાખી, બાંધછોડ કરી આપણી સાથે રહેવાનો કદી પ્રયત્ન કર્યો છે? શ્રી આચાર્યશ્રીએ સિદ્ધાંત સાચવવા એકલા રહેવાની વાત કરનારા શાસ્ત્ર સાપેક્ષ રાખી બાંધછોડ કરનારાને સિદ્ધાંતનિષ્ઠ કહેવાય કે કેમ તે પ્રમાણિક પણે કહી શકશો ખરા?

પૂ. મહા મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ ફરમાવે છે. તથા પુ. મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે જિન શાસનમાં આરાધના અતિ મહત્વની છે. તો તે પુ.શ્રીના ટંકશાળી વચનોનો સ્વીકાર કરી શુદ્ધ આરાધના કરવા માટે મારા ગુરૂ સંયમી છે કે અસંયમી છે. દેવગુરૂના આજ્ઞાપાલક છે કે આજ્ઞાભંજક છે. તે પ્રભાતે ઉઠી વિચાર કર્યો હોત તો તો આપના ગુરૂની સત્ય માહિતી મેળવી શ્રીસંઘ ધર્મની શુદ્ધ આરાધના કરે તે માટે કોઈ દિવસ પ્રયત્ન કરેલ છે કે અસંયમી, આજ્ઞાભંજકની પ્રશંસા કરી ભગવાનના શુદ્ધ ધર્મનો નાશ કરવામાં સહાયક બની સંઘનો દ્રોહ કર્યો છે તે આપ પ્રમાણિકપણે કહી શકશો ખરા?

પ્રભુ મહાવીરના ખુદ ભાણેજ જમાઈ શિષ્ય તેમના પાંચસો સાધુઓના ગુરુને ભગવાનને જ **નિહ્નવ** તરીકે જાહેર કર્યા ભગવાને જમાલી સાથે એક્તા જાળવવા બાંધછોડ ન કરી તેમ શ્રી આચાર્યશ્રીએ સિદ્ધાંતને સાચવવા એકલા રહેવાની પ્રતિજ્ઞા કરેલ તેનો ભંગ કરી બાંધછોડ કરવા તૈયાર થયા. તેથી તેઓશ્રીએ શ્રીસંઘને દગો દીધો છે. સિદ્ધાંતને સાચવવા સાથે રહ્યા તેના માઠા કાઢ્યા છે, તેઓશ્રીને શાસ્ત્રીય વાત કરવાનો હવે અધિકાર ગણાય કે કેમ તે વિચારશો.

# ...વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે સમાધાન માટે પટ્ટક રજુ કરેલ તે શાસ્ત્ર અને શાસ્ત્ર માન્ય પરંપરા તેમજ પૂ. વડિલોની માન્યતા મુજબનો નહિ હોવાથી શાસ્ત્ર અને પૂજ્યો પ્રત્યે પૂજ્યભાવ નથી તે નક્કી થઈ જાય છે.

દશ પુર્વધરો શ્રી મહાગિરિજી મહારાજે પોતાના લઘુબંધુ સમા મહાન સંપત્તિ મહારાજાના પ્રતિબોધક અપુર્વ શાસન પ્રભાવક એવા દશ પુર્વધર શ્રી આર્ય સુહસ્તિ મહારાજાની એકાદ બે નજીવી ક્ષતિઓને (આધા કર્મી દોષ શ્રી આચાર્યશ્રીનો ખુલ્લો ન પડી જાય તેથી લખેલ ન હોય તેમ લાગે છે.) કારણે તેમની સાથેની માંડલી વહેવાર બંધ કર્યો ત્યાં ઐકયતાને પ્રાધાન્ય ન આપ્યું. શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબની અનેક ભયંકર ક્ષતિઓ માટે તેઓશ્રીના પુ. ગુરુદેવે સખ્ત પગલા લીધા છે. તેઓશ્રીમાં વિશ્વાસ નહિ હોવાથી સાધ્વીજી સમુદાય તેઓશ્રીને સોંપેલ નથી. છતાં તે આજ્ઞાનો ભંગ કરી સાથે સાધ્વીજીને રાખી ગમે તેવા અનર્થો કરે, વચન ભંગ કરે છતાં તેમની સામે પગલાં લેનારા નથી. તેથી જ શિથિલાચાર વધી ગયો છે. પક્ષની ઐકયતા સાચવવા તેમના સમુદાયના સાધુઓએ તથા તેઓના ગુરુભાઇઓએ શ્રી આચાર્યશ્રી સાથેના વહેવાર બંધ કર્યો તે તેઓની ભૂલ ગણાય કે કેમ ?

શ્રી જિનવાણીના ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓ કોણ છે અને તેના હિસાબનો રીપોર્ટ દર વરસે બહાર પડે છે? જિનવાણીનું ટ્રસ્ટ ધર્મને અનુરૂપ માર્ગાનુસારીના ગુણથી ન્યાય સંપન્ન વૈભવથી ચાલે છે? ન ચાલતું હોય તો ધર્મનું ટ્રસ્ટ છે કે ધંધાદારી પેઢીનું ટ્રસ્ટ છે તે આપ કહી શકશો? શ્રી આચાર્યશ્રી કહે છે કે કાળાનાણાને ધર્મસ્થાનો આપવાથી ધોળા નાણા થઇ જાય છે. તે નાણાથી થતો ધર્મ રાખમાં ઘી નાખીને મીઠાઇનો સ્વાદ લેવાની મુર્ખાઈ ભરેલો નથી લાગતો? શ્રી આચાર્યશ્રીની સલાહ પૈસા પડાવવા માટેની છે. શાસ્ત્રીય છે તે આપ કહી શકશો ખરા?

શ્રી આચાર્યશ્રીની સલાહથી જ્યાં જ્યાં ધર્મસ્થાનો બનાવ્યા છે તે સ્થાનોમાં ફક્ત તેઓશ્રીની આજ્ઞામાં રહેનાર ચારિત્ર ભ્રષ્ટ સાધુ હોય તો આવી શકે અને મહા ગુણવાન ચારિત્ર સંપન્ન મહાત્માઓને તેઓશ્રી રજા વગર ન લાવી શકે. તેવો માલીકી હક્ક રાખી શ્રી આચાર્યશ્રી પરિગ્રહ ધારી બની ગયા ગણાય કે કેમ? શાસ્ત્ર અને સિદ્ધાંત સાચવવા બનાવેલા ટ્રસ્ટમાં તેવી કોઈ જોગવાઈ છે? ન હોય છતાં શ્રી આચાર્યશ્રી આવી જોહુકમી કરે તો તેઓમાં સાધુપણું નથી તેમ શાસ્ત્રીય દ્રષ્ટિએ નક્કી થાય કે કેમ?

શ્રી ગચ્છાધિપતિમાં કયો ગુણ હોય તો સંઘનું કલ્યાણ કરવાની ભાવના થાય. શ્રી આચાર્યશ્રીમાં આચાર્યના ૩૬ ગુણોમાંથી ઓછામાં ઓછા કેટલા ગુણો છે. સાધુના ૨૭ ગુણોમાંથી ઓછામાં ઓછા કેટલા ગુણો છે. દશ યતિ ધર્મમાંથી કેટલા ધર્મનું પાલન કરે છે. સમ્યક્ત્વના ગુણો તથા લક્ષણો ઓછામાં ઓછા કેટલા છે. તે આપ શાસ્ત્ર આધારે પ્રમાણિક પણે જાહેર કરી સંઘની સેવા કરી શકશો? તેઓશ્રીમાં સાધુનો શાસ્ત્ર મુજબનો એક પણ ગુણ ન હોય તો પણ તેઓને સાધુ માને તેને પાપ લાગે કે કેમ?

શ્રી આચાર્યશ્રીમાં પૈસા ખરચીને કૃત્રિમ ગુણો દેખાડવા પ્રયત્ન થઇ રહ્યા છે અને તેમાં સ્વાર્થી અને મૂર્ખ લોકો સહાયક બને છે. પણ તે ગુણોને કર્મ ખપાવવા સહાયક બનશે તેમ આપને લાગે છે?

શ્રી ગાંધીજીનો ન્યાય સંપન્ન વૈભવ હતો અને તેઓશ્રીની માન્યતા મુજબની સત્યતા અખંડ જાળવી રાખી હતી. તેઓશ્રી જે પ્રતિજ્ઞા કરતાં તેને અખંડ રીતે પાળતા અને કોઈ સમજણ ફેરથી ભુલ થઈ હોય તો પોતાની ભુલનો એકરાર કરી પ્રાયશ્ચિત કરતાં. તેઓશ્રી જૈન સાધુ ન હતા પણ આદર્શ સદ્ગૃહસ્થને શોભે તેવા ઘણા ઉંચા ગુણો હતા. શ્રી આચાર્યશ્રીમાં ગાંધીજી જેવા ગુણો ન હોય તો તેઓને જૈન સાધુ તો નહિ પણ એક સામાન્ય ગૃહસ્થ તરીકે માની શકાય? આ વિચાર શાસ્ત્ર દૃષ્ટિએ પ્રમાણિકપણે કરી શકશો ખરા? આપણે અપ્રમાણિક રીતે નથી મરવું તે તો નક્કી છે ને

શ્રી આચાર્યશ્રી જૈનસંઘમાં ઉંચામાં ઉંચા સ્થાનને પામ્યા પછી તે સ્થાનને વફાદાર રહી પ્રતિજ્ઞાનું પાલન નથી કર્યુ તેથી પરલોકનો ભય મુકી ઘણા અકૃત્યો કર્યા છે તેથી તેઓશ્રીને જ્ઞાન પચ્યુ નથી પણ ફુટી નીકળ્યું છે. તેઓશ્રી સાચા જ્ઞાની હોત તો તેઓશ્રીની શકિત વાણીથી ભગવાનના શુદ્ધ માર્ગને સુંદર રીતે પૈસા ખરચાવ્યા વગર ટકાવી શકયા હોત તેમ આપને લાગે છે કે કેમ ?

શ્રી આચાર્યશ્રી શાસનને વફાદાર નહિ હોવા છતાં પૂર્વના મહાપુરૂષોની હરોળમાં મુકી મૂર્ખ લોકો પૂર્વના પુજ્ય મહાત્માઓની ભયંકર આશાતના કરી છે. જેને પ્રમાણિકતાની આંખો મળી છે તે સત્ય જોઇ શકે છે, સમજી શકે છે.

પૂ. મુનિરાજે કહ્યું કે શાસ્ત્રના બહાના નીચે સમ્યક્ત્વ, મિથ્યાત્વ, આરાધના-વિરાધના સસુત્ર-ઉત્તસુત્ર શાસ્ત્ર સંમત શાસ્ત્રવિરૂદ્ધ સદગતિ દુર્ગતિ મોક્ષ અનંત સંસાર આદિ શબ્દોનો પ્રયોગ કરી જૈન સંઘને અને જગતને નુકશાન કર્યુ છે. શ્રી આચાર્યશ્રી આવા શાસ્ત્રીય શબ્દો નુકશાનકારક અને હાસ્યાસ્પદ કેમ બન્યા તે નુકશાન ફકત ધર્મની વાતો જ કરે છે. જીવનમાં ધર્મને સ્થાન આપ્યું નથી તેનો પ્રભાવ છે. શ્રી આચાર્યશ્રીએ શાસ્ત્રના નામે શ્રીસંઘ સામે જે જે કાર્યોનો વિરોધ કરી તોફાનો કરાવ્યા તે બધા કાર્યો શાસ્ત્ર વિરૂદ્ધના કાર્યો છે. તેથી જ તેઓશ્રીના શબ્દની કિંમત રહી નથી. તે સત્ય કારણ આપને સમજાશે ?

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે અસંયમીઓના હાથથી અંજનશલાકા પ્રતિષ્ઠા થાય તો ભગવાનની મૂર્તિમાંથી દેવતત્વ નાબુદ થાય છે અને દીક્ષાર્થી ઉપર વાસક્ષેપ નાખે તો

## શ્રી આચાર્યશ્રીએ સંવત્સરી મહાપર્વ ભા. સુદિ ૪ને બદલે ૫મે કરવાનું સ્વીકાર્યું....

સાધુના ભાવ પ્રાણુ નષ્ટ થયા છે. આ શાસ્ત્રની વાતોનો ભંગ કરી શ્રીસંઘને કેવો ધર્મ શ્રી આચાર્યશ્રીએ કરાવ્યો છે તે કહી શકશો ?

ભગવાનના પાટલા ઉપર તથા મંદિરો, ઉપાશ્રયો અને ધર્મ સ્થાનોમાં અસત્યથી ભરપુર લેખો લખવામાં આવે છે. ભગવાનની સન્મુખ અપ્રમાણિક બની અસત્ય કરી શકતા હોય તેઓ ક્યાં શાસ્ત્રને વફાદાર છે તે કહી શકશો ?

શ્રી જિનચંદ્ર જેવા અત્યાર સુધીમાં કેટલા બન્યા ? અને તેઓના પતનના કારણો ભગવાનની આજ્ઞા મુજબના સંયમ રક્ષાની વ્યવસ્થા ન રાખી તે છે અને તેના જવાબદાર શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબ છે તે આપ જાહેર કરશો ? ભુતકાળ ભુલી જઈને હજુ શાસ્ત્ર મુજબની આજ્ઞા રાખી સંયમ રક્ષા માટેની વ્યવસ્થા કરવા શ્રી આચાર્યશ્રી તૈયાર છે ખરા ?

શ્રી હસ્તગીરી મહાતીર્થનું સાર્વજનિક ટ્રસ્ટ બનાવ્યું ત્યારે તે ટ્રસ્ટ શાસ્ત્ર વિરૂદ્ધનું છે તેને સુધારવું જ જોઈએ તેમ શ્રી આચાર્યશ્રીએ જયારે તેમાં દશ લાખ ખરચી ગયા હતા તે આપ સારી રીતે જાણો છો. સાથે સાથે કહેલ કે ટ્રસ્ટ ન સુધરે તો તેમાં કોઈએ પૈસા આપવા નહિ. અને કરેલ કામને પાયામાંથી તોડી કાઢી નાખવું જોઈએ. દશ લાખ રૂપિયાની કોઈ કિંમત નથી. સિદ્ધાંત વિરૂદ્ધનું કાર્ય થઈ શકે જ નહિ. જો તેઓ (ટ્રસ્ટીઓ) ન માને તો હું અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવવા જઈશ નહિ તેવું વચન આપેલ. તે વચનનો ભંગ કરી દેવદ્રવ્યમાંથી કરોડો રૂપિયા અપાવી તીર્થને મહાન વિશાળ બનાવવા સહાયક બન્યા. ટ્રસ્ટ સુધરી શકે તેવી સ્થિતિ હતી જ નહિ તો તદ્દન નાના પાયા ઉપર બનાવવું તે આપણા હાથની વાત હતી. પણ તેઓશ્રીનો સિદ્ધાંત છે કે બોલવું તે પાળવું નહિ. તેથી હસ્તગીરી તીર્થનો ઉદ્ધાર કર્યો છે કે નાશ કર્યો છે ? બન્ને ટ્રસ્ટો સંઘની જાણ માટે બહાર મુકી શકશો ? જેઓનો ભગવાનના શાસનનો નાશ કરવા માટે જ જન્મ થયો છે. તેમની પાસેથી કોઈ સારી આશા રાખવી તે રેતીમાંથી તેલ કાઢવા જેવું છે તેમ આપને લાગે છે ?

પરમ પુ. મહાતપસ્વીજી શ્રી આચાર્યશ્રી વિજયહિમાંશુસુરીશ્વરજી મહારાજ સાહેબે સંયમના રક્ષણ માટે શાસનના અતિ રાગથી સમુદાય-સંઘનું કલ્યાણ કરવાની તીવ્ર ભાવનાએ વૃદ્ધ ઉંમરે સો ઓળી પુરી કર્યા પછી સળંગ આયંબિલ શરૂ કર્યા છે. લગભગ પંદરસો આયંબિલ થવા આવશે. આવા પવિત્ર તપથી શ્રી આચાર્યશ્રીને તથા તેમના સાધુઓને સુધારો ન કરવો પડે અને પોતે તથા તેઓના સાધુઓ દેવગુરુની આજ્ઞાનું પાલન કરી રહ્યા છે. તેવો માયા/દંભ કરી પાપોને ઢાંકવા પ્રાણ કરે છે તેમ કહીને પાપ વધારી ભયંકર પાપ બાંધી રહ્યા છે.

બાણું વર્ષે પણ શાસન-સમુદાયનું હિત કરવાનું મન નથી થતું તેથી સાધુતા તો નથી પણ માનવતા મરી પરવારી છે. અને તેઓશ્રીનો ચેપ તેઓશ્રીના એજન્ટોને લાગ્યો છે. તેથી તેઓમાંથી પણ દયાની લાગણી નષ્ટ થઈ ગઈ છે. માનવતા ગયા પછી વિવેક-પ્રમાણિકતા આદિ ગુણો ખલાસ થાય છે. તેમાં ભારે કર્મીતા જ કારણભુત ગણાય કે કેમ ?

પરમ પુ. પરમ ઉપકારી કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબ શ્રી વિતરાગ પરમાત્માની સ્તવના કરતાં ફરમાવે છે કે હે પરમાત્મા (દ્રવ્ય) સેવા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન એ જ તારી મોટામાં મોટી સેવા છે. કેમકે તારી આરાધેલી આજ્ઞા મોક્ષનું કારણ બને છે. આ પવિત્ર મહાપુરૂષની વાતને વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબે સ્વીકારી હોત તો મારો તેમના સેવક તરીકે પહેલો નંબર હોત. પણ તેઓશ્રી કમનસીબે ભગવાનની આજ્ઞા તિથિ માટે જ અવિદ્યાથી માનેલી આજ્ઞાને મહત્વ આપી અનેક આજ્ઞા ભંગ કરી આજ્ઞાપાલન કરવાનું મહત્વ ખલાસ કરી નાખ્યું તેથી અનેક હળુકર્મી આત્માઓના ભાવ-પ્રાણનો નાશ થઈ રહ્યો છે. આથી શાસનનો ભયંકર દ્રોહ બીજો કયો હોઈ શકે? તેઓશ્રીના આજ્ઞા ભંગના કાર્યોને ધર્મ માની તેઓના એજન્ટો પૈસા ખર્ચાવી ગમે તેવા મહાન બનાવવામાં આવે પણ કર્મસત્તા પાસે તેઓની વાત મંજુર કરાવી શકશે? શાસ્ત્ર અને સિદ્ધાંતના પ્રેમી સુગુરુ-કુગુરુની ઓળખ કરવામાં જેઓની વિવેક બુદ્ધિ છે. તેઓશ્રી આચાર્યશ્રીના એજન્ટોને ભાટ-ચારણની ઉપમા આપી રહ્યા છે. જેના વચન, કિંમત જગતમાં ફુટી કોડી જેટલી અંકાય છે કે કેમ ?

પરમ પુજ્ય પરમ ઉપકારી ઉપાધ્યાયજી મહારાજ સાહેબે શાસનમાં માયા, દંભ; પાખંડીઓ થાકયા ત્યારે શ્રી સીમંધર સ્વામીને વિનંતી કરી પોતાના હૈયાની વેદના ઠાલવી છે. તેઓશ્રીએ સાધુતાના આદર્શ જીવન જીવી જૈન શાસનનો સાધુ કેવો હોય તે શાસનના રાગે બતાવી આપ્યું છે, એકલી વાતો નથી કરી. પણ શાસન માટે ઘણો ભોગ આપ્યો છે. ત્યારે જ આટલા વર્ષો પછી સંઘના હૃદયમાં ઉંચામાં ઉંચુ સ્થાન મેળવી શકયા છે. શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબ મોક્ષના સિદ્ધાંતની આજ્ઞા માનવાની વાતો કરી તેનાથી જેટલો સ્વાર્થ સધાય તે સાધી લઈ પોતે કહે છે તેનો જ નાશ કરી રહ્યા છે. અને તેમાં સફળતા મળતી જાય છે. તેમાં તેઓશ્રીના પાપાનુબંધી પુન્યનો પ્રભાવ છે એટલે જ સંયમ રક્ષા અને સંઘના કલ્યાણ કરવામાં ધર્મ દેખાતો નથી.

જેઓ પૈસાના જોરથી શ્રી આચાર્યશ્રીનું આત્મિક અહિત કરીને ભક્તિ કરી રહ્યા છે. મારે શ્રી આચાર્યશ્રીના અકૃત્યોથી

**શ્રી જિનચંદ્ર જેવા અત્યાર સુધીમાં કેટલા બન્યા ?.......**

**....તેના જવાબદાર શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સા. છે.**

## ...ાણું વર્ષે પણ શાસન–સમુદાયનું હિત કરવાનું મન થતું નથી. તેથી સાધુતા તો નથી પણ માનવતા પણ મરી પરવારી છે.

પાછા વળી ભગવાનની આજ્ઞા મુજબનું જીવન જીવતા કરીને ભક્તિ કરવી છે. તે માટે મારી વેદના અને આંસુ ઠાલવી રહ્યો છું. પરિણામ લાવવા છેલ્લે મારા લોહીથી તીલક કરી. લોહીથી વધાવી શ્રી આચાર્યશ્રી તથા તમારા બધાના હૃદય પરિવર્તન કરાવી સાધુ–સાધ્વીજીના જીવન પવિત્ર રહે તે માટેની ભગવાનની આજ્ઞા મુજબની વ્યવસ્થા કરાવીને જ મારી જિંદગીની સાર્થકતા કરીશ. શાસનનો પ્રાણ સાધુ છે. તેની રક્ષા માટે જેઓ પ્રયત્ન નથી કરતાં તે જીવતાં છતાં મરેલા છે, તેમ જ્ઞાની ભગવંતો કહે છે....

સંયમરક્ષા માટે શેઠશ્રી કસ્તુરભાઈ શેઠ તથા શેઠશ્રી જીવતલાલભાઈએ સંમેલન બોલાવી પ્રયત્ન કર્યા હતા. આપણે શ્રી આચાર્યશ્રીમાં વિશ્વાસ રાખી સંમેલનને નિષ્ફળ બનાવવામાં આપણો મોટો ફાળો હતો. આવા શક્તિ સંપન્ન પુન્યશાળી–ઓનું બળ તોડી નાખવાથી પાપ ઘણું બાંધ્યુ છે. તેના પ્રતાપે અસંયમ ઘણો વધી ગયો અને સાધુતા નાશના પરિણામો નજરે જોવા મળ્યા. તે બધો પ્રતાપ શ્રી આચાર્યશ્રીનો તથા આપણે તેમને ટેકો આપ્યો તેનો છે. આ ભયંકર પાપનું પ્રાયશ્ચિત શ્રી આચાર્યશ્રીએ સંયમરક્ષા, દેવગુરુની આજ્ઞા મુજબની વ્યવસ્થા કરીને કરવું જ પડશે. અને તે કરાવવા આપણે દરેક પ્રયત્ન કરવા જ પડશે. નહિતર સંયમ નાશનું પાપ આપણને ભરખી જશે.

ધર્મની અજ્ઞાનતાએ શ્રી આચાર્યશ્રીના વચન ઉપરના વિશ્વાસથી શુદ્ધ ધર્મની આરાધના કરવા સંઘના ટુકડા કર્યા તેને આપણે ધર્મ મનાવ્યો. આરાધનાના બદલે અભિમાન પોષી અનેક કાર્યો કરી વિરાધના કરી. સંઘ ભેદનું મહાન પાપ છે તે આપણે ન સમજ્યા. તેથી કર્મસત્તા કદી માફ કરવાની નથી. આ ભયંકર પાપોમાંથી બચવું હોય તો 'ધર્મસ્થાનો સકલ સંઘના બનાવી દેવા જોઈએ' તે જ સાચો ઉપાય છે. ધર્મની સાચી સમજણ અને વફાદારી નથી રાખી તેથી જ અનંતકાળથી આજ સુધી રખડયા છીએ. હજુ આપણે મૂર્ખાઈ ભરેલો ધર્મ કરવો હશે તો ભગવાન પણ નહિ બચાવી શકે. આ સાચી સમજણ મેળવવા માટે મને નિવૃત્તિ અપાવી તે બદલ આપનો મહાન ઉપકાર માનું છું. ધર્મના નામે ચાલતાં કૌભાંડો બંધ કરાવવા તે જ આ ભવની સાર્થકતા છે. આપણે બધાએ અનંતવાર સંબંધો બાંધ્યા છે. આ ભવના સંબંધો એવા બાંધીને આવ્યા કે વધારે વૈરભાવ ઉભા થાય. સ્વાર્થી જગતનો ચિતાર જ્ઞાની ભગવંતોએ આપ્યો છે તે જોવા-જાણવા મળ્યો. તેથી હવે કોઈની સાથે વૈર ન બંધાય જાય તેથી હંમેશા ભગવાન પાસે પ્રાર્થના કરું છું. કે ધર્મખાતર, સંયમરક્ષા ખાતર સહન કરવાની શકિત આપજો. સ્વાર્થ સાધવા મને ગમે તેટલા કષ્ટો આપે, અહિત ચીંતવે, દુઃખી કરવા પ્રયત્ન કરે તો પણ આપનો સાચો ધર્મ સમજ્યો હોઉ તો મને તેઓનું કદી અહિત ચીંતવવાની બુદ્ધિ ન થાય. કોઈ કોઈનું અહિત કરી શકતું નથી. જે કાંઈ બને છે તે પોતાના કર્મે બને છે. આ મારી પાકી શ્રદ્ધાથી મને ખુબ આનંદ છે.

આપણે તથા શ્રી આચાર્યશ્રી વિગેરે અનંત કાળથી રખડતા આવ્યા છીએ. આજ સુધી આપણી કોઈની મુક્તિ થઈ નથી. મુકિતએ જવા માટે એકલી ધર્મની વાયડી વાતો કરવાથી થતી નથી, તેમ જ પૈસાના જોરથી થતી નથી. તે માટે તો અખંડ મહાવ્રતો પાળવા જોઈએ. દશ સંજ્ઞા આહાર મૈથુન પરિગ્રહ, ભય, લોભ, માન–માયા, ક્રોધ, ઓઘ અને લોક-સંજ્ઞાને ખતમ કરવા માટે મહેનત કરવી જોઈએ. રાગ–દ્વેષ, મોહનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઈએ. એથી જ મુકિત તરફનું પ્રયાણ શરૂ થાય છે. આ જ્ઞાની ભગવંતોની વાતની શ્રદ્ધાને મારી નાખી શ્રી આચાર્યશ્રીને કૃત્રિમ પ્રતિષ્ઠા વધારવા અને પાપોને ઢાંકવા લખલૂંટ ખર્ચ કરી મોટી મોટી જાહેરાતો, પ્રચારો ટી. વી., વિડીયો, ફોટાઓના આશરો લઈ તેઓનું જીવન સાર્થક કરવા માગતાં હો તો આ નાટકો બંધ કરી દેવા જોઈએ.

લોકોના હૃદયમાં કાયમી સ્થાન પ્રાપ્ત કરાવવું હોય તો સ્થુલીભદ્રજી, મેતારજ રૂષા, નદિષેણ મહાત્મા, વિજયાશેઠ–શેઠાણી જેવું જીવન જીવતા કરશો. સ્વાર્થી જગત ગુણો વગર માયા/દંભથી મોટા મોટા વિશેષણો આપે તેથી ભગવાન કે મહાપુરૂષ બની જવાતું નથી, અને તેથી કર્મ પણ ખપતા નથી. કર્મ ખપાવવા ભગવંતોએ બતાવેલા ઉપાયો કરવાની તક છે. શ્રી આચાર્યશ્રીની વૃદ્ધ ઉંમરે સંઘનું કલ્યાણ કરાવવાની શુદ્ધ ભાવના હોય તો જ સમાધિ ટકી શકશે, અને તે માટે સાચા રાહે આવવું જ પડશે.

શ્રી આચાર્યશ્રી બિચારા આ ઉત્તમ જીવન હારી ગયા.

તેવું પાછળ ન કહેવરાવવું હોય તો બધા નાટકો બંધ કરવા પડશે. અને સંઘના હૃદયમાં સ્થાન પામવા માટે નીચે મુજબ કરવું પડશે. (૧) પૂજ્ય તપસ્વી મહાત્માની શુભ ભાવનાને સફળ કરી પારણું કરાવવું. (૨) સમુદાયની ઐકયતા કરી લેવી. (૩) પટ્ટકનો સ્વીકાર ન કરવો હોય તો સ્વતંત્ર પટ્ટક કરી સંઘ સાથે ઐકય થઈ જવું. (૪) સાધુ–સાધ્વીજીની સંયમ રક્ષા માટેની સંપુર્ણ જ્ઞાની ભગવંતની આજ્ઞા મુજબની વ્યવસ્થા (૫) ધર્મસ્થાનો સકલ સંઘની માલિકીના બનાવી દેવા.

સાચી સાધુતાને શોભાવે તેવી વાતને નહિ વિચારે અને આંખો વિચાઈ ગઈ પછી તેઓના અકૃત્યોને સંભારવા માટે તે જ વિડીયો ફિલ્મો કે શિલાલેખો ઉપયોગમાં આવશે અને સ્થાનો ઉપર નજર કરી કરીને ફીટકાર વરસાવશે. માટે લીલા જીવતા જ સંકેલી લેવી તેમાં જ ડહાપણ છે આપણા ઉપ-

**શાસ્ત્રો અને સિદ્ધાંતોની વાતો કરી પાપલીલા ઢાકવા તોફાનો કરાવવામાં જ રસ હોય છે.**

# પરિણામ લાવવા છેલ્લે મારા લોહીથી તિલક કરી....શ્રી આચાર્યશ્રી તથા તમારા બધાના હૃદયપરિવર્તન કરાવી....મારી જિંદગીની સાર્થકતા કરીશ—

કારીનું હિત ઇચ્છતા હો તો જૈનશાસનની સાચી રીત છે કે **સકલ સંઘને** ખમાવી પાપોનું પ્રાયશ્ચિત કરી તદ્દન નિવૃત બની **આરાધનામય** જીવન જીવવા માટે પ્રયત્ન કરે. અને મનમાંથી સંસારનો પક્ષ છોડી દે તે સલાહ આપવી તે જ સાચી **ભકિત છે.** લોકોને દેખાડવા છેલ્લા શ્વાસ સુધી શાસન સેવા **કરી આરામ** હરામ કર્યો આવી વાતો કરવા માટે શ્રી આચાર્યશ્રીનો ભોગ લેશો તો તેઓ ડુબશે અને અનેકોને ડુબાડશે. ભગવાન પોકારી પોકારીને કહે છે કે મુકિતએ જવું હોય તો પુદ્‌ગલોમાંથી રાગ–દ્વેષ નાબુદ કરો અને મોહને મારી નાખો. તે સિવાય કોઈની મુકિત થઈ નથી, અને થવાની નથી.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે "કદાચ મેરૂ પર્વત ચલાયમાન થાય, અગ્નિ શીતલતાને પામે, પર્વતશીલા ઉપર કમળ ઉગે, તો પણ ભાવિ કર્મની રેખા ચલાયમાન થતી નથી. શું ઇન્દ્ર પરસ્ત્રી હરણ કરવામાં પાપ છે એમ નહોતા જાણતાં ? છતાં કેમ કર્યું. વનમાં સુવર્ણનો મૃગ સંભવતો નથી એમ શું રામના જાણવામાં નહોતું છતાં તે લેવા કેમ દોડ્યા ? યુધિષ્ઠિર પાસની ક્રિયા મહાન અનર્થકારી છે એમ નહોતા જાણતાં છતાં કેમ ક્રિયા કરી અને અનર્થ પ્રાપ્ત કર્યા ? શ્રી આચાર્યશ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબ દેવ-ગુરુની આજ્ઞા ભંગ કરવાથી હાડકાંના ઢગલા જેવી ગણતરી થાય છે તે નહોતા જાણતાં છતાં કેમ ભાંગી ગયા ? મહાવ્રતો ભાંગવાથી દુર્ગતિમાં જવાય તેવું નહોતા સમજતા છતાં મહાવ્રતો ભાંગ્યા. રસગારવ, શાતાગારવ, ઋદ્ધિગારવ સંસાર વધારનારા છે તેવુ નહોતા જાણતાં છતાં કેમ ઉપયોગ કર્યો ? સાધુ–સાધ્વીજીના આધ્યાત્મિક જીવન નષ્ટ કરવામાં મહાપાપનું કારણ છે તેવું નહોતા જાણતાં છતાં કેમ કુબુદ્ધિ સુઝી ? સંઘ ભેદ પાડી, સમુદાય ભેદ પાડી, કંકાસ, કજિયા કરાવી વ્રત–ભંજક બનાવવામાં અને સાધુના શુદ્ધ આચારો નાશ કરવામાં ભવાંતરમાં ચારિત્ર દુર્લભ થાય તે નહોતા જાણતા ? છતાં કેમ કર્યું. તીર્થનાશ, દેવદ્રવ્ય નાશ કરાવી અભિમાન પોષવા પ્રતિષ્ઠા મેળવવી તે શાસ્ત્ર આધારે ભયંકર પાપ છે તે ન હોતા જાણતા ? છતા કેમ કર્યું. અસંયમીના હાથથી અંજનશલાકા પ્રતિષ્ઠા થાય તો મુર્તિમાંથી દેવતત્ત્વ ખલાસ થઈ જાય તે શાસ્ત્ર દષ્ટિએ નહોતા જાણતા ? છતાં કેમ કરાવી. દીક્ષાર્થી ઉપર અસંયમી વાસક્ષેપ નાખે તો તેની સાધુતા નષ્ટ થાય તે શાસ્ત્ર દષ્ટિથી ન હોતા જાણતા ? છતાં કેમ નાંખવા. હસ્તગિરિ સાર્વજનિક તીર્થ બને તો અધર્મી હિંસક લોકો ઘણો અનર્થ કરશે, તેથી સાર્વજનિક બનાવવુ તે પાપ છે તેવું ન હોતા જાણતા ? છતાં કેમ કરાવ્યું. ભગવાનની પાટલી ઉપર તથા ધર્મ સ્થાનોમાં અસત્યથી ભરપુર લેખો લખાવવા તે મહાપાપ છે તે ન હોતા સમજતા ? છતાં કેમ કર્યું.

આ સર્વનું કારણ જ્ઞાની ભગવંતો કહે છે કે વિપત્તી નજીક આવવાથી જેમનું મન ગુઢ થઈ ગયું હોય છે, તેથી બુદ્ધિ પ્રાયે નષ્ટ થાય છે. જે પદ ઉપર બેસી મોક્ષની સાધના કરવાની હતી. તેને બદલે તુચ્છ સુખ અને નામના માટે ચિંતામણી રત્ન કાચના ટુકડામાં ફસાઈ ગયા. તેઓશ્રી સમજતા નથી કે રાવણના કપાળમાં ૧૦૮ બુદ્ધિ હતી. પણ લંકા ભાંગવાનો સમય આવ્યો ત્યારે એકપણ બુદ્ધિ કામ લાગી નથી. શ્રી આચાર્યશ્રીમાં ઘણી બુદ્ધિ કર્મક્ષય કરવા માટે હતી છતાં ભુલ્યા છે. તેમાં કોઈ આશ્ચર્ય નથી. ભુલોને સુધારવી તેમાં જ સાચી ખુમારી છે. શ્રી આચાર્યશ્રીનું દર્દ અસાધ્ય બનતું જાય છે, છતાં સત્ય પણ કડક મારે લખીને મારી ફરજ અદા કરી છેલ્લું જીવન કોઈ ભવિતવ્યતા સારી હોય અને મને તેઓની સેવાનો છેલ્લો લાભ મળે તે શુભ ભાવથી લખેલ છે. તેમાં કોઇને મનદુઃખ થાય તો અંતઃકરણ પૂર્વક ક્ષમા માંગુ છું. શ્રી સકલ સંઘને નમ્રભાવે વિનંતી કરૂં છું કે તેઓશ્રીની દયા ચિંતવજો, દરેક જીવ કર્મવશ છે. માટે કોઈ દુર્ભાવ કરશો નહિ એ જ વિનંતી.

લિ. સંઘ સેવક
દીપચંદ વખતચંદના વંદન

---

### નવમો જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજયકુંદકુંદસુરીશ્વરજી મહારાજ પ્રેરિત વડાલીઆ સિંહણના શાહ નાગપાર નવમલ ચેરિટેબલ ટ્રસ્ટના નિમંત્રણથી નવમો જૈન સાહિત્ય સમારોહ આગામી નવેમ્બર માસમાં વડાલીઆ સિંહણ (તા. જામખંભાળીયા, જિ. જામનગર)માં યોજવાનું નક્કી થયેલું છે. આ સમારોહનો સવિગત કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

આ સમારોહ માટે જૈન તત્વજ્ઞાન, સાહિત્ય, ઈતિહાસ, કલા વગેરે વિષયો ઉપરના નિબંધો શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૪૦૦૦૩૬ ના સરનામે તા. ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૭ સુધીમ મોકલી આપવા માટે વિદ્વાનોને વિનંતી કરવામાં આવે છે.

### સાધર્મિક ફંડમાં પુરસ્કાર અર્પણ

બૃહદ મુંબઈમાં એક ધાર્મિક સ્પર્ધા યોજાતાં તેનું પ્રથમ ઇનામ રૂા. ૧૦૦૧ મરીન ડ્રાઇવ રહેતા શ્રીમતી લીલાબહેન મુકેશકુમાર શાહને પ્રાપ્ત થયું હતું. આ રકમ તેઓએ શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સાધર્મિક સહાયક ફંડમાં અર્પણ કરી એક આદર્શ અને સ્તુત્ય પગલું ભર્યું છે.

### તળાજા–જૈન વિદ્યાર્થીની ગૃહ ગૌરવરૂપ પરીણામ

શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહ–તળાજા સંસ્થા દ્વારા **ગામડાની જૈન બહેનોને** શિક્ષણ માટે સગવડ મળી રહે તે માટે જે **કદમ સમયસરનું** ઉપાડી તેમાં ૨૦૦ જેટલી બાળાઓને ક્રમે ક્રમે **પ્રવેશ** આપીને પ્રવૃત્તિ વિકસાવેલ છે.

આ વિદ્યાર્થીગૃહની બહેનોનું સને ૧૯૮૭નું બોર્ડનું બારનું **૧૦૦%** પરિણામ લાવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

### પાટણ કો-ઓપ. બેન્ક લિ.

મુંબઇ એક એવું મહાનગર છે કે જ્યાં ભારતભરના પ્રત્યેક ગ્રામ/નગરના જૈન ભાઈઓ વસે છે; અને તેઓ દ્વારા પ્રાંતિય, જિલ્લા, તાલુકા, નગર, ગ્રામ્ય, જ્ઞાતી, જાતી, કુળ અને કૌટુંબિક કક્ષાએ મંડળો/સંસ્થા રચી ધાર્મિક, સામાજિક, સાહિત્યિક, શૈક્ષણિક, તબિબિ, આર્થિક સહાયાદિની પ્રવૃત્તિવાદી રહી છે

બૃહદ્ મુંબઈમાં આવા શુભ ઉદ્દેશ્યથી ચાલતા મંડળોમાં શ્રી પાટણ જૈન મંડળનું નામ પ્રથમ હરોળમાં આવે છે. તેની પ્રવૃત્તિ એટલી વ્યાપક છે કે તે ક્યાં ક્ષેત્રે પ્રવૃત્ત નથી એ જ પ્રશ્ન થાય છે. જેમ તેની પ્રવૃત્તિનું તેમ પ્રગતિનું. પાંચ વર્ષથી શરૂ થયેલ પાટણ કો. ઓપ. બેન્ક એ તેનું જ્વલંત ઉદાહરણ છે. તાજેતરમાં આ બેન્કના ડીરેક્ટર્સની ચૂંટણી થઇ છે; અને બેન્કના પ્રમુખ-સ્થાને જાણીતા ઉદ્યોગપતિ શ્રી પ્રતાપભાઈ ભોગીલાલની અને ઉપ-પ્રમુખપદે શ્રી જે. પી. શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

### પ્રતિષ્ઠા મહોત્સવ

શિવગંજ (રાજસ્થાન)માં સ્વ. આ. શ્રી વિજયજિનેન્દ્ર-સૂરિજી મ. ના સમાધિસ્થળે નવનિર્મિત મંદિરમાં, ઉપરના ગર્ભગૃહમાં શ્રી આદિનાથ, શ્રી પુંડરિક સ્વામી, શ્રી ગૌતમ-સ્વામી અને યક્ષ-યક્ષિણીની મૂર્તિની તથા મૂળ ગર્ભગૃહમાં પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસુરિજી મ. ની મૂર્તિની પ્રતિષ્ઠા, તેમના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયપદ્મસૂરિજી મ. ની નિશ્રામાં અપુર્વ ઠાઠ અને ઉલ્લાસથી સમ્પન્ન થઈ છે.

ગાંધીધામ (કચ્છ)માં નવનિર્મિત શિખરબંધી જિનાલયમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથાદિ જિનબિમ્બોની અંજનશલાકા-પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ. ની નિશ્રામાં ભવ્ય મહોત્સવપૂર્વક સુસમ્પન્ન થઇ છે.

નાનીખાખર (કચ્છ)માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિના-લયની પ્રતિષ્ઠાનો શતાબ્દી મહોત્સવ શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય પૂ. મુનિશ્રી ભુવનચંદ્રજી મ., પુ. મુનિશ્રી મનોજ્ઞચંદ્રજી મ. આદિની નિશ્રામાં ૧૧ દિવસની વૈવિધ્યભરી અનુપમ ઉજવણી-પુર્વક ઉજવવામાં આવેલ.

## જરૂરી સુધારો

'જૈન' પત્રના ગત તા. ૧૨-૬-૮૭ના અંક : ૧૩/૧૪માં પેજ ૧૧ ઉપર શ્રી પરમાર ક્ષત્રિય જૈન સેવા સમાજ – પાવાગઢની 'લાભ લેવા માટેની વિવિધ યોજનાઓ' પ્રગટ થઇ છે, તેમાં નીચેની વિગતે સુધારો સમજવા, કરવા નમ્ર વિનંતી છે.

(૧) ભોજનશાળા ઉપર નામ આપવાનાં તેમ જ અતિથિ-ગૃહના ઉપર નામ આપવાનાં આદેશ બાકી નથી, પણ અપાઇ ગયા છે.

(૨) સંસ્થાના ટ્રસ્ટી મંડળની વિગતમાં પ્રમુખ તરીકે શ્રી બાપુલાલ રતિલાલ ભણસાલી અને નં. ૭ ઉપર ટ્રસ્ટી તરીકે શ્રી વાડીલાલ છગનલાલ શાહ વડોદરા છપાયેલ છે, જેઓ સદ્‌ગત હોય તેઓના સ્થાને અનુક્રમે હાલ પ્રમુખપદે શ્રી વિનુભાઇ ચીમનલાલ શાહ (મુંબઇ) અને ટ્રસ્ટી તરીકે શ્રી ચંદ્રકાન્તભાઈ ડી. ભણસાલી (મુંબઇ) હોવાની નોંધ લેવા વિનંતી છે.

### બૃહદ્ જૈન જગત

* આચાર્યશ્રી તુલસી અમૃત મહોત્સવ સમિતિ દ્વારા અણુવ્રત ઈન્ટરનેશનલ(મુંબઇ)ના સહયોગથી ભુતપુર્વ વડાપ્રધાન શ્રી મોરારજી-ભાઈ દેસાઇને રૂા. એક લાખનો અહિંસા પુરસ્કાર, મુંબઇ ખાતે બીરલા માતુશ્રી સભાગારમાં એક સમારંભ યોજી, રાષ્ટ્રપતિશ્રી ઝૈલસિંઘના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવ્યો છે

* ઈન્દોર ખાતે નવલખા સ્થિત વિસર્જન આશ્રમમાં 'શ્રી રાજે-શ્વરી રશ્મિકાંત ગાડીઁ ઝુલાગૃહ'નું ઉદ્‌ઘાટન અ. સૌ. સુરેખાબહેને દીપ પ્રગટાવી કર્યું. આ સમારોહ પ્રસંગે મહામના શ્રી દીપચંદભાઇ ગાર્ડીને 'પ્રાણીમિત્ર' પદથી અલંકૃત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

* ભારતવર્ષીય દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટીના અધ્યક્ષ-પદેથી અગ્રણી આગેવાન અને ઉદ્યોગપતિ સાહુ શ્રેયાંસપ્રસાદજી જૈન સ્વાસ્થ્યના કારણે નિવૃત્ત થતાં, ગત માર્ચના દેહરા તિજારા (રાજસ્થાન) ખાતે યોજાએલ વાર્ષિક અધિવેશનમાં જાણીતા ઉદ્યોગ-પતિ અને અગ્રણી સાહૂ અશોકકુમાર જૈનની અધ્યક્ષપદે વરણી કરવામા આવી છે.

* ઈન્દોર પાસે આવેલા દિગમ્બર જૈન તીર્થ-બાવનગજા સિદ્ધક્ષેત્રમાં આવેલા ૧૦૦૦ વર્ષથી વધુ પ્રાચીન, દેશભરમાં સૌથી મોટી ૮૪ ફૂટની, કાયોત્સર્ગ મુદ્રામાં, શ્રી આદિનાથ ભ. ની પ્રતિમાજી જીર્ણ થઇ જતાં, તેનો રૂા. ૧૫ લાખમાં જીર્ણોદ્ધાર કરી સને ૧૯૮૮ માં મહામસ્તાભિષેક કરવામાં આવનાર છે.

* અહિંસા ઈન્ટરનેશનલ-દિલ્લી દ્વારા સને ૧૯૮૧ થી શરૂ થયેલ 'અહિંસા ઈન્ટરનેશનલ ડિપ્ટીમલ જૈન સ્મૃતિ પુરસ્કાર' આ વર્ષે પણ એક વિદ્વાન લેખકને તેમની હિન્દી યા અંગ્રેજીમાં લખેલ શાંતિ, અહિંસા, શાકાહાર કે કોઇ પણ જૈન વિદ્યા વિષયક પુસ્તકને રૂા. ૧૧ હજારનો આ વર્ષના છેલ્લા મહિનામાં અપાશે. આ અંગેની વિશેષ જાણકારી નીચેના સરનામેથી મળશે.

અહિંસા ઈન્ટરનેશનલ, ૬૮૮, બાબા ખડકસિંહ માર્ગ, નવી દિલ્લી-૧૧૦૦૦૧

* સમગ્ર જૈન ફિરકાના પૂ. સાધુ-સાધ્વીજીઓના આગામી ચાતુ-ર્માસની યાદી/સુચી અગાઉની જેમ પ્રગટ કરવામાં આવનાર છે. સમ્પર્ક સ્થળ :- શ્રી બાબૂલાલ જૈન, ૧૦૫-તિરૂપતે એપાર્ટમેન્ટ, આકુર્લી ક્રોસ રોડ નં-૧, કાંદિવલી (ઈસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૧.

વિનિત : સુખલાલ કોઠારી-અધ્યક્ષ, મુન્નાલાલ લોઢા 'મનન'-મહામંત્રી
બાબુલાલ જૈન-સંયોજક

### યાત્રિક ભુવનનું ઉદ્‌ઘાટન

શ્રી શંખેશ્વર જૈન ભોજનશાળા દ્વારા યાત્રિકોને જમાડવાની વ્યવસ્થા, પ્રતિદિન સેંકડો યાત્રિકો થવા છતાં, ઘણી જ સંતોષપ્રદ અને અનુમોદનીય રહી છે, એટલું જ નહીં યાત્રિકોને રહેવ /ઉતરવા માટેની વ્યવસ્થા પણ હાથ ધરવા સાથે તેનો વિસ્તાર પણ કરવામાં આવી રહ્યો છે. ચાલુ વર્ષના આરંભમાં જ ભોજનશાળા દ્વારા 'પાલનપુર નિવાસી શ્રીમતિ તારાબેન મોહનલાલ ચુનીલાલ ભણસાલી યાત્રિક ભુવન' શ્રી જયંતિલાલ મોહનલાલ ભણશાલીના શુભ હસ્તે ખુલ્લુ મુકાતા યાત્રિકો માટે નવી ૫૫ રૂમોની સુવિધા ઉપલબ્ધ બની છે.

Reg. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364 001 (Gujarat)
Tele. C/o. 29919 R. C/o. 28857

# જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૩૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/-
જાહેરાતના પેજના : રૂા. ૫૦૦/-
અર્ધા પેજના : રૂા ૩૦૦/-

તંત્રી : સ્વ. શેઠ ગુલાબચંદ દેવચંદ
: તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

'જૈન'
વર્ષ : ૮૪
અંક : ૧૯/૨૦/૨૧

વીર સં. ૨૫૧૩ : વિ.સં. ૨૦૪૩ શ્રાવણ વદ-૧૨
૨૧ ઓગસ્ટ, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

## ☼ લાખેણો અવસર

દિવસ ઉગે ને પાપનાં કામ શરૂ કરીએ છીએ. રાત પડે ને પાપના વિચાર કરતા પથારીમાં પડીએ છીએ-જાણે માથા નીચેનું ઓશીકું જ કાનમાં પાપની વાતો સંભળાવ્યા કરે છે!

અને ફરી પાછા વહાણું વાતાં ઊઠીએ એટલે રાતના એ પાપિયા વિચારો આપણા તન-મનનો કબજો લઇ બેસે છે; અને આપણે ન કરવા જેવાં કામો કરવામાં એવા પરોવાઈ જઇએ છીએ કે જાણે આપણે માનવી અને પશુ વચ્ચેનો ભેદ જ ભૂલી જઇએ છીએ અને ક્યારેક તો, માનવતાને વિસારે પાડીને, પશુઓને પણ સારાં કહેવરાવે એવાં અકાર્ય કરવામાં રાચીએ છીએ!

આવા વખતે તો એમ જ માનવાનું મન થાય છે કે માનવ જેવું ભયંકર, ઘાતકી અને ઝનૂની બીજું કોઈ પ્રાણી નહીં હોય! સાર માણસાઈ વગરના માનવદેહધારીએ કેવાં કેવાં યુદ્ધો આદર્યાં છે, દુનિયામાં કેટકેટલી તારાજી સર્જી છે અને કેટકેટલાં પર-પશુઓનો સંહાર કર્યો છે! દાનવ બનેલા માનવની ક્રૂરતા અને સંહારલીલાને જાણે કોઇ અવધિ જ નથી રહેતી!

રાગ-દ્વેષની પરિણતિ આપણને કેટલું બધું ભાન ભૂલાવી દે છે!

ક્રોધ માનવીને દાવાનળ જેવો બિહામણો બનાવી મૂકે છે. માનની મદિરા માનવીનું સર્વનાશ નોતરે છે. માયાજાળ માનવીને કારમા છળ-પ્રપંચની ઊંડી ખાઈમાં નાખી દે છે. અને લોભ? લોભ માનવીને એક-બે નહીં પણ અઢારે પાપસ્થાનોનો રસિયો બનાવી દે છે!

અને આ બધું ઓછું હોય એમ, ઇંદ્રિયોના ભોગો ભોગવવાની વાસના કે કામનાનો ગુલામ બનેલો માનવી અધોગતિને આવકાર આપે એવાં કેવાં કેવાં નઠારાં કામ કરે છે!

આમ, રાગ-દ્વેષ, કષાયો અને વાસનાઓના બંધનમાં ફસાઇ ગયેલો માનવી, માનવતાનો રાહ ભૂલીને, પાપનાં પોટલાં બાંધે છે અને સર્વશ્રેષ્ઠ ગણાતા માનવજન્મના સારને ગુમાવી બેસે છે.

પાપ કોનાથી નથી થતું? ભૂલ કોનાથી નથી થઇ જતી? દોષ કોનાથી નથી સેવાઇ જતો?

પણ, આવા દોષભર્યા પ્રસંગે પણ જે, અંતરને કઠણ બની જતું રોકીને, કૂણું રાખે છે અને પાપનો પશ્ચાત્તાપ કરીને, એનું પ્રાયશ્ચિત લેવાની તત્પરતા દાખવીને, પાપથી પાછા હઠવાનો-પ્રતિક્રમણ કરવાનો સત્પ્રયત્ન કરે છે, એના પાપનો ભાર હળવો થાય છે અને ક્રમે ક્રમે એ પુણ્યના, ધર્મના અને મોક્ષના માર્ગનો પ્રવાસી બનીને આત્મકલ્યાણનો અધિકારી બને છે.

આવો સત્પ્રયત્ન આદરવાની પ્રેરણા આપતા શ્રી પર્યુષણા મહાપર્વનો લાખેણો અવસર-એ લાખેણા અવસરનું ઉલ્લાસથી સ્વાગત કરીએ અને બને તેટલી વધુ ધર્મકરણી કરીને આત્માને નિર્મળ કરવા પ્રયત્નશીલ બનીએ.

## ક્ષમાપના....

સંવત્સરી-પર્વને અંતે ક્ષમાપનાના ગીતમાં અમે પણ અમારો સૂર ઉમેરીએ છીએ, ગત વર્ષોમાં જાણ્યે-અજાણ્યે જો કોઇનું દિલ દુભાયું હોય, અજ્ઞાન, પ્રમાદ, સ્વાર્થ કે કષાયના કોઇ યોગે કરીને અમારાથી મર્યાદાનું ઉલ્લંઘન થયું હોય, ઈરાદો કે આશય ન હોવા છતાં અમારી વાણી લખાણથી મન દુઃખ થયું હોય તો નિર્મળભાવે અમે ક્ષમા યાચીએ છીએ.

- * અમો કોઇ પૂજ્ય ગુરુદેવશ્રીના લેખ-સમાચાર કે મતને સ્થાન ના આપી શક્યા હોઇએ,
- * અમો શ્રી સંઘો, સંસ્થાઓની પ્રવૃત્તિ-પ્રગતિની નોંધ ના લઇ શક્યા હોઇએ,
- * અમારા વાચક-ગ્રાહક ધર્મપ્રેમી બંધુશ્રીને અનિયમિત પ્રકાશનને કારણે બરાબર અંકો આપી શક્યા નથી તેથી તેઓશ્રીને,
- * અમારા કાર્યમાં સહયોગી સર્વે શુભેચ્છકો-સ્નેહીઓને

'મિચ્છામી દુક્કડમ્'...



## મુમુક્ષુ....

卐 આખા જગતને સમભાવથી જુવે...

卐 તે કોઈને પ્રિય અને કોઈને અપ્રિય ન કહે...

卐 કોઈ મારે તો ક્રોધ ન કરે...

卐 કોઈ કડવા વેણ કહે તો ગુસ્સે ન થાય...

卐 બધા પરિષહોને સમભાવથી સહે અને...

卐 કોઈ પ્રકારનો કોલાહલ ન કરે...

એવા મુમુક્ષુઓને કોટી કોટી વંદના....

અનેક શુભેચ્છાઓ સહ....

# મેસર્સ અરવિંદ પનાલાલ

હવેલી બિલ્ડીંગ, ફતાસાની પોળ,

**અમદાવાદ** ૩૮૦૦૦૧

ઇન્ડેન્ટીંગ એજન્ટ :

"અતુલ પ્રોડક્ટસ લિમિટેડ"

ગ્રામ : "ARJUN" ફોન : ૩૮૪ ૯૫



# ક્ષમા : એક દિવ્ય ઔષધિ

મુનિશ્રી ભુવનચંદ્રજી

**ક્ષમાનું હથિયાર જેના હાથમાં હોય તેને દુર્જન શું કરી શકશે?**
**ઘાસનું તણખલું ય ન હોય એવી જમીન પર આગ સ્વયં શાંત થઇ જશે.**

—સંસ્કૃત સુભાષિત

કોઇકે આપણને કડવા શબ્દો કહ્યાં, ત્રાસ આપ્યો કે આપણું કામ બગાડ્યું. આપણે દુઃખ અનુભવ્યું, આપણે કો ને આકરાં વેણ કહ્યાં, અપમાન કર્યું કે કોઇની આડે આવ્યા, આપણે એને દુઃખ પહોંચાડ્યું, વાત અહીં પૂરી થતી નથી. દુઃખની રેખા અંતરમાં કોતરાઇ જાય છે. દુઃખ આપનાર વ્યક્તિ પ્રત્યે દ્વેષ અને રોષ ઘૂંટાત રમે છે. એ પીડા કદાચ જીવનભર ચાલતી રહેશે.

દુઃખ આપનાર દુશ્મન ઠરે છે, બદલો લેવાના પેંતરા રચાતા રહે છે, દુઃખની સંતાપની વૃદ્ધિ થતી રહે છે, વાત અહી પણ ક્યાં પૂરી થાય છે? દ્વેષ-રોષના પાણી પીને વૈરનો વેલો ફાલે ફુલે છે. તેના પર સર્વનાશનાં ફળ બેસે ં, એના બીજમાંથી ફરી નવાં વૈર, સંઘર્ષો જાગે છે; આ શૃંખલા જન્માંતરો સુધી ચાલ્યા કરે છે.

વૈરી આપણને એકવાર પીડા આપે છે. એની પ્રત્યે દ્વેષ રોષ જગાડતા રહીને આપણે સતત્ બળતા રહીએ છી એ મૂર્ખાઈ માટે દુશ્મનને દોષ દેવાય તેમ નથી. દેહ પર ઘા લાગે ત્યારે મલમ ચોપડીએ; તેમ દિલન ઘાવને રૂઝવવાનો એક ઉપાય ઝટ કરીએ એમાં જ શાણપણ નથી શું?

દિલ ા ઘા રૂઝવતી દિવ્ય ઔષધિ છે-ક્ષમા. તમારા હૃદયને કોઈ ચોટ લગાવે ત્યારે એ વ્યક્તિની ખબર લેવાને બદલે ઝટ તમારા દિલની સંભાળ લો, ક્ષમાનો મલમ ઝટ લગાવો.

દુષ્ટ વર્તનની સામે દુષ્ટતાનો પ્રત્યાઘાત આપવા કરતાં માફ કરી દેવાનો પ્રતિભાવ આપવામાં તમે કંઇ ગુમાવતાં નથી; પરંતુ ઘણું મેળવો છો. ક્ષમા દુષ્ટતાને ઓગાળી દેશે ને કદાચ દુશ્મનનાં જ તમને દિલોજાન દોસ્ત મળી આવશે.

અન્ ના નાના-મોટા દોષોને જરા ય ન ખમી શકનારા અસહિષ્ણુ લોકો ખરેખર જુઓ તો દયાપાત્ર હોય છે. ધુંધું સગડીની જેમ ધખતુ રહે એ જેવી તેવી પીડા છે? બીજાની દરેક કસુર પર પસ્તાળ પાડનારો માણસ પોતાને ઉગરવાના પૂલને પોતાના હાથે તોડી પાડે છે. ક્યારેક એની પોતાની કસૂર થશે, ત્યારે લોકો એને માફ નહિ કરે. અંતસ્તાપના અભિશાપથી મુક્ત રહેવું હોય તો નક્કી કરી લો,

☐ સહિષ્ણુ બનીશું. ☐ બીજાની ભૂલને ભૂલી જતા શિખીશું. ☐ દુષ્ટતાની સામે સૌજન્ય જ દાખવીશું.

# આત્મશુદ્ધિનું મહાન પર્વ પર્યુષણા

**પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ**

મહામંગલકારી પર્યુષણા પર્વ સકળ પર્વોમાં શિરોમણિ તુલ્ય છે. કેમકે-શરીરના પોષણ માટે આમોદ-પ્રમોદની જેટલી જરૂર છે તેટલી જ જરૂર મનની અપૂર્વ શાંતિ માટે સદ્વિચારોના ભવ્ય વાતાવરણની છે.

માણસના વિચારો સારા ખોટા વાતાવરણના દબાણથી ઘટ્ટ થઇ નક્કર સ્વરૂપ પકડે છે.

આજના યુગમાં માનવીએ રોકેટ અને સ્પુટનિક જેવા સાધનોનો આવિષ્કાર કરીને પોતાની ભૌતિક લાલસાએ એને આશા-તૃષ્ણાના કલ્પના-તરંગોથી પોતાની આસપાસ એવું વાતાવરણ સર્જી દીધું છે કે જાણે-અજાણ્યે પણ વિકૃત વિચારો અને મલિન ભાવનાઓનો પ્રવાહ જીવનને ઉન્માર્ગે ખેંચી જાય! તે છતાં તેની ગંભીરતા કબૂલાતી નથી!

આ છે આજે તથાકથિત પ્રગતિવાદી યુગના માનવીની કરૂણ કહાણી!

તેથી પર્યુષણા પર્વ એમ સૂચવે છે કે—

'વિચારોની ભૂમિકાએ 'હું અને મ્હારૂં'ની ભાવનાનું જોર ઘટ્યું કે સુખ અને શાંતિ માનવીના પગ ચાટતી આવે, વગર-કહે જગતની સમૃદ્ધિ દાસી થઇને રહેવા તત્પર બને."

પર્વાધિરાજની મંગળ આરાધનાથી એવી ઉદાત્ત પરિસ્થિતિ સર્જાય છે કે જેના બળે માનવી વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં જવા રૂપનો ઉર્ધ્વમુખ વિકાસ સફળ રીતે સાધી શકે છે.

અહં મમની ભાવના માનવીના વિચારોને દૂષિત કરે છે, પરિણામે સ્વાર્થની મર્યાદાઓ ઉભી થાય છે. તેમાં રૂંધાઇ જતી માનવીની શક્તિઓ વિકૃત બની હિંસા, જુઠ, ચોરી આદિ દૂષિત વ્યવહારની ગંદકી ઉપજાવે છે. તેથી પર્યુષણા પર્વ આન્તરિક શુદ્ધિના મહત્ત્વને સમજાવે છે.

**શ્રી મુજપુર ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા**
મુજપુર તા. સમી : જી. મહેસાણા (ગુજરાત સ્ટેટ)
( રજી. નં. ઇ-૫૪૭ મહેસાણા ૫-૩-૫૩ )
**શાહ રતીલાલ મોહનલાલ-પ્રમુખ**
**મુજપુર** તા. સમી જી. મહેસાણા
ટેલીફોન નંબર ૧૨૪ હારીજ ( એક્ષ. )

## ✡ અહિંસા પરમો ધર્મ ✡

**દુષ્કાળમાં અબોલ પ્રાણીઓને બચાવવાનો ધર્મ અદાવવા ૧૦૧ વર્ષ જુની, અનુભવી સંસ્થાના કાર્યવાહકોને સહયોગી થવા નમ્ર વિનંતી.**

વિ. વિ. સાથ જણાવવાનું કે અહિં ઉપર મુજબ નામની પાંજરાપોળ સંસ્થા આવેલી છે. આ સંસ્થા ૧૦૧ વર્ષ ઉપરની છે, મુજપુર ગામ સમી તાલુકાનું એક મોટું ગામ છે. અને આજુબાજુના ગામો જેમાં શંખેશ્વર, ઓલેશ, ખંડીયા, કરસનપુરા રૂની, પાડલા, ધનોરા, દાંતીસણા, મંકોડીયા, કુંવારદ, મનવરપુરા, એદ્રમાણા, જેસડા, ઇસ્લામપુરા, લોહેશ્વર, રણોદ, પાલીપુર, ખાખબડી વિગેરે ગામોના જાનવરો આવે છે. આ સંસ્થાને તાલુકાના દરેક ગામોની પંચાયતોમાં પકડાયેલા જાનવરોને લઈ લેવા પડે છે. તેમજ ખેડુતો તરફથી આવતા અશક્ત જાનવરોને સ્વીકારી લેવા પડે છે. જો આ રીતે ન લેવામાં આવે તો પંચાયત દ્વારા સરકારી નિયમ મુજબ આ જાનવરોને હરાજ કરવામાં આવે છે. અને આ રીતના હરાજ થયેલા જાનવરો આડા રસ્તે જવાનો ભય રહે છે અને તેથી કરીને આ સંસ્થાને ખર્ચનું પ્રમાણ ઘણું જ રહે છે. મુજપુર ગામની વસ્તી આશરે ત્રણ હજારની છે. અને લગભગ ઘણા જ કુટુંબો સાધારણ સ્થિતિના છે. આ વિભાગ ઉત્તર ગુજરાતનો ઘણો જ પછાત વિભાગ છે. એટલે સંસ્થાની આવક ઘણી જ મર્યાદિત છે, તો આપશ્રીને આ પત્ર દ્વારા આગ્રહ ભરી વિનંતી કરવામાં આવે છે કે, આપ આપનાથી બનતી મદદ આ સંસ્થાને કરી સંસ્થાના મુંગા પ્રાણીઓના આશિર્વાદ મેળવશો, તેવી આ સંસ્થા આપની પાસે આશા રાખે છે, એ જ કામ સેવાં ફરમાવશો.

તા. ક. : અહિંથી શંખેશ્વર તીર્થ ૬ માઇલ પર આવેલ છે.

બેંક :-
બેંક ઓફ બરોડા હારીજ
સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, હારીજ
દેના બેંક, હારીજ

લી. આપનો વિશ્વાસુ,
**શાહ રતીલાલ મોહનલાલ**
પ્રમુખ
શ્રી મુજપર ખોડાઢોર
પાંજરાપોળ સંસ્થા

તા. ક. : અમારી પાસે વીડ (જમીન) કે મુડી નથી તેમજ આવકનું કોઈપણ સાધન નથી.

ટ્રસ્ટ રજી. નં. ઈ-૨૨૦ સ્થાપના : વિ. સં. ૧૯૦૫
**સંસ્થાને અપાતું દાન ૮૦જીને પાત્ર છે**

## શ્રી ખાખરેચી પાંજરાપોળ

**શ્રી જીવદયા પ્રતિપાળ મહાનુભાવ,**

વિનંતિ સાથ જણાવવાનું કે શ્રી ખાખરેચી પાંજરાપોળ સંસ્થા માળીયા ( મીંયાણા ) તાલુકાના કચ્છ પ્રદેશના કચ્છ વાગડના નાના રણના કાંઠાના સુકા પ્રદેશમાં આવેલી છે અને આજુબાજુના આશરે વીસ ગામોની પાંજરાપોળની જરૂરીયાત પુરી પાડે છે.

અમારૂં ખાખરેચી ગામ આશરે ૪૦૦૦ માણસોની વસ્તીવાળું છે તેમાં જૈનોના આશરે સામાન્ય સ્થિતિના નાના વહેપારીઓના વીસ ઘર છે, જેની વસ્તી આશરે ૧૦૦ માણસોની છે.

હાલમાં અમારા વિસ્તારમાં દુષ્કાળ જેવી પરિસ્થિતી છે. સંસ્થામાં આશરે ૮૦૦ ઢોર આશ્રય લઇ રહ્યા છે અને ઢોરોની આવક ચાલુ છે.

સંસ્થાને ચાલુ ખર્ચ અત્યારે દરરોજનું આશરે રૂા. ૪૦૦૦/- (ચાર હજાર) ઉપરાંત લાગે છે. અમારી પાસે કોઈ મોટું ફંડ, મોટી આવક કે ઘાસચારાની સગવડતા નથી. સંસ્થા પાસે ૧૦૦ ઢોર સાચવવાની જગ્યાની સગવડતા છે. વધારે ઢોરો સાચવવા માટે વાડા બાંધી વ્યવસ્થા કરવી પડે છે. બહારગામની પાંજરાપોળોમાં પણ ઢોરોનો મોટો ભરાવો હોઇ અમારા ઢોરો સંભાળવાની મંજુરી આપતાં નથી. જેથી અમારે વધારાની વ્યવસ્થા કરવી પડે છે. આ વિકટ સંજોગોમાં ખર્ચ માટે અમો કોઇ રીતે પહોંચી શકીએ તેમ નથી. અમો જો ઢોરો ન સંભાળીએ તો સીધા કતલખાને જાય છે એટલે અમારે ઢોરો સંભાળવા પડે છે આવા વિકટ સમયમાં અમારા માટે મોટું ધર્મ સંકટ ઉભુ થયેલ છે.

અમારી ઉપરોક્ત પરિસ્થિતી ધ્યાનમાં લઇ અમારી સંસ્થા માટે આપનાથી બની શકે તેટલી મદદ કે ઘાસચારો મોકલવા કૃપા કરશોજી.

લિ. **શ્રી ખાખરેચી પાંજરાપોળ ટ્રસ્ટી મંડળ**

ખાખરેચી નાણા ભરવાનું સ્થળ :-

(૧) શ્રી ખાખરેચી પાંજરાપોળ
વાયા : મોરબી P. O. ખાખરેચી ૩૬૩ ૩૦
તાલુકો : માળીયા મીંયાણા; ( જીલ્લો : રાજકોટ )

(૨) મેસર્સ એસ. દેવશી એન્ડ કું.
૨૫૨/૫૬ બોરા ઇમામ રોડ,
નળ બજાર, મુંબઇ ૪૦૦ ૦૦૩

(૩) મેસર્સ 'સોનલ' કોહીનુર મીલ રીટેલ શોપ,
અરવિંદવિલા કમ્પાઉન્ડ, રેલ્વે સ્ટેશન સામે,
ઘાટકોપર [વેસ્ટ] મુંબઇ ૪૦૦ ૦૮૬

(૪) સંઘવી સ્ટોર,
ડો. ડીસીલ્વા રોડ, દાદર, મુંબઈ ૪૦૦ ૦૨૮



# ભાવમંગળ

[ જૈન સમાજના જૈન ધર્મના મર્મને સરળ અને સહજ ભાષાના સત્યતાની સિંહ ગર્જના નિડરપણે કરનાર સૌરાષ્ટ્ર કેસરી પ. પૂ. આ. શ્રી **વિજયભુવનરત્નસૂરીશ્વરજી** મ.ની અનેકવિધ સાહિત્યની કૃતિમાંથી વર્તમાન જૈન સંઘને ઉપયોગી અને પ્રેરણારૂપ બને તેવી લેખનસામગ્રી તેમના વિનયી શિષ્યરત્ન **ગણિવર્યશ્રી યશોવિજયજી** દ્વારા અહીં પ્રસ્તુત છે. ]

આ વિશ્વમાં ધર્મ એ જ ઉત્કૃષ્ટ ભાવમંગળ છે. મંગળના બે પ્રકાર છે. દ્રવ્યમંગળ અને ભાવમંગળ. તેમાં પૂર્ણ કુંભ, દહીં, દૂર્વા વનસ્પતિ વગેરે દ્રવ્યમંગળના પ્રકારના છે. બહારગામ જનાર સારા શુકન જોઇને નીકળે છે તે પણ દ્રવ્યમંગળ છે. નસીબ ઉપર વિશ્વાસ ન હોવાથી ઘણા તો સારા શુકનની અગાઉથી ગોઠવણ કરે છે. એ તો દ્રવ્યમંગળમાં પણ ન ગણાય, એકલા દ્રવ્યમંગળની સિદ્ધિ પ્રાપ્ત થાય કે ન પણ થાય, જ્યારે ધર્મરૂપી ભાવમંગળથી નિયમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ઘણા મનુષ્યો દ્રવ્યમંગળ કરીને અર્થોપાર્જન કરવાં પરદેશ જતા હોય છે, પણ પુણ્યોદય વિના એક કોડી પણ મળતી નથી.

શાલિભદ્ર તરીકેના ભવમાં શાલીભદ્રે ધન ઉપાર્જન કરવા માટે લેશ પણ પુરૂષાર્થ કર્યો ન હતો, છતાં તેમને ત્યાં દરરોજ દેવલોકમાંથી નવાણું પેટી નીચે ઊતરતી હતી. તેઓ પરભવમાં દાનધર્મરૂપી ભાવમંગળ કરીને આવેલા હતા. દાન, શિયળ, તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકાર છે. એ ચારે ચાર પ્રકાર પરમ મંગલરૂપ છે. તેમાં આ કાળના મનુષ્યો કદાચ તપ ઓછું કરી શકે પણ સુપાત્રે દાન આપી શકે છે. દાનથી દરિદ્રય નાશ પામે છે. દાનથી દુશ્મન મિત્ર બની જાય છે. દાન એ મોટામાં મોટું વરદાન છે, શેરીમાં રહેતા નબળી સ્થિતિનાં કુટુંબોનુ સુખી ગૃહસ્થોને ત્યાં લિસ્ટ હોવું જોઇએ અને તેવાં કુટુંબોમાં સુખી ગૃહસ્થોએ જમણા હાથથી કરેલા દાનની ડાબા હાથને પણ ખબર ન પડે તે તે રીતે ગુપ્તદાનની ગંગા વહેવડાવવી જોઇએ. પણ આજે તો આત્મધર્મની વાત સાંભળનારા માનવધર્મ કે પાડોશીધર્મ પણ આચરતાં નથી. તેઓ આત્મધર્મ ક્યાંથી પામવાના છે? કેવળ અવગુણને ઢાંકવા મોટે ભાગે મનુષ્યો ધર્મ આચરતા હોય છે અવગુણને કાઢવા ધર્મ આચરનારા વિરલા છે. જેઓનું મન સદા ધર્મમાં લીન છે તેઓને દેવો પણ નમન કરે છે.

પ્રાણી માત્ર મંગળને ઇચ્છે છે પણ ઉપર વર્ણવી ગયા તેમ મંગળના સ્વરૂપને ઘણા જાણતા નથી. અહંતા અને મમતાને ગાળી નાંખે તેને 'મંગળ' કહેવામાં આવે છે. અહંતા એ જ દરેકના અમંગળનું કારણ છે. રાવણ જેવાનું પણ અહંતાને લીધે અમંગળ થયું. રાવણને રામે માર્યો એમ જે કહેવાય છે તે તો ઉપચારથી કહેવાય છે. બાકી રાવણને ખરી રીતે કામે અને માને માર્યો છે.

'શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર'માં મહાવીર ભગવંતે ફરમાવ્યું છે કે, કર્મથી જ ક્ષત્રિય થવાય છે, અને કર્મથી જ બ્રાહ્મણ થવાય છે. વૈશ્ય અને ક્ષૂદ્ર પણ કર્મથી થવાય છે. માનવીનાં કર્મ હલકાં હોય તો કુળથી ભલે જૈન કહેવાય પણ કર્મથી ચંડાળ કહેવાય છે. કુળચંડાળ કરતાંયે કર્મચંડાળ ભયંકર છે

નીતિ અને ન્યાયથી વાણિજ્ય કરે તેને 'વૈશ્ય' કહેવામાં આવે છે. વેપારમાં નીતિ હોય તો જ તે વેપાર છે, બાકી ધોળા દિવસની લૂંટ કહેવાય. રાતના લૂટે તેને પહોંચાય પણ આંખમાં ધૂળ નાંખીને ધોળે દિવસે લૂંટ ચલાવે તેને કેમ પહોંચાય? માટે શાસ્ત્ર કહે છે કે, ગૃહસ્થને ત્યાં ન્યાયસંપન્નવૈભવ હોવું જોઇએ. ધર્મનાં અનુષ્ઠાન કરનારાઓમાં જો નીતિ અને ન્યાય ન હોય તો સમજવું કે તેઓએ શરીરના ઉપરના ભાગમાં કિમતી અલંકાર પહેર્યા છે, પણ નીચે સાવ નાગા છે, તે શોભાસ્પદ ન જ કહેવાય.

આજે માનવી બધું જીરવી શકે છે, પણ કરેલું સુકૃત જીરવી શકતો નથી. પ્રશંસાથી કરેલું સુકૃત ઓકાઈ જાય છે, કિમતી વસ્તુઓ ગુપ્ત રાખવામાં આવે છે. તેમ સુકૃત પણ કિમતી હોવાથી હૃદયના ગુપ્ત ભાગમાં સાચવી રાખવું જોઇએ. તેના બદલે માનવી જ્યાં ત્યાં પ્રશંસાથી ઓકી નાંખે છે. દાન, શિયળ, તપ વગેરે ધર્મનાં અનુષ્ઠાનોનું તાત્ત્વિક ફળ ચિત્તની પ્રસન્નતા (નિર્મળતા) છે, પણ પ્રશંસા એ તાત્ત્વિક ફળ નથી. માટે પ્રશંસાની ભૂખ ન રાખતાં ચિત્તની સાચી પ્રસન્નતા સૌ પ્રાપ્ત કરો, જેથી આત્મા ભાવમંગળને પ્રાપ્ત કરે. સૌ ભાવમંગળને પામો, એ જ મહેચ્છા.



# પ્રકાશ ફોટોગ્રાફર્સ

તમને જોઇ અમારી શ્રદ્ધા અને ઉમળકો વધે છે અને તેને....અમે ફેલાવીએ છીએ....ફોરવીએ છીએ..

## રંગીન ચિત્રમય ઇતિહાસ એટલે આજની અદ્યતન તસવીર કલા ! !

અંજનશલાકા–પ્રતિષ્ઠા, દિક્ષા, ઉપધાન કે માસક્ષમણાદિની-તપશ્ચર્યાઓ, અનુષ્ઠાનો, વરઘોડા, પૂજનાદિના મહોત્સવો વગેરે ધાર્મિક પ્રસંગોમા ભાવવાહી રંગીન ફોટાઓ માટે લખો.... બોલાવો....

**પ્રભાવનાઓ** માટે દરેક સાઇઝમાં તીર્થંકર પરમાત્માના તથા દેવ–દેવીઓના રંગીન ફોટાઓ મોટી સંખ્યામાં મળી શકશે.

## પ્લાસ્ટીક તથા પ્લાઇવુડ લેમીનેશનનો રાજા....

## ફોટાઓ સ્ટીકરના સ્પેશ્યાલીસ્ટ

જૂના ફોટાઓ ઉપરથી નવા ફોટાઓ કોઈપણ સાઇઝમાં બનાવી આપવાની ખાત્રી અને વિશ્વાસ.

લખો યા રૂબરૂ સંપર્ક સાધો :

## પ્રકાશ ગુણવંતરાય શાહ

૨/૧, બિજલ એપાર્ટમેન્ટ, માર્વે રોડ, લીંક રોડ, મલાડ ( વેસ્ટ ) : મુંબઇ–૪૦૦ ૦૬૪

## ક્ષમાપનાનું રહસ્ય

તમારી ભૂલોનું સરવૈયું બનાવ્યું, ક્ષમા માંગી, બાહ્ય દૃષ્ટિએ જીવે અનેકવાર ક્ષમાનો વ્યવહાર કર્યો છે, એ વ્યવહાર દૃષ્ટિએ પૂરતો બરાબર છે પણ ખરી ક્ષમાનું સ્વરૂપ આંતર્દૃષ્ટિ પ્રગટ્યા બાદ સમજાય છે જેટલી સમજ, દૃષ્ટિની વિશાળતા એટલા અંશે ક્ષમાપનાનું રહસ્ય સમજાય છે.

## મંગલ ભાવના

શ્રી સંવત્સરી પ્રતિક્રમણ કરી, પાપની પરંપરાને તોડી દિલથી સ્વચ્છ બની, મનને નિર્મલ બનાવીને સર્વ કોઈને મિચ્છામી દુક્કડમ્ પૂર્વક ક્ષમાપના કરી જીવનને સરિતાના જળ જેવું સ્વચ્છ કરી આત્મ કલ્યાણના મંગલ પંથે હું અને આપ પ્રયાણ કરીએ એવી શુભેચ્છા સાથે....

## મેસર્સ હિરાલાલ રાયચંદ એન્ડ કું.

ચાહના વેપારી

૧૫, નવી બારદાન ગલી, મુંબઇ–૪૦૦ ૦૦૩

## મેસર્સ કેસરીયા એન્ડ કું.

ચાહના જથ્થાબંધ વેપારી

૧૯, અગરતલા સ્ટ્રીટ, કલકત્તા–૭૦૦ ૦૦૧

**नमस्कार गुरुदेवको,** जय जय सत महान
कितने करुणा चित्तसे, दिया धरमका दान
पथ भूला दिग्भ्रम हुआ, रहा हृदय अकुलाय
**धन्य धन्य गुरुदेवजी,** सत् पथ दिया बताय
सत्गुरुकी सगत **मिलो,** मिला सत्य का सार
**जीवन सफल बना दिया,** हलका हो गया भार
**यदि सत्गुरु मिलते नहीं,** धरम गंग के तीर
तो बस गगा पूजता, कभी न पीता नीर
केवल होती धरमकी, चर्चा तक बखान
मानुष जनम यूँ बीतता, बिन चाखे निर्वाण.
आज नमन दिवस है, अंतर भरी उमग
श्रद्धा और कृतज्ञता, विमल भक्ति का रंग.
रोम रोम कृतज्ञ हुआ, ऋण न चुकाया जाय;
जन जन बाँटुँ धरम रस, यही अेक उपाय.
जन्म जन्म के दुःख मिटे, जन जन मंगल होय:
मिटे सभी की ग्रंथियाँ, सब का मंगल होय.

## ESDEE PAINTS PVT. LTD.

: Manufacturers of :

CELLOCOAT, SYNCOAT, STOVCOAT &
SUPERNAMEL, SPEEDNAMEL, THINNERS

: Regd. & H. O. :

203, Navketan, Chembur,
BOMBAY–400 071

Tele. : 5517982, 5519687 Gram : 'CELLOCOAT'



# સંયમશ્રુત પૂજ્ય પંન્યાસશ્રી
# ધર્મવિજયજી મ. ડહેલાવાળા
## શ્રમણ-શ્રમણી સમુદાયની ચાતુર્માસ યાદી



જૈન તપાગચ્છની વિજય શાખામાં સંવિગ્નપક્ષી પાટપરંપરાના પંન્યાસશ્રી સત્યવિજયજી મહારાજની પાટપરંપરાએ પૂજ્ય પંન્યાસશ્રી ધર્મવિજયજી મહારાજ થરાના નગરશેઠ મયાચંદ મંગળજીના પ્રથમ પુત્ર હતા. સં. ૧૯૩૩ પોષ વદિ ૧૪ના રોજ તેમનો જન્મ થયો. માતાનું નામ મીરાંતબાઈ, તેમનું સંસારી નામ ધરમચંદ. તેર વરસની ઉંમરે પિતાનું અવસાન થયું. સ્વભાવના મસ્ત ધરમચંદે આર્ય સુબોધ નાટક કંપનીમાં દોઢેક વર્ષ રહીને મુંબઈ, પૂના વગેરે નાટકો ભજવ્યા માતાએ સં. ૧૯૪૯ માં પુત્રને પરણાવ્યો. બે વરસ ધંધામાં રહ્યા. ૧૯૫૧ માં પુજ્યશ્રી મોહનવિજયજી મહારાજનો રાંધનપુરમાં પરિચય થયો. સં. ૧૯૫૨ અષાડ સુદ તેરસના રોજ પાલીતાણામાં દીક્ષા લીધી.

પુજ્યશ્રીનું વિહારક્ષેત્ર મુખ્યત્વે ગુજરાત-સૌરાષ્ટ્ર. સં. ૧૯૫૬ માં પોતાના ગુરુદેવ કાળધર્મ પામ્યા. સં. ૧૯૬૨ માં અમદાવાદના સંઘે ડહેલાના ઉપાશ્રયે પૂજ્યશ્રીને પંન્યાસ પદવી આપી. સં. ૧૯૭૫-૭૬માં અમદાવાદના સંઘે પુજ્યશ્રીને આચાર્ય પદવીનો સ્વીકાર કરવા સાગ્રહ વિનંતી કરી. પુજ્યશ્રીએ દૃઢતાથી કહ્યું : 'પુજ્ય પંન્યાસશ્રી સત્યવિજયજી મહારાજથી મોટામાં મોટી પંન્યાસ પદવી આપણે ત્યાં લેવાઇ છે, એથી આગળ આપણામાં કોઇએ પદવી નથી લીધી; અને હુ પણ નહિ લઉં.'

સં. ૧૯૮૮ માં તબિયત ગંભીર થઈ. હિંસક એલોપથી દવા લેવાનો ઇન્કાર કર્યો. સં. ૧૯૯૦ ના અમદાવાદમાં યોજાયેલ સાધુ સંમેલનમાં અસ્વસ્થ તબિયતે પણ સક્રિય ભાગ લીધો, સંમેલન ૩૩ દિવસે પુરુ થયું, અને તેના છેલ્લા દિવસની સાંજે સં. ૧૯૯૦ ચૈત્ર વદ ૭ ના પાંચ ને પાંચ મિનિટે પુજ્યશ્રીએ નવકારના પવિત્ર સ્મરણ સાથે ચિરવિદાય લીધી. ૫ હજાર સાધુ-સાધ્વી ભગવંતોએ અને સકલ સંઘે એક સાથે ત્યારે દેવવંદન કર્યું હતું. આ પાટે વર્તમાનમાં ગચ્છાધિપતિ તરીકે પરમ પુજ્ય આચાર્યશ્રી વિજયરામસુરીશ્વરજી મહારાજ બીરાજે છે. અને તેમાં આચાર્યો ૬, ગણીવર્ય -૧, સાધુ ૩૮ તથા સાધ્વીઓ પ્રાયઃ ૧૮૩નો વિશાળ સમુદાય રહેલ છે.

પુ. આ. શ્રી વિજયરામસુરીશ્વરજી મ. ૬
ડહેલાનો ઉપાશ્રય, દોશીવાડાની પોળ
કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

પુ આ. શ્રી વિજયઅશોકચંદ્રસુરિજી મ. ૩
ચિ. પાર્શ્વનાથ દેરાસર, રાજસ્થાન હોલ
આરે રો. ગોરેગાંવ(વેસ્ટ), મુંબઇ-૬૨

પુ. આ. શ્રી વિજયભદ્રસેનસુરિજી મ. ૨
મણીનગર રેલ્વે સ્ટેશન સામે,
પોસ્ટ ઓફિસની બાજુમાં, અમદાવાદ-૮

પુ. આ. શ્રી વિજયમહાનંદસુરિજી મ. ૩
ભવાનીશંકર રોડ, કબુતરખાના-
પાસે, દાદર, મુંબઇ-૨૮

પુ આ. શ્રી વિ. અભયદેવસુરિજી મ. ૪
ઝવેરી પાર્ક, વેધશાળા પાછળ,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ, અમદાવાદ-૧૩

પુ. આ. શ્રી વિ. યશોભદ્રસુરિજી મ. ૫
૧૮૬, રાજા રામમોહનરાય રોડ.
પ્રાર્થના સમાજ, મુંબઇ-૪

પુ. ગણિશ્રી વિમલવિજયજી મ. ૫
વિમલાચલગિરિ ઉપાશ્રય, ગિરિરાજ-
સોસાયટી, ચ. મો. સ્કુલ પાછળ
તલેટી રોડ, પાલીતાણા

પુ. મુનિશ્રી બલભદ્રવિજયજી મ. ૨
(જિ. વલસાડ) બીલીમોરા-૩૯૬૧૦૫

પુ. મુનિશ્રી કીર્તિરાજવિજયજી મ. ૩
તપાગચ્છ ઉપાશ્રય, હનુમાન શેરી,
ગઠામણ દરવાજા અંદર
(બનાસકાંઠા) પાલનપુર-૩૮૫૦૦૧

પુ. મુનિશ્રી રાજચંદ્રવિજયજી મ, આદિ
વીતરાગ સોસાયટી, પી. ડી. ઠક્કર-
કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૭

પુ. મુનિશ્રી કાંતિવિજયજી મ. ૨
પાટણવાલા ચાલ, ૭૭ મરીન ડ્રાઇવ,
એફ રોડ, મુંબઇ-૨૦

પુ. મુનિશ્રી યતીન્દ્રવિજયજી મ. આદિ
નઈ આબાદી (મ પ્ર.) મન્દસૌર

પુ. મુનિશ્રી કરુણાનંદવિ. મુંબઇ
પુ. મુનિશ્રી પુષ્પરાજવિ. આદિ
જિ. જાલોર (રાજસ્થાન) વાંકડિયા વડગામ

### પૂજ્ય સાધ્વીજી સમુદાય

સાધ્વીશ્રી રમણીકશ્રીજી ૨
કસુંબાવાડ, દોશીવાડાની પોળ,
કાળુપુર, અમદાવાદ-૧

સાધ્વીશ્રી પ્રીતિશ્રીજી આદિ
જુનો મહાજનવાડો
કટકીયાવાડ, અમદાવાદ-૧

સાધ્વીશ્રી વિચક્ષણાશ્રીજી ૧૨
પંચભાઈની પોળ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧

સા. પ્રવીણશ્રીજી આદિ અમદાવાદ-૧
મારીનો ઉપાશ્રય, દોશીવાડાની પોળ.

સાધ્વીશ્રી રત્નપ્રભાશ્રીજી ૭
જેઠાભાઇ ઉપાશ્રય, અંબાજીનું ચોકઠું
ધનાસુથારની પોળ, અમદાવાદ-૧

મહાપ્રભાવિક ૧૫૦૦ વર્ષના
પ્રાચીન ભાવન જિનાલય

## અજારી તીર્થની યાત્રાએ અવશ્ય પધારો

પિંડવાડા ( રાજસ્થાન ) સીરોહીરોડ સ્ટેશનેથી બે માઈલ આબુરોડ તરફ હાઈવે ઉપરથી ૧ માઈલ દુર અજારી તીર્થ સંપ્રતિ મહારાજાએ બંધાવેલું છે. ૧૪ મા સૈકામાં શેઠ ધરણાશાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલ હતો. પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને સરસ્વતી પ્રસન્ન થયા હતા. સરસ્વતી દેવીનું સુંદર મંદિર પણ છે. છેલ્લો જીર્ણોદ્ધાર સ્વર્ગસ્થ પૂ. આ. દેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સં. ૨૦૧૮થી ચાલુ કરાવી સં. ૨૦૨૭માં પૂ. આ. દેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા થઈ છે ધર્મશાળામાં રહેવાની સુંદર સગવડ છે. તો તીર્થમાં એકથી એક ચમત્કારી જિન બિંબો તથા મુળનાયક શ્રી મહાવીરસ્વામીના દર્શન કરી જીવન સફળ કરો.

તા. ક. ઘોડાગાડી, રીક્ષાની વ્યવસ્થા જવા માટે મળી રહેશે.

વ્યવસ્થાપક : શેઠ કલ્યાણજી સૌભાગ્યચંદ જૈન પેઢી, પીંડવાડા (રાજસ્થાન) સ્ટે. સીરોહીરોડ

## જીર્ણોદ્ધારમાં સહયોગ આપવા નમ્ર વિનંતિ

રાજસ્થાન (મેવાડ)માં ભીલવાડા જિલ્લાના 'રાજાજી કા કરેડા' ગામે આવેલા ૭૦૦ વર્ષના પ્રાચીન વિશાળ શિખરબંધી જિનમંદિરનો આતતાઈઓએ વિનાશ કરતાં, તેમાં પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ ભ. નં ૩૧×૨૯ ઈંચની ભવ્ય પ્રતિમાજી આજ અત્રેના ઉપાશ્રયમાં બિરાજમાન છે. તેની પ્રતિદિન સેવા–પૂજા થાય છે લાંબા સમય બાદ પુ. આ ભ. શ્રી કૈલાસસાગરસુરિજી મ. સા. ના પ્રશિષ્ય યુગદૃષ્ટા પુ. આ. ભ. શ્રી પદ્મસાગરસુરિજી મ. સા. ની કૃપાદૃષ્ટિથી અને પુ. આ. ભ. શ્રી વિજયભુવનભાનુસુરિજી મ. સા. ના શિષ્ય મેવાડ દેશોદ્ધારક પુ. પંન્યાસશ્રી જિતેન્દ્રવિજયજી મ. સા. ની પ્રબલ પ્રેરણાથી આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.

આથી પ. પુ. આચાર્યભગવંતાદિ મુનિમહારાજો, સાધ્વીજીઓ તેમ જ ટ્રસ્ટો, સંસ્થાઓના માનનીય ટ્રસ્ટીવર્યો અને દાનવીર મહાનુભવોને સાદર વિનંતિ છે કે આ પવિત્ર કાર્યમાં તન–મન–ધનથી સહયોગ અપાવી–આપી પુણ્યાનુબંધી પુન્ય ઉપાર્જન કરો. રકમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી "શ્રી શાંતિનાથ જૈન શ્વેતામ્બર મંદિર સેવા સમિતિ, પો. રાજાજી કા કરેડા–૩૧૧૮૦૪ (જિ. ભીલવાડા–રાજસ્થાન) એ નામે/સરનામે મોકલવા વિનંતિ છે.

નિવેદક : વૈદ્ય કાલૂલાલ જૈન–અધ્યક્ષ

## લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧ ગૂજરાતી હસ્તપ્રત સુચિ | કિં. રૂા. ૧૨૦–૦૦ | ૧૮ ડિક્ષનરી ઓફ પ્રાકૃત પ્રોપર નેમ્સ ભા. ૧/૨ | ૬૭–૦૦ |
| ૨ નેમિનાહચરિઉ ભા. ૧–૨ | ૧૦૦–૦૦ | ૧૯ સંધિ કાવ્ય–સમુચ્ચય | ૮–૦૦ |
| ૩ પ્રાકૃત જૈન કથાસાહિત્ય (હિન્દી) | ૨૦–૦૦ | ૨૦ પરમાર અભિલેખ | ૪૫–૦૦ |
| ૪ ન્યાયમંજરીગ્રંથિભંગ | ૫૦–૦૦ | ૨૧ સંક્ષિપ્ત તરંગવતી | ૩૦–૦૦ |
| ૫ જૈસલમેર હસ્તપ્રત સુચિ | ૫૦–૦૦ | ૨૨ જૈનદર્શન કા આદિકાળ | ૮–૦૦ |
| ૬ ગ[illegible]હારયણ કોસ | ૨૦–૦૦ | ૨૩ વોલ પેઈન્ટીંગ ઓફ રાજસ્થાન | ૬૬–૦૦ |
| ૭ શૃંગારમંજરી (કથા) | ૩૦–૦૦ | ૨૪ શીલોપદેશમાલા | ૧૦–૦૦ |
| ૮ વિલાસવઈકહા | ૪૦–૦૦ | ૨૫ સમ આસ્પેક્ટ ઓફ ઈન્ડીયન કલ્ચર | ૪૮–૦૦ |
| ૯ ન્યાયમંજરી (ગુજ. અનુ.) ભા. ૧–૨–૩ | ૫૭–૦૦ | ૨૬ ધી સેન્ટ્રલ ફીલોસોફી ઓફ જૈનીઝમ | ૧૬–૦૦ |
| ૧૦ હેમનામમાલાશિલોંછ | ૨૦–૦૦ | ૨૭ જ્ઞાન ચંદ્રોદય નાટક | ૮–૦૦ |
| ૧૧ ઋષિદત્તારાસ | ૧૬–૦૦ | ૨૮ જીવક ચિંતામણિ | ૫૪–૦૦ |
| ૧૨ પ્રદ્યુમ્નકુમાર ચઉપઈ | ૮–૦૦ | ૨૯ ક્રેસીટ ઓફ જૈન રીલીજીયસ નેસ | ૧૮–૦૦ |
| ૧૩ પ્રાચીન ગૂર્જર કાવ્યસંચય | ૧૬–૦૦ | ૩૦ મલ્લિકા મકરંદ નાટક | ૩૦–૦૦ |
| ૧૪ પ્રાકૃત સ્ટડીઝ | ૪૦–૦૦ | ૩૧ મનોરમાકહા | ૬૬–૦૦ |
| ૧૫ ટ્રે[illegible]ર્સ ઓફ જૈન ભંડાર | ૨૫૦–૦૦ | ૩૨ લીલાવતીસાર (સંસ્કૃત) | ૮૧–૦૦ |
| ૧૬ શ્રમણ ટ્રેડિશન રૂ.૨૦, ૧૭ અર્લી જૈનીઝમ | ૨૮–૦૦ | ૩૩ ભર્તૃહરિની વાક્યપ્રદીપ (ગુજ. અનુ.) | ૫૩–૫૦ |
| ૧૭ જૈન પ્રકરણ સંગ્રહ | ૨૦–૦૦ | | |

સરનામું : નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯

સાધ્વીશ્રી વિ ભાશ્રીજી ૬
શિલ્પાલય એપાર્ટમેન્ટ
વાસણા, અમદાવાદ–૭

સાધ્વીશ્રી પૂર્ણકલાશ્રીજી ૫

સાધ્વીશ્રી અનિલપ્રભાશ્રીજી ૩
ઓરડીનો ઉપા., શાંતિનાથની પોળ,
હાજાપટેલની પોળ, અમદાવાદ–૧

સાધ્વીશ્રી શીલગુણાશ્રીજી ૪
ભીમજીપુરા, તુલસીશ્યામ,
નવા વાડજ, અમદાવાદ–૧૩

સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી ૪
હીરાબેન પૌષધશાળા, કીર્તિ સોસાયટી,
વરસોડાની ચાલ, રામનગર,
સાબરમતી, અમદાવાદ–૫

સાધ્વીશ્રી પુર્ણમાલાશ્રીજી ૩
વખત માનચંદની ખડકી,
દોશીવાડાની પોળ, અમદાવાદ–૧

સાધ્વીશ્રી કીર્તિપુર્ણાશ્રીજી ૩
આયંબિલ શાળા, વાઘણપોળ,
ઝવેરીવાડ, અમદાવાદ–૧

સાધ્વીશ્રી સુપ્રભાશ્રીજી ૬
મંગળ પારેખનો ખાંચો, કમળદાસની
પોળ, શાહપુર, અમદાવાદ–૧

સાધ્વીશ્રી રત્નલતાશ્રીજી આદિ
દેરા શેરી, ઢળીયાની પોળ
સારંગપુર, અમદાવાદ–૧

સાધ્વીશ્રી નિર્મલાશ્રીજી ૨

સાધ્વીશ્રી અનિલપ્રભાશ્રીજી ૨
મહેન્દ્રશ્રીજી આરાધના ભવન
અરિહંત સોસાયટી, ગીતાંજલી નગર
ડી. કેબીન, સાબરમતી, અમદાવાદ–૧૯

સાધ્વીશ્રી રત્નગુણાશ્રીજી ૪
ઝવેરી પાર્ક નારણપુરા રેલ્વે ક્રોસીંગ,
વેધશાળા પાછળ, અમદાવાદ–૧૩

સાધ્વીશ્રી વસંતશ્રીજી ૪
શેખનો પાડો, રીલીફ રોડ, અમદાવાદ–૧

સાધ્વીશ્રી સદ્‌ગુણાશ્રીજી ૧૦
દેવસાનો પાડો,
રીલીફ રોડ, અમદાવાદ–૧

સા. વિમલશ્રીજી આદિ
જુનો મહાજન વાડો, મેડા પર,
કટકીયાવાડ, અમદાવાદ–૧

સાધ્વીશ્રી જ્યોતિપૂર્ણાશ્રીજી આદિ
ગોડવાડ, જૈન ઉપાશ્રય, પુનીસીટી

સાધ્વીશ્રી લલિતાશ્રીજી આદિ
કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ–૧

સાધ્વીશ્રી સુવ્રતપ્રભાશ્રીજી ૨
ગુજરાત સોસાયટી
પાલડી, અમદાવાદ–૭

સાધ્વીશ્રી કીર્તિપ્રભાશ્રીજી ૪
જીતેકર વાડી સામે, ઠાકુરદ્વાર રોડ,
કાલબાદેવી, મુંબઈ–૨

સાધ્વીશ્રી પદ્મપ્રભાશ્રીજી ૫
૮૬, જવાહરનગર, રોડ નં. ૪
ગોરેગાંવ(વેસ્ટ), મુંબઇ–૬૨

સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજી ૪
શ્રી રામસુરિજી જૈન જ્ઞાનમંદિર
સ્ટેશન રોડ, પો. ભાયંદર(વેસ્ટ)
જિ. થાણા (મહારાષ્ટ્ર)

સાધ્વીશ્રી કુસુમપ્રભાશ્રીજી ૨
વાયા : જવાઈબાંધ
(રાજસ્થાન) શીવગંજ–૩૦૭૦૨૭

સાધ્વીશ્રી ધર્મપ્રભાશ્રીજી આદિ
જિ. પાલી (રાજસ્થાન) મુ બેડા

સાધ્વીશ્રી કલ્પકલાશ્રીજી ૨
જિ. સિરોહી (રાજસ્થાન) પાડીવ

સાધ્વીશ્રી મૃગલોચનાશ્રીજી ૧૦
આદિનાથ સોસાયટી જૈન ઉપાશ્રય
સતારા રોડ. પુના–૪૧૧૦૩૭

સાધ્વીશ્રી કંચનશ્રીજી ૫
વાયા : ભાભર (બ. કાંઠા) કુવાળા

સાધ્વીશ્રી મંજુલાશ્રીજી ૬
સ્ટે. ફાલના (રાજસ્થાન) પાવરલી

સાધ્વીશ્રી વિમલાશ્રીજી આદિ
અજિતનાથજી ધર્મશાળા,
માલદાસ સ્ટ્રીટ (રાજસ્થાન) ઉદયપુર

સાધ્વીશ્રી ચંદ્રકલાશ્રીજી ૪
નઈ આબાદી (એમ.પી.) મંદસોર

સાધ્વીશ્રી પ્રસન્નપ્રભાશ્રીજી ૭
ગોડીજી જૈન શ્રાવિકા ઉપાશ્રય
(રાજસ્થાન) ઉદયપુર

સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી ૯
વાયા : સુરત, કતારગામ–૩૯૫૦૦૪

સાધ્વીશ્રી સંયમપુર્ણાશ્રીજી ૮
સીમંધરસ્વામીનો ઉપાશ્રય, નાણાવટ
તાલાવાળાની પોળ, મેન રોડ, સુરત

સાધ્વીશ્રી રત્નપ્રભાશ્રીજી આદિ
વાણીયાવાડ (જિ. મહેસાણા) માણસા

સાધ્વીશ્રી ચારિત્રપુર્ણાશ્રીજી ૧૧
ગિરિરાજ સોસાયટી, પ્લોટ નં. ૨૩
ચ. મો. સ્કુલ પાછળ, પાલીતાણા

સા. પ્રભંજનાશ્રી આદિ જામનગર
ચાંદીબજાર, લાલબાગ સામે, મોટો ઉપાશ્રય.

સાધ્વીશ્રી જયંતીશ્રીજી ૬
લુણાવા મંગલ ભવન–ધર્મશાળા
તલાટી રોડ, પાલીતાણા

સાધ્વીશ્રી ભદ્રપુર્ણાશ્રીજી ૨
(રાજસ્થાન) મંડવારીયા–૩૦૭૮૦૧

સાધ્વીશ્રી ચન્દ્રપુર્ણાશ્રીજી ૨
(સૌરાષ્ટ્ર) વીંછીયા–૩૬૦૦૫૫

સાધ્વીશ્રી ભદ્રપુર્ણાશ્રીજી આદિ
(મધ્યપ્રદેશ) વિક્રમનગર

સાધ્વીશ્રી હેમપ્રભાશ્રીજી ૨
સ્ટે. રાની (રાજ.) નાડોલ–૩૦૬૬૦૩


## મોટા પોશીનાજી તીર્થની યાત્રાએ પધારો !

શ્રી મોટા પોશીનાજી તીર્થમાં ચાર ભવ્ય શિખરબંધી મંદિરો તથા બે શિખરબંધી દેરીઓ છે બધો વિસ્તાર એકજ કમ્પાઉન્ડમાં આવેલ છે, તેથી આ વિસ્તાર ભવ્ય શત્રુંજયની ટુંક જેવો છે.

આ તીર્થમાં પધારનાર યાત્રાળુ ભાઇઓ માટે ઉત્તમ ધર્મશાળા, પથારીઓ તથા ઉત્તમ જમવા માટે ભોજનની તેમજ ઊકાળેલા પાણીની સુંદર સગવડ છે, તો અવશ્ય લાભ લેવા વિનંતી છે. અત્રે આવવા માટે અમદાવાદ ગીતામંદિરથી, પાલનપુરથી તથા ખેડબ્રહ્માથી સીધી એસ. ટી. બસો તેમજ મારવાડથી આવવા માટે વાયા આબુરોડથી સગવડ પણ મળે છે.

શ્રી મોટા પોશીનાજી જૈન સંઘ
મુ. પોસ્ટ–મોટા પોશીનાજી

લિ. શ્રી મોટા પોશીનાજી જૈન સંઘના ટ્રસ્ટીઓ
તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા, પીન–૩૮૩૨૨૩

## લાંબુ હોય કે ટૂંકું

જીવન ટૂંકું છે. છતાં મધુરતાથી સભર હોવું જરૂરી છે. જીવન જીવવાની કળા જેમણે પ્રાપ્ત કરી છે તેઓનું જીવનપુષ્પ સુગંધમય હોય છે. જીવનની કળા જેમની પાસે નથી તેનું જીવન લાંબુ હોય તો પણ તેનાથી શું? ઊંચા ઊંચા તાડને કોઈ યાદ નથી કરતું પણ જીવનના જ દોરત અને જમીન ઉપર જ આધાર રાખનાર તરબૂચની વેલને સૌ યાદ કરે છે. કારણ? કાયા કરતા કુલીનતા વધારે શ્રેષ્ટ કાળ કરતા કાર્ય મહાન છે. જીવન કરતા જીવનસૌરભ વધારે શ્રેષ્ઠ છે. તેમ મહાપુરૂષનું જીવન લાંબુ હોય કે ટૂંકું તે કોઈ જોતા નથી, પણ તેમના કાર્યોની યાદ ગુણોની સુવાસ ચિરંજીવ હોય છે. મહાન આત્માઓના ગુણોની ઈમારત મૈત્રીભાવના પવિત્ર પાયા પર ચણાયેલી હોય છે....

જિજ્ઞાસુએ પૂછ્યું :

'હે ભગવંત! સાધુતા અને વેષ વચ્ચે કોઇ સંબંધ છે ખરો?'

ભગવાન શ્રી મહાવીરે કહ્યું :

'હે આયુષ્યમાન્! સાધુતા અને વેષ વચ્ચે કોઈપણ સંબંધ નથી, એમ કહેવું યોગ્ય નથી. વેષ તો વ્યક્તિની આંતરીક ભાવનાનું પ્રતિબિંબ છે. જેના મનમાં નિસ્પૃહતાની સાથોસાથ કષ્ટ–સહિષ્ણુતા વધે છે તે સાધુ બની જાય છે. આ સાધુતા તેના અંતર–તમનું પ્રતિબિંબ છે.'

જિજ્ઞાસુએ પુનઃ પૂછ્યુ : 'હે ભગવંત! કેટલાંક લોકો તો નિઃસ્પૃહતા અને કષ્ટ સહિષ્ણુતા કેળવ્યા વિના જ સાધુ બની જાય છે. આવા સાધુને શું સાધુ કહી શકાય?'

ભગવાને કહ્યું : જેઓ સાધુતા અને વેષનો મૌલિક સંબંધ જાણે છે તેઓ તેમને સાધુ નથી કહેતા. હે વત્સ! તું આ વાતને આ રીતે સમજ :–

કેટલાંક વેષ છોડતા નથી, સાધુતા છોડી દે છે
કેટલાંક સાધુતા નથી છોડતા, વેષને છોડી દે છે
કેટલાંક ન સાધુતા છોડે છે, ન વેષ છોડે છે
કેટલાંક સાધુતા ય છોડે છે અને વેષ પણ

[ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે ]


**સાકરીયા સીલ્ક કેન્દ્ર**

હેન્ડલુમ અને પાવરલુમ
પ્યોર સીલ્ક સાડીના
ઉત્પાદક અને વિક્રેતા

૧૪૯/૧૫૦, પેલા માળે,
એવન્યુ રોડ,
બેંગલોર–૫૬૦ ૦૦૨

: ફોન :
દુકાન : ૨૨ ૮૫ ૧૪
ઘર : ૭૩૪૩૮

**છેડા જ્વેલરી માર્ટ**

૪૦/૪૨ ધનજી સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦ ૦૦૩

૩૨૧૯૯૫—૩૩૮૫૩૦



# તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્યભગવંતશ્રી
# વિજયનીતિસૂરીશ્વરજી મ.
## શ્રમણ-શ્રમણી સમુદાયની ચાતુર્માસ યાદી



સાદગી, સરળતા અને સમતાની મૂર્તિ એવા પૂજ્ય આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી મહારાજને વીસમી સદીના એક તીર્થોદ્ધારક આચાર્ય તરીકે આપણે હંમેશા સંભારતા રહીશું. જરૂર કરતાં પણ ઓછું બોલવું અને વધુ બોલવા કરતાં થોડુંક પણ કામ કરીને રાજી થવું એ એમનો ખાસ ગુણ હતો.

વિ. સં. ૧૯૩૦ માં વાંકાનેરમાં એમનો જન્મ થયો હતો. પિતાનું નામ ફુલચંદભાઈ. માતાનું નામ ચોથીબાઈ, જ્ઞાતિ વીસાશ્રીમાળી. નામ નિહાલચંદ. યૌવનને ઉંમરે ડગ ધરતી વયમાં જ એમનું અંતર ત્યાગ-વૈરાગ્યની ભાવનાથી રંગાઈ ગયું; અને ૧૯ વર્ષની વયે, મેરવાડામાં, વિ. સં. ૧૯૪૯માં પૂજ્ય પંન્યાસશ્રી ભાવવિજયજી ગણિ પાસે તેઓએ દીક્ષા ગ્રહણ કરી. વિ. સં. ૧૯૭૬માં અમદાવાદમાં તેઓને આચાર્યપદ આપવામાં આવ્યું.

તેઓશ્રીના ઉપદેશથી ગિરનાર અને ચિત્તોડગઢ ઉપરના પ્રાચીન જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. તેઓશ્રીની પ્રેરણાથી અનેક જિનમંદિરો, પાઠશાળાઓ અને વિદ્યાલયની સ્થાપના થઈ હતી.

અનેક આત્માઓને દીક્ષા આપીને, ૪૮ વર્ષ લગી નિર્મળ સંયમની આરાધના કરીને આ ભદ્રપરિણામી આચાર્ય મહારાજ, વિ. સં. ૧૯૯૭માં, ૬૭ વર્ષની વયે, મેવાડમાં એકલિંગજીમાં કાળધર્મ પામ્યા. તેમની પાટે વર્તમાનમાં પરમ-પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઅરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ ગચ્છાધિપતિ તરીકે બીરાજે છે; અને આ સમુદાયમાં આચાર્યો ૮, પન્યાસ ૧, સાધુ ૪૬ તથા સાધ્વીમહારાજો આશરે ૩૧૮ વિચરી રહેલ છે.

પુ. આ. શ્રી વિ. અરિહંતસિદ્ધસુરિજી મ. ૩
લુહારની પોળ, મદનગોપાળની હવેલી રોડ
માણેક ચોક, અમદાવાદ-૧

પુ. આ. શ્રી વિજયભાનુચંદ્રસુરિજી મ.,
પુ. પં શ્રી સુબોધવિજયજી મ. ૩
ભાનુપ્રભા જૈન સેનીટોરીયમ,
માદલપુર, રેલ્વે બ્રીજ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ-૬

પુ. આ. શ્રી વિજયપદ્મસુરિજી મ. ૪
વાયા : સિરોહી (રાજ.) કૃષ્ણગંજ (મેડા)

પુ. આ. શ્રી વિજયહેમપ્રભસુરિજી મ.,
મુનિશ્રી અનંતભદ્રવિજયજી મ.,
મુનિશ્રી મહેન્દ્રપ્રભવિજયજી મ.,
મુનિશ્રી લલિતપ્રભવિજયજી મ.,
મુનિશ્રી જયપ્રભવિજયજી મ.,
મુનિશ્રી મુક્તિનિલયવિજયજી મ.,
મુનિશ્રી આત્માનંદવિજયજી મ.,
મુનિશ્રી અર્હમ્પ્રભવિજયજી મ. ૮
પીપલીવાલ ધર્મશાળા, રોહીડાવાલીવાસ,
સ્ટે. જવાઈબાન્ધ, શિવગંજ
(રાજસ્થાન ૩૦૭૦૨૭

મુનિશ્રી અમૃતવિજયજી મ. ૨
તપાગચ્છ જૈન ઉપાશ્રય, શામળાની પોળ
રાયપુર, અમદાવાદ-૧

મુનિશ્રી રૈવતવિજયજી મ. ૨
સાગરનો ઉપાશ્રય, કુંભારીયા પાડો, ઘીમટો
(ઉ. ગુ.) પાટણ-૩૮૪૨૬૫

મુનિશ્રી સુશીલવિજયજી મ. ૩
ઘોઘાવાળી ધર્મશાળા, પાલીતાણા

મુનિશ્રી તેજપ્રભવિજયજી મ. ૨
સૌભાગ્ય પાર્શ્વનાથ જૈન શ્વે. તીર્થ
સી રોડ, સરદારપુરા (રાજસ્થાન) જોધપુર

મુનિશ્રી રાજતિલકવિજયજી ૩
તપાગચ્છ જૈન ઉપાશ્રય, ગુજરાતી-
કટરા (રાજસ્થાન) પાલી-૩૦૬૪૦૧

મુનિશ્રી હંસવિજયજી મ. ૩
હસ્તી-મોહન શ્રમણ સેવાસદન
સાંડેરાવ ધર્મશાળાની પાછળ, પાલીતાણા

મુનિશ્રી અનંતજિનવિજયજી મ. ૨
જિ. જાલોર (રાજ.) ગુડા-બાલોતરા

મુનિશ્રી સુપ્રભવિજયજી મ. આદિ
ગિરિવિહાર, તળેટી, પાલીતાણા

મુનિશ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ
પો. વીરવાડા મુ. બ્રાહ્મણવાડા તીર્થ
જી. સિરોહી (રાજસ્થાન)

મુનિશ્રી લલિતવિજયજી મ. આદિ
સ્ટે. જવાઈબંધ (રાજ.) સુમેરપુર

મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ. આદિ
જિ. પાલી (રાજ.) રાની સ્ટેશન

મુનિશ્રી પ્રમોદવિજયજી મ. આદિ
સુધર્માસ્વામી વિદ્યાપીઠ, પો. માનપુર
સ્ટે. આબુરોડ (રાજસ્થાન)

મુનિશ્રી પ્રવીણવિજયજી મ. ૨
નાકોડાજી તીર્થ, પો. મેવાનગર
જિ. બાડમેર (રાજસ્થાન)

મુનિશ્રી વીરવિજયજી મ. આદિ
વાયા : ભીનમાલ, જિ. જાલોર
(રાજસ્થાન) નાસોલી-૩૪૩૦૨૯

મુનિશ્રી વિમલવિજયજી મ. ૩
મરૂધરીય જૈન સંઘ, બેડાવાળા હોલ
વિનય એપાર્ટમેન્ટ, ફર્ગ્યુસન રોડ,
લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩

### પૂજ્ય સાધ્વીજી સમુદાય

સાધ્વીશ્રી રમણીકશ્રીજી ૫
બારીવાલી વાસ, શિવગંજ
સ્ટે. જવાઈબાન્ધ (રાજસ્થાન)

સાધ્વીશ્રી મણિશ્રીજી ૪
કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ-૧

સાધ્વીશ્રી સુનંદાશ્રીજી ૬
ઘાંચીની પોળ, માણેકચોક, અમદાવાદ-૧

સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી ૧૪
ઢનાસાનો પાડો, (ઉ. ગુ.) પાટણ
સાધ્વીશ્રી નિર્મળાશ્રીજી ૪
દેવચંદનગર, હાજીબાપુ રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭
સાધ્વીશ્રી પદ્મયશાશ્રીજી ૩
સુરજમલ જૈન ઉપાશ્રય,
ભાવસારયાનો ખાંચો, શામળાની પોળ
રાયપુર, અમદાવાદ-૧
મુ. શિવગંજ, સ્ટે. જવાઈબાંધ (રાજ.)
સા. મહિમાશ્રીજી ૩
તિલકશ્રીજીનો ઉપા., ખીસીયોંકા વાસ.
સા. રાજેન્દ્રશ્રીજી ૭
ડબ્બીનો ઉપા., પોરવાડ પેઢી પાસે.
સા. રૂપધરાશ્રીજી ૩
પોરવાડ જૈન પેઢી.
સા. લલિતપ્રભાશ્રીજી ૧૬
ડબ્બીનો ઉપાશ્રય, પોરવાડ પેઢી પાસે.
સા. જ્ઞાનલતાશ્રીજી ૬
હુકમીચંદનો ઉપાશ્રય, સાટીયાવાસ.
સા. પ્રિયંકરાશ્રીજી ૧૨
જૈન ઉપાશ્રય, રોહિડાવાલોં કી વાસ.
સા. ચંદ્રકલાશ્રીજી ૨
પાવાવાલી જૈન ધર્મશાળા.
સા. કીર્તિવર્ધનાશ્રીજી ૩
પોરવાડ જૈન પેઢી.
સા. નિર્મલતાશ્રીજી-૨ શીવગંજ
સાધ્વીશ્રી સુર્યોદયાશ્રીજી ૫
વાસુપુજ્ય દેરાસર, આગમ મંદિર
મુનિ લાભણ માર્ગ, સુરેન્દ્રનગર
સા. દમાશ્રીજી, સા. નિરૂપમાશ્રીજી ૭
સુરદાસ શેઠની પોળ,
માંડવીની પોળમાં, અમદાવાદ-૧
સા. મંજુલાશ્રીજી ૬
કુંથુનાથજી દેરાસર, ઍન્ડરૂઝ રોડ,
એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વે.) મુંબઈ-૫૪
સાધ્વીશ્રી કલ્પનાશ્રીજી ૭
મહાલક્ષ્મી માતાનો પાડો,
ત્રણ દરવાજા પાસે (ઉ. ગુજરાત) પાટણ
સાધ્વીશ્રી કલ્પપુર્ણાશ્રીજી ૩
આરાધના ભુવન, પાર્શ્વ સોપીંગ સેન્ટર
સોસાયટી - એફ/૩,
(અમદાવાદ થઈને) નરોડા-૩૮૨૩૨૫
સાધ્વીશ્રી દિવ્યપ્રભાશ્રીજી ૫
મહાવીર પેઢ મુ. પો. કરજત
(જિ. રાયગઢ) (મહારાષ્ટ્ર)

સાધ્વીશ્રી મનહરશ્રીજી ૪
નિવૃત્તિ નિવાસ, તળેટી પાસે, પાલીતાણા
સાધ્વીશ્રી જ્ઞાનશ્રીજી ૬
જિ. જાલોર (રાજસ્થાન) આહોર
સાધ્વીશ્રી સુલોચનાશ્રીજી ૩
„ પુર્ણભદ્રાશ્રીજી ૫
„ આત્મપ્રભાશ્રીજી ૭
સરકારી ઉપાશ્રય, ફતાસા પોળ,
ગાંધી રોડ, અમદાવાદ-૧
સાધ્વીશ્રી કિરણમાલાશ્રીજી ૪
રૂપા સુરચંદની પોળ,
માણેક ચોક, અમદાવાદ-૧
સાધ્વીશ્રી વારિષેણાશ્રીજી ૩
હરકીશનદાસ શેઠની પોળ
માંડવીની પોળ, અમદાવાદ-૧
સા. ચંદ્રપ્રભાશ્રી ઠા. ૪ પાટણ (ઉ. ગુ.)
સિદ્ધચક્રની પોળ, ખેતરવસીનો ઉપા.
સાધ્વીશ્રી મહાયશાશ્રીજી ૭
સાગરનો જૈન ઉપાશ્રય
માળી ફળીયા, ગોપીપુરા, સુરત
સાધ્વીશ્રી જયપ્રભાશ્રીજી ૪
ધનાજીનો ઉપાશ્રય, ઓશવાળનો મોડો,
ગોપીપુરા, સુરત
સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજી ૨
લીમડીનો પાડો (ઉ. ગુ.) પાટણ
સાધ્વીશ્રી ચંદ્રકલાશ્રીજી ૩
(જિ. બનાસકાંઠા) જુના ડીસા
સાધ્વીશ્રી સુનીલયશાશ્રીજી ૬
ખુલાખીદાસ પુંજીરામની જૈન વાડી,
(ઉત્તર ગુજરાત) મહેસાણા-૧
સાધ્વીશ્રી રત્નરેખાશ્રીજી ૪
વાયા-વીરમગામ પાટડી-૩૮૨૭૬૫
સાધ્વીશ્રી નલિનયશાશ્રીજી આદિ
(જિ. મહેસાણા) ખેરાળુ
સાધ્વીશ્રી ભાસ્વરયશ શ્રીજી ૫
(રાજસ્થાન) સોજતસીટી-૩૦૬૧૦૪
સાધ્વીશ્રી ચારૂયશાશ્રીજી ૪
(બિહાર) અજીમગંજ
સાધ્વીશ્રી તરૂણશ્રીજી ૩
અમારિ વિહાર, તળેટી રોડ, પાલીતાણા
સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી ૫
તખતગઢ મંગલ ભુવન-ધર્મશાળા
તળેટી પાસે, પાલીતાણા
સાધ્વીશ્રી અંજનાશ્રીજી ૩
સૌધર્મ નિવાસ, તળેટી રોડ, પાલીતાણા

સાધ્વીશ્રી સુર્યમાલાશ્રીજી ૧૬
સુપાર્શ્વનાથ તત્વજ્ઞાન પાઠશાળા,
જિ. પાલી (રાજ.) રાની સ્ટેશન
સાધ્વીશ્રી જયલતાશ્રીજી ૫
મેરલીધર સોસાયટીની પાછળ
ઓઢવ, દેરાસર પાસે, અમદાવાદ
સાધ્વીશ્રી સુલસાશ્રીજી ૫
સાંડેરાવ ભવન-ધર્મશાળા, પાલીતાણા
સાધ્વીશ્રી પ્રજ્ઞપ્તાશ્રીજી ૮
ચંદ્રલોક એપાર્ટમેન્ટ, પેલે માળે,
શાંતાવાડી, જયપ્રકાશ રોડ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ-૫૮
સાધ્વીશ્રી જયશીલાશ્રીજી ૩
નવરોજી ક્રોસ લેન
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬
સાધ્વીશ્રી શુભંકરાશ્રીજી ૯
દરબારગઢ પાસે (સૌરાષ્ટ્ર) મોરબી
સાધ્વીશ્રી આનંદશ્રીજી ૪
પુરાવાસ (રાજસ્થાન) જાલોર
સાધ્વીશ્રી ગુણપ્રભાશ્રીજી ૫
મહાવીરનગર સોસાયટી, દેરાસર પાસે,
(સાબરકાંઠા) હિંમતનગર-૩૮૩૦૦૧
સાધ્વીશ્રી સ્નેહલતાશ્રીજી ૩
તા. વડગામ (બનાસકાંઠા) પો. મેતા
સા. મદનપ્રભાશ્રીજી ઠા. ૫ પો. બેડા
સ્ટે. મોરી બેડા, જિ. પાલી, (રાજસ્થાન)
સાધ્વીશ્રી મંજુલાશ્રીજી ૩
ધોકા નિવાસ, મુ. રાની-૩૦૬૧૧૫
વાયા-રાની સ્ટેશન, જિ. પાલી (રાજસ્થાન)
સાધ્વીશ્રી કૈવલ્યરત્નાશ્રીજી ૨
સંઘવીનો પાડો, (ઉ. ગુ.) પાટણ
સાધ્વીશ્રી મોક્ષયશાશ્રીજી ૨
અમારિ વિહાર, તલેટી રોડ, પાલીતાણા
સા. અશોકકલ્પલતાશ્રીજી ૩
(રાજસ્થાન) ખુડ.બોલાતરા
સાધ્વીશ્રી મનોજિતાશ્રીજી ૨
પ્રકાશ ભુવન, તલેટીરોડ, પાલીતાણા
સા. સુનિતાશ્રીજી, સા. કૈલાસશ્રીજી ૨
ચિંતામણી શેરી (બનાસકાંઠા) રાધનપુર
સાધ્વીશ્રી સુવ્રતગુણાશ્રીજી ૨
ગઠામણ દરવાજા અંદર, જૈન ભોજનશાળા
પાસે (બનાસકાંઠા) પાલનપુર
સાધ્વીશ્રી સંજયશ્રીજી ૩
જિ. સિરોહી (રાજસ્થાન) કાલન્દ્રી
સા. ચંદ્રપ્રભાશ્રીજી આદિ તથા સા.
અરૂણપ્રભાશ્રીજી આદિ અમદાવાદ-૭
શત્રુંજય સોસાયટી, શાંતિવન પાસે, પાલડી

સા. દીપકશ્રીજી –૨ બાલી
વાવડીવાલી પાટી, સ્ટે. ફાલના (રાજ.)
સા. રૂપલતાશ્રીજી આદિ
ગિરિવિહાર, તલેટી પાસે, પાલીતાણા
સા. વિવ્યશ્રીજી ૨
ત્રિપુટી જૈન ધર્મશાળા,
સ્ટે. જવાઈબાંધ (રાજ.) તખતગઢ
સા. સ્નેહલતાશ્રીજી ૫
સ્ટે. જવાઈબંધ (રાજ.) સુમેરપુર

સાધ્વીશ્રી ભાગ્યલતાશ્રીજી ૮
વિદ્યાશાળા જૈન ઉપાશ્રય, તખતગઢ
સ્ટે. જવાઈબંધ (રાજસ્થાન)
સાધ્વીશ્રી સમ્યગ્ગુણાશ્રીજી ૩
ઉમેદ ભુવન–ઉપાશ્રય, વિસલપુર
સ્ટે. જવાઈબાંધ(રાજ.) ૩૦૬૧૨૬
સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી ૪
પોરવાડ ઉપાશ્રય, સિંધીવાસ,
(રાજસ્થાન) સિરોહી–૩૦૭૦૦૧

સાધ્વીશ્રી લલિતપ્રભાશ્રીજી ૨
(જિ. બનાસકાંઠા) રાજપુર(ડીસા)
સાધ્વીશ્રી વિમલપ્રભાશ્રીજી ૨
સ્ટે. ફાલના (રાજસ્થાન) મુન્ડારા
સા. લલિતાશ્રીજી ઠા. ૨ બાલી
કિતાબતો કા વાસ, સ્ટે. ફાલના (રાજ.)
સા. ચંદ્રયશાશ્રીજી–૨ શાહની વાડો
સાધ્વીશ્રી નયપ્રભાશ્રીજી ૨
ભાભાનો પાડો (ઉ.ગુ.) પાટણ


જીંદગીનો અણમોલ લ્હાવો લેવા અવશ્ય પધારો !

# શ્રી કચ્છ ભદ્રેશ્વર - વસહી તીર્થ

ભારતના ગુજરાત રાજ્યના કચ્છ વિભાગમાં મુન્દ્રા તાલુકાની સરહદ પર શ્રી ભદ્રેશ્વર નામનું ગામ આવેલું છે. આ સ્થળે ઐતિહાસિક, પરમ પ્રભાવક, સુપ્રસિદ્ધ અને પૂર્વકાલીન શ્રી વસહી જૈન તીર્થ આવેલું છે.

આ તીર્થનું અઢી લાખ ચોરસ ફુટ જેટલું વિશાળ ચોગાન છે. જિનાલયના મુળનાયક પદે ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુજી બિરાજે છે, એમની પરમ પ્રતિમાજી અદ્ભૂત અને નયન મનોહર છે.

ફરતાં સુંદર બાવન જિનાલય છે. પચ્ચીસમા જિનાલયમાં શ્રી શામળીયા પાર્શ્વનાથ પ્રભુની પરમ પાવની, સંસારતારીણી એવી પૂજ્ય કપિલ કેવળી મુનિ પ્રતિષ્ઠિત મંગળમૂર્તિ બિરાજે છે. જિનાલયમાં સપ્રમાણ રંગમંડપ, મુનિમંડપ, રાસમંડપ આવેલાં છે. આ તીર્થનું વાતાવરણ શાંત, આકર્ષક અને આહ્લાદક છે. સંસારના તાપ-સંતાપ અહીં સહેલાઈથી વિસરી જવાય છે. પ્રતિદિન બે મોટી પૂજાઓ ભણાવવામાં આવે છે અને રોજ રાત્રે ભાવના થાય છે.

## ✖ સગવડો ✖

આવનારા યાત્રાળુઓને સાત્વિક અને સ્વચ્છ ભોજન આપતું વિશાળ ભોજનાલય સુંદર રીતે ચાલે છે, એમાં યાત્રાળુઓને એક દિવસ વિના મૂલ્યે ભોજન આપવામાં આવે છે, અને એક મહિના પર્યંત પૈસા લઈને જમાડવાનો પ્રબંધ છે.

યાત્રાળુઓને અદ્યતન રૂમો, સ્વચ્છ ઓઢણાં-બિછાનાં અને જોઈતાં વાસણો મળે છે.

—: તીર્થ પર આવવાના રસ્તા :—

(૧) મુંબઈથી ટ્રેઈન રસ્તે કચ્છ–ગાંધીધામ, (૨) સૌરાષ્ટ્રમાંથી ટ્રેઈન અને બસ માર્ગે, (૩) ભારતના કોઈપણ પ્રાંતમાંથી મીટર ગેઇજ અને બ્રોડ ગેઇજ રેલ્વેથી ગાંધીધામ સ્ટેશનથી ૩૫ કી. મી. પર છે. (૪) ભુજથી મુંબઈ જવા માટે વિમાનની રોજીંદી સર્વીસ છે.

આવા મહામંગળકારી પવિત્ર અને દર્શનીય તીર્થની યાત્રાએ પધારી માનવજીવનનો અણમોલ લ્હાવો મેળવવા સાથે યાત્રા–દર્શન કરી જીવનને ધન્ય બનાવો.

શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ બોર્ડ વતી
શાહ ખુશાલભાઇ સાકરચંદ, પ્રમુખ, ભુજ (કચ્છ)

—: મેનેજીંગ ટ્રસ્ટીઓ :—
ઝુમખલાલ લક્ષ્મીચંદ મહેતા,
પ્રવિણચંદ નારાણજી દંડ,
ધરમશી દેવચંદ શાહ.

આ તીર્થમાં પધારવાથી અનુપમ આધ્યાત્મિક શાંતિનો અનુભવ થશે.

# શ્રી ઘેટીપાગે સિદ્ધાચલ શણગાર ટુંક

પરમપુજ્ય આચાર્ય ભગવંત શ્રી ૧૦૦૮ શ્રી વિજયમંગલપ્રભસુરીજી મ. સા. ના શિષ્યરત્ન આચાર્ય ભગવંત શ્રી ૧૦૦૮ શ્રી વિજયઅરિહંતસિદ્ધસુરીશ્વરજી મ. સા. ના ઉપદેશથી શ્રી ઘેટીપાગે સિદ્ધાચલ શણગાર ટુંકનું નિર્માણ થઇ રહ્યુ છે. એમા હજુ પંદર લાખથી વધારે ખર્ચ થાય તેમ છે. તો નિર્માણ કાર્ય માટે તથ કાયમી તિથિ માટે ભાગ્યશાળીઓને નીચેની વિગતે લાભ લેવા વિનંતી છે.

રૂા. ૧૧૧૧) સિદ્ધાચલ શણગાર ટુંકના મુળનાયક આદીશ્વર ભ.ની લાખેણી આંગીના નકરાના.
રૂા. ૧૧૧૧) બાવીસો વરસના પ્રાચીન ચમત્કારી પ્રતિમાજી શ્રી આદીશ્વર ભગવાનના ભોંયરાના મુળનાયકની લાખેણી આંગીના કાયમી તિથિના નકરાના.
રૂા. ૧૧૧૧) સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટમાં વૈયાવચ્ચની કાયમી તિથિ
રૂા. ૫૧૧) પ્રક્ષાલ ખાતે. ચારસો પ્રતિમાજીના પ્રક્ષાલની કાયમી તિથિનો લાભ મળશે.
રૂા. ૫૧૧) અખંડ દીપકની કાયમી તિથિના.
રૂા. ૫૧૧) સ્નાત્ર–પાઠશાળા પ્રભાવના તથા નિભાવ ફંડમાં લાભ લેવા માટે કાયમી તિથિના.
રૂા. ૫૧૧) મંદિર નિર્માણ તથા જીર્ણોદ્ધાર ખાતે.
રૂા. ૫૧૧) કેસર–સુખડની કાયમી તિથિના નકરાના.
રૂા. ૫૧૧) ફુલ, ધુપ, અંગલુંછણા, વાળાકુંચી કાયમી તિથિના નકરાના.
રૂા. ૩૧૧) ૧૩ ઈંચથી ૧૫ ઇંચના ભગવાનની કાયમી આંગીના નકરાના રાખેલ છે.
રૂા. ૨૫૧૧) આદપુર તળેટીના ભાતા ખાતામાં ચા–ઉકાળાની કાયમી તિથિના.
ઉપર મુજબ તિથિ લખાવનાર ભાગ્યશાળીઓના શિલાલેખમાં નામ લખાશે.
રૂા. ૩૧૧) એક દિવસના ભાતાનો લાભ લેનાર ભાગ્યશાળીઓના નામ બોર્ડ ઉપર લખાશે.
રૂા. ૨૫૧૧) આદપુર તળેટી–ભાતા ખાતાના હોલમાં દાન આપનારનો ૧૫×૧૮ ઈંચની સાઇઝનો ફોટો મુકવામાં આ શે.
રૂા. ૧૧૧) ઉકાળેલ પાણી–એક દિવસના ખર્ચ માટે.
રૂા. ૫૧૧) ઉકાળેલ પાણીની કાયમી તિથિ ખાતે.
રૂા. ૭૧૧૧) દેરાસરમાં ૮॥×૪॥ ફુટના પટનો નકરો, જેના નીચે દાતાનું નામ લખવામાં આવશે.
રૂા. ૫૧૧૧) દેરાસરમાં ૫॥×૪॥ ફુટના પટનો નકરો, જેના નીચે દાતાનું નામ લખવામાં આવશે.
આદપુર તળેટીમાં ૯૯ ઈંચના પ્રતિમાજી પરિકર સાથે નુતન દેરાસર નિર્માણ યોજનામાં– –
રૂા. ૨૧૧૧) આપનારનું નામ શિલાલેખમાં ૬૦ અક્ષર સુધીમાં લખાશે.
રૂા. ૧૧૧૧) આપનારનું નામ શિલાલેખમં ૩૦ અક્ષર સુધીમાં લખાશે.

અમારી બીજી કોઈ શાખા નથી. રકમ નીચેના સરનામે મોકલી આપવા વિનંતી અને પાકી રસીદ મગાવી લેવા વિનંતી છે. [ દેના બેંક ખાતા નં. ૪૩૮ ]

સરનામું :– [ ફોન નં. ૨૧૬ ]
શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ
ઠે. લુણાવા મંગલ ભુવન ધર્મશાળા
તલાટી રોડ, પાલીતાણા–૩૬૪ ૨૭૦.

એજ લિ.
દેવીચંદ પી. નાણાવટી
મેનેજીંગ ટ્રસ્ટી.
( ઘેટીપાગ દેરાસર ફોન નં. ૩૬૨



## શાસનસમ્રાટ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી

# વિજયનેમિસૂરીશ્વરજી

## શ્રમણ-શ્રમણી સમુદાયની ચાતુર્માસ યાદી



વીસમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયેલ મહાન જ્યોતિર્ધર, મહાપ્રભાવક પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના નામથી કોણ પરિચિત નથી. તેઓશ્રીને શાસનસમ્રાટના ઉપનામથી પણ આપણે યાદ કરીએ છીએ. કારણ કે તેમના જીવનમાં હાંસલ કરેલ અનેક મહાન ધ્યેયોમાં શાસનરક્ષા, શાસનપ્રભાવના અને વિશુદ્ધ ચારિત્ર પરિપાલન; અને તે માટે બહુશ્રુત અને ચારિત્રપાત્ર સંવેગી પરંપરા તૈયાર કરવાનું, આ ધ્યેયમાં તેઓએ પૂરેપૂરી સફળતા મેળવી છે. તેઓશ્રીએ એમના શિષ્ય-પ્રશિષ્યાદિ તેમજ બીજા સમુદાયોના શ્રમણવર્ગોને જ્ઞાનાભ્યાસ તેમજ પદવી આપવાનું અને તેમની વૃદ્ધિ માટે જાગૃતિ સેવેલ. આથી જ સર્વે તેમને શાસનસમ્રાટ નામે ઓળખતા.

તેઓશ્રીનો જન્મ મહુવામાં સંવત ૧૯૨૯માં થયેલ. દીક્ષા ૧૯૪૫માં ભાવનગરમાં સૌરાષ્ટ્રદેશોદ્ધારક પૂજ્યપાદ શ્રી વૃદ્ધિચંદજી મહારાજ પાસે લીધેલ. અને સ્વર્ગવાસ સં. ૨૦૦૫માં થયેલ. તેઓશ્રીની પાટે વર્તમાનમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. બીરાજે છે. અને તેમાં આચાર્યો-૧૯, ઉપાધ્યાય-૧, પંન્યાસો-૧૮, ગણિવર્યો-૫, પ્રવર્તક-૨, સાધુ ૧૬૮ તથા સાધ્વીજી ૩૫૨ ઠાણાં વિચરી રહેલ છે.

પુ. આ. શ્રી વિજયમેરૂપ્રભસુરીશ્વરજી મ.,
પુ. પં. શ્રી માનતુંગવિજયજી મ.,
પુ. પં. શ્રી ઇન્દ્રસેનવિજયજી મ. ૧૫
મહાસુખભુવન જૈન જ્ઞાનમંદિર,
૧૬, સરોજની રોડ, વિજયા બેન્ક સામે
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

પુ. આ. શ્રી વિજયદક્ષસુરીશ્વરજી મ.,
પુ. પં. શ્રી પાર્શ્વચંદ્રવિજયજી મ.,
મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.,
,, દિવાકરવિજયજી મ. ૫
સમવસરણ જૈન મહામંદિર
પાર્શ્વનગર ચાલપેઠ રોડ, મુ. અગાસી
વિરાર થઈને, જિ. થાણા (મહારાષ્ટ્ર)

પુ. આ. શ્રી વિજયદેવસુરીશ્વરજી મ.
પુ. આ. શ્રી વિજયહેમચંદ્રસુરીજી મ. ૧૦
અમૃતસુરી જ્ઞાનમંદિર, દોલતનગર,
બોરીવલી (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૬

પુ. આ. શ્રી વિજયસુશીલસુરીજી મ. ૭
જિ. પાલી (રાજ.) જૈતારણ-૩૦૬૩૦૨

પુ. આ. શ્રી વિ. જયાનંદસુરીજી મ. ૨
(સૌરાષ્ટ્ર) ચુડા-૩૬૩૪૧૦

પુ. આ. શ્રી વિજયપ્રિયંકરસુરીજી મ.
મુનિશ્રી પ્રકાશચંદ્રવિજયજી મ.
મુનિશ્રી નંદીષેણવિજયજી મ. ૫
દાદાસાહેબ દેરાસર-ઉપાશ્રય,
કાળાનાળા ભાવનગર-૩૬૪૦૦૧

પુ. આ. શ્રી વિજયશુભંકરસુરીજી મ. ૩
દરબારગઢ પાસે (સૌરાષ્ટ્ર) મોરબી

પુ. આ. શ્રી વિ. મહિમાપ્રભસુરીજી મ. ૩
મહિમાપ્રભસુરી જૈન જ્ઞાનમંદિર,
શાંતિવન, નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ-૭

પુ. આ. શ્રી વિજયકુમુદચંદ્રસુરીજી મ.
પુ. આ. શ્રી વિજયપ્રબોધચંદ્રસુરીજી મ. ૬
વીશા ઓસવાલ જૈન ઉપાશ્રય
માણેકચોક (જિ. ખેડા) ખંભાત

પુ. આ. શ્રી વિજયચંદ્રોદયસુરીજી મ.
પુ. આ. શ્રી વિજયજયચંદ્રસુરીજી મ.
પુ. પં. શ્રી અજિતચંદ્રવિજયજી મ.
પુ. પં. શ્રી મહાબલવિજયજી મ.
પુ. પં. શ્રી વિનીતચંદ્રવિજયજી મ. ૧૯
શ્રી નેમિસુરીજી જૈન જ્ઞાનશાળા
પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧

પુ. આ. શ્રી વિજયકીર્તિચંદ્રસુરીજી મ.
પુ. પં. શ્રી જયકીર્તિવિજયજી મ. ૩
કીર્તિચંદ્રસુરી જૈન જ્ઞાન મંદિર
પારૂલનગર, સોલા રોડ, અમદાવાદ-૬૧

પુ. આ. શ્રી વિજયસુર્યોદયસુરીજી મ.
પુ. પં. શ્રી ભદ્રસેનવિજયજી મ. ૬
રામનગર, સાબરમતી, અમદાવાદ-૫

પુ. આ. શ્રી વિ. અશોકચંદ્રસુરીજી મ.
પુ. ગણિશ્રી સોમચંદ્રવિજયજી મ. ૯
ઓપેરા સોસાયટી, નવા વિકાસગૃહ-
રોડ, પાલડી, અમદાવાદ-૭

પુ. આ. શ્રી વિજયનયપ્રભસુરીજી મ.,
પુ. પં. શ્રી યશોવિજયજી મ. ૪
વખારીયા વાડ, હિંમતનગર
(જિ. સાબરકાંઠા) ૩૮૩૦૦૧

પુ. આ. શ્રી વિજયવિશાલસેનસુરીજી મ.
પુ. પં. શ્રી રાજશેખરવિજયજી મ. ૪
કેસરિયાજીનગર, તલાટી પાસે,
(સૌરાષ્ટ્ર) પાલીતાણા

પુ. આ. શ્રી વિજયસદ્ગુણસુરીજી મ. ૩
આત્માનંદ જૈન સભા ભવન,
ઘીવાલોં કા રાસ્તા, જોહરી બજાર,
(રાજસ્થાન) જયપુર-૩૦૨૦૦૩

પુ. ઉપા. શ્રી વિનોદવિજયજી મ. ૨
શ્રી હિરસુરી જૈન ઉપાશ્રય (રાજ.) સિરોહી

પુ. પં. શ્રી પ્રમોદચંદ્ર વિજયજી મ. આદિ
ઉસ્માનપુરા, જૈન દેરાસર સામે,
આશ્રમ રોડ, અમદાવાદ-૧૩

પુ. પં. શ્રી દેવચંદ્રવિજયજી મ. આદિ
હસ્તિ-મોહન શ્રમણ સેવાસદન,
સાંડેરાવ ધર્મશાળા પાછળ, પાલીતાણા

પુ. પં. શ્રી શ્રેયાંસચંદ્રવિજયજી મ. ૨
આદિનાથ દેરાસર, મંડપેશ્વર રોડ,
૨૬૩, વલ્લભભાઈ પટેલ રોડ,
બોરીવલી (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૯૨

પુ. પં. શ્રી ઇંદુચંદવિજયજી મ. ૨
શાન્તિનગર (નિ. પંચમહાલ) ગોધરા

પુ. પં. શ્રી ઇંદુપ્રભવિજયજી મ. ૨
વિશ્વતંદિકર જૈન ઉપાશ્રય,
ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ-૭

પુ. પં. શ્રી શીલચંદ્રવિજયજી મ. ૪
લાડવાડો, જૈન ઉપાશ્રય, ખંભાત

પુ. પં. શ્રી જિનવિજયજી મ. ૨
કેબીન ચોક (સૌરાષ્ટ્ર) મહુવા બંદર

પુ. પં. શ્રી ચંદ્રસેનવિજયજી મ. ૩
શ્રીમાળી પંચનો ઉપાશ્રય, આઝાદ ચોક,
(જિ. ખેડા) બોરસદ–૩૮૮૫૪૦

પુ. ગણિશ્રી સિંહસેનવિજયજી મ. ૩
૪૭, મહાત્મા ગાંધી રોડ,
વિલેપાર્લા (ઇસ્ટ) મુંબઈ–૫૭

પુ. ગણિશ્રી સિદ્ધસેનવિજયજી મ.
મુનિશ્રી અપૂર્વચંદ્રવિજયજી મ. ૨
૩૨/૩૭ પ્રહલાદ પ્લોટ, રાજકોટ–૧

પુ. ગણિશ્રી ધર્મધ્વજવિજયજી મ. ૩
કૃષ્ણનગર જૈન દેરાસર–ઉપાશ્રય,
ડાયમન્ડ ચોક પાસે, ભાવનગર

પુ. ગણિશ્રી ૐકારચંદ્રવિજયજી મ. ૨
આ. ક. પેઢી મુનિ શોભણ માર્ગ,
(સૌરાષ્ટ્ર) સુરેન્દ્રનગર–૩૬૩૦૦૧

પુ. ગણિશ્રી પુષ્પચંદ્રવિજયજી મ.
મુનિશ્રી રાજચંદ્રવિજયજી મ. ૨
નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી,
રાંધનપુરી બજાર, ભાવનગર–૧

પ્ર. મુનિશ્રી નિરંજનવિજયજી મ. ૨
જૈન જ્ઞાનમંદિર, શેખનો પાડો,
રીલીફ રોડ, અમદાવાદ–૧

મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મ. ૨
જિતેન્દ્રસુરી સ્વાધ્યાય મંદિર,
પોસ્ટ ઓફીસ સામે–ગલીમાં, પાલીતાણા

મુનિશ્રી દર્શનવિજયજી મ.
,, ચંદ્રકીર્તિવિજયજી મ. ૪
કંસારાનો હાટ (સૌરાષ્ટ્ર) સિહોર

મુનિશ્રી જશવિજયજી મ. આદિ
શ્રી મહાવીરસ્વામી જૈન મંદિર,
૮/૧૦, પાયધુની, મુંબઈ–૩

મુનિશ્રી પ્રમોદવિજયજી મ. ૨
જૈન દેવસ્થાન પેઢી (રાજ.) રાણી સ્ટેશન

મુનિશ્રી રત્નપ્રભાવિજયજી મ. ૨
શાંતિલાલ મોદી રોડ નં. ૨, ઈરાનીવાડી,
કાંદીવાલી (વેસ્ટ), મુંબઈ–૬૭

મુનિશ્રી કુશલચંદ્રવિજયજી મ. ૨
હઠીસીંગની વાડી, જૈન ઉપાશ્રય, દિલ્લી
દરવાજા બહાર, અમદાવાદ

મુનિશ્રી મહાયશવિજયજી મ. ૩
શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન મંદિર
વાયા : વિરાર, મુ. અગાસી–૪૦૧૩૦૧
(જિ. થાણા) (મહારાષ્ટ્ર)

મુનિશ્રી સુર્યસેનવિજયજી મ. ૩
શાંતાવાડી ઉપાશ્રય, વરસોવા રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ–૫૮

## પૂજ્ય સાધ્વીજી સમુદાય

સાધ્વીશ્રી કાન્તાશ્રીજી ૨
લાભશ્રીજીનો શ્રાવીકા ઉપાશ્રય
રાંધનપુરી બજાર, ભાવનગર

સાધ્વીશ્રી પદ્માશ્રીજી આદિ
દાદાસાહેબ જૈન દેરાસર,
કાળાનાળા ભાવનગર

સાધ્વીશ્રી વિજયાશ્રીજી ૪
આયંબીલ ભવન (નીચી ધર્મશાળા)
ઘોઘા દરવાજા, ભાવનગર

સાધ્વીશ્રી અતુલયશાશ્રીજી ૪
કૃષ્ણનગર જૈન શ્રાવિકા ઉપાશ્રય
ડાયમન્ડ ચોક પાસે, ભાવનગર

સા. ચારિત્રશ્રીજી, સા. હેમલતાશ્રીજી ૨૦
જૈન આયંબીલ ભુવન,
રામનગર, સાબરમતી, અમદાવાદ–૫

સાધ્વીશ્રી સરસ્વતીશ્રીજી આદિ
ચિંતામણિ સોસાયટી, હાઈ વે,
સાબરમતી, અમદાવાદ–૫

સાધ્વીશ્રી વિનીતગુણાશ્રીજી આદિ
સંઘનો ઉપાશ્રય, જેઠાણાની ચાલી,
રામનગર, સાબરમતી, અમદાવાદ–૫

સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી આદિ
ગજરાબેન જૈન ઉપાશ્રય,
વરસોડાની ચાલી, રામનગર,
સાબરમતી, અમદાવાદ–૫

સાધ્વીશ્રી સૌમ્યપ્રભાશ્રીજી ૧૦
દેવી–કમલ સ્વાધ્યાય મંદિર,
ઓપેરા સોસાયટી, ધુમકેતુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૭

સાધ્વીશ્રી પુણ્યપ્રભાશ્રીજી ૨
જૈન દેરાસર (અમદાવાદ થઈ) નરોડા

સાધ્વીશ્રી ધર્મિષ્ઠાશ્રીજી ૬
શ્રીપાલનગર સોસા., બ્લોક નં–૧૬
ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ–૧૩

સાધ્વીશ્રી જીતશ્રીજી ૫
શામળાની પોળ, વચલો ખાંચો,
રાયપુર, અમદાવાદ–૧

સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી ૧૫
રાજેન્દ્ર–સ્વયં જૈન સ્વાધ્યાય મંદિર,
શાંતિવન સોસાયટી પાછળ, નારાયણ–
નગર રોડ, પાલડી, અમદાવાદ–૭

સાધ્વીશ્રી હર્ષપ્રભાશ્રીજી ૬
ગુંસા પારેખની પોળ,
માણેક ચોક, અમદાવાદ–૧

સાધ્વીશ્રી દક્ષયશાશ્રીજી ૩
મયુરી ફ્લેટ, નોવેલ્ટી સીનેમાના–
ખાંચામાં, ઘીકાંટા, અમદાવાદ–૧

સાધ્વીશ્રી નિર્મલપ્રભાશ્રીજી ૪
લાલાભાઈની પોળ
માંડવીની પોળમાં, અમદાવાદ–૧

સાધ્વીશ્રી સુવર્ણપ્રભાશ્રીજી ૫
તળીયાની પોળ, મોટા દેરાસર પાસે.
સારંગપુર, અમદાવાદ–૧

સાધ્વીશ્રી યશપૂર્ણાશ્રીજી ૪
મંગળ પાર્ક જૈન ઉપાશ્રય, પાલડી,
નવા વિકાસગૃહ રોડ, અમદાવાદ–૭

સાધ્વીશ્રી શ્રીમતીશ્રીજી ૬
અર્બુદગિરિ સોસાયટી–હોલમાં,
રામબાગ રોડ, સાબરમતી, અમદાવાદ–૫

સાધ્વીશ્રી રત્નપ્રભાશ્રીજી ૩
ખાડીયા, ચાર રસ્તા, અમદાવાદ–૧

સા. તત્વયશાશ્રીજી–૭ અમદાવાદ–૧૯
બુદ્ધિસાગર સોસાયટી, ચાંદખેડા રોડ,
સ્ટેશન સામે, સાબરમતી–ડી કેબીન

સાધ્વીશ્રી જ્ઞાતયશાશ્રીજી ૬
જ્ઞાનમંદિર, ધના સુતારની પોળ,
શાસ્ત્રીનો ખાંચો, અમદાવાદ–૧

સાધ્વીશ્રી નયપ્રજ્ઞાશ્રીજી ૪
પાડા પોળ, ગાંધી રોડ, અમદાવાદ–૧

સાધ્વીશ્રી પુષ્પાશ્રીજી ૯
ચંપા–પ્રભાશ્રી જૈન જ્ઞાનશાળા
ચોકસીની પોળ (જિ. ખેડા) ખંભાત

સાધ્વીશ્રી સુશીલાશ્રીજી ૨
નવપલ્લવ પાર્શ્વનાથની ખડકી
(જિ. ખેડા) ખંભાત–૩૮૮૬૨૦

સાધ્વીશ્રી પદ્માર્શ્રજી આદિ
,, ચંદ્રપ્રભાશ્રીજી ,,
,, રવીન્દ્રપ્રભાશ્રીજી ,,
ભંપોળનો ઉપાશ્રય, ખારવાડો, ખંભાત
સાધ્વીશ્રી પુર્ણાનંદાશ્રીજી ૯
કીર્તિશાળા, જીરાળા પાડો, ખંભાત
સાધ્વીશ્રી લલિતપ્રભાશ્રીજી ૨
વલ્લભ વિહાર, રૂમ નં. ૮, પાલીતાણા
સાધ્વીશ્રી રાજીમતીશ્રીજી આદિ
સાધ્વીશ્રી કિરણપ્રભાશ્રીજી ,,
કેસરિયાજીનગર, તલેટી પાસે, પાલીતાણા
સાધ્વીશ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી ૫
ગિરિછાયા-પાદરની ભવન,
તલાટી પાસે, પાલીતાણા
સાધ્વીશ્રી પુણ્યયશાશ્રીજી આદિ
ઋદ્ધિ-નેમિ-અમૃત વિહાર,
તલાટી રોડ, પાલીતાણા
સાધ્વીશ્રી ઉદ્યોતયશાશ્રીજી ૩
સાંડેરાવ ભવન-ધર્મશાળા
તલાટી રોડ, પાલીતાણા
સાધ્વીશ્રી હર્ષલતાશ્રીજી પાલીતાણા
લલ્લુભાઇની મેડી, દાણાપીઠ.
સાધ્વીશ્રી પ્રવિણાશ્રીજી ૧૦
સાધ્વીશ્રી જીતેન્દ્રશ્રીજી
આરાધના ભવન, ૧૧૧, સાઉથ પોંડ-
રોડ, વિલેપાર્લા વેસ્ટ), મુંબઇ-૫૬
સાધ્વીશ્રી સુર્યપ્રભાશ્રીજી ૭
આયંબિલ ભવન, દોલતનગર,
બોરીવલી (ઇસ્ટ), મુંબઈ-૬૬
સાધ્વીશ્રી તિલકપ્રભાશ્રીજી ૮
રાજેશ પાર્ક, કેદારમલ રોડ,
મલાડ (ઇસ્ટ), મુંબઇ-૯૭
સાધ્વીશ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી,
સાધ્વીશ્રી રત્નમાલાશ્રીજી આદિ ઠાણા ૫
સમવસરણ જૈન મંદિર, પાર્શ્વનગર,
ચાલપેટ રોડ, અગાસી-૪૦૧૩૦૧
સ્ટે. વિરાર, જિ થાણા (મહારાષ્ટ્ર)
સાધ્વીશ્રી રંજનાશ્રીજી ૨
શાંતિનાથ જૈન ઉપાશ્રય, ભીંડીબજાર,
પાયધુની નાકા, મુંબઈ-૩
સાધ્વીશ્રી રાજેન્દ્રપ્રભાશ્રીજી ૮
૫૪/૫૫, ઝવેર રોડ, મુલુન્ડ, મુંબઇ-૮૦
સાધ્વીશ્રી નયપૂર્ણાશ્રીજી ૬
દોલત નિકેતન, દેરાસર પાસે
રીજરોડ, વાલકેશ્વર, મુંબઇ-૬

સાધ્વીશ્રી ચારૂયશાશ્રીજી ૫
જૈન દેરાસર-ઉપાશ્રય, વરલીનાકા,
બુદ્ધમંદિર પાછળ, મુંબઇ-૧૮
સાધ્વીશ્રી પીયુષપુર્ણાશ્રીજી ૪
વર્ધમાન ભક્તિ આરાધના ભવન,
શાંતિલાલ મોદી ક્રોસ રોડ, ઈરાનીવાડી,
કાંદીવાલી (વેસ્ટ), મુંબઈ-૬૭
સાધ્વીશ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી ૨૧
શેઠ પદ્મા-તારા જૈન પેઢી સામે,
(સૌરાષ્ટ્ર) મહુવાબંદર-૩૬૪૨૯૦
સાધ્વીશ્રી સુર્યપ્રભાશ્રીજી ૯
પ્રવીણાશ્રી જૈન પૌષધાલય, શ્રી સોસાયટી,
ન્યુ ખાંડેકર રોડ, પ્રતાપનગર, વડોદરા-૪
સાધ્વીશ્રી મનોરમાશ્રીજી ૫
વાયા : વડગામ (બ. કાંઠા) મેમદપુર
સાધ્વીશ્રી મયણયશાશ્રીશ્રી ૭
ખીમચંદ કલ્યાણચંદના મેડા પર
કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત-૩

સાધ્વીશ્રી સન્મતિશ્રીજી
જાંબુવાળાનો ઉપાશ્રય, સ્વસ્તિક સોસાયટી
(સૌરાષ્ટ્ર) સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
સાધ્વીશ્રી જ્યોતિપ્રજ્ઞાશ્રીજી
વાયા : સાવરકુંડલા, જેસર-૩૬૪૫૧
સાધ્વીશ્રી રયણયશાશ્રીજી
સાધ્વીશ્રી અભયપ્રજ્ઞાશ્રીજી
જિ. પાલી (રાજસ્થાન) જૈતારણ
સાધ્વીશ્રી જયપ્રભાશ્રીજી
લીંબડા શેરી (જિ. ખેડા) પેટલાદ
સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી આ
સાધ્વીશ્રી લલિતદર્શનાશ્રીજી આ
આઝાદ ચોક (જિ. ખેડા) બોરસદ
સાધ્વીશ્રી ચંદ્રકાન્તાશ્રીજી
વીશાનીમા જૈન ઉપાશ્રય, ગામમાં,
(જિ. પંચમહાલ) ગોધરા-૩૮૯૦૦૧


# શ્રી શૌરીપુર તીર્થના જીર્ણોદ્ધારમાં આર્થિક સહયોગ આપી પુણ્યોપાર્જન કરશો

બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથજીના ચ્યવન અને જન્મ-કલ્યાણકથી પાવન બનેલુ શ્રી શૌરીપુર એક મહાન અને પ્રાચીન તીર્થ છે.

આ તીર્થે વર્તમાનમાં જન્મ કલ્યાણક મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય મહદ્ અંશે પૂરુ થયું છે, જે જોઈ આપ પ્રસન્ન થશો. શેષ કાર્ય પૂર્ણ કરવા માટે હજુ કેટલાક લાખ રૂપિયાની જરૂરિયાત છે.

પૂ. આચાર્યશ્રી પદ્મસાગરસુરિજી મ. અને સ્વ. પુ. આચાર્યશ્રી વિજયધર્મસુરિજી મ. અને તેઓના શિષ્યાદિ તથા પુ. આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસુરિજી મ. તેમજ પુ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસુરિજી મ. આદિની પ્રેરણા ને ઉપદેશથી આ જીર્ણોદ્ધાર કાર્યમાં સારો સહયોગ પ્રાપ્ત થયો છે. શેષ રકમની પુર્તિ માટે આપ સૌ પર્યુષણ મહાપર્વના શુભ અવસરે વધુ ને વધુ સહયોગ આપવાની કૃપા કરશો.

## ધર્મશાળાના નિર્માણની આવશ્યકતા

શ્રી શૌરીપુર તીર્થમાં આવતા યાત્રિકોની સંખ્યા વિશેષ જોતાં હાલની ધર્મશાળા નાની પડે છે. આથી એક નવી વિશાળ અને આધુનિક ધર્મશાળા બંધાવવાની આવશ્યકતા હોય, તેનું નિર્માણ કરવા વિચાર્યું છે. આ ધર્મશાળામાં હવા ઉજાસ અને સ્નાનઘરની સુવિધાયુક્ત ૨૦ થી ૨૫ રૂમો બનાવવાની યોજના છે. તેમાં એક રૂમ માટે જે વ્યક્તિ રૂા. ૧૫૦૦૧ આપશે તેમનું નામ રૂમ પર લખાશે.

આ કાર્યમાં સત્વરે સહયોગ આપવા નમ્ર વિનંતી છે.

દાનની રકમ ચેક યા ડ્રાફટથી 'શ્રી શૌરીપુર શ્વેતામ્બર તીર્થ કમિટી' એ નામે મોકલાવવા વિનંતી છે.

વિનીત : સુરેન્દ્રસિંહ (ઇન્દ્રા મિલ) : અધ્યક્ષ. વિનયચંદ લોઢા : કોષાધ્યક્ષ
જોરાવરસિંહ દૂગડ : મંત્રી.

## શ્રી શૌરીપુરજી શ્વેતામ્બર તીર્થ કમિટી

૩/૨૯૪, જૈન ભવન, રોશન મોહલ્લા, આગ્રા-૨૮૨૦૦૩

અખિલ વિશ્વના તારણહાર
આર્યસંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર
વંશ વિભુષણ ચરમ તીર્થપતિ
મહાવીર પ્રભુને અમારી કોટી કોટી વંદના હો.

**એમ. વી. સવાણી**

# સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લિ.

બ્રોડવે શોપીંગ સેન્ટર, બીજે માળે,
卐 જીવવિચાર દંડક-કાર્યસ્થિતિસ્તોત્રાભિધાન પ્રકરણ સટીક તથા 卐 ન્યાયસંગ્રહ ગ્રંથો છપાઈ ગયા છે 卐 ધર્મસંગ્રહ સટીક ત્રણ ભાગમાં બહાર પડશે. બે ભાગ છપાઈ ગયા છે લગભગ ૧ લાખ રૂપીયા જેટલી રકમ આમ વપરાશે બીજા અનેક અપ્રગટ તથા જીર્ણ થઈ ગયેલ પ્રાચીન ગ્રંથોના પ્રકાશનનું કામ કરવાનું છે.

સંઘોની ભકિતમાં તમારો ફાળો આપી

# બનવાની અપૂર્વ તક

卐 ઉપાશ્રયોના નિર્માણમાં હજારો રૂપીયાના દાન 卐

☐ સુજપુર રૂ ૧૦,૦૦૦ ☐ વડગામ રૂા. ૩૧,૦૦૦ ☐ માંડલ રૂા. ૩૧,૦૦૦ [આ ત્રણે ગામો શંખેશ્વરજી પાસે છે] ☐ નેર (જી. ધૂળીયા) રૂા. ૩૫,૦૦૦ ☐ વડનેર (જી. નાસીક) રૂા. ૧૦,૦૦૦ ☐ સાંતલપૂર રૂા. ૧૧,૦૦૦ ☐ પ્રાગપર રૂા. ૫,૦૦૦ ☐ શિહોરી (બનાસકાંઠા) રૂા. ૫.૦૦૦ ☐ ગોઠવા (જી. મહેસાણા) રૂા ૫,૦૦૦ ☐ ઈન્દ્રમણી રૂા. ૫,૦૦૦ ☐ તલાસરી જી. વડોદરા) રૂા. ૫,૦૦૦ ☐ ચવેલી (જી. મહેસાણા) રૂા. ૫,૦૦૦ ☐ ચારોટિ (મુંબઈ હાઇવેના વિહારમાં) રૂા. ૨૧,૦૦૦ ☐ સરિયદ (તા પાટણ) રૂા. ૧૧,૦૦૦ ☐ સાધી (જી. વડોદરા) રૂા ૧૫.૦૦૦ ☐ તુવડ (શંખેશ્વરજી પાસે) રૂા. ૧૧ ૦૦૦ ☐ કૃષ્ણ નગર (શ્રાવિકા ઉપાશ્રય) રૂા. ૧,૦૦૦ ☐ સૌભાગ્યસ્વાધ્યાયમંદિર (અમદાવાદ) રૂા. ૩,૦૦૦ ☐ કડોદરા રૂા ૫ ૦૦૦ ☐ વેડ રૂા. ૫,૦૦૦ ☐ ભાતકોડા (મ. પ્ર.) રૂા. ૫,૦૦૦ ☐ વિજયનગર (શ્રાવિકા ઉપાશ્રય) રૂા ૫ ૦૦૦ ☐ રાણીપ રૂા ૧૦,૦૦૦ ☐ મહુડ રૂા. ૧,૦૦૦ ☐ બોરછાબંડા રૂા. ૫,૦૦૦ ☐ ઈસરવા રૂા. ૫,૦૦૦ ☐ [illegible] રૂા ૫.૦૦૦ ☐ સવાલા રૂા ૫,૦૦૦ ☐ ઘુમડ (જી. ખાગધા) રૂા. ૫,૦૦૦ ☐ નાપાડ રૂા. ૧૧,૦૦૦ ☐ ઉદલપુર રૂા. ૨,૫૦૦ ☐ હડેવાણ રૂા. ૫,૦૦૦ ☐ નાગેશ્વર રૂા. ૭,૦૦૦ ☐ સવલાણા રૂા. ૫,૦૦૦

卐 વૈયાવચ્ચ તથા સાધારણ 卐

રાંતેજ, મોટીદાઉ [જી. મહેસાણા] ભીલડીયાજી, રાધનપુર, ઘીણોજ, ધંધુકા, પહાજ, અણુસ્તુ, કેરવાળા, કમોજ, જૈસલાણ, છનિયાર, સચણ [જી. સુરત], ડી. કેબીન [સાબરમતી] પીપળી, વાસદા, હારિજ, બજાણા, વાઘેલ, કુંકરાણા વગેરે અનેક ગામોમાં વૈયાવચ્ચ તથા સાધારણનો લાભ લીધેલ છે. લગભગ ૨૫ હજારથી વધુ રકમ ખરચેલ છે.

પૂજ્યોના અધ્યાપનનો લાભ પણ લીધો છે. મુંબઇ મોતીશા લાલબાગ ઉપાશ્રયમાં ટ્રસ્ટ તરફથી બેનોની પાઠશાળા ચાલે છે જેમાં સંસ્કૃત, પ્રાકૃત, કર્મગ્રંથ, ભાષ્ય વગેરેનો અભ્યાસ કરી અનેક બેનોએ ચારિત્ર પણ લીધું છે.

આજ સુધીમાં લગભગ ૪૦૦ જેટલા જૈન શ્વે. દીક્ષાર્થી ભાઈ-બેનોનું બહુમાન કરવામાં આવ્યું છે. અને

આપના થોડા ફાળાથી લાખો-કરોડોના સુકૃતના કાર્યમાં ભાગીદાર થવાનું સૌભાગ્ય આપને પ્રાપ્ત થાય છે. આ માટે અમારા કાર્યોમાં નીચેનામાંથી કોઇપણ યોજનામાં જોડાઇ આપને સહભાગી થવા વિનંતી છે.

૧ વર્ષમાં રૂા. ૧૨૦૦૧ બારહજાર એક [ઉપરાંત એક વરસ માટે પણ] આપીને કે ભેગા કરી આપીને આપ સુકૃતારાધક પદ પ્રાપ્ત કરી શકશો.

૨ વર્ષમાં રૂા. ૫૦૦૧ પાંચહજાર એક [ઉપરાંત એક વરસ માટે પણ] આપી આપ સુકૃતાનુરાગી પદ પ્રાપ્ત કરી શકશો.

૩ વર્ષમાં રૂા. ૨૫૦૧ પચ્ચીસસો એક આપી સુકૃતાભિલાષી પદ પ્રાપ્ત કરી શકશો.

૪ વર્ષમાં રૂા ૧૦૦૮ એકહજાર આઠ આપી આપ સુકૃતાનુમોદક પદ પ્રાપ્ત કરી શકશો

આ સિવાય એકાદ ઉપાશ્રયનું નિર્માણ, એકાદ ગ્રંથલેખન, એકાદ ગ્રંથ પ્રકાશન, એકાદ ગામમાં વૈયાવચ્ચાદિનો લાભ પણ આપ લઈ શકશો. વહીવટદારો ટ્રસ્ટના દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યમાંથી પણ રકમ ફાળવી શકશે.

મધ્યમવર્ગને લાભ લેવા માટે દરરોજના એક રૂપીયાના સુકૃતમાં વ્યયના હિસાબે રૂા. [ત્રણસો સાઠ] ના આકર્ષક સચિત્ર બેન્ક ટ્રસ્ટ તરફથી બહાર પાડવામાં આવેલ છે જેમાંથી એક લઈને મઢાવીને રાખવાથી સુકૃતની અનુમોદનાનો લાભ પણ આપને મળશે. ઓછામાં ઓછું એક બેન્ક અવશ્ય ગ્રહણ કરો અને બીજાને પણ ગ્રહણ કરાવો વિશાળ પ્રમાણમાં પુણ્યાનુબંધિ પુણ્યને ઉપાર્જીત કરો એજ શુભાભિલાષા.

લી... શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

દઃ બી એ. શાહ    છબીલદાસ અમૂલખદાસ ગેટીવાલા

ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાલા    નવીનચંદ્ર ભગવાનદાસ શાહ

દિનેશભાઈ જેઈતારામ શાહ    લલિતભાઈ રતનચંદ કોઠારી

પુંડરીકભાઈ અંબાલાલ શાહ

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
૭/૪૯ ભોઈ વાડો ભુલેશ્વર મુંબઈ-૨

મીરાજમાન ગુરૂ ભગવંતોને વંદન કરવું જોઈએ વ્યાખ્યાન પ્રવચનનું શ્રવણ વિગેરે સત્કાર્યો કરીને જીવનને ધન્ય ધન્ય બનાવવું જોઈએ.

સૌદામિની સવીતા કવીતા અને કીન્નરી બોલે છે,

અરે સહીયર સરલા! વૈરાગ્યરસ ટપકતી તારી વાતો સો ટચના સોના સરીખી છે એમાં બે મત નહી કિન્તુ આ તમારા સિદ્ધાંતવાળી નિયમોનું પરિપાલન એકાએક સ્ત્રી-જીવનમાં કેમ થઈ શકે તે એક સમસ્યા છે.

સરલા બોલે છે,

અરે મારી વહાલી સહીયરો! ગમે તેવી કઠી સમસ્યાઓને હલ કરવાની શક્તિ સ્ત્રીઓના જીવનમાં પડેલી છે તે ભાગ્યેજ પુરૂષોમાં જોવા મળે. આપણા જીવનમાં સુષુપ્ત પડેલી શક્તિઓને સજાગ કરવામાંજ સ્ત્રીઓનું ગૌરવ છે.

સીતા, સુલસા, સુભદ્રા, શ્રીમતી કે સતી સાવિત્રીએ પોતાનામાં પડેલી સુશક્ત શક્તિઓને સજાગ કરી દિગ્પાલોને પણ ડોલાવી દીધા હતા, તો પછી સ્ત્રી શું નથી કરી શકતી તેજ પ્રશ્ન છે. માટે મારી બહેનો મારાથી આ ન બની શકે એવા લાચારી ભરેલા શબ્દોનો પ્રયોગ કરવામાં આપણને શરમ આવવી જોઈએ. જગદ્‌ગુરૂ આચાર્ય વિજય હીરસૂરીશ્વરજી મહારાજના શાસન કાળમાં સુશ્રાવિકા બહેન ચંપાએ છ મહીનાના ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરીને આખી આલમને તપનો અમર આદર્શ આપ્યો હતો. આજના કલીકાળમાં પણ ભાઈ બહેનો અજોડ અને અપૂર્વ તપની આરાધના કરી રહ્યાં હોય છે. અમદાવાદ રાયપુર હવેલીની પોળમાં ઉગ્ર તપસ્વીની મંજુલાબેન કાંતીલાલ શાહે ૧૦૯ ઉપવાસની ઉત્કટ તપશ્ચર્યા કરીને થઇ રહેલી જૈન શાસનની પ્રભાવનામાં અભિવૃદ્ધિ કરી છે માટે મારી સહીયરો! સ્ત્રી જીવનમાં કેમ થઈ શકે આ શબ્દ કદાપિ પણ ઉચ્ચરવો નહી.

સૌદામીની વિગેરે સરખી સહીયરો બોલે છે.

સખી સરલા! આપણો સોના સરીખો કિંમતી સમય પસાર થઈ રહ્યો છે તો હવે આપણા લાડીલા પર્વાધિરાજનું સરલ શબ્દોમાં કંઈક મહત્વ સમજાવો કે પર્વાધિરાજનો શું મંગળ સંદેશ છે,-

સહીયર સરલા બોલે છે.

સાંભળો ત્યારે મારી વહાલી સહીયરો! પર્વાધિરાજનો મંગલ સંદેશ છે કે પહેલા નંબરે અમારી પ્રવર્તન, કોઈપણ જગ્યાએ નાના મોટા પ્રાણીની હિંસા ન થવી જોઈએ. જ્યાં જ્યાં હિંસાના હત્યાકાંડ ચાલી રહ્યા હોય ત્યાં જઈને સત્યાગ્રહ સાથે ઘટતુ કરવું જોઈએ.

બીજા નંબરમાં સાધર્મિક વાત્સલ્યનો સુંદર સંદેશ છે કે આજે આપણા સેંકડો સાધર્મિક બંધુઓ તેમજ બહેનોને પેટને ખાડો પૂરવા માટે મુઠ્ઠીભર અન્ન નથી મળતા તેમ સુવાને માટે સાદડી નથી મળતી. તેનાં બાળકો પણ ભુખે અને તરસે ટળવળી રહ્યાં હોય છે.

મારા પ્યારા ભાઇઓ અને બહેનો! જરા ધ્યાન દઇને સાંભળો અને અંતરપટ પર લખી રાખો -

સાધર્મિને કાજ તમારા, ખોલી દો ભંડાર
એક દુઃખી ના રહેવા પામે, મહાવીરને દરબાર

ખરેખર મહાવીરના અનુયાયીને આપણે સાથ અને સહકાર નહી આપીએ તો કોણ આપશે?

આપણે આપણા નિરાધાર નર નારીઓ માટે યોગ્ય પ્રોત્સાહન આપવું જોઇએ.

આજે ઇતર સંપ્રદાયો પોતાના સમાજ માટે દરેક રીતે પ્રોત્સાહન આપી તેનામાં નવો પ્રાણ પૂરે છે અને તેઓ પગભર બને છે, પરિણામે તેઓ એક બીજાની સાથે ખભેખભા મીલાવીને ચાલી શકે છે,-

જો કે આજે આપણા જૈન સમાજમાં કંઈ કંઈ જગ્યાએ એવા મંડળો, સંસ્થાઓ કે પરિષદો ચાલી રહેલી હોય છે જેઓ પોતાની સમાજના કમજોર કુટુંબોને યોગ્ય ઉત્તેજન આપી રહેલા હોય છે. દાખલા તરીકે અમદાવાદ કૃષ્ણનગર અન્તર્ગત શ્રીનગરમાં આવેલા શ્રી જૈન ગુરૂ ભક્ત મંડળના સહયોગે રાહતની જરૂરીયાતવાળાં જૈન કુટુંબોને યોગ્ય ઉત્તેજન આપી રહેલા છે, સિવાય અમદાવાદ જેવા નગરમાં અલગ અલગ એરીયામાં જૈન કુટુંબોને રોટી આપવા માટેની વ્યવસ્થા કરનારી અનેક સંસ્થાઓ છે. સિવાય બરોડા જેવા શહેરમાં કેટલાક હિતેચ્છુ નવયુવક ભાઈઓ, "જૈન રોટી સેન્ટર" જેવી સંસ્થાઓનું સંચાલન કરી રહ્યા છે જેમાં સહકારને યોગ્ય જૈન કુટુંબોને સમયે સમયે ઘટતું પ્રોત્સાહન આપવામાં આવે છે.

ત્રીજા નંબરમાં ક્ષમાપનાનો દિવ્ય સંદેશ આ છે કે પરસ્પરના વેર વિરોધોના વાદળને વિખેરીને સંપી જંપીને ચાલો, પરિણામે સામાજીક સંગઠનના કારણે આપણું પીઠબળ વધી જશે અને જગતના પ્રાંગણમાં આપણી બોલબાલા રહેશે ચોથા નંબરમાં ચૈત્ય પરિપાટી જેમાં જૈન દહેરાસરોમાં જઇને સામુહિક પ્રાર્થના સાથે સમુહ ચૈત્ય વંદન કરવામાં આવે છે. પર્વાધિરાજનો અન્તિમ સંદેશ છે કે અઠ્ઠમ તપની આરાધના કરવી અનિવાર્ય છે. સાંવત્સરિક પ્રાયશ્ચિતરૂપ પણ એક અઠ્ઠમ અવશ્ય કરવો જોઇએ.

સૌદામિની સવિતા કવિતા અને કિન્નરી,

એકાએક બોલી ઉઠે છે કે વાહ પર્વાધિરાજના મંગલ સંદેશાઓ આખી આલમના ખૂણે ખૂણે પહોંચાડવા જેવા કહી શકાય. આજથી અમે પણ પ્રત્યેક વર્ષે પર્વાધિરાજના મંગલ સંદેશાઓને અન્તરથી સાંભળતા રહીશું એટલું જ નહી કિન્તુ આપણા લાડીલા પર્વાધિરાજને પુષ્પાંજલીથી લાખ લાખ વાર વધાવીશું કેમ બરાબરને! ચાલો ત્યારે આપણે સૌ સહીયરો મળીને પર્વાધિરાજને પુષ્પાંજલીથી વધાવી કૃતાર્થ થઇએ.

સૌદામિની સવિતા કવિતા અને કિન્નરી બોલે

સહીયર સરલા! આપણા પર્વાધિરાજને બીજુ શું શું જોઇએ તે તો સરલ ભાષામાં સમજાવીશને!

સહીયર સરલા બોલે છે -

અરે મારી વ્હાલી સહીયરો! આપણા પર્વાધિરાજને ન જોઇએ હાસ્ય, ન જોઈએ લાસ્ય, ન જોઈએ ટેસ્ટ ન જોઇએ તોફાન. પધારો પધારો મારાં લાડીલા પર્વાધિરાજ તમારું ભાવભીનું હાર્દિક સ્વાગત કરવા અમે ઉત્સુક છીએ, આપને જોઇએ છે સાતા શાન્તિ અને સંતોષ તો આ ત્રિવેણી સંગમની અમે સાધના કરીશું.

આપને ગમે છે શીલ, સત્ય અને સદાચાર તો તેની અમે સુવાસ પ્રસરાવીશું. આપને ગમે છે તપ, ત્યાગ અને તિતિક્ષા તો અમે અમારા પ્રત્યેક ઘરના દ્વારે દ્વારે તપશ્ચર્યાના તોરણ બાંધીશું. આપને ગમે છે સંયમ, સંસ્કાર અને સમર્પણ તો તેના અમે ફરીશ્તા પૂરીશું.

આપને સૌથી વધુ ગમે છે ક્ષમાપના, તો અમે ક્ષમાપનાના સર્વત્ર દાન કરીશું કેમ બરાબરને! એટલું જ નહિ કિન્તુ આપના સ્વાગતાંજલી માટે અમે અમારું સર્વસ્વ ન્યોછાવર કરશું.

ચાલો ત્યારે આપણે સૌ સહીયરો સસ્નેહ ગાને પર્વાધિરાજનું મંગલ ગીત ગાઈને જીવન ધન્ય ધન્ય બનાવીએ કે બહેનો બનાવીશુ ને? હા ... હા ... હા ...

☆

# "જિનવાણી"ના ભ્રામક નિવેદન અંગે સ્પષ્ટીકરણ

## લખક : પં. શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી, અમદાવાદ

( ૧ )

"જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, મુંબઈ" તરફથી પ્રગટ થયેલા "જિનવાણી" (સામયિક) ના તા. ૧૦-૧-૧૯૮૭ના અંકમાં "તિથિસમાધાન અને સંઘમાધુરીના પટ્ટક તરફથી સમીક્ષા" પ્રગટ થયેલ. તેનો પ્રત્યુત્તર "જૈન" પત્રમાં પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજે આપેલ છે.

"જિનવાણી" ના તા. ૧૦-૧-૮૭ અંકમાં "તિથિસમાધાન માટે થયેલા અને વિધ પ્રયત્નો ન મે જોડી કરેલી હકીકતો રજુ કરતું અમારું વિનમ્ર નિવેદન" પ્રગટ થયું છે. આ નિવેદનમાં પૃષ્ઠ ૨૪૦ થી ૨૭૦ સુધીના પૃષ્ઠો માં મારા નામનો ઉલ્લેખ છે.

તિથિસંબંધ માં આજે ચીરાઈ ગઈ છે. પૂ. આ. વિજયરામચંદ્રસૂરિજી મ. વિ. તેઓએ, પોતાનાં પંચાંગો, વિ. સં. ૧૯૯૨ પહેલાં "વીરશાસન" વગેરે સંસ્થાઓ જે રીતે પંચાંગ બહાર પાડતી હતી તે રીતે, બાર પર્વતિથિને અખંડ રાખવા પૂર્વક, હજારો સાધુઓની સંખ્યામાં બહાર પાડ્યાં છે. એ તમામ પંચાંગોમાંથી ઉપસતો નોંધપાત્ર મુદ્દો એ છે કે, પટ્ટક બહાર પડયા પછી, ભાદરવા સુદ પની ક્ષયવૃદ્ધિએ બીજા પંચાંગનો આશરો લઈ છઠની ક્ષયવૃદ્ધિ કરવી આ વાતથી જેઓનું દિલ દુભાયું હતું તે, અને પટ્ટકને સમર્થન કરનારાઓ, આ બધાનાં પંચાંગો એક સરખાં છે, અને તેમની આરાધના પણ એકસરખા દિવસે છે. એકબીજા પરસ્પર મળે છે. કટુતા વીસરાતી જાય છે. તેવે વખતે "જિનવાણી"નો આ અંક અને તેમાંનું લખાણ વીસરાતી કટુતાને ઉખેળવા સમાન છે.

મને ઘણા પૂજ્ય પુરુષોની સૂચના હતી કે "જિનવાણી" ના આ "ઉખેળવાના પ્રયત્ન" ને જવાબ આપી પ્રોત્સાહન ન આપવું, ત્યારે કેટલાક પૂજ્ય મહાત્માઓની એવી પણ સૂચના છે કે ટુંકાણમાં પણ વાસ્તવિક વાત આની સામે રજૂ કરવી; આ પછી મૌન રહેવું હોય તો તેમ કરવું. જ્યારે કેટલાક પૂ. મહાત્માઓનું કહેવું છે કે તિથિના પ્રશ્નમાં તમે વર્ષો સુધી સંકળાયેલા છો તો આજ સુધીના તમામ પ્રસંગો સંકલનાબદ્ધ રજૂ કરી તમારી સ્પષ્ટ વાત રજૂ કરો.

મારી ઉંમર આજે ૭૬ વર્ષની છે. ૭૦ વર્ષ પછીનાં બધાં વર્ષ બોનસ વર્ષ જેવા ગણવાં જોઈએ. આ વયે કોઈને પણ દુઃખ થાય કે મારા હાથે અજાણતાં પણ અન્યાય થાય તેવું ન થવું જોઈએ. અને કદાચ અજાણતાં અન્યાય થયો હોય તો તેને સુધારી લેવાની તૈયારી રાખવી જોઈએ.

મને ૧૯૮૫-૮૬ની સમાધાન-ચર્ચામાં મને મારા પક્ષનો રાગ જરૂર હતો, પણ સાથે જ ભાવના પ્રબળ હતી કે મારી પુણ્યાઈ હોય તો સંઘનું સમાધાન થાય તે માટે યથાશક્તિ પ્રયત્ન કરી છૂટવો. પણ પુણ્યાઈ કાચી પડી. મારો પ્રયત્ન સમાધાન દ્વારા સાધુ-સંઘ એક થાય તે બુદ્ધિથી પ્રેરિત હતો. સાથે સાથે એ પણ ખ્યાલ હતો કે આયુષ્યની ખબર નથી, પણ ક્યારે જીંદગીનો અંત આવશે તે ખબર નથી, એટલે શક્તિનો ઉપયોગ કરવામાં પુરુષાર્થ ફેરવવો.

પરિણામ ધાર્યું ન આવ્યું તે સાચું છે પણ જે આવ્યું તે સારા પરિણામની તરફેણમાં છે કેમ કે પૂ. આ. વિ. રામચંદ્રસૂરિ મ. નો કરેલ પટ્ટક પણ થયેલા સમાધાનની વધુ નજીકમાં છે. આજે નહિ તો કાલે કે વર્ષો પછી પણ તેમના પટ્ટકને અનુસરીને તેમનો અનુયાયી વર્ગ અમલ કરશે તો તિથિનો પ્રશ્ન જે ૫૦ વર્ષથી શાસનને કોરી ખાતો હતો તે હલ થઈ જશે તેની ખાતરી છે. એકંદરે, આ બધું વિચારતાં, આ કરેલ પ્રયત્ન માટે મારે અફસોસ કરવાનું કોઈ કારણ જણાતું નથી.

એક તિથિપક્ષના તમામ પૂ. આચાર્ય ભગવંતોની મારા ઉપર ખૂબ કરુણાદૃષ્ટિ હતી. તેમાં ભાદરવા સુદ પની ક્ષયવૃદ્ધિએ છઠની ક્ષયવૃદ્ધિ કરવાની પટ્ટકમાં દાખલ થયેલ કલમને લઈ તેઓનું મન એટલા માટે દુભાયું હતું કે તિથિપ્રશ્નમાં વર્ષો સુધી સમર્થન કરનાર પંડિતજીએ આ કેમ કર્યું!

પણ સમય જતાં, હૃદયમાં રહેલ નારાજી ઓસરાશે જ અને હું માનું છું કે થોડા સમય જતાં આથી વાત સમજાતાં વીખરાયેલ સંબંધ સંધાઈ જશે. કેમ કે વર્ષો સુધી નિખાલસભાવે કરેલો સંબંધ નિષ્ફળ નહીં જાય તેની મને ખાતરી છે.

પ્રારંભમાં વિચારેલ કે મારે ૧૯૮૫-૮૬ની તિથિ સમાધાનની ભૂમિકામાં મેં લીધેલ ભાગ સંબંધિ ક્રમશઃ બધી વીગત આપવી. પણ હાલ શાંત થયેલ પાણીને ડહોળવાની જરૂર નથી તેમ જ શાંત રહેવાનું વધુ ઉચિત માન્યું છે, કેમ કે તે કોઈને ગમે, કોઈને ન ગમે; અને તેથી બિનજરૂરી વિવાદ ઉભો કરી પરસ્પર અસમાધિ શા માટે ઉભી કરવી?

"જિનવાણી" ના તા. ૧૦-૧-'૮૭ના અંકમાં જણાવ્યા મુજબ હું તા. ૧૩-૭-'૮૫, ૧૪-૭-'૮૫ ૧૫-૭-'૮૫ અને ૧૬-૭-'૮૫ આ ચારે દિવસ પૂ. આ. દેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ને મળ્યો હતો તે વાત તદ્દન સત્ય છે. પરંતુ એ ચાર દિવસ

**પટ્ટક બહાર પડયા પછી...જેઓનું દિલ દૂભાયું હતું તે, અને પટ્ટકને સમર્થન કરનારાઓનાં પંચાંગો એક સરખા છે અને તેમની આરાધના પણ એક સરખા દિવસો છે, એકબીજા મળે છે, કટૂતા વીસરાતી જાય છે.**

# "જિનવાણી"માં થયેલ રજૂઆતમાં, મારા મૂખમાં મૂકાયેલ શબ્દો અને પૂ. આ.મ.ના મૂખમાં મૂકાયેલ શબ્દો બરાબર નથી...તે વિકૃતપણે મૂકવામાં આવ્યું છે

દરમિયાન, મારી અને તેમની વચ્ચે થયેલ વાતચીતની "જિનવાણી" માં થયેલ રજૂઆતમાં, મારા મુખમાં મૂકાયેલ શબ્દો અને પૂ. આ. મ. ના મુખમાં મૂકાયેલ શબ્દો બરાબર નથી. તેમાં હું બોલ્યો હોઉં તે નથી અને હું ન બોલ્યો હોઉં તે છે. અને જે બોલ્યો હોઉં તે વિકૃત રૂપે મૂકવામાં આવ્યું છે. તે જ રીતે પૂ. આ. મ. ના મુખમાં મૂકેલા શબ્દોમાં જે પૂ. મહારાજશ્રી ન બોલ્યા હોય તે છે, જે બોલ્યા હોય તે નથી. આ જ પ્રમાણે બીજા–પૂ. હેમભૂષણ વિ. મ.; પૂ. મહોદયસૂરિ મ. તથા શ્રી શેઠ એબિકભાઈ માટે પણ છે. ટુંકમાં "જિનવાણી" તા. ૧૦–૧–૮૭ના અંકમાં ૨૪૦ થી ૨૭૦ સુધીના ૩૦ પૃષ્ઠમાં મારી સાથેની વાતચીતના રજૂ કરવામાં આવેલ લખાણમાં, વાસ્તવિક વસ્તુ નથી, પણ પોતાની વાતનું સમર્થન થાય તેવા શબ્દો પૂ. આ. મ. ના નામે મૂકવામાં આવ્યા છે, તેમ જ બીજાઓની વાતોનો પણ પોતાની વાતની પુષ્ટિમાં ઉપયોગ કર્યો છે.

આશ્ચર્યની વાત તો એ છે કે અમે વાતચીતમાં બેઠા ત્યારે ત્યાં ટેપરેકોર્ડ"ની વ્યવસ્થા હતી નહિ. કદાચ મારી અજાણતામાં હોય તો પણ તે ટેપરેકોર્ડ"માંથી મનગમતું લીધું છે, ન ગમતું છોડી દેવાયું છે, અને ગમતુ ઉમેરાયું છે. કદાચ અમારી વાત દરમિયાન કોઈ પૂ. મુનિ ભગવંતે નોંધ લીધી હોય તો પણ એવા અવધાનકારક મહાત્મા નહોતા કે બોલેલી બધી વાત યથાવત નોંધી શકે. ટુંકમાં, ૧૦–૧–૮૭ અંકમાં પ્રસિદ્ધ થયેલ અમારો સંવાદ વાસ્તવિક નથી મનગમતો રજૂ કરેલ છે, તેની સૌ કોઈ નોંધ લે.

એ વાત સત્ય છે કે બે તિથિપક્ષના મોટા ભાગના પૂ. મહાત્માઓ ઘણાં વર્ષોથી સમાધાન ઈચ્છતા હતા. તેઓ પોતાના જીવનકાળમાં તિથિમતભેદ કોઈ રીતે ટળે તેવી ભાવના રાખતા હતા. આ મહાત્માઓમાં પૂ. આ. દેવ વિજયભદ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી મ., પૂ. પં. કલ્યાણવિજયજી મ.. અને પૂ. નમસ્કાર મંત્ર આરાધક ભદ્રંકરવિજયજી મ. વગેરે મુખ્ય હતા.

પૂ. આ. ભદ્રસૂરીશ્વરજી મ. નો મારો ઘણાં વર્ષનો પરિચય હતો. પાછળની વયમાં જ્યારે જ્યારે મળ્યા છે ત્યારે ત્યારે તિથિપ્રશ્નથી સંઘમાં ભયંકર નુકશાન થયું છે તેમ તેઓએ જણાવ્યું છે." અને કોઈ રીતે તે ઉકલે તે માટે તેઓ સતત ઝંખના રાખ્યા કરતા હતા. છેલ્લે હું અમદાવાદ–ગિરધરનગરમાં મળ્યો ત્યારે પણ મને કહ્યું હતું કે 'જીવતાં સમાધાન જોઈને જવાય તો સારું.'

પૂ. આ. પ્રેમસૂરીશ્વરજી. મ એ વિ. સં. ૨૦૦૩માં, જે ભૂમિકા આજે પટકમાં છે તે જ ભૂમિકા ઉપર પૂ. આ. સાગરાનંદસૂરીશ્વરજી મ. ઉપર કાગળ લખી પં. વીરચંદભાઈ મેઘજીને મારે ત્યાં મોકલ્યા હતા. હું સુરત બિરાજતા પૂ. સાગરાનંદસૂરીજી પાસે તેમની સાથે ગયો હતો. પણ તે વખતે ત્યાં બે તિથિપક્ષના કટ્ટર ભાઈઓના શ્રી માણેકચંદ ચોકસીને ત્યાં આવવાથી અમારે બન્નેએ પાછા ફરવું પડ્યું હતું. પૂ. આ. મ. ને આ નહિ થઈ શકવાથી ઘણું દુઃખ થયું હતું, અને એ દુઃખ તેઓને છેવટ સુધી રહ્યું હતું તે સૌ કોઈ જાણે છે.

પૂ. પં. કલ્યાણવિજયજી મ. અમદાવાદના ચાતુર્માસ દરમિયાન આ પ્રશ્ન ઉકેલી જાય તે માટે સઘન પ્રયત્ન કરી પૂ. આ. જી મ. ને તૈયાર કર્યા હતા. પણ તે પ્રયત્નને શરૂમાં જ પાછો ઠેલાવી નાકામિયાબ બનાવવામાં આવ્યો, જેથી પૂ. કલ્યાણવિજયજી મ. ને બે તિથિને સમર્થન આપવા બદલ ઠેઠ સુધી દુઃખ રહ્યું હતું.

પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. મહા આરાધક આત્મા હતા. તેમણે મને ધાણેરાવ બોલાવ્યો હતો. હું, બાલચંદ કોઠારી તથા કુમુદભાઈ વેલચંદ ગયા હતા. તેમના પ્રયત્નથી પૂ. આ. રામચંદ્રસૂરિ મ. ની સાથે કસારા (મહારાષ્ટ્ર) મુકામે આ જ ભૂમિકા ઉપર વાત થઈ હતી, પણ પરિણામ ન આવ્યું. પાટણમાં છેવટે તેઓ કાલધર્મ પામ્યા ત્યાં સુધી આ વાતનું તેમને દુઃખ રહ્યું હતું.

આ વખતે, બે તિથિપક્ષના, સમાધાનની ઝંખના રાખનાર આચાર્યોમાં, પૂ. આ. ભુવનભાનુસૂરિ મ. નો તથા તેમના જ સમુદાયનો સવિશેષ સાથ મળતાં સઘન પ્રયત્ન થયો. બાકી તો પૂ. આ. ૐકારસૂરિ મ., પૂ. આ. ભદ્રંકરસૂરિ મ., પૂ. આ. વિક્રમસૂરિ મ. વગેરે તો વર્ષોથી તિથિસમાધાન માટે ઉત્કટ ભાવના રાખતા જ હતા.

આ સઘન પ્રયત્નના પરિણામે તિથિસમાધાનની પ્રવૃત્તિ આગળ ચાલી, જેના પરિણામે તથા પૂ. આ. શ્રીરામચંદ્રસૂરિ મ. ની ચાર દિવસની બેઠક થઈ અને પારણામે "સિદ્ધાંત સિદ્ધાંત" કરી શાસનમાં પચાસ વર્ષથી ડખાણ ઊભું થયું હતું તે સિદ્ધાંતને કોરાણે મૂકતો પટક તેમના જ હાથે રજૂ થયો.. જે પટક "જિનવાણી"ના તા. ૧૦–૧–૮૭ના અંકમાં ૨૫૮મા પાને છપાયો છે એ કે આ પટક રજૂ થય તે પહેલાં તિથિસમાધાનના સઘન પ્રયત્નોને ઉલટાવવા માટે ઘણી મહેનત થઈ, પણ તે શાસનદેવની કૃપાથી કારગત ન નીવડી.

ઉપર નિર્દેશેલો પટક જોતાં લાગતું હતું કે સકલસંઘનું સમાધાન હાથવેંતમાં છે. કારણ કે તે પટકમાં નજીવા ફેરફાર કરવાથી સકલસંઘનું સમાધાન શક્ય હતું. પણ મનમાં સમાધાનવૃત્તિ ન હોવાથી એ પટક હડસેલાઈ ગયો, અને એમાં ફેરફારો સાથેનો, બીજા મતભેદોને પણ દૂર કરતો પટક આગળ આવ્યો.

પૂ. આ. રામચંદ્રસૂરિ મ. દ્વારા રજૂ થયેલ પટકમાં જે સુધારા સૂચવ્યા હતા, તે "પંડિતજીના વાંધાઓ" એ પ્રમાણે લખી ૪ વાંધાઓ "જિનવાણી"માં રજૂ કર્યા છે, તે આ પ્રમાણે છે:–

"(૧) શ્રી જૈન શ્વે. મૂ. તપ. સંઘ બદલે શ્રી જૈન શ્વે. મૂ. દેરાસૂર તપ૦ સંઘ એ રીતે લખવું.

(૨) એક તિથિપક્ષની માન્યતા જે રજૂ કરી છે તે બરાબર છે, પરંતુ બે તિથિપક્ષની માન્યતામાંથી "ઉદયમિ૦ અને ક્ષયે પૂર્વા૦ના આધારે" એટલા શબ્દો કાઢી નાખવા.

(૩) ..."પંચમીની ઉદયાત્ ભા. સુ. ના સંવત્સરી મહાપર્વની આરાધના કરવી' એમાંથી 'ઉદયાત્' શબ્દ કાઢી નાખવો. તેને બદલે 'ભા. શુ. ૪ ની સંવત્સરી કરવી' એમ લખવું.

## અમે વાતચિતમાં બેઠા ત્યારે ત્યાં ટેપરેકોર્ડીંગની વ્યવસ્થા હતી નહિ. કદાચ મારી અજાણતામાં હોય તો પણ તે ટેપરેકોર્ડીંગમાંથી મનગમતું લીધું છે. ન ગમતું છોડી દેવાયું છે.

નોંધ : આ વાંધો ઊભો થવાનો સવાલ રહેતો નથી. કેમ કે તેમણે સુધારી આપેલ પટક (" જિનવાણી"ના ૨૫૮માં પૃષ્ઠમાં છાપેલ) માં તે વાત નથી.

(૪) શાસ્ત્ર અને 'શાસ્ત્રમાન્ય પ્રાચીન પરંપરાનુસારે લખ્યું છે' તેમાંથી 'શાસ્ત્રમાન્ય પ્રાચીન' એ શબ્દ કાઢી નાખવા અને ફક્ત 'શાસ્ત્ર અને પરંપરાનુસારે' એમ લખવું."

"જિનવાણી"ના પૃ. ૨૫૯ ઉપર " પંડિતજીના ઉપના વાંધાઓ વ્યાજબી ન હતા તેનાં કારણો" એવા હેડીંગ સાથે જે કારણો રજૂ કર્યાં છે તે કારણો બાલિશ છે. સમાધાનવૃત્તિ ન હોવાનાં દ્યોતક છે. સમાધાનવૃત્તિ હોય તો આ બધા વાંધાનું નિરાકરણ હતું અને તે સહેલું હતું. આ વાંધાઓ વ્યાજબી છે તેનું સમર્થન મેં સવિસ્તર કર્યું હોવા છતાં 'આ બધી ફકરાનો પંડિતજી પાસે જવાબ ન ન હતો' તેવું પૃ૦ ૨૫૯માં લખ્યું છે તે સંપાદકના ન્યાયયુક્ત વલણમાં શંકા ઉપજાવે છે.

પહેલો વાંધો : પૂ. મહારાજશ્રી 'શ્રી જૈન શ્વે. મૂ. તપાગચ્છ સંઘ' એમ લખવા માગતા હતા. મેં કહ્યું, "દેવસૂર તપાગચ્છ સંઘ લખો; કેમ કે અમારા પક્ષો તેનો સહેતુક વ્યાજબી આગ્રહ છે, અને આ લખવામાં કોઈને કોઈ સિદ્ધાંતબાધ નથી. વળી, આજનો તમામ સાધુવર્ગ વિજયદેવસૂર–સંઘનો છે. કોઈ પણ સાધુ દેવસૂરસંઘ સિવાયનો નથી. પૂ. ઉ. યશોવિજયજી મ. પોતે વિજયદેવસૂરિ મ. ના હાથે દીક્ષિત થવાનું ગૌરવ લે છે. પૂ. આત્મારામજી મહારાજે 'અજ્ઞાનતિમિર ભાસ્કર'માં પોતાને વિજયદેવસૂરગચ્છના તરીકે ઓળખાવ્યા છે. સાગરસમુદાય પણ દેવસૂરસંઘ-સામાચારી પાળે છે, અને તેનું ગૌરવ લે છે. માટે આ આગ્રહ છોડી દો."

છેવટ મેં એક માર્ગ રજૂ કર્યો કે દેવસૂર અને તપાગચ્છ એ બેમાં વાંધો હોય તો "આપણા શ્રીસંઘમાં" એમ કરીને નિરાકરણ લાવો. પણ અંદરખાને સમાધાનવૃત્તિ કરતાં પક્ષવ્યામોહવૃત્તિ પ્રબળ હોવાથી 'નહિ'નો આગ્રહ રહ્યો.

બીજો વાંધો : બે તિથિપક્ષની માન્યતામાંથી 'ઉદયતિથિ અને ક્ષયે પૂર્વાના આધારે' આ શબ્દોની જરૂર ન હોવાનું મેં સૂચવ્યું. કેમ કે ક્ષયે પૂર્વા૦ અને ઉદયતિથિ બન્ને પક્ષો માને છે. માત્ર અર્થસંકલનમાં જ ભેદ છે. એટલે આ બધી ચર્ચા છોડી "સૌએ પોતપોતાની માન્યતા અનુસાર શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે આજ સુધી કરેલ છે, હવે સંઘની શાંતિ ખાતર આ પ્રમાણે કરીએ છીએ" — એમ લખો.

આ વાત પણ એમને કબુલ ન થઈ. એમને તો મગજમાં એમ જ હતું કે અમે જ શાસ્ત્ર પ્રમાણે કરીએ છીએ, બીજા નથી કરતા, પછી શો ઉપાય? છેવટે મેં કહ્યું કે તો એમ રાખો, કોઈની માન્યતા રજૂ કરવી નહિ. તિથિસમાધાન પટક સીધો કરી જે કરવાનું છે તે લખીએ પણ આ વાત પણ તેઓને કબુલ ન થઈ.

ત્રીજો વાંધો : 'જિનવાણી'માં લખ્યો છે, પણ તે છે જ નહિ. કારણકે તેમના સુધારેલા પટકમાં 'ઉદયાત્' શબ્દ છે નહિ.

ચોથો વાંધો : 'શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય પરંપરા' એમ પૂ. મહારાજશ્રી લખવા માગતા હતા. મેં કહ્યું કે 'શાસ્ત્ર અને પરંપરા' એમ લખો. વધુમાં મેં કહ્યું કે ભવિષ્યમાં સકલ શ્રમણસંઘ કરશે, અને એ જે કરશે તે વ્યાજબી કરશે. અત્યારે શા માટે ગુંથણાં ગુંથી સમાધાનને અટકાવવું? પણ તેઓ પોતાની વાતમાં મક્કમ રહ્યા.

ટૂંકમાં, આ નજીવા ફેરફાર કરવા તેઓ જરાયે કબુલ ન હતા. અને આમ છતાં "પંડિતજી પાસે જવાબ ન હતો" એ શબ્દો શું સૂચવે છે? ખરી વાત તો એ છે કે સમાધાનવૃત્તિ હોય તો આ સુધારા બહુ મહત્ત્વના ન હતા. આ ત્રણ વાંધાનો ઉકેલ આવે તો મેં તેમના જ પટક ઉપર બધાની સહી લઈ આવવાની મહેનત કરવાની પણ તૈયારી બતાવી હતી. અને સાથે જણાવ્યું હતું કે આ વાંધાનો નિકાલ ન આવે અને આ વાંધા અમારા આચાર્યો પાસે તમે સંમત કરાવો, તો મને વાંધો નથી. પણ તેઓ સુધારા કરવા તૈયાર ન જ થયા.

પરિણામે પૂ. આ. વિજયરામચંદ્રસૂરિ મ. એ પટક રજૂ કર્યો, તેનો બીજો પટક પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરિ મ. તરફથી રજૂ થયો. પણ પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરિ મ. નો પટક તો તેમને (આ. વિ. રામચંદ્રસૂરિ મ. ને) કબૂલ જ ન હતો; તેમાં તો તેમને ડગલે પગલે વાંધા દેખાતા હતા. એથી વાત અટકી પડી.

— x —

(૨)

સને ૧૯૮૫ ની વાત છે. ઉનાળાના દિવસો હતા. મારે ત્યાં શ્રી. રાયજીભાઈ, શ્રી કેશવલાલ મોતીલાલ નાસિકવાળા અને શ્રી ડીપચંદભાઈ એસ. તાપડિયા એ ત્રણ ભાઈઓ આવ્યા. તેમણે કહ્યું, "પંડિતજી, આવતીસાલ સંવત્સરીમાં મતભેદ આવે છે. કાંઈ મહેનત આવે છે. કાંઈ મહેનત થાય તો તે બધાને સમગ્ર રીતે એકતાનું સમાધાન થાય." મેં પૂછ્યું : "સમાધાનની ભૂમિકા શી?" તેમણે કહ્યું કે "પાંચમના ક્ષયે છઠનો ક્ષય કરી સંવત્સરી કરવાનું સ્વીકારાય તો બે તિથિવાળા બે આઠમ વગેરે લખવાનું બંધ કરે, અને વિ. સં. ૧૯૯૨ પહેલાં જે પંચાંગો નીકળતાં હતાં તે પ્રમાણે નીકળે." મેં કહ્યું : "તમે તમારા ત્યાં આ ભૂમિકા નક્કી કરો, પછી વાત કરો."

તેઓ તે વખતે ગયા. મહિના બાદ તેમણે ફરી જણાવ્યું કે "અમારે ત્યાં એ રીતે વાત નક્કી છે, માટે તમે મુંબઈ આવો." હું તથા શ્રી કલ્યાણભાઈ ફડિયા મુંબઈ ગયા. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. ને મળ્યા. તેમણે, જે વાત કેશવલાલ મોતીલાલે કરી હતી, તે

# તિથિભેદ કોઈ રીતે ટળે તેવી ભાવના પુ. આ. વિજયભદ્રસૂરીશ્વરજી મ. પૂ. આ. વિજયપ્રેમસૂરીશ્વરજી મ. પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી મ., અને પુ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. વગેરે મુખ્ય હતા.

જ વાત કરી. મેં કહ્યું: "આ વાત તમારી બરોબર છે. પણ જો પાંચમની સંવચ્છરી થાય તો આ કાર્ય સહેલી રીતે પતે." તેમણે મને કહ્યું: "પાંચમની સંવચ્છરી થાય તો પણ વાંધો નથી."

હું સારી રીતે સમજતો હતો કે પાંચમના ક્ષયે બીજા પંચાંગનો આશરો લઈ છઠના ક્ષયની વાત કરવાથી અમારામાં કલેશ ઉત્પન્ન થશે. એટલે મેં પાંચમની વાતને જોર આપ્યું.

થોડા દિવસ બાદ શ્રી શેઠ શ્રેણિકભાઈ મુંબઈ ગયા ત્યારે તેમને પણ પૂ. આ. મ. જંબૂવિજયસૂરિ મ. એ તિથિસમાધાનની વાત કરી, ઉપરાંત જેઠાભાઈ ધોવાળા વગેરે ગૃહસ્થો પણ શેઠશ્રીને મળ્યા. શ્રેણિકભાઈ શેઠે તેમને જણાવ્યું કે "તમે પૂ. આ. મ. રામચંદ્રસૂરિ મ. ને મળો." તો તેમણે કહ્યું કે "અમે મળીએ છીએ પણ મહારાજ તરફથી કોઈ સંતોષકારક જવાબ મળતો નથી." આ પછી મને કહેવામાં આવ્યું કે "તમે પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિ મ. ને મળો." આ સંબંધમાં હું તેઓને તા. ૧૩-૭-૮૫ ના રોજ લક્ષ્મીવર્ધકના ઉપાશ્રયે મળ્યો.

તિથિસંબંધી વિવિધ વાતો બાદ પૂ. આ. મ. શ્રી રામચંદ્રસૂરિ મ. પાંચમના ક્ષયે બીજા પંચાંગનો આશરો લઈ છઠના ક્ષયની વાતમાં અને પાંચમની સંવચ્છરીની વાતમાં પણ (બેમાંથી જે એક નક્કી થાય તે માટે) સંમત થયા, અને સાથે જણાવ્યું કે પાંચમની સંવચ્છરી કરવી હોય તો ત્રણ પાખી સંબંધી વિચાર અને ફેરફાર કરવો પડે.

હું ખૂબ રાજી થયો. મને તિથિનું સમાધાન હાથવેંતમાં લાગ્યું. હું પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિ મ. ને મળ્યો અને શ્રી શ્રેણિકભાઈને પણ તેમને બંગલે મળ્યો. બધી વાત તે બન્નેને જણાવી.

આ પછી, તે દહાડે રાતે મને વિચાર આવ્યો કે આ આજની વાતમાં હું, પૂ. મહારાજશ્રી તથા પૂ. આ. મહોદયસૂરિજી મ., પૂ. મુનિ હેમભૂષણવિજયજી આટલા જ છીએ મારી સાથે બીજું કોઈ આ વાતમાં સાક્ષીરૂપ નથી. એટલે જો કોઈ આગેવાન ગૃહસ્થ સાથે હોય ને તેની રૂબરૂમાં આ વાત થાય તો સારું. મેં તરત શ્રી શ્રેણિકભાઈને ટેલિફોન કર્યો કે કાલે રવિવારે બપોરે ૨-૩૦ વાગે તમારે મારે ત્યાં પધારવાનું છે. બીજું કાંઈ કામ નથી, પણ પૂ. આ. રામચંદ્રસૂરિ મ. સાથે જે વાત મારે થઈ છે. તેના સાક્ષીરૂપે રહેવાનું છે.

આ પ્રમાણે શેઠ શ્રી શ્રેણિકભાઈ મારે ત્યાં આવ્યા. એમની સાથે હું તથા શ્રી કુમુદભાઈ વેલચંદ પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિ મ. પાસે ગયા. કાલે વાત થઈ હતી તે ફરી શરૂ કરી. તેમાં મુખ્યત્વે—

૧. પાંચમના ક્ષયે બીજા પંચાંગનો આશરો લઈ છઠનો ક્ષય કરવાની,

૨ પાંચમની સંવચ્છરી કરવાની,

૩. બીજ – પાંચમ – આઠમની ક્ષયવૃદ્ધિએ પૂર્વની અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવાની,

આટલા મુદ્દા હતા, એ સાથે મેં ઉમેર્યું કે કામ સહેલું છે. મારી પાસે આ માટે પટક તૈયાર હતે, તો તે ઉપર સહી લેવરાવી કામ આગળ ચલાવીએ.

પૂ. મહારાજશ્રીનું કહેવું થયું કે "એમ નહિ. આ પટક ઉપર સહી ન થાય. સૌ પોતપોતાનાં મતવ્ય શાસ્ત્રપાઠ સાથે રજુ કરે, અને ત્યારબાદ સંઘની શાંતિ માટે આ પ્રમાણે નક્કી કરીએ છીએ તેમ લખાય." મેં કહ્યું કે "તમારા અને બીજાના — પાઠો તો બધાના એક જ રહેવાના. અર્થ અને તેનું સંકલન જુદું રહેવાનું આમ પાઠો રજુ કરતાં જ મતભેદો થવાના. એને બદલે [illegible] કે બન્ને પક્ષો શાસ્ત્ર અને પરંપરાને સાપેક્ષ રીતે પોતપોતાની રીતે [illegible] કરે છે. પણ હવે સંઘના ઐક્ય તથા શાંતિ માટે આ પ્રમાણે નક્કી કરીએ છીએ."

શ્રી શ્રેણિકભાઈએ કહ્યું કે "પંડિત કહે છે તે બરાબર છે. શાસ્ત્રપાઠમાં તો વખત જશે, લંબાશે અને મતભેદ પડશે." પણ મહારાજશ્રીનો આગ્રહ શાસ્ત્રપાઠ મૂકવાનો હતો.

ત્યારબાદ પૂ. મહારાજશ્રીએ કહ્યું, "અમે પિંડવાડા પટક કર્યો ત્યારે અમારા પક્ષના બધા પંન્યાસો [illegible] સહીએ લીધી હતી, તો હું હાલ કાંતિલાલ ચુનીલાલને બોલાવું અને તેમની દ્વારા અમારા પક્ષના બધા આચાર્યો વગેરેની સંમતિ આ [illegible] માટે મેળવી લઉં, પછી કામ આગળ વધારીએ."

મેં કહ્યું, 'સાહેબ! તમારા અને અમારા — બધાની સહી લઈ આવવાનું કામ હું કરીશ. આપે આપની જ સહી કરવાની.' પણ પૂ. મહારાજશ્રીનું કહેવું હતું કે "એ બરાબર નહિ અમારાવાળાની સંમતિ અમે જ મેળવીશું."

અમે ઉઠ્યા. શ્રેણિકભાઈએ મને કહ્યું કે કામ તો સીધું ચાલે છે. મેં કહ્યું કે મને જરા શંકા છે. શેઠશ્રીએ કહ્યું કે મને આમાં ખબર પડતી નથી.

આ પછી રાતે મનમાં તર્કવિતર્ક ચાલ્યા. આજે બધી વાત કરતાં પૂ. આ રામચંદ્રસૂરિ મ. કહ્યું કે હું બધાની સહી મંગાવી લઉં." તે વાત બરાબર છે કે નહિ તે વિચારે મારું ચિત્ત ડોળાયું.

સવારે વ્યાખ્યાન ઉઠ્યા બાદ હું તરત કુમુદભાઈને લઈને પૂ. આ. મ. પાસે ગયો. પૂ. આ. મ. એ મને કહ્યું કે 'પાંચમની સંવચ્છરીની વાત કરતાં છઠના ક્ષયની વાતમાં વધુ ધ્યાન આપો." મેં

# પાંચમથી સંવચ્છરી કરવામાં શાસ્ત્રબાધ આવતો નથી તેમ અમારા અને તમારા આચાર્યોનું પણ મંતવ્ય છે.

કહ્યું. "આ બધો પ્રયત્ન મેં પાંચમની સંવચ્છરીના હિસાબે કર્યો છે. છઠના ક્ષયની વાતમાં અમારે ત્યાં મુશ્કેલી પડે તેમ છે. શક્ય નથી" તો તેમણે કહ્યું: "મુશ્કેલી પડે તો પણ તમે ત્રણ મહેનત કરો, પણ છઠના ક્ષયની વાત રખો." મેં પૂ. મહારાજશ્રીને કહ્યું: "પાંચમની સંવચ્છરી કરવામાં કોઈનું કહ્યું ઉત્થાપાતું નથી. અને તે થતાં બીજા ગચ્છ સાથે પણ એકતા સધાય છે. વધુમાં પાંચમની સંવચ્છરી કરવામાં શાસ્ત્રબાધ આવતો નથી તેમ અમારા અને તમારા આચાર્યોનું પણ મંતવ્ય છે."

આ વાત પછી મેં પૂ. આ. મ. ને કહ્યું: "મહારાજશ્રી આપે બધા આપના-બે તિથિ પક્ષના આચાર્યોની સહીઓ મંગાવી લેવાનું કહ્યું તેમાં મને શંકા લાગે છે." "શું શંકા?" પૂ. મહારાજશ્રીએ કહ્યું મેં ... કહ્યું: "એમ કેમ ન બને કે આપ બધાની સમાધાનમાં સહીઓ મંગાવો, પછી અમારી સાથે વાટાઘાટો કરો, અને તે વાટાઘાટમાં વિવિધ મતભેદ ઊભા થઈ આ પરિસ્થિતી તૂટી જાય, ... છે. આ સમાધાનની વાત કરો એટલે તમારા બધા આચાર્યો સહીઓ તો આપે, કોઈ ના ન કહે, પણ પછી આપ, આ જે પ્રયત્ન થયો છે અને આપના જે સમાધાન માટે એક મતે તૈયાર થયા છે તેને ... સાથે વિચાર ઊભો કરી અને ખોરંભે પાડવા સિવાય બીજો કાંઈ આશય, સહીઓ મંગાવવાના આગ્રહ પાછળ, લાગતો નથી. અને આમ થાય તો આ પ્રયત્ન અટકે, એટલું જ નહિ, પણ અમારા પક્ષો પણ કેટલાકના દિલ દુભાય."

મહારાજશ્રી આ સાંભળી હસ્યા. મુનિ હેમભૂષણવિ. મ. ને બરાબર ખ્યાલ ન આવ્યો. તેમણે પૂછ્યું: શું? મેં કહ્યું કે "પૂ. મહારાજશ્રીને પૂછો."

... શ્રીને પૂ. પં. ચંદ્રશેખરવિજયજીનો દાખલો આપી સમજાવ્યું કે આમને કયે વખતે કયું કામ કેમ લેવું તે આવડે છે.

ત્યારે પૂ. મહારાજશ્રીએ કહ્યું: "તો આપણે સર્વમંગલ કરીશુ?" મેં 'હા' કહી વાત અટકી.

પરંતુ બીજા દિવસે શ્રીકુસુમભાઈ મારે ત્યાં આવ્યા. તેમનું કહેવું થયું કે "પંડિતજી, આટલા સુધી કિનારે આવેલ નાવ ડૂબી જાય તે ઠીક નહિ. આ વાત ફરી ચાલુ થાય તો ઠીક." આના અનુસંધાનમાં અમે ચોથા દિવસે ફરી પૂ. આ. શ્રીરામચંદ્રસૂરિ મ. પાસે ગયા, ને વાત કરી કે "આપણે વાત કાપી નાખતા નથી. આગળ શક્ય હશે તો ચલાવીશું. કલ્યાણક સંબંધી આપની વાત માટે અમારે ત્યાં શું શક્યાશક્ય છે તે વિચારીશું." તેમણે તે વાત સ્વીકારી.

બીજી બાજુ, પૂ. રામચંદ્રસૂરિ મ૦ ને શેઠ શ્રેણિકભાઈ મળ્યા અને તિથિનું સમાધાન હાથવેંતમાં છે તે વાત મુંબઈમાં ચારે બાજુ પ્રસરી. મુંબઈમાં બાબુલાલ છગનલાલ શ્રોફ તથા લાલચંદ છગનલાલ વગેરે શેઠશ્રીને મળ્યા. અને પૂછ્યું કે, તિથિસંબંધી શું થયા કરે છે? શેઠશ્રીએ તેમને પાંચમની સંવચ્છરી તથા છઠની ક્ષયવૃદ્ધિના બે વિકલ્પોની વાત કરી અને કહ્યું કે ફક્ત કલ્યાણકનો પ્રશ્ન પૂ. રામચંદ્રસૂરિ મ. પુરતો રહે છે. બાબુભાઈએ જણાવ્યું કે તે પ્રશ્ન તો ઉકેલી શકાશે. એટલે શેઠશ્રીએ તેમને સૂચવ્યું કે તમે અમદાવાદ આવો પૂ. મહારાજશ્રીને સમજાવો અને પંડિતજીને મળો.

આ પછી બાબુભાઈ શ્રોફ તથા લાલચંદજી વગેરે અમદાવાદ આવી મને મળ્યા. મેં તેમને બની ગયેલી વાતોથી વાકેફ કર્યા અને કલ્યાણક અંગે મહારાજશ્રીને મળવા કહ્યું. તેઓ પૂ. મહારાજશ્રીને મળ્યા અને કલ્યાણક વિષે વાત કરી. પણ પછી તેઓએ મને કહ્યું કે પંડિત, તમે વાત કરો. અમારાથી દલીલમાં નહિ ઉતરાય. એટલે હું તેમની સાથે ગયો, વાત કરી. એ પ્રસંગે શ્રી લાલચંદજીએ તથા શ્રી રમણલાલ વજેચંદે કહ્યું કે "સાહેબ, ભાગ્યમાં ચાક ન આવે તો આજે પાંચમ આઠમ છે તેની ખબર પડે છે, આવી સ્થિતિ છે. માટે આપ હવે કલ્યાણકને ગૌણ કરો. આમ છતાં વચલા રસ્તા તરીકે એમ કરો કે મુખ્ય પર્વ છ કલ્યાણકો સકલ સંઘના એક રાખવાં, તે પૂર્વક જ પંચાગ છપાવવાં. બીજાં કલ્યાણકો અંગે જેને જે ઠીક લાગે તે કરે, છાપવાં નહિ." પણ પૂ. આ. મ. મક્કમ જ રહ્યા, એટલે આ વાત ત્યાં અટકી. મુંબઈવાળા ગૃહસ્થો બેત્રણ દિવસ રહી મુંબઈ ગયા.

આ પછી મારે શ્રી રમણલાલ વજેચંદને ત્યાં તેમની ઓફિસમાં શ્રી કાંતિલાલ ચુનીલાલ સાથે વાત થઈ. એ વખતે મેં સૂચવ્યું કે "મહારાજશ્રી શું કરવા માગે છે તે લખીને લાવો, આપણે બાંધછોડ કરી શકાય પ્રયત્ન કરીએ." આના અનુસંધાનમાં તેઓ એક મુસદ્દો તૈયાર કરી લાવ્યા. એ મુસદ્દો એકતરફી હતો, જે અમારા પક્ષને સ્વીકાર્ય થાય તેમ ન હતો. મેં કહ્યું: આ સમાધાનનો લક્ષણ નથી.

તેઓ ફરી ફેરફાર કરી મુસદ્દો લાવ્યા. આ મુસદ્દામાં મેં ત્રણ વાંધા બતાવ્યા, જે વાંધાની આગળ ચર્ચા કરી ગયા છીએ. આ ત્રણ વાંધાનો નિકાલ ન થયો. જ્યારે પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરિ મ. એ આપેલ મુસદ્દો મહારાજશ્રીને સ્વીકાર્ય ન હતો. અને એ જ મુસદ્દો આ પછી આગળ ચાલ્યો. પણ અમારા પક્ષને તે મુસદ્દાથી પણ સંતોષ ન હતો. અમારે ત્યાં એવી ઇચ્છા પ્રવર્તતી હતી કે જો આ. શ્રી રામચંદ્રસૂરિ મ. સમાધાન કરવા તૈયાર નથી તો પછી ગમે તે રીતે પણ, જે મુદ્દાઓ ચર્ચાસ્પદ છે તે પણ આ પટ્ટકના ખરડામાં આવરી લો,

જેને પરિણામે, પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરિ મ.ના મુસદ્દામાં ચાર મુદ્દા આવરી લેવાયા. આ ચારે મુદ્દામાં પૂ. આ. ૐકારસૂરિ મ. વગેરે બધા આચાર્યો તો સંમત હતા જ, એટલે એ પટ્ટક આગળ ચાલ્યો, અને તેમાં ૧૪ આચાર્યોની સહીઓ થઈ.

આ ૧૪ આચાર્યોની સહીઓ થયા બાદ, એક પૂ. આચાર્ય

# "સિદ્ધાંત–સિદ્ધાંત" કરી શાસનમાં પચાસ વર્ષથી ટોળાણ ઉભું થયું હતું તે સિદ્ધાંતને કોરાણે મૂકતો પટ્ટક તેમના જ હાથે રજુ થયો

શકવંતે પોતાના સમુદાયના મુખ્ય સાધુઓની સંમતિ મેળવીને જ સહી કરી હતી છતાં તેમનો વિરોધ થતાં તે મક્કમ નહિ રહી શક્યા અને તેના સાથે તેમના વિશિષ્ટ સંબંધવાળા બીજા આચાર્ય પણ પટ્ટક બહાર પડતાં પહેલાં ચલિત થયા, પરિણામે ૧૨ આચાર્યોની સહાયા પટ્ટક બહાર પડયો

"જિનવાણી" માં જે સંવાદ ગોઠવ્યો છે તે વાસ્તવિક નથી. તેથી જે વિગત વાસ્તવિક છે તે રજૂ કરી છે આમાં કાંઇ પણ સ્ખલના કે શરતચૂક થઇ હોય તો તેની ક્ષમા માગું છું.

(૩)

ઉપસંહાર

અમારી પાસે બે મુસદ્દા (કે બે ફોર્મ્યુલા) હતા. એ બન્નેય "જિનવાણી–પૃ. ૨૪૧" પર છાપેલ છે. તેમાં મુસદ્દો–૧ પાંચમની સંવચ્છરી કરવા અંગે હતો. આ મુદ્દાને આગળ કરીને જ તિથિપ્રશ્નને પતાવવાનો મારો પ્રયત્ન હતો, અને તેમાં . આ રામચંદ્રસૂરિ મ. ની સંમતિ મળતાં કામ આગળ ચાલ્યું. તેમની અસંમતિ આવતાં, પાંચમની સંવચ્છરીના મુસદ્દામાં સકળસંઘ સંમત–એકમત થાય તો જ કરવાનો તેમનો આગ્રહ હતો તેથી, આ વાત પડતી મૂકાઇ.

જ્યારે બીજા મુસદ્દામાં પૂ. આ. રામચંદ્રસૂરિ મ. સંમત ન થાય તો પણ આગળ વધવામાં વાંધો ન હોવાથી કામ આગળ ચાલ્યું.

મારા મળવા જવાની પાછળ એક જ વાત હતી કે "બેતિથિપક્ષના આચાર્યો, આ બે મુસદ્દાઓમાંથી ગમે તે મુસદ્દાએ સમાધાન થાય તે માટે તૈયાર છે; આપ બે તિથિપક્ષના આચાર્ય છો; આપ સંમત થાવ તો અમારા એકતિથિ પક્ષે પ્રયત્ન કરીએ." તેમાં તેમનો મુસદ્દો આવ્યો. તેમાં મેં સૂચવેલા ફેરફાર કોઇ મહત્વના ન હતા, તદ્દન સાધારણ હતા. છતાં કોઇ રીતે સમાધાન નહોતુ કરવુ, એટલે નાખુશી.ડ ન થઇ. પરિણામે પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિ મ. વાળા પટ્ટકમાં સહીઓ થઇ.

હું આ. મ. રામચંદ્રસૂરિ મ. પાસે ચર્ચા કરવા ગયો ન હતો. પણ બે પૈકી એક પણ મુસદ્દામાં તેઓ સંમત થાય તો આગળ વધાય તેટલા માટે ગયો હતો.

મારી દ્દષ્ટિએ. તિથિપ્રશ્નમાં, પૂ. આ. રામચંદ્રસૂરિ મ. શ્રી એ પટ્ટક "જિનવાણી" પૃ. ૨૫૮ પર રજૂ કરેલ છે, તે પટ્ટકનો, તેમની માન્યતા ઊભી રાખીને પણ અમલ કરે તો સકળ સંઘના પંચાગ એકસરખા નીકળે, બાર પર્વતિથિ અખંડ રહે. મારી તેમને વિનંતિ છે કે આપે આપે રજૂ કરેલા પટ્ટક મુજબ અમલ કરો, અને આવતી સાલથી બીજ, પાંચમ, આઠમ અગિયારશ અને ચૌદશ ક્ષયે તથા વૃદ્ધિએ એકમ, ચોથ, સાતમ, દશમ અને તેરશની ક્ષય-વૃદ્ધિ કરો. અને પુનમ–અમાસની ક્ષયવૃદ્ધિએ આજે કરો છો તે પ્રમાણે તેરશની ક્ષયવૃદ્ધિ કરો. જનતાને તમારી શી માન્યતા છે તેની કાંઇ પડી નથી સૌથી આરાધના એક થાય, અને વિક્ષેપવાળી પંચાગો ન નીકળે, તેની સાથે જ સંબંધ છે.

હવે પછી સંવચ્છરીનો પ્રશ્ન આઠેક વર્ષે આવશે. ત્યારે તો વર્તમાન યુવાન સાધુઓના હાથમાં શાસનનો દોર હશે. તેઓ શાસ્ત્ર–પરંપરા સમજીને બધું કરશે. પણ ત્યાં સુધી આપના પટ્ટક મુજબ કરો તો પણ શાસનમાં તિથિસંબંધી એકતા સ્થપાશે. ધર્મ કરતા એકતા મહત્વનું છે. કોઈ આત્માઓ આ તિથિપ્રશ્નથી ચારથક હોવા છતાં બીજા પક્ષના સાધુઓ પ્રત્યે દ્વેષ રાખતાં થયું કારણ ઘણા દાખલાઓ ઘણાઓ સાક્ષી છે. બન્ને પક્ષો શાસ્ત્રીય બાબત બની ગઈ છે. કોઇ ઉકેલ આવ્યો નથી.

ખરી વાત તો એ છે કે એકતિથિપક્ષને ઉપદેશ આપનાર પૂ. આ. રામચંદ્રસૂરિ મ. એ વિ. સં. ૧૯૯ માં પાંચમની વૃદ્ધિ આવી ત્યારે છઠની વૃદ્ધિ કરી હતી તો ૮–૧૦ વર્ષે સંવચ્છરી–ભેદ આવે ત્યારે જ મતભેદ રહે, પણ કાયમનો કલેશ ન રહેત. ૮–૧૦ વર્ષે આવતા મતભેદ માટે હમેશાં કલેશનું આગ સળગતી રહે તેવાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિવાળાં પંચાગો કાઢી આ નવને ઊભો રાખી શાસનના ટોળાણ ઊભું કરવામાં શું શ્રેય છે તે સમજાતુ નથી.

અંતે ઇચ્છું કે તેઓ તેમના લખેલા જ પટ્ટકનો અમલ કરે અને ૧૪ આની સમાધાનને ૧૬ આનીમાં પરિણત કરે.

આ લખવામાં કાંઇ અણુગતુ લખાયું હોય તો તેનો હું મિચ્છામિ દુક્કડં દઉં છું.

# માનવ સંસ્કૃતિનો પવિત્ર આદર્શ

**જૈન સાધુ**

- વિશ્વ યુદ્ધ ડોકિયા કરી રહ્યું છે....હિંસાના ઘોર તાંડવો ખેલાઈ રહ્યા છે, ત્યારે અહિંસા એ જ જીવન છે.
- ક્રોધે ઘરમાં એનો મજબૂત પગદંડો જમાવ્યો છે, ત્યારે એ ક્ષમા–શ્રમણના બિરૂદને શોભાવે છે.

**શ્રમણ**

- જગત ભૌતિકતાની પરાકાષ્ઠાએ પહોંચ્યુ છે, ત્યારે તે આધ્યાત્મિકતાની ટોચ ઉપર બેઠો છે.
- ચારે બાજુ વિલાસતાએ કાળો કેર વર્તાવ્યો છે, ત્યારે તે અણિ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે.
- અદ્યતન યાંત્રિક કતલખાનાઓની આસુરી તાકાતને તે ઉનના નાનકડા રજોહરણથી પડકારે છે.

**નિર્ગ્રંથ**

- સ્પુટનિક યુગમાં ખુલ્લે પગે ખુમારીપૂર્વક ચાલે છે.
- ગમે તે ભોગે પૈસા ભેગા કરવા આખુંય જગત પાગલ બન્યું છે, ત્યારે તે પૈસાનો મોહ ઓછો કરવા અને સૌનું હિત થાય એવા દાન ધર્મમાં પૈસા ખરચવા ઉપદેશ આપે છે.
- એ જગતમાંથી ખોવાઈ જાય છે અને જાતને ખોળવા મથે છે.

**મુમુક્ષુ**

- ચોપાસ આંદોલનો અને મોરચાઓનો રાફડો ફાટ્યો છે, ત્યારે એણે મોરચો માંડ્યો છે આંતર શત્રુઓ સામે.
- બાહ્ય ચિંતાઓથી તે પર છે, પણ આત્મ ચિંતામાં સતત્ મગ્ન છે.
- દુનિયાની તુચ્છ સમૃદ્ધિ એણે છોડી છે, પણ આત્મ સમૃદ્ધિ પ્રાપ્ત કરવા એ સતત્ સજાગ છે.

**મુનિ**

- બીજાના કલ્યાણ કરવા માટે તે યત્નશીલ છે, છતાં સ્વકલ્યાણને તે જરાપણ ચૂકતો નથી, એની કલ્યાણની મંગળ ભાવના સંલગ્ન હોય છે.
- પ્રસન્નતાપુર્વક સ્વેચ્છાથી તે સંસારના સુખોનો ત્યાગ કરે છે પણ પાપથી ખૂબ ડરે છે.
- કર્મો સામે ભયંકર યુદ્ધ ખેલે છે....પણ દયાનો ભંડાર છે.

**સંયમી**

- એના આત્મ ગુણોના મહા ધોધમાંથી પ્રગટતી વિદ્યુત વડે અનેકના જીવન પ્રકાશવંતા અને ઉષ્માભર્યા બને છે.
- એણે પોતાના ઘરના અને સ્વજનોનો ત્યાગ કર્યો છે અને સમગ્ર વિશ્વને–વિશ્વના સર્વ જીવોને પોતાના સ્વજનો બનાવ્યા છે.

**આપણા કોટીકોટી વંદન**

*W.th best compliments from :*

## CALICO INDUSTRIL ENGINEERS

: Manufacturers of :

TEXTILE WET PROCESSING MACHINERY
FOR DYEING, BLEACHING & FINISHING

Chakala, Andheri (East), Bombay 400 099

Pl.one : 6328381, 6328382, 6328383 Telex : 011-71038

Cable : WETPROCESS : Bombay–58

# સત્સમાગમનો મહિમા

ખરેખર સર્વ આત્મસાધનોમાં શિરોમણિ તરીકે સત્સમાગમ છે. અને સામાન્ય સુખથી માંડીને મહાન અને ઉત્તમ પદની પ્રાપ્તિ કરાવવાની સર્વ શક્તિ આ સત્સમાગમમાં રહેલી છે તે નિઃસંદેહ છે. જો કે તેનો પૂર્ણ મહિમા કહેવાને કોઇ સમર્થ નથી. છતાં અનેક મહાન પુરૂષોએ તેનું સ્વાનુભવજનિત મહાત્મ્ય ગાયું છે તેની માત્ર અલ્પ પ્રસાદી સાધકો સમક્ષ નીચે રજુ કરીએ છીએ.

૧. એક ક્ષણ પણ સજ્જન પુરૂષોનો સમાગમ સંસારમાંથી તરવાને માટે નાવ સમાન છે.

૨. સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે. સત્સંગનો લાભ મળ્યો કે તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઇ જ પડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે.

૩. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે, કે જેથી સર્વ સાધન સુલભ થાય છે, એવો અમારો આત્મસાક્ષાત્કાર છે. ને એક એવી અપૂર્વ ભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.

૪. ચિત્તની તૃષ્ણા અને અભિમાનને બૂઝાવે છે, દુઃખો હરી લે છે, આ લોક અને પરલોકમાં પુણ્યોદયને પ્રાપ્ત કરાવે છે, સંપત્તિ વધારે છે અને દુઃખોનો સર્વથા નાશ કરાવવાવાળા નિર્મળ ફળને આપે છે આ સત્પુરૂષોની સંગતિ શું શું નથી કરતી?


અનેક શુભેચ્છા સહ :-

- વિમાનની સફર હોય કે જહાજી સફર
- યાત્રાપ્રવાસ હોય કે ટૂર ગોઠવવી હોય
- આપને સ્પેશ્યલ ટ્રેન કાઢવી હોય કે
- એકથી વધુ ડબ્બાનું બુકીંગ કરવું હોય

તો

બસ આટલું જ કરો
અમારે ત્યાં પધારો

## એટલાન્ટીક પેસીફીક ટ્રાવેલ સર્વિસ પ્રા. લિ.

ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર : શ્રી ચંદ્રસેન જીવણભાઇ ઝવેરી

અલંકાર, ૨૨૯, ડો. એની બેસંટ રોડ, વરલી : મુંબઈ ૪૦૦ ૦૨૫
ફોન : 4930551, 4933922 ટેલેક્ષ : 011-71893 APTS
Gram : ATLATRAVEL

Regd No : GBV-20
JAINOFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujrat)
Tele c/o. 29919 R. c/o. 28857

# જૈન

આજીવન સભ્ય ફી : રૂ. ૩૦૧/-
વાર્ષિક લવાજમ રૂ. ૩ /-
આજીવન પરદેશની : રૂ. ૫૮૦/-
એક વિદેશી : રૂ. ૩૦૦/-

સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ
તંત્રી : મુદ્રક : પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફિસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

વર્ષ ૮૪
'જૈન'
અંક : ૨૨

વીર સં. ૨૫૧૩, વિ. સં. ૨૦૪૩ ભાદરવા વદ ૧
તા. ૧૮ સપ્ટેમ્બર ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર ૩૬૪૦૦૧

માણેક ૧

"સાધુ સમાજમાં પણ જાતજાતની શિથિલતાઓ આવી છે. આપણા સાધુ મહારાજો માટે જૈનેતરોમાં પણ માનની લાગણી હતી; તે પરિસ્થિતિ આજે રહી નથી. સાધુ સંસ્થામાં ખામી આવી, અને તે નીચે જશે તો સાધુ સંસ્થા અને જૈન સંસ્કૃતિ, કે જેને માટે આપણે મગરૂર છીએ, તે ટકશે ખરી? માટે સાધુસમાજની નબળાઈ હરગીજ કોઈ પણ જૈનથી નભાવી શકે નહીં. જ્યાં જ્યાં તમને સાધુ સ્ખલિત થયેલા માલૂમ પડે, તો તેમને ઉઘાડા પાડવામાં લગભગ કરવું જોઈએ નહીં".

—શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ (પાલનપુર તા. ૧૧-૩-૬૨)

# શું આપણે રીઢા બની ગયા!!

માનવીના અનુભવની વાત છે. ઘડો રીઢો બન્યો અને એણે શીતળતા પ્રગટાવવાનો ગુણ ગુમાવી દીધો! તેવું જ રીઢા માનવીનું પણ છે.

વ્યક્તિની દૃષ્ટિ જ્યારે સમૂહ ઉપરથી ખસીને પોતાની જાત ઉપર (સ્વાર્થી) કેન્દ્રિત થાય છે. ત્યારે સમષ્ટિના હિતના જોખમે વ્યક્તિ પોતાના સ્વાર્થ સાધવામાં લાગી જાય છે; અને જ્યારે સમાજ આવી વ્યક્તિઓને શિક્ષા કરવાને બદલે એને મુંગે મોઢે નભાવી લેવા જેટલો કમતાકાત બને છે ત્યારે વ્યક્તિ અને સમાજ બંનેની અધોગતિ થાય છે, સમાજમાં માથાભારે માનવીની કે ગુંડા તત્ત્વોની બોલબાલા થવા લાગે છે. અને સામાન્ય માનવીના નસીબમાં કેવળ પરેશાન થવાનું જ લખાઈ જાય છે. છેલ્લા ૨૫-૩૦ વર્ષમાં આપણા દેશનું રાજકારણ આ વાતની સાક્ષી પૂરે છે. અને તેવું જ કંઈક આપણા જૈન સંઘનું છે. તેથી અમારે તો અહીં જે કહેવું છે તે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને અનુલક્ષીને કહેવું છે. આ કહેવાનું નિમિત્ત છે ગતવર્ષ મુંબઈમાં લોકજીભે ને વર્તમાન પત્રોમાં પણ ચડી ચૂકેલ કહેવાતા મુનિ જિનચન્દ્રવિજયજી મહારાજનું ... ને તેની ખાપલીલાની થતી વાતો છે.

આક્ષેપ કરવાનો દોષ વહોરીને પણ કહેવું જોઈએ કે આપણા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં જેમ જેમ ત્યાગી વૈરાગી-ચારિત્ર ધર્મને સ્વીકારનાર શ્રમણો-શ્રમણી ભગવંતની દીક્ષા વધી છે અને તેમને સાચવવા ૧૦૮ થી પણ વધારે આચાર્ય ભગવંતોની સંખ્યા થઈ ગઈ છે. છતાં શ્રમણ સમુદાયની અનુશાસનની શક્તિ તેમજ સચ્ચરિત્ર-શીલતાની ગુણવત્તા ઘટતી રહી છે. તેમ અંધશ્રદ્ધા કે અતિશ્રદ્ધાના કારણે રાગ અને મમતાના કારણે મત-ભેદ પડતા ગયા ને સંઘભેદ સર્જાતા ગયા, સંઘો મટી ટૂકડો બનતા ગયા. અને તે માલિકી કારણે કે સત્તા ભૂખ્યા વર્ગમાં ફેરવાતા આજે તો આપણા સંઘની સ્થિતિનીનાયક ટોળા જેવી બની ગઈ છે; અને બિચારી સંઘ-સત્તા તો ગંજીપાનાં પત્તાની કે રેતીના પાયા વગરના મકાન જેવી સાવ નિર્બળ થઈ ગઈ છે. આ કમનસીબ સ્થિતિનાં જેવાં આવવાં જોઈએ એવાં જ માઠા પરિણામ આવ્યા છે.

પ્રથમ (૧) સંઘની સત્તા અને શક્તિને ભરખી જતી આવી કેવળ અનિષ્ટ રૂપ જ નહીં પણ ધર્મ અને સંઘ વ્યવસ્થાના મૂળમાં કુઠરાઘાત કરતી ઘટનાઓ પ્રત્યે પણ આપણે દુર્લક્ષ કરવા ટેવાઈ ગયા છીએ; તેમાં તીર્થો ઉપરના કે

# અંધશ્રદ્ધા-કે અતિશ્રદ્ધાના કરણે રાગ અને મમતાના કારણે મત-ભેદ પડતા ગયા ને સંઘમાં ભેદ સર્જાતા ગયાને ટ્રસ્ટો રચાતા ગયા.

જિનમંદિર પર થતા આક્રમણો ચોરીઓ, કે થતી લૂંટફાટ તેમજ જ્ઞાનભંડારોની હસ્તપતોની થતી હાથચોરીઓ–હેરાફેરી તરફથી ચતુર્વિધ સંઘનું દુર્લક્ષ કે સંઘો મટી ટ્રસ્ટોનું થઈ રહેલ સર્જન એ એક પ્રકારે શ્રી ચતુર્વિધ સંઘનું વિસર્જન કે તેની સત્તાનું વિસર્જન રૂપ બનેલ છે.

બીજું (૨):– સંઘ – સમાજ – ધર્મની નબળી કે શોચનીય સ્થિતિનો ખ્યાલ આવ્યા પછી પણ કેટલીક વ્યક્તિઓ – તે સમુદાયપતિઓ, શ્રી સંઘના અગ્રણીઓ, ને સ્થાનીક સંઘના કાર્યવાહકો એના તરફ આંખ આડા કાન કરીને, અને પોતાની જાતને તથા બીજાઓને છેતરીને બધું બરાબર છે, એમ માનવા – મનાવવાનો ઉપરછલ્લો પ્રયત્ન કરે છે, કેટલીક વ્યક્તિઓ 'આમ હોય ત્યાં ઉકરડા પણ હોય' એ વાતને આગળ કરી જ્યાં મોટો સમુદાય હોય ત્યાં આચારહીનતા કે શિથિલતાની બાબતમાં આવું ચાલ્યા જ કરવાનું એમ મનાવીને અનિચ્છનીય સ્થિતિની ઉપેક્ષા કરે છે. અને એની સામે કંઈ પણ પગલું ભરવાને બદલે ચૂપચાપ એને નિભાવી લે છે; ત્યારે કેટલીક વ્યક્તિઓ એવી પણ હોય છે કે જેમને માટે આવી આચાર–શિથિલતા અસહ્ય બની જાય છે, ત્યારે આવી સ્વેચ્છાચારી અને પતિત [illegible] સખત પગલાં ભરવાની કે ખુલ્લા કરવાની હિંમત દાખવીને ધર્મની પવિત્રતાને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. તો એ જ વખતે બીજી કેટલીક વ્યક્તિઓ, સમુદાયો કે સંઘો એવી પતિત સાબીત થયેલી વ્યક્તિને પણ પવિત્ર વ્યક્તિ તરીકે આવકાર આપવાથી પાપ આચરવા તૈયાર થાય છે! પરિણામે અનિષ્ટ પાપ – ઘટવા માટે જવાબદાર વ્યક્તિઓની ઉપેક્ષા અને એવી પતિત જિનચંદ્રો જેવી વ્યક્તિને આવકાર આપવાનું પાપ શ્રીસંઘ અને ધર્મના હીરને અને તેજને નામશેષ કરી નાખ્યું એમ લાગે છે.

આ હીર અને તેજને લુણો લગાડનાર કે નિસ્તેજ કરનારા ગચ્છાધિપતીઓ-ગુરૂદેવો તથા જૈન સંઘના સંઘપતિઓ કે જૈનરત્નો છે અને તેમાં પણ તપાગચ્છાધિપતિનું બીરૂદ છપાવરાવતા આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીજી મ૦ પ્રથમ જવાબદાર છે કારણ કે આ બધું પાપ તેમના જ સમુદાયના ને તેમના પ્રથમ પટ્ટધર પૂ. આ શ્રી ભુવનસૂરીશ્વરજી મ૦ ના પટ્ટધર શિષ્ય મુનિ જિનચંદ્રવિજયજીને કારણે છાપે ચડયા છે. તેમને તેમના દાદા ગુરૂ ચારિત્ર સંરક્ષક પ. પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ એ તેમની આજ્ઞામાં જ્યારે આ. શ્રી ભુવનસૂરી – (આ. શ્રી રામચંદ્રસૂરીના શિષ્ય) તથા મુનિશ્રી જિનચંદ્રવિજયજી મ. ને સમુદાય બહાર મુકેલ તેમ કહેવાય છે. પરંતુ પૂ આ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. ની ગેરહાજરીમાં તેમણે ફરી. આ શ્રી ભુવનસૂરીજી મ૦ 'ને સમુદાયમાં સ્વીકારી લીધા? આથી આવા શિથિલાચારીને મોકળુ મેદાન મળી ગયું. તેની સામે તેના સમુદાયમાંથી કદી કોઈએ વાંધો લીધો હોય તેવું જાણવા મળેલ નથી. ત્યારે સહેજે થાય કે તેમાં કંઈ કંઈ કારણો હશે, જેટલા જવાબદાર ગચ્છાધિપતિ છે. તેથી થોડે ઘણે અંશે જવાબદાર આપણા શ્રી સંઘના શ્રેષ્ઠીવર્યશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ કે જૈન રત્નશ્રી રમણલાલ દલસુખભાઈ ને શ્રી જયંતિલાલ રતનચંદ શાહ (જે. આર. શાહ) જેવા પણ જવાબદાર છે. આપણે પૂછીએ કે, 'શું તમારા ઘરમાં કોઈ માણસ આવો ચારિત્રમા શિથિલ હોય તો તેને ચલાવી લેશે? તેને કાઢી નાંખ્યા પછી પાછો રાખશો? આ બધું તમારી નજર સામે બનતું રહ્યું ત્યારે તેના મૂંગા સાક્ષી બની ને આપ સૌએ જોયા જ કર્યું" છે. અને તેના કારણે શું બન્યું છે તેની જો સંપૂર્ણ – નીષ્પક્ષ તપાસ કરશો તો ખ્યાલ આવશે કે આપણા શ્રી સંઘે દ્વારા પોષવામાં આવલી અર્થ લોલુપતા જ આમાં વિશેષ ભાગ ભજવી ગયેલ છે.

શિથિલ અને ધર્મ આચરણનો છડે ચોક ભંગ થતો રહ્યો છે. તે જાણવા છતાં છેલ્લા આઠ-દસ વર્ષથી આ જિનચંદ્ર કે તેવા જ બીજા સાધુઓને આપ ખુલ્લા કરવાને બદલે તેમના જ્યાં ત્યાં ચાતુર્માસો ગોઠવાતા રહ્યા તેને ચેતવવાનો કે અટકવવાને કદી કોઈએ પ્રયત્ન કર્યોનું જાણવા મળેલ નથી તેથી જ આતેલા સાંઢ થઈને જૈનસંઘ પર હાવી થઈ બેઠા છે.

થોડા સમય પહેલા (૯/૧૦ મહિના પહેલા) પ્રથમ મુંબઈના દૈનિક પત્રોમાં સાપ્તાહીકોમાં અને પછી બીજા વર્તમાન પત્રોમાં જિનચંદ્રવિજય માટે કૈશાણી જેઠાણીના પ્રકરણમાં બાબત] જૈન સાધુઓના ચારણીની જેમ અનેક છીદ્રો પેપરોના પાને ચમક્યાં .... યુવાનેએ તેમની સામે મોરચો માંડયો. પણ પરિણામ શું આવ્યું? જે મુનિની બાબત લખાણી હતી તે મુનિને સુધારવાના કે તેમના કપડા ઉતારવાના કોઈ પ્રયત્નો ન થયા. અને તેમની પ્રવૃત્તિ ફરી ફલતી ફુલતી દેખાય છે. અને તેમની પત્રિકામ જણાવેલ છે કે "સ્થપિત હિતો દ્વારા પોતાની અર્થપીપાસા અને અને પોતાના અહંમને પોષવા માટે તેમ જ જૈન શાસનને નહિ પામેલા વિરોધી તત્વો દ્વારા મહાન પરિષહ આવવા છતાં સંયમ માર્ગની રક્ષા કરવા પૂર્વક ભગવત કથીત માર્ગમાં અનતમ...રહેનાર જણાવેલ છે આનાથી વધારે શરમ જનક કઈ વાત હોઈ શકે!

તાજેતરમાં ગુજરાતના જૈનપુરી અમદાવાદ શહેરની બાજુમાં જ આવેલ બાવળા ગામમાં રહેવાતા મુનિ જિનચંદ્ર-વિજયજી દ્વારા ૭૨ જિનાલય યુક્ત સાવત્થી તિર્થના નિર્માણ

# શિથિલાચારી અને દંભી સાધુને પ્રોત્સાહન આપનારા આપણા જૈન સંઘના નામી–અનામી અનેક આગેવાનો છે.!

કાર્ય માટે સંવત ૨૦૪૩ના અષાડ વદ ૧૨ ને બુધવારે દ્વારશાખ સ્થાપવા વિધિ તથા શ્રી પદ્માવતી મહાપૂજન મહોત્સવની જાહેરાત અને શ્રીસંઘ આમંત્રણ પત્રિકા પ્રગટ થયેલ અને તે દિવસે બાવળામાં ૮ થી ૧૦ હજાર લોકો ઉમટી પડેલ. અને મુનિશ્રીએ ભારે મોટી ઉપજ કરેલ. તેમ બોલાય છે.

આવા શિથિલાચારી અને દંભી સાધુને પ્રોત્સાહન આપનારા આપણા જૈનસંઘના નામી – અનામી અનેક આગેવાનો છે. તેમાં તેમની પત્રિકામાં તેમણે બધાના નામો પણ છાપેલ છે આથી સ્વાર્થી અને અંધશ્રદ્ધાળુ વર્ગ ક્યાં રહે છે? પ્રોત્સાહન આપી રહેલ હોય તેમ જ તે પત્રિકામાં પ્રભાવશાળી તારક શુભ નિશ્રામાં દર્શાવતા લખેલ છે (પૂજ્ય ન્યાયામ્ભોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઆત્મારામજી મ૦ સા૦ ના પટ્ટધર નિઃસ્પૃહ શિરોમણી આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મ૦ સા૦ ના પટ્ટધર તેમ જ મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મ૦ સા૦ના શિષ્યરત્ન) પરમ ગીતાર્થ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્વિજય-દાનસૂરીશ્વરજી મ૦ સા૦ના પટ્ટધર કર્મ સાહિત્ય નિષ્ણાત પૂજ્ય આચાર્ય દેવશ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ૦ સા૦ના પટ્ટધર શાસન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ના પ્રથમ પટ્ટાલંકાર પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનસૂરીશ્વરજી મ૦ સા૦ના વિદ્વાન શિષ્યરત્ન સુપ્રસિદ્ધ પ્રવચનકાર શ્રાવસ્થી તીર્થના નિર્માતા પૂજ્ય મુનિ ભગવંત શ્રી જિનચન્દ્રવિજયજી મહારાજ સાહેબ તથા તેઓશ્રીના અંતેવાસી સ્વપ્નશિલ્પી શ્રાવસ્થી તીર્થના ઉપદેશક પૂજ્ય મુનિરાજશ્રી શરદચન્દ્ર-વિજયજી મહારાજના નામે બહાર પડેલ છે. તેનો હજુ સુધી કોઈએ વાંધો–વિરોધ કરેલ નથી. તેનો અર્થ એ જ થાય કે હજુ પણ તેઓ જે તે સમુદાય સાથે અને ગુરુઓ સાથે સંકળાયેલા હોય શકે!

જ્યાં નાથાભારે બની બેઠેલા સ્વેચ્છાચારીઓને આવો છુટો દોર મળી જતો હોય ત્યાં નિર્મળ સંયમ દુર્લભ બને શિથિલાચારને ઉકરડાની જેમ વિકસવાનો માર્ગ મળે એમાં શી નવાઈ? રખેવાળો જ જો ઉંઘણશી બને તો ચોર ચોરી કરવામાં ફાવી જાય એમાં ચોરનો શો દોષ? આમાં વાત તો રખેવાળોનું દુર્લક્ષ ને તેમનાં રહેલા દોષો, અને ઉણપો કે રાજરસાનું કારણ હોઈ શકે? એટલે ધર્મની પવિત્રતાનું જો શિથિલાચારીઓ અપહરણ કરી જાય તો એમાં જેટલો ગુનો શિથિલાચારીઓનો છે એના કરતાં અનેકગણો ગુનો ધર્મના રક્ષક એવા આચાર્ય મહારાજ આદિ ચતુર્વિધ શ્રીસંઘનો છે.

મુંબઈમાં જેઓને માથે ચારિત્રભંગનો આરોપ આવ્યો છે, અને જેમણે સ્વાર્થપરાયણતા, સુખશીલતા અને કંચન કામની ના કુંવાળો–લપસણો માર્ગ અપનાવીને સાધુ વેષનો અનિચ્છનીય ઉપયોગ કર્યો છે, એ સાધુ વેશધારી વ્યક્તિઓને ઉદ્દેશીને કંઈ કહેવું–લખવું એ કેવળ ધાર ઉપર લીંપણ કરવા જેવું છે.

આવા શિથિલાચારના કિસ્સાઓ, જોઈએ તો એક નહીં અનેક છે. કોઈ પ્રગટ છે તો કોઈ અપ્રગટ છે. જે બની રહ્યું છે તે ઘણા જ જાણે છે. જોવે છે. ત્યારે આપણને દુઃખ કે ખેદ થાય અથવા રોષ આવે એ સ્વાભાવિક છે. પણ તેથી આવી શિથિલાચારને માર્ગે વળેલી વ્યક્તિઓને ઉદ્દેશીને ઠપકો આપીએ કે એમની નિંદા કરીએ એનો કોઈ વિશેષ અર્થ નથી. ખરો ખેદ કે રોષ તો આવી આચાર હીનતાને નિભાવી લે અને એની ઉપેક્ષા કરે એવી આપણી સંઘ વ્યવસ્થા અંગે કરવા જેવો છે.

છાપામાં આવેલા અહેવાલ પ્રમાણે મુંબઈના કેટલાક નવયુવાનોએ આવી શિથિલાચારી વ્યક્તિઓ સાધુ જીવનના પવિત્ર વેષનો દુરુપયોગ ન કરે અને બીજા આમના સંઘો એમનાથી છેતરાતા બચે એ માટે તેમને ખુલ્લા પાડવાની હિંમત દાખવેલ તથા એમનો વેશ ઉતારી લેવા પ્રયત્ન કરેલ પરંતુ તે મુંબઈ છોડી ચાલ્યા જતા ગુજરાતના બાવળા ગામે આવી પહોંચતા ગુજરાતના જૈન આગેવાનો કે બાવળા શ્રી સંઘ તરફથી સાવ દુર્લક્ષ સેવીને નવયુવાનોએ દાદ મળી લે તેવી હિંમત પૂર્વકના કાર્યને બળ આપવાને બદલે તેનો સાવ છેદ ઉડાડી શિથિલાચારીને પ્રોત્સાહન દીધેલ છે! અને હાલમાં ત્યાં અષાઢ વદ–૧૨ ના દ્વાર શાખ સ્થાપના મહોત્સવ ભારે દબ-દબા પૂર્વક ઉજવાયેલ જેમાં હજારો જૈન-જૈનેતરોએ ભાગ લીધેલ, આ દિવસના સમાચાર રેડીયો, ટી. વી. અને દૈનિક પત્રોમાં આવેલ તેમજ શ્રાવણ સુદ–૧૪ ના જિનચન્દ્રવિજય-જીના જન્મ દિવસની ઉજવણી ભવ્ય રીતે થયેલ. આ માટે તેમાં લીધેલા ભાગ અને તેમના કાર્યમાં બનેલ સહાયક મહાનુભાવોને શું કહીએ! અને તેમાં કેટલાએક તો જાણીતા નામો છે ત્યારે શું એવું નથી લાગતું કે હવે આપણે ત્યાં સંઘ સત્તા અને ધર્મની આમન્યા જેવું કશું રહ્યું જ નથી. અર્થના સ્વાર્થી સંઘો કે તેના કાર્યવાહકો દ્વારા પૈસાની આવકો વધે કે અંગત સ્વાર્થથી આવા શ્રમણોને નિભાવે છે, તેમના ભક્તો આર્થિક કે બીજા લાભોના લોભે વ્યક્તિપૂજાની મોહક જાળમાં સપડાઈને સંઘ વ્યવસ્થા ઉપર એક પ્રકારનો ફટકો મારવા જેવું જ આ કામ કર્યું છે એમ લાગ્યા વગર રહેતું નથી. જાણે આપણે પોતે ઉઠીને આપણા પોતાના જ હાથે આપણી સંઘ વ્યવસ્થાને વધુ નિર્બળ બનાવી રહ્યા છીએ.

જિનચંદ્રનો આ કિસ્સો તો આવા અનેક કિસ્સાઓમાં-નો એક છે. એટલે એ નવી નવાઈનો કિસ્સો નથી. કદાચ પાત્રો ફેર હોઈ શકે? અને હવે તો આવા અવારનવાર કિસ્સાઓ બનતા હોવાથી એવા કિસ્સાઓથી શાસન માટે શરમ કે આઘાત અનુભવવાની બાબતમાં પણ આપણે રીઢા બનતા

કરીએ છીએ. અને આપણો શ્રમણ સમુદાય કે શ્રીસંઘો 'એવું તો ચાલ્યા કરે' તેમ મન વાળીને નિષ્ક્રિય બેસી રહેવા ટેવાતો થયો છે. જે શાસનના ભાવી માટે વિશેષ ચિંતા ઉપજાવે તેવી આ બીના છે.

આવા પ્રસંગોની અનિચ્છનીયતા અને ભયંકરતા આપણે સમજીએ કે ન સમજીએ એટલા માત્રથી કંઈ એમાં રહેલું અનિષ્ટ તત્ત્વ દૂર થઈ જતું નથી, દોષને સ્વીકારીએ કે ન સ્વીકારીએ, અથવા એને ઢાંકવાનો પ્રયત્ન કરીએ તોપણ જ્યાં સુધી એ દોષને શોધીને આપણે નાબૂદ ન કરીએ ત્યાં સુધી એના દુષ્પરિણામથી આપણે બચી શકતા જ નથી. ભલે પછી એ માઠું પરિણામ તત્કાળ આવે કે કાળાંતરે આવે. આવા કમનસીબ કિસ્સાઓને વધવા દઈને આપણે એના નુકશાનમાંથી કેવી રીતે બચી શકવાના છીએ? જેવું વાવીએ તેવું લણ્યા વગર ચાલતું જ નથી.

વર્તમાનની સ્થિતિ ઉઘાડી બુદ્ધિથી આપણા સંઘ અને ધર્મની વર્તમાન શોચનીય સ્થિતિને સમજવા–સ્વીકારવા તૈયાર હોઈએ તો ભૂતકાળના ચૈત્યવાસને સારો કહેવરાવે એટલી હદે આપણી આચાર જ્ઞાન, તપ, અને ત્યાગ તરફથી વિમુખતા વધી ગઈ છે; અને એમાં આપણા શ્રી સંઘો અને કર્તા અર્થલોભમાં અને રાગમાં એવા તો સપડાઈ ગયા છે કે સાધુ–સમુદાયના શિથિલાચારના દૂષણને પાળતા–પોષતા થયા છે. જે જૈન ધર્મના મૂળને જ હચમચાવી મુકેલ છે. ને ત્યાગ અને સંયમ-ધર્મ વધુ ને વધુ દુર્લભ બનતાં જાય છે.

આ માટે શું કરવું? કેવો રસ્તો લેવો? કે જેથી શ્રી સંઘનો વ્યવહારને વહિવટ પણ ચાલે અને શ્રમણ સંઘની પવિત્રતાને ધર્મસાધના પણ ચાલુ રહે તે માટે વિચારણાની તાતી જરૂરત છે. અને તે માટે જૈન ધર્મના હિતેચ્છુઓ–અનુભવી ધર્મગુરુઓ, કાર્યકરો તેમના વિચારો વ્યક્ત કરશે તો અમો તેમને આવકારશું ને પત્રમાં સ્થાપના આપીશું.

---

નોંધ :– હાલમાં જ જાણવા મળેલ છે કે આ બાવળાના બંને મુનિરાજો ઉપર જૈન ધર્મના સિદ્ધાંતો વિરૂધનું આચરણ કરીને જૈન સમાજને સંક્ષોભિત હાલતમાં મુકાવું પડે તેવા કૃત્યો કરવાને કારણે મુંબઈ શહેર છોડીને હાલતમાં અમદાવાદ જિલ્લાના બાવળ ખાતે મુકામ કરી રહેલા મુની જીનચંદ્રવિજયજી તેમ જ મુનિ શ્રી શરદચંદ્ર વિજયજીના વિરૂદ્ધમાં, તેમની હસ્તકના ટ્રસ્ટોની વિશાળ સંપત્તિનો વહિવટકર્તા ટ્રસ્ટીઓની કામગીરી સામે મનાઈ હુકમ ફરમાવવાની દાદ માંગતા બે જુદા જુદા દાવા નારોલ (અમદાવાદ) ખાતેની જીલ્લા અદાલતમાં કરવામાં આવ્યા છે

આ દ.વે. ડૉ સુરેશચંદ્ર ઝવેરી અને બીજાએ બે જૈન સમાજ-વતી કર્યા છે. જેની વિગતો અમે હવે પછી આપશું.

આ કેસ દાખલ થતા અમોએ પાલીતાણા આચાર્યશ્રી વિશાળ સેન સૂરીશ્વરજી મ૦ આદીની મુલાકાત લીધેલ તેની વિગતો પણ આપશું. અને અમારી ઉપર આવેલા ધમકી પત્રો, વિ. આપશું.

---

## ઉદયપુર : દેરાસરની સાલગીરી

પૂ. આ. શ્રી ભુવનસૂરીશ્વરજી મ. પૂ. પં. શ્રી રત્નાકરવિજયજી મ. આદીની નિશ્રામાં શ્રી ભંવરલાલ સિંઘટવાડિયાના શ્રી સહસ્ર ફણા પાર્શ્વનાથજીના જિનમંદિરના પ્રાંગણમાં શ્રી સુવિધિનાથ પ્રભુના દેરાસરની સાલગીરા પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યરીતે ઉજવાયેલ.

આ પૂજ્યશ્રીની નિશ્રામાં જ રાજનગર–રાજસમંદમાં શ્રી સુવિધિનાથ પ્રભુના મંદિરની પ્રતિષ્ઠા ભારે ઉત્સાહ અને મહોત્સવ સહ થયેલ. આ મંદિરના નિર્માણ–પ્રતિષ્ઠા આદિમાં શ્રેષ્ઠીવર્ય શ્રી ભંવરલાલ સિંઘટવાડિયાએ ભાવોલ્લાસપૂર્વક લાભ લઈ ધર્મમય પ્રભાવના કરેલ છે. શ્રી સંઘ તરફથી બહુમાન સાથે અભિનંદન પત્ર અપાયેલ.

## સન્માન સમારોહ : દિલ્લી

જૈનધર્મ, સમાજ તેમ જ રાષ્ટ્રની સેવામાં રત સૌજન્યમૂર્તિ શ્રી શાંતિલાલ વનમાળીદાસ શેઠે યશસ્વી ૭૫ વર્ષ પૂર્ણ કરતાં, તેમનું જાહેર સન્માન શ્રી મોહનલાલ જૈન વિદ્યા પ્રસારક સમિતિ તેમ જ અનેક સંસ્થાઓના ઉપક્રમે દિલ્લી ખાતે ગુજરાતી સમાજના શાહ ઓડિટોરિયમમાં ડૉ. દૌલતસિંહ કોઠારીના પ્રમુખપદે સમારોહ યોજી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રીમતી વિદ્યાબહેન શાહે સમારોહનું ઉદ્ઘાટન, પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાએ નિધિ સમર્પણ અને શ્રી પ્રેમચંદ જૈને ગ્રન્થ વિમોચન કર્યું હતું. તેમ જ જૈનોના ચારેય ફિરકાના આગેવાનો, વિદ્વાનો, કાર્યકરો તથા અનેક જૈનેતર અગ્રણીઓએ ઉપસ્થિત રહી શ્રી શાંતિભાઈની વિવિધલક્ષી–દીર્ઘ સેવાને બિરદાવી હતી.

## શતાબ્દી મહોત્સવ : સમાઘોઘા (કચ્છ)

શ્રી સમાઘોઘા છ કોટી જૈન સંઘ અને મહાજનની રાહબરી નીચે લીંબડી સંપ્રદાયના પૂ૦ પં. શ્રી ભાવચંદ્રજી સ્વામી, પૂ૦ શ્રી બાહુ મુનિજી તથા વિદૂષી શ્રી સૂરજબાઈ મહાસતીજી આદિ ઠા. ૧૦ ની સાંનિધ્યમાં સ્વ. શ્રી રતનબાઈ મહાસતીજીના શતાબ્દી વર્ષને અનુલક્ષી ભવ્ય મહોત્સવનું આયોજન કરાતાં સ્વ મહાસતીજીના ૮૨ વર્ષના ઉચ્ચ ત્યાગમય સંયમજીવનની અમર સ્મૃતિને આલેખતા 'રત્ન સાગર' ગ્રન્થનું પ્રકાશન, વ્યાખ્યાન સદન નં. ૧ અને ૨ નું ઉદ્ઘાટન, ૩૦૦ બાલક–બાલિકાઓને સ્કૂલ યુનિફોર્મનું વિતરણ, વર્ષીતપના ૧૧૫ આરાધકોનું બહુમાન, જીવદયા ટીપ, મહોત્સવના સાતે દિવસ સાધર્મિકવાત્સલ્ય, ગાયોને ઘાસચારો અને પંખીને ચણ, સમગ્ર ગામધુમાડો બંધ (જમણવાર) તેમ જ મથડાનિવાસી કુ. જયશ્રીબેન ભાઈલાલ ગાંધીની ભાગવતી દીક્ષા મહોત્સવ અપૂર્વ રીતે યોજાયેલ.

## ઘોટીલા : શ્રી પંચાહ્નિકા મહોત્સવ

પૂ. શાંત મૂર્તિ મ, મુનિશ્રી મુનીન્દ્રસાગરજી મ. તથા ઉપાધ્યાય શ્રી નરેન્દ્રસાગરજી મ. ની નિશ્રામાં ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી દેવેન્દ્ર સાગરસૂરીશ્વરજી મ. ના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી સંઘ તરફથી શ્રી પંચાહ્નિકા મહોત્સવ શ્રાવણ સુદમાં ઉજવવામાં આવેલ.

## અમદાવાદ--જૈન સંઘની અગત્યની મીટીંગ

અમદાવાદ શહેરના વિકાસ સાથે સોસાયટીઓ વધતા દરેક સ્થળોએ અલગ અલગ વહીવટી શ્રી સંઘોની રચના થતી રહેલ અને તે દરેકનો વહીવટ અલગ અલગ થતો રહેલ છે, ત્યારે સમગ્ર જૈન સંઘોને સ્પષ્ટતા પ્રશ્નો અંગે વિચાર વિનિમય તથા જરૂરી પ્રવૃત્તિ થઈ શકે તે માટે તા. ૧૫–૮–૮૭ના અમદાવાદના દહેરાસરો તથા ઉપાશ્રયોના ટ્રસ્ટીઓની એક મિટીંગ શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈના પ્રમુખસ્થાને મળેલ.

જેમાં શાસનના નાના–મોટા પ્રશ્નોની ચર્ચા વિચારણા થયેલ અને અમદાવાદ શ્રી સંઘોના પ્રતિનિધિરૂપ એક મહાસંઘ સ્થાપવા વિચારણા થયેલ દરેક શ્રી સંઘોના સોસાયટીના બે–બે પ્રતિનિધીની જનરલ બોડી બનાવવાનું નક્કી થયેલ.

તેમજ સર્વાનુમતે એવો નિર્ણય થયેલ કે તે વર્તમાનમાં દુષ્કાળ અંગે ખૂબ જ વિષમ પરિસ્થિતિ હોય આથી અમારી સકલ સંઘોને વિનંતી છે કે, પર્યુષણ મહા પર્વમાં તથા સામાજિક પ્રસંગોમાં જમણવાર વિ. અન્ય ખર્ચ કરવાને બદલે જીવદયાના ક્ષેત્રમાં તે રકમ વાપરવાની ખૂબ આવશ્યકતા છે. આજે વર્તમાનમાં જીવદયાએ મહાન શાસન પ્રભાવના છે.”

આ નિર્ણય કરીને અમદાવાદ શ્રી સંઘે તેમનું વડ-પણ પુરવાર કરી ખરા સમયે માર્ગદર્શક નીર્ણય કરેલ છે. અને આના પરીણામ સ્વરૂપ જ પ્રાયઃ ગુજરાત ભરના બધાય શ્રી સંઘોએ પર્યુષણ પર્વનો સંઘજમણ બંધ રાખી જૈનોની જ્યોત જાગૃત કરાવી છે.

અમદાવાદ શ્રી સંઘના કાર્યવાહકો વધુ સક્રીય બની શાસન પ્રશ્ને આગવું માર્ગદર્શન પ્રદાન કરશે તેમ સૌ કોઈ ઇચ્છે છે.

## દુષ્કાળ નિવારણ અર્થે

## ભારત ભરના જૈન સંઘોમાં તપયજ્ઞ.

દેશ ઉપર કુદરતી આફતરૂપ દુષ્કાળના સંકટમાં સપડાયેલા અબોલ પ્રાણીઓને બચવવાનું સામર્થ્ય અને બળ મેળવવા ભારતભરના શ્રી સંઘો દ્વારા તથા દરેક સમુદાયના ગચ્છાધીપતિ આચાર્ય ભગવંતો દ્વારા તથા આગેવાનો દ્વારા અભયદાતા શ્રી અરિહંત પરમાત્માની વિશિષ્ટ ભક્તિ અને સકલ કર્મ વિદારક તપધર્મની આરાધના દરેક જૈનભાઈઓ પોતપોતાના સ્થાને સમુહ શ્રાવણ વદ ૮ ને રવિવારના આયંબિલ તપની મંગળ આરાધનામાં જોડાવવા વિનંતિ.

કરતા દરેક સ્થાનોમાં હજારોની સંખ્યામાં આરાધકો જોડાયેલ અને અખંડ જાપ કરાયેલ. બાદ ગુજરાતમાં અમુક વિભાગમાં જ્યાં સાવ વરસાદ નહોતો થયેલ ત્યાં વરસાદ થયાના સમાચાર મળેલ છે.

બૃહદ્ જૈન જગત

—દિગમ્બર જૈનાચાર્યશ્રી દેશભૂષણજી મહારાજ, ૯૮ વર્ષની વયે, શ્રુતિગિરિ ( કર્નાટક ) ખાતે તા. ૨૮–૫ ૮૭ ના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

—પૂ૦ આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિજી મ૦ લિખિત જગપ્રસિદ્ધ ' શ્રી રાજેન્દ્ર અભિધાન કોષ ' ની બીજી આવૃત્તિનું વિમોચન, પૂ૦ આ૦ શ્રી જયન્તસેનસૂરિજી મ૦ ની નિશ્રામાં, ઇન્દોર ખાતે, તા. ૨૮–૬–૮૭ ના એક ભવ્ય સમારોહ પૈકી કરવામાં આવેલ.

## નવસારી મહાવીરનગરમાં સિદ્ધિતપની તપશ્ચર્યાની અપૂર્વ આરાધના

અમારા શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી શાસનજ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. ના શિષ્યરત્ન પરમયોગી આગમવિશારદ પૂ. પંન્યાસપ્રવર ગુરુદેવ શ્રી અભયસાગર મ. ના શિષ્યરત્ન વ્યાખ્યાન વિશારદ પૂ. પંન્યાસપ્રવર શ્રી અશોકસાગરજી મ. તથા તેઓના શિષ્ય સંગીતવિશારદ પૂ. ગણિવર્ય શ્રી જિનચંદ્ર સાગરજી મ. તથા પૂ. ગણિવર્ય શ્રી હેમચંદ્ર સાગરજી મ. આદિ ઠાણા ૧૪ બિરાજમાન છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર તેમજ સુકૃતસાગરના માધ્યમે પૂજ્ય શ્રી પ્રતિદિન વ્યાખ્યાન ફરમાવે છે. દર રવિવારે વિવિધ વિષયો પર જાહેર પ્રવચન પણ થાય છે. પ્રભાવશાલિની પુજ્યશ્રીની વાણીએ અભૂતપૂર્વ પ્રેરણાની પરબ માંડી છે એના પરિણામે અમારા સંઘમાં કલ્પનાતીત આરાધનાઓ અને અપૂર્વ અનુષ્ઠાનોનો અનુઠો રંગ ઉભર્યો છે.

ઉપાધ્યાયપદની આરાધના દીપકવ્રતના એકાસણા અને શ્રી નવકારની નવદિવસીય સામુહિક આરાધના આદિ અનેરા ઉછરંગ સાથે થયા...

પણ...એમાં ૪૪ દિવસની લાંબી અનેક કઠીન સિદ્ધિતપની આરાધનાએ તો સમજો એક ચમત્કાર જ સર્જી દીધો છે.

સિદ્ધિતપ જેવી કઠોર અને સુદીર્ઘ આરાધના માટે પંચાવન પંચાવન પુણ્યાત્માઓ તૈયાર થાય એ સહુ માટે આશ્ચર્યકારી ઘટના છે.

પ્રખરતાપની અસહ્ય ગરમીમાં પણ એ મહાન પુણ્યાત્માઓ આરાધનાને મક્કમતાથી વળગી રહ્યાં અને આજે એના ઓવારે બેઠી રહ્યા છે.

વધુ ખુશીની વાત તો એ બની કે ચતુર્વિધ સંઘના આરાધનામાં સંમિલિત છે. પ્રખરવ્યાખ્યાતા પૂ. ગણિવર્ય શ્રી ચંદ્રોદયસાગરજી મ. ના શિષ્યરત્ન પૂ. તપસ્વી મુનિરાજ શ્રી અમીસાગરજી મ. ૮૧ વર્ષની જૈફ વયે અને અત્રે બિરાજમાન વિદુષી પૂ. સાધ્વી શ્રી મનકશ્રીજી મ. ના પ્રશિષ્યા સૌમ્યધર્માશ્રી મ. પણ આ આરાધનામાં સ્થાન સંભાળી રહ્યા છે.

સુદીર્ઘ કાલીન આ આરાધનાની પુણ્ય અનુમોદનાર્થે અમારા શ્રી સંઘે અતિ-ભવ્ય આયોજન પૂર્વક ભા. સુ. ૬ થી ભા. સુ. ૧૫ સુધીનું મહોત્સવ સાથે યોજાયેલ

વચમાં ૧૬ મી ઓગષ્ટના રોજ પરમયોગી આગમવિશારદ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ૦ ના અનુરાગી ભક્તવર્ગનું સ્નેહ સંમેલન પણ સુંદર અને પરિણામલક્ષી ઉપજ્યું.

સાધર્મિક–ભક્તિ જીવદયા આદિ માટે પણ સંઘે સારો એવો ઉત્સાહ દાખવી રહેલ છે. ને પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના પણ ખૂબ જ ઉમંગથી થયેલ છે.

નવસારીના ઇતિહાસમાં સર્વપ્રથમવાર સમસ્ત શ્રી સંઘનો સંઘે ચૈત્યપરિપાટી સાથે ભા. સુ. ૬ ના તપોવન દર્શન પધારેલ.

રાજકોટ : પૂ. પન્યાસ શ્રી કલ્યાણસાગરજી મ. તથા મુનિ શ્રી રાજતિલકસાગરજી મ. ની નિશ્રામાં પૂ. ગચ્છાધિપતિ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. ના સમાધિપૂર્વકના કાળધર્મ નિમિત્તે શ્રી રાજકોટ સંઘ તરફથી શ્રી ભક્તામર પૂજન સહિત શ્રી પંચાન્હિકા મહોત્સવ શ્રાવણ સુદમાં ભવ્યરીતે ઉજવવામાં આવેલ.

# ભરૂઅચ્છહી મુણિસૂવ્વયં

લેખક પરમપૂજ્ય આ. શ્રી વિજયલબ્ધિ વિક્રમસૂરિ
પટ્ટધર પૂજ્ય આચાર્ય શ્રી વિજયરાજયશસૂરિશ્વરજી મ. સા.

૧૧ા લાખ વર્ષ પ્રાચીન આ તીર્થનો ઈતિહાસ જ્યારે કોઈ પણ વાંચે છે ત્યારે તેની રોમરાજી વિકસ્વર બની નૃત્ય કરવા લાગે છે. તીર્થાધિરાજ ભરૂચ એક વિરાટ ઈતિહાસને પોતાનામાં સમાવીને બેઠો છે. અરે ! નર્મદાના તટે વિકસેલા આ તીર્થની પાસે તો સંસ્કૃતિના ઈતિહાસ અને પ્રકાશના અદ્ભુત સંભારણાં ભર્યાં પડ્યા છે...અત્યારે તો તમે આ તીર્થના વર્તમાન મૂળ નાયકની સામે નજર કરો....જે પુણ્યાત્માએ આ પ્રભાવશાળી શ્યામ પ્રતિમા જોઈ છે તેઓએ ખરેખર એક અદ્ભુત લાભ મેળવ્યો છે. ભવ્ય જિનબિંબો દેખતાની સાથે જ આકર્ષક લાગતા હોય છે. દર્શન કરતાં જ તન મન સ્થિર થઈ જાય છે. પણ સંસારી ધમાલી આત્મા થોડી જ વાર તે મઝા મેળવી પાછા પોતાના કાર્યમાં ગરકાવ થઈ જાય છે. ખરેખર તો આવા જિનબિંબોના સાંનિધ્યમાં એકાગ્ર ચિત્તથી જો ૪૮ મિનિટ જેટલો સમય ગાળી શકાય તો કોઈક અલૌકિક તત્ત્વની પ્રાપ્તિ થતી હોય છે. તમે શું મેળવ્યું છે તે કોઈને કહી શકો કે નહીં તે મહત્ત્વનું નથી પણ મહત્ત્વ એ અમૃતમય સમયમાં પ્રાપ્ત થયેલ અનુભૂતિનું છે. દાદા મુનિસુવ્રતસ્વામીની સમક્ષ આવી અનેક અનુભૂતિઓ આ વખતના રોકાણ દરમ્યાન થઈ. પહેલાં પણ આવો અનુભવ થતો હતો. દાદા શંખેશ્વર પાર્શ્વનાથ અને શત્રુંજય ના આદીશ્વર ભગવાન પાસે આવી આનંદમયી લહેરો વહી જતી હતી. જીવનની આ ધન્ય ક્ષણો હોય છે.

આ મહાતીર્થ તીર્થમાં પ્રભુ મુનિસુવ્રતદાદાની અલૌકિક પ્રતિમા તો છે જ ! પણ શ્રી ભક્તામર જિનાલયના મૂળ નાયક શ્રી આદીશ્વર ભગવંત, શ્રી કલ્પદ્રુમ ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન, શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન તેમજ પંચધાતુની સુવર્ણમયી લાગે તેવી શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિમા અદ્ભુત શક્તિ ધરાવે છે. જ્યારે આ પ્રતિમાજી પ્રતિષ્ઠા બાદ ગાદી પર બિરાજમાન થશે ત્યારે આ શક્તિ જાણે શતધા સ્ફુરીત થઈ રહી છે તેવું લાગશે.

તીર્થાધિરાજ ભરૂચમાં આ ભવ્ય પ્રતિમા સિવાય પ્રભુ આદીશ્વર મંદિરના મૂળ નાયક તથા ધર્મશાળાના ઉપરના ભાગમાં બિરાજમાન શ્રી પદ્મપ્રભ ભગવાનની પણ પરમ આહ્લાદદાયી મૂર્તિઓ છે. એક ધાતુની વિલક્ષણ પ્રતિમા છે, જેણે મારા મન પર કબજો જમાવ્યો છે. બીજી ધાતુની એક પ્રતિમા ખૂબ જ સંરક્ષણીય છે. પ્રભુ પાર્શ્વનાથ ભગવાન અને તેમના અધિષ્ઠાયકો શ્રી ધરણેન્દ્ર તથા પદ્માવતી સહિતની એક અનોખી પ્રતિમા છે. પ્રતિમાજીના દર્શને જ બધું સમજાઈ જાય તેમ છે. અત્રેની ઘણી પ્રતિમાઓ જમીનમાંથી ચમત્કારિક રીતે પ્રાપ્ત થયેલ છે. પદ્મપ્રભ ભગવાન તરીકે પૂજાતી એ પ્રતિમા એક ખેતરમાંથી મળી આવેલ છે. તીર્થાધિરાજ ભરૂચનો ઈતિહાસ કમનીય...અનુમોદનીય છે પણ આજે તો મારા માટે મનનીય બની ગયેલ છે. જિન પ્રતિમાઓનો જ મેં ઉલ્લેખ કર્યો છે પણ હજી મારે તમને આ તીર્થાધિરાજની ઘણી ઘણી વાતો કરવી છે તે આગળ કરાશે.

પૂ. ગુરુદેવ હોત તો મારે ભક્તામર સામૂહિક રીતે બોલવાનું હોત નહીં. એ વાર તો થયું પ્રતિદિન આટલો સમય થશે ? પણ તે જવાબદારી આવતામાં જ આત્મામાં જિન ભક્તિના પ્રવાહે જોર પકડ્યું. રોજની થતી 'રક્ષ રક્ષ જિનેશ્વર'ની પ્રાર્થનામાં તો મને પૂજ્ય ગુરુદેવ જ એ ગાથાઓ બોલી રહ્યા હોત તેવું લાગે છે સાથે જ તેઓશ્રીની રક્ષ...રક્ષની ભાવના કેવી ઊંડી હતી તે તેઓશ્રીની સેવા જાણી હોવાના કારણે મને એ સરળ હૃદયનું પવિત્ર ઉંડાણ તો પવિત્ર બની પ્રભુ પાસે કરગરી ઊંડર પ્રેરે છે કે દેવ ! અત્યાર સુધીના મારા બધા રક્ષક ભક્ષક બન્યા છે. અને તું જ ભક્ષક બનીશ તો વાંધો નથી. પણ તું મારો નહીં મારા દુર્ગુણોનો ભક્ષક બનવાનો છે તે ખાત્રી છે તે સાથે જ ભક્તામરની ગાથાઓમાં કોઈ વાર અનેરી લીનતા જાગે છે. ઉપકાર કર્યો છે પૂ. ગુરુદેવે કે જિનભક્તિની એક લ્હાણી સમી આરાધના તેઓએ આરંભી અને મને, અમને સહુને એ પરંપરામાં પવિત્ર થવાનું પુણ્ય પાથેય મળ્યું. બસ, આ ભક્તામર દરમ્યાન દાદા મુનિસુવ્રત જાણે સાક્ષાત્ હોય તેવી આભાસિકા મન પર છવાઈ જતી હતી. પ્રભુની એ ભક્તિના સહજભાવથી બે ચાર શ્લોકો પણ બની ગયા છે

એક સંભાવના હતી આ વૈશાખ સુદ હતી. આ તીર્થાધિરાજની પ્રતિષ્ઠા કદાચિત થઈ ચૂકી હોત પણ....ભવિતવ્યતા ગજબ, હવે તો ભરૂચનો સમસ્ત સંઘ એક જ વાત પર આવ્યો છે, થાય તેટલું જલ્દી જ કાર્યપૂર્ણ કરીને આગામી વર્ષે સારામાં સારા મુહૂર્તે આ મહાન તીર્થની પ્રતિષ્ઠા કરાવવી છે.

તમે સહુ પણ નિત્ય પ્રભાતે જગચિંતામણિ બોલતા 'ભરૂઅચ્છહિં મુણિસુવ્વય' બોલતા જ હશો. બસ, હવેથી આ પાઠ બોલતાં જ તે દાદામુનિસુવ્રતને નવા જિનાલયમાં ભવ્ય પબાસણ પર ભવ્યાતિભવ્ય પરિકરથી યુક્ત થઈ બિરાજમાન થઈ ગયા હોય તેવા ભાવે દર્શન કરજો. એક અનેરી સંકલ્પશક્તિ ભાવિને આ મહાન કાર્યના સહભાગી બનાવી પાવન કરશે.

આગામી વૈશાખ વદ-૮ મુનિસુવ્રત સ્વામીનું જન્મ કલ્યાણક આવે છે. આ જન્મ કલ્યાણકની ઉજવણીએ દાદા ગાદી પર બિરાજમાન થતા નથી પણ આવતા જન્મકલ્યાણકની ઉજવણી તો દાદા ગાદી પર બિરાજમાન થયા પછી થશે તેવો સહુનો સંકલ્પ છે. ભાવિમાં આજ વૈશાખ વદ-૮ કદાચ મુનિસુવ્રતના મેળાનો મહાન દિવસ બની જાય. અત્યારે તો આ તીર્થના મૂળનાયક પ્રભુ મુનિસુવ્રતસ્વામીને એક જ યાચના કરું છું. ઓ...મુનિક સુવ્રત ! તું મને સાચો મુનિ બનાવ ...તું મને નિરતિચાર રીતે વ્રતો પળાવ.

☆ ☆ ☆

આ ભવ્ય પ્રાચીનતીર્થમાં તમારું કે તમારા શ્રી સંઘનું એક શાશ્વત સંભારણું રહી જાય તેવી અનુપમ યોજના માટેની માહિતી માટે સંપર્ક સાધો.

: જિર્ણોદ્ધાર કર્તા :

**શ્રી જૈનધર્મ ફંડ પેઢી—ભરૂચ**

શ્રી અખિલ ભારતીય તીર્થવિકાસ સમિતિ
શ્રીમાળી પોળ, ભરૂચ-૩૯૨૦૦૧ ( ગુજરાત )

Regd. No. : GBV-20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR.364001 (Gujarat)
Tele c/o. 9919 R c/o. 28857

# જૈન

| | | |
|---|---|---|
| સ્વ. તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ<br>તંત્ર : મુદ્રક : પ્રકાશક :<br>મહેન્દ્ર ગુલાબચંદ શેઠ<br>જૈન ઓફિસ, દાણાપીઠ પાછળ, ભાવનગર | વર્ષ ૮૪<br>'જૈન'<br>અંક : ૨૩ | વીર સં. ૨૫૧૩, વિ. સં. ૨૦૪૩ આસો સુદ<br>તા. ૨૫ સપ્ટેમ્બર ૧૯૮૭ શુક્રવાર<br>મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી<br>દાણાપીઠ પાછળ, ભાવનગર ૩૬૪૦૦૧ |

# શ્રી સરસ્વતીના સુયોગ વિદ્યા તીર્થને રક્ષો!

: લેખક :
નીતીન ર. દેસાઈ

વ્યક્તિઓના સરવાળા એ જ જીવન, પરસ્પરોપગ્રહ તે જ મરણ જીવનનું અસ્તિત્વ ટકે છે પરસ્પર ઉપકારમ. परस्परोपग्रहो जीवानाम्। (તત્ત્વાર્થસૂત્ર, ૫ - ૨૧)

કેવળ નોકરીની જ ઉપયોગિતાવાળી ઠરેલ ગણાતી 'આધુનિક' શૈક્ષણિક વ્યવસ્થાએ સંસ્કૃતિ નહિ પણ વિકૃતિ પુરવાર થઈ છે, કારણ કે મૂળથી જ તેમાં માનવ–ઇતિહાસના ઉત્તમ મૂલ્યો દાખલ કરવાનું ચૂકી જવાયું હતું. આજે પ્રાચીન અને નવીનના સમન્વયની જરૂર સમજાવા લાગી છે.

સ્વાતંત્ર્ય પછીના ભારતે પણ આ સમન્વય પુરુષાર્થ કરવો જ પડશે એની પાસે તે સમૃદ્ધ ભૂતકાળ એવો છે કે આજના આખા જગતને માર્ગદર્શન પૂરું પાડી શકે. ભારતના શૈક્ષણિક કાર્યક્રમમાં, તેના અનેક વૈવિધ્યસભર પ્રાચીન ગ્રંથોમાં સચવાયેલું પ્રૌઢ જ્ઞાન પ્રકાશવા માટેની વ્યાપક સુવિધા હોય તે જરૂરી છે.

જૈનોમાં વિદ્યાને 'શ્રુતદેવતા' કહી છે. દયા અને અહિંસારૂપી ધર્મનો પાયો પણ જ્ઞાન છે. એક આગમે પોતાના જ્ઞાન અને અનુભવના સારરૂપે કહ્યું છે. 'પહેલું જ્ઞાન, પછી દયા.' અને ખરેખર જૈનોએ– મુખ્યત્વે શ્રમણોએ જૈન–જૈનેતર એ સર્વ કોઈ વાઙ્મયના અધ્યયન–સંશોધનમાં સમગ્ર રીતે માટે સદીઓથી અસંખ્ય જ્ઞાનભંડારો સાચવ્યા છે વિકસાવ્યા છે. એ જો પરદેશી અસ્મિતાને આપણી શોધમાં આ ભંડારો ઘણા ખપના છે.

ગુજરાતના છેલ્લા અર્ધી સદીના ઇતિહાસમાં સ્વ. મુનિશ્રી પુણ્યવિજયજીનું અખંડ વિદ્યાકાર્ય આધુનિક ગુજરાતનું સૌભાગ્ય ગણાય એવું તેજસ્વી છે. એમનાં શીલ, વિદ્યાનિષ્ઠા અને આડંબર ત્યાગને લીધે પ્રબુદ્ધ જૈન વ્યક્તિઓ અને સંઘોનાં અનન્ય વિશ્વાસ અને શ્રદ્ધા તેમણે મેળવેલાં વિદ્યાકાર્ય સાથે બરોબર મેળ બેસાડતા એમણે મુનિના આચાર ધર્મનાં પણ વિવેકી પરિવર્તનો કરેલાં. એમના તેજસ્વી ગુરુ પાસેથી મળેલા પ્રાચીન ગ્રંથો તા સંશોધન–સંપાદનની અને ભંડારો જાળવવાની કળાને તેમણે વિકસાવી. અનેક જૈન સંઘોએ પોતપોતાના ભંડારો તેમને સોંપ્યા. એ બધાને એક સ્થાને વ્યવસ્થિતપણે સાચવવાના નિર્ધારથી જન્મ્યું. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર. ગુજરાતના સ્વ. દૂરદેશ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની લક્ષ્મીનો એમને યોગ એ સંસ્થાનો ઉદ્દેશ છે વિપુલ હસ્તપ્રત સામગ્રીનું વ્યવસ્થાપન, સંકલન, શોધન, સંપાદન, પ્રકાશન અને તુલનાત્મક અધ્યયન. એના પ્રથમ નિયામક તરીકે દર્શનશાસ્ત્રના યશસ્વી વિદ્વાન પં. દલસુખભાઈ માલવણિયાને નિમંત્રીને ઈ.સ. ૧૯૫૫માં એ સંસ્થાનો સુદૃઢ પાયો નાખ્યો. આજ સુધી એનું વિદ્યાકાર્ય તેજસ્વીપણે ચાલતું આવ્યું છે–ભલે કે સગવડો ઓછી હોય. અત્યાર સુધીનાં પ્રકાશનોની સંખ્યા સોનો આંકડો વટાવી ચૂકી છે એમાંના અનેક પ્રાકૃત–સંસ્કૃત–અપભ્રંશ ગ્રંથોનું પ્રકાશન પ્રથમ વાર જ થયું છે. ઉપરાંત નિયમિત રીતે વાર્ષિક વ્યાખ્યાનો, લિપિ–હસ્તપ્રત–સંપાદનના વર્ગો, મનભર જ્ઞાનગોષ્ઠિઓ ઇત્યાદિ વિદ્યારોચક પ્રવૃત્તિઓ આ શાંત, વિશાળ, સુરમ્ય સ્થાનમાં ચાલી રહી છે. ભારત ભરમાં મુખ્યત્વે જૈન ધર્મ–સંસ્કૃતિ–સાહિત્યને કેન્દ્રમાં રાખતી જૂજ સંસ્થાઓમાંની આ એક છે. ગુજરાતમાં તો આવા ઉચ્ચસ્તરીય સંસ્થાઓમાં તે પ્રથમ છે. અત્યારે સામાન્ય જૈન–જૈનેતર નાગરિક ભલે આ સંસ્થા સાથે સીધું સગપણ બાંધી ન શકતો હોય, પરંતુ ભાવિ પેઢી જૈન–જૈનેતર એવી સમગ્ર ભારતીય સંસ્કૃતિના પુનર્જીવનમાં આવાં સંસ્થાઓનો ફાળો અનન્ય જ સિદ્ધ થવાનો છે.

છેલ્લા કેટલાક વર્ષોથી આ સંસ્થા થોડીક બેચેનીમાંથી પસાર થઈ રહી છે. એ માટે જવાબદાર પરિબળોનું પૃથક્કરણ કરીને એના સુદીર્ઘ કાલીન યોગક્ષેમ અંગે થોડું ચિંતન પ્રસ્તુત કરવા આ નોંધ લખવામાં આવે છે. જાગૃત જૈનો અને સર્વ કોઈ વિદ્યાપ્રેમીઓ પણ આ ચિંતનમાં ભાગીદાર થઈ સંસ્થાની એવી વૃંદનું નિમિત્ત બનશે એવી આશા છે.

સમસ્યા કંઈક અંશે કર્મચારીઓ તથા સંચાલક મંડળ વચ્ચે ઊભી થયેલી અવિશ્વાસની ખાઈને લીધે જન્મી છે. સંસ્થાએ ઉપાડેલા કામની ગુણાનુરૂપ મહત્તા સાક્ષાત્ અનુભવને પ્રામાણિકપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો સંસ્થાની અને પાંખો વચ્ચે ગાઢ સહયોગનો સંબંધ સ્થપાશે

શકે એમ છે, [illegible]ને તો ભૌતિક પ્રશ્નોનું સમાધાન સરળતાપૂર્વક થઈ શકે એમ છે, સ[illegible]નિષ્ઠ પ્રયત્નથી બંને પક્ષના અભિગમમાં જે પ્રાસંગિક કે એકાંગિતા સં[illegible]ચિતતા પ્રવેશી હોય તે દૂર કરી શકાય અને એ રીતે બંનેના હિત વચ્ચે રહેલો [illegible] અવિરોધ ઉપસાવી શકાય. આ કારણથી એમ પણ લાગે છે કે સં[illegible]ચાલકમંડળ અને વિદ્વાનો સહિતનું કર્મચારીમંડળ એ બંનેમાં રહેલ [illegible]ડી સુષુપ્ત છતાં ય આશાસ્પદ એવી વિવેકિતા અને સુજ્ઞતા પડેલી [illegible]. એથી એમના પ્રાસંગિક દુર્ભાગ્ય ટળી શકે તેવું છે.

દેખીતી રી[illegible] મૂળ પગાર સાથે જોડાયેલા આનુષંગિક લાભો બ એનો છે—જે લાભો [illegible]નિ૦ માન્યતાના અન્વયે કર્મચારીઓને મળવા પાત્ર છે. એમાંથી પગાર [illegible]રણો અને અન્ય હકો કર્મચારીઓને આપવાની ફરજ અને સરકારી અનુદાન મેળવવાનો હક સંચાલક મંડળને મળે છે. વળી આવી માન્યતાથી સંસ્થા યુનિ૦ સમક્ષ સંસ્થા તરીકે વર્તમાન વિદ્યાસમાજમાં ગૌરવ[illegible] સ્થાન પણ પ્રાપ્ત કરે છે. હવે, સરકારી અનુદાનની એવી પરિસ્થિતિ છે કે યુનિ૦ તથા કોલેજોના અધ્યાપકોને મળતાં દરજ્જાઓ અને પગાર ધોરણો આવી વિશિષ્ટ સંશોધન સંસ્થાઓને આપોઆપ લાગુ પડી શકતાં નથી તેને માટે જુદી વાટાઘાટની વિલંબવાળી પ્રક્રિયામાંથી સંસ્થાઓ પ્રત્યેની પોતાની આર્થિક જવાબદારી સ્વીકારવામાં હજી અંતર અનુભવતી જણાય છે. રાજ્ય સરકારની સંમતિ મળે એ પગાર ધોર[illegible] અંગેનું ૫૫% અનુદાન સંસ્થાને મળે છે, અને ત્યારે જ નવાં પગાર ધોરણ બને છે. હવે આ પગાર ધોરણોના પૂરક પગારો તરીકે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર અવારનવાર અન્ય સરકારી કર્મચારીઓ માટે સરકારના લાભો પણ જાહેર કરે છે. યુનિ. માન્યતાના વર્તમાન નિય[illegible] મુજબ આવા લાભો—તબીબી ભથ્થું (L.T.C), રજા મોકૂફીનું રોકડ વળતર ('લીવ એન્કેશમેન્ટ'), વચગાળાની રાહત, વાર્ષિક બોનસ વગેરે—સંચાલક મંડળે અનુદાન મળે કે ન મળે તો પે તત્કાલ આપવા પડે; અનુદાન માટે સમાંતર પ્રયત્નો થઈ શકે.

આ પૂ[illegible] લાભો માટે સરકારી અનુદાન હજી સુધી મળતું ન હોવાથી આ સંસ્થાના સંચાલકો એ લાભો ચાલેક વર્ષથી આપવાની અશક્તિ દર્શાવે છે. કેટ[illegible] કેટલાક મહિના પહેલાં વચગાળાની રાહતની રકમ આપવાનું શરૂ કર્યું, પરંતુ કોઈ કારણે એ બંધ કરી દેવાયું. આ લાભો અંગે સંસ્થાને વાર્ષિક પચીસેક હજારનો વધારાનો ખર્ચ કરવાનો આવે. સંસ્થાની પાસે એટલી રકમની જોગવાઈ કરવાનું હાલ શક્ય નથી એમ કહેવામાં આવે છે.

સંસ્થા[illegible] વહીવટી કર્મચારીઓ માટે આ પૈકી કેટલાક લાભો અંગેનું અનુદાન, તેમના જુદાં પગાર ધોરણો હોઈ, સંસ્થાને મળે છે અને તેથી તે લાભો તેમને અપાય છે. એટલે મહદંશે વિદ્યાકીય કર્મચારીઓએ, [illegible]ની માનવીય મર્યાદાઓ છતાં, સંસ્થા પ્રત્યે સહકારી વલણ જ રાખ્યું [illegible]. તેમના આંદોલનમાં ય અન્ય કર્મચારી મંડળોના આંદોલનોની સરખામણીમાં ઘણી ખામોશી અને શાલીનતા દેખાય છે. જૂન-જુલાઈ '૮૭[illegible] પગારો એક દ્વારા તેમણે સંચાલક મંડળને પાછા આપી કામ ચાલુ રાખ્યું. તા. ૬–૭–'૮૭ને રોજ માત્ર એક દિવસની પ્રતીક હડતાળ પાડી અને ત્યારથી પંદરેક દિવસ સુધી કર્મચારીઓ, વારાફરતી, પોતાની પ્રાસંગિક રજા લઈને જ, સંસ્થાના બહારના ઝાંપે ધરણામાં બેઠા અને પોતાની માંગણીઓના સૂત્રો પ્રદર્શિત કર્યાં. ઑગસ્ટ '૮૭ની મધ્યમાં સંસ્થાના વહીવટદારે સંચાલક મંડળ તરફથી દાક્તરી ભથ્થું તત્કાલ આપવાની અને અન્ય લાભો અનુદાન માટેના પ્રયત્નોને અંતે, અનુદાન મળ્યે, આપવાની જાહેરાત કરી. સંચાલક મંડળના આટલા માત્ર સાનુકૂળ વલણને વધાવીને બીજે દિવસથી ધરણાંનો કાર્યક્રમ પણ બંધ કરાયો. કર્મચારીમંડળની આ સહકારી વૃત્તિ ઉકેલ માટે ઘણી મૂલ્યવાન ગણાય. આમ છતાં પાછળથી વહીવટદારે બધા કર્મચારીઓ પાસેથી ભવિષ્યમાં આવું કોઈ પણ આંદોલન ન કરવાની લિખિત બાંહેધરી માંગી —જે સ્વાભાવિક રીતે કર્મચારીઓના સ્વમાનભંગરૂપ હોઈ તેમણે નકારી. સંચાલકમંડળે કર્મચારીઓને રૂબરૂ મળવાનું સતત ટાળ્યું છે. આ વિષાદ ભાગ ઘણો અમંગળ ગણાય.

અહીં એક પરિસ્થિતિ નિર્દેશથી ઘટે. છેલ્લાં કેટલાક વર્ષોથી આ સંસ્થામાં કોલેજ કે યુનિવર્સિટીમાંથી યુવાન વિદ્વાનો ભરતી થાય તેવું બન્યું નથી. હાલ કેટલાક ચાલુ યુવાન કાર્યકરો બહુ થોડા જ સમયમાં યુનિવર્સિટીમાં ભરતી થવા ઉપર છે. કોલેજો કે યુનિવર્સિટીના કુલ આર્થિક વળતરની સરખામણીમાં અહીં ઓછું વળતર અને નવેસરની નોકરીની કેટલીક મર્યાદાઓ નડતી હોવાથી આ સંસ્થા તરફનો પ્રવાહ અટકતો લાગ્યો છે.

આ પરિસ્થિતિમાં શું કરવું? અહીં રાજ્ય-સરકારના ઉત્તરદાયિત્વનો પણ થોડો નિર્દેશ કરવો ઉચિત ગણાય. વ્યાપક સમાજના દૂરગામી હિતમાં આવી શૈક્ષણિક સંસ્થાઓ તો ઘણી શૈક્ષણિક સંસ્થાઓ કરતાં પણ વધુ પાયાનું મહત્ત્વ ધરાવતી હોઈ રાજ્ય-સરકારે પોતાના નિષેધાત્મક વલણમાંથી નીકળી જવું જોઈએ. અન્ય શૈક્ષણિક સંસ્થાઓની સાથે જ, ભલે પુરું નહિ તો [illegible]% અનુદાન આપી સંસ્થાઓને વગર વિલંબે આપવાની પાકી નીતિ [illegible] રાખવી જોઈએ.

આમ છતાં આવી સંસ્થાઓ રાજ્યને કશું સાં[illegible] કે દેખીતું અર્થોપાર્જન ન કરી આપતી હોઈ, સરકારની મર્યાદાએ ધ્યાનમાં લઈ, સરકારી અનુદાનની રાહમાં જ પોતાનો અર્થવ્યવહાર બાંધવાનું સંચાલક મંડળ માટે યોગ્ય નથી. વળી આવી એક વિશિષ્ટ પરંપરા સાથે સંકળાયેલી સંસ્થાનું સંચાલકમંડળ તો વધુ પ્રબુદ્ધ દૃષ્ટિસંપન્ન, ઉદાર અને ધન-કૌશલના વિનિયોગ માટે ઉત્સાહી હોય એ અપેક્ષિત છે—એમ જ એ ક્રમનું ગૌરવ નિહિત છે. સ્વ. શેઠશ્રી કસ્તુરભાઈના યોગ્ય ઉત્તરાધિકારી એવા શ્રી શ્રેણિકભાઈની રાહબરી નીચેના સંચાલક મંડળ પાસેથી આવી અપેક્ષા સ્વાભાવિક રીતે રહે છે. એમની માનવીય મર્યાદાઓ છતાં તેમની એકંદરે સત્યાગ્રહી, સરળ, વલનક્ષમ પ્રકૃતિ આવી અનેક મૂંઝવણમાં ન્યાય ઉકેલની આશા જન્માવે છે.

સંચાલકોના આવા ઉત્સાહ કેટલાંક એંધાણ તરફ પણ ધ્યાન દેવું ઘટે. [illegible] મંદિરના વિશાળ પટાંગણમાં છેલ્લાં કેટલાક વર્ષોથી ભારતીય સંસ્કૃતિને લગતી એક બીજી સંસ્થા પણ સ્થપાઈ છે—લા. દ. મ્યુઝિયમ. એનું સંપન્ન એવું ત્રીસ લાખનું મકાન, તેના નિભાવ પાછળ સંસ્થાના પોતાના તરફથી જ—અનુદાન વિના વાર્ષિક ચારેક લાખનો ખર્ચ, નજીકના ભવિષ્યમાં 'ગુજરાત મ્યુઝિયમ સોસાયટી' હસ્તકના 'એન. સી. મહેતા ચિત્રસંગ્રહ'ને વસાવવા માટે બીજા

(અનુ૦ પાના ક ઉપર)

# સાવત્થી તીર્થ (બાવળા)માં મુકામ કરતા કળવાળા મુનિશ્રી જિનચંન્દ્રવિજયજી તથા મુનિશ્રી શરદચંન્દ્ર વિજયજી મ૦ ના સંબંધમાં અદાલતમાં થયેલ દાવો ને પોલીસદ્વારા હુકમોની બજવણી કરવામાં આવેલ

જૈન ધર્મના સિદ્ધાંતો વિરૂદ્ધનું આચરણ કરીને જૈન સમાજને સંક્ષોભિત હાલતમાં મૂકાવું પડે તેવા કૃત્યો કરવાના કારણે મુંબઈ શહેર છોડીને હાલમાં અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે મુકામ કરી રહેલા બે જૈન સાધુઓ તેમના સાધુપણાનો ત્યાગ કરીને સંસારમાં પાછા ફરે તથા તેઓની હસ્તકના ટ્રસ્ટોની વિશાળ સંપત્તિનો વહીવટ કર્તા ટ્રસ્ટીઓની કામગીરી સામે હુકમ ફરમાવવાની દાદ માંગતા બે જુદા જુદા દાવા નારોલ ખાતેની જીલ્લા અદાલતમાં કરવામાં આવ્યા છે.

જૈનસમાજના અગ્રણી ડૉ. સુરેશચંદ્ર ઝવેરી અને બીજાઓએ જૈન સમાજવતી આ દાવા કર્યા છે. નારોલ ખાતે વધારાના જીલ્લ જજશ્રી ડી. ટી. આચાર્યે વાદીના એડવોકેટ શ્રી દીપક એમ. શાહ અને શ્રી સુરેશ એમ. શાહને સાંભળીને આ બન્ને જૈન મુનિઓ તેમજ ટ્રસ્ટીઓ સામે ટ્રસ્ટની મિલકતોના વહીવટ અંગે કેટલાક હુકમો કર્યા છે અને તા. ૩૧-૮-૮૭ ના રોજ દાવાઓની મુદત રાખી છે.

મુંબઈ ખાતે જૈન સમાજમાં ભારે ઉહાપોહ જગાવનાર જૈન સાધુઓ શ્રી જીનચંદ્રવિજયજી તેમજ શ્રી શરદચંદ્રવિજયજીના વિરૂદ્ધમાં કરવામાં આવેલા ઉપરોક્ત દાવાઓમાં અદાલતે કરેલા હુકમોની બજવણી કરવા માટે હથીયારધારી પોલીસ તેમજ ખાસ પોલીસની મદદ લેવામાં આવી હતી અને બાવળા મુકામે આ હુકમોની બજવણી કરવામાં આવી હતી.

આ બન્ને દાવાઓમાં પ્રતિવાદીઓ હસ્તકના ટ્રસ્ટોની તમામ મીલ મિલકતોનો કબ્જો લઈ રીસીવરની નિમણુક કરીને તેનો વહીવટ સંભાળી લેવા તેમજ આ તમામ મિલકતોની ઈનવેન્ટરી કરાવવાની દાદ પણ માંગવામાં આવી છે.

આ દાવામાં એવી રજુઆત કરવામાં આવી છે કે ઉપરોક્ત બન્ને મુનિઓએ શ્વેતાંબર મૂર્તિ પુજક જૈનધર્મ પ્રમાણે વિધિપુર્વક દીક્ષા અંગીકાર કરી સંસારનો ત્યાગ કર્યો હોવાથી કાંચન અને કામીની તેમના માટે વર્જ્ય છે અને આવી કોઈ પણ બાબત ધરાવવા સામે જૈન ધર્મમાં નિષેધ ફરમાવવામાં આવ્યો છે. એક વખત સાધુ પણ રુપીયાથી સીધા મૃત્યુ થયુ હોવાનું ગણવામાં આવે છે. આમ છતાં અમદાવાદ જીલ્લાના બાવળા ગામ પાસે રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર સંભવનાથ ટ્રસ્ટ તથા શ્રીજીનશરદ ફાઉન્ડેશન ટ્રસ્ટ ઉપર આ બન્ને જૈન મુનિઓ સંપૂર્ણ કબ્જો ભોગવટો અને અંકુશ ધરાવી રહ્યા છે. આ બન્નેની પ્રવૃત્તિઓ ધાર્મિક સિદ્ધાંતોની વિરૂદ્ધની છે અને આ બંને ટ્રસ્ટોના અન્ય ટ્રસ્ટીઓ તેમાં સહકાર આપી રહ્યા છે અનેક વખત આવી પ્રવૃત્તિઓ છોડાવવા તેમજ સાધુપણુ છોડીને સંસારમાં પાછા ફરવા માટે જૈન સમાજ તરફથી કરવામાં આવેલી વિનંતિઓને પણ ઠુકરાવવામાં આવી છે.

આ દાવામાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ બન્ને મુનિઓ તેમના અનુયાયીઓ પાસેથી ધાક ધમકી અને છળકપટ કરીને દાન દક્ષિણા મેળવે છે અને આ રીતે મેળવેલ રોકડ, ઝર ઝવેરાત વગેરે ટ્રસ્ટના હેતુઓ માટે ઉપયોગમાં લેવાના બદલે પોતાના અંગત ઉપયોગમાં લે છે.

આ દાવામાં એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે કે આ બન્ને મુનિઓ પાસેથી અશ્લીલ સાહિત્ય, વાહનો, તથા બીજી ચીજો નો સહવાસ પકડી પાડવામાં આવતા મુંબઈ ખાતે જૈન સમાજમાં ભારે રોષ પ્રજવળી ઉઠયો હતો અને આ બંને મુનિઓને પોલીસના રક્ષણ હેઠળ મુંબઈ શહેર છોડવાની ફરજ પડી હતી, ત્યારબાદ મુનિઓ અત્રે બાવળા ખાતે મુકામ રાખ્યો છે જ્યાં ગીતાબેન મનુભાઈ શાહ નામની એક શ્રાવિકા પાસેથી ધાક ધમકીથી મિલકતો પડાવી લેવાના પ્રકરણમાં બંને વિરૂદ્ધમાં ફોજદારી કેસો પણ થયા છે.

આ બંને જૈન મુનિઓ જૈન મુનિઓની દાણચોરીની પ્રવૃત્તિમાં પણ સંડોવાયા હોવાનો આક્ષેપ દાવામાં કરીને વધુમાં એમ પણ જણાવાયું છે કે જૈન શ્રાવકો પાસેથી એકત્રીત કરાયેલ નાણાં દ્વારા મુંબઈમાં જુહુ ખાતે કમલાસ એપાર્ટમેન્ટમાં એક ફ્લેટની ખરીદી કરવામાં આવી છે. ટ્રસ્ટની બેંક એકાઉન્ટોમાંથી મોટી રકમો ઉપાડી જેનો અંગત ઉપયોગ કર્યો છે.

આ બંને મુનિઓ હસ્તકના ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓ ડૉ. દુર્ગેશ ઝવેરી, શ્રી હરીભાઈ ભરવાડ, શ્રી અતુલ દલાલ, શ્રી મોહનભાઈ શ્રી અનીલભાઈ શાહ તથા મુંબઈના શ્રી પ્રવિણચંદ્ર કેશવલાલ બજમેરા અને શ્રી બીપુભાઈ પટેલના નામે નો દાવામાં ઉલ્લેખ કરીને આ ટ્રસ્ટીઓ બન્ને જૈન મુનિઓ પ્રત્યે આચરણ પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

## સંસારમાં પરત કરવા ટ્રસ્ટોની મિલકતો અંગે હુકમ ફરમાવવા માંગેલી દાદ

# મુંબઇ મહાનગરે શ્રી ચંદ્રપ્રભુ ભગવાન દરબારે

## પ. પૂ. આચાર્ય શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ની પાવક પ્રેરણાથી શ્રી સિદ્ધિતપની સાનંદ પૂર્ણાહૂતિ તેમજ ચાતુર્માસ– થા શ્રી પર્વાધિરાજ પર્યુષણમા થયેલ ધર્મારાધનનો ઉજવણી નિમિત્તે શ્રી અરિહંત મહાપુજ- નાદિ વિશિષ્ટ મહાપૂજનો સહિત જિનભકિત મહા મહોત્સવે

અત્રે મુંબઈના પ્રાથના સમાજના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયના શ્રી સંઘની સતત આગ્રહ ભરી વિનંતી સ્વીકાર કરીયે અગે ચાતુર્માસ પધારેલ પ. પૂ. પ્રાતઃ સ્મરણીય અપ્રતિમ પ્રતિભાશાળી ૧૦૦૮ આચાર્ય શ્રી વિજય સુરેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ( ડહેલાવાળા ) ના પટ્ટવિભૂષક સુપ્રસિદ્ધ પ્રવચનકાર પરમ શાસન પ્રભાવક તપસ્વિ રત્ન પ. પૂ આચાર્ય શ્રી યશોભદ્ર સૂરીશ્વરજી મ. સા. પ. પૂ. સુમધુર વ્યાખ્યાતા મુનિ શ્રી વિમલભદ્રવિજયજી મ. પ, પૂ તપેસ્વિ રત્ન મુનિપ્રવર શ્રી અનંતભદ્ર વિજયજી મ પ પૂ. વિદ્યા પ્રેમી મુનિશ્રી પીયુષભદ્રવિજયજી મ વરસીતપના તપસ્વી મુનિશ્રી પરાગભદ્રવિજયજી મ. આદિ ઠાણા પ પૂ. પંજાબકેશરી યુગવીર આચાર્ય શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ. સાધ્વીજી શ્રી મ. ૐકાર શ્રીજી. મ. પ. પૂ સા યશોદા શ્રીજી મ. પ. પૂ સા જયંત પ્રભા શ્રીજી મ. પૂ. સા. શ્રી મૃદુતા શ્રીજી મ પૂ સા. વપુલયશાશ્રીજી મ. પૂ સા. ઉદયયશાશ્રીજી મ. પૂ સા. માહ્યશા શ્રી જી મ સા. હેમરત્ન શ્રીજી મ. આદિ પધારેલ છે.

પૂજ્યશ્રીની પાવન પગલે પગલે તેમની પવિત્ર પાવન પ્રેરણાથી થી શ્રી સંઘમાં આરાધનાની જગમગતી જ્યોતિ પ્રગટી છે શ્રી ચંદ્રપ્રભસ્વામીના અઠ્ઠમ શ્રી ગૌતમ સ્વામીના છઠ્ઠ દીક્ષ વતના એકસણા વિશ્વશાંતિ માટે આયંબિલ માસક્ષમણ નવકાર મંત્રના ૧૮ અક્ષરના અડસઠ ઉપવાસ. ભદ્ર તપ. શ્રેણી તપ, અક્ષય નિધિ આદિ વિવિધ તપશ્ચર્યા– આરાધના અનુષ્ઠાનોથી આબાલવૃધ્ધ સર્વેના આત્મામાં અપૂર્વ આનંદ ઉલ્લાસનો રંગ જામ્યો છે.

પૂજ્યશ્રીએ જે રીતે મુંબઈ કોટ શ્રી શાંતિનાથ જૈન ઉપાશ્રયે વિ. સં. ૨૦૪૨ના ચાતુર્માસમાં સામુદાયિક સિદ્ધિ તપની આરાધના અને ઉદ્યાપન કરાવ્યું હતું.

તેવી જ રીતે શ્રી સિદ્ધિતપની ભવ્ય ભાવના સાકાર બનાવવા માટે ચાતુર્માસના મંગલમય પ્રવેશ પ્રવચનમાં સાધના મય સુંદર જીવન જીવવા માટે અને ભાવી સહજ આત્મ-સિદ્ધિ વર્તમાનમાં પ્રાપ્ત કરવા માટે શ્રી સિદ્ધિતપની સતત સત્પ્રેરણા આપી શ્રી સંઘે સહર્ષ આત્મિક–ભાવથી પ્રેરણા વધાવી લીધી. અને અષાઢ વદ ૭ શુક્રવાર તા ૧૭-૭-૮૭ ના મંગલ દિવસે શ્રી સિદ્ધિતપની આરાધનામાં સર્વશિરોમણિ રૂપે પ. પૂ. તપસ્વીશ્રી અનંતભદ્રવિજયજી મ. પ. પૂ સાધ્વીશ્રી ૐકારશ્રીજીની શિષ્યા પ. પૂ. તપસ્વિની સાધ્વીશ્રી ધર્મજ્ઞાશ્રીજી મ. પ. પૂ સાધ્વીશ્રી પ્રીતિશ્રીજીની શિષ્યા પ. પૂ તપસ્વીની હેમયશાશ્રીજી મ. આદિ સાધુ–સાધ્વી ૨૪ ભાઈઓ ૧૦૮ બહેનો મળીને ૧૩૫ આરાધકો ૪૪ દિવસની મહાન તપસ્યા કરવા આત્મિક ભાવ સાથે હસતે મુખે પ્રયત્નશીલ બન્યા તે દરેકની ભક્તિનો અપૂર્વલાભ વોહરા નિવાસી શેઠશ્રી મફતલાલ ફુલચંદ શાહના પરીવાર તરફથી સર્વે બિયાસણા, ધારણા– પારણાનો સંપૂર્ણ લાભ લઈને ધન્ય બનેલ છે

મુંબઈના જૈનતપ ઈતિહાસમાં આટલી સંખ્યામાં શ્રી સિદ્ધિતપના તપસ્વીઓના એક સાથે એક સ્થાનમાં સર્વપ્રથમવાર દર્શન થયાં છે. કેમકે તે જૈન શાસનની અને ગુરુદેવશ્રીની બલીહારી છે. અને સાથે સાથે મુંબઈ ધનની ધરતી છે તેમ ધર્મની પણ જોરદાર ધરતી છે આ મહાન તપની અનુમોદનાર્થે આઠમી બારીના અવસરે પૂજ્યશ્રીની પ્રેરણાથી અનેક આરાધકોએ અઠ્ઠાઈ તપની સામુદાયિક આરાધના શ્રી પર્વાધિરાજ પર્યુષણા પર્વમાં કરી જીવનને ધન્ય બનાવેલ છે. આવી સુંદર સાધના દ્વારા મુંબઈના જૈન શાસનના ઈતિહાસમાં એક નવીનતમ સુંદર સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું છે શ્રાવણ વદ ૧૪ ના સિદ્ધિતપના તપસ્વીઓનું સામુદાયિક પૂજણ ભવ્ય વરઘોડા સાથે થયેલ. ભા. સુ. ૧ ના પારણા બાદ ભવ્ય રથ યાત્રા નીકળેલ બાદ સ્વામિવાત્સલ્ય તથા તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘ તરફથી થયેલ.

વર્ષ સુખનાયક શ્રી સિદ્ધિતપને સર્વે તપસ્વીઓએ સુખશાતા પૂર્વક પૂર્ણ કરેલ છે. આની અદ્ભૂત અને અદ્વિતીય મહાન તપશ્ચર્યાની અગણિત અનુમોદનાર્થે શ્રી અરિહંત મહાપૂજનો સહિત શ્રી જિન ભક્તિ સ્વરૂપ ૨૧ દિવસીય મહોત્સવ પૂજ્યશ્રીની પાવન નિશ્રામા આનંદ અને ઉલ્લાસ પૂર્વક ભા. સુ. ૧૧ના મંગળ પ્રારંભથી

## * મહોત્સવની ઉજવણી *

- ભાદરવા સુદ ૧૦ ગુરૂવાર તા. ૩-૯-૮૭ મહોત્સવનો મંગલ પ્રારંભ શ્રી પીસ્તાલીસ આગમ પૂજા બપોરે વિજય મુહૂર્તે શ્રીમતી ચંદ્રબેન નવીનભાઈ કાંતીલાલ તરફથી શ્રી પ્રકાશ મહિલા મંડળ ભણાવેલ.
- ભાદરવા સુદ ૧૧ તા. ૧૨-૧૦ (ત્રણ દિવસ) શ્રી અર્હંનૂ મહાપૂજન
- શ્રી સંઘ તરફથી ભણાવેલ વિધિકાર તરીકે શ્રી ડૉ. બાબુભાઈ એમ. નવસારીવાળા તથા સંગીતકાર શ્રી નટવરભાઈ પધારેલ.
- ભાદરવા સુદ ૧૪ સોમવારે શ્રી ભક્તામર મહાપૂજન શ્રી રસીકલાલ નાથાલાલભાઈ તરફથી થયેલ. જેમાં વિધિકાર શ્રી મનુભાઈ ડભોઈવાળા તથા સંગીતકાર શ્રી દીલીપભાઈ એન્ડ પાર્ટી પધારેલ.
- ભાદરવા વદ ૧ મંગળવારે શ્રી પદ્માવતી મહાપૂજન શ્રીમતિ મધુબેન સુરજભાઈ કાંતિલાલના સિદ્ધિતપની ઉજવણી નિમિત્તે ભણાવેલ. જેમાં વિધિકારશ્રી દીલીપભાઈ વેરાવળવાળા તથા સંગીતકાર શ્રી સતીશ એન્ડ પાર્ટી પધારેલ.
- ભાદરવા વદ ૨ બુધવારે શ્રી પંચ કલ્યાણક પૂજા શ્રી કાંતીલાલ સુરચંદ મહેતા તરફથી સુવ્રત મહિલા મંડળ ભણાવેલ.
- ભાદરવા વદ ૩ ગુરૂવારે શ્રીમતિ કાંતાબેન જેશીંગલાલ પરિવાર તરફથી શ્રી અરિહંત મહિલા મંડળ ભણાવેલ.
- ભાદરવા વદ ૪ શુક્રવારે શ્રી બાર વ્રત પૂજા શાહ શેષમલ વસ્તીમલજી ઝાલોરવાળા તરફથી થયેલ.
- ભાદરવા વદ ૫ શનિવારે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી મફતલાલ કાળીદાસ અને રસિકલાલ મફતલાલ પરિવાર તરફથી સિદ્ધિતપની ઉજવણી નિમિત્તે ભણાવેલ. વિધિકાર શ્રી બાબુભાઈ કડીવાળા પધારેલ.
- ભાદરવા વદ ૬ રવિવારે શ્રી ભક્તામર મહાપૂજન મોહેશાવાળા શ્રી સેવંતીલાલ હસમુખભાઈના ધર્મપત્નિ શ્રીમતિ પદ્માબેન તરફથી ભણાવેલ.
- ભાદરવા વદ ૭ સોમવારે શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા શેઠશ્રી તલકચંદ કાળીદાસ પરિવાર તરફથી શ્રી હરસોલ સત્તાવીશી મહિલા મંડળ ભણાવેલ
- ભાદરવા વદ ૮ મંગળવારે શ્રી નમિઉણ મહાપૂજન સ્વ. મંજુલાબેન હસમુખલાલ શ્રોફ હસ્તે હેમંતભાઈ તરફથી.
- ભાદરવા વદ ૯ બુધવારે શ્રી વાસ્તુ સ્થાનક પૂજા શ્રી મગનભાઈ હરગોવનદાસ શાહ શ્રી જૈન વિશા ઓસવાલ મહિલા મંડળ ભણાવશે.
- ભાદરવા વદ ૧૦ ગુરૂવારે શ્રી પંચકલ્યાણક પૂજા શેઠશ્રી કેશવલાલ જીવરાજ તરફથી હરસોલ સત્તાવીશી મહિલા મંડળ ભણાવશે.
- ભાદરવા વદ ૧૧ શુક્રવારે કુંભ સ્થાપન, નવગ્રહ દશદિક્પાલ પૂજન, બપોરે ૨ વાગે નવપદજીની પૂજા શેઠશ્રી અશ્વિનલાલ રીખવચંદ તથા નવીનચંદ્ર રીખવચંદ શાહ તરફથી
- ભાદરવા વદ ૧૨ શનિવારે શ્રી ઋષીમંડળ મહાપૂજન શ્રીમતિ રીખવચંદ આત્મશ્રેયાર્થે તેમના પુત્ર અશ્વિનલાલ નવીનચંદ્રભાઈ તથા ઇન્દુબેન અશ્વિનલાલ, નયના નવીનચંદ્ર શાહ પરિવાર તરફથી
- ભાદરવા વદ ૧૩ રવિવારે શ્રી શાંતીસ્નાત્ર મહાપૂજા શ્રી ...બેન રીખવચંદના આત્મશ્રેયાર્થે તેમના પુત્ર અશ્વિનલાલ, નવીનચંદ્રભાઈ તથા ઇન્દુબેન અશ્વિનલાલ નયનાબેન શ્રી શાહ પરિવાર તરફથી
- ભાદરવા વદ ૧૩ સોમવારે શ્રી પંચકલ્યાણક પૂજા શ્રીમતિ રેખાબેન, નવીનચંદ્ર ઝવેરી તરફથી મહિલામંડળ ભણાવશે.
- ભાદરવા વદ ૩૦ બુધવારે શ્રી સત્તર ભેદી પૂજા શ્રીમતિ ઇન્દુબેન અશ્વિનલાલ આર. શાહ તથા શ્રીમતિ નયનાબેન શાહ પરિવાર તરફથી શ્રી પ્રકાશ જૈન મહિલા મંડળ ભણાવશે

લી. શેઠ શ્રી વાડીલાલ સારાભાઈ ટ્રસ્ટ તથા શ્રી ...ચંદ્રમલ સ્વામી જૈન દેરાસર સંઘના નાના મોટા સૌ કાર્યવાહકો—ટ્રસ્ટીઓએ અપૂર્વ ઉત્સાહથી આ માંગલીક કાર્યક્રમ ખાસ સુંદર બનાવેલ. મહોત્સવ દરમ્યાન અન્ય પૂજ્ય ગુરૂભગવંતો પધારી તપશ્ચર્યાની અનુમોદના કરેલ.

# શોધી આપશો...!



આ ફોટાવાળાને આપે ક્યાંય જોયા હોય.

જાણતા હોય.

શોધી આપનાર વ્યક્તિને રૂ. ૧૦૧ ઇનામ

તેમને પરીચય... તથા તેમની રમતના દ્રશ્ય હવે પછી અમે આપીશું ...!

## આણસ્મા : સિદ્ધિતપ

પૂ૦ મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ. તથા મુનિશ્રી નવચંદ્રસાગરજી મ. ની નિશ્રામાં વિવીધ ધર્મ આરાધના ચાલુ રહેલ તેમાં પણ કર્મ નિર્જરાનો મુખ્ય માર્ગ એવી સિદ્ધિ તપની આરાધના પૂ. સાધ્વીશ્રી મૈત્રીપ્રજ્ઞાશ્રીજી પૂ૦ સાધ્વીશ્રી હિતવર્ધનાશ્રીજી, પૂ૦ સાધ્વીશ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજી મ. અને પૂ૦ સાધ્વીશ્રી ચરીતાશ્રીજી મ એ નિર્વિઘ્ને પૂર્ણ થતા શ્રી સંઘ તરફથી શ્રીજીનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભા. સુ. ૧૦ થી ભા. વ. ૩ ને ગુરૂવાર સુધી થયેલ.

# 'ચાલો જિનાલયે જઈએ'

## ખુલ્લી ચોપડીએ પરીક્ષા

મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ લીખિત 'ચાલો જિનાલયે જઈએ' પુસ્તકની ખુલ્લી ચોપડીએ પરીક્ષા, સમગ્ર ગુજરાતના તમામ ભાઈઓ-બહેનો માટે અમદાવાદના આંગણે આયોજન ગોઠવાયેલ છે જેમાં પાસ થનાર ને પ્રથમ ઈનામ રૂ. ૫૦૦ તથા બીજા ઈનામો પરીક્ષા તા. ૧૧-૧૦-૮૭ ની અમદાવાદ નારણપુરા, જૈન ઉપાશ્રયે યોજાશે.

ગોધરા : પૂ૦ પંન્યાસશ્રી કુન્દકુન્દવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ઉત્તરોત્તર ધર્મ આરાધનામાં વૃદ્ધિ થતી રહેલ. અને પર્વ પર્યુષણમાં ચોસઠ પ્રહરી પૌષધ તથા અઠ્ઠાઈ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ ભા. સુ. ૯ થી ભા. સુ. ૧૫ સુધીનો યોજાતા તા. ૬-૯-૮૭ ના રોજ જીનભક્તિ કુમારીકા મહોત્સવનું ભવ્ય આયોજન થયેલ જેમાં સંગીતકારશ્રી ગજાનનભાઈ ઠાકુર પધારતા ભારે ઉત્સાહ, આનંદ મંગલ વર્તેલ છે. શ્રી વિશા નીમા જૈન સંઘના કાર્યવાહક ભાઈઓએ દરેક વ્યવસ્થા સુંદર ગોઠવેલ.

પુજ્યશ્રી હેમચંદ્રાચાર્યજીના સિદ્ધ હેમ સંસ્કૃત વ્યાકરણનો ગુજરાતી અનુવાદ પૂ૦ મુનિશ્રી દીપરત્નસાગરજી મ દ્વારા તૈયાર કરાતાં અને 'અભિનવ હેમ લઘુ પ્રક્રિયા' નામે ગ્રન્થસ્થ થયેલ છે

(પાના ૮ ઉપરનું ચાલુ)

આજ્તે શ્રી સંઘે મંગલ પ્રયાણ કર્યું મહેસાણાશ્રી મુક્તિધામ ... ... શ્રી. થય પરંતુ એ કલાકમાં સાબેલ ... આનંદથી ... ... સવારે ... -૩૦ કલાકે શ્રી મુક્તિધામ ટ્રસ્ટ તરફથી શ્રી સંઘનું સ્વાગત કર્યું હતુ પોળના શ્રીસંઘ તરફથી યાત્રિકોને નવકારશી કરવેલ અને પૂજા આંગીઓ ભક્તિ વગેરે પ્રોગ્રામનું સુંદર આયોજન કરેલ હતું પોળના યુવકોએ બધી વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. યુવાધન આ ચાતુર્માસમાં યુવક વર્ગમાં ખુબ સારી જાગ્રતી આવી છે ને દરેક કાર્યોમાં યુવકોએ તન મન ને ધન લાભ લીધો છે. તે ઉપરાંત સંઘ આગેવાન શ્રાવકોએ પણ ચાતુર્માસને દિપાવવા ઘણી મહેનત લીધી છે.

વળતેજ મુક્તિ-ધામમાં સૌરાષ્ટ્ર કેસરી પ. પૂ. આચાર્ય ભગવંતની સ્મૃતિમાં સાડા પાંચ માહનાથી પૂજ્યશ્રીની વર્ષીને પ્રેરણાથી રોજ ૬૬૦૦ ગાયોને ઘાસ નીરવામાં આવે છે તેમાં શ્રી નાગજી ભુધરની પોળ જૈન સંઘ એવું પોળના બહેનો તરફથી ચૈત્ય પરિપાટી ના દિવસે રુપિયા ૬૦૦૦ નું ઘાસ ગાયોને નાખવામાં આવ્યું હતું

અત્યારે ગુજરાત કચ્છ સૌરાષ્ટ્રમાં કારમો દુષ્કાળ છે તેવા ટાઈમે દરેક માનવની ફરજ છે કે મુંગા અબોલ પશુ ધનને દાનના પ્રવાહ વડે બચાવવા મુક્તિધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રીમાન જયંતીભાઈ મગનલાલ તેમજ સુશ્રાવક લીલચંદભાઈ જીવદયાનું ખુબ સુંદર કામ કરી રહ્યા છે તે ઉપરાંત ત્યાં ચાતુર્માસ બીરાજતા પુજ્ય સાધ્વીજી મ. વિનયપ્રભાશ્રીજી પણ ઉપદેશ દ્વારા જીવદયાના કાર્યમાં સારો સહકાર આપી રહ્યા છે.

# પાલીતાણા ઘેટીની પાસે પ્રભુ પ્રતિષ્ઠા

અષાઢ સુદ ૩ ના દિવસે પુના નિવાસી શા. ચુનીલાલ હંજારીમલ તેમના ધર્મપત્ની શાન્તાબેન તથા તેમના પુત્રો નરેન્દ્રકુમાર ને દિનેશકુમાર તરફથી ઘેટીની પાસે ઘંટાકર્ણના જિન મંદિરમાં શ્રી આદિશ્વર પ્રભુની પ્રતિષ્ઠા – વય - સ્થવિર – અનુયોગાચાર્ય પૂ. મુનિ શ્રી અમરેન્દ્ર સાગરજી મ. તથા પૂ. ગણિવર્ય શ્રી વિમલ વિજયજી મ. (ડેરીવાલા) તથા પૂ. મુની શ્રી પ્રદ્યુમ્ન વિમલજી. મ૦ ના શુભ હસ્તે કરાવવામાં આવી હતી. તે નિમિત્તે સ્વામિભક્તિને સિદ્ધચક્ર પૂજન રાખેલ હતું ગુરૂદેવોને કામળ – કપડાં વહોરાવીને સંઘ પુજન પણ કરેલ હતું પ્રતિષ્ઠાની વિધિ માટે ક્રિયા કારક શ્રી જયંતિભાઈ પધાર્યા હતા પ્રતિષ્ઠા નિમિત્તે ડુંગરકાની સારી એવી ટીપ પણ થઈ હતી શ્રીયુત ચુનિલાલભાઈએ સહકુટુંબ આ પ્રસંગે ખુબ જ આનંદ અને ઉલ્લાસથી પૂર્ણ કર્યો હતો.

પૂ. ગણિવર્ય શ્રી વિમલ વિજયજી મ આદિ ઠાણાર એ – વિમલાચલ ગિરિ જૈન ઉપાશ્રયમાં ચોમાસાનો પ્રવેશ અષાઢ સુદી ૧૦ ના દિવસે કરેલ હતો અને પર્યુષણા પર્વની આરાધના ધામધૂમથી કરાવવાનું નક્કી કરેલ છે આ ઉપાશ્રયમાં આઠેય દિવસ વ્યાખ્યાન – પોષધ – પ્રતિક્રમણ પ્રભાવના વગેરે વિવિધ આરાધનાઓ થશે,

પૂ. આ. દેવ શ્રી રાજસૂરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા) ના આજ્ઞાતીની સાધ્વીજી તપસ્વી જયંતીશ્રીજી આદી ઠાણા ૬ તથા શ્રી હર્ષવીહાર જૈન ઉપાશ્રય બિરાજતા પૂ. સ્વા. શ્રી હર્ષપુર્ણાશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી ચારી પુણ્યશ્રીજી ઠાણા ૧૧ નીશ્રામાં પર્યુષણ પર્વની આરાધના બહેનો ને કરાવ છે. તો જરૂર આરાધના કરવા પધારશો.

(પાના ૩ નું ચાલુ)

પંદર લાખના મકાનની યોજના-આ વધું સારા હેતુ માટે ધનવ્યયની સંચાલકમંડળની ઉદાર અને ઉત્સુકતા બતાવે છે.

એટલે એમ લાગે છે કે સંચાલકોએ જ ઉત્સાહને વશ વર્તીને, વિદ્યામંદિરના એકંદરે ગરવા કર્મચારીગણ પ્રત્યે વત્સલ ભાવ દાખવીને, એમને મોઢામોઢ જણાવાની ઉદાર બતાવીને એમની માગણીને તત્કાલ પૂર્ણપણે મહદંશે સંતોષવાનું ઔદાર્ય બતાવે. એમાં આર્થિક જવાબદારી, ઉપર નિર્દેશેલી હકીકતની સરખામણીમાં ઘણી મર્યાદિત છે. બીજી બાજુ અનુદાન અંગે રાજ્ય-સરકારનું સંકુચિત દૃષ્ટિકોણ છોડી કર્મચારીઓ પ્રત્યે આવી સંસ્થા પ્રત્યે અનુકૂળ વૃત્તિ અને વર્તનવાળી બને તે માટે ધીરજભર્યા પ્રયત્ન જરૂર ચલાવાય. પણ કર્મચારીઓ તરફની જવાબદારી અદા કરવામાં અનુદાનની રાહ ન જોવાય. અને યુનિ. માન્યતાના નિયમોને માન આપીને તેમને જરૂરી ચુકવણી થાય તે સરવાળે વ્યય નહિ પણ વાવણી જ સિદ્ધ થશે. વ્યવહારની ખાનદાની પણ એ જ ગણાય.

સંચાલકમંડળને, પગારો સાથે વધતા જતાં જાતજાતના ખર્ચા સામે કેટલાક કર્મચારીઓની કાર્યક્ષમતા અંગે જરૂર કંઈ ફરિયાદ હોય શકે. અને એમાં વજૂદ પણ હોઈ શકે. એવી એમની ચિંતાના પક્ષમાં પણ થોડું જરૂર કહી શકાય. દાક્તરી અગર કે પ્રવાસ-ભથ્થાને નામે જે ભ્રષ્ટાચાર થતો હોય છે એ સામે પણ પ્રમાણિકતાના આગ્રહીઓના ઉંચાં ભવાં થાય એ સ્વાભાવિક છે. ઘણીવાર આવા અખાડાઓ દાખલ કરવામાં સરકારોની દૃષ્ટિ લોકપ્રિયતા મેળવી આવી ચુંટણીની સફળતા પર પણ મંડાયેલી હોય છે આમ તો મોંઘવારી ભથ્થું આપવાની પ્રથા પણ આર્થિક ગેરવ્યવસ્થા જ સૂચવે છે. પરંતુ કર્મચારીઓ પોતાની જરૂરિયાત વ્યાજબી રીતે સંતોષે એટલું તો જોવું જ જોઈએ તો જ એમની કાર્યક્ષમતા જળવાઈ શકે.

ગુજરાત વિદ્યાપીઠમાં એવો પ્રયોગ કરાયેલો કે અધ્યાપકોને બાંધ્યા પગાર ન આપતાં એમની જરૂરિયાત પ્રમાણે પૈસા આપવા. એ વખતે તો અધ્યાપકો તરીકે પણ ત્યાગી-તપસ્વી જેવા વિદ્વાનો હતા. તેમ છતાં એવા અધ્યાપકોમાં પણ બહોળી જરૂરિયાત મુજબ વધારે નાણાં માગવાનું વલણ રહેતું. તેથી એવો મુક્ત પ્રયોગ બહુ ન ચાલ્યો. એટલે આવી બાબતમાં વહેવારુ અને માનવીય દૃષ્ટિકોણ રાખી એકંદરે નિયમ પ્રમાણેનું આર્થિક વળતર આપવા માટે જરૂરી જોગવાઈ કરવી એ જ, સંસ્થાના કાર્યને ન્યાય મળે તે દૃષ્ટિએ, ઉત્તમ મારગ લાગે છે.

આમાં કહેવાનો ભાવ એવો નથી કે વિત્તવ્યવસ્થાના સંદર્ભમાં વેતન અંગે થોડી બાંધછોડને અવકાશ નથી. વધુ અગત્યની વાત તો કર્મચારીઓની સાથેનો સંપર્ક અને સંવાદ સાધવાની છે, વિશ્વાસ સંપાદન કરવાની છે. કદાચ એકાદ ભથ્થુ જતું કરીને તેની સામે વિદ્યાકીય કર્મચારીઓને વર્ષમાં ત્રણથી ચાર અઠવાડિયાની છુટી અપાય તે બૌધિક વ્યવસાય માટે ઘણું અગત્યનું લાગે છે. તેમની કાર્યક્ષમતા જળવાય તે માટે આવી સંસ્થામાં નિયામક ઉપરાંત નિરીક્ષકની નિમણૂક કરવનું પગલું ઘણી ગેરસમજો જન્માવી વિખવાદનું કારણ બને તે વધારે શક્ય છે. એને બદલે વિદ્વાનોની પસંદગીમાં જ કાળજી લઈ, પછી તેમની સાથે સતત આદરપૂર્ણ સંવાદ નિભાવવાનું સંચાલકમંડળના એકાદ પ્રતિનિધિ તો જરૂર કરી શકે. આવી વિવિધ વૃત્તિઓમાં ભળવાથી ઘણો પણ સંધાઈ શકે. પછી તો વિશ્વાસથી જ વહાણ ચાલે.

સંસ્થાની સંશોધનપ્રવૃત્તિ વધુ સત્ત્વશીલ બનાવવા માટે સ્વાધ્યાય નિષ્ઠ જૈન મુનિઓને વધુ વ્યાપકરૂપે સાંકળવાનો ઉપક્રમ પણ અનેક રીતે ઈષ્ટ ગણાય.

આ સંસ્થાના સુદીર્ઘ ભાવિની આશાથી જ આ નોંધ લખાઈ છે, કર્મચારીઓની વ્યાજબી માગણીઓ સ્વીકારી તેમને છાજતું ધન-માન આપવાથી કશો અનર્થ થશે તેવી આશંકાને કારણ નથી સંસ્થાને તેની મૂળ યોજના મુજબ મુદ્રાલય આપવાની પણ ખાસ જરૂર છે. સંસ્થાની આંતરરાષ્ટ્રીય ખ્યાતિના વિચારે પણ એના માટે બધી જરૂરી સગવડ હોંશે વહોરવી જ ન્યાય ગણાય. કર્મચારીઓ પણ બહારના યુનિયનવાદથી મુક્ત રહીને પણ વ્યક્તિગત અને સામુદાયિક નીતિનિષ્ઠા અને તેજસ્વિતા તો જરૂર બતાવી શકે. એવી તેજસ્વિતાને સંચાલકમંડળ દ્રોહનો પર્યાય ન માનતાં, અને નિત્ય લચીલાપણું બતાવે તેવી અપેક્ષાના. ક્યારેક સંસ્થાની કામગીરીનું તટસ્થ મૂલ્યાંકન કરતી રહે અભ્યાસપૂર્ણ જુદી નોંધ સાબદા પ્રહરીઓથી આ નૂતન વિદ્યાતીર્થ નિત્ય સુરક્ષિત રહો અને કષાયમુક્તિના પુરુષાર્થમાં વ્યાપક પ્રજાને પણ સહાયભૂત બની રહો.

# અમદાવાદ શહેરમાં નાગજી ભુધરની પોળમાં થઈ રહેલી અપૂર્વ શાસન પ્રભાવના

સૌરાષ્ટ્ર કેશરી શાસન પ્રભાવક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનરત્નસૂરીશ્વર મ. સા. ના શીષ્યરત્ન પ્રવચનકાર પ. પુ. ગણીવર્ય શ્રી યશોવિજયજી મ. સા. તથા પુ૦ મુનિશ્રી રાજયશવિજય અમારા સંઘની આગ્રહ ભરી વિનંતીનો સ્વીકાર કરીને ચાતુર્માસ પધાર્યા ત્યારથી શ્રી સંઘમાં આનંદ છવાઈ ગયો હતો. પુજ્ય આચાર્યદેવની નિશ્રા વિના પુ૦ ગણિવર્યશ્રીનું આ પ્રથમ ચાતુર્માસ છે. ગુરુ ભગવંતની નિશ્રામાં ૨૫ વર્ષ રહીને ખંતપૂર્વક ગુરુભક્તિ કરી તેના ફળ સ્વરૂપે આજે તેમના પર ગુરૂકૃપાવર્ષી રહી છે. તેમની વ્યાખ્યાન શૈલીમાં આચાર્યશ્રીની છટા આવે છે.

વ્યાખ્યાનમાં શ્રી ઉપદેશમાલા ગ્રંથ વંચાય છે. શ્રોતાજનો ખૂબ ભારી સંખ્યામાં લાભ લે છે. પર્યુષણપર્વ સુદિ હંમેશા વ્યાખ્યાનમાં પ્રભાવના સંઘ પૂજન થયા હતા.

ચાતુર્માસ દરમ્યાન શ્રી વિઘ્નહર પાર્શ્વનાથ પ્રભુના અખંડ જાપ સહિત ૨૨૫ આયંબીલ, સવાલાખ નવકાર મંત્રના જાપ સહિત ૩૫૦ એકાસણા. છટ્ઠ–અઠ્ઠમ વગેરે આરાધનાઓ થઈ હતી. પર્વાધિરાજના દિવસોમાં માસક્ષમણ, સિદ્ધિતપ. મોક્ષદંડક તપ, ૧૫ ઉપવાસ, અઠ્ઠાઈ વગેરે ૫૧ તપશ્ચર્યાઓ થઇ હતી.

ભાદરવા સુદ ૧૦ થી ભાદરવા વદ ૩ સુધી પ. પુ. આચાર્ય શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજના આત્મશ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર પૂજન તથા શ્રી શાન્તિસ્નાત્ર યુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ પૂજ્ય ગણિવર્યશ્રીની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો હતો. તેમાં શાંતિસ્નાત્રના દિવસે સર્વ લોકોને લાડવા જમાડવામાં આવ્યા હતા.

ચાતુર્માસ ઉપર કળશ ચઢાવવારૂપ નાગજીભુધરની પોળથી શત્રુંજય (મુક્તિ–ધામ)ની પગપાળા પૂ ગણિવર્યશ્રીની નિશ્રામાં ભવ્ય છ'રી પાળતા સંઘ પરિ-પાટીનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ૧૫૦૦ ભાઈ–બેનોએ લાભ લીધો હતો. સવારે ૫–૩૦ કલાકે બેન્ડ વાજાના સુરો વડે વાતાવરણ ગુંજી ઉઠયું. અને પુજ્યશ્રીએ મંગલાચરણ સંભળાવ્યું તે વખતે

( અનુ૦ પાના ૬ ઉપર )


## શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[ રેલ્વે સ્ટેશન ભુપાલસાગર (જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન ]

# યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિજી મ. ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે સં. ૧૩૪૦ માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર–ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/ ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાં વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મુળનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી ચમત્કારી, શ્યામવર્ણિય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલસાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દૂર આ તીર્થ આવેલ છે. બસોની પણ સુવિધા ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રાની સાથે જ મેવાડની પંચતીર્થીના દર્શનનો પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લા નામનું તીર્થ જે રાજસમંદ–કાંકરોલીના મધ્યમાં છે લગભગ ૨૫૦ પગથીયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય' નામથી પણ પ્રસિદ્ધ છે

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

## લિ. : કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી

ભુપાલસાગર (રાજસ્થાન) ફોન. ૩૩



## જેસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જેસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જેસલમેર પંચતીર્થીના અન્તર્ગત જેસલમેર દુર્ગ, અમરસાગર લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૦૦૦ થી વધુ જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

જેસલમેરની વિખ્યાત વિશેષતાઓ – (૧) ભવ્ય કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડ પત્રીય મહાર જેની ૯૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટો જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે (૪) અનેક દાદાવાડી ઉપાશ્રય અધિષ્ઠાયક દેવસ્થાન અને પટ્ટવાશેઠની કલાત્મક હવેલીઓ (૫) લોદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયક દેવ જેમના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

આવાસ પ્રબંધ : યાત્રીઓ અને શ્રીસંઘોને ઉતારવા ઉચિત પ્રબંધ છે. મરુભુમિમાં હોવા છતાં પાણી અને વીજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે

યાતાયાતના સાધન : જેસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેન જેસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જેસલમેર આવે છે.

જેસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિન મંદિરોના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

શ્રી જેસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ

ગ્રામ : જૈન ટ્રસ્ટ]                [ ફોન નં ૩૦

## જેસલમેર (રાજસ્થાન)

Reg. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364 001 (Gujarat)
Tele. 29919 R. C/o. 28857

તંત્રી : સ્વ. શેઠ ગુલાબચંદ દેવચંદ
: તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

'જૈન'
વર્ષ : ૮૪
અંક : ૨૪

વીર સં. ૨૫૧૩ : વિ.સં. ૨૦૪૩ આસો શુદ ૧૦
તા. ૨ ઓકટોબર, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

# શ્રી સિદ્ધિતપની મહાસાધના

## લેખક : પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.

જૈન દર્શનમાં આત્મા અને કર્મ બન્નેના સંબંધથી જીવોને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે.

અનંત જ્ઞાનવાન્-દર્શનવાન્-ચારિત્રવાન્ અનંત સુખ અને અનંત વીર્યવાન્ એવો આત્મા કર્મ સંયોગના કારણે પોતાની મૂળભૂત અવસ્થાની અનુભૂતિ કરી શકતો નથી. તે અનુભૂતિ ત્યારે જ કરી શકે કે જ્યારે તે કર્મબંધનથી મુક્ત બને. અને તે રીતે મુક્તાત્મા બનેલા આત્માને પોતાના અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને અનંત સુખનો અનુભવ થઈ શકે છે.

આ કાર્ય સહેલું તો નથી તેમ અશક્ય પણ નથી. જો વ્યક્તિ જ્ઞાન દ્રષ્ટિ કેળવી કર્મબંધનોને તોડવા સુપ્રયત્ન કરે તો તે કાર્યસિદ્ધિ સુલભ બને છે

તે પ્રયત્નો માટે વ્યક્તિની ધ્યેયનિષ્ઠા જોઈએ. અને સાથે પ્રબલ સાહસ પણ જોઈએ. આ રીતે કર્મ અને આત્મા બન્નેને ભિન્ન કરવા માટે ઉગ્ર તપશ્ચર્યાનું માધ્યમ સ્વીકારવું જોઈએ. એક જડ પુદ્ગલ સ્કંધમાંથી પરમાણુને છૂટો કરવા વૈજ્ઞાનિકોએ જે પુરૂષાર્થ આદર્યો અને તે સર નિકોલસે અણુને પૃથક્ કરી અણુને સંસ્કારિત કરી જે અણુબોંબ જેવી મહાશક્તિ સર્જન કરી ( ભલે તેનો ઉપયોગ કરનાર નરાધમોએ વિનાશ સર્જ્યો ) તેમ કર્મ અણુને આત્મા ( ચૈતન્ય ) થી પૃથક્ કરવાનો એક પુરુષાર્થ ( જલદ ઉપાય ) તપશ્ચર્યાનો માર્ગ છે.

ભારતના સંતો-મહાત્માઓએ પણ પોતાના સ્વાનુભવથી આત્મ સાક્ષાત્કાર કરવા ઘોરાતિઘોર તપ સાધના કરી તે સિદ્ધિ હાંસલ કરી છે.

જૈન દર્શનમાં તે તપ સાધનાના અનેકવિધ વિભાગોમાં જે સાધકની જેવી ક્ષમતા, જેવી સ્થિરતા જેવી યોગ્યતા તેને તેવી તપ સાધના બતાવવામાં આવી છે. અને તે તપ સાધનામાં **સિદ્ધિતપની** સાધના પણ તે પૈકીની એક ૪૪ **દિવસની** ઘોરાતિઘોર તપ સાધના છે.

જે સિદ્ધિતપનો સાધક આંતર વિશુદ્ધિ-આંતર જાગૃતિ, મનોનિગ્રહ, તેમજ ઇંદ્રિયનિગ્રહ કરવાના ધ્યેયથી આવી કાળ-ઝાળ ગરમીમાં પણ પ્રસન્નતાપૂર્વક સાધના કરતા હોય છે.

## સિદ્ધિતપ એટલે શું ?

(૧) અનાદિ કર્મ 'બંધનથી આત્માને મુક્ત કરી મુક્તિને મેળવવાનો પુરુષાર્થ એટલે **સિદ્ધિતપ.**
(૨) શુદ્ધ ચૈતન્ય સ્વરુપને પ્રાપ્ત કરવા ઝંખતા સાધકોને સર્વકર્મનો ક્ષય કરી તે પામવા માટેનો અમોઘ ઉપાય તે **સિદ્ધિતપ.**
(૩) મનની મલીનતા-ચંચળતાના કારણે સદા માટે અજંપો-અશાંતિ-ભય અને ટેન્શનથી પીડાતા જીવોને પરમ-શાંતિ-અભય અને પરમાનંદ અપાવનાર તે **સિદ્ધિતપ.**
(૪) મિથ્યાજ્ઞાન - મમત્વ - મૂર્છા - ઇર્ષ્યા - અસૂયાના કારણે મલીન બનેલા જીવનનું શુદ્ધિકરણ કરાવનાર તે **સિદ્ધિતપ.**
(૫) પાંચ ઇંદ્રિયોના વિષયોની ભોગવૃત્તિના કારણે કષાયોની ઉઠેલી આગને ઠારવાનું કાર્ય કરનાર તે **સિદ્ધિતપ.**
(૬) માર્ગ - ભૂલેલા - માર્ગમાં અટવાયેલા મોક્ષમાર્ગ મુસાફરોને સત્ય માર્ગદર્શન આપી-હુંફ આપી ઇષ્ટ ( સિદ્ધિ ) માર્ગે પહોંચાડનાર તે **સિદ્ધિતપ**

એક ઉપવાસ બેસણું, બે ઉપવાસ બેસણું,
ત્રણ ઉપવાસ બેસણું, ચાર ઉપવાસ બેસણું,
પાંચ ઉપવાસ બેસણું, છ ઉપવાસ બેસણું,
સાત ઉપવાસ બેસણું, આઠ ઉપવાસ બેસણું,

• આ રીતે ૪૪ દિવસનાં તપમાં ૩૬ ઉપવાસ અને ૮ બેસણાં કરવાના હોય છે.

(૭) સિદ્ધિતપમાં ૧ થી ૮ ઉપવાસનો અનુક્રમ પણ જ્ઞાનાવરણાદિ આઠકર્મોનો ક્ષય કરી શુદ્ધ ચેતનાને પ્રગટ કરાવનાર એટલે સિદ્ધિતપ.

તપ ધર્મના ઉપાસકો જેમ જેમ તપસાધના વધારતા જાય તેમ તેમ તેના જીવનમાં પરાવર્તનો આવતા જગત કે જગતના જડ પદાર્થોનો આશક ન બનતા ઈચ્છા નિરોધ કરી શકે છે. તપના ફલ સ્વરૂપે તે સાધક ક્રોધાદિ કષાયોથી પર થઈ ઉપશમ–સમતા અને અપૂર્વ શાંતિ મેળવી શકે છે. અને તેથી જ તો તે જેમ જેમ સ્થિરતા મેળવતો જાય તેમ તેમ નિજગુણ રમણતાને–સ્થિરતાને પ્રાપ્ત કરતો જાય છે. આ માટે બાહ્ય–આભ્યંતર તપ એ મહાન ઉપાય છે.

ભારતભરમાં આ મહાતપની સાધના છેલ્લાં ૨૫–૩૦ વર્ષથી આ મહાતપના સાધકો ૫–૧૦–૨૫ ની સંખ્યામાં મળતાં હતાં. પરંતુ સાધકોને જેમ જેમ સાધનાની પ્રેરણા મળતી ગઈ તેમ તે તપના સાધકોની વર્ષોવર્ષ સંખ્યા વધતી જ ચાલી. અને બે વર્ષ પહેલાં જ સુરતમાં આ મહાતપના સાધકોની સંખ્યા ૪૦૦ ની રેકર્ડરૂપ થઈ હતી. જ્યારે ગત સાલ પણ નાસિક તેમજ અમદાવાદ કૃષ્ણનગરમાં સારી સંખ્યામાં થયા હતાં.

જ્યારે આ વર્ષે તો જૈનોમાં જાણે આ તપનું ઘેલું લાગ્યું હોય તેમ ઠેર–ઠેર શ્રી સિદ્ધિતપના સમાચારો મળે છે. જેમાં અમદાવાદની સ્થાપના બાદ શ્રી જૈન સંઘોમાં જાજરમાન રાજકીય, ધાર્મિક, વ્યાપારીક અનેકવિધ કાર્યોના ઉલ્લેખો, હસ્તપ્રતો, શીલાલેખોમાં વાંચવા મળે છે. પરંતુ જૈન ઈતિહાસમાં ૩૦૦ લગભગની સંખ્યામાં સિદ્ધિતપના સાધકોની સાધના તો અત્રે સર્વ પ્રથમવાર જ બની રહી છે. જેમાં નાનામાં નાનો બાળ સાધક ૧૦॥ વર્ષની ઉંમરનો છે. અને ૭૮ વર્ષની જૈફ ઉંમરવાળા વૃદ્ધો છે. તેમજ માધ્યમિક શાળામાં હાયર સેકન્ડરીમાં ભણતાં વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ, ગ્રેજ્યુએટ યુવક–યુવતીઓ, શાહસોદાગર વેપારીઓ, ગર્ભશ્રીમંતાઈમાં અને લકઝરીયસ જીવન જીવતા મહાનુભાવોનો પણ આ તપની આરાધનામાં સમાવેશ થયેલ છે. જેથી સેંકડો વર્ષના ઈતિહાસમાં આ ૪૪ દિવસની મહાસાધના એક સુવર્ણ પૃષ્ઠનો ઉમેરો કરનાર બની શકશે.

**આ તપની પ્રેરણા** શેઠ શ્રી હઠીસિંહ કેશરીસિંહ જૈન પાંજરાપોળ ઉપાશ્રયમાં ચોમાસુ બિરાજમાન પરમ પૂજ્ય **શાસન સમ્રાટ** આચાર્યશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** મ.ના પરિવારના પૂ. આચાર્યશ્રી **વિજયચંદ્રોદય-સૂરીશ્વરજી** મ., પૂ.આ.**શ્રી જયચંદ્રસૂરીશ્વરજી** મ. છે, કે જેઓશ્રી ૧૪ વર્ષ બાદ પાંજરાપોળ ચોમાસું પધાર્યા છે. તેઓશ્રીની પ્રેરણાથી ચાતુર્માસ દરમ્યાન સ્વાધ્યાય–સાધના અને શાસનપ્રભાવનાના અનેક કાર્યો વર્ષો સુધી ન ભૂલાય તેવા થયાં છે અને થાય છે.

તેઓશ્રીના પરમ ગુરૂદેવની ભાવનાનુસાર પાલીતાણામાં સમગ્ર વિશ્વમાં એક અને અજોડ રીતે સમવસરણ મહા મંદિરનું નિર્માણ કરાવી તેનું કામ ચાલી રહ્યું છે.

## આ સિદ્ધિતપના મહાપ્રસંગને અનુલક્ષીને

(૧) પ્રતિદિન એક અબોલ અને મુંગા જીવને અભયદાન આપવામાં આવે છે. તેમજ રૂા. ૧,૫૦.૦૦૦ થી અધિક રકમ જીવદયામાં ઘાસચારા વગેરેમાં આપવામાં આવેલ છે. આ રકમમાંથી જરૂરીયાતવાળા ગામોમાં સેંકડો મણ ઘાસ પહોંચતું કરવામાં આવ્યું છે.

(૨) પ્રતિદિન દીન દુઃખી અને અનાથ જીવોના આંસુ લુંછવાના પ્રયત્નો ચાલે છે.

(૩) પ્રતિદિન એક જિનશાસનના સાધર્મિક ભાઈની ભક્તિ કરવામાં આવે છે.

(૪) પ્રતિદિન શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ પણ કરવામાં આવે છે.

(૫) ૨૮ ભાઈ–બ્હેનોએ આજીવન બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો છે.

દુષ્કાળ જેવા સંયોગોમાં પશુધનને ઉગારી લેવા પ્રયત્ન અત્રેથી ચાલી રહ્યો છે અને સમાજ તરફથી સારો સહકાર મળી રહ્યો છે.

દુષ્કાળના કારણે તેઓશ્રીની પ્રેરણાથી ભવ્ય રથયાત્રા બાદ સાધર્મિક જમણવાર [ સ્વામિવાત્સલ્ય ] ન કરતાં પશુધન માટે તેમજ દીન–દુઃખી અનાથ માટે મ નવતાના કાર્યો સેંકડો હજારોના ધન વ્યય કરવા સાથે થયેલ છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના સિદ્ધિતપ તથા આ સિદ્ધિતપની કાયમી સ્મૃતિમાં પાર્શ્વનાથ કોર્પોરેશનવાળા શ્રીયુત નવીનભાઈ પટેલે જિન મંદિર અને ઉપાશ્રયના નિર્માણ માટે પોતાની જમીન શ્રી સિદ્ધિતપ આરાધના સમિતિને અર્પણ કરેલ છે. તે ઉપરાંત પણ જિનમંદિરના જિર્ણોદ્ધાર, નિર્માણ કાર્યો, ઉપાશ્રયો, પાઠશાળાઓ વગેરે અનેક જગ્યાએ જુદા જુદા મહાનુભાવોના સહયોગથી લાખો રૂપીઆ વાપરવામાં આવી રહેલ છે.

તેમજ વિશ્વશાંતિ વિધાયક શ્રી અરિહંત મહાપૂજન તથા આઠ અને તેથી અધિક ઉપવાસના અમદાવાદના દરેક

આરાધકોના સામુદાયિક પારણા કરાવવામાં આવેલ. આ સિદ્ધિતપની અનુમોદનાર્થે જિનેશ્વર ભગવાનની ભક્તિનાં અનુષ્ઠાનોનું આયોજન ગોઠવવામાં ભારે ઉત્સાહથી સૌ કોઈએ ભાગ લીધેલ.

## સિદ્ધિતપ સમિતિનું આયોજન

આ મહા તપના તપસ્વીઓની વ્યવસ્થા માટે પોળના અગ્રણીઓ, યુવકો-યુવતિઓની સમિતિની નિમણુંક કરવામાં આવી છે. અને જુદા જુદા સેંકડો ભાવિકોના અર્થ સમર્પણથી સુંદર આયોજન ગોઠવાયેલ છે.

આ સમુહ સિદ્ધિતપના આરાધકોની તપની અનુમોદના તથા તેમને સુખશાતા પુછવા અમદાવાદ શહેરના નાના-મોટા શ્રીસંઘો તથા પરાની સોસાયટીના શ્રીસંઘો, સમુહમાં આવી સુખશાતા પુછતા એક અપૂર્વ લાગણીભરી એકતા દર્શાવી એક બીજાની વિશેષ નજીક આવેલ છે. તેમજ આરાધકોની આરાધના દ્વારા અનુમોદનાનું વાતાવરણ થતા ૧૦૫૦ અઠ્ઠાઈતપની આરાધના થવા પામેલ છે.

મહાતપના તપસ્વીઓની શાતા અને સમતા-સમાધિ ટકી રહે તે માટે દિન-રાત ભક્તિ કરનાર શ્રી સિદ્ધિતપ આરાધના સમિતિના કર્મઠ કાર્યકરો સર્વશ્રી **બાબુલાલ મોહનલાલ ટમટમ, કાંતિભાઈ મગનલાલ મહેતા** તથા પાંજરાપોળ જૈન યુવક મંડળના સભ્યો તથા કોટન-ચાલ સેવા સમાજ પાંજરાપોળના સભ્યો તથા શ્રી શીતલનાથ જૈન મહિલા મંડળ અને પાંજરાપોળના સેવાભાવી અનેક મહાનુભાવો તેમજ પાંજરાપોળ ઉપાશ્રયે આરાધના કરનાર મહાનુભાવોની ભક્તિ ધન્યવાદને પાત્ર બની છે.

જ્યારે અમારા તપસ્વીઓની શારીરિક સુશ્રુષા માટે સેવાનો ભેખ લઈ રાત-દિન જોયા વિના પ્રત્યેક તપસ્વીઓની દવા-ઇન્જેક્શનોની ભક્તિ કરનાર **ડૉ. અરવિંદભાઈ આર. શાહ** તથા **ડૉ. હસ્મિતાબેન આર. શાહ** બન્નેની નિષ્કામ સેવા તપસ્વીઓને શાતા પહોંચાડવામાં પ્રશંસનીય બની છે.

**ઉત્તર પારણા**-શાંતિભાઈ જીવાભાઈની કું. : સાયન મુંબઈ **૧. પ્રથમ બેસણું-સવારનું**-શેઠશ્રી હઠીસિંહ કેસરીસિંહ અમદાવાદ. **સાંજનું**-શેઠશ્રી ચંદુલાલ દલસુખભાઈ, **૨. બીજું બેસણું-સવારનું**-શેઠશ્રી અંબાલાલ કેશવલાલ શાહપુર દરવાજાના ખાંચો, **સાંજનું**-શેઠશ્રી લાલભાઈ ફુલચંદ દોશી હ. અરવિંદભાઈ. **૩. ત્રીજું બેસણું-સવારનું**-શેઠશ્રી કસ્તુરચંદ શીવલાલ પાંજરાપોળ, **સાંજનું**-શેઠશ્રી વિનોદભાઈ માધવલાલ શાહ., **૪. ચોથું બેસણું-સવારનું**-શેઠશ્રી દેવીચંદજી કેસરીમલજી સુરાણા હ. ઘીસુલાલજી. **સાંજનું**-શેઠશ્રી અનુભાઈ હિંમતલાલ છોટાલાલ ચોકસી., **૫. પાંચમું બેસણું-સવારનું**-શેઠશ્રી રૂપચંદભાઈ ભેંગારભાઈ જહાપનાની પોળ, **સાંજનું**-લીલાવતીબેન મીઠાલાલ નગીનદાસ પાછીયાની પોળ તથા શેઠશ્રી મહેન્દ્રભાઈ નગીનદાસ ગાંધી ગજરાવાળા ફ્લેટસ, **૬. છઠ્ઠું બેસણું-સવારનું**-શેઠશ્રી વિનયચંદ ખીમચંદ શાહ-કેરીયાકવાળા, **સાંજનું**-શેઠશ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ, **૭. સાતમું બેસણું-સવારનું**- તથા **સાંજનું**-પંચભાઈની પોળ તથા ફીકાભટ્ટની પોળના ભાઈઓ તરફથી. **ભાદરવા શુદ ૫, તા. ૨૯-૮-૮૭, શનિવાર**ના સામુદાયિક ૩૦૦ સિદ્ધિતપની અનુમોદનાર્થે શહેરના કોટ વિસ્તારના તથા પાંજરાપોળ જૈન ઉપાશ્રયે આરાધના કરનાર સિદ્ધિતપ, માસક્ષમણ, વર્ષીતપ, અઠ્ઠાઈ તથા તેથી અધિક ઉપવાસના આરાધકો તથા ચૌસઠ પ્રહરી પૌષધની આરાધના કરનાર આરાધકોના સામુહિક પારણા શેઠશ્રી ચંદુલાલ મણીલાલ બાંધણીવાળા પરિવાર તરફથી કરાવવામાં આવેલ. **પારણા**-ભાદરવા શુદ ૬, તા. ૩૦-૮-૮૭, સમગ્ર અમદાવાદ શહેરના સિદ્ધિતપના પારણા તથા સાધર્મિકભક્તિ શેઠશ્રી વ્રજલાલ પોપટલાલ બાબરીયા બરવાળાવાળા તરફથી થયેલ.

## ઐતિહાસિક તપસ્વીઓની
## ભવ્ય ધર્મયાત્રા

તા. ૧૫-૮-૮૭ શનિવારના પાંજરાપોળ ઉપાશ્રયેથી સવારે ૯-૦૦ કલાકે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી ચંદ્રોદય-સૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં પૂ. આ. શ્રી જયચંદ્રસૂરીશ્વરજી મ. મુનિશ્રી પ્રકાશચંદ્રવિજય, મુનિશ્રી કલ્યાણચંદ્રવિજય, મુનિશ્રી કૈલાસચંદ્રવિજય, મુનિશ્રી સુધર્મચંદ્રવિજય, મુનિશ્રી વિબુધચંદ્રવિજયજી મ. આદિ ૩૦૦ સિદ્ધિતપના આરાધકો તપસ્વીઓ સાથેની ભવ્ય ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ રથયાત્રામાં ઈંદ્ર ધ્વજા-ત્રણ સુશોભિત રથો, પ્રભુ મહાવીરના જીવનના વિશિષ્ટ પ્રસંગોનો ખ્યાલ આપતા, ફ્લોટો તેમજ સારી (આખી)યે રથયાત્રામાં આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ કરતી પ્લેનની રચના વિગેરે વિશિષ્ટતા ભરેલી હકીકતોથી આ રથયાત્રાનું પ્રયાણ પાંજરાપોળેથી થઈ ધના સુથારની પોળ, ધનલક્ષ્મી માર્કીટ, સારંગપુર દરવાજા, રાયપુર ચકલા, વાઘેશ્વરની પોળ, શામળાની પોળ, ગુસાપારેખની પોળ, ઘાંચીની પોળ, માણેકચોક, શાક માર્કેટ થઈ રીલીફરોડ, પતાસાની પોળ, ટંકશાળ, કાળુપુર થઈ ધનાસુથારની પોળેથી પાંજરાપોળ પધારેલ. જે રથ-યાત્રા એક ઐતિહાસિક બની રહેલ છે.

તા. ૧૬-૮-૮૭ના રવિવારે સવારે ૯-૦૦ વાગે રીલીફરોડ, પ્રકાશ હાઈસ્કુલના પટાંગણમાં લગભગ ૩૦૦ આરાધક તપસ્વીઓનું સન્માન ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીના વરદ્ હસ્તે થયેલ. જે પ્રસંગે શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, શ્રીયુત બાબુભાઈ વાસણવાળા, શ્રીયુત ચંદુલાલ મણીલાલ બાંધણીવાળા, શ્રી પંકજભાઈ સુધાકર શેઠ, શ્રીયુત નવનીતભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહેલ.

આમ આ અમદાવાદના ઇતિહાસમાં ન બનેલી તેવી સર્વ કંઈ પ્રવૃત્તિ અનુમોદનીય-ઐતિહાસીક બની ગયેલ છે.

# સૂર્યપુર (સુરત)માં વૈવિધ્યપૂર્ણ સ્થાપત્યનો ધર્મ આરાધનાનો થયેલો ઉમેરો

[ પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. તથા પરમ પૂજ્ય આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા. આદિના અમદાવાદના ચાતુર્માસ પૂર્વ સુરતમાં થયેલ ઐતિહાસિક સર્જનોનો-ઘટનાઓનો તથા ધર્મ-આરાધનાઓની નોંધ અત્રે રજુ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. ]

સુરતના વ્યાપાર કળા સ્થાપત્ય અને સાહિત્યના ક્ષેત્રમાં પોતાનું આગવુ અને વિશિષ્ટ સમર્પણ કરનાર જુની પરંપરાને સમર્થકોના રાહે ૨૦મી સદીમાં પણ તે માર્ગને જીવંત રાખનાર સ્થપતિઓ દ્વારા એક વિશિષ્ટ મંદિરનુ ઉત્થાન કરાવવામાં આવ્યુ છે.

આજથી ૫૦૦ વરસના પ્રાચીન ગોપીપુરામાં હાથીવાળા દેરાસર તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રી ધર્મનાથજી તથા શ્રી સૂરજ-મંડન પાર્શ્વનાથ ભગવંતના પ્રાચીન જિનમંદિરનો જીર્ણોદ્ધાર તે મંદિરના ટ્રસ્ટીઓએ ખંતપૂર્વક કરાવ્યો છે.

આ મંદિર અને મંદિરના પ્રાણસમાન શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમાનો પ્રભાવપૂર્ણ ઐતિહાસિક પ્રસંગોનો પરિચય મેળવતા વર્તમાન અમદાવાદના ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના સાતમી પેઢીના પૂર્વજો શેઠ શાંતિલાલ શેષકરણનો પ્રાપ્ત થયેલ શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ ભગવંતના જાગૃત અધિષ્ઠાયકની કૃપાના કારણે આજ સાત-સાત પેઢી સુધી પણ તે કુટુંબ કૃપાપાત્ર બની રહ્યું છે.

વર્તમાનમાં પાષાણના પ્રતિષ્ઠિત જિનપ્રતિમાજીના પહેલાંના વેલુના પ્રતિમાજીને કેન્દ્રમાં રાખી ચિંતામણી મહામંત્રના માંત્રિક ઉપાસકોની એકાગ્રતાપૂર્વકની સાધના સિદ્ધિના શિખરો સર કરી શક્યા છે.

તે પ્રાપ્ત થયેલ વેલુના પ્રભાવપૂર્ણ જિન પ્રતિમાજી સહિત શ્રી ધર્મનાથજી ભ. તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી ભ., શ્રી ગોડીજી પાર્શ્વનાથજી ભગવંતાદિ પ્રાચીન જિનબિંબોનો મંદિરનો આમૂલ ચૂલ જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો છે.

ત્રણ શિખરો, નવ ગભારા અને ભૂમિગૃહ સહિતના આ શીલ્પ સ્થાપત્યના બેનમુન મંદિરમાં સમગ્ર ભારતના પ્રાચીન સમયના રથોના પ્રતિકો, ૧૭૦ જિનપ્રતિમાજીઓ, ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાના માધ્યમથી તથા ૨૪ જિનેશ્વર ભગવંતો સપરિકર તેમજ શીલ્પ-શાસ્ત્રાનુસાર કારીગરીથી યુક્ત રંગ-મંડપ અને ડોમ-ઘુમટની રચના એક દાદ માંગી લે તેવી છે. જ્યારે મંદિરમાં પ્રતિષ્ઠા કરવા માટે પ્રાચીન પ્રભાવપૂર્ણ પ્રતિમાજી ઉપરાંત સમગ્ર વિશ્વમા જૈન પરંપરામાં એક સરખા ૨૪ જિનેશ્વર ભગવંતોના ૨૪ જિનબિંબો, પ્રાચીન કળા કારીગરીથી યુક્ત શ્યામવર્ણવાળા કાઉસગ્ગ મુદ્રાવાળા તૈયાર કરાવવામાં આવ્યા છે. જે પાષાણમાંથી આ મૂર્તિમા કંડારવામાં આવી છે. તે પાષાણના ૭૦૦ વર્ષના પ્રાચીન જિનપ્રતિમાજીઓ આજે પણ દર્શનીય અને પૂજનીય છે. આવા અદ્ભુત જિન પ્રતિમાજીઓને પધરાવવા વગર થાંભલાની ઝુલતી શીખરબંધ દેરીઓ રંગમંડપની શોભા ઔર વધારી રહી છે

સૂક્ષ્મદ્રષ્ટિ અને તે પણ કરકસરભરી આર્થિક નીતિને કેન્દ્રમા રાખી કરવામાં આવેલ. આ જિનમંદિર સુરતના ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ ઉમેરે તેવું છે. શ્રદ્ધા, ભક્તિ અને સ્થાપત્યના ઉપાસકો માટે સુરતમાં આ એક નવા તીર્થનું સર્જન થયું છે.

આ જિન મંદિરના જીર્ણોદ્ધારના કાર્યથી લઇ પ્રાણપ્રતિષ્ઠા સુધીના કાર્ય માટેના માર્ગદર્શક નિશ્રાદાતા પ. પૂ. આચાર્ય શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. તથા તેઓશ્રીના ગુરુબંધુ પ. પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.ની પ્રેરણા નિમિત્તરૂપ બની છે.

સુરતીઓ મોજીલા જીવનની સાથે જ્યારે ધર્મ માર્ગે વળે છે ત્યારે પોતાની પ્રકૃતિનું પરાવર્તન કેટલુ બધુ ત્વરિત ગતિએ કરે છે. તેનો સર્વક્ષેત્રીય ઇતિહાસના પાના ઉકેલતા ખ્યાલ આવી શકે તેમ છે.

નજીકના જ ભૂતકાળમાં ગત સાલ સુરતના જૈન શ્રીસંઘમાં વિશ્વમાં વિક્રમ રૂપ ૪૦૦/૪૦૦ની સંખ્યામાં દ્વિતિપ જેવી અતિઉગ્ર તપસ્યા ૯ વર્ષના બાળકોથી ૮૦ વર્ષના વૃદ્ધોએ કરી હતી. તેઓની સાથે શું જૈનો શું અજૈનો ૪૦૦ થી અધિક ભાઇ બેનોએ અઠ્ઠાઈ તપ, ૮ દિવસના ઉપવાસ કરી ઇતિહાસ સર્જ્યો હતો.

આ મહાન તપના પ્રેરક પૂ. આ. શ્રી વિજયચંદ્રોદય-સૂરીશ્વરજી મહારાજના ગુરુ બંધુ પૂ. આ. શ્રી વિજયઅશોક-ચંદ્રસૂરીશ્વરજી મહારાજની પુનઃ પ્રેરણા પામી ૧૨ વર્ષથી ૮૧ વર્ષના ૩૦૦ ભાઈ બેનોએ ૧૩ મહિના અને ૧૦ દિવસના એકાંતરે ઉપવાસપૂર્વકનો વરસીતપ શરૂ કર્યો હતો. જે આરાધના ગણિ શ્રી સોમચંદ્રવિજય, મુનિશ્રી જયભદ્રસાગરજી, મુનિશ્રી કૈલાસચંદ્રવિજય, મુનિશ્રી પુણ્યચંદ્રવિજય તેમજ સા. શ્રી ચિદ્વર્ષાશ્રીજી, સા. શ્રી પ્રશમતાશ્રીજી, સા. શ્રી રત્નપૂર્ણાશ્રી, સા. શ્રી લલિતાશ્રીજી આદિ પૂ. સાધુ સાધ્વીજી મહારાજો પણ જોડાય પૂર્ણ કરેલ છે.

વૈશાખ શુદ ૩, શુક્રવાર તા. ૧-૫-૮૭ના તે તપસ્વીઓના ઇક્ષુરસથી પારણા કરાવવામાં આવેલ.

છેલ્લા હજારો વર્ષનાં ઇતિહાસમાં એકી સાથે એક જ શહેરમાં આટલી સંખ્યામાં તપસ્યા થયાનું સંભળાયું નથી. ગણિતની દ્રષ્ટિએ જોવા જઇએ તો એક આરાધકના ઓછામાં ઓછા ૨૦૦ ઉપવાસની ગણત્રીએ ૬૦,૦૦૦ ( સાઠ હજાર ) ઉપવાસ એક જ વરસમાં એક શહેરમાં થયેલ. તે પણ ઐતિહાસિક બીના બનેલ.

Reg. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. C/o. 29919 R. C/o. 28857

# જૈન

[illegible] : રૂા. ૩૦૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/-
આજીવન સભ્ય ફી : રૂા. ૩૦૧/-

તંત્રી : સ્વ. શેઠ ગુલાબચંદ દેવચંદ
: તંત્રી-મુદ્રક-પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

'જૈન'
વર્ષ : ૮૪
અંક : ૨૫

વીર સં.૨૫૧૫ : વિ.સં.૨૦૪૪ કારતક વદિ.૭
તા. ૧૩ નવેમ્બર, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

# સુખદ સમાધાન

સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વચ્ચે હાલમાં ઘણા જ સમયથી શ્રી જિનશાસનની દેશના પદ્ધતિ અંગે તથા શ્રી પ્રાર્થના (જય વીયરાય) સૂત્રમાંના **'ઇષ્ટ ફલ સિદ્ધિ'** પદના પરમાર્થ સંબંધમાં ભારે મતભેદ ઉભો થયેલ અને તે માટે સબંધીત પત્રોમાં તેનું પ્રતિપાદન થતું હતું. આ બન્ને આચાર્યદેવોની વચ્ચે તાજેતરમાં તેનું સમાધાન થતા ધર્મોપદેશકોને તથા તત્ત્વજિજ્ઞાસુ શ્રદ્ધાળુઓને 'ઇષ્ટ ફલ સિદ્ધિ તથા દેશના પદ્ધતિ' વિષે શાસ્ત્રાનુસારી માર્ગદર્શન આપતો બન્ને આચાર્યદેવોની સહિથી પ્રગટ થયેલ એક નિર્ણય....

જે ઉદારતાથી પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.એ આ બાબતમાં સમાધાન કરેલ છે. તેવી રીતે તિથી પ્રકરણનું સમાધાન લાવી તપગચ્છ જૈન સંઘમાં વ્યાપેલ કલહને દૂર કરે તેવી પ્રાર્થના.

"અનંતજ્ઞાની ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે-જીવ અનાદિકાળથી આ સંસારમાં જન્મ-મરણાદિ દુઃખોથી રીબાય છે. એનો અંત તો જ આવે કે જીવ જો સંસારબંધનથી છુટી મોક્ષ પામે. સંસારબંધનથી છુટી મોક્ષ પામવા માટે શ્રી જિનેશ્વરદેવોએ શુદ્ધ ધર્મતીર્થની સ્થાપના કરી છે. આલોક-પરલોકના સુખ માટે પણ ઉપાયભૂત આ શુદ્ધધર્મ છે. શાસ્ત્રકારો વાસ્તવમાં આ સુખોને આનુષંગિક ગણે છે, મુખ્ય નહિ. કારણ કે ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે માટે તે પ્રાર્થનીય છે અને તેથી પ્રાર્થના મોક્ષાંગ છે. તેવી રીતે 'જયવીયરાય' સૂત્ર વગેરેમાં પ્રાર્થિત "ભવનિર્વેદ=સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા=મોક્ષમાર્ગનું અનુસરણ, ઈષ્ટફલસિદ્ધિ=આ લોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ-જેના દ્વારા ઉપકૃત બનેલા આત્માને ચિત્તની સ્વસ્થતા થાય છે અને એ થવાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે, તથા લોકવિરૂદ્ધ ત્યાગ=સર્વજન-નિંદા વગેરે લોકમાં વિરુદ્ધ ગણાતાં કાર્યોનો ત્યાગ, ગુરુજન પૂજા=માતા-પિતા-ધર્માચાર્યાદિની પૂજા, પરાર્થકરણ=બીજાના કાર્યોનું કરવું, શુભગુરુ યોગ=ઉત્તમ ધર્માચાર્યનો સંબંધ, તદ્વચન સેવા=આ સંસારમાં જ્યાંસુધી રહેવાનું થાય ત્યાં સુધી તેવા શુભ ગુરુના વચનની અખંડ સેવા-સંપૂર્ણ સેવા થાઓ," વગેરે તથા તેની પ્રાર્થનાઓ પણ મોક્ષાંગ છે. રાજમાર્ગ તો એકમાત્ર સંસારબંધનથી છુટી મોક્ષ પામવા માટે આરાધના કરવાનો છે.

તે છતાં પણ જૈન શાસ્ત્રકારો મુગ્ધ તથા બાલકક્ષાના (બાહ્ય ફલાપેક્ષાવાળા) જીવોને નીચેના કારણોસર ઐહિક સુખ માટે પણ આ જિનોક્ત ધર્મ કરવાનો નિષેધ કરતા નથી.

એ જીવો એ રીતે ધર્મપ્રવૃત્તિ કરવાથી પાપપ્રવૃત્તિથી હઠે છે અને જીવનમાં શ્રી અરિહંતને મુખ્ય કરે છે. તેમજ સાંસારિક પ્રયોજનના લૌકિક આશયવાળું પણ તે જીવોનું એ ધર્મ અનુષ્ઠાન મુક્તિ-અદ્વેષજન્ય સદનુષ્ઠાનના રાગવાળું હોવાથી ક્રમશઃ સમજણ મળતાં એ જીવોનો સાંસારિક આશય બાધિત થઇ જઇ શુદ્ધ મોક્ષના આશયને પમાડનારૂં બને છે.

આ પ્રયોજન જીવન નિર્વાહ વગેરે ઇહલૌકિક આશયવાળું હોય તો ય એના માટે ધર્મ ઉપાદેય છે. આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધધર્મમાં

પ્રવૃત્તિ કરાવવાનો છે. એમાં ઐહિક પ્રયોજન સિદ્ધ થવાથી તે જીવ આર્તધ્યાન-અસમાધિના પાપમાંથી બચે અને સ્વસ્થચિત્તે ધર્મપ્રવૃત્તિ કરી શકે જેથી આગળ વધતાં એ શુદ્ધ મોક્ષના આશયવાળો ધર્મ આરાધી અંતે મુક્તિ સુખ પામી શકે.

**સમ્યગ્દ્રષ્ટિ જીવો સંસારસુખને સર્વથા હેય માનનારા હોવાથી ચિત્તની અસમાધિ દૂર કરવા પ્રસંગવશ સાંસારિક પ્રયોજનની સિદ્ધિ માટે પણ ધર્મ કરે તો તે અહિતકર બનતો નથી. કારણ કે તેનો અંતિમ આશય તો મોક્ષ પામવાનો જ છે-**

ઉપરોક્ત કારણના અભાવે, અબાધ્યફલાપેક્ષાવાળા, મુક્તિ પ્રત્યે દ્વેષવાળા કે કદાગ્રહી જીવો દ્વારા ભૌતિક સુખો માટે કરાતાં ધર્માનુષ્ઠાનો વિષયાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કોટિના હોઈ જૈન શાસ્ત્રકારો તેને હેય તરીકે ગણાવે છે

ચરમાવર્તમાં અપુનર્બંધક વગેરે જીવોનું યત્કિંચિત મુક્તિના અનુરાગજન્ય અથવા મુક્તિના અદ્વેષજન્ય શુભ ભાવલેશથી થતું અનુષ્ઠાન તે તદ્દહેતુ નામનું સદ્દઅનુષ્ઠાન બને છે.

આ રીતે મુક્તિસુખ પમાડવાનો પવિત્ર આશય હૈયામાં રાખીને ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસારસુખનો રાગ સર્વથા નષ્ટ થઇ મુક્તિનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલિ-ભાષિત ધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે.

૨૦૪૩ના અષાઢ વદ ૧૨ ને બુધવાર
**વિજયરામચંદ્રસૂરિ**
શ્રીપાલનગર-મુંબઈ.
**વિજયભુવનભાનુસૂરિ**
શાહુપુરી, કોલ્હાપુર.
અષાઢ વદ ૧૨, વે. સં. ૨૦૪૩

## પાલનપુર-મહોત્સવ

નૂતન આચાર્યશ્રીનિત્યોદયસાગરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પાલનપુર શ્રીસંઘમાં થયેલ અનેકવિધ ભવ્ય આરાધનાઓની અનુમોદના તથા પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ની સંયમ જીવનની અનુમોદના નિમિત્તે શ્રી પલ્લવીયા પાર્શ્વનાથ જૈન દેરાસરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત-પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ.

## ગોરેગાંવ-મુંબઈ

પરમ પૂજ્ય આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ. ઠહેલાવાળા આદિની શુભનિશ્રામાં અત્રે ચાતુર્માસ દરમ્યાન તથા પર્વ પર્યુષણમાં અનેક વિધ ધર્મ આરાધના-પ્રભાવના અનેરી થયેલ. ૪૫ ઉપવાસ, સિદ્ધિતપ. શ્રેણીતપ, અક્ષયનિધિ તપ તથા અઠ્ઠાઇઓ થયેલ, તપસ્વીઓને પારણા આઠ વખત થયેલ.

અત્રેની પાઠશાળાના બાળકોને પ્રોત્સાહન માટે ઇનામી મેળાવડામાં રૂા. ૫૦૦૦-૦૦ના ઈનામો આપેલ. નવપદની ઓળી મોટી સંખ્યામાં થયેલ.

વ્યાખ્યાન રોજ ચાલુ રહેતા અનેક ભાઈ-બહેનો લાભ લે છે.

## પોસાલિયા ( રાજસ્થાન )

પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મ. સા. આદિની પાવન નિશ્રામાં અત્રેના વતની મુનિરાજશ્રી વિમલપ્રભવિજયજી મ. સા. ૧૭ વર્ષના દીક્ષા-સંયમ પર્યાય પાળી તા. ૧-૮-૮૭ના સમતાભાવે તિવિહાર ઉપવાસ કરી નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા કાળધર્મ પામેલ હોઇ અત્રેના શ્રી સંઘ તરફથી જિનેન્દ્રભક્તિ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયેલ.

## મદ્રાસ : મહોત્સવ

પૂજ્ય આચાર્યશ્રી વિજયઅશોકરત્નસૂરીશ્વરજી મ. તથા પૂજ્ય આચાર્યશ્રી વિજયઅભયરત્નસૂરીશ્વરજી મ. આદિની શુભનિશ્રામાં મદ્રાસ શહેરમાં થયેલ અનેક વિધ તપશ્ચર્યા, આરાધના તથા નવપદ ઓળીની આરાધના સહ ૧૯ છોડ સહિત ભવ્ય મહોત્સવ દસ દિવસનો વિવિધ પૂજનો સાથે થયેલ.

**માલેગામ :**–ગુજરાત રાજ્યમાંથી કોઇપણ ગાય, બળદ, વાછરડા આદિ પશુઓ રોડ-રેલ કે સમદ્ર માર્ગે મહારાષ્ટ્રમાં લઇ જવાની કાયદેસર મનાઈ છે. છતાં પણ જનતાની કે સત્તાવાળાઓની એવી જાગૃતિના અભાવમાં ગેરકાયદે પશુઓ લઈ જવાઇને મુંબઇના દેવનાર આદિના કતલખાનાઓમાં વેંચાતા હોવાના સમાચાર મળે છે અત્રેની કૃષિ ગો સેવા સંઘના અધ્યક્ષ કેસરીચંદજી મહેતા આદિએ જુદા જુદા ગામોના જીવદયા પ્રેમીઓ તથા સરકારી અધિકારી વગેરેના સહકારથી બિલીમોરા-નવસારી-બાજપુર ( સુરત ) વાપી આદિ ગેરકાયદે આવી રીતે કતલખાને લઈ જવાના સેંકડો ગાય-બળદ વાછરડા બચાવી જીવદયાનું મહાન કાર્ય કર્યું છે. જીવદયાની આવી જ કાર્યવાહી અખીલ ભારતીય હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઇ પણ કરે છે.

ગુજરાત મહારાષ્ટ્ર રાજસ્થાનના ગામેગામના જીવદયા પ્રેમીઓ જો જાગૃત થાય તો આવી સંસ્થાઓના અને સરકારના સહકારથી જીવદયાનું મહાન કાર્ય કરી ઉચ્ચ પુણ્ય ઉપાર્જી શકે છે.

આ સંસ્થાઓને આર્થિક રીતે સદ્ધર કરવાથી પણ જીવદયાના મહાન કાર્યમાં મદદરૂપ થઈ શકય છે.

## આચાર્ય ગુરૂદેવશ્રી જયન્તસેનસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામ

# પર્વાધિરાજ પર્યુષણ

વર્ષાઋતુ આવે અને ખેડુતો પોતાના ખેતરોમાં ખેતીના કામકાજમાં વ્યસ્ત બની જાય છે, તનતોડ મહેનત કરે છે, આઠ મહિના સુધી કરેલ એશઆરામને તિલાંજલી દઇ, આળસ છોડીને કાર્યમાં વ્યસ્ત થાય છે.

કેમ કે ...

તેઓ સમજે છે જો Seasonમા ચાર મહિના બરાબર ધ્યાન નહીં આપીએ તો પછીના આઠેય મહિના તો વ્યર્થ જ જવાના છે. સીઝન ચુકી જશું અને પછીથી ગમે તેટલા પ્રયત્ન કરીશું, છતાં કંઇ હાથ આવવાનું નથી. મળેલી તકને સાધી લેવી તેજ સાર્થકતા છે.

તેમ ધર્મકરણીની મોસમ પણ વર્ષાકાળમાં વિશેષ છે. તેમાં બધાનો ભાવોલ્લાસ વધારે સજાગૃત હોય છે. તે સ્વાભાવિક છે. અને જ્યારે....

પૂજ્ય ગુરૂદેવેશશ્રીનો યોગ મળી જાય પછી તો પૂછવું જ શું ?

તેમ આ વર્ષ પૂજ્ય ગુરૂદેવશ્રીનો સુયોગ પ્રાપ્ત કરવાનો સુમંગળ અવસર ખાચરોદ નગરને આવી મળ્યો છે.

પર્વાધિરાજ પર્યુષણની આરાધના ભાવવૃદ્ધિ સહ અત્યુમંગ થઇ. સોનામાં સુગંધ ભળે તેમ આ વર્ષ પૂજ્યપાદ ગુરૂદેવશ્રીએ પણ ૧૦ ઉપવાસની તપશ્ચર્યા કરી. ગત વર્ષ આઠ ઉપવાસ કર્યા હતા. આ વખતે આત્મશક્તિને પ્રસ્ફુરિત કરી આહાર સંજ્ઞાને કયાં સુધી આપણે પરાસ્ત કરી શકીએ છીએ તેની પરીક્ષા કરી લીધી હરહમેશ આપણે શરીરને સહયોગ આપવાજ આવ્યા છીએ. હવે જાણીએ તો ખરા કે ખરા સમયે શરીર આપણને કેટલો સહકાર આપે છે ?

તપશ્ચર્યા છતાં નિત્ય પ્રવચન, આવશ્યક ક્રિયાઓ વિ માં ક્યાંય ખોટ આવવા ન દીધી. દૃઢ મનોબળથી જ તપસ્યા થાય છે તે તો આપણે બધાએ માનવું જ રહ્યું. સાથે સાથે....

મુનિરાજશ્રી વીરરત્નવિજયજીએ ૯ ઉપવાસ, મુનિરાજશ્રી હેમરત્નવિજયજીએ ૧૧ ઉપવાસ અને મુનિરાજશ્રી પદ્મરત્નવિજયજીએ પણ માસક્ષમણ, સાધ્વીજીશ્રી કોમલલતાશ્રીજીએ ૮ ઉપવાસની આરાધના કરી.

ગુરૂદેવની કૃપા તો અસીમ વર્ષતી જ રહી. મુનિરાજશ્રી પદ્મરત્નવિજયજીએ તો પ્રથમ દિવસથીજ માસક્ષમણ કરવાની તૈયારી બતાવી દીધી. નિર્વિઘ્ને અત્યંત ઉલ્લાસથી, આત્મભાવ વૃદ્ધિ સાથે આત્મશક્તિને પ્રદિપ્ત કરનાર તપશ્ચર્યાથી આત્મ શક્તિનો પરિચય મેળવી લીધો.

આઠે દિવસમાં ગુરૂદેવશ્રી અહિંસા, ચૈત્યપરિપાટી, ક્ષમાપના, સુપાત્રદાન, સંવત્સરિપર્વનું મહાત્મ્ય, કલ્પસૂત્ર, બારસોસૂત્ર વિગેરે વિષયોનું ઝીણવટ જ્ઞાન સાથે સદ્દષ્ટાંત વિવેચન કરતા રહ્યા, ભક્તો એકચિત થઇ રસપાન કરતા હતા.

પ્રથમ દિવસે ખાચરોદ સ્થિત તમામ જિન ચૈત્યોની ચતુર્વિધ સંઘ સાથે ચૈત્ય પરિપાટીનું આયોજન કરેલ.

અત્રેનું પ્રસિદ્ધ મહાવીર બેન્ડ પણ આવેલ અને પરમાત્મા તથા ગુરૂદેવના જયજયકાર સાથે સમસ્ત રથયાત્રાને નગર ભ્રમણ કરાવી ભક્તિભાવના જાગૃત કરાવી.

ચતુર્દશીના મહાન દિવસે જિનવાણીરૂપ “ કલ્પસૂત્ર ”ની બોલીઓ બોલાઈ. કલ્પસૂત્ર એક એટલું આવશ્યક સૂત્ર છે જે દરેક શ્રાવકે વિધિવત્ સાંભળવું જ જોઇએ. પૂર્ણ ભક્તિભાવથી સાંભળીએ તો અવશ્યમેવ નવમાભવે તો મુક્તિ પામી જ જઇએ.

ભવોનું બંધન તોડાવનાર મુક્તિદાતા “ કલ્પસૂત્ર ” પૂજ્ય ગુરૂદેવશ્રીને વહોરાવવાનો મહાન લાભ શ્રી કનૈયાલાલજી બોડીયા હઃ તોતીબાઇ કાનપુરવાળાએ લીધો હતો અને રાત્રે વિશેષરૂપે જ્ઞાનભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાદરવા સુદી ૧ મહાવીરસ્વામિ જન્મ કલ્યાણક દિવસે પરમાત્માનું પારણું સુભાષભાઇ અભયકુમારજી ભારતીય પરિવારે પોતાના ઘરે ભક્તિભાવથી સન્માનપૂર્વક પધરાવ્યું હતું.

સંવત્સરિ પર્વના અવસરે સમસ્ત શ્રીસંઘે ગુરૂદેવની સાક્ષીમાં એકબીજાની પરસ્પર ક્ષમત ખામણાં કર્યા હતાં. ક્ષમાનું આ પર્વ સર્વજીવો પ્રત્યે મૈત્રી પાઠ શીખવે છે. આખા વર્ષમાં કોઇપણ જીવાત્મા સાથે દુષ્ટ વ્યવહાર, દુષ્ટ કર્મ, કે દુષ્ટ ચિંતન, કર્યું, કરાવ્યું કે અનુમોદના કરી હોય તેનું અંતઃકરણપૂર્વક મન–વચન અને કાયાના ત્રિયોગથી પ્રાયાશ્ચત લઇ શુદ્ધ થવાય છે.

તપસ્યાઓ તો ખુબ જ સારા પ્રમાણમાં થઈ મુનિગણમાં ૧૦ + ૯ + ૧૧ + ૩૦ + ૮ એમ ૬૮ ઉપવાસ થયા. નવકાર મહામંત્રની અક્ષર સંખ્યા પણ ૬૮ છે. શ્રીસંઘમાં પણ પરમેષ્ટિ સ્વરૂપ પાંચ માસક્ષમણ થયાં. ૧. શ્રી અભયકુમારજી વનવટ, ૨. શ્રીમતિ રમાબેન વનવટ, ૩. કાંતીલાલ સીયાલ પંચલાના, ૪. મધુબાલા ચૌરડીયા બામનીયા, ૫. શ્રીમતિ પ્રેમબાઈ ડંગરા, હાલમાં પણ શ્રી વિમલાબેન લોઢાને માસક્ષમણ ચાલુ છે.

૨૨ ઉપવાસમાં હર્ષાબેન નાંદેચા.

૧૬ ઉપવાસ–૧. શકુન્તલાબેન ચૌહાણ, ૨. શકુન્તલાબેન ખમસરા, ૩. રાજકુમારી મહેતા, ૪. પુષ્પાબેન ભંડારી.

૧૧–૮ ઉપવાસની સંખ્યા લગભગ ૯૦ જેટલી હતી.

૭–૬–૫–૪–૩–૨ ઉપવાસ તો અત્યધિક સંખ્યામાં થયા હતા.

ચોસઠ પહોરી પૌષધની આરાધનામાં ભાઇઓ ૧૫ અને બહેનો ૩૫ જેટલી હતી.

ખાચરૌદ નગરના ઇતિહાસમાં પ્રથમવાર આટલી તપસ્યાઓ થઈ હશે. જૈનેતર ભાઇઓએ પણ અઠ્ઠાઇની આરાધનાઓ કરી. પોતાના આત્મભાવને જાગૃત કરવાની પ્રેરણા પામ્યા.

તપસ્વીઓના પારણાનો મહાન લાભ તથા ગુરૂદેવોશ્રીના વાસક્ષેપ પૂજાનો લાભ આહોરનિવાસી ઘીસુલાલ મીઠાલાલજીએ લીધો હતો.

પૂજ્ય ગુરૂદેવશ્રી, મુનિમંડળ, અન્ય તપસ્વીઓના પારણાનો ભા. શુ. ૬નો લાભ ખાચરૌદ નિવાસી સંઘાધ્યક્ષશ્રી બાપૂલાલજી કેશરીમલજી મહેતા પરિવારે લીધો હતો.

પારણાના દિવસે તપસ્વીઓની શોભાયાત્રાનું આયોજન કરેલ તેમાં આબુઆથી આવેલ વિજયરાજેન્દ્ર બેન્ડ અને ખાચરૌદનું મહાવીર બેન્ડ બંન્નેએ સંયુક્ત રીતે ભક્તિભાવ દર્શી સ્તવનો-ધુનો તથા ગીતોની રમઝટથી વાતાવરણને ગુંજાયમાન કરી દીધું.

ખાચરૌદના શ્રી મહાવીર જૈન સંગીત મંડળે, પાર્શ્વનાથ સંગીત મંડળ જાવરાવાળાઓએ પણ પોતાની ગુરૂભક્તિ તન-મનથી પ્રદર્શિત કરી. રાત્રે નાગદાથી આવેલ શ્રી રાજેન્દ્ર જૈન બાલિકા પરિષદ તરફથી ભવ્ય સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન થયેલ.

ગુરૂદેવેશશ્રીજીના પારણા પ્રસંગે ઇન્દોર, બડનગર, રતલામ, જાવરા, ભાટપંચલાના, ઉજ્જૈન, નાગદા, રાજોલાકલા, પ્રીતમનગર, રાજગઢ, પારા, આલોટ, ટાંડા, સરદારપુર, થરાદ, પેપરાળ, અમદાવાદ વિ. અનેક સંઘોનું આગમન થયેલ.

પારણાના દિવસે શ્રીમતી પ્રેમબાઇ ડુંગરાના માસક્ષમણ નિમિત્તે ચાંદમલજી, સૂરજમલજી ડુંગરા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ.

ગુરૂદેવશ્રીની તપશ્ચર્યા તથા મુનિપ્રવરશ્રી પદ્મનવિજયજી મ.ના માસક્ષમણ અને અન્ય તપસ્યાઓ નિમિત્તે શ્રીસંઘે પંચાહ્નિકા ઉત્સવ રાખેલ. રાજમલજી લોઢા, કેશરીમલજી ઓસ્તવાલ, બાપુલાલજી દુગ્ગડ, દિનેશભાઇ વોરાએ પૂજાઓનો લાભ લીધેલ. છેલ્લા દિવસે શ્રીસંઘ તરફથી "સિદ્ધચક્ર મહાપૂજન" રાખેલ હતું.

નિત્ય રાત્રિ ભક્તિભાવનાના પ્રોગ્રામ માટે બુંદી શ્રી માંગીલાલજી અગરચંદજી એન્ડ પાર્ટી આવેલ. તથા શ્રી મહાવીર જૈન સંગીત મંડળ-ખાચરૌદ પણ પોતાના કાર્યક્રમો રજૂ કરતું હતું.

**જયેશકુમાર ફોજાલાલ મોદી**

**અમદાવાદ-ઓપેરા સોસાયટી** : આ. શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પણ ચાતુર્માસ પ્રવેશ બાદ સામુદાયિક એકાસણા-આયંબિલ, છઠ્ઠ-અઠ્ઠમ તથા ૯૫ સિદ્ધિતપના આરાધકોની આરાધનાઓ તથા સર્વ તપસ્વીઓની ભક્તિ તેમજ જીવદયા અંગેનું સારૂં એવું ફંડ થયું. પર્વને અનુરૂપ દરેક પ્રવૃત્તિ પ્રતિ વર્ષ કરતાં વધુ થઇ હતી. મુનિ કૈલાસચંદ્રવિજયજીએ સિદ્ધિતપની આરાધના કરી હતી.

**અમદાવાદ-ઉસ્માનપુરા** : પં. શ્રી પ્રમોદચંદ્રવિજયજીની નિશ્રામાં પણ ઘણા ઉમંગ-ઉત્સાહથી ચાતુર્માસ પ્રવેશ બાદ આરાધના વિગેરે થઇ છે. પર્યુષણ પર્વ દરમ્યાન તપ-જપ અને દરેક ખાતામાં સારી એવી ઉપજ થયેલ.

## .... બીકાનેરમાં ઉપધાન તપ ....

પરમપૂજ્ય યુવક જાગૃતિ પ્રેરક ગણિવર્યશ્રી ગુણરત્નવિજયજી મ. સા.ની શુભનિશ્રામાં ૩૦, ૧૬, ૧૩, ૮ ઉપવાસ ઇત્યાદિની ઘણી તપશ્ચર્યા થઇ. તા. ૨૦-૯-૮૭ના દિવસે ભીષણ ગર્મીમાં માસક્ષમણ (૩૦ ઉપવાસ) કરવાવાળા શ્રીમતી ચંદ્રકલા ધર્મપત્ની કૈલાસચન્દ્ર કોચરનું બહુમાન કર્યું. આવેલા ભીષણ દુકાળ નીમિત્તે જીવદયાની ટીપ પણ થઇ હતી.

હવે વિશ્વશાંતિ, રાષ્ટ્રશાંતિ વ. મોક્ષપ્રાપ્તિ માટે તા. ૧૨-૧૦-૮૭થી ઉપધાન તપનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપધાનમાં ૪૮ ઘંટામાં ફક્ત એક વખત જ ભોજન કરવું અને ૧ લાખ આધ્યાત્મિક મંત્ર જાપ કરવો, આવા પ્રકારનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું.

## તો જ જિનશાસન નિર્ભય રહેશે !!!

શાસનનો ઉદ્યોત જો કોઇએ પ્રગટાવ્યો હોય તો તે ચમત્કારથી નહિ પણ તેમના તપ, તેજ અને ચારિત્રથી. ચમત્કારથી એકંદરે શાસનને ધક્કો જ લાગ્યો છે. ચમત્કાર મૂળે જ અસત્કારરૂપે હોય. અસત્યના મૂળમાંથી ધર્મરૂપી મહાન વૃક્ષ ફાલી-ફુલી ન શકે. દૂધમાં પડેલાં છાસના ટીપાની જેમ તે નુકશાન જ કરે....

૨૫૦૦ વર્ષનો ઇતિહાસ જોઇશું તો ચમત્કાર એ જ હિંદની જનતાનો મુખ્ય ધર્મ બન્યો હતો. સાચી આધ્યાત્મિકતા ભુલાવવાથી જ હિંદનું પતન થયું હતું. ગાંધીજી આજે ભાન ભુલેલાં ભારતને ધર્મનું રહસ્ય નવેસરથી સમજાવી ગયા છે. એટલે જ એ ચમત્કાર વિનાનો છતાં કરોડોના હૃદયને હલાવવાનો ચમત્કાર કરી ગયેલ છે

એકાંત ખુણામાં બેઠેલો સાચો આધ્યાત્મિક અવ્યક્ત રીતે જેટલી શાસનની સેવા કરી શકે છે તેટલી પ્રત્યક્ષ રીતે ચમત્કારથી શાસનનું કલ્યાણ થયું ભલે મનાયું હોય છતાં સરવાળે નુકશાન જ થયું છે.

" ચમત્કારી, યોગીઓ, પ્રભાવશાળી શ્રેષ્ઠિઓ કે વિદ્વાન વક્તાઓ.... શાસનનો ઉદ્ધાર નહિ કરી શકે. શાસનનો ઉદ્ધાર કરવા માટે તો તપઃ તેજ અને ચારિત્ર બળ જ સમાજે કેળવવું રહ્યું.

જો આ સિદ્ધિ સમાજ પાસે હશે તો હજારો ઝંઝાવાત વચ્ચે પણ શાસન નિર્ભય છે. "

## ..... ઉપધાનતપની આરાધના ....

પૂ. આચાર્ય શ્રીમદ્ વિશાલસેનસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં **પાલીતાણા** કેશરીયાજીનગર ખાતે આસો શુ. ૧૦ના ઉપધાન તપનો પ્રારંભ થયો છે.

પૂ. આચાર્યશ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં **પાલીતાણા** મહારાષ્ટ્ર ભવન ધર્મશાળા ખાતે કા. શુ.માં ઉપધાન તપની આરાધના શરૂ થવાની છે.

પૂ. આચાર્યશ્રી વિજયજિનપ્રભસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં **પાલીતાણા** પન્ના-રૂપા ધર્મશાળા ખાતે આસો શુ. ૧૦ના ઉપધાન તપનો પ્રારંભ થયો છે.

**કોબા ( ગાંધીનગર )** ખાતે પૂ. આ.શ્રી ભદ્રબાહુ-સાગરસૂરીજી મ. તથા મુનિરાજશ્રી અરૂણોદયસાગરજી મ.શ્રીની નિશ્રામાં આસો શુ. ૧૧ના ઉપધાન તપનો પ્રારંભ થયો છે.

પૂ. આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. તથા પૂ. આચાર્યશ્રી વિજયજયચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં **અમદાવાદ** ખાતે આસો વ. ૮ના ઉપધાન તપનો પ્રારંભ થશે.

**બીકાનેર** ( રાજસ્થાન ) : ખાતે પૂ. ગણિવર્યશ્રી ગુણરત્નવિજયજી મ. આદિની નિશ્રામાં તા. ૧૨-૧૦-૮૭ આસો વદ ૫ ના ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે.

**કલકત્તા**-પૂ. આ.શ્રી વારિષેણસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ૯૬-કેનીંગ સ્ટ્રીટમાં ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે

**સાંગલી** ( મહારાષ્ટ્ર )-પૂ. આ.શ્રી ધર્મજિતસૂરિશ્વરજી મ. સા.ની નિશ્રામાં વિજયાદશમીથી અત્રે ઉપધાન તપનો પ્રારંભ થયેલ છે.

**ભાયખાલા ( મુંબઈ )**-પ. પૂ. આ.શ્રી પદ્મસાગર-સૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં તા. ૮-૧૧-૮૭ના ઉપધાન તપ શેઠશ્રી મોતીશા જૈન દેરાસરમાં બાફણા પરીવાર તરફથી શરૂ થશે.


## શ્રી નાગેશ્વર તીર્થે પધારો

શ્રી નાગેશ્વર તીર્થ ભારતમાં એક જ **શ્રી** પાર્શ્વનાથ ભ.ની કાયા ૧૪ ફુટ ઉંચી અને નીલવર્ણા સાત ફણાધારી કાયોત્સર્ગ રૂપે પ્રાચીન પ્રતિમાજી બિરાજે છે.

હજારો યાત્રીકો દર્શનાર્થે પધારે છે. ભોજનશાળા ધર્મશાળા વિગેરેની સુવિધા છે. યાત્રિકોને આવવા માટે ચૌમહલા સ્ટેશને તથા આલોટથી બસ સર્વીસ મળે છે. અગાઉ સુચના આપવાથી પેઢીની જીપની વ્યવસ્થા થઈ શકશે. અઠ્ઠમ તપવાળા માટે પૂર્ણ વ્યવસ્થા છે

(ફોન નં. ૭૩ આલોટ) લિ. દીપચંદ જૈન સેક્રેટરી

**શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પેઢી**

P. O. ઉન્હેલ * સ્ટેટ : ચૌમહલા [ રાજસ્થાન ]


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રયોજિત નવમો જૈન સાહિત્ય સમારોહ પાલિતાણામાં

નવમા જૈન સાહિત્ય સમારોહ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને જામ ખંભાળિયા આરાધના ભવન ટ્રસ્ટ તરફથી નિમંત્રણ મળ્યું હતું. પરંતુ હાલ ત્યાં પાણીની તકલીફ હોવાને કારણે સાહિત્ય સમારોહ યોજી શકાય તેમ નથી. એટલે હવે નવમો જૈન સાહિત્ય સમારોહ શુક્ર, શનિ, રવિ. તા. ૨૦, ૨૧, ૨૨, નવમ્બર ૧૯૮૭ના પાલિતાણામાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.


## શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[ રેલ્વે સ્ટેશન ભૂપાલસાગર ( જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન ) ]

## યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસૂરિજી મ.ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર શ્રી ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર-ભોયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/-નો ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મૂળનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણીય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભૂપાલ-સાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલું છે. બસોની સુવિધા પણ ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રાની સાથે જ મેવાડની પંચતીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લાના નામનું તીર્થ જે રાજસમન્દ-કાંકરોલીની મધ્યમાં છે લગભગ ૨૫૦ પગથીયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય'નાં નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બંને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

**લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી**

ભૂપાલસાગર ( રાજસ્થાન ) [ ફોન નં. ૩૩ ]

## કલકત્તા નગરમાં પૂ. આચાર્યશ્રી વારિષેણસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ભવ્ય આરાધનાઓ–ઉપધાન

કલકત્તા–અત્રે પૂ. આ.શ્રી વારિષેણસૂરીશ્વરજી મ., મુનિશ્રી જિનયસેનવિજયજી, મુનિશ્રી વજ્રસેનવિજયજી, મુનિશ્રી વલ્લભસેનવિજયજી મ. તથા સાધ્વીશ્રી આમ્બૂદયાશ્રીજી મ. આદિ ભવાનીપુર ચાતુર્માસ માટે પધાર્યા છે. તેઓશ્રીની પાવન નિશ્રામાં અષાડ સુદ ૯ થી નીચે મુજબ આરાધના થવા પામી છે.

(૧) **નં. ૯૬, કેનીંગ સ્ટ્રીટ**માં પ્રવેશમાં આકર્ષક ગહુંલીઓ, કળશો, અલ્પાહાર, સંઘ પૂજન વિગેરે ૩૭૫ સમુહ આયંબિલ, રૂા. ૪૦ની પ્રભાવના, એકાસણા ચાર દ્રવ્યના ૨૦૦, ચોમાસી પૌષધ–૧૭૦ રૂા.ની ૧૫ પ્રભાવના, કેળિયાના એકાસણા–૧૫૦, ખીરના એકાસણા–૬૦, શાંતિપાઠ પૂજા, અખંડ અઠ્ઠમ, ભક્તામર અઠ્ઠમ–૧૦૮, રૂા. ૫૦ની પ્રભાવના, શંખેશ્વર અઠ્ઠમ, ભક્તામર પૂજન, સિદ્ધચક્ર પૂજન, અનેક સંઘ પૂજનો, ૫૫–પૌષધ, સંવત્સરીના ૨૫૦ પૌષધ, રૂા. ૨૧ની પ્રભાવના, સમુહ આયંબીલ ૨૦૦, ચિત્ર સ્પર્ધા, આરાધના સ્પર્ધા, જલમંદિર રચના, પર્યુષણમાં–૮/૨૦, ૧૬/૩, ૯/૪, ખીરસમુદ્રાર, **ધર્મ ચક્ર–૧, આદિ તથા અઠ્ઠાઇ મહોત્સવ.**

(૨) **હંસ પોકરીયા :**–શાંતિ જિન પૂજન, ચારદ્રવ્ય એકાસણાં ૧૮૦, ભક્તામર અઠ્ઠમ ૪૦, શાંતિનો અખંડ જાપ, રૂા. ૩૦ની પ્રભાવના, પૌષધ–૬૪, અઠ્ઠાઈ–૨૦ આદિ.

(૩) **ધર્મતલ્લા :**–શાંતિસ્નાત્ર સહ પંચાન્હિકા મહોત્સવ, ભવ્ય વરઘોડો, અલ્પાહાર વિગેરે થયેલ.

(૪) **તુલાપટ્ટી :**–માસક્ષમણની ભવ્ય રથયાત્રા, સત્તરભેદી પૂજા.

(૫) **કાંકરીયા એસ્ટેટ :**–શ્રીમતી વાસંતીદેવી જયકુમાર હરખચંદ કાંકરીયાના માસક્ષમણ નિમિત્તે રથયાત્રા, સિદ્ધચક્ર પૂજન, પંચાન્હિકા મહોત્સવ, સ્વામી વાત્સલ્ય, વરઘોડો આદિ થયેલ

(૬) **દાદાવાડી :**–માસક્ષમણ, ચૈત્યપરિપાટી, સ્વામી વાત્સલ્ય સૌ રીતાદેવીના પારણા પ્રસંગે મોટીપૂજા આદિ થયેલ.

(૭) **ભવાનીપુર :**–સમુહ આયંબીલ–૪૫૦, કેળીયા એકાસણા–૧૦૦, દ્રવ્યનાં એકાસણાં–૧૫૦, ભક્તામર અઠ્ઠમ–૧૨૭, મગનાં એકાસણા–૧૦૦, ચિત્ર સ્પર્ધામાં–૬૦, લેખીત સ્પર્ધા–૪૫, લુખી નીવી–૧૦૦, અક્ષયનિધિ–૧૦૦, ચોંસઠ પહોરી પૌષધ – ૫૦, આરાધના સ્પર્ધા – ૧૦૦, સંઘ-પૂજનો–૧૦૦.

લબ્ધિતપ/૧, માસક્ષમણ/૧, ૧૬ ઉપવાસ/૫, ૧૧/૩, ૧૦/૧, ૯/૭, ૮/૨૫, ખીરસમુદ્ર/૧, તપસ્વીઓનો ભવ્ય વરઘોડો નીકળેલ, સ્વામીવાત્સલ્ય થયેલ. પૂ. આ.શ્રી લબ્ધિસૂરીજી મ.ની પુણ્યતિથિએ શાંતિસ્નાત્ર, દશાહ્નિકા મહોત્સવ, રોજ સમુહ ભક્તામર પાઠમાં તથા પ્રવચનમાં સંઘ પૂજનો થયેલ જીવદયાની રૂા. ૧ લાખની ટીપ થયેલ છે.

તપસ્યાનો બહુમાન સમારંભ. ઉપરના દરેક કાર્યક્રમમાં જીવદયાની ટીપ કુલ ૧ લાખ રૂા.ની થયેલ. પૂ. આ.શ્રી વારિષેણસૂરીજી મ.ની ૮૩મી ઓળી પૂર્ણાહુતિએ આસો સુદ ૫ ના અર્હંદમહાપૂજન અને ૪૧ છોડનું ઉજમણું ભવ્ય રીતે ઉજવાયું હતું તથા આસો સુદ ૧૦ થી નં. ૯૬, કેનીંગ સ્ટ્રીટમાં ઉપધાન તપનો પ્રારંભ થયો છે.

ઉપધાન તપની આરાધના નિમિત્તે માળારોપણ માગશર સુદ ૧ના વરઘોડા સાથે સ્વામિવાત્સલ્યપૂર્વક ઉજવાશે. ને તે નિમિત્તે શ્રી પંચાહ્નિકા મહોત્સવ રાખવામાં આવેલ છે.



## જેસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જેસલમેર પંચતીર્થી પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત જૈસલમેર દુર્ગ, અમરસાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ શ્રી જિનપ્રતિમાએ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાએ**–(૧) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. (૨) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. (૩) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે. (૪) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. (૫) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેના દર્શન ભાગ્યશાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને ત્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરૂભૂમિમાં હોવા છતાં પાણી અને વીજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઇન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

ગ્રામ : જૈન ટ્રસ્ટ ]   [ ફોન : નં. ૩૦ : ૧૦૪

શ્રી જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ

જૈસલમેર ( રાજસ્થાન )

# જરાક વાંચી લેશો !........

[લે. પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલબ્ધિ-વિક્રમસૂરીશ્વર પટ્ટધર પ.પૂ.આ.શ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મહારાજ]

[ રોજ બરોજના જીવન પ્રવાહમાં બનતી ઘટનાઓ આપણને વિહ્વળ બનાવે છે. પણ ભ્રમરસમી વૃત્તિના સ્વામી પૂજ્ય આચાર્યદેવશ્રી રાજયશસૂરીશ્વરજી મ. સાહેબે જગતને કઇ દૃષ્ટિએ નિહાળ્યું છે તે તેઓશ્રીની આગવી કલમે આલેખાયેલ છે. પૂજ્ય આચાર્ય મહારાજ આલેખે છે. અને કહે છે "**જરાક વાંચી લેશો !**"માં સરળતાને ઉપસાવતી સહજ સાદી-સીધી વાતો વાંચો અને સહજ દૃષ્ટિએ જગતને નિહાળો. ]

## સાધર્મિકની ટીપમાં ય પહેલો
## સાધર્મિકને ટીપવામાં ય પહેલો !

સાધર્મિકની ટીપ સુંદર થઇ છે !
સરળ વહીવટદારે કહ્યું-"ચાલો ગુરુભગવંતને પૂછીએ કંઇ આજ્ઞા હોય તો !
વહીવટદારો પૂજ્ય ગુરુભગવંત પાસે આવ્યા.
"સાહેબ ! ટીપ સુંદર થઈ છે,"
કંઇક આજ્ઞા હોય તો ?
ભાઇ, ટીપ તમે કરી છે તમને ફાવે તેમ સુંદર વહીવટ કરજો, ભક્તિ કરવા માટે છે.
લેનાર અને આપનાર બંનેનું ગૌરવ વધે તેનું નામ ભક્તિ.
પણ....સાહેબ ! આપની કંઈ આજ્ઞા હોય તો ?
ગુરુ ભગવંતે સ્મિત કર્યું.
કેમ સાહેબ ! હસો છો ?
તમને હજી આ કાળનો રંગ લાગ્યો નથી માટે.
મોટા ભાગના વહીવટદારો પહેલા સાધુને નમે છે,
કામ પતી ગયા બાદ દમે છે,
તમને રંગ નથી લાગ્યો પણ મારે કશું કહેવાનું નથી.
તમારા સંઘમાં
કોઇ સુયોગ્ય વ્યક્તિ હોય તો જોજો !
વહીવટદારો એક બીજાની સામે જોઇ રહ્યાં,
એકે બીજાને કહ્યું-"સાહેબને તેના માટે કહી જુઓ"
બીજા વહીવટદારે કહ્યું-
"જુઓ સવારે આપની સેવામાં પેલા ભાઇ આવે છે તેનો પગાર ટૂંકો છે"
ખૂબ મુશ્કેલી ભોગવે છે.
અમારા સંઘમાં તો બીજી કોઇ વ્યક્તિ એવી નથી.
બધા સાધન સંપન્ન છે.
મહારાજે વહીવટદારોને કહ્યું-
તમે તેમની ભક્તિ કરો ખૂબ યોગ્ય છે,
સાહેબ, એ માટે જ આ બધું કામ છે.
અમે કુટુંબની મુસીબત જોઇને મુંઝાઇએ છીએ
ઘણીવાર તેઓને સમજાવ્યું
પણ તે ભાઈ એકના બે થતા નથી
આપ જરા સમજાવી જુઓ.
ગુરુભગવંતે કહ્યું-"જોઇશું વર્તમાન જોગ,
અને ત્યારબાદ એ પરિવારની દર્દભરી દાસ્તાન [illegible]
ઘી-દૂધ એ ઘરમાં વર્ષોથી આવ્યા નથી
મોજ-શોખ તો શું ? જીવન જરૂરિયાત માટે ફાંફા છે
ટ્રસ્ટનું મકાન ન હોત તો મુંબઇના દરિયામાં જ પડવું પડત
ગુરુમહારાજે ઘણું સમજાવ્યું
પણ
તેણે યાદગાર શબ્દો કહ્યા,
સાહેબ ! આપ તપ ત્યાગ કરો....
સંયમ પાળો....
આખો દિવસ ક્રિયા કરો.
આપને કોઇક જરૂરિયાત હોય તો શું કરો ?
અમે તો સંસારી છીએ,
ઘીના બદલે તેલ,
અને તે ન હોય તો લુખ્ખુ ખાવામાં અમને શું વાંધો ?
અને તેણે ભક્તિના કવર તરફ દૃષ્ટિ પણ ન કરી,
શ્રાવક માથે હાથ મુકાવી ચાલ્યો ગયો,
સાંજે ટ્રસ્ટીઓ આવ્યા,
સાહેબ શું થયું ?
ભાઈ, તમારા સંઘનો વર્તમાનકાળનો પુણ્યિઓ શ્રાવક છે,
તે ભાઇ માને તેવો નથી,
ગુરુમહારાજે કહ્યું....પણ એ ભાઇ નોકરી ક્યાં કરે છે ?
"સાહેબજી ! પેલા સૌથી આગળ બેસનાર સાધર્મિકની આ ટીપમાં સુંદર રકમ લખાવી છે તે શેઠને ત્યાં
મહારાજ સાહેબે કહ્યું-"તો એ શેઠ એમનો પગાર વધારી ન દે !"
અને બધા જ ટ્રસ્ટીઓ એક સાથે બોલી ઉઠ્યા.
"સાહેબ ! જો, જો, ભૂલેચૂકે પણ એમને કશું કહેતા નહી."
મહારાજ ઉપાશ્રયની દિવાલોને પૂછવા લાગ્યા
હે દિવાલો ! અમારે આવી દિવાલ કરતાં આ જાતના દેવાળીયા બની ગયેલા શ્રાવકો વચમાં જ રહેવાનું છે ?
લાખોનો ખર્ચ સદ્વ્યયમાં કરીએ
પણ ઘર આંગણાના સાધર્મિકને દુભાવીએ,
કેમ ચાલશે આ ઢોંગ ?
દિવાલોએ કહ્યું "સાહેબ ! અહીં તો આવું જ ચાલે છે.
આપને ન રહેવું હોય તો કરો વિહાર."
સાધુ મહારાજની આંખો કરૂણાભીની થઈ ગઈ
અને અંતરના આર્તનાદે પ્રાર્થનામાં લાગ્યા,
પ્રભુ સહુને કીર્તિથી દૂર રાખજો,
કર્તવ્યના પંથે ડગ ભરાવજો.
( મુંબઇ શહેરની સત્યઘટના પરથી આધારિત )

# સદ્ભાવના



પ્રવચનકાર : રાષ્ટ્રીય સંત પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી
પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

[ આજે જીવન અતિ સ્વકેન્દ્રી બનતું જાય છે. સૌ માનવો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં જ જાણે પ્રવૃત્ત છે. નિઃસ્વાર્થ ભાવની તીવ્ર અછત વરતાય છે. આમ જ ચાલ્યા કરશે તો માનવું શું થશે ! માનવતા મરી પરવારી જશે તો! તેની સતતા ચિન્તા કરતા આપણા પરપ પૂજ્ય ગુરૂદેવશ્રીએ માનવ માત્રમાં સદ્ભાવના પ્રગટે ને પ્રસરે તે માટેનું એક પ્રેરક પ્રવન કરેલ જે મુનિરાજશ્રી દેવેન્દ્રસાગરજ મહારાજની પ્રેરણાથી અત્રે આપીશું. ]

[ ગતાંકથી ચાલુ ]

ભગવાન મહાવીરે એટલે જ સાપેક્ષ દૃષ્ટિ આપી છે. જેને કારણે આપણે વિધેયાત્મક ( positive ) અને નિષેધાત્મક ( negative ) વિચાર કરી શકીએ છીએ. આ બંને પ્રકારનું ચિંતન આપણી પાસે હોવું જોઇએ. જો આ પ્રકારની દૃષ્ટિનો ઉદય થાય તો જગતમાં કોઈ સંઘર્ષ રહેશે નહિ.

તમે જોયું હશે કે ગાયો જુદા જુદા રંગની હોય છે. કોઈ કાળી તો કોઇ પીળી, કોઈ લાલ તો કોઇ સફેદ. ગાયોનો રંગ જુદો જુદો હોઇ શકે પણ એ બધી ગાયોનું દૂધ તો સફેદ જ હોય છે. એવી જ રીતે વિશ્વમાં ધર્મ અનેક પ્રકારના છે, પરંતુ જે ધર્મ આત્મા સાથે સંબંધિત છે તે હંમેશા દૂધ જેવો જ ઉજ્જ્વળ હશે. એના પર તમે તમારા વિવેક પ્રમાણે સાચું ખોટું લેબલ લગાવશો. પરંતુ ધર્મ ક્યારેય અધર્મ બનતો નથી, એના મૂળ સ્વરૂપમાં ક્યારેય વિકૃતિ નથી આવતી. બહારના લેબલ સાથે મારે કોઈ મતલબ નથી. એની અંદરનો માલ મારે જોવાનો છે. હું તો તમને ત્યાં સુધી કહીશ કે વિશ્વમાં પરસ્પર સદ્ભાવ ઉત્પન્ન કરવા માટે ધર્મના અહિંસા, સંયમ, તપ, અપરિગ્રહ, વિચારોમાં અનેકાંતવાદ જેવાં મૌલિક તત્ત્વોને લઈને એક વિશ્વમંચ તૈયાર કરવો જોઇએ અને દરેક વ્યક્તિ આ મૌલિક તત્ત્વો પ્રત્યે નિષ્ઠાવાન અને વફાદાર બની જાય. દરેક ધર્મનો અનુયાયી પોતાના ધર્મ તરફ પ્રામાણિક બની જાય. ઇશ્વર પ્રત્યે અને પોતાના આત્મા પ્રત્યે ઈમાનદાર બની જાય તો આજની સમસ્યાઓનું સમાધાન થઇ શકશે.

આ બધી સમસ્યાઓનો જન્મ વ્યક્તિ પોતાના વિચારોને બીજા પર લાદવા માગે છે તેમાંથી થાય છે. એક સમયે આ દેશ સમગ્ર વિશ્વને શિક્ષણ, આદર્શ અને સંસ્કૃતિના મહાન સંસ્કાર આપવાવાળો હતો તેને વિચારોની વિકૃતિને કારણે ઘણું સહન કરવું પડયું છે આખો દેશ જુદા જુદા ભાગલામાં વહેંચાઈ ગયો છે. વિદેશથી ઓરીએન્ટલ કોન્ફરન્સમાં આવેલા અનેક વિદ્વાનો મને મુંબઇમાં મળવા આવ્યા ત્યારે મેં એમને કહ્યું કે તમે દૂર દેશાવરથી ઓરીએન્ટલ કોન્ફરન્સમાં ભાગ લેવા આવ્યા, એનાથી મને આનંદ થયો. પરંતુ તમે અમારે માટે કયો નવો વિચાર, કઇ નવી ભાવના કે કયું નવું દર્શન લઇને આવ્યા છો તે મારે જાણવું છે.

આ વિદ્વાનોએ સંક્ષેપમાં કહ્યું કે અમારા દેશમાં એવું શું છે કે જે અમે ભારતને આપી શકીએ ? અમે તો અહીંથી લેવા–પામવા આવ્યા છીએ. અમે અહીંના ધર્મગ્રંથોમાં જે જોયું તેવું દુનિયાના કોઈ ગ્રંથમાંથી અમને સાંપડયું નથી. તમે દીવો લઇને શોધવા જશો તો પણ વિશ્વના કોઇ ગ્રંથમાં રામનો આદર્શ નહિ મળે. પરમાત્મા મહાવીર જેવા તપ અને ત્યાગ કોઇ પણ ધર્મગ્રંથમાં શોધ્યા જડશે નહિ. રામનો આદર્શ, સીતાની પવિત્રતા, પરમાત્મા મહાવીરના તપ અને ત્યાગ અમારી સંસ્કૃતિમાં ક્યાંય નહિ જડે. અમે તો ભૂમિની પવિત્રતાથી ઘણા પ્રભાવિત થયા છીએ. તમારા સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મગ્રંથોમાંથી અમે પ્રેરણાનાં પીયૂષપાન કરવા માગીએ છીએ. અમારો દેશ બહારથી સુંદર દેખાય છે, પણ અંદર જ્વાલામુખી ભભૂકી રહ્યો છે, અને કોઇને ખબર નથી કે એનો વિસ્ફોટ ક્યારે થશે ? અણુશસ્ત્રોના ખડકલા થાય છે, પણ એ જ અણુવિસ્ફોટ જગતના વિનાશનું કારણ બની જશે. અમારી પાસે કોઇ વિવેક અનુશાસન નથી. સ્વયંનું સ્વયં પર નિયંત્રણ–સેલ્ફ કંટ્રોલ–નથી.

જ્યારે આપણી આર્યપ્રણાલી તો વિચાર પર વિવેકના અનુશાસનમાં માને છે. ઋષિમુનિઓએ અમને માર્ગદર્શન આપ્યું છે. આપણા દેશમાં આટલા બધા ધર્મ અને આટલી બધી વિચારસરણીઓ હોવા છતાં ભારતમાં કેટલી શાંતિથી સહુ સદ્ભાવપૂર્વક જીવે છે! સમુદ્રમાં જેમ બધી નદીઓ ભેગી મળે છે અને સમુદ્ર એ બધી નદીઓને પોતાનામાં સમાવી લે છે તેવી રીતે આપણી આર્યસંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા એ છે કે અમે બધાં જ દર્શનોને તમામ પ્રકારની વિચારસરણીઓને અનેકાંત દૃષ્ટિથી સમન્વય કરીએ છીએ. પરમાત્મા જિનેશ્વરના શાસનની સૌથી મોટી વિશેષતા સહુનો સમન્વય કરી લેતી સાપેક્ષ દૃષ્ટિ છે. આ માટે માત્ર દૃષ્ટિ બદલવાની જ જરૂર છે.

[ ક્રમશઃ ]



# મહા પ્રભાવિક ચમત્કારિક શ્રી માણિભદ્ર વીર

**ધારેલું સહુ કામ સિદ્ધ કરવા, છો દેવ સાચા તમે,**
**ને વિઘ્નો સઘળા વિનાશ કરવા, છો શક્તિશાળી તમે,**
**સેવે જે ચરણો ખરા હૃદયથી, તેને ઉપાધિ નથી,**
**એવા શ્રી મણિભદ્ર દેવ તમને, વંદું ઘણા ભાવથી.**

લોક સાહિત્ય અને દંત કથાઓમાં એવું આવે છે કે વીર પુરુષનું મસ્તક છેદાઇ ગયા પછી પણ તેનું ધડ લડતું રહ્યું. રક્ષાનું કાર્ય કરતું રહ્યું.

ઉજ્જૈનના શ્રી માણેકશા શેઠ આવા ધર્મશ્રદ્ધાળુ વીર પુરુષ હતા. જે મગરવાડામાં તલવારના ઘાથી મરાણા ત્યારે તેમનું મસ્તક ઉજ્જૈનમાં પહોંચ્યું. ધડ પહોંચ્યું આગલોડમાં અને મગરવાડામાં પિંડી રહેવા પામી. તેવા વીર માણેકસા ~~શેઠ બન્યા મહા ચમત્કારિક શ્રી માણિભદ્ર વીર.~~

આ વિશ્વમાં ભારત એ એક એવો પુણ્યશાળી પાવનકારી દેશ છે કે જેણે આ ધરાને એક એકથી ચડે તેવા અદ્વિતીય વીર બંકાઓ, ધર્મવીર અને કર્મવીર, ભક્તવીર, અને દાનવીરો, ધર્માચાર્યો ને ધર્મ ધુરંધરો પેદા કરેલ છે.

આપણે ત્યાં સંસ્કૃતિના ઉદ્‌ગમમાં શ્રી ઋષભદેવથી અદ્યાપિપર્યંત અન્ય દેશો કરતાં સવિશેષ ધર્મ, નીતિ અને સદાચારનું પ્રાબલ્ય રહ્યું છે. આ ભૂમિની પ્રજા સદાચારી ધર્મવીરો, ધર્મગુરુઓ, શૂરવીરો, ભક્તો અને સતીઓની પૂજા કરતી આવી છે. સદા તેમની યશગાથા ગાઇ રહી છે.

આજે અહીં આપણે પ્રથમ તીર્થપતી શ્રી આદિશ્વર દાદાના મહાતીર્થ શ્રી શત્રુંજય તીર્થરાજની યાત્રાના અભીગૃહ સાથે આગ્રાથી ઉપડેલા શ્રી માણેકશા શેઠની કથા જાણીશું.

## જીવન પરિચય

**ભરત ક્ષેત્ર :**

આ જંબુદ્વીપ અંદર દક્ષિણાર્ધે ભરતક્ષેત્ર છે. તેમાં અનેક નાના મોટા દેશો છે અને તેમાં અનેક જાતની ભાષાઓ બોલાય છે, અનેક પર્વતો અને નદીઓ આવેલી છે. અઢી દ્વીપની અંદર પાંચ મહાવિદેહ ક્ષેત્રો છે. તેમાં સદૈવ ધર્મ-સ્થાપક તીર્થંકર પરમાત્માઓ હોય છે અને ભાવિક આત્માઓ ઉપદેશ ગ્રહણ કરીને અહિંસા–સંયમ અને તપનું પાલન કરીને મોક્ષે જાય છે. એવી જ રીતે અઢી દ્વીપની અંદર પાંચ ઐરાવત ક્ષેત્ર અને પાંચ ભરત ક્ષેત્ર


## યાત્રા અર્થે પધારો ને
## નૂતન જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરના આ તીર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના અને પૂજ્યઆચાર્યશ્રી હિમાચલસૂરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદથી વિભૂષિત થયેલ. પરમયોગી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઆનંદસૂરિશ્વરજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ તીર્થનો જીર્ણોદ્ધાર થઇ રહેલ છે તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમત-નગર, વિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી.ની બસ સર્વિસ મળતી રહે છે.

આ તીર્થનો ધર્મશ્રદ્ધાળુઓએ દર્શન–જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

નિમંત્રક :

**શ્રી મણિભદ્ર જૈન તીર્થ પેઢી**

**શ્રી જૈન શ્વેતાંબર મૂ. પૂ. સંઘ**

**મુ. આગલોડ** ( તા. વિજાપુર, જી. : મહેસાણા–ઉ. ગુ. )

**( ફોન : ૩૪ )**


આવેલ છે. ત્યાં ઉત્સર્પિણિ અવસર્પિણિ કાલ હોય છે અને એ કાલની અંદર ચોવીસ તીર્થંકર હોય છે.

**શત્રુંજય તીર્થ :**

તેમાંના જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતમાં શત્રુંજય મહાતીર્થ છે અને તે પ્રાયઃ શાશ્વત તીર્થ અને સોરઠ દેશમાં આવેલું છે. જેનાથી આ ભરતક્ષેત્રની શોભા અધિક મહિમાવંત બની છે, કારણ કે બાકીના ૧૪ ક્ષેત્રોની અંદર શાશ્વત શત્રુંજયતીર્થ જેવું કોઇ ત્યાં નથી માટે ત્યાંના લોકો પણ ભાવના કરે છે. કે અમો દક્ષિણાર્ધ ભરતમાં જન્મ્યાં હોત તો એ મહાન તીર્થની સ્પર્શના કરી શકત. કારણ કે એ તીર્થ ઉપર કાંકરે કાંકરે અનંતા અનંત મોક્ષે ગયા છે. જન્મ–મરણના ફેરા મટાડ્યા છે. જો શત્રુંજય મહાપર્વતમાં અનેક રસકુંપી અને ઔષધિ, અનેક જડીબુટ્ટીઓ છે તેમજ અનેક ગુફાઓ છે.

એ પર્વત પહેલા આરામાં ૮૦ યોજનનો વિસ્તારવાળો અને અવસર્પિણિ કાલમાં છઠ્ઠા આરાના અંતે કેવલ સાત હાથનો રહેશે. અને પર્વત ઉપર મૂલનાયક શ્રી આદિનાથ ભગવાન છે. નવ્વાણુપૂર્વ વખત પધારીને સ્પર્શના કરી છે. આ કાલની અંદર ૨૩ તીર્થંકરોએ આ ભૂમિની સ્પર્શના કરીને પર્વતને પવિત્ર બનાવ્યો છે. જેની ૧૦૮ ટૂંકો છે. નવ્વાણું

યાત્રા કરીને છ'રીપાળતા સંઘ આવીને જે ગિરિને સ્પર્શના કરે છે. તેનાં પાપ રહી શકતા નથી વર્તમાન કાલે શત્રુંજય પર્વત ઉપર શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે.

**મરુધર :**

જેમ ભારતક્ષેત્રના સોરઠ દેશમાં શત્રુંજય પર્વત છે તેમ મરુધરમાં આબુ, સુવર્ણગિરિ, જીરાઉલી, નાકોડાપાર્શ્વનાથ, અને ચૌદશોચુંમાલીસ ( ૧૪૪૪ ) સ્તંભ યુક્ત રાણકપુર તીર્થ છે.

**મગધદેશ :**

મગધ આદિમાં સમેતશિખર અને ચંપાનગરી, પાવાપુરી, રાજગૃહી, કાંકંદી, શૌરિપુર–પ્રયાગ, અયોધ્ય આદિ તીર્થોથી એ દેશો પવિત્ર થયા છે.

**ઉજ્જૈની નગરી :**

તેવીજ રીતે માલવ નામનો વિખ્યાત દેશ છે તે દેશની અંદર માંડવગઢ. મક્ષીજી અને અવંતિ પાર્શ્વનાથ વગેરે તીર્થ આવેલ છે. અને અવંતિ પાર્શ્વના નામથી અવંતિ નામની નગરી છે, એ નગરી હાલ ઉજ્જૈની નામથી ઓળખાય છે. એ ઉજ્જૈનીમાં અનેક રાજાઓ થઇ ગયા છે. અને તેઓએ પ્રજાનું પાલન કરેલું છે. તેથી ઉજ્જૈની જનતા રાજપ્રિય હતી. તેમાં અનેક શેઠ સાહુકાર થયા છે. મોટી મોટી હવેલીઓ અને હાટોથી એ નગર અલંકૃત છે. (ક્રમશ:)

## મુંબઈમાં જૈન શાસનનો આચાર્યપદ મહોત્સવ

પ્રસિદ્ધ જૈનાચાર્ય યુગદિવાકર શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના સમુદાયના વિદ્વદ્વર્ય પંન્યાસપ્રવર શ્રી મહાનન્દવિજયજી ગણિવર તથા વ્યા. સા. ન્યા. તીર્થ પંન્યાસપ્રવર શ્રી સૂર્યોદયવિજયજી ગણિવરને / 'આચાર્યપદ'થી વિભૂષિત કરવાની વિધિ, મુંબઈના ઉપનગર અંધેરીમાં, મુંબઇ અને ઉપનગરોના તમામ જૈન સંઘોની અત્યંત ભાવભરી વિનંતીથી અંધેરી જૈન સંઘના ઉપક્રમે તા. ૧૨–૧૧–૮૭ના શુભ મુહૂર્તે યોજાયેલ છે....

આ મંગળ વિધિ સાહિત્ય કલારત્ન જૈનાચાર્યશ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદપૂર્વક શતાવધાની જૈનાચાર્યશ્રી વિજયજયાનન્દસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે, જૈનાચાર્યશ્રી કનકરત્નસૂરીશ્વરજી મહારાજ વગેરે ૧૦૦ થી વધુ સાધુ–સાધ્વીજી અને મુંબઇ તથા ભારતભરમાંથી પધારનાર હજારો જૈનોની વિશાળ હાજરીમાં થશે....

આ અંગેના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા. ૨–૧૧–૮૭થી થયેલો છે. આ મહોત્સવ ૧૧ દિવસ સુધી ચાલુ રહેશે....

આ પ્રસંગે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના દુષ્કાળગ્રસ્ત પ્રદેશોના જૈન પરિવારોની સાધર્મિક ભક્તિ, દુઃખી માનવોની અનુકંપા–સેવા અને અબોલ પશુઓની જીવદયા તથા અભયદાનના કાર્યોનું આયોજન કરવામાં આવેલું છે....


## શ્રી શત્રુંજયના યાત્રિકોની સુવિધા માટે.....

પાલીતાણા શ્રી સિદ્ધક્ષેત્રની યાત્રાએ પધારો ત્યારે દરેક પ્રકારની આધુનિક સુવિધા સાથેની તલાટી પાસે, કાચના દેરાસરજી પાછળની ધર્મશાળાની જરૂર સેવા લેશો.

ધર્મશાળામાં ૯૯ યાત્રા, ફાગણ સુદ ૧૩, વૈશાખમાં અખાત્રીજ કે ચાતુર્માસની આરાધકોને વિશેષ સગવડતા મેળવવા સંપર્ક સાધો....

**શ્રી વિદ્યા વિહાર બાલી ભવન જૈન ધર્મશાળા**
જૈન સોસાયટી, પ્લોટ નં. ૧૩–B, કાચ મંદિર પાછળ, તલાટી રોડ, **પાલીતાણા**–૩૬૪ ૨૭૦ [ ફોન : ૩૯૮ ]

## રૂા. ૩૦૧ માં છોડ મળશે

દેરાસર, ઉપાશ્રય માટે ઉજમણાના દરેક નાના–મોટા માપના પ્લાસ્ટીક જરીવાળા છોડ ઓર્ડરથી બનાવનાર. હાજરમાં વિવિધ જાતના છોડો તૈયાર મળશે. દરેક શ્રી સંઘો, પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજોને અગાઉથી પત્રવ્યવહાર કરવાથી વિશેષ લાભ.

**શાહ મણીલાલ છોટાલાલ જરીવાળા**
૯૨૬ ઢંઢેરી લીમડીપુરા. વાણીયા શેરી. સુરત ( ફોન : ૩૨૭૪૭ )

## મુનીમજી જોઇએ છે....

પાલીતાણામાં **સાંડેરાવ જીનેન્દ્ર ભુવન જૈન ધર્મશાળા** માટે....

ધર્મશાળાના કામકાજના તથા નામાના અનુભવી મુનીમ જોઇએ છે લખો અગર રૂબરૂ મળો....

લી.
**મેનેજીંગ ટ્રસ્ટી**
સાંડેરાવ જિનેન્દ્ર ભુવન,
તલાટી રોડ, **પાલીતાણા**

Reg. No. G. BV. 20
JAIN OFFICE ; P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. C/o. 29919 R. C/o 28857

આજીવન સભ્ય ફી : રૂા. ૩૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/-
જાહેરાતના પેજના : રૂા. ૫૦૦/-
અર્ધા પેજના : રૂા. ૩૦૦/-

# જૈન

તંત્રી : સ્વ. શેઠ ગુલાબચંદ દેવચંદ
: તંત્રી–મુદ્રક–પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પાછળ, ભાવનગર

'જૈન'
વર્ષ : ૮૪
અંક : ૨૬

વીર સં. ૨૫૧૪ : વિ.સં. ૨૦૪૪ કારતક વદ ૧૪
તા. ૨૦ નવેમ્બર, ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪૦૦૧

# શ્રી સકલ સંઘની એકતાના પ્રયત્નો ચાલુ રાખવાની જરૂર

## સર્વે સમુદાયોના વડિલ પૂ. આચાર્ય મહારાજ આદિ ધર્મનાયકોને અર્પણ

સમર્થજ્ઞાની ૧૪૪૪ ગ્રન્થપ્રણેતા શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ એટલે જૈનશાસનનો એક તેજસ્વી સિતારો.

આ મહાપુરુષ ગૃહસ્થાવસ્થામાં પ્રખર વૈદિક પંડિત હતા અને સમ્યગ્દૃષ્ટિ ઉપલબ્ધ થયા પછી અજોડ જૈન તત્ત્વજ્ઞાની બન્યા. એમના ગ્રન્થોમાં જોઇએ તો ઘણે ઠેકાણે અન્ય દર્શનોની માન્યતાઓનું પુષ્કળ ખંડન ઉપલબ્ધ થાય છે. આ રીતે ખંડનમાં તેઓ ઘણા પ્રવિણ હોવા છતાં તેઓએ યુક્તિવાદ અને હેતુવાદની મર્યાદા ચીંધતા કહ્યું છે કે–

જો અતિન્દ્રિય પદાર્થો સંપૂર્ણપણે હેતુવાદના આધારે જાણી શકાતા હોત તો આટલા કાળે પંડિતોએ તે અંગે નિશ્ચય ક્યારનોય કરી લીધો હોત. [ યોગબિંદુ શ્લો. ૧૪૬ ]

ખરેખર મુમુક્ષુ આત્માઓએ **કોઇપણ બાબતમાં પકડ કરવી તે પરમાર્થથી અનુચિત** છે કારણ કે મુક્તિમાં ધર્મો પણ ( ક્ષાયિક નહિ ) લગભગ છોડી દેવાના છે તો પકડ રાખવાનો શું અર્થ ? [ યોગબિંદુ શ્લો. ૧૪૮ ]

તાત્પર્ય એ છે કે ક્ષાયોપશમિક ધર્મો જ્યાં સુધી ક્ષાયિકભાવ આવ્યો નથી ત્યાં સુધી ખુબ ઉપયોગી છે પણ પછી એ ય છોડવાના છે માટે કોઇ પણ બાબતમાં એવી પકડ પકડીને બેસી જવું કે કોઇપણ રીતે મુમુક્ષુઓ માટે જરાય ઉચિત નથી. ખોટી બાબતની પકડ તો અત્યંત નિંદ્ય છે પણ પ્રશ્ન એ છે કે શું સાચી બાબતની પણ પકડ નહીં કરવાની ? ત્યારે યોગબિંદુકાર કહે છે 'ગ્રહઃસર્વત્ર વસ્તુનિ અસંગતઃ' બધી જ બાબતમાં પકડ પરમાર્થથી અનુચિત છે.' આમાં ખોટી બાબતની પકડ અનુચિત છે એટલું જ કહ્યું હોત તો તો તો ઠીક પણ ગ્રન્થકારે તો **બધી જ બાબતમાં પકડને અનુચિત ગણાવી દીધી છે** જે વાત વર્તમાનકાળના સંદર્ભમાં અત્યંત ધ્યાનમાં લેવા લાયક છે.

શ્રી તપાગચ્છ જૈન સંઘની છેલ્લા ૩૦૦ વર્ષની સ્થિતિ જોઇએ તો દેખાય છે કે જ્યારે આ સંઘમાં દેવસૂરગચ્છ અને આણસૂરગચ્છ એવા બે ભાગલા પડ્યા ત્યારે સંઘને પારાવાર નુકશાન થયેલું. અને એ ભાગલાની આડશમાં શિથિલાચાર એવો વકર્યો એવો વકર્યો કે શ્રીસંઘમાં સ્વાધ્યાય–સંયમ વગેરેમાં ઘણી ઉણપ આવી ગઈ. સારું થયું કે એ જ કાળમાં પૂ. પં. શ્રી સત્યવિજય, પૂ. ઉપા. શ્રી યશોવિજય મ. વગેરે મહાપુરુષોએ **શ્રીસંઘથી અલગ પડ્યા વિના જ,** સંઘમાં જ રહીને, આચાર–ક્રિયાનો ઉદ્ધાર કરીને માર્ગ ટકાવ્યો. જો એ મહાપુરૂષોએ તે વખતે ચાલતાં ઝઘડામાં જ ઝુકાવ્યે રાખ્યુ હોત તો પરિણામ કાંઈક જુદુ જ આવત. આપણે જાણીએ છીએ કે એવા ઉગ્ર ભાગલા–મતભેદના કાળમાં પરસ્પરના ભેદભાવને બાજુ પર રાખીને આણસૂરગચ્છવાળા ઉપા. માનવિજય મહારાજે ધર્મસંગ્રહ ગ્રન્થ રચ્યો અને દેવસૂરગચ્છવાળા ઉપા. શ્રી યશોવિજય મ. પાસે તેનું સંશોધન કરાવ્યું. જોવાની ખૂબી એ છે કે પૂ. ઉપા. યશોવિજય મહારાજે તે કાળે વકરેલા શિથિલાચાર વગેરેને સખત ભાષામાં વખોડ્યા છે પણ ક્યાંયે એમના ગ્રન્થોમાં તે કાળે પ્રવર્તી રહેલા આણસૂર–દેવસૂરના ભાગલાને કે તે સંબંધી મતભેદને લગભગ સ્પર્શ્યા નથી. તેથી એમ કહી શકાય કે એ મહાપુરુષોને નજીવા કારણોથી સંઘમાં ભાગલા પડે ( અને એની આડમાં શિથિલાચાર વકરે ) એ લેશમાત્ર પણ પસંદ નહિ હોય.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વાચાર્ય મહાપુરુષો સિદ્ધાન્તની બાબતમાં ક્યારેય પણ બાંધછોડ કરતા ન હતા પરંતુ આચાર કે સમાચારીની બાબતમાં ક્યાંય એવી પકડ પકડીને બેસતા ન હતા કે જેથી સમસ્તસંઘની આરાધના ડહોળાય, સંઘમાં ભાગલા પડે અથવા કલેશ-કજીયા વધતા જાય. એમ કહેવાય છે કે આણસૂરગચ્છવાળાએ એ કાળે તિથિ આદિ બાબતમાં એટલી બધી ગાઢ પકડ પકડેલી કે જેથી તે લગભગ સર્વત્ર અપ્રિય બન્યો અને અત્યારે નામશેષ થઈ ગયો. [ કવિરાજ દીપવિજયજી મહારાજે * 'દેવસૂરિ મહારાજે ચૌદશની વિરાધના કરી' વગેરે મુકેલા આરોપો ઉપરથી આ વાતને પુષ્ટિ મળે છે. ]

ત્રણસો વર્ષોથી ચાલી આવતો તિથિનો ઝઘડો છેલ્લા ૯૦ વર્ષથી અને વિશેષતઃ છેલ્લા પચાશ વર્ષથી ખુબ જ ઉગ્ર બન્યો હતો. અને એનાથી શ્રીસંઘને ભરપાઈ ન થઈ શકે એવું જે નુકસાન થયું છે તેનો કોઈ ઇન્કાર કરી શકે તેમ નથી.

આચારની બાબતમાં શ્રી પ્રશમરતિ શાસ્ત્રમાં પ. પૂ. ઉમાસ્વાતિ મહારાજે લખ્યું છે.

જે જે ખરેખર જ્ઞાન-શીલ-તપ વગેરેનો ઉપગ્રહ કરે અને દોષોનો નિગ્રહ કરે તે તે કલ્પ્ય છે અને બાકી બધુ અકલ્પ્ય છે. ( ગાથા ૧૪૩ ).

~~જે સમ્યકત્વ-જ્ઞાન-શીલ-યોગોને ઉપઘાત કરનારું~~ હોય અને **જે પ્રવચનનો ઉપઘાત કરનારું હોય તે કલ્પ્ય હોય તો પણ અકલ્પ્ય છે.** ( ગાથા ૧૪૪ )

કેટલુક શુદ્ધ અને કલ્પ્ય હોય છતાં પિંડ શય્યા વસ્ત્ર પાત્ર ઔષધાદિ અકલ્પ્ય બને છે અને અકલ્પ્ય હોય તેવું પણ કલ્પ્ય થાય છે. ( ગાથા ૧૪૫ )

દેશ-કાળ-પુરૂષ-અવસ્થા-ઉપયોગ અને શુદ્ધ યોગ્ય રીતે પામીને પરિણામ આદિને **બરાબર ધ્યાનમાં લેવાથી** ( કોઇ પણ ચીજ ) કલ્પ્ય બને છે. એકાન્તે કશું જ કલ્પ્ય હોતું નથી ( કે અકલ્પ્ય પણ હોતું નથી. ) ॥ ૧૪૬ ॥

જે ઉમાસ્વાતિ મહારાજના ક્ષયે પૂર્વા. પ્રઘોષના અર્થઘટન અંગે ઉગ્ર મતભેદ વર્ત્તી રહ્યો છે એ પ્રઘોષમાં પણ ઉપરોક્ત પ્રશમરતિ ગાથાનો મંગલ ધ્વનિ ગૂંજી રહેલો છે- કારણકે પ્રઘોષમાં ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિ અને વૃદ્ધિ હોય ત્યારે ઉત્તર દિવસે તે તિથિ આરાધવાનું કીધા પછી પણ શ્રી મહાવીરસ્વામિનુ નિર્વાણ કલ્યાણક લોકોને અનુસરીને કરવાનું કહેલું છે. શા માટે? એટલા માટે કે લોકો જે દિવસે દિવાળી કરે એનાથી ભિન્ન દિવસે જૈનો દિવાળી કરે તો લોકોથી જુદા પડવાનું અને લોકોની દૃષ્ટિમાં કંઇક હીણા પડવાનું થાય-પ્રવચન ઉપઘાત થાય તેથી ત્યાં ક્ષયે પૂર્વા. વિધાનને બદલે લોકો કરે તેમ કરવાનું વિધાન કર્યું. લોકો ચૌદશે દિવાળી કરે તો આપણે પણ ચૌદશે જ દિવાળી કરીએ છીએ.

ત્યારે આજે શ્રીજૈન સંઘની સ્થિતિ એવી છે કે એ, જૈનેતર લોકોની સાથે દિવાળી ( ભગવાન મહાવીરનું નિર્વાણ કલ્યાણક ) તો ઉજવે છે પરંતુ સંઘમાં પડેલા બે ભાગલા એકબીજાની સાથે સંવત્સરી જેવા મહાન પર્વની આરાધના કરવા તૈયાર નથી. એનું કારણ શું? એક માત્ર ખોટાની કે સાચાની પકડ જ કે બીજુ કોઇ? જો નિર્વાણ કલ્યાણક જેવું ઉત્તમપર્વ લોકો ચૌદશે કરે તો આપણે ચૌદશે કરવા તૈયાર છીએ તો પછી કલ્યાણકો કે સંવત્સરી જેવું મહાન પર્વ, કે જેમાં આજે ઉગ્ર મતભેદના કારણે આખો સંઘ છિન્નભિન્ન થઈ રહ્યો છે અને નવી પેઢી ધર્મવિમુખ બની બેઠી છે તે પર્વને પરસ્પર સુલેહ દ્વારા સકલસંઘને સાથે રાખીને ઉજવવાનું-આરાધવાનું કેમ આપણે ન કરી શકીએ?

ધન્ય છે એ મહાતપસ્વિ આચાર્યદેવશ્રી વિજયહિમાંશુસૂરિ મહારાજને કે જેમણે આ માટે ઘોર અભિગ્રહ ધારણ કર્યો.

બંને પક્ષે જે શાસનના સંઘના ( નહિ કે સ્વના ) ઉત્કર્ષને ચાહતા હતા તેઓએ બંને પક્ષ એક બને એવી ભૂમિકા ઘડી. અનેક ઉત્સર્ગ-અપવાદ પર બરાબર પુખ્ત વિચાર કરીને એક જ દિવસે સંવત્સરી અને મુખ્ય કલ્યાણક પર્વો આરાધાય એવો પટ્ટક અસ્તિત્વમાં લાવ્યા જે ખુબ જ આનંદની વાત છે.

## હૈયે શાસનની દાઝ છે તે શુભ કાર્યને તોડવાનો નહિ પણ જોડવાનો જ પુરુષાર્થ કરે છે.

ખરેખર જેઓના હૈયે શાસનની દાઝ છે તે બધાએ આ પટ્ટકને ચારે બાજુથી પ્રચંડ આવકાર આપ્યો છે. અને સાચી દાઝવાળા ક્યારેય શુભ કાર્યને તોડવાનો નહિ પણ જોડવાનો જ પુરુષાર્થ કરે છે. યાદ આવે છે એક વાત....

પિતાના મૃત્યુ બાદ ત્રણ પુત્રો વચ્ચે મિલ્કતની વહેંચણીમાં તકરાર ચાલે છે-ત્રણેય પુત્રો પોતાને જ એક માત્ર સાચા વારસદાર તરીકે સમજે છે અને બીજાને સમજાવે છે. કોઇ કોઈ ડાહ્યા માણસે ફેંસલો આપ્યો કે પિતાજીના બાપનું ઊભુ પુતળુ એક એક જણ બનાવે અને એના ઉપર બાણપ્રક્ષેપ કરીને જે જેટલા વધારે ટુકડા કરે તે સાચો વારસદાર ગણાશે. ત્યારે મોટા પુત્રે બાણ મારીને બે ટુકડા કર્યા. વચલાએ ત્રણ ટુકડા કર્યા. નાનાભાઈના હૈયામાં પિતા પ્રત્યે ખુબ ભક્તિ હતી. એનાથી આ ટુકડા સહન થયા નહિ. એનું હૈયુ ધ્રુજી ઊઠયું. કારમી ચીસ નાખીને એ દોડ્યો અને પેલા ટુકડા બરાબર ગોઠવીને એના પગ પકડી ક્યાંય સુધી રોયો. આખરે એ જ મિલકતના સાચા વારસદાર રૂપે જાહેર થયો.

ખરેખર જેના હૈયે તપાગચ્છ જૈન સંઘ-શાસનની દાઝ હશે તે અપમાન વેઠીને, ગાળો ખાઇને, ધમકીઓના ભોગ

* પાટણના હસ્તલિખિત ભંડારમાં સંગ્રહાયેલી એક પ્રતના આધારે.

બનીને પણ જિંદગીના અંત સુધી સકલ તપાગચ્છ જૈન સંઘને એક કરવા માટે થાય એટલો પુરુષાર્થ ચાલુ જ રાખશે. સાચા શાસનપ્રેમી એ ક્યારેય આ સંઘના ટુકડા-ભાગલાને આવકારશે નહિ. એ ક્યારેય કોઈ સંઘને નુકસાન કરનારી પકડ પકડીને બેસશે નહિ.

સકલ જિનેશ્વર દેવોની સૌથી પ્રધાન આજ્ઞા એ છે કે– "જહ જહ રાગ દ્રેસા વિલિજ્જંતિ તહ તહ પયટ્ટિયવ્વં" **જેમ જેમ રાગ દ્વેષ ક્ષીણ થતા રહે તે પ્રમાણે પ્રવર્ત્તન કરવું.** જે લોકો શાસ્ત્રના નામે તિથિનો ઝઘડો ઊભો રાખવની તરફેણમાં છે તેઓ પણ જાણતા તો હશે જ કે શાસ્ત્રની પ્રધાન આજ્ઞા અમુક જ તિથિએ આરાધના કરવી એ નથી પણ જેમ રાગદ્વેષ ઘટે તેમ આરાધના કરવી એ છે. અમુક જ તિથિએ આરાધના થવી જોઈએ એવી પકડ પકડી રાખવાથી જો સકલ સંઘમાં રાગ-દ્વેષની હોળી સળગતી હોય-એમાં વૃદ્ધિ થતી હોય તો સમજવું જોઈએ કે શાસ્ત્રની રાઈ જેવડી આજ્ઞાના પાલનના **અતિ** આગ્રહમાં ભગવાનની પહાડ જેવડી મોટી આજ્ઞાના આપણે ફૂરચા ઉડાવી રહ્યા છીએ અને તે ન જ થવું જોઈએ. ભગવાનની આજ્ઞામાં ગૌરવ-લાઘવનો વિચાર સમાયેલો જ છે.

પ્રાન્તે એ જ સદ્દભાવના કે કોઈપણ ઉચિત માર્ગે **સકલ સંઘ એક થાય** અને સંઘ-શાસનની ભૂતપૂર્વ ઇજ્જત ફરીથી લોકમધ્યે પ્રતિષ્ઠિત થાય. વેર-ઝેર ભૂલીને સાચા દીલથી એકબીજાના સુકૃતોની અનુમોદના કરતા થઈ અંદર અંદર એકબીજાને પછાડવાની તુચ્છ વૃત્તિમાંથી ઊંચા આવીએ અને અંતરંગ શત્રુઓ સામે જ સંઘર્ષ ખેલીને આખરે મુક્તિની વરમાલા પહેરીએ એ જ શુભેચ્છા. ●

---

## શ્રી કરેડા પાર્શ્વનાથજી તીર્થની

[ રેલ્વે સ્ટેશન ભૂપાલસાગર ( જિ. ચિત્તોડગઢ, રાજસ્થાન ) ]

# યાત્રાર્થે અવશ્ય પધારો

આ મંદિરનું નિર્માણ આચાર્ય ધર્મઘોષસૂરિજી મ.ના ઉપદેશથી માંડવગઢના મહામંત્રી સંઘપતિ પેથડશાહ દ્વારા સં. ૧૩૨૧માં કરવામાં આવ્યું અને તેના શિખર પર સાત ખંડનું ભવ્ય મંદિર શ્રી પેથડશાહના પુત્ર શ્રી ઝાંઝણકુમારે સં. ૧૩૪૦માં નિર્માણ કર્યું, જેનું સુકૃત સાગર તરંગ આઠમાં વર્ણન છે.

તેનો હાલમાં શ્રી શંખેશ્વર-ભોંયણી તીર્થ દ્વારા રૂપિયા ૧૨,૫૦,૦૦૦/-નો ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને બાવન દેરીઓમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા વિભિન્ન તીર્થોના નામથી બિરાજમાન કરવામાં આવી છે. મૂલનાયક ભગવાનની પ્રાચીન, અત્યંત મનોહારી, ચમત્કારી, શ્યામવર્ણીય પ્રતિમાજીના નિર્મલ ભાવથી દર્શન કરી પુણ્યોપાર્જન કરો.

અમદાવાદથી ઉદયપુર, ચિત્તોડ રેલ્વે માર્ગ પર ભુપાલ-સાગર નામના સ્ટેશનથી ૩ ફર્લાંગ દુર આ તીર્થ આવેલું છે. બસોની સુવિધા પણ ઉપલબ્ધ છે.

આ તીર્થની યાત્રાની સાથે જ મેવાડની પંચતીર્થીના દર્શનના પણ લાભ મળશે. આ તીર્થોમાં શ્રી દયાલશાહના કિલ્લાના નામનું તીર્થ જે રાજસમન્દ-કાંકરોલીની મધ્યમાં છે લગભગ ૨૫૦ પગથીયાથી આ તીર્થ 'મેવાડ શત્રુંજય'નાં નામથી પણ પ્રસિદ્ધ છે.

આ બને તીર્થો પર આધુનિક સુવિધાઓથી સુસજ્જિત વિશાલ ધર્મશાળા તથા ભોજનશાળાની સુવ્યવસ્થા છે.

**લિ. કરેડા પાર્શ્વનાથ તીર્થ કમિટી**

ભૂપાલસાગર ( રાજસ્થાન ) [ ફોન નં. ૩૩ ]

---

## જૈસલમેર પંચતીર્થીની યાત્રાર્થે પધારો

પશ્ચિમી રાજસ્થાનમાં આવેલ જૈસલમેર પંચતીર્થી, પોતાની પ્રાચીનતા, કલાત્મકતા અને ભવ્યતા માટે જગપ્રસિદ્ધ છે. જૈસલમેર પંચતીર્થીના અન્તર્ગત-જૈસલમેર દુર્ગ, અમર-સાગર, લોદ્રવપુર, બ્રહ્મસર અને પોકરણ સ્થિત જિનાલયોમાં બધા મળી ૬૬૦૦ થી વધુ શ્રી જિનપ્રતિમાઓ બિરાજમાન છે.

**જૈસલમેરની વિખ્યાત વિશેષતાઓ–** ( ૧ ) ભવ્ય, કલાત્મક અને પ્રાચીન જિનાલયો. પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ. ( ૨ ) ખરતરગચ્છીય શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાન-ભંડારમાં સંગ્રહિત તાડપત્રીય અને હસ્તલિખિત ગ્રંથો. ( ૩ ) દાદાગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજી મહારાજની ૮૩૦ વર્ષ પ્રાચીન ચાદર અને ચોલપટ્ટા, જે તેઓના અગ્નિસંસ્કાર પછી પણ સુરક્ષિત રહ્યા છે ( ૪ ) અનેક દાદાવાડી, ઉપાશ્રય અધિષ્ઠાયક દેવસ્થાન અને પટુઆ શેઠોની કલાત્મક હવેલીઓ. ( ૫ ) લૌદ્રવપુરના ચમત્કારીક અધિષ્ઠાયકદેવ જેમના દર્શન ભાગ્ય-શાળીઓને અવારનવાર પ્રાપ્ત થાય છે.

**આવાસ પ્રબંધ :** યાત્રિકો અને શ્રીસંઘોને ઉતરવા ઉચિત પ્રબંધ છે. મરૂભૂમિમાં હોવા છતાં પાણી અને વીજળીની પુરી વ્યવસ્થા છે. દાનવીરોના સહયોગથી ભોજનશાળા ચાલુ છે.

**યાતાયાતના સાધન :** જૈસલમેર આવવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના જુદા જુદા માર્ગોથી યાતાયાતના સાધનોથી જોડાયેલ છે. જોધપુરથી દિવસમાં એક વાર બસ અને રાત્રે ને સવારે બે વાર ટ્રેઇન જૈસલમેર આવે છે. આ ઉપરાંત જયપુર અને બીકાનેરથી પણ સીધી બસો જૈસલમેર આવે છે.

જૈસલમેર પંચતીર્થીના દુર્ગ તથા અમરસાગર સ્થિત જિનમંદિરના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

ગ્રામ : જૈન ટ્રસ્ટ [ ફોન : નં. ૩[illegible] : ૧૦૪ ]

જૈસલમેર લૌદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વે. ટ્રસ્ટ

# રાજનગર કૃષ્ણનગર મધ્યે
## અનેરી ધર્મભાવના : પુણ્ય તિથિ ઉજવાઇ

અધ્યાત્મયોગી પ. પૂ. પં.શ્રી પદ્મવિજયજી મ. સા. તથા મહાનશાસનપ્રભાવક પૂ. પા. આ.દે.શ્રી વિ.સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. સા.ની પાવનીય નિશ્રામાં ચાતુર્માસના પ્રવેશથી સંઘમાં અનેરો આનંદ ઉમંગ અને ઉત્સાહ રેલાયો છે.

સંઘમાં સાંકળી આયંબિલ, અઠ્ઠમ, અઠ્ઠાઇ જેવી અનેક તપશ્ચર્યાઓ પૂજ્યશ્રીની પ્રેરણાથી થવા પામી છે.

શ્રા. સુ. ૫ પૂ. દાદા ગુરુદેવની ૨૯મી સ્વર્ગારોહણતિથિ નિમિત્તે... મહામહોત્સવ, પરમાત્મભક્તિ, સાધર્મિકભક્તિ, જીવદયા, અનુકંપા આદિ અનેક સુકૃત કાર્યો થયા હતા. શ્રુત ભક્તિમાં પૂ. દાદા ગુરુદેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. વિરચિત અરિહંત પંચ વિંશતિ અને તેના ઉપર પૂ. પા. આ.દે.શ્રી વિ.સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.એ કરેલ સુંદર વિવેચન ભરેલું " અરિહંતના ધ્યાને અરિહંત બની જઇએ " નામના પુસ્તકનું ઉદ્ઘાટન અનેરા ઉત્સાહ પૂર્વક થયું હતું.

પૂજ્યશ્રીના પુણ્ય સાનિધ્યમાં પર્યુષણ પર્વમાં વિવિધ તપશ્ચર્યાઓ થઇ હતી, અને તપસ્વીઓની અનુમોદના પણ સુંદર પ્રભાવના આપીને થઇ હતી.

રાજનગરમાં ચૈત્યપરિપાટીનું કર્તવ્ય પણ એક ઐતિહાસિક થયું હતું. કૃષ્ણનગરથી બેન્ડ, બગીઓ, શોભાચિત્રો, રાસ લેતા યુવાનો સાથે ૧૫૦૦ યાત્રિકો પૂર્વક ગીરધરનગર થઇ શાંતિનગર પ્રચંડ તાપને ભુલી " જૈનં જયતિ શાસનમ્ ", " ગુરુજી અમારો અંતરનાદ " જેવા અનેક સુરોથી વ્યોમાકાશને ગુંજિત કરતા સાચાદેવ સુમતિનાથના ચરણોમાં સૌ કોઇ પહોંચી ગયા. ત્યાં પરમાત્મભક્તિ કર્યા બાદ, ભાવભરેલું ગુરુવિરહ ગીત બોલતા સહુના નયનો અશ્રુસભર બની ગયા હતા.

કૃષ્ણનગરથી શાંતિનગર ૧૪ કિ. મી.ના રાહમાં આવતા પશુઓને ઘાસના પુળાનું અને જૈનેતરોને જાણે લાડવાનું વરસીદાન આપ્યું ન હોય....? જીવદયા અને અનુકંપાપૂર્વકની પ્રભુભક્તિથી સહુના મુખમાંથી પ્રશંસાના શબ્દો વેરાયા હતા.

દિપાવલી દિનોમાં તીર્થ પ્રભાવક પૂ ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.ની પ્રથમ વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે....

આઠ મહાપૂજનો સહ અષ્ટાહ્નિકા મહોત્સવ, પ્રતિદિન પ્રાતઃકાળે પૂ ગુરુદેવની સ્મૃતિ કરાવતી હજારો ભાવુકો સાથે ચૈત્યવંદન અને ભક્તામરસ્તોત્રના સામુહિક પાઠ સાથે પરમાત્મ ભક્તિ.

" રક્ષ રક્ષ જિનેશ્વર " પંક્તિ પર પૂ. આચાર્ય ભગવંતના તથા મુ.શ્રી ચન્દ્રયશવિ. મ. સા.ના પ્રેરક પ્રવચનોના પ્રભાવે સંઘમાં ઉત્સાહ ખુબજ વધતો રહ્યો. સંઘપૂજન કરનાર ભાવુક આત્માઓને પણ સંતોષ થાય તેવો લાભ મળતો હતો.

રંગોળી પ્રદર્શન....

* વીર વિભુની નિર્વાણ ભૂમિ પાવાપુરી.
* જીવદયાની ભવ્ય પ્રેરણા આપતી સૂરિસમ્રાટ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ અને શહેનશાહ અકબર.
* સમ્મેતશિખરજી, ભરૂચતીર્થ, પોશીનાતીર્થ તથા શ્રી ઉચ્ચ-તીર્થોદ્ધારક પૂ. ગુરુદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજાની રંગોળીના દર્શન કરવા સારૂયે રાજનગર ઉમટયુ હતું.

૫૭૦૦૦ વિવિધ ફૂલોમાં ૫૫૭ દિપકથી ઐતિહાસિક પ્રભુ મુનિસુવ્રતસ્વામીની ભવ્ય અંગરચના થઇ હતી.

આગમજ્ઞાતા પૂ. ગુરુદેવની કાયા પ્રમાણ કૃતિ સહ ૪૫ આગમનો વરઘોડો પણ સૌ પ્રથમ નીકળ્યો હતો. રથ, બગીઓ, હાથી, બેન્ડો, જીવદયા, અનુકંપા સાથે વસ્ત્ર, પૈસા વિ.ના વર્ષીદાન પૂર્વક વરઘોડામાં ખુબજ શાસન પ્રભાવના થઇ હતી.

–: ગુણાનુવાદ સભા અને પુસ્તક વિમોચન :–

પૂ. ગુરુદેવની કાયા પ્રમાણ ફોટા પર નામકરણ વિધિ હજારો રૂપિયાની બોલી બોલાઇ કરાઇ હતી. પૂ. આચાર્ય ભગવંત તેમજ મુ.શ્રી ચન્દ્રયશવિ. મ. સા.ના ગુણાનુવાદથી સારીયે સભા આશ્ચર્ય ચકિત બની ગઇ હતી. ભાવ ભરેલા ગુરુ વિરહ ગીતે સૌની આંખો અશ્રુસભર બની ગઈ હતી.

ફક્ત ૧૦ દિવસના અલ્પ સમયમાં તૈયાર થયેલી " સંધ્યા સમયે વિદાય લઇને " પુસ્તકનું વિમોચન પણ ઉત્સાહ પૂર્વક થયું હતું.

આ પ્રસંગમાં અમદાવાદના મેયર શ્રી બાબુભાઇ વાસણવાળા ( ધારાસભ્ય ) શ્રી અશોકભાઇ ભટ્ટ, શ્રી વક્તાવરમલજી પ્રતાપમલજી, શ્રી લલિતભાઇ કે. કોલસાવાળા આદિ અનેક અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ ઉપસ્થિત થયા હતા.

–: પૂ. ગુરુદેવના ૫૭ વર્ષના સંયમના સંભારણા :–

૫૭૦૦૦ રૂ.ની જીવદયાની ટીપ.
૫૭૦૦૦ ફૂલોની અંગરચના.
૫૭૦૦૦ રૂ. કૃષ્ણનગરમાં કાયમી શાશ્વતી ઓળી.
૫૭૦૦ રૂ. શ્રુત સાહિત્ય પ્રકાશનમાં.
૫૭૦૦ રૂ. જીવદયા અનુકંપા.
૫૭૦૦ રૂ. ગુરુભક્તિ.
૫૫૭ દિપકની રોશની.
૧૦૧ છઠ્ઠ.

વિદુષી સા.શ્રી સુભદ્રાશ્રીજી મ. સા.ની પાવનીય નિશ્રામાં બહેનોમાં પણ ધર્મની અનેરી જાગૃતિ આવી હતી.

૫૫૭૭૫૭નો ગુરુદેવનો જાપ, ૫૫૭ સામુહિક સામાયિક. ગુણાનુવાદ સભા પણ સુંદર યોજાઇ હતી.

શાસન પ્રભાવના પૂર્વક યોજાયેલ મહામહોત્સવે સારાયે રાજનગરમાં વિક્રમ સર્જ્યો.

મહાન શાસનપ્રભાવક પૂ.પા. આ.દે.શ્રી વિ.સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. સા.ની શુભ પ્રેરણાથી વાસણા, પોયનાડ, ઇડરમાં પણ આરાધના સહ મહોત્સવ થયેલ.



## ચાર વીશીના જીવનયાત્રા અને ત્રણ વીશીના ધર્મપ્રભાવક પરમશાસન પ્રભાવક, પરોપકાર પરાયણ, નિડર વક્તા, સરળતાના ગુણોના પુંજ....પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી

# વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ

જન્મે બ્રાહ્મણ અને સાધનાએ શ્રમણ આચાર્યદેવશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ.ની પ્રશાંત પ્રકૃતિ જાણે સૌના અંતરને વશ કરી લે છે. આ તેજ પુંજ, ધર્મક્રિયા પરાયણ, અને અલ્પભાષી આચાર્યમાં અણુગારના પાવનકારી દર્શન થાય છે. તેમની જીવન યાત્રાને ૮૨ વર્ષ અને સંયમ-પર્યાયના ૬૦ વર્ષ થતા શ્રી વિલેપાર્લે જૈન સંઘ તથા આગેવાનો તરફથી તા. ૭-૧૧-૮૭ થી તાઃ ૧૫-૧૧-૮૭ સુધીનો મહોત્સવ સહ ઉજવણીનો કાર્યક્રમ યોજાયેલ.

તેઓનું વતન ઈડર પાસે દેશોત્તર ગામ વિક્રમ સંવત ૧૯૬૨માં (ધનતેરસ) આસો વદ-૧૩ના દિવસે બ્રાહ્મણ કુળમાં એમનો જન્મ થયેલ. પિતાનું નામ મોતીરામ ઉપાધ્યાય અને માતા સુરજબહેન, એમનું પોતાનું નામ મોહનલાલ.

કુળ બ્રાહ્મણનું એટલે વિદ્યાના અને સંયમી જીવનનાં સંસ્કારો પારણે ઝુલતા મળેલા, સમય પાકે અને આંબે કેરી પાકે. એમ ૨૨ વર્ષની યુવાન વયે વિદ્યા અને વૈરાગ્યનાં સંસ્કાર જાગી ઉઠયા. વિક્રમ સંવત ૧૯૮૫ના કારતક વદિ ૧૦ના રોજ વત્રા (ખંભાત પાસે) ગામે પરમ પૂજ્ય શાસન સમ્રાટસૂરીશ્વરજી મ.ના શિષ્ય અને આદર્શશ્રમણ શ્રેષ્ઠ પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજીના શિષ્ય તરીકે દીક્ષા લીધી. નામ મોહનલાલમાંથી મુનિ મેરૂવિજય થયું.

સંયમનો માર્ગ ગ્રહણ કર્યા પછી તેઓએ અભ્યાસ અને તપશ્ચર્યા અવિરત ચાલુ રાખી, અને ગુરુદેવ શ્રી વિજયોદયસૂરીનો ભક્તિનો ગુણ કે સમતા-સરળતાનો ગુણ સહજ વારસામાં આવેલ. અનેક પ્રદેશોમાં વિચરી તેઓશ્રીએ શાસન પ્રભાવનાના અનેક સત્કાર્યો કરાવ્યાં અને અનેક જીવોને ધર્મનો બોધ આપ્યો. વિ. સં. ૨૦૧૯ના વૈશાખ સુદ ૬ના તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની છાયા પાલીતાણામાં તેઓશ્રીને '**આચાર્યપદ**' આપવામાં આવ્યું.

આજે જૈન સાસનમાં પૂજ્ય આચાર્યશ્રી વિજયમેરૂપ્રભ સૂરીશ્વરજી મહારાજ સાહેબના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. આચાર્યશ્રીના વરદ હસ્તે શુભ સાંનિધ્યે આજ સુધીમાં પોતાના દાદાગુરુ અને ગુરુદેવશ્રીની નિશ્રામાં અનેક કાર્યો કર્યા તેમ તેમની જ નિશ્રામાં અનેકાનેક પ્રભાવક પ્રવૃત્તિ ધણુથંભી ચાલી રહી છે.

**અંજનશલાકા :** મુંબઇ શ્રી આદીશ્વરજી-પાયધુની, બોરીવલી-દોલતનગર, ભાવનગર-શાસ્ત્રીનગર, વિદ્યાનગર, તળાજાતીર્થ, અમદાવાદ-ઓઢવ, જે શાસન પ્રભાવક અને ઐતિહાસિક બની રહેલ. તેમજ **પ્રતિષ્ઠા :** રાજસ્થાન-કલાપરા, સ્વરૂપગંજ, ભાનપરા, મુંબઇ-ગોરેગામ, પાયધુની, બોરીવલી, ગુજરાત-ભાવનગર, શીહોર, વરતેજ, ઘોઘા, અગિયાળી વરલ, વલ્લભીપુર, અમદાવાદ, સાબરમતી, ઇત્યાદિ. **ઉજમણું :** અમદાવાદ, સાબરમતી, ભાવનગર, શીહોર, મહુવા, વેળાવદર ઇલપુર, વગેરે. **ઉપધાન :** સાબરમતી, વાંકલી, ઘાટકોપર, પાલેજ, પાલીતાણા, મુંબઈ, બોરીવલી, શિહોર. **છ'રી પાલિત સંઘ :** તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના અમદાવાદથી, લીમડીથી, ભાવનગરથી તેમજ થાણા તીર્થનો, અગાશી તીર્થનો, શેરિસા-તીર્થનો, ઘોઘા તીર્થનો, ઝઘડીયાજી તીર્થનો, રાણકપુર આદિ પંચ તીર્થીનો, કાપરડાજી તીર્થનો, કલિકુંડ તીર્થનો શ્રીસંઘ યાત્રા કરી-કરાવી લાભ લીધેલ, તેમજ પૂજ્યશ્રીના ઉપદેશથી નાના-મોટા સ્થાનોમાં જે સ્થાનીક જરૂરીયાત હતી તે માટે ઉપદેશ ને પ્રેરણા આપતા **ઉપાશ્રયો, વ્યાખ્યાન હોલો, આયંબિલ ખાતા, જ્ઞાન ભંડાર, સંસ્કૃત પાઠશાળા, લાયબ્રેરીઓ**, વગેરે નવ નિર્મિત થયેલ છે.

પૂજ્ય આચાર્યશ્રીના પ્રભાવશાળી વ્યક્તિત્વથી આકર્ષાઇને આજ સુધીમાં અનેક દીક્ષા, વડી દીક્ષા, પ્રવર્તક, ગણિ, પંન્યાસ, ઉપાધ્યાય, આચાર્યપદ, પ્રદાન તેમજ સ્વ-પર સમુદાયના પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને યોગવહન કરાવાયેલ છે, અને તેમની શુભનિશ્રામાં અનેકવિધ નાની-મોટી તપશ્ચર્યાઓ થયેલ છે. જેમાં ૧૦૮ ઉપવાસથી તે અઠ્ઠાઇ સુધીની તપશ્ચર્યાઓ અને સામુદાયિક ચૈત્રી ઓળીની આરાધના હજારોની સંખ્યામાં આજ સુધીમાં થતી રહેલ છે.

તેઓશ્રીના શિષ્યરત્નો પંન્યાસશ્રી માનતુંગવિજયજી ગણી, પંન્યાસશ્રી ઇન્દ્રસેનવિજયજી ગણિ, ગણિવર્યશ્રી સિંહસેન-વિજયજી આદી પરીવાર આવા શા. પ્રભાવક કાર્યમાં પૂજ્યશ્રીના આદેશને જીલી ધર્મપ્રભાવનામાં સહભાગી બની રહેલ છે.

આજે તેઓશ્રીની ૮૨ વર્ષની ઉંમર થઇ છે. છતાં પણ સમગ્ર જૈન સંઘના હિત અને એકતાની ભાવના સાથે અનેક સમુદાયના ગચ્છાધીપતીઓના સંપર્કમાં રહી જૈન શાસનની એકતાના સુપ્રયત્નો કરતા રહી અનેક વિધ શાસનપ્રભાવનાની પ્રવૃત્તિ દેહની ખેવના વિના ચાલી રહી છે. તે ચાલુ રાખી સફળતાને વરે તેવી શ્રી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

પૂજ્યશ્રીની ભાવના અને કાર્યોને જીલવા આપણે પણ સહભાગી ને સહસાથી બનીએ. ને તેમના વિવિધ ગુણોનાં પુંજમાંથી ચરણામૃત લઇ પાવન બનીએ.



# વિશુદ્ધ સાધુ જીવનના હિમાયતી ચંદ્રશેખરવિજય-જીને ખૂનની ધમકી

સુપ્રસિદ્ધ જૈન મુનિ પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજીને ખૂનની ધમકી મળી હોવાનું બહાર આવ્યું છે. આધારભૂત સાધનો દ્વારા મળતી હકીકત અનુસાર પંન્યાસશ્રી ચંદ્રશેખર-વિજયજીએ શિથિલાચારી જૈન સાધુઓ સામે જગાવેલ જેહાદના કારણે આ ખૂનની ધમકી મળી હોવાનું મનાય છે.

અત્યારે શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની આસપાસ તેમના અનુયાયીઓએ કડક સલામતી વ્યવસ્થા ગોઠવી દીધી છે.

પૂ. પં.શ્રી ચંદ્રશેખરજીવિજયજી મ.ને ટેલીફોન પર ખૂનની ધમકી મળી તેના આગલા દિવસે કોઈ ગુંડા જેવો માણસ ઉપાશ્રયમાં પુછપરછ પણ કરી ગયાનું કહેવાય છે. ધમકી મળ્યા બાદ શ્રી ચંદ્રશેખરજી મ. મુંબઇના એક શ્રેષ્ઠીના બંગલે એકાંતવાસમાં ચાલ્યા ગયા હતા. હાલમાં તેઓશ્રી શાંતાક્રુઝના ઉપાશ્રયમાં બિરાજમાન છે પણ તેમને મળવા જનારની કડક ચકાસણી કરવામાં આવે છે અને તેની હિલચાલ પર ચાંપતી નજર રખાય છે.

શ્રી ચંદ્રશેખરવિજયજી મ. જૈન સંઘના અને ખાસ કરી સાધુ સંતોમાં આચાર શુદ્ધીના આગ્રહી છે તેમના ઘણાં પુસ્તકોમાં તેમણે સાધુ–સાધ્વીજીના અમુક વર્ગમાં ચાલતાં કહેવાતા દુરાચાર અને દુષણોની ટીકા પણ કરી છે તથા તાજેતરમાં પુરી થયેલ યુવાનોની વાચન શ્રેણીમાં પણ તેમણે નામ આપ્યા વગર આચારસંહિતાનો ભંગ કરતા સાધુઓ પર આકરા પ્રહારો કર્યા હતા, જેના પરિણામે જૈન સંઘમાં યુવાનોમાં શિથિલાચાર વિરોધી વાતાવરણ ઉભુ થયુ હતું અને પરિણામે આવા સાધુઓમાં શ્રી ચંન્દ્રશેખરવિજયજી અળખામણા બની ગયા હતા.

તાજેતરમાં જ મુંબઇમાં ઓછામાં ઓછા ચાર સાધુઓની અનિચ્છનીય પ્રવૃત્તિની વાતો બહાર આવી છે અને જૈન શ્રાવકોએ આ સાધુઓની સામે અતિ કડકાઇથી કામ લીધુ હતું. આની પાછળ શ્રી ચંદ્રશેખરવિજયજીની પ્રેરણા હોવાનુ મનાય છે. આથી મુનિશ્રીને પતાવી નાખવાની ધમકી મળી હોય તેમાં આશ્ચર્ય જેવું નથી.

**આ અંગે મુનિશ્રીનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું** હતું કે જૈનસમાજમાં વિશુદ્ધી માટે તેમણે રચેલ વીર-સૈનિકદળનું તો બે વર્ષ પહેલા વિસર્જન કરાયેલ છે. તેમણે કહ્યું કે તેમના તૈયાર કરેલા યુવાનો માત્ર રચનાત્મક પ્રવૃત્તિમાં જ રસ ધરાવે છે મુખ્ય વાત એ છે કે સાધુઓએ સ્વ-સંકલ્પથી જ પોતાની રહેણીકરણી અણી શુદ્ધ રાખવી જોઇએ જો મુનિ સંસ્થામાં શિથિલતા ફેલાશે તો તેનું ભાવિ ગંભીર રીતે ચિંતાજનક બની જશે.

## જીવદયા સમાચાર

- આંધ્ર પ્રદેશની સરકારે તેના રાજ્યમાં પશુ–પક્ષીઓના શિકાર પર મુકેલ પ્રતિબંધ તા. ૩૧–૧૨–૮૭ના પુરો થતો હોય જીવદયા પ્રેમી તેને લંબાવવા પ્રયત્ન કરશે.
- આંધ્ર પ્રદેશ સરકારે સાત દિવસ કસાઇખાના તથા માંસની દુકાનો બંધ રાખવાનો આદેશ આપેલ છે.
- ઇન્ડિયન વેજીટેરીયન કોંગ્રેસ ( મુંબઇના ઉપક્રમે તા ૨૮ ઓકટોબરના વિશ્વ શાકાહાર દિન નિમિત્તે શ્રી વિદ્યાબેન દીપચંદ ગાર્ડીની સ્મૃતિમાં 'શાકાહાર અને સમાજ' વિષય પર પ્રવચન યોજાતા જાણીતા કથાકાર મોરારીબાપુએ જણાવ્યું હતું કે સાધના કરવી હોય તો શાકાહાર તરફ વળવું પડશે,....નવા વર્ષે દરેક શાકાહારી પાંચ–પાંચ જણાને નિરામિષ કરવાની પ્રતિજ્ઞા લેવાનો અનુરોધ કરેલ. સ્વાગત પ્રવચન શ્રી સી. એન. સંઘવીએ આપેલ.
- સુરેન્દ્રનગર જિલ્લા સંકટ નિવારણ સમિતિ દ્વારા દુષ્કાળ નીવારણ અર્થે ગત વર્ષે સફળતા પૂર્વક ૪૬ કેટલ કેમ્પ અને નિરણ કેન્દ્ર ૨૭,૦૦૦ ઉપરાંત ઢોરોને બચાવેલા, ૨૨ છાશ કેન્દ્રો દ્વારા ૧૩,૦૦૦, હજાર મજુરોને છાશ આપી હતી, ૫૫,૦૦૦ બાળકો અને મહિલાઓને સુખડીનું વિતરણ કરવામાં આવેલ અને હવે ૧૯૮૭માં દુષ્કાળમાં રાહત કાર્યમાં ઉમેરો કરી ૫૫ કેટલ કેમ્પો, ૯૮ છાશ કેન્દ્રો, અને ૨૫૦૦ કુટુંબોને અનાજ અપાયેલ. અને હવે ચાલુ વર્ષે તેથી પણ વધારે કાર્ય કરવાની જવાબદારી ઉપાડવા પ્રયત્નશીલ હોઈ સૌ જીવદયા પ્રેમીઓ સાહાય કરવા વિનંતી.

## ખંભાતમાં નામકરણ સમારોહ

પરમ પૂજ્ય શાંત તપોનિધિ આચાર્યશ્રી વિજયકુમુદચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. વિજયપ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ. આદીનું ચાતુર્માસ વીશા ઓસવાળ ઉપાશ્રયે તથા પૂ. પં. શ્રી શિલચંદ્રવિજયજી મ.નું ચાતુર્માસ લાડવાડાના ઉપાશ્રયે અનેકવિધ ધર્મ આરાધના અને પ્રભાવના ભર્યું રહેલ.

પૂજ્ય ગુરુદેવોના શુભ માર્ગદર્શનથી અને સ્થાનિક કાર્યકરો અને શ્રી સંઘના પ્રયાસથી **ખંભાતની નગરપાલિકા દ્વારા** તા. ૧૧-૧૦-૮૭ના માણેકચોકની પોળને **"કવિ ઋષભદાસ શેઠની પોળ"** નામ આપવામાં આવેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી શાન્તિલાલ શાહ (તંત્રી 'ગુજરાત સમાચાર') પધારેલ. તેમજ તા. ૧૮-૧૦-૮૭ના ખારવાડાના મહોલ્લાને **"કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય ચોક"** એવું નામ આપવામાં આવેલ છે. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રેષ્ઠિવર્યશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ પધારેલ.

卐 **પાલીતાણા :** જૈન સેવા સમાજ દવાખાનાનું છેલ્લા ૪૮ વર્ષથી દરેક કોમના દરદીઓની સેવા કરી રહેલ છે. અને દવા વગેરે મફત આપવામાં આવતી હતી. પરંતુ હાલની અસહ્ય મોંઘવારીમાં દિનપ્રતિદિન ખરચમાં વધારો થવાથી સંસ્થાને દરદીઓ પાસેથી હંમેશના ૦-૫૦ (પચાસ) પૈસા લેવાનું નક્કી કરવું પડેલ છે. તો આવું ઉપયોગી-માનવતાનું કાર્ય જે શ્રી સિદ્ધક્ષેત્રમાં થઈ રહેલ છે. તેને આર્થિક મુશ્કેલીમાં સહયોગી થવા જૈન સમાજના દાનવીરો જરૂર આગળ આવશે.

**દિલ્લી : આત્માનંદ જૈન સભા**

શ્રી આત્માનંદ જૈન સભા દિલ્લીની વાર્ષિક સભા મળતા વાર્ષિક રિપોર્ટ રજુ થયેલ. તથા નવા વર્ષના કાર્યવાહક કમીટીની ચુંટણી નીચે મુજબ થયેલ. પ્રમુખ : શ્રી રામલાલ જૈન, મંત્રી : શ્રી સુદર્શનલાલ જૈન, સહમંત્રી : શ્રી વીરેન્દ્રકુમાર જૈન, વરિષ્ઠ સભ્ય : શ્રી ખેરાયતીલાલ જૈન, શ્રી રતનચંદ જૈન, શ્રી ઇન્દ્રપ્રકાશ જૈનની વરણી થયેલ અને ૨૬ સભ્યોની કમીટી બનાવાયેલ. તેમજ સાત સભ્યોને આમંત્રીત તરીકે ચુટવામાં આવેલ છે.

卐 **જોધપુર :** શ્રી મોહનરાજજી ભંસાલીના ધર્મપત્ની શ્રીમતી ગુમનાકુંવરબાઈનું દુઃખદ અવસાન તા. ૧૪-૧૧-૮૭ના થતા એક ધર્મપરાયણ અને આરાધક આત્માની તેમના પરીવારને સ્થાનીક સંઘને ખોટ પડી છે. તેમણે જોધપુર શાસ્ત્રીનગરમાં શિખરબંધી દેરાસર, ઉપાશ્રય, આયંબિલશાલાનું નિર્માણ કરાવેલ, તેમજ અનેક પૂજ્ય ગુરૂભગંતોના ચાતુર્માસ કરાવીને સર્વે લાભ લેતા રહેલ.

# જન્મ શતાબ્દી નિમિત્તે-સ્મૃતિ અંક



## શાસન સમ્રાટના પ્રથમ પટ્ટધર

ન્યાયવાચસ્પતિ, શાસ્ત્રવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી

## વિજયદર્શનસૂરીશ્વરજી મ.ની જન્મ શતાબ્દી નિમિત્તે

તેઓશ્રીના શિષ્યરત્ન, નિડર વક્તા, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયપ્રિયંકર**-સૂરીશ્વરજી મ.ની મંગળ પ્રેરણા અને ભાવનાથી પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી વિજયદર્શન-સૂરીશ્વરજી મ.નો **સ્મૃતિ અંક પ્રગટ થશે.**

આ સ્મૃતિ-અંકમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન પરિચય તથા તેમના દ્વારા શાસન પ્રભાવના અને સાહિત્ય સેવાના લેખો આપવામાં આવશે. તો પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ તેમના ગુરુદેવશ્રી શાસન સમ્રાટસૂરીશ્વરજી મ. સાથે કે તેમનું સ્વતંત્ર આપશ્રીને ત્યાં ચાતુર્માસ થયેલ હોય કે શાસન પ્રભાવનાની કોઈ પ્રવૃતી થયેલ હોય, અંજનસલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાન તપ, ઉજમણા, છ'રીપાલીતા શ્રીસંઘો, ચાતુર્માસ દરમ્યાનની શ્રીસંઘની કે વ્યક્તિગત ધર્મ પ્રભાવના, તપશ્ચર્યા, વગેરેની સઘળી માહિતી, ફોટાઓ. તેમજ જે તે મહોત્સવ-પ્રસંગોની પત્રિકાઓ, પત્રોની નકલ તુરત જ નીચેના સ્થળે મોકલી આપવા વિનંતી છે. મોકલનારે પોતાનું સરનામું સાથે જણાવવું જેથી તેનો ઉપયોગ થયે પરત કરી શકાય.

**મુનિરાજ શ્રી નંદિષેણવિજયજી મહારાજ** C/O શ્રી દાદાસાહેબ જૈન દેરાસર-ઉપાશ્રય કાળાનાળા, **ભાવનગર**-૩૬૪૦૦૧

**જૈન ઓફિસ** : દાણાપીઠ પાછળ, પો. બો. નં. ૧૭૫, **ભાવનગર**-૩૬૪૦૦૧

## આચાર્ય પદપ્રદાન

પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યદેવશ્રી વિજયકેસરસૂરીશ્વરજી મહારાજના સમુદાયના વર્તમાન સમુદાયના રાહબર પરમ પૂજ્ય પંન્યાસશ્રી હેમપ્રભવિજયજી મહારાજને મુંબઈમાં શ્રી (બાબુના) વાલકેશ્વર જૈન સંઘ તરફથી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા.ના વરદ્દ હસ્તે માગશર સુદ ૬ ને ગુરૂવાર તા. ૨૭–૧૧–૮૭ના શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સાથે અર્પણ કરવામાં આવશે.

## પૂ. પંન્યાસ પ્રવર શ્રી હેમપ્રભવિજયજી મહારાજનો અલ્પ પરિચય.

**જન્મસ્થળ : આન્ધ્રપ્રદેશની રાજધાની હૈદ્રાબાદ શહેર.**

પિતા : નરસિંહસ્વામી અને માતા લક્ષ્મીબાઇના મોટા પુત્ર નામે વીરાસ્વામી (કિશોરકુમાર)

૧૨ વર્ષની વયે ગુજરાતમાં આગમન.... ૧૫ વર્ષની વયે અમરેલીમાં સૌરાષ્ટ્ર કેશરી મુનિરાજશ્રી ભુવનવિજયજી (આ. વિજયભુવનરત્નસૂરી મ.)ના એકજ પ્રવચને પૂર્વના સંસ્કારો જાગ્યા સંયમનો રંગ લાગ્યો....

સં. ૨૦૦૭માં અમદાવાદ કિકાભટ્ટની પોળમાં સંયમ ગ્રહણ કરી પૂજ્ય ગુરૂદેવના ચરણમાં ૧૬ વર્ષની વયે જીવન સમર્પિત કરી, વીરાસ્વામીમાંથી મુનિશ્રી હેમપ્રભવિજયજી બન્યા.

પૂજ્ય દાદા ગુરૂ આ. વિ.ચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય ગુરૂદેવ આ. વિ.પ્રભવચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં રહી જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ, વિનય, વૈયાવચ્ચાદિ ગુણોની ઉપાસના સાથે સં. ૨૦૨૦માં ખંભાત ચાતુર્માસમાં પૂજ્ય દાદાગુરૂની નિશ્રા અને આશિર્વાદ અને પંડીતવર્ય શ્રીમાન છબીલદાસ કેશરીચંદના પ્રયત્ને નિત્ય પ્રવચનોની શરૂઆત થઇ. માતૃભાષા તેલંગુ હોવા છતાં પૂ. ગુરૂદેવોની અસિમ કૃપાએ ગુજરાતી હિન્દીમાં કવ્યમય અનોખી શૈલીમાં વૈરાગ્યમૃતનું પાન કરાવી અનેક ભાવીકોના અંતરાત્મામાં દિવ્ય જ્ઞાનની જ્યોત પ્રગટાવી છે....

સં. ૨૦૩૨માં પાલીતાણા ખાતે પૂજ્ય ગુરૂદેવના વરદ હસ્તે ગણિપદ અને સં. ૨૦૩૫માં અમદાવાદ ખાતે પંન્યાસ પદથી વિભૂષિત થયા.... પૂજ્ય દાદા ગુરૂ આ. વિ.ચંદ્રસૂરીશ્વરજની ભાવનાનુસાર પૂજ્ય ગુરૂદેવ આ. વિ. પ્રભવચંદ્રસૂરીશ્વરજીએ વૃદ્ધ ગ્લાન સાધુ સાધ્વીજી આદિ ચતુર્વિધ સંઘની આરાધના માટે જે શ્રી મુક્તિચંદ્રશ્રમણ આરાધના ટ્રસ્ટ ગિરિવિહાર પાલીતાણા ખાતે સ્થાપના કરેલ છે. તે સંસ્થા ૧૩–૧૪ વર્ષથી અજોડ સેવા કરી રહેલ છે. તે સંસ્થાને પોતાના ઉપદેશ દ્વારા વિકસીત કરેલ છે. જ્યારે સં. ૨૦૩૩માં પોતાના પૂજ્ય ગુરૂદેવનું સ્વર્ગવાસ થયું ત્યારે પોતાના વિનીત શિષ્ય મુનિશ્રી મલયચંદ્રવિજયજી આદિ ઠાણા બે જ, શિખરજી આદિ કલ્યાણક ભૂમીઓની યાત્રા કરી મુંબઇ, કલકત્તા, બેંગ્લોર, મદ્રાસ, હૈદ્રાબાદ વિગેરે શહેરોમાં ચાતુર્માસ અને પ્રતિષ્ઠાઓ, ઉપધાનો, ઉજમણા, છ'રી પાલીત સંઘો, સંસ્કાર શિબીરો દ્વારા અપૂર્વ શાસન પ્રભાવના સાથે મદ્રાસમાં બે યુવાનોને દિક્ષા, બાર્સી શહેરમાં ચાર મુમુક્ષુ કુમારોને ધામધૂમથી દિક્ષા આપી સાત શિષ્યના, બે પ્રશિષ્યના ગુરૂ દાદાગુરૂ પદે સ્થાપિત થયેલા, આવા જ્ઞાની સંયમી અનેક રીતે શાસનપ્રભાવક એવા મહાન પુરુષને આચાર્યપદે સમારુઢ થતા જોવા એ એક સૌભાગ્ય અને લાહવો છે....

* ધન્ય હો જિન શાસનને! ધન્ય હો વર્તમાન પંન્યાસપ્રવરને! ધન્ય હો ભાવી આચાર્ય ગુરૂદેવને....

## સિદ્ધક્ષેત્રમાં જતીનકુમારની દીક્ષા

પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં રહી બાળબ્રહ્મચારી યુવાશ્રી જતીનકુમાર જયંતિલાલ શાહ છેલ્લા ઘણા વર્ષોથી સતત સમાગમમાં રહી ધાર્મિક અભ્યાસ આદિ કરતા રહી તેમજ પૂજ્ય સાધ્વીશ્રી ઉદ્યોતયશાશ્રીજી (મા મહારાજ) તથા સાધ્વીજી તરૂણયશાશ્રીજી (બા. મહારાજ) ના ધર્મસંસ્કારોના પરિણામે સંસારની અસારતાનું સચોટ ભાન થતા **જતીનકુમારે** ૧૯ વર્ષની થનગનતી યુવાનીમાં દીક્ષા લેવાનું નક્કી થતા તેમના પરીવાર તરફથી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં પાલીતાણા શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભુવનથી વરઘોડો ચડી શ્રી ચંદ્રદીપક સોસાયટીમાં મા વ. ૧ના દીક્ષા પ્રદાન કરાશે.

**—તખતગઢ** (રાજસ્થાન) : પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રીપાળનગરમાં ભવ્ય જિનમંદિર નિર્માણ હેતુ ભૂમિપૂજન (ખાતમુહુર્ત) તા. ૭–૧૧–૮૭ના શા. પન્નાલાલજી રિખવચન્દજીએ ટ્રસ્ટ દ્વારા આયોજાયેલ.

**—શાહીબાગ** (અમદાવાદ) : ગીરધરનગરમા પરમ પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં શ્રી અંજનશલાકા–પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કા. વ. ૧૨ થી કા. વ. ૧૪ સુધી યોજાતા જુદા જુદા ગામોમાં બિરાજમાન કરવા ૯ ઈંચ થી ૬૧ ઈંચના પ્રભુજીના અંજન શલાકા થયેલ છે.

**—બિકાનેર** : પૂ. ગણીવર્યશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં ઉપધાન તપની મંગળ આરાધના પૂર્ણ થતા ૫૧ છોડનું ઉજમણા સાથે તા. ૨૯–૧૧–૮૮ના માળારોપણ યોજાશે. બાદ પૂજ્યશ્રી પોષ દશમીની આરાધના કરાવવા મેડતા રોડ પધારશે.

**—નાકોડા મેવાનગર** : મેવાડકેશરી પૂ. આ.શ્રી હીમાચલસૂરીશ્વરજી મ.ના પટ્ટધર આચાર્યશ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજીની નિશ્રામાં પર્યુષણા પર્વ, નવપદ ઓળી, દિવાળી, જ્ઞાનપંચમી, આદી આરાધના અનેરી થયેલ. ચાતુર્માસીક પરિવર્તનનો લાભ મહેસાણાવાળા પંડીત શ્રી ભંવરલાલજીએ લીધેલ.

# શ્રી સિદ્ધાચલ પાલિતાણામાં સાંડેરાવ જીનેન્દ્ર ભુવને પ. પૂ. શ્રી આનંદઘન-સૂરિશ્વરજી મ. સા.ની શુભ નિશ્રામાં અપૂર્વ ધર્મ પ્રભાવના

આગલોડ શ્રી મણિભદ્રવિર મૂળ સ્થાનોદ્ધારક, યોગ સાધક, પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય આનંદઘનસૂરીશ્વરજી મ સા આદીની નિશ્રામાં પાલીતાણા મધ્યે શ્રી સાંડેરાવ જિનેન્દ્રભુવન જૈન ધર્મશાળામાં નાડોલ ( રાજસ્થાન ) નિવાસી શ્રી રતનમલ પારસમલ મુથા પરિવાર તરફથી મુંબઈમાં પૂજ્ય ગુરુદેવને સમુહ ચાતુર્માસ કરાવવાની વિનંતી કરતા રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર. મુંબઈ, આદી અનેક સ્થળોએથી અનેક આરાધકો જોડાયેલ. જેનો પ્રવેશ અષાડ સુદ ૬નો થતા પૂ. સાધ્વી શ્રી સુલસાશ્રીજી મ. આદી તથા પૂ. સાધ્વી શ્રી ઉદ્યોતયશાશ્રીજી મ. આદી ૧૭૫ આરાધકો જોડાયેલ.

અત્રે પાલીતાણાના પ્રવેશ બાદ અનેક નાનીમોટી આરાધનાઓ થતી રહેલ. શ્રાવણ વદ પાચમએ પૂજ્ય આચાર્યદેવશ્રી આનંદઘનસૂરીશ્વરજી મહારાજ શ્રી યોગ સાધનામાં સં. ર૦૧૭ના આત્મશુદ્ધિકરણાર્થે સવા ક્રોડ શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ, સાડા બાર લાખ શંખેશ્વરા-પાર્શ્વનાથનો જાપ, સવા લાખ શ્રી ઉવસગ્ગ હરં, ૧૦૮ અઠ્ઠમ જાપ, ૫૦૦ અખંડ આયંબિલ, મૌનવ્રત સહિત અનેકવિધ તપશ્ચર્યા જાપ પૂર્વક કરીને યોગ સાધનાને સફળ બનાવી તેની દર વર્ષે ભક્તગણો ભેગા થઈને અનુમોદનાર્થે પ્રભુભક્તિ, સાધર્મીક ભક્તિ આદી કરીને લાભ ઉઠાવે છે. તેમ આ વર્ષે પણ પાલીતાણામ શ્રી સુ. પ.ના. યોગ સાધના દિનની ઉજવણી પ પૂ. આ.શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ. પ. પૂ. આ.શ્રી વિજયવિશાલસેનસૂરીશ્વરજી મ. સા. આદિની શુભ નિશ્રામાં ઉજવાયેલ. અત્રેના સ્થાનીક ભાઈઓ, ચાતુર્માસ સ્થિત આરાધકો તથા બહાર ગામથી ઘણીજ મોટી (૪૦૦૦) સંખ્યામાં જૈનજૈનેત્તરો પધારેલ. અને સમુહ શ્રી સંઘ તલાટી દર્શન-વંદનાર્થે પધારેલ ને બપોરના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી જયંતિલાલભાઈ માસ્તર પધારેલ.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં અત્રે પર્વાધીરાજ શ્રી પર્યુષણ પર્વની આરાધનાઓ થતી રહેલ. જેમાં પૂ. સાધ્વીશ્રી ગીતપદ્માશ્રીજી મ, માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યાની પૂર્ણાહુતિ નિમિત્તે અષ્ટોત્તરી સ્નાત્રયુક્ત મહોત્સવ ભાદરવા સુદમાં થયેલ

ચાતુર્માસની વ્યવસ્થા અને દરેક આરાધકોને વિશેષ સુવિધા મળતી રહે તે માટે શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભુવનના મેનેજીંગ ટ્રસ્ટીવર્યશ્રી ચંદનમલજી સંઘવીની સૂચનાથી ચાતુર્માસની આરાધક સમીતિની એક રચના કરવામાં આવેલ જેમાં વિશેષ શ્રી ચાંદમલજી ભંડારી. શ્રી નગરાજજી બાલીવાળા, શ્રી સોમચંદભાઈ દીપચંદભાઈએ જાગૃતિપૂર્વક સેવા આપેલ. જ્યારે સંસ્થાના મેનેજર શ્રી હીરાચંદજી મહેતાએ ચારે માસ પૂજ્ય ગુરુ ભગવંતોની તથા આરાધકોની સુંદર વ્યવસ્થામાં ખડે પગે રહી કરેલ.

પૂજ્ય મહારાજશ્રીના પ્રવેશ સાથે જ ઠેરઠેરથી ભક્તો ને ભાવીકો આવતા રહેલ, તેમજ પૂજ્ય આચાર્યશ્રીના દૂર બેસતે મહીને જુદા જુદા સ્થાનોએથી ૪૦૦થી ૫૦૦ ભક્તો પધારતા આ દરેકની ભક્તિનો લાભ શ્રી રતનમલ પારસમલ મુથા પરિવાર તરફથી લેવાતો રહેલ. તેમજ મુથા પરીવાર તરફથી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રીને સુવર્ણ અક્ષરે લખાયેલ સૂરીમંત્રનો પટ્ટ રૂા ૨૨નો વહોરાવેલ. અને આગલોડ જિનાલયના જિર્ણોદ્ધાર માટે રૂા. ૨૫ હજાર જેવી મોટી રકમની જાહેરાત થયેલ.

આ ત્રિજા વર્ષના દુષ્કાળને અનુલક્ષી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રીની પ્રેરણાથી અને ચાતુર્માસ રહેનાર આરાધકોની સહાયથી જીવ દયા માટે રૂા. એક લાખ ઉપરની સહાય જુદી જુદી પાંજરાપોળોને મોકલાવવામાં આવેલ. તેમજ સ્થાનિક જીવ દયા માટે પણ રૂા. ૨૫ હજાર જેવો ખર્ચ કરવામાં આવેલ.

કારતક સુદ ૧૩ને રવિવારના પાલીતાણામાં સૌ પ્રથમ વાર તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરનું મહાપૂજન ભવ્ય રીતે શ્રી કાંતિલાલ મોતીચંદ રાજપરાવાળા તરફથી ભણાવેલ.

## ગુજરાતના દુષ્કાળ પીડિતોના દુઃખમાં દુષ્કાળ રાહત કાર્યનો ફરી પ્રારંભ

### અ. ભા. હિંસા નિવારણ સંઘ-અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર-મુંબઈ

### સહભાગી બને છે....તમે પણ સહભાગી બનો.

ગત વર્ષના દુષ્કાળમાં આ બન્ને સંયુક્ત સંસ્થાઓ દ્વારા ૧૮ હજાર જેવા જીવોને અભયદાન જૈન સમાજના સાથ અને સહકારથી આપી સફળતાપૂર્વક પાર પાડેલ છે. તે બંને સંસ્થાઓએ આ વખતા ત્રીજા દુષ્કાળમાં પણ સહભાગી બનવાનો નિર્ધાર કર્યો છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારેની પ્રજા અને પશુઓને યોગ્ય અને સમયસર જરૂરી રાહત મળી રહે તે માટે **ધરજી** ( નલકાંઠા ) અને **આંબલી** ( ધોલેરા ) પશુ રાહત કેમ્પનો પ્રારંભ તા. ૩-૧૧-૮૭થી કરેલ છે.

દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્યોનું નિરીક્ષણ કરવા કરુણાભીનું આમંત્રણ છે.

સંપર્ક સ્થળ : શ્રી કુમારપાળ વિ. શાહ
વર્ધમાન સેવા કેન્દ્ર ( મુંબઈ ) ૩૬, કલિકુંડ સોસાયટી,
મફલીપુર ચાર રસ્તા, **ધોળકા** ( જી. અમદાવાદ )



## મહા પ્રભાવિક
## ચમત્કારિક
## શ્રી માણિભદ્ર વીર

**ધારેલું સહુ કામ સિદ્ધ કરવા, છો દેવ સાચા તમે;**
**ને વિઘ્નો સઘળા વિનાશ કરવા, છો શક્તિશાળી તમે.**
**સેવે જે શરણો ખરા હૃદયથી, તેને ઉપાધિ નથી;**
**એવા શ્રી મણિભદ્ર દેવ તમને, વંદું ઘણા ભાવથી.**

## શ્રી માણિભદ્ર વીરનો ઈતિહાસ આ પ્રમાણે છે

એ કાલમાં ચોસઠમાં વ્યંતર ઈન્દ્ર દેવ છે. તેઓ અવધિજ્ઞાન યુક્ત ઘણા કાળથી તે પોતાનું દેવાયુ ભોગવે છે. અને પોતાની ઇચ્છાઓ ઉપર કાબુ ધરાવતા કુદરતના સાચા નિયમોને સુદ્રઢ રીતે જાણતાં; શુભ કામોમાં નિરંતર ઉદ્યમી છે અને ઘણી રિદ્ધિ સિદ્ધિ યુક્ત છે.

સંક્ષેપમાં લખતાં તેઓ કોણ હતા ? નિવાસ સ્થાન ક્યાં હતું ? કયા ગુરૂના સદુપદેશથી ધર્મ આચરી, શુભ પરિણામે મરી, આયુક્ષય કરી દેવગતિ પામી એકાવતારી દેવ થયા ? તે વિષયમાં પ્રાચીન કાળથી આ પ્રમાણે વર્ણન દૃષ્ટિગોચર થાય છે.

આ ઉજ્જૈની નગરની અંદર કસ્તુરી, અંબર, કેસર, દરેક જાતના અનાજો અને ધાન્ય, કાપડ, રેશમ, હીરા. માણિક, પન્ના, નીલમ આદિની મોટી દુકાનો હોવાથી દેશ-પરદેશના લોકો વ્યાપાર્થે અહીં આવતા અને જતા હતા. રમણિય ક્રીડાના સ્થળો, બાગ બગીચાઓથી આ નગરની શોભા અનેરી હતી ક્ષીપ્રા નદીની ઠંડી હવાથી આચ્છાદિત બાગને લઈને ચંપો, ચંબેલી, મોગરો, માલતી, ગુલાબ, જુઇ તથા જાઇ ઇત્યાદિક ફુલોની સુગંધ ચોરી લઈ નજીક વહેતા વાણીને સુવાસિત કરવાને મંદમંદ વાતો પવન ગર્વથી છલકાઇ રહ્યો હતો સ્થળે સ્થળે છાંટેલી મનોહર ભૂમિ પર નાંખેલા બેઠકો ઉપર સ્નેહી યુવકોના ટોળે ટોળાં આનંદમગ્ન થઇ વ્યતીત વાર્તાલાપ કરી, મુસાફરીના વખતનો સદુપયોગ કરતા નજરે આવતા હતા. બાગમાંથી શહેર ભણી દૃષ્ટિ નાખતા જણાતા દરવાજાઓનું ઝીણું કોતરણી કામ આંખોને આંજી નાંખે તેવું હતું. દિવ્ય દેવમંદિરોની રંગબેરંગી ધ્વજાઓ આમતેમ ફરકી હવા ખાવા ગયેલા સદ્‌ગૃહસ્થોને આમંત્રણ કરતી હોય તેમ દ્રશ્યમાન થતું હતું. આવા રમણિય શહેરમાં માણેકશા શેઠનું કુટુંબ રહેવાને ભાગ્યશાળી બન્યું હતું.

**માણેકશાહનો જન્મ :**

એજ ઉજ્જૈનમાં માણેકશાહ નામના એક શેઠ સોદાગર વસતા હતા. વિ. સં. પંદરસો સૈકો હતો. માણેકનો જન્મ થતાં માતા પિતાને ખૂબ આનંદ થયો હતો. જન્મોત્સવ ઉજવેલ હતો. દીન હીન દુઃખીને ઘણું દાન આપી સંતોષ પમાડયો હતો. ઓસવાલ તેમની જાતિ હતી. માણેકશાહના પિતાનું નામ ધર્મપ્રિય શાહ હતું અને માતાનું નામ જિનપ્રિયા હતું. તેમને એ એકજ પુત્ર હોવાથી લાડકવાયો હતો અને કુટુંબ વિશાળ હોવાથી ખોળેથી ખોળે પ્રમદાઓ રમાડતી હતી. એવા લાડકવાયા પુત્રને જોઈ ને માતા-પિતા ખૂબજ આનંદ અનુભવતાં હતાં જ્યારે બાળક થોડો મોટો થયો એટલે પિતા ધર્મપ્રિય શાહે નશ્વર દેહને છોડીને આ લોકથી વિદાય લીધી ( મૃત્યુ પામ્યા ).

**શિક્ષણ ને શાખ :**

માતા જિનપ્રિયાએ માણેકને જૈન ધર્મનું શિક્ષણ અને વ્યાવહારિક જ્ઞાન આપીને પિતા જેવો જ શાહ સોદાગર બનાવ્યો અને તેણે પિતાનો વહીવટ સંભાળી લીધો, બજારમાં શાહ સોદાગરની પદવી પ્રાપ્ત કરી, કારણ કે વ્યાપારમાં અનીતિને દેશવટો પોતે આપેલ. દાન-શીલ-તપ ભાવનાએ ચારે ધર્મોનું યોગ્ય રીતે પાલન કરતા હોવાથી લોકપ્રિય અને રાજપ્રિય માણેકશાહ થયા હતા.


## યાત્રા અર્થે પધારો ને નૂતન જિર્ણોદ્ધારમાં સહાયક બનો

તપગચ્છ રક્ષક શ્રી માણિભદ્રવિરના આ તીર્થસ્થાન શ્રી આગલોડના વર્તમાન ઉદ્ધારક શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વર મ. સા.ના સમુદાયના અને પૂજ્ય આચાર્યશ્રી હિમાચલસૂરીશ્વરજી મ. દ્વારા ઘાણેરાવ કીર્તિસ્તંભમાં આચાર્યપદથી વિભૂષિત થયેલ. પરમયોગી પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઆનંદસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે તેમજ શ્રી આગલોડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી યાત્રાળુઓ માટે આધુનિક સુવિધાવાળી ધર્મશાળા, ભોજનશાળાની સગવડ કરવામાં આવેલ છે.

આગલોડ આવવા માટે ગુજરાતના મહેસાણા, હિંમતનગર, બિજાપુર, અમદાવાદથી અનેક એસ. ટી.ની બસ મળે છે.

આ તીર્થનો દર્શન-જાત્રાનો લાભ લેવા વિનંતી છે.

**શ્રી માણિભદ્ર જૈન તીર્થ પેઢી**
**શ્રી જૈન શ્વેતાંબર મૂ. પૂ. સંઘ ( ફોન : ૩૪ )**
**મુ. આગલોડ** ( તા. વિજાપુર, : જી. મહેસાણા-ઉ. ગુ. )

અશ્વાવબોધ તથા શકુનિકાવિહારની સ્મૃતિને જાગૃત કરાતા શ્રી ભરૂચ ભૃગુકચ્છ તીર્થમાં

## તીર્થોદ્ધાર તથા ભવ્ય જિર્ણોદ્ધાર અંગે સાદર વિનંતી પત્ર

આપ જાણો જ છો કે તીર્થ પ્રભાવક પૂ. ગુરુદેવ મ. સા. વિક્રમસૂરીશ્વરજી મ. સા.ની પુનિત નિશ્રામાં અને શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈની સલાહ અનુસાર તથા તેઓની શુભ ઉપસ્થિતિમાં ભૂમિપૂજન, ખાતમુહુર્ત અને પ્રસ્તુત મંદિરના શિલાન્યાસ ભારતભરના અગ્રગણ્ય સુશ્રાવકોના શુભ હસ્તે થઇ ચૂકયા છે. અને ફાગણ માસમાં પ્રતિષ્ઠા થનાર છે. ૧૨૫×૮૦ જેટલા આ વિશાળ મંદિરમાં પાંચ ઉત્તુંગ શિખરો....સાતગભારા....અને ભક્તામરની ૨૨ દેરીઓ સાથે તૈયાર થઈ રહેલ મંદિરમાં.

卐 અશ્વાવબોધ તથા શકુનિકાવિહારનો સંપૂર્ણ તીર્થોદ્ધાર છે. 卐 પાયાથી થતો જીર્ણોદ્ધાર છે.
卐 જેમાં પ્રાચીન સાતેય મંદિરનો સમાવેશ છે.

卐 ભારતભરનું સર્વ પ્રથમ ભક્તામર મંદિર, ૨૨ દેરીઓ, ૪૪ ગાથાઓ, ૪૪ મંત્રો તથા ૪૪ ચિત્રો સહિત બનશે.

આ ભવ્ય તીર્થોદ્ધાર માટે દાન કરેલ એક એક પાઈ અને એક એક પૈસો એક એક રત્નના દાન સમાન લખાશે. પૂ. દાદાગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મ. સા.ની દિવ્યકૃપાથી અને પૂ. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.ના પુણ્ય પ્રભાવથી ભારતભરના ગામે ગામથી અમારી તમામ યોજનાઓમાં અમને સહકાર પ્રાપ્ત થયો જ છે. છતાંય ૫૦ ( પચાસ ) લાખ રૂપિયાની અમારે આવશ્યકતા છે. તેથી જ આપ શ્રીસંઘને અમારી નમ્રાતિનમ્ર વિનંતિ છે કે આપ વર્ષોથી નહીં પણ સદીઓથી ઉપેક્ષિત રહેલા ૧૨ લાખ વર્ષ આ પ્રાચીન તીર્થની મહાન ભક્તિરૂપે શીઘ્રાતિશીઘ્ર સારી રકમો એકઠી કરી અમને મોકલી આપશો. આપ શ્રીસંઘના ટ્રસ્ટીઓની કે ભાઇઓની સારી યોજના માટે ભાવના હશે અને આપ જ્યારે પણ અમને રૂબરૂ બોલાવવા માંગશો ત્યારે અમે હાજર થઇ જ જઈશું. અમને આશા નહીં પણ વિશ્વાસ છે કે શાસ્ત્રના પાને પાને જેનો મહિમા ગવાયો છે; શ્રી ગૌતમસ્વામીજીએ જગચિંતામણી સ્તોત્રમાં પણ 'ભરૂઅચ્છહિં મુણિસુવ્વય' કહીને જેની યાદ કરી છે એ સંઘના પ્યારા અને સહુના માનવંતા તીર્થને તમે કદી ભૂલશો જ નહીં.

| —: મહાન તીર્થોદ્ધાર દિવ્યાશિષદાતા :— | ન | —: મહાન તીર્થોદ્ધાર શુભનિશ્રાદાતા :— |
|---|---|---|
| પૂ. પા. જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલ કિરીટ આ. ભગવંત શ્રી મદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. સા. | મ્ર | પૂ. પા. નિત્યભક્તામર સ્તોત્ર સમારાધક તીર્થપ્રભાવક આ. ભગવંત શ્રીમદ્‌વિજયવિક્રમસૂરીશ્વરજી મ. સા. |
| | વિ | |
| —: મહાન તીર્થોદ્ધાર શુભાશિષદાતા :— | નં | —: મહાન તીર્થોદ્ધાર માર્ગદર્શક :— |
| પૂ. પા. શાંતતપોમૂર્તિ આ. ભગવંત શ્રીમદ્‌વિજયનવીનસૂરીશ્વરજી મ. સા. | તિ | પૂ. પા. લબ્ધિ વિક્રમ ગુરુકૃપા પ્રાપ્ત વિદ્વાન વ્યાખ્યાતા તત્વચિંતક આ. ભગવંત રાજયશસૂરીશ્વરજી મ. સા. |

—: જિર્ણોદ્ધાર કર્તા :—શ્રી જૈનધર્મ ફંડ પેઢી–ભરૂચ તથા શ્રી અખિલ ભારતીય તીર્થવિકાસ સમિતિ :—

ફાગણ માસમાં પ્રતિષ્ઠા થશે.] "અરજ અમારી...ફરજ તમારી" [લાભ લેવાની અનુપમ છેલ્લી તક.

સહુ પ્રથમ તો અમને અમારી આ તીર્થોદ્ધારની પવિત્ર યોજનામાં વિવિધ સ્વરૂપે પાંચ હજારથી માંડીને પાંચ લાખ સુધીની રકમ દેવદ્રવ્યમાંથી આપનાર મહા સૌજન્યશીલ ભારતભરના ૫૦ સંઘોનો અમે આભાર માનીએ છીએ. સાથે પુનઃ પણ અરજ કરીએ છીએ કે આપના શ્રીસંઘો માતબર છે. અને આપ હજી પણ આ સહકાર વધારશો તેવી અમને ખાત્રી છે.

સાથે સાથે આવા મહાન કાર્યમાં હજી સુધી પણ રૂા. ૫૦૦૦/–નું સંઘના દેવદ્રવ્યમાંથી અનુદાન કરી તીર્થભક્તિ ન કરી શકયા હોય તે બધાને પુનઃ પુનઃ વિનંતી છે કે આપ રૂા. ૫૧૧૧/–થી માંડીને રૂા. ૬ લાખ સુધીની કોઈપણ યોજનામાં તાત્કાલિક જોડાઇ આપના વહીવટ હેઠળ આવેલ શ્રી સંઘનું નામ આ મહાન અને પવિત્ર તીર્થમાં શાશ્વત કરી દો.

મુખ્ય સલાહકાર :-
શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ અમદાવાદ
પરામર્શક :-
બાબુભાઇ છગનભાઇ શ્રોફ
શ્રી મોહનલાલજી ચૌધરી
શ્રી અ ભા. તીર્થવિકાસ સમિતિ વતી

શ્રી સુમતિલાલ છોટાલાલ શાહ પ્રમુખ
શ્રી માણેકચંદ ગૌતમચંદજી બેતાલા
શ્રી લાલચંદજી મુણોત ( ઉપ પ્રમુખ )
શ્રી રાજેન્દ્રભાઈ એ. દલાલ ( મંત્રી )
શ્રી તારાચંદજી કેસરીમલજી ચોરડીયા
શ્રી રવિભાઇ લવજીભાઇ શાહ
શ્રી દિનેશભાઇ શાંતિલાલ શાહ

શ્રી કેશરીમલ દલીચંદ શાહ
શ્રી સુરેશચંદ નાનુભાઇ નાણાવટી
ડૉ. સુરેશભાઇ ઠાકોરલાલ મહેતા
શ્રી ભીખાભાઇ નાનચંદ શેઠ
શ્રી અરવિંદભાઇ છોટાભાઇ કોઠીવાલા
શ્રી મગનલાલ મૂળચંદ શાહ
શ્રી પોપટલાલ લલ્લુભાઈ શાહ

**તમારી રકમ નીચે પ્રમાણે મોકલવી ડ્રાફ્ટ "જૈન ધર્મ ફંડ પેઢી"ના નામનો મોકવા વિનંતી છે.**
**સરનામું : શ્રી જૈન ધર્મ ફંડ પેઢી. શ્રીમાળી પોળ, ભરુચ ૩૯૨૦૦૧**

# સદ્ભાવના



પ્રવચનકાર : રાષ્ટ્રીય સંત પરજા પૂજ્ય આચાર્યદેવશ્રી
પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

[ આજે જીવન અતિ સ્વકેન્દ્રી બનતું જાય છે. સૌ માનવો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં જ જાણે પ્રવૃત્ત છે. નિઃસ્વાર્થ ભાવની તીવ્ર અછત વરતાય છે. આમ જ ચાલ્યા કરશે તો માનવું શું થશે ! માનવતા મરી પરવારી જશે તો ! તેની સતતા ચિન્તા કરતા આપણા પરપ પૂજ્ય ગુરૂદેવશ્રીએ માનવ માત્રમાં સદ્ભાવના પ્રગટે ને પ્રસરે તે માટેનું એક પ્રેરક પ્રવન કરેલ જે મુનિરાજશ્રી દેવેન્દ્રસાગરજ મહારાજની પ્રેરણાથી અત્રે આપીશું. ]

[ ગતાંકથી ચાલુ ]

વર્તમાન સમયમાં સદ્ભાવનાના સૌથી મોટા અભાવનું કારણ એ છે કે એક બાજુ સામ્યવાદ અને બીજી બાજુ અન્યાન્યવાદ એવી બે વિચારધારાઓનો સંઘર્ષ ચાલી રહ્યો છે. આ બંને વચ્ચેનો સંઘર્ષ એટલો ભયંકર છે કે ભવિષ્યમાં જો વિસ્ફોટ થયો તો જગતના અસ્તિત્વ સામે સૌથી મોટો ભય ઊભેલો છે.

બે વર્ષ પહેલાં વિયેટનામ, કોરિયા, મંચૂરિયા વગેરે દક્ષિણી-પૂર્વ એશિયાઈ દેશોનો પ્રવાસ કરીને આવેલી વ્યક્તિ મને મળવા આવી હતી. તેઓ વિભાજિત થયેલા કોરિયામાં ગયા હતા. ત્યાં પણ બે વિચારસરણીઓનો તુમુલ સંઘર્ષ ચાલે છે. એક અમેરિકાના નિયંત્રણ હેઠળ છે, તો બીજી સામ્યવાદીઓના પ્રભુત્વ હેઠળ છે. ત્યાં તે નગરની બહાર એક ઐતિહાસિક સ્થળ જોવા ગયા હતા કે જ્યાં લાખો માનવીઓનો ભીષણ યુદ્ધે ભોગ લીધો હતો. એમણે દૂરથી કોઈ વસ્તુનો મોટો ઢગલો જોયો. ખૂબ દૂરથી જોતાં હોવાથી તેમણે તેમના સાથીઓને પૂછ્યું કે, "આ ઢગલો તે ટેકરી છે?"

ત્યાંની સ્થાનિક વ્યક્તિએ એમને કહ્યું કે તે ટેકરી નથી, પરંતુ યુદ્ધમાં માર્યા ગયેલા માણસોની ખોપરીઓનો ઢગલો છે, હવે તમે જ વિચાર કરો કે ઇતિહાસ કેટલો બધો વિકૃત થઈ ચૂક્યો છે? સદ્ભાવના અને આત્મીયતા જેવા શબ્દો માત્ર પુસ્તકોમાં જ રહ્યા છે. આપણા જીવનમાં તે ક્યાંય જોવા મળતા નથી. લાખો વ્યક્તિ યુદ્ધમાં મોતને ઘાટ ઊતરી ગઈ અને એના શરીરનાં હાડપિંજરો અને ખોપરીઓનો ઢગલો કર્યો, જેથી લોકોને દૂરથી ટેકરી જેવો લાગે કેટલી ભયંકર અને વિકૃત આ પરિસ્થિતિ છે! જો હજી પણ આપણે જાગીશું નહિ તો એ વ્યક્તિએ જે માત્ર કોરિયામાં જ જોયું તે આખી દુનિયામાં જોવા મળે.

આજે એટલાં બધાં વિનાશક શસ્ત્રો તૈયાર થયાં છે કે એક ક્ષણમાં આખી દુનિયા નષ્ટ થઈ જાય. યુદ્ધને જન્મ આપનાર અને પ્રોત્સાહન આપનાર વ્યક્તિ પરમાત્માની દૃષ્ટિમાં આ દુનિયાનો સૌથી મોટો અપરાધી છે. જીવન તો જાગૃતિ, લોકસેવા અને સદ્ભાવનાથી પ્રેમનું મંદિર સર્જવા માટે મળ્યું છે. આવા મંદિરમાં વિના નિમંત્રણે આપોઆપ પરમાત્મદશા આવી જશે. આપણે આજ સુધી આની ઉપેક્ષા કરી છે. આપણે ક્યારેય આપણા જીવનની ગહનાઈમાં નજર કરી નથી અને તેથી પ્રકૃતિ પાસેથી પ્રેમનો ભંડાર લઈને આવેલી વ્યક્તિ પોતાની ભૂલથી એ અમૃતને ઝેરમાં પલટી નાખે છે. આપણી ભૂલનું આ પરિણામ છે. દરેક વ્યક્તિ તનાવ-ટેન્શન-થી પરેશાન છે. દરેક વ્યક્તિના મનમાં એક પ્રકારનું યુદ્ધ ચાલે છે દરેક વ્યક્તિ સતત સંઘર્ષમય જીવન જીવતો હોય છે. આવું હોય ત્યાં તમને સમન્વય મળશે ક્યાંથી? આને માટે માનવીએ ક્યારેય એવો પ્રયાસ કર્યો જ નથી.

સામાન્ય પારિવારિક દ્વેષ પણ વ્યક્તિ અને એના કુટુંબને બરબાદ કરી શકે છે. આવી વ્યક્તિ ટેન્શનથી તરફડે છે અને રોગથી ઘેરાય છે. અને એક દિવસ એ અકાળ મૃત્યુને હવાલે થાય છે. આપણા જીવનમાંથી આવો સંઘર્ષ કદી સમાપ્ત થવાનો નથી. આમ છતાં અમારો પ્રયાસ છે કે આ વેદનામાંથી વધુને વધુ લોકોને ઉગારી શકાય. તેમને માટે પ્રયત્ન કરવો તે અમારું નૈતિક કર્તવ્ય પણ છે. જો કોઈ વ્યક્તિ અસાધ્ય રોગથી પીડાતી હોય તો આપણે એનો ઇલાજ કરીએ છીએ, પોતાની નૈતિક જવાબદારી સમજીને. સદ્વિચારના ચાહકો જુએ છે કે દુનિયા તો અત્યારે મરવા પડી છે. એ યુદ્ધથી પીડિત અને વિચારોની બીમારીથી ગ્રસિત છે. પરંતુ સદ્ભાવનાનો તકાજો એ છે કે આમાંથી જેટલું બચાવી શકાય તેટલું આપણે બચાવીએ [ ક્રમશઃ ]

## રૂા. ૩૦૧ માં છોડ મળશે

દેરાસર, ઉપાશ્રય માટે ઉજમણાના દરેક નાના-મોટા માપના પ્લાસ્ટીક જરીવાળા છોડ ઓર્ડરથી બનાવનાર.

હાજરમાં વિવિધ જાતના છોડો તૈયાર મળશે. દરેક શ્રી સંઘો, પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને અગાઉથી પત્રવ્યવહાર કરવાથી વિશેષ લાભ.

**શાહ માણીલાલ છોટાલાલ જરીવાળા**

ઠે. મહીધરપુરા, વાણીયા શેરી, સુરત ( ફોન : ૩૨૭૪૭ )

Reg. No. G. BV. 20
JAIN OFFICE : P. Box No. 175
BHAVNAGAR-364001 (Gujarat)
Tele. C. o. 29919 R. 28857

# જૈન

આજીવન સભ્ય ફી : રૂા. ૩૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/-

તંત્રી : સ્વ. શેઠ ગુલાબચંદ દેવચંદ
: તંત્રી-મુદ્રક- પ્રકાશક :
મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન ઓફીસ, દાણાપીઠ પો. બો. નં. ૧૭૫ ભાવનગર

'જૈન'
વર્ષ : ૮૪
અંક : ૨૮

વીર સં. ૨૫૧૪ : વિ.સં. ૨૦૪૪ માગશર વદ ૬
તા. ૧૭ ડીસેમ્બર ૧૯૮૭ શુક્રવાર
મુદ્રણ સ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી
દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

### પશુઓ માટે બિહામણું અને પ્રજાજનો માટે ભયાનક ચિત્ર ઉપસી રહ્યું છે.

# જીવોનું કે જગતનું દુઃખ દયાળુના હૃદયમાં દયા ઉત્પન્ન કરે છે

## દુકાળ પિડિત વિસ્તારોમાં શ્રી વર્ધમાન સેવા કેન્દ્રને શ્રી અ૦ ભા૦ હિંસા નિ૦ સંઘ સંસ્થાઓ દ્વારા સંયુકત રીતે જીવદયા અને અનુકંપાના કાર્યોનો વ્યાપ અને વિસ્તાર

ગુજરાતના મોટા ભાગમાં ત્રીજો દુકાળ અને કેટલાક વિભાગોમાં ચોથો દુકાળ ઉતરી આવવાથી ગુજરાતની ધરતી પર પહોંચી જઈને અમોએ ફેબ્રુઆરી ૧૯૮૭ થી જીવદયા અને અનુકંપાનું કાર્ય ઉપાડી લીધું. આ કાર્ય માટે અમને આરંભથી પૂજ્ય ગુરુદેવોના આશીર્વાદ મળતા રહ્યા છે. પૂજ્ય ગુરુદેવો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. તથા શ્રીસંઘો, ટ્રસ્ટો અને વ્યક્તિગત દાતાઓના વિશ્વાસ સહિત





મળેલ વિમ[illegible]ા વિશુદ્ધ આર્થિક સહકારથી તો અમો બેહદ અભિભૂત છીએ. આ[illegible]ના સહકાર બદલ અમો આપનું અંતરનાય અંતરથી અનુમોદન [illegible]રીએ છીએ. અને વળી ગુજરાત સરકાર દ્વારા સમયસર મળતી રહે[illegible]ી લાખો રૂપિયાની સબસીડીથી રાહતકાર્યો અને કાર્યક્રમો ક્યારેય અ[illegible]ટવાયા નથી એ માટે અમો ગુજરાત સરકારશ્રીનોય આભાર માન્યા વિ[illegible]ા રહી શકતા નથી.

અ[illegible]ીલ ભારતીય હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને [illegible]ર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈ ના સંયુક્ત નેજા હેઠળ [illegible] ફેબ્રુઆરી ૧૯૮૭ થી દુકાળ રાહત કાર્યની શરૂઆત [illegible] થઈ ચૂકી હતી. ધોળકા પાસે શેખડી ગામની જમીનો [illegible]ર કચ્છ બનાસકાંઠાના ૧૫ હજાર ઢોરોને નિભાવવા માટે પશુ રાહત [illegible]કેમ્પ અમારા માટેનો સૌથી મોટો પડકાર હતો. આ કાર્યની સ[illegible]થે સાથે સાંતેજ, વરજી, કાંઠ, મેલી, સાંઢીડા ગામોમાં પશુ રાહત [illegible]કેમ્પો શરૂ કરીને જીવદયાના કાર્યોનો વ્યાપ અને વિસ્તાર વધારી દેવ[illegible]ાયો હતો. અને વળી ૧૦ ઉપરાંત ગામોમાં પશુઓ માટે નિરણ કેન્[illegible]ોનું સંચાલન સુપેરે કર્યું. અનેક ગામડાઓમાં છેક દૂર દૂર સુધી ઢોરો[illegible]ને બચાવવા ઘરે ઘરે ફરીને ઘાસના ગાંસડીઓનું વિતરણ કરાયું હતુ[illegible]. આમ અંદાજે ૨૪ હજાર ઢોરોને નિભાવવાનું એક વિનમ્ર કાર્ય સેવા[illegible]ત કાર્યકરોની કમરતોડ મહેનતથી પાર પાડવામાં આવ્યું હતું. અને [illegible]વગા નલકાંઠા અને ધોલેરા વિસ્તારના ૨૫ ઉપરાંત ગામોના [illegible]ાળની ભીંસમા ભીસાતા ૨ હજાર કુટુંબો માટે અનુકંપાનું કાર્ય પણ [illegible]જરૂરી કામગીરી બની હતી.

એ[illegible]ય વળી આ વરસનુંય ચોમાસુ નિષ્ફળ જોઈને તો ફાળ પડી. ૭,[illegible] મહિનાથી નિભાવવામાં આવી રહેલ કચ્છ, બનાસકાંઠાના હજારો ઢો[illegible]ાને આવી રહેલ વિષમ પરિસ્થિતિમાંથી ઉગારી લેવા સ્થળાંતર [illegible]કરાવવાનો નવો કાર્યક્રમ ઉપાડી લેવાનો આવી પડયો. ઓગષ્ટ મ[illegible]હિનાના પહેલા જ અઠવાડીયે હજારો ઢોરોની સ્થળાંતર માટેની કૂચ શરૂ [illegible]રી દેવાઈ. અને હવે તો આ હજારો ઢોરોને દક્ષિણ ગુજરાતની લીલીછમ હરીયાળી ધરતી ઉપર રમતાં મૂકી દીધાં આ કાર્યનો [illegible] અનોખો આનંદ છે.

આ[illegible] તો આ ચાલી રહેલા વરસમાં વરસાદ થશે. ભારેખમ દિવસો વિદાય થ[illegible] જશે એવી સૌ કોઈની જેમ અમને પણ સંપૂર્ણ શ્રદ્ધા હતી જ [illegible]ણ જુન આવ્યો જુલાઈ ગયો. ઓગસ્ટ મહિનેય સાવ કોરોધાકર [illegible]જતો જોઈને અને હવે તો ચોમાસાએ વિદાય લઈ લીધી એથી તો [illegible]ાળ પડી છે. કારણકે ગુજરાતના ૧૦૦ ઉપરાંત તાલુકા તો સાવ [illegible]રાકટ છૂટી ગયા છે. ગુજરાતમાં દુકાળ પેંધો પડી ગયો લાગે છે. [illegible]તત ત્રીજા ચોથા દુકાળના કારણે આતંક છવાયો છે. પશુઓ માટે બિહ[illegible]ામણું અને પ્રજાજનો માટે ભયાનક ચિત્ર ઉપસી આવતું જોઈને ક[illegible]ી જવાય છે. પ્રજાજનોની હામ અને હિંમત ભાંગીને ભૂક્કો થઈ [illegible]રહી છે. સૌના હોશ કોશ ઉડી રહ્યા છે. બે દુકાળ ગુજરાતે [illegible] મહા મહેનતે પાર કર્યા પણ હવે ત્રીજો દુકાળ કેવી દુર્દશા કરશે એન[illegible] કલ્પનાય કઠીન છે. આજે આ સમયે કેટલાય વિસ્તારો પાણી વિ[illegible] તરફડે છે. માણસોનેય પીવાના પાણીના ફાંફા છે તો ઢોરો માટે[illegible]તો મળે જ ક્યાંથી? અને વળી ઘાસના ભાવમાં ભારે ઉછાળો ક[illegible]ાંય તીવ્ર અછતને કારણે મળવું મેળવવું જ દુર્લભ બનતું જાય છે. આવા જ તો હવે ગામડાની પ્રજા માટે આયખાના અસ્તિત્વનો પ્રશ્ન છે. એમને તો પોતાનું અને પશુઓનું એમ બે માટે બેવડી ભીંસમાં ભીંસાવાનુ. આવી પડયું છે. પ્રજા અને પશુધન એક મોટી કટોકટીમાંથી પસાર થઈ રહ્યા હોય ત્યારે એમની ચિંતા સૌ કોઈની ચિંતા બની રહેવી જોઈએ. ગુજરાતને ઈથીઓપીઆની હરોળમાં મૂકાતું જોઈને કોઈપણ દયાળુ નિરાંતે નચિંત બની ન જ બેસી શકે.

દુઃખ અને દયાને પરસ્પર સંબંધ છે જગતમાં દુઃખ છે, આવે છે. એના ઔષધરૂપે સજ્જનોના હ્રદયમાં દયા પ્રગટે છે. જીવોનું કે જગતનું દુઃખ દયાળુના હ્રદયમાં દયા ઉત્પન્ન કરે છે. દયાનો ભાવ જ સર્વનો આત્મા છે. અપેક્ષાએ તાત્વિક અને તાત્કાલિક મોક્ષ છે. આ દયાનો ભાવ મોક્ષ સુખનો આસ્વાદ કરાવનાર છે.

પરિસ્થિતિ ખરાબ છે. આગામી દિવસો ભારેખમ આવી રહ્યા છે. રોજ નીત ઉગતા નવો દિવસ માઠા સમાચારો લઈને આવી પડશે. સાત આઠ મહિનાથી સતત નજરોનજર જોતા રહેવાનું અને કામ કરવાનું રહ્યું છે. મનમાં ચચરાટ અને હૈયે બળતરા ઊંડી છે માટે જ લખું છું કે આપણાથી શક્ય હોય તેથીય કંઈ વધુ વધારે કરવા માટે લાગી પડવાની તાતી જરૂર છે.

આપણે હવે યોજેલા બધા કાર્યક્રમો ગોઠવીને જીવદયા અને અનુકંપાના કાર્યને ઉપાડી લઇ કામે લાગી પડવાને દ્રઢ નિર્ધાર કર્યો છે.

અમે ગુજરાત, રાજસ્થાન, ઓરીસ્સા સહિતના દુકાળ પિડિત માટે છેક જુન ૧૯૮૮ સુધી સતત સેવારત રહેવાનું શરૂ કરી દીધું છે.

અગાઉની જેમ અમોને આપના સહકાર માટે આપનો હાથ લંબાવજો પ્રભુ! અમારા સેવા ભાવને સદૈવ [illegible] બળ રાખજે.

**હેડ ઓફિસ**
**અ. ભા. હિંસા નિવારણ સંઘ**
૩૨ મનીષ સોસાયટી,
નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ટે. નં. ૪૬૨૪૦૮

હેડ ઓફિસ
**વર્ધમાન સેવા કેન્દ્ર**
૬૮, ગુલાલવાડી,
ત્રીજે માળે, મુંબઈ ૪૦૦૦૦૪
ટે. નં. ૮૫૧૫૯૪/૮૫૫૮૫૨૩

**વર્તમાન સંપર્ક સ્થાન : કુમારપાળ વી. શાહ**
કલીકુંડ સોસાયટી બંગલા નં. ૩૬ **ધોળકા**
જિ. અમદાવાદ Pin-387810

**નોંધ:** બંને સંસ્થાઓ ઇન્કમટેક્ષ મુક્તિ પત્ર ધરાવે છે. ચેક અથવા ડ્રાફ્ટ અ. ભા. હિંસા નિવારણ સંઘ અમદાવાદ અથવા વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈ એ નામના મોકલી શકાશે.

## સુરતથી અમદાવાદ : ગણિપદ

પ. પૂ. આ. લબ્ધિસૂરીશ્વરજી મ. સા. તથા મુનિરાજ શ્રી ચંદ્રશેખર વિજય (વરાવવા) આદિ ઠાણા-૭ નવાપુરા સુરત મૌન એકાદશીની આરાધના કરાવી. મા. સુ. ૧૨ ના વિહાર કરેલ. એ સંઘપૂજન થયેલ પૂજ્યશ્રી મા. વદ ૩ ભરૂચ મા. વ. ૯ વડોદરા મા. વ. ૦)) આણંદ પો. સુ. ૨ નડીયાદ થઈને લગભગ પો. સુ. ૬ અમદાવાદ મણીનગર પધારશે. સુરતમા ચાતુર્માસમાં મુનિરાજ ચંદ્રશેખરવિજયજીને ઉપાંગ-ઠાણાંગ-સામવયંગ-સુયગડાંગના જોગ સારી રીતે થયેલ છે.

મુનિ શાંતચંદ્રવિજય મુનિ ચંદ્રસેનવિજયજીના ભગવતીસૂત્રના જોગ ચાલે છે મહા સુદ ૫ ના ગણીપદવી થશે.

## જરૂરી | ટ્રસ્ટોને ઉપયોગી માર્ગદર્શન

આપણને ત્યાં નાના-મોટા સ્થળોમાં જુદા જુદા ધાર્મિક — સામાજિક અને માનવતાન ઉદ્દેશોને ઉપયોગી થવા સંસ્થાઓ દ્વારા ટ્રસ્ટોની રચના કરવામાં આવે છે. જે તે ટ્રસ્ટોનો ઉદ્દેશ સેવાના અલગ અલગ ધ્યેયો સાથે સાર્વજનિક રીતે ઉપયોગી થવાના હોય છે. અને તેથી જ સરકાર દ્વારા કાયદાકીય રીતે ટ્રસ્ટ રજીસ્ટર કરવામાં આવે છે જેથી ટ્રસ્ટોનો વહિવટ સુયોગ્ય અને સરળ રીતે ચાલતો રહે.

કાયદો રાજ્યને અને કેન્દ્રનો વિષય હોવા છતાં દિન-પ્રતિદિન જટીલ અને આંટીઘુંટીવાળો બનતો જાય છે. વહીવટી તંત્ર તે પ્રક્રિયાને વધુ ગુંચવે છે. પબ્લીક ટ્રસ્ટ એકટ હેઠળ નોંધાયેલા દરેક ટ્રસ્ટને હિસાબને લગતા નાના-મોટા અનેક પ્રશ્નો ઉભા થતાં હોય છે. અને અનેક પ્રવૃત્તિમાં બાધક પણ બનતા હોય છે. આવી સમસ્યા હલ કરવામાં મદદરૂપ થવા અમોએ " જૈન ઓફિસ " માં નવો વિભાગ ' ટ્રસ્ટોને ઉપયોગી માર્ગદર્શન ' નામે શરૂ કરેલ છે.

આ માટેની સેવા અમારા શેઠ કુટુંબના પરિવારના ભાઈશ્રી **રાજેશ અનંતરાય શેઠ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)** માનદ્‌સેવા અર્પવાના હોઈ આપશ્રીના પત્રો વિગતથી જણાવવા વિનંતી છે.

ભાવનગર જિલ્લા વિભાગના કાર્યક્ષેત્રમાં આવતા ટ્રસ્ટોને ટ્રસ્ટના કાયદા અંગે, તેની પ્રક્રિયા અંગે કોઈ પણ જાતની સમસ્યા હોય તો તે માટે પત્ર દ્વારા અથવા અમારા ઓફિસના સરનામે રૂબરૂ સંપર્ક પણ સાધી શકાશે.

શુભ હેતુના ઉદ્દેશથી શરૂ થયેલ ટ્રસ્ટોની મહામુલી મુડી યોગ્ય હેતુ માટે વપરાય તથા ટ્રસ્ટને કોઇ પણ જાતના કાયદા, ઈન્કમટેક્ષ ટ્રસ્ટ એકટ વગેરેના વિષચક્રમાં ન ફસાય તે જોવાનું કાર્ય ટ્રસ્ટનું છે. પણ કોઈ ટ્રસ્ટી તેમની અન્ય વિશેષ પ્રવૃત્તિઓના કારણે પુરતું ધ્યાન આપી શકતા નથી. પરિણામે ટ્રસ્ટ બિનજરૂરી ઈન્કમટેક્ષ ચુકવણી ટ્રસ્ટ એકટ કમીશન કે બીજી રીતે તેની મુડી ચુકવવી પડતી હોય છે. જે ટ્રસ્ટના શુભ ઉદ્દેશથી સ્થાપના થઈ હોય છે તે ઉદ્દેશ પુરી કાર્યક્ષમતાથી પાર પાડી શકાતો નથી.

આ વિષમ પરિસ્થિતિમાં ટ્રસ્ટો—ટ્રસ્ટીઓને મદદ કરવાના શુભ ઉદ્દેશથી અમોએ આ નવો વિભાગ શરૂ કરેલ છે. તો સૌને લાભ લેવા વિનંતી છે.

આપને જરૂર હોય ટ્રસ્ટ બંધારણની, નોંધણીની, ૮૦—જી અંતર્ગત માફી — હિસાબ ઓડીટની, ઈન્કમટેક્ષ વિગેરે કાયદાકીય સલાહ અમારા આ વિભાગ દ્વારા લાભ અપાશે. તો લેવા વિનંતી.

સંપર્ક :—

રાજેશ એ. શેઠ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

C/o. જૈન ઓફિસ

ન્યુ દાણાપીઠ, પો. બો. નં. ૧૭૫.

ભાવનગર—૩૬૪૦૦૧.

( ફોન : ઓફિસ : ૨૯૯૧૯ : ઘર : ૨૮૮૫૭ )

## સાંગલી ( મહારાષ્ટ્ર )

વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના અસીમ આશીર્વાદથી પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયધર્મજિતસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં સાંગલી નગરે પ્રથમવાર મહામંગલકારી શ્રી ઉપધાન તપની આરાધનાનો વિજયાદશમીથી પ્રારંભ થયેલ. જેમાં ૧૨૫ આરાધકો જોડાયા ૧૫ વર્ષથી નીચેના ૧૫ જેટલા બાલ-બાલિકાઓ પણ જોડાયા અને ખૂબ ઉલ્લાસથી આરાધના કરી.

ઉપાધાન તપ માલારોપણ નિમિત્તે આયોજિત ભવ્ય પંચાહ્નિકા શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવમાં પધારવાની શ્રી સાંગલી જૈન સંઘની આગ્રહપૂર્ણ વિનંતિથી કોલ્હાપુરથી ઉગ્ર વિહાર કરી ન્યાયવિશારદ્ પૂજય આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. તથા સિદ્ધાંત દિવાકર પૂ. આચાર્યદેવ શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મ. સા. વિશાલ મુનિગણ સાથે સાંગલી પધાર્યા. શ્રી અષ્ટાપદજી મહાપૂજન, શ્રી સૂરીમંત્ર મહાપૂજન, શ્રી શાંતિસ્નાત્ર તથા પૂજા ભાવનાદિ કાર્યક્રમો ભાવિકોની વિશાલ ઉપસ્થિતિ સમક્ષ અત્યંત ઠાઠપૂર્વક થયા. માલારોપણ નિમિત્તક ભવ્ય વરઘોડો ત્રણ કલાક ચાલ્યો છેલ્લા બે દિવસે, મુંબઈના અશોકભાઈએ પ્રભુજીને કરેલ ભવ્ય અંગ રચનાના દર્શને જનમેળો ઉમટેલો માલારોપણના ચઢાવામાં પણ ધાર્યા કરતા બમણી ઉપજ થઈ, સ્વામી વાત્સલ્યો પણ થયા હતા.

કારતક વદ ચતુર્દશીએ માળારોપણનો ભવ્ય સમારોહ થયો વિશાળ મંડપ વિરાટ મેદનીથી ચિક્કાર ભરાયેલો.

ગુરૂપૂજનનો તથા કામળી ઓઢાડવાના પણ સુંદર ચડાવા થયા.

ટૂંકમાં સાંગલીમાં થયેલા યશસ્વી ચાતુર્માસના તાજ સમો શ્રી ઉપધાન તપનો અદ્ભૂત અવસર બની ગયો.

ઉપધાન માળારોપણની ઉપજમાંથી ઉદારતાથી ઘણી મોટી રકમ બહારગામના જીર્ણોદ્ધારના કાર્યોમાં તુરત જ જાહેર કરીને શ્રી સાંગલી જૈન સંઘે એક અવ્વલ આદર્શ પૂરો પાડ્યો છે.

## કોલ્હાપુરમાં ધર્મ પ્રભાવનાની રેલંછેલ

અત્રે શાહૂપુરીમાં શાનદાર ચાતુર્માસ બાદ સાંગલીમાં શ્રી ઉપધાન તપ માળારોપણ પ્રસંગે અપૂર્વ શાસન પ્રભાવના કરીને વૈરાગ્યવારિધિ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજયજયઘોષસૂરીશ્વરજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયધર્મજીતસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્ર વિજયજી ગણી મ. સા. આદિ વિશાળ મુનિગણની અત્રેના શ્રી મહાવીરનગર જૈન સંઘની આગ્રહભરી વિનંતિને સ્વીકારીને શ્રી વાસુપૂજય સ્વામીના મનોહર જિનમંદિરનાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધરામણી થઈ. ડેકોનેશનથી દેવનગરી જેવા શોભતા મહાવીરનગર સોસાયટીના પ્રેમભાનુનગરમાં માગસર સુદ ચોથથી ભવ્ય અષ્ટાહ્નિકા શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનો પ્રારંભ થયો. અનેક મનોહર ચલ રચનાઓ, પ્રભુજીની ભવ્ય અંગરચનાઓ અને સંગીતની સુરાવલીઓથી સહુનાં હૈયા હેલે ચડયા. પૂજ્યપાદશ્રીના મર્મવેધક પ્રવચનોથી ઉત્સાહ ખૂબ વધ્યો. સાથે પૂ. મુનિરાજ શ્રી પદ્મસેનવિજયજીને ગણિપદ પ્રદાન તથા સાધ્વી શ્રી વૈરાગ્યનિધિશ્રીજીને વડી દીક્ષાના ધન્ય

અવસરો ભવ્ય રીતે ઉજવાયા. આ પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રીને કામળી તેમ જ નૂતન ગણિવરને કામળી અને ગુરુપૂજનની ઉછામણી થતાં નૂતન ગણિવરશ્રીના સંસારી કુટુંબીઓએ લાભ લીધેલ. અંતે નૂતન ગણિવરના કુટુંબી તરફથી તેમ જ સાધ્વીજી મ. ના કુટુંબી તરફથી એમ ર સંઘપૂજન થયા. કલકત્તાવાળા શ્રીમતી સરોજબેન વસંતલાલ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ. બપોરે શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન થયું. નૂતન ગણિવરના કુટુંબી તરફથી લાખેણી ભવ્ય અંગરચના થયેલ. મહાપૂજનો, મહાપૂજાઓ અને ભાવનાઓમાં સંગીતકારોએ જિનભક્તિની રમઝટ બોલાવી, સંઘનાં સહુ ભાવુકોનો ઉત્સાહ આસમાને ચડયો તે સુદ ૭ પ્રતિષ્ઠા અંગેની ઉછામણીઓ મન મૂકીને બોલ્યા. દેવદ્રવ્ય તથા સાધારણ ખાતાની ઉપજ કલ્પના બહારની થઈ. માગસર સુ. ૯ ભવ્ય વરઘોડો ચડયો. સુદ ૧૦ નાં શુભ પ્રભાતે શરણાઈનાં સૂરાવલીઓથી અને બેન્ડવાજાનાં બુલંદ નાદો ગાજી રહ્યા. ઠેરઠેરથી ઉભરાયેલા ભાવુકોનો મહેરામણ ઉમટેલો હતો. હસ્તીરાજ પર આરૂઢ થઈને એક ભાગ્યશાળીએ જિનાલયજીનાં દ્વાર પર તોરણ બાંધ્યું ત્યારબાદ શુભ-મુહૂર્તે ગગનભેદી જયનાદો અને હર્ષનાદો વચ્ચે બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્યસ્વામી મનોહર જિનાલજીનાં મૂળનાયક પદે ગાદીનશીન થયા. પ્રભુપ્રતિષ્ઠાનું આ અદ્‌ભૂત દશ્ય નિહાળીને કેટલાય ભાવુકોના હૃદયમંદિરમાં પણ પરમાત્માની પધરામણી થઈ હશે. સુદ ૧૧ પ્રભાતે મોટી બોલી પૂર્વક દ્વારોદ્‌ઘાટનનો મંગળ પ્રસંગ ઉજવાયો.

અત્રેથી પૂજ્યો કુંભોજગીરી મહાતીર્થમાં પોષદશમીના અઠ્ઠમ કરાવવા પધારશે. ત્યાં દક્ષિણ ભારતના શ્રીસંઘો – કાર્યકર્તાઓનું બે દિવસનું સંમેલન યોજવામાં આવેલ છે. જેમાં ટ્રસ્ટના તથા તીર્થ રક્ષા અંગે ચર્ચા-વીચારણા કરવામાં આવશે. ત્યારબાદ ફાગણ માસમાં કુંભોજગીરિ તીર્થથી બેંગલોરના છ'રી પાલિત સંઘ સાથે બેંગલોર તરફ વિહારનું નક્કી થયેલ છે.

## યશસ્વી પત્રકાર–લેખક જયેન્દ્રભાઈ શાહને અભિનંદન

પાલીતાણાની શ્રી ગુરુકુળ મિત્રમંડળ વાણિજ્ય વિદ્યા મંદિર હાઈસ્કૂલમાં લગભગ દસ વર્ષ સુધી ભાષાના શિક્ષક તરીકે સેવા આપી મુંબઈમાં પંદર વર્ષથી સ્થિર વસવાટ કરી રહેલા, સાણંદ (જિ. અમદાવાદ)ના મૂળ વતની શ્રી જયેન્દ્રભાઈ માણેકલાલ શાહ (એમ. એ. બી. એડ.) (ઉ. વ. ૪૯) મુંબઈના ગુજરાતી પત્રકારના ક્ષેત્રે યશસ્વી પ્રદાન કરી રહ્યા છે. ૧૯૮૬ ના વર્ષના "વિકાસ વાર્તા પારિતોષિક"—"ડેવલપમેન્ટ જર્નાલીઝ એવોર્ડ" થી તેમને હમણાં જ મહારાષ્ટ્ર સરકારે સન્માનિત કર્યા છે તે સમગ્ર જૈન સમાજ માટે ગૌરવ લેવા જેવી ઘટના છે. "જન્મભૂમિ-પ્રવાસી" દૈનિકના તંત્રી વિભાગમાં મુખ્ય ઉપતંત્રી તરીકે હાલમાં સેવા આપી રહેલા જયેન્દ્રભાઈ 'જન્મભૂમિ' સાંધ્ય દૈનિકની એકાંતરે દિવસે પ્રસિદ્ધ થતી નગર જીવનની ઘટનાઓ પર નર્મમર્મયુક્ત પ્રકાશ પાડતી 'ત્રીજી આંખનું ત્રાટક' નામની કટારના લેખક તરીકે લોકપ્રિય છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે યોજાતા જૈન સાહિત્ય સમારોહમાં અભ્યાસ નિબંધો વાંચવા માટે નિમંત્રણથી ઉપસ્થિત રહેતા જયેન્દ્રભાઈ જૈન સમાજમાં વિદ્વાન લેખક અને ચિંતક તરીકે પણ પ્રસિદ્ધ છે. મુંબઈની સિદ્ધાર્થ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સમાં છ વર્ષ સુધી ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે સેવા આપી પત્રકારત્વમાં ક્ષેત્રાંતર કરનાર તેઓ સરસ કવિ પણ છે. તેમનો 'ગીત કુસુમાંજલિ' પછીનો બીજો કાવ્ય સંગ્રહ 'જોબન છલકે' પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે. મુંબઈના પત્રકારત્વના ક્ષેત્રમાં, જ્યાં માંસાહાર અને મદ્યપાનનો યથેચ્છ વપરાશ થઈ રહ્યો છે તેવા જોખમી ક્ષેત્રમાં જલકમલવત્ રહીને તેઓ ચુસ્ત રીતે જૈનાચારનું પાલન કરી રહ્યા છે તે સમગ્ર જૈન પત્રકાર વર્ગ માટે ઉદાહરણરૂપ છે. રાત્રિભોજનનો આજીવન ત્યાગ એટલે કે તિવિહાર પચ્ચક્‌ખાણ, કંદમૂળ અભક્ષ્ય ત્યાગ, મહિનામાં પાંચ દિવસ સિવાય બ્રહ્મચર્ય પાલન, જિનપૂજા ચૌદનિયમનું પાલન, તથા નિયમિત નવકારવાળી–સ્વાધ્યાય વગેરે ધર્મકાર્યોથી આરાધના કરી રહેલા જયેન્દ્રભાઈ શ્રદ્ધાશીલ ધર્માનુરાગી શ્રાવક છે. બે વર્ષ પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની જૈન સમાજની તેજસ્વી વ્યક્તિઓને યુરોપની યાત્રાએ મોકલવાની યોજના નીચે તેમની તેજસ્વી પત્રકાર તરીકે સમુચિત પસંદગી થઈ હતી. વર્તમાનમાં તેઓ "આચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરિજીનું જીવન અને સાહિત્ય" એ વિષય પર ડૉ. રમણભાઈ શાહ ('પ્રબુદ્ધ જીવન'ના તંત્રી અને મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ) ના માર્ગદર્શન નીચે પી. એચ. ડી. માટે શોધ નિબંધ (થિસિસ) લખી રહ્યા છે. ધર્મ, શિક્ષણ, સાહિત્ય અને પત્રકારત્વના વિશાળ અનુભવ ધરાવતા, નિજાનંદી અને ગુલાબી સ્વભાવના જયેન્દ્રભાઈ શાહને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા!!

## શ્રી વિજયલબ્ધિ સૂરિ જૈન ધાર્મિક પાઠશાળા-બેંગલોર

# વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહ

બેંગલોર નગરમાં સમ્યગ્ દર્શન-જ્ઞાન ચારિત્રના સુસંસ્કારોનું સિંચન કરતી પાઠશાળાનું પોતાનું વિશિષ્ટ સ્થાન છે. આ વર્ષ પાઠશાળાની વાર્ષિક પરીક્ષા પૂ. આચાર્યદેવશ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. સાધ્વી શ્રી અનંતપ્રભાશ્રીજી મ. સા. આદિ ઠાણાએ લીધેલ. ઊત્તીર્ણ અભ્યાસકોને સન્માનિત કરવા "વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહ" કાર્તિક વદી – ૪, રવિવાર તા. ૧૬-૧૦-૮૭ ના સવારે ૯-૦૦ વાગે પૂ. આચાર્યદેવની નિશ્રામાં સ્થાનિક સોહનહોલમાં રાખવામાં આવેલ.

પૂ. ગુરુદેવના મંગલાચરણથી કાર્યક્રમનો શુભારંભ થયેલ પાઠ-શાળાની બાલિકાઓએ મંગલ ગીત તથા બાલકોએ નૃત્ય દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરેલ. શ્રીમાન્ લક્ષ્મીચંદજી કોઠારીએ સ્વાગત ભાષણ કરેલ મુખ્ય અધ્યાપક શ્રી સુરેન્દ્ર સી. શાહના વક્તવ્ય પછી અધ્યાપક અરવિંદ જે. શાહે અભિપ્રાય વાંચન કરેલ.

ઊત્તીર્ણ અભ્યાસકોને શ્રુતપ્રેમી મહાનુભાવો તરફથી રૂા. ૨૧૦૦૦ (એકવીશ હજાર) નાં ઈનામો તથા તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પૂના તરફથી પ્રવેશમાં પ્રવચન પ્રથમ આવનારને સ્વર્ણચંદ્રક તથા મુંબઈ પ્રબોધ-ટીકા પરીક્ષાનાં ઈનામ તેમ જ સંવત્સરી પ્રતિક્રમણમાં સૂત્ર બોલનારને વિશિષ્ટ પુરસ્કાર અપાયેલ. તેમ જ પાઠશાળાના વિનયી. વિવેકી વિદ્યાર્થીઓને શ્રી તિલકભાઈની સ્મૃતિમાં "તિલક પુરસ્કાર" અપાયેલ, અધ્યાપક સુરેન્દ્ર સી. શાહને રૂા. ૧૧૦૦/-, અરવિંદ જે. શાહને ૧૦૫૦/- સુરેશ જે. શાહને ૧૦૦૦/- સુરેશ એમ. શાહને રૂા. ૬૦૦/-